
શ્રી જૈન ગૂર્જર સાહિત્ય રત્નો

ભાગ પહેલો



પ્રકાશક:-
શેઠ નગીનભાઇ મંછુભાઇ જૈન સાહિત્યોદ્ધાર ફંડ-સૂરત

શ્રી નગીનભાઈ મંછુભાઈ જૈન સાહિત્યોદ્ધાર ગ્રંથાંક-૧

શ્રી જૈન ગૂર્જર સાહિત્ય રત્નો

અને

તેમની કાવ્ય પ્રસાદી

ભાગ ૧લો

પ્રકાશક
શેઠ નગીનભાઇ મંછુભાઇ જૈન સાહિત્યોદ્ધાર ફંડ માટે
ભાઇચંદ નગીનભાઇ ઝવેરી
સુરત.

ઇ. સન ૧૯૬૦ વીર સંવત ૨૪૮૬ વિક્રમ સં. ૨૦૧૬

પ્રથમ આવૃત્તિ પ્રત ૧૦૦૦

મૂલ્ય ૨=૨૫

આ ગ્રંથે છાપવા છપાવવા વિગેરેના સર્વ હક્ક આ ફંડના
કાર્યવાહકોને આધીન છે.

વિષયસૂચિ

વિષય		પાના નંબર
૧ સૂત્રો		૪
૨ પ્રકાશકનું નિવેદન		૧૦
૩ પુરોવચન	શ્રીયુત ફતેહચંદ ઝવેરભાઈ	૧૪
૪ બે બોલ	શ્રીયુત મોહનલાલ દીપચંદ ચોકસી	૧૯
૫ સંપાદકિય	ઝવેરી ભાઈચંદ નગીનભાઇ	૨૨
૬ અનુક્રમણિકા		૩૩–૫૨
૭ કાવ્યપ્રસાદિ		૧–૪૦૩
૮ ફંડ તરફથી પ્રકાશિત ગ્રંથસૂચિ		૪૦૪
૯ સમજૂતી		૪૦૫ થી ૫૫૬
૧૦ મહત્ત્વની શુદ્ધિ		૫૫૭ થી ૫૬૪

Published by Bhaichand Naginbhai Javeri Anand Bhuuan Gopipura for Sheth Naginbhai Manchhubhai Jain Sahityodhar-Fund Surta.
Printed by : Manilal Chhaganlal Shah, at The Navprabhat P. Press, Ghee Kanta, Ahmedabad.

નમુક્કારો

[નમસ્કાર-મન્ત્ર]

નમો અરિહંતાણં ।
નમો સિદ્ધાણં ।
નમો આયરિયાણં ।
નમો ઉવજ્ઝાયાણં ।
નમો લોએ સવ્વ-સાહૂણં ॥

(સિલોગો)

એસો પંચ-નમુક્કારો, સવ્વ-પાવ-પ્પણાસણો ।
મંગલાણં ચ સવ્વેસિં, પઢમં હવઇ મંગલં ॥ ૧ ॥

અર્થ—અરિહંત ભગવન્તોને નમસ્કાર હો.
સિદ્ધ ભગવન્તોને નમસ્કાર હો.
આચાર્ય મહારાજોને નમસ્કાર હો.
ઉપાધ્યાય મહારાજોને નમસ્કાર હો.
લોકમાં રહેલા સર્વસાધુઓને નમસ્કાર હો.

આ પંચ-નમસ્કાર સર્વ અશુભ કર્મોનો વિનાશ કરનાર તથા બધા મંગલોમાં ઉત્કૃષ્ટ મંગલ છે.

૨ પંચિંદિય–સુત્તં

[ગુરુ-સ્થાપના-સૂત્ર]

પંચિંદિય–સંવરણો, તહ નવવિહ–બંભચેર–ગુત્તિ ધરો ।
ચઉવિહ–કસાય–મુક્કો, ઇઅ અટ્ઠારસ ગુણેહિં સંજુત્તો ॥૧॥

પંચ–મહવ્વય–જુત્તો, પંચ વિહાયાર–પાલણ–સમત્થો ।
પંચ–સમિઓ તિ–ગુત્તો, છત્તીસ ગુણો ગુરૂ મજ્ઝ ॥ ૨ ॥

અર્થ—પાંચ ઈન્દ્રિયોના વિષયોને કાબૂમાં રાખનાર,
નવ વાડોથી બ્રહ્મચર્યનું રક્ષણ કરનારા,
ક્રોધાદિ ચાર કષાયોથી મૂકાયેલા,
આ રીતે અઢાર ગુણવાળા, વળી
પાંચ મહાવ્રતોને ધારણ કરનારા,
પાંચ પ્રકારના આચાર પાળવામાં સમર્થ,
પાંચ સમિતિ અને ત્રણ ગુપ્તિથી યુક્ત,
આ રીતે છત્રીશ ગુણવાળા મારા ગુરુ છે.

चउवीसत्थय-सुत्तं

['लोगस्स'-सूत्र]

[सिलोगो]

लोगस्स उज्जो अगरे, धम्मतित्थयरे जिणे ।
अरिहंते कित्तइस्सं, चउवीसंपि केवली ॥ १ ॥

[गाहा]

उसभमजियं च वंदे, संभवमभिणंदणं च सुमईं च ।
पउमप्पहं सुपासं, जिणं च चंदप्पहं वंदे ॥ २ ॥

सुविहिं च पुप्फदंतं, सीअल-सिज्जंस-वासुपूज्जं च ।
विमलमणंतं च जिणं, धम्मं संतिं च वंदामि ॥३॥

कुंथुं अरं च मल्लिं, वंदे मुणिसुव्वयं नमिजिणं च ।
वंदामि रिट्ठनेमिं, पासं तह वद्धमाणं च ॥ ४ ॥

एवं मए अभिथुआ, विहुय-रय-मला पहीण-जर-मरणा ।
चउवीसंपि जिणवरा, तित्थयरा मे पसीयंतु ॥ ५ ॥

कित्तिय-वंदिय-महिया, जे ए लोगस्स उत्तमा सिद्धा ।
आरुग्ग-बोहि लाभं, समाहिवर मुत्तमं दिंतु ॥ ६ ॥

चंदेसु निम्मलयरा, आइच्चेसु अहियं पयासयरा ।
सागर वर गंभीरा, सिद्धा सिद्धिं मम दिसंतु ॥ ७ ॥

अर्थ—चौद राज्लोकमां रहेली सर्व वस्तुओनुं स्वरूप यथार्थ रीते प्रकाशनारा, धर्मरूपी तीर्थने प्रवर्ताव-

નારા, રાગદ્વેષના વિજેતા અને કેવલ દ્વારા પૂર્ણતાને પ્રાપ્ત કરનારા ચોવીસનું તથા અન્ય તીર્થંકરોનું પણ હું કીર્તન કરીશ. ૧

શ્રી ઋષભદેવ, શ્રી અજિતનાથ, શ્રી સંભવનાથ, શ્રી અભિનન્દસ્વામી, શ્રી સુમતિનાથ, શ્રી પદ્મપ્રભ, શ્રી સુપાર્શ્વનાથ અને શ્રી ચન્દ્રપ્રભજિનને હું વંદન કરું છું ૨

શ્રી સુવિધિનાથ યા પુષ્પદન્ત, શીતલનાથ, શ્રેયાંસનાથ, વાસુપૂજ્ય, વિમલનાથ, અનન્તનાથ, ધર્મનાથ તથા શાન્તિનાથને હું વંદન કરું છું. ૩

શ્રી કુન્થુનાથ, અરનાથ, મલ્લિનાથ, મુનિસુવ્રતસ્વામી. નમિનાથ, અરિષ્ટનેમિ, પાર્શ્વનાથ તથા વર્દ્ધમાન એટલે શ્રી મહાવીરસ્વામીને હું વંદન કરું છું. ૪

એવી રીતે મારા વડે સ્તવાયેલા, કર્મરુપી કચરાથી મુક્ત અને ફરી અવતાર નહિ લેનારા ચોવીસ તથા અન્ય જિનવર તીર્થંકરો મારા પર પ્રસન્ન થાઓ. ૫

જેઓ લોકોત્તમ છે. સિદ્ધ છે, અને મન–વચન-કાયાથી સ્તવાયેલા છે, તેઓ મારા કર્મનો ક્ષય કરો, મને જિનધર્મની પ્રાપ્તિ કરાવો તથા ઉત્તમ ભાવ સમાધિ આપો. ૬

ચન્દ્રો કરતાં વધારે નિર્મળ, સૂર્યો કરતાં વધારે પ્રકાશ કરનારા, સ્વયમ્ભૂરમણ સમુદ્ર કરતાં વધારે ગંભીર એવા સિદ્ધ ભગવન્તો મને સિદ્ધિ આપો.

શ્રી બૃહત્શાંતિ સ્તોત્ર શ્લોક

શ્રીશ્રમણસંઘસ્ય શાન્તિર્ભવતુ ।
શ્રીજનપદાનાં શાન્તિર્ભવતુ ।
શ્રીરાજાધિપાનાં શાન્તિર્ભવતુ ।
શ્રીરાજસન્નિવેશાનાં શાન્તિર્ભવતુ ।
શ્રીગોષ્ઠિકાનાં શાન્તિર્ભવતુ ।
શ્રીપૌરમુખ્યાણાં શાન્તિર્ભવતુ ।
શ્રીપૌરજનસ્ય શાન્તિર્ભવતુ ।
શ્રીબ્રહ્મલોકસ્ય શાન્તિર્ભવતુ ।

અર્થ—શ્રીશ્રમણ સંઘને શાન્તિ થાઓ.
શ્રી જનપદો (દેશો)માં શાન્તિ થાઓ.
શ્રી રાજાઓના સ્વામીઓ (સમ્રાટો)ને શાન્તિ થાઓ.
શ્રી રાજાઓના નિવાસ સ્થાનોને શાન્તિ થાઓ.
શ્રી સભ્ય પુરુષોને શાન્તિ થાઓ.
શ્રી અગ્રગણ્ય નાગરિકોને શાન્તિ થાઓ.
શ્રી નગર નિવાસીઓને શાન્તિ થાઓ.
શ્રી બ્રહ્મલોક (સત્યલોક)ને શાન્તિ થાઓ.

૧ ૨ ૩ ૪ ૫ ૬
ૐ ઋષભ–અજિત–સમ્ભવ–અભિનન્દન–સુમતિ–પદ્મપ્રભ–
૭ ૮ ૯ ૧૦ ૧૧ ૧૨ ૧૩
સુપાર્શ્વ–ચન્દ્રપ્રભ–સુવિધિ—શીતલ–શ્રેયાંસ—વાસુપૂજ્ય–વિમલ–
૧૪ ૧૫ ૧૬ ૧૭ ૧૮ ૧૯ ૨૦ ૨૧ ૨૨
અનન્ત–ધર્મ–શાન્તિ–કુન્થુ–અર–મલ્લિ–મુનિસુવ્રત–નમિ–નેમિ–
૨૩ ૨૪
પાર્શ્વ–વર્દ્ધમાનાન્તા જિનાઃ શાન્તાઃ શાન્તિકરા ભવન્તુ સ્વાહા ॥૪॥

—બૃહચ્છાન્તિ સ્તોત્ર

અર્થ—શ્રી ઋષભદેવથી લઈને વર્દ્ધમાન સ્વામી જેમાં છેલ્લા છે. એવા ચોવીશે શાન્ત જિનો અમને શાન્તિ કરનારા થાઓ. સ્વાહા. ૪

शिवमस्तु सर्वजगतः पर-हित-निरता भवन्तु भूतगणाः ।
दोषाः प्रयान्तु नाशं सर्वत्र सुखी भवतु लोकः ॥

—बृहच्छान्ति स्तोत्र

અર્થ—અખિલ વિશ્વનું કલ્યાણ થાઓ, પ્રાણીઓ પરકલ્યાણમાં તત્પર બનો, દોષોનો નાશ થાઓ અને સર્વત્ર લોક સુખી થાઓ.

गतरागद्वेषमोहाः सर्वपापविवर्जिताः ।
सर्वदा सर्वकालेषु ते भवन्तु जिनोत्तमाः ॥ ३१ ॥

—श्रीऋषिमण्डलस्तोत्र

અર્થાત્—જેઓ રાગ, દ્વેષ અને મોહથી રહિત છે, સર્વ પાપથી મુક્ત છે, તેઓ હંમેશા સર્વકાલમાં જિનેશ્વરો હોય છે.

ॐ भूर्भुवः स्वस्त्रयीपाठ-वर्तिनः शाश्वता जिनाः ।
तैः स्तुतैर्वन्दितैर्दृष्टैर्यत्फलं तत्फलं स्मृतौ ॥ ९२ ॥

—श्रीऋषिमण्डल स्तोत्र

અર્થાત્—પાતાલ, મર્ત્ય અને સ્વર્ગ આ ત્રણે લોકની પીઠ પર રહેલા શાશ્વત જિનો છે, સ્તુતિ કરાયેલા, વંદન કરાયેલા અને દર્શન કરાયેલા એવા તેઓના વડે જે ફલ થાય છે, તે ફલ સ્તોત્રના સ્મરણથી થાય છે.

પ્રકાશકનું નિવેદન

સંવત ૨૦૧૩માં શ્રી સંભવનાથ સ્તવનાવલી અને શ્રી સંભવનાથ ચરિત્ર અમારા ફંડ તરફથી ગ્રથાંક ૧૧ તરીકે પ્રસિદ્ધ કર્યા પછી ગ્રથાંક ૧૨ તરીકે આ પુસ્તક પ્રકાશન કરતાં અત્યંત આનંદ થાય છે.

શ્રી પાંચ મંગલીક તીર્થંકરો **શ્રી ઋષભદેવ, શ્રી શાંતિનાથ, શ્રી નેમનાથ, શ્રી પાર્શ્વનાથ** તથા **શ્રી મહાવીરસ્વામી** એમ પાંચ તીર્થંકરોના જુદા જુદા અઠાવન જૈન કવિરત્નોના રચેલા સ્તવનોનો સંગ્રહ તથા તે તે મુનિવરોનો સંક્ષિપ્ત જીવન પરિચય પણ આપવામાં આવ્યો છે.

સાથે સાથે આ સ્તવનોની સમજૂતી કરાવી તે પણ પ્રકાશિત કરવામાં આવી છે.

આ ફંડનો મુખ્ય ઉપદેશ જૈન સાહિત્ય છપાવી પ્રસિદ્ધ કરવાનો છે અને સાહિત્ય પ્રચાર માટે સસ્તી કીંમતે વેચવાનો છે શરૂઆતમાં શ્રી અભયકુમાર ચરિત્રના ત્રણ ભાગ તથા શ્રી કુમારપાળ ચરિત્રના બે ભાગ તથા શ્રી વૈરાગ્ય રસ મંજરી. શ્રી આનંદ સુધાસિંધુ બે ભાગ, વિગેરે પુસ્તકો પ્રસિદ્ધ કરી સમાજ સન્મુખ રજુ કર્યા છે.

આ પુસ્તકમાં પ્રાચીન મુનિવરો રચિત કાવ્ય પ્રાસાદિ સમજૂતી સહ આપવામાં આવી છે એવો જ સંગ્રહ આવતી સાલ પ્રગટ કરવાની ભાવના છે. જે આ કાવ્ય પ્રાસાદિના બીજા ભાગ તરીકે પ્રસિદ્ધ થશે.

આશા છે કે જૈન સમાજ અમારા આ પ્રયાસને સહકાર આપશે.

પરમ પૂજ્ય આગમોદ્ધારક સાક્ષર શિરોમણી આચાર્ય શ્રી ૧૦૦૮ શ્રીમદ્ સાગરાણંદ સૂરિશ્વરજીનો આભાર માનતાં અમોને અત્યંત આનંદ થાય છે તેઓશ્રીના ઉપદેશથી જ આ ફંડ સ્થાપવામાં આવ્યું છે.

લી.

ભાઇચંદ નગીનભાઇ જવેરી

અને બીજાઓ

ગોપીપુરા, સુરત

સંવત ૨૦૧૬

આ પુસ્તક તૈયાર કરવામાં જે જે પુસ્તકોનો આધાર લીધો છે તે પુસ્તકોની યાદી

૧ શ્રી ભક્તામર પાદ પૂર્તિ કાવ્ય સંગ્રહ પ્રથમ વિભાગ— આગમોદય સમિતિ સુરત

૨ ,, ,, દ્વિતીય વિભાગ— ,,

૩ જૈન સાહિત્યનો સંક્ષિપ્ત ઇતિહાસ—શ્રી જૈન શ્વેતામ્બર કોન્ફરન્સ, મુંબઇ.

૪ જૈન ગૂર્જર કવિઓ પ્રથમ ભાગ— ,,

૫ ,, બીજો ભાગ— ,,

૬ ,, ત્રીજો ભાગ, ખંડ-૧— ,,

૭ ,, ત્રીજો ભાગ, ખંડ-૨— ,,

૮ શ્રી આનન્દ કાવ્ય મહોદધિ મૌક્તિક ૬ ઠું—દેવચંદ લાલભાઈ પુ૦ ફંડ, સુરત.

૯ ,, મૌક્તિક ૭ મું— ,,

૧૦ આનન્દઘન પદ રત્નાવલી પ્રથમ વિભાગ—જૈન ધર્મ પ્રસારક સભા, ભાવનગર.

૧૧ શ્રી દેવચન્દ્રજી જીવન ચરિત્ર—અધ્યાત્મ જ્ઞાન પ્રસારક મંડળ, મુંબાઈ

૧૨ ચૈત્યવંદન ચોવીસી વીસી—કૃષ્ણાજી જોધાજી તથા નાનાભાઈ ભાઇચંદ લાકડાવાળા સુરત.

૧૩ ચોવીસી વીસી સંગ્રહ—પ્રેમચંદ કેવલદાસ અમદાવાદ.

૧૪ સ્તવનાદિ સંગ્રહ સાર્થ—પોપટલાલ સાકરચંદ ભાવનગર.

૧૫ પ્રાચીન સ્તવનાદિ સંગ્રહ ભાગ ૨—જમનાભાઇ ભગુભાઇ અમદાવાદ.

૧૬ શ્રી સૂર્યપુર રાસમાલા—મોતીચંદ મગનભાઈ ચોકસી સુરત.

૧૭ શ્રી સૂર્યપુરનો સુવર્ણયુગ— ,, ,,

૧૮ શ્રી શાન્ત સુધારસ નિવેદન ભાગ ૨—શ્રી જૈન ધર્મ પ્રસારક સભા, ભાવનગર.

૧૯ ૧૧૫૧ સ્તવન મંજુષા—સારાભાઈ નવાબ, અમદાવાદ.

૨૦ શ્રી જિનેન્દ્ર સ્તવનાદિ કાવ્ય સંદોહ—શ્રીદાનસૂરીશ્વરજી જૈન ભાગ ૧-૨ ગ્રન્થમાલા, સુરત.

૨૧ ગૂજરાતી સાહિત્યની રૂપરેખા—વિંધ્યરામ કલ્યાણરાય વૈદ્ય

૨૨ શ્રી રત્નગુણમાલા— શ્રી ચન્દ્રકાન્ત સાગરજી

૨૩ ઐતિહાસિક સજ્ઝાયમાલા ભાગ ૧—યશોવિજય જૈન ગ્રન્થમાલા ભાવનગર.

૨૪ શ્રી આત્મારામજી જન્મ શતાબ્દિ ગ્રંથ સ્મારક સમિતિ—મુંબઈ.

૨૫ જૈનયુગ ૧૯૮૬ અંક ૯-૧૦—જૈન શ્વે૦ કોન્ફરન્સ, મુંબઈ.

૨૬ ,, ૧૯૮૩ વૈશાખ અંક— ,, ,,

૨૭ શ્રીમદ્ દેવચન્દ્ર ભાગ ૨—શ્રી અધ્યાત્મ જ્ઞાન પ્રસારક મંડળ, મુંબાઈ.

૨૮ શ્રી પ્રકરણ રત્નાકર ભા. ૧ લો સંવત ૧૯૩૧ પ્રકાશક ભીમસી માણેક.

पुरोवचन

शास्त्राभ्यासो जिनपदनति संगतिः सर्वदार्यैः ।
सद्वृत्तानां गुणगणकथा दोषवादे च मौनं ॥
सर्वस्यापि प्रियहितवचो भावना चात्मतत्त्वे ।
संपद्यन्तां मम भवभवे यावदाप्तोऽपवर्गः ॥

શાસ્ત્રોનું અધ્યયન, જિનેશ્વર ભગવાનના ચરણ કમલને નમસ્કાર, હમેશાં આર્ય–પૂજ્ય પુરુષોની સોબત, સદાચારી મનુષ્યોના ગુણસમુદાયનું કીર્તન, (બીજાના) દોષો કહેવામાં મૌનત્વ, દરેકને પ્રિય અને હિતકારી વચન, અને આત્મતત્ત્વને વિષે ભાવના, આટલી વસ્તુઓ જ્યાં સુધી મોક્ષ ન મળે ત્યાં સુધી દરેક ભવમાં મને પ્રાપ્ત થાઓ.

મંત્રીશ્વર શ્રી વસ્તુપાળની અંતિમ ભાવના.

આ અનાદિ સંસારમાં મુખ્યતાએ પ્રાણુનો ક્રમિક વિકાસ થયેલો હોય છે. સૂક્ષ્મ નિગોદથી માંડીને બાદર નિગોદ–પૃથ્વી–અપ્–તેજસ્–વાયુ અને વનસ્પતિકાયાદિ અનેક પરિસ્થિતિઓમાંથી (Shages) પસાર થઈને વિકલેંદ્રિય અને તિર્યંચ પંચેંદ્રિયાદિ અવસ્થાઓ ઉલંઘ્યા પછી માનવજીવન પર્યંત આપણે આવ્યા છીએ. આ માનવ જીવનમાં આર્યક્ષેત્ર, પંચેંદ્રિય સંપૂર્ણતા સદ્‌ગુરુયોગ અને વસ્તુ ધર્મની ઓળખાણ વિગેરે પ્રાપ્ત થવું. અત્યંત દુર્લભ છે. આવો માનવજન્મ પ્રાપ્ત થયા પછી સ્વગોચર પ્રશ્ન (Tnlubim) થાય છે કે મારૂં કર્તવ્ય શું છે ? શાસ્ત્રો તેને ઉત્તર આપે છે કે બહિરાત્મભાવ (Physical Expression) તજી અંતરાત્મભાવમાં સ્થિર થઈ દુન્યવી સર્વ સંયોગોનો તટસ્થ દ્રષ્ટા બની જા ! અને દર્શન જ્ઞાન અને ચારિત્રના રાજમાર્ગમાં દિવસનું દિવસ પ્રગતિ કર ! એ પ્રગતિ એમ માનવજીવન જીવનની સફલતા છે. તત્ત્વાર્થકારિકામાં કહ્યું છે કે **कर्म बलेशाभावो**

यथा भवत्येष परमार्थः અર્થાત્ કલેશોવડે સંકળાયેલ આ માનવ જન્મમાં તેવો પ્રશસ્ત પ્રયત્ન કરવો કે જેથી કર્મરૂપ કલેશનો સદંતર અભાવ થાય—આ માનવ જન્મનું રહસ્ય છે.'

તત્ત્વાર્થસૂત્રમાં કહેલા **सम्यग् दर्शनज्ञान चारित्राणि मोक्षमार्गः** એ સૂત્રાનુસાર વ્યવહાર અને નિશ્ચય દૃષ્ટિબિંદુથી સમ્યકત્વની પ્રાપ્તિ થયા પછીનું જ્ઞાન મુક્તિ પ્રાપ્તિ માટેની ગણત્રી વાળું બને છે, અને તે જ્ઞાન વિરતિ–ગુણ ઉત્પન્ન કરાવી મુક્તિના સીધા માર્ગ ઉપર પ્રમાણે મુકે છે. માનવજન્મ પુરુષાર્થ પ્રધાન છે; પરંતુ આંતર જગત્માં જિનેશ્વરની ભક્તિમાં તદ્રુપ સમ્યગદર્શન પ્રાપ્ત કર્યા પછી અધ્યાત્મ-દૃષ્ટિથી પુરુષાર્થની પ્રધાનતા અનેક ગણી વધી જાય છે. તે માટે તત્ત્વ સ્વરૂપ જાણવાની આવશ્યકતા ઊભી થાય છે. આત્મા અને તેનો વિરોધી કર્મસ્વભાવ આ બન્નેનું સ્વરૂપ તેમજ કર્મ ચેતના, કર્મફૂડા ચેતના અને જ્ઞાન ચેતનાનું પૃથક્કરણ (Analysis) જાણવા પછી. સ્વભાવ તરફ પુરુષાર્થ કરવો સુગમ પડે છે અને તે પછી ક્રિયામાં મુકાય છે; અનાદિકાળથી આ આત્મા પરવસ્તુમાં રમણ કરતો આવ્યો છે; પોતાનું શ્રેય શું છે? પોતાનો આત્મવિકાશ કરવો યુક્ત છે કે નહિ? અને હોય તો કેવી રીતે થાય?—એ સંબંધી એને વિચારો આવ્યા નથી, પરંતુ પૂર્વ પુણ્યયોગે માનવજન્મ, આર્યકુળ, પંચેંદ્રિય સંપૂર્ણતા, જૈનધર્મનો સુયોગ, શુદ્ધ દેવ ગુરુ ધર્મની પ્રાપ્તિ, શાસ્ત્ર શ્રવણ અને તેમાં રુચિ પ્રાપ્ત થયા પછી પુરુષાર્થ ન કરે તો અમૂલ્ય માનવ જન્મ નિરર્થક બને તેમાં આશ્ચર્ય નથી. પાંચ કારણો મળે ત્યારે કાર્ય થાય એ સૃષ્ટિનો નિયમ છે પરંતુ તે કારણોમાં મુખ્ય પુરુષાર્થ છે; પુરુષાર્થ કરે તોજ શીઘ્ર મુક્તિ પ્રાપ્ત થાય. આત્માની શક્તિઓનો એક સરખો વિકાસ સાધ્ય વગર કોઈ પણ સુંદર ફળ પ્રાપ્ત કરી શકાય નહિ.

આ રીતે મનુષ્યનું સાચું જીવન આધ્યાત્મિક જીવન છે; જૈન

દર્શનની પરિભાષા અનુસાર 'ભાવમરણ' દરેક ક્ષણે પ્રત્યેક મનુષ્યનું થઈ રહેલું છે; મતલબ કે જેમ જેમ સમય વીતતો જાય છે તેમ તેમ પૂર્વબદ્ધ આયુષ્યની ક્ષણો ઓછી થતી જાય છે. આવી પરિસ્થિતિમાં જો કે ભારતવર્ષનાં સર્વદર્શનોમાં સાહિત્યનું ઉચ્ચ સ્થાન છે. સાહિત્ય મનુષ્યને માનવતા શીખવે છે એટલું જ નહિં પણ નીતિ અને ધર્મને અનુસરતું સાહિત્ય બરાબર અધ્યયન કરવામાં આવે, તેમાં આવેલી *માનસિક અને આધ્યાત્મિક સંપત્તિઓ મનુષ્ય પોતાના જીવનમાં સમન્વિત* કરે, તો મનુષ્ય સંસ્કારી બને છે, સંસ્કાર જીવનનું ઘડતર કરે છે, પ્રગતિના માર્ગે લઈ જઈ આત્માને જાગ્રત કરે છે અને ગુણોનો વિકાસ કરી આદર્શ મનુષ્ય બનાવે છે; સાહિત્યમાં પણ કાવ્ય સાહિત્યનો જીવન સાથે અનંતર સંબંધ છે. કાવ્યસાહિત્ય લાગણીને સ્પર્શ કરનાર હોઈ જીવનને એકદમ રસમય બનાવે છે. પરંતુ તે સિનેમાના ગાયનો કે ભોગવિલાસ વધારનારૂં સાહિત્ય નહિં. જે કાવ્ય સાહિત્ય આત્માને મન વચન કાયાની એકતા કરાવી કલ્યાણપ્રિય પ્રવૃત્તિ તરફ દોરી જાય, સમ્યગ્ દર્શન–જ્ઞાન–ચારિત્ર–વૈરાગ્યના ગુણોનો વિકાસ કરે તેજ સાચું સાહિત્ય છે, આવું સાહિત્ય જીવન જીવતાં શીખવે છે, શુભ આચાર, શુભ વિચાર અને વિવેક દૃષ્ટિને વધારે છે, ધર્મ બુદ્ધિને જાગ્રત કરે છે, પાપો તરફ તિરસ્કાર બતાવે છે, ભોગવિલાસને ભુલાવે છે, વૈરાગ્ય પ્રકટાવે છે, ચારિત્રને ઘડે છે પૂર્વકૃત પાપોનો પશ્ચાત્તાપ કરાવે છે, પ્રભુ ભક્તિનું માહાત્મ્ય સમજાવે છે અને તેમાં તરબોળ કરાવે છે, મૈત્રી વિગેરે ભાવનાઓ વહેવરાવે છે અને છેવટે આત્માનો ઉત્કર્ષ સાધી પરમાત્મપદ પ્રકટાવે છે.

આધ્યાત્મક કાવ્ય સાહિત્ય અંતર્મુખવૃત્તિ ઉત્પન્ન કરે છે. રાગદ્વેષના પરિણામની મંદતા અને આત્મામાં પ્રભુભક્તિ દ્વારા મનની સ્થિરતા વડે જે જે અંશે સદ્બોધ અને આત્મરમણતા થાય અને શ્રીમદ્ ઉ. યશોવિજયજીના શબ્દોમાં 'ભક્તિ તે કામણ તંત' અને તેને અંતર્મુખવૃત્તિ કહેવાય છે; પૂર્વ પુરુષોની કાવ્ય સૃષ્ટિ અનેક

વિષયોથી ભરપૂર અને અનુભવથી પરિપ્લુત હોય છે. નય, નિક્ષેપ, પ્રભુની ઉપાલંભો, યોગ, પ્રભુના ગુણોનું સ્મરણ પોતાની અને પ્રભુની આત્મ-ભૂમિકાનું ભેદજ્ઞાન. દાસોડહંમાંથી સોડહં કેમ જલ્દી થઉં તેની તમન્ના, શ્રીમદ્ દેવચંદ્રજીના વચનાનુસાર 'જિનવરપૂજા તે નિજ પૂજના રે' કયારે-કેવી રીતે અનુભવાય તેના પારસ્પરિક સંબંધનું ઊાન-વિગેરે અનેક બાબતો આત્મગુણને વિકસાવવામાં સહાય કરે છે. અને આત્મા મન વચન કાયાની એકાગ્રતાપૂર્વક તન્મયતા પ્રાપ્ત કરાવી માનવજન્મને સફળ બનાવે છે.

પ્રસ્તુત કાવ્ય ગ્રંથમાં પ્રાચીન કવિરત્ન મુનિજનોની કાવ્ય પ્રસાદીનો પ્રતિભામય રસમય ચુંરણી વાળો સંગ્રહ છે. તે સાથે સંપાદક શ્રીએ ઇતિહાસ દૃષ્ટિ પણ રજુ કરી છે. ગુર્જરભાષામાં જૈન મુનિરત્નોનાં પ્રતિભાશાળી સર્જનાત્મક કાવ્યો નરસિંહ યુગથી ઘણું પ્રાચીન છે એ દૃષ્ટાંતો સાથે સાલવારી સાથે સંપાદકશ્રીએ સિદ્ધ કર્યું છે. પ્રસ્તુત પુસ્તક જૈન સાહિત્યરત્નોની કાવ્યપ્રસાદીના સંપાદક **શ્રી ભાઇચંદભાઇ નગીનદાસ ઝવેરી** કે જેઓ શ્રી ગોડીજીના મંદિરનાં અનેક વર્ષો થયાં ટ્રસ્ટી છે; સામાજિક બાબતોમાં અનેક પ્રસંગે આગળ પડતો ભાગ લે છે. એમનાં પિતાશ્રી પણ ટ્રસ્ટી હતા. એમના ધાર્મિક સંસ્કારો તેમનામાં વારસામાં ઉતર્યા છે. એમને પ્રાચીન સ્તવનો ઉપર મૌલિક પ્રશસ્ત પ્રેમ છે. એમના પૂજ્ય પિતાશ્રીના સ્મરણાર્થે **'જૈન સાહિત્યોદ્ધાર ફંડ'** સ્થાપ્યું છે તેમાંથી ધાર્મિક પુસ્તકો અને કાવ્યગ્રંથોનું પ્રકાશન કરતા રહ્યા છે. એમણે આ ગ્રંથમાં સ્તવનોના નિર્માતા કવિરત્નોની ગ્રંથરચનાનો તારીખવાર ઇતિહાસ કવિશ્રીઓનો પરિચય સંશોધન સાથે રજુ કર્યો છે; જે એમની સંપાદક તરીકેની નોંધમાં વાંચવાથી માલુમ પડશે.

આધ્યાત્મિક કાવ્યો આ પ્રવૃત્તિમય જમાનામાં કમનીય અને કાંતિમાન કળા-પ્રકાર છે. પ્રભુભક્તિનાં કાવ્યો જે સંયમી જનોની હૃદય ગુહામાંથી આત્મા અને પરમાત્માને અનુલક્ષીને અનુભવપૂર્વક પ્રકટેલો

હોય છે, તે જીવનમાં આધિ, વ્યાધિ અને ઉપાધિમય સંતાપોમાં આત્માની શાંતિ પ્રકટાવે છે, આત્મગુણોનો વિકાસ કરાવે છે, અને પરમાત્માના અરૂપી સ્વરૂપનું તાદાત્મ્યપણે લોકોત્તર દર્શન કરાવે છે; પ્રાચીન કાવ્ય કલામય મુનિરત્નોનું ભવિષ્યના જૈન સમાજ ઉપરનું અમૂલ્ય ઉપકાર-દર્શન છે; તેઓ પોતાના આત્માનું સાધી ગયા છે અને અન્ય આત્માઓ માટે ઉન્નતિના વિકાસક્રમ માટે તૈયારી આપતા ગયા છે; ઉપસંહારમાં અનેક કાવ્યમય ભિન્ન ભિન્ન રાગ રાગિણીના સર્જક એ મુનિરત્નોને ભાવાંજલિપૂર્વક વંદન કરી મારા આત્માના ગુણવિકાસ માટે પ્રસ્તુત પુરોવચન લખવા પ્રેરણા કરનાર ટ્રસ્ટી **ભાઇચંદભાઇ**નો આભાર માનવા સાથે કવિરત્ન શ્રી ઉદયરત્નજીએ શ્રી **શાંતિનાથજી**ના સ્તવનને અંતે કરેલી માગણીના વાણીમય કાવ્યમાં મારા પંચોતેરમા વર્ષે અલ્પસ્મૃ પુરાવી પ્રસ્તુત કાવ્ય સાદર કરી વિરમું છું.

ભવોભવ તુમ ચરણની સેવા
હું તો માગું જી દેવાધિદેવા
સામું જુઓને સેવક જાણી
એવી **ઉદયરતનની** વાણી.

મુંબઈ
સં૦ ૨૦૧૬ ફાલ્ગુન શુકલ ત્રયોદશી
શ્રી સિદ્ધગિરિ-ભાડવાતીર્થ
મંગલમય-મુક્તિદિન

ફતેહચંદ ઝવેરભાઇ



શેઠ નગીનભાઈ મંગળભાઇ ઝવેરી–સુરત

જન્મ વિક્રમ ૧૯૧૪
વૈશાખ કૃષ્ણ ૩

સ્વર્ગવાસ વિક્રમ ૧૯૭૭
કાર્તિક શુકલ ૧૦

બે બોલ.

જૈન ધર્મમાં સર્વ શ્રેષ્ઠ સ્થાન જે કોઈ વિભૂતિઓનું મનાઈ છે. તે–સર્વને અરિહંતદેવ રૂપે આલેખવામાં આવે છે. શાશ્વત એવા મહામંત્ર **શ્રી નવકારમાં** સર્વ પ્રથમ વંદન તેમનેજ કરાય છે, કારણકે તેઓનો ઉપકાર ધર્મના પ્રણેતા તરીકે અગ્રપદ ભોગવે છે. વર્ત્તમાન ચોવીશીમાં, આ ભારત વર્ષની નજરે એવા ચોવીશ અરહંતો કિંવા અરિહંતોના નામ આબાળ વૃદ્ધ પ્રસિદ્ધ છે. એ વિભૂતિઓ સ્વબળે, ચાર ઘાતી કર્મો ઉપર સંપૂર્ણ વિજય મેળવે છે અને કેવલજ્ઞાન પ્રાપ્ત કરે છે. એવા વિશિષ્ઠ જ્ઞાનના આધારે આ ચૌદરાજ લોકના સર્વ બનાવો ભૂત–વર્તમાન અને ભવિષ્ય રૂપ ત્રણ કાળની દૃષ્ટિએ હાથમાં રહેલ દર્પણ માફક તેઓ જોઈ શકે છે ને જાણી શકે છે. એટલે જ તેઓને સર્વજ્ઞ કહેવામાં આવે છે. આવી પ્રબળ શક્તિ મેળવ્યા પછી તેઓ ધર્મ પ્રવર્તાવે છે. પોતે જે માર્ગ દ્વારા કર્મો ઉપર કાબુ મેળવી આ સંસાર ભ્રમણનો કાયમને માટે અંત આણ્યો એ જન સમૂહને દર્શાવે છે. એ રસ્તે શક્તિ અનુસાર ઉદ્યમવંત થવા ઉપદેશ આપે છે. જુદા જુદા સમયે તેઓ ઉત્પન્ન થતાં હોવાથી, અને ઉપર વર્ણવ્યું તેમ જાતે સાધના કરી કેવલ્ય પ્રાપ્ત કર્યા પછીજ ઉપદેશનું કાર્ય શરૂ કરતા હોવાથી એ દરેક વચ્ચે સમયનો ગાળો પડે છે. એટલે એ ક્રિયાને તીર્થ પ્રવર્ત્તન કહેવામાં આવે છે અને ઉપદેષ્ટા રૂપે તેઓ તીર્થંકર રૂપે ઓળખાય છે. આવા ઉત્તમ કોટિના આત્માઓના જીવનનો અભ્યાસ કરવાથી, તેઓના ગુણોની સ્તવના કરવાથી એવું જીવન જીવવાનો આપણને પણ અભ્યાસ પડે એથી આપણા ભાવિ જીવનનો રાહ નક્કી કરવાની સુગમતા થાય એ સ્તવન કીર્ત્તન પાછળનો મૂખ્ય હેતુ છે. પ્રત્યેક આત્મા પોતાના સામર્થ્ય વડેજ કષાયો પર કાબુ મેળવી, સંસારનો ફેરો ટાળી પોતાના આત્માને સ્ફટિક જેવો નિર્મળ બનાવવાની શક્તિ ધરાવે છે. એની અવરાઈ ગયેલી એ તાકાતને દેખાડવામાં તીર્થંકર

દેવનો નિમિત્ત કારણ રુપ છે. તેઓનું બહુમાન, ભક્તિ કિંવા સ્તવન એ આપણને આપણા મૂળ સ્વરૂપનો સાક્ષાત્કાર કરવાના સાધન રુપ છે. નિમ્ન વચનો એ વાતની સાક્ષી પુરે છે—

અજકુલગત કેશરી લહેરે નિપદ સિંહ નિહાળ.

શ્રીમદ્ દેવચંદ્રજી

ઇલિકા ભ્રમરી ધ્યાનાન, ભ્રમરીત્વમશ્નુતે

ઉપાધ્યાય શ્રી યશો વિજયજી મહારાજ

આ **જન સાહિત્ય-રત્નો અર્થાત્ જૈન ગૂર્જર સાહિત્ય રત્નો અને તેમની કાવ્ય-પ્રસાદી** નામના પુસ્તકમાં ઉપરના જે તીર્થંકરોની વાત કહેવામાં આવી છે અને જેમના પવિત્ર નામોથી **લોગસ્સ** અને **બહુત્ શાન્તિ** જેવા સૂત્રો અલંકૃત છે એમાંના પાંચ સંબંધે જૂદા જૂદા મુનિ પુંગવોના હાથે પોત પોતાના જીવન કાળમાં, એ પરમાત્માની મૂર્તિના દર્શને જે હાર્દિક ઉલ્લાસની ઉર્મિઓ પ્રગટી તે સ્તવન રુપે લાભે છે અને એનો અહીં સંગ્રહ કરવામાં આવેલ છે એ સાધુ મહાત્માઓએ આ જાતની સ્તવનાનો ચોવીશે જિનેશ્વરો યાને તીર્થંકરોની કરી છે અને ચોવીશી નામથી એ મશહૂર પણ છે છતાં ગ્રંથ વિસ્તાર ન વધે તેમ **કલ્લાણ કંદં** જેવી સ્તુતિમાં જે પાંચને મૂખ્ય પણે સ્તવ્યા છે એ વાતને ધ્યાનમાં રાખીને, એ પાંચને લગતા સ્તવનો આ પુસ્તકમાં દાખલ કર્યા છે.

આ ઉપરાંત એમાં જે વિશેષતા છે તે એ છે કે સ્તવન રચનાર મુનિરાજો વિષે જૂદા જૂદા સ્થળેથી પ્રાપ્ત થયેલ માહિતી તેમજ તેઓ શ્રીની અન્ય કૃતિઓ અને સાથો સાથ એ મહાત્માઓ જે સમયે થયા તેની સાલવારી આપેલ છે. આજના યુગમાં આ પ્રકારની નોંધ ખાસ મહત્ત્વ ધરાવે છે. એ સામગ્રી જે જે પુસ્તકોમાંથી મેળવવાનો પ્રયાસ સેવ્યો છે એ દરેકની એના કર્તાના નામો સહિત ઉલ્લેખ કરીને જેમ પ્રસિદ્ધ કર્તા એ પોતાની નિખાલસતા પુરવાર કરી છે તેમ એ દ્વારા ઇતિહાસ રસિકોને અને પુરાતત્ત્વ ગવેષકોને પોતાના સંશોધનોમાં ખાસ કામ લાગે તેવો મશાલો પુરો પાડ્યો છે.

પ્રકાશક શ્રીયુત્ ભાઇચંદ નગીનભાઈ ઝવેરી, જ્યારે વેપારી હોવા છતાં, સાહિત્યના વિષયમાં જે રસજ્ઞતા દાખવે છે અને અનુભવના દર્શન કરાવે છે એ જેમ જૈન ધર્મ અને એ અંગેના સાહિત્ય પ્રત્યેની અભિરુચી પુરવાર કરે છે તેમ બીજાઓ માટે પદાર્થ પાઠ પણ પુરો પાડે છે.

જૈન સમાજમાં અને ખાસ કરી મુંબઈ રાજ્યમાં જેમ રાજ નગર ધર્મ કરણીની નજરે જૈન પુરી તરિકે ઓળખાય છે, તેમ ભાવ નગર જ્ઞાનની દ્રષ્ટિયે જૈન નગરનું મહત્વ ધરાવે છે, કેમકે ત્યાં એને લગતી સંસ્થાઓ મોજુદ છે. આમ છતાં **સુરત**ની વાત વિલક્ષણ અને અદ્વિતિય છે. સામાન્ય માનતા એવી છે કે સુરતના જૈનો મોટા ભાગે ઝવેરાતનો ધંધો કરતા હોવાથી કીમતી પત્થરોના પરીક્ષકો ગણાય. તાત્વિક અભ્યાસ કરવાનો અવકાશ એમણે ઓછો પણ સંભવે આમ છતાં સાચા ઝવેરીઓ યાને પરીક્ષકો તરિકે તેઓએ જૈન સાહિત્યના પ્રકાશન અર્થે જે મોટી રકમો જૂદી કહાડી એને ટ્રસ્ટ ફંડમાં રોકેલી છે અતિ પ્રશંસનીય છે. એમાં શેઠ દેવચંદલાલ ભાઈ જૈન પુસ્તકોદ્ધારક ફંડ તેમજ આ પુસ્તકના પ્રકાશકના પિતાશ્રીની સ્મૃતિમાં જેના સર્જન થયેલ છે એ **શેઠશ્રી નગીનભાઇ મંછુભાઇ સાહિત્યોદ્ધાર ફંડ** ખાસ અગ્રસ્થાન ધરાવે છે. આ સંસ્થાઓ મારફત સારી સંખ્યામાં પુસ્તકો પ્રગટ થયાં છે. વર્તમાનકાળે ભવ્ય આત્માઓને આ સંસાર સાગર તરવામાં સહાયક એવા બે સાધનો જ્ઞાની ભગવંતોએ કહ્યું છે. એ જિન પ્રતિમા અને જિનાગમ તે ઉભય પોતાને આંગણે સારી સંખ્યામાં અને સુંદર પ્રકારે ધરાવવાનું સૌભાગ્ય આજના સુરત શહેરને યાને ઈતિહાસ પ્રસિદ્ધ **સૂર્યપુરને** પ્રાપ્ત થયેલ છે. પ્રકાશકની ભાવના પ્રમાણે આ ગ્રંથ હજારોની હૃદય ગુહામાં પ્રકાશ પાથરનારો અને ભાવિ જીવન ઉજાળનારો બનો એજ અભ્યર્થના.

આશ્વિન સુદ ૧, અમરનિવાસ, **મોહનલાલ દીપચંદ ચોકસી**
૨૦૧૫ મુંબાઈ.

સંપાદકીય

શ્રી ગોડીપાર્શ્વનાથાય નમઃ

વિ. સં. ૨૦૧૩માં શ્રી સંભવનાથ ભગવાનના ૬૬ છન્નુ સ્તવનોમાં સંગ્રહરૂપે 'શી સંભવનાથ જિન સ્તવનાવલિ' શ્રી નગીનભાઈ મંછુભાઇ જૈન સાહિત્યોદ્ધાર ફંડ સુરત તરફથી પુસ્તકરૂપે પ્રકટ કરવામાં આવી છે. તે સંગ્રહ કરતાં એવો જ એક સંગ્રહ પ્રથમ તથા અંતિમ તીર્થંકર ભગવાન **શ્રી ઋષભદેવ** તથા ભગવાન **શ્રી મહાવીર સ્વામીના** સ્તવનોનો કરવાની ભાવના થઈ. એમાં વળી કેટલાક સ્નેહીઓએ **શ્રી પાર્શ્વનાથ** ભગવાનનાં સ્તવનો પણ સાથે સાથે લેવાની સૂચના કરી. આગળ વધતાં અખંડ બ્રહ્મચારી **શ્રી નેમિનાથ** ભગવાનનાં સ્તવનો પણ લેવામાં આવે તો વધુ સારૂં એવી સ્ફુરણા થઈ. એમાં વળી એક પ્રસંગે કાશીવાળા પરમ પૂજ્ય આચાર્ય શ્રી વિજયધર્મસૂરિજીના વયોવૃદ્ધ શિષ્ય ઇતિહાસ તત્ત્વ મહોદધિ આચાર્યશ્રી વિજયેન્દ્રસૂરિજી—જેઓશ્રી ભાયખલા–મુંબઈમાં ચાતુર્માસ રહ્યા હતા, તેઓશ્રીએ કહ્યું કે—ભાઈ, પાંચ માંગલિક પરમાત્માઓમાં ભગવાન **શ્રી શાન્તિનાથજી** રહી જાય છે માટે પાંચે પરમાત્માઓના સ્તવનોનો સંગ્રહ તૈયાર કરી પ્રકટ કરાવવો, અને એ માટે 'શ્રી કલ્લાણકંદ'ની પ્રથમ સ્તુતિની યાદ આપી. અને આમ દરેક ચોવીસી કર્તાઓના ઉપર્યુક્ત પાંચે ભગવાનોના સ્તવનો એકત્ર કરી છપાવવાનો નિર્ણય થયો.

સાથે સાથે દરેક ચોવીસીઓના કર્તાઓનો સંક્ષિપ્ત જીવન પરિચય અને તેઓની સાહિત્ય કૃતિઓનો પણ ઉલ્લેખ કરવો, જેથી વાચકોને આપણા આ મુનિવરોના જીવનની અને એમણે કરેલી ગ્રન્થ–રચનાની પણ માહિતી મળી શકે.

જે સમયે સ્વતંત્ર ભારતમાં સ્વતંત્રતા મેળવ્યાને બાર વર્ષ પુરા થઇને તેરમું વર્ષ ચાલે છે જ્યારે દેશ ચૌદ પ્રાન્તોમાં વહેંચાઈને

સુવ્યવસ્થિત રીતે પોતાની આગેકુચ કરી રહ્યો છે, જે સમયે ભારતના દ્વિભાષી મુંબાઈ પ્રાંતનું વિભાજન કરી મહારાષ્ટ્ર અને ગૂજરાત એમ બે રાજ્યની રચના તા. ૧લી મે ૧૯૬૦થી શરૂ થાય છે તેમાંના એક રાજ્ય જેને **ગુજરાત** કહેવામાં આવે છે. તે મહાગુજરાતના સાહિત્ય ક્ષેત્રે જૈન સાક્ષરોએ કેટલો ફાળો આપ્યો છે અને ગૂજરાતી ભાષાને વિકસાવવામાં પ્રારંભથી જ તેઓએ કેવો પ્રયત્ન કર્યો છે, તેનો ખ્યાલ આ પુસ્તકના કાવ્યો વાંચવાથી વાંચકોને જરૂર ખ્યાલ આવશે.

કવિ **નરસિંહ** મહેતા પહેલાં જૈન કવિઓએ ગૂર્જર-સાહિત્યનું નિર્માણ કરવાનું કાર્ય હાથ ધર્યું છે. સંવત **૧૪૧૨** માં ખંભાતમાં **શ્રી વિનયપ્રભ ઉપાધ્યાયે** 'શ્રી ગૌતમસ્વામીનો' રાસ બનાવ્યો છે. જે રાસ બેસતે વર્ષે એટલે કાર્તિક સુદિ **૧** દિવસે પ્રભાતના સમયે સારાએ ભારતવર્ષમાં દરેક ઉપાશ્રયોમાં માંગલિક તરીકે પૂ૦ મુનિઓ સભા સમક્ષ સંભળાવે છે અને જે સાંભળવા માટે હજારો-લોકો ઉમંગથી ભાગ લે છે. જે રાસ આ પુસ્તકની શરૂઆતમાં લેવામાં આવ્યો છે. સં. ૧૪૧૩ થી હરસેવક મુનિએ **શ્રીમયણરેહારાસ** રચ્યો તથા વિ. સં. ૧૪૫૦ માં શ્રીસોમસુંદરસૂરિએ **આરાધનારાસ** લખ્યો તથા વિ. સ. ૧૪૫૫ માં શ્રીમુનિસુંદરસૂરિએ **શાંત રાસ** રચ્યો ને વિ. સં. ૧૪૫૫ માં **સાધુહંસે** '**શ્રીશાલિભદ્ર રાસ**' બનાવ્યો સં. ૧૪૬૨ માં ખંભાતમાં **શ્રીજયશેખરસૂરિએ** '**શ્રી ત્રિભુવન દીપક પ્રબંધ**' અથવા **પરમહંસ પ્રબંધ** રચ્યો છે. આ પ્રબંધની પ્રાચીન શુદ્ધ ગૂજરાતી ભાષા જોતાં સાક્ષર **શ્રી લાલચન્દ્ર પંડિત** આ પ્રબન્ધની પ્રસ્તાવનામાં લખે છે કે-"૧૫ મા સૈકામાં થએલ માનવામાં આવતા નરસિંહ મહેતા, ભાલણ, મીરાંબાઈ આદિની ગૂજરાતી ભાષા અર્વાચીન જણાઈ આવે છે. આમાં જુની *ગૂજરાતી છે અને અનેક

* જૂની ગુજરાતી ભાષાનો જીવન કાળ ઈ. સ. ૧૨૫૦ થી ૧૬૫૦ નો આંકી શકાય. એ ૧૬૫૦ ની સાલના અરસાથી આરંભાયેલી અર્વાચીન ગૂજરાતી ભાષા ઝાઝા કે અસાધારણ ફેરફારો વિના આજ

છંદો જેવાં કે દૂહા ધ્રૂપદ, એકતાલી, ચોપઈ, સરસ્વતી ધઉલ, છપ્પય, ગૂજરી વગેરે છે. આ પરથી પ્રો. મણિલાલ નભુભાઈ દ્વિવેદીને જણાયું કે 'ગૂજરાતી ભાષાને પ્રથમ ગૂજરાતીનું રૂપ આપનાર જૈનો જ હોય એમ માનવાને બહુ કારણો છે.' તેમ સ્પષ્ટ સમજાય તેવું છે.

સંવત **૧૪૮૯** માં **શ્રી જયસાગર** ઉપાધ્યાયે 'વયરસ્વામિ ગુરુ રાસ' તથા બીજી ઘણી સાહિત્ય રચના કરી છે. જેની વિગતવાર યાદિ બીજે આપવામાં આવી છે. તેઓશ્રીએ ચોવીસ તીર્થંકરના સ્તનનોની (ચોવીસી) બનાવી છે. ગૂજરાતી ભાષામાં તેમની **ચોવીસી પ્રથમ** છે. તે પછી સોલમી સદીમાં જે જે મુનિવરોએ બહોળા પ્રમાણમાં રાસો વગેરે રચ્યાં છે. તેમાંથી થોડા નામો અત્રે નોંધીએ છીએ.

પ્રખ્યાત કવિ લાવણ્ય સમય જેમણે સં. **૧૫૬૮** માં 'વિમલ પ્રબન્ધ રાસ' રચ્યો તથા ઘણા રાસો, છંદો, સંવાદો ચોપાઇ, સ્તવનો રચ્યા છે—તેમનું ચતુર્વિંશતિ જિન સ્તવન માલિની છંદમાં ૨૭ કડીનું બનાવેલું છે.

સંવત ૧૫૬૦ માં **શ્રીસિંહકુશલે** 'નંદ બત્રીશી ચોપાઇ રચી.
સંવત ૧૫૬૫ માં **શ્રીઉદયભાનુએ** 'વિક્રમસેન ચોપાઇ' રચી.

સુધી ચાલી આવે છે. જુની ગૂજરાતીનું સાહિત્ય જૈનેતરો કરતાં જૈનોનું વિશેષ છે. પ્રધાન સૂર ધર્મલક્ષી છે પણ સાંસારિકતાને તેમાંથી સર્વથા દેશવટો મળ્યો નથી અને પ્રત્યેકના અગ્રિમ કવિઓ તરીકે જૈનેતરોમાં જેમ **નરસિંહ** તથા મીરાંના, **ભાલણ**, પદ્મનાભ ને નાકરનાં કીર્તિમંત નામો છે, તેમ જૈનોમાં **શાલિભદ્ર, સોમસુંદર** અને **જયશેખર** તથા **લાવયસમણ્ય** જેવા સ્મરણીય નામો પણ છે એ હકીકત લક્ષમાં રહે એ જરૂરનું છે.

('વિજયરાવ કલ્યામરાવ વૈદ્ય')

સંવત ૧૫૬૧ માં **શ્રીધર્મદેવે** 'અજાપુત્ર રાસ' રચ્યો.
સંવત ૧૫૬૩ માં ,, 'વયરસ્વામી રાસ' ,,
સંવત ૧૫૭૨ માં **શ્રીસહજસુંદરે** 'ગુણરત્નાકર છંદ' રચ્યો.
આમાં જુદા જુદા છંદમાં શ્રી સ્થૂલિભદ્ર ચરિત્રનું વર્ણન છે.
સંવત ૧૫૯૭ માં **શ્રીપાર્શ્વચંદ્રસૂરિએ** 'શ્રી વસ્તુપાલ તેજપાલ રાસ' રચ્યો.
સંવત ૧૫૯૯ માં શ્રી વિનયસમુદ્ર અંબડ ચઉપઇ રચી.

સત્તરમી સદી—

સંવત ૧૬૧૫ થી ૧૬૩૩ સુધી **કવિશ્રી સોમવિમલસૂરિએ** સાહિત્ય રચના કરી.
સંવત ૧૬૧૦ **થી** ૧૬૨૪ સુધી **શ્રી કુશલલાભે** સાહિત્ય રચના કરી.
સંવત ૧૬૩૨ થી ૧૬૬૯ સુધી **શ્રી નયસુંદરગણિએ** સાહિત્ય રચના કરી.
સંવત ૧૬૫૮ થી ૧૭૦૦ **શ્રીસમયસુંદરગણિએ** સાહિત્ય રચના કરી.
સંવત ૧૬૬૨ થી ૧૭૦૦ **શ્રીઋષભદાસકવિએ** સાહિત્ય રચના કરી.
સંવત ૧૬૧૬ માં **કવિશ્રીકુશલલાભે** 'માધવ કામ કુંડલા રાસ' રચ્યો.
સંવત ૧૬૧૯ માં **કવિશ્રી દેવશીલે** 'વેતાલ પચવીસી' રચી.
સંવત ૧૬૩૮ માં **કવિશ્રી રત્નસુંદર ઉપા૦** 'શુક બહોંતેરી (રાસ મંજરી) રચી.

વિક્રમની સત્તરમી સદીમાં ઘણા વિપુલ પ્રમાણમાં સાહિત્ય–રચના થઈ છે, જો કે તે સમય સંક્રાન્તિ કાળનો હોવા છતાં ધર્મ પરાયણ ત્યાગીઓએ જ્ઞાનની ઉપાસના સુંદર કરી છે તે માટે "જૈન ધર્મ પ્રકાશ" જ્યુબીલી અંકમાં સાક્ષર **શ્રી રણજીતરામ વાવાભાઇ** મહેતાએ જણાવ્યું છે કે:—

"અલા ઉદ્દીન ખીલજીના સરદારોએ ગુજરાતના હિંદુ રાજ્યને પાયમાલ કીધું ત્યારપછી અંધાધૂંધીમાં નાસભાગ કરતાં બ્રાહ્મણોએ

શારદા સેવન ત્યજી દીધું પણ મંદિરો–પ્રતિમા આદિની આશાતના થવા છતાં **જૈનસાધુઓ** પોતાના અભ્યાસમાં આસક્ત રહ્યા અને શારદાદેવીને અપૂજ ન થવા દીધી. આવા ધર્મપરાયણ અને વિદ્વાન સાધુઓને પાટે અમદાવાદની સલતનત તૂટી ત્યારે **શ્રી હીરવિજયસુરિ** નામે સાધુ થયા હતા. આગ્રે જઈ બાદશાહ **અકબર** બાદશાહ અને અન્ય ધર્મીઓને તેમણે જૈન–ધર્મનો મહિમા બતાવ્યો. આ ઇતિહાસ શું કહે છે? અગ્રગણ્ય નાગરિક જૈનોનો સૂર્ય ગુજરાતના હિન્દુ સામ્રાજ્ય દરમ્યાન મધ્યાન્હમાં હતો અને **શ્રી હેમચન્દ્રસૂરિની** માફક **અમાસને** દિવસે પ્રકાશોજ્જ્વલ **પૂર્ણિમા** આણવા સમર્થ હતો. તેઓ મહિનાઓ સુધી દરિયો ખેડી લાંબી સફરો કરી દેશ દેશાવરની લક્ષ્મી લાવી ગુજરાતમાં ઢોળતા, પોતાનાં વીરત્વ અને વફાદારીથી રાજા પ્રજા ઉભયને સંકટ અને સૌભાગ્યના સમયમાં મદદ કરતાં **અણહિલપુર**ની ગાદીલેં ગૌરવ જાળવતાં–વધારતાં બીજા દેવોનાં મંદિરો ખંડિયર થઇ જતાં હતાં, છતાં સરસ્વતીદેવીના મંદિરો **જૈન-સાધુઓના અલ્પ પરિશ્રમને** લીધે ઘંટનાદથી ગાજી રહ્યાં હતાં. દેલવાડા પરના **વિમળશાહનાં** દહેરાં જેવાં અનેક સૌન્દર્યથી ગુજરાત વિભૂષિત થતું હતું. રાજ્યની ઊથલ–પાથલો, અંધાધુંધી અને બીન સલામતી વારંવાર નડતી છતાં પોતાના ઉત્કૃષ્ટ વૈશ્ય ગુણોને લીધે ગૂજરાતનો વેપાર પડી ભાંગવા ન દીધો અને પર્યન્ત વેપાર ખેડવાની લાયકાત અને શાન્તિ સતેજ રાખ્યાં."

હવે **અઢારમી સદી**નાં પ્રખ્યાત કવિ મુનિવરોના નામોની નોંધ રજુ કરીએ છીએ.

લેખનકાળ

સં. ૧૭૧૬ થી ૧૭૪૩ સુધી ૨૮ વર્ષ **શ્રીયશોવિજયજી** ઉપા૦ એ ગ્રંથ રચના કરી

સં. ૧૬૮૯ થી ૧૭૩૮ ૪૯ વર્ષ **શ્રી વિનયવિજયજી** ઉપા૦ એ ,,

સં. ૧૭૧૫ થી ૧૭૩૧(૧૬) ,, **શ્રી માનવિજયજી ઉપા૦ એ** ,,
સં. ૧૭૨૦ આસપાસ **શ્રી આનંદઘનજી એ** ,,
સં. ૧૭૧૧ થી ૧૭૬૨(૫૧) ,, **શ્રી જિનહર્ષસૂરિ એ** ,,
સં. ૧૭૧૯ થી ૧૭૭૧(૫૨) ,, **શ્રી ધર્મવર્દ્ધને (ધર્મસિંહે)** ,,
સં. ૧૭૫૪ થી ૧૭૮૩(૨૯) ,, **શ્રી મોહનવિજયજી એ** ,,
સં. ૧૭૩૮ થી ૧૭૭૪(૩૬) ,, **શ્રી જ્ઞાનવિમલસૂરિ એ** ,,
સં. ૧૭૪૯ થી ૧૭૯૯(૫૦) ,, **શ્રી ઉદયરત્ને** ,,

તેઓએ ગૂજરાતી ભાષામાં જે સુંદર સાહિત્ય રચના કરી છે તે માટે ભાઇ વિજ્યરામ કલ્યાણરાય વૈદ્ય ગૂજરાતી સાહિત્ય રૂપરેખા પા૦ ૧૨ માં લખે છે કે—

" આર્ય સંસ્કૃતિની જૈન શાખાએ ગૂજરાતી ભાષાને કરેલા અર્પણોથી એ ભાષાના સાહિત્યનો ખરો ઉદયકાલ છે. તેના **વિદ્વાનુરક્ત સાધુઓ** આપણા સૌથી પહેલા સાહિત્યકારો છે. ઉપાશ્રયના એકાન્તમાં ધર્મદૃષ્ટિ પાળતા અને પ્રબોધતા છતાં, **શાલિભદ્રથી સમયસુંદર** સુધીના એ પ્રભાવન્ત સૂરિમંડળે પોતે પોતાના સમયના સમાજનો, તેના જીવનનો, તેની ભાષાનો સંપર્ક યથાયોગ્ય અખંડ ને જીવન્ત રાખ્યો.

તેમણે ધર્મનો રંગ પાકો રાખીને પણ સંસાર ચિત્રો દોરવામાં નાનમ માની નહી અને સંસ્કૃતનું પ્રેરણાપાન કર્યું તે ગૂજરાતીને એને। પોતે આત્મસાત્ કરેલાં અમૃતને પોષવાને એ પ્રેરણાં પહેલાં એજ ગીર્વાણગિરામાં ગૂજરાતી કવિઓને હાથે સ્વયંસ્ફૂર્તિમાન સર્જન કરાવતી, કેમકે ત્યારે એનો પોષણહાર રાજ્યાશ્રય સહજ સુલભ હતો."

ઓગણીસમી સદીનાં કવિવરોનાં મુખ્ય નામોને સાહિત્ય રચનાકાલ

સં. ૧૭૯૯ થી ૧૮૧૩ સુધી (૧) શ્રી ઉત્તમવિજયજી ગણિએ ૧૪ વર્ષ
,, ૧૮૧૪ થી ૧૮૫૭ ,, (૨) શ્રી પદ્મવિજયજીગણિએ ૪૩ વર્ષ
,, ૧૮૧૭ થી ૧૮૪૩ ,, (૩) શ્રી વિજયલક્ષ્મીસૂરિજી એ ૨૬ ,,
,, ૧૮૧૦ થી ૧૮૨૫ ,, (૪) શ્રી જિનલાભસૂરિજીએ ૧૫ ,,

„ ૧૮૨૮ થી ૧૮૫૩ „ (૫) શ્રી ક્ષમાકલ્યાણગણિજીએ ૨૫ „
„ ૧૮૫૮ થી ૧૮૮૦ „ (૬) શ્રી જ્ઞાનસારજીએ ૨૨ „
„ ૧૮૫૩ થી ૧૯૦૫ „ (૭) પં. વીરવિજયજીએ ૫૨ „
„ ૧૮૫૯ થી ૧૮૮૯ „ (૮) રાજબહાદુર કવિ દીપવિજયજી ૩૦ „

આથી આપણને સમજાશે કે જૈન મુનિવરોએ ગૂજરાતી ભાષામાં કેવી અને કેટલી સાહિત્ય સેવા કરી છે. હજી આપણા ભંડારોમાં **સેંકડો અપ્રકટ ગુજરાતી રાસાઓ** અને ચરિત્રોની હસ્ત પ્રતો છે; જે છપાવવામાં આવે તો ખ્યાલ આવે કે કેવી સુંદર અને શ્રેષ્ઠ કૃતિઓ તે છે. મુંબઈમાં સુશ્રાવક ભીમસી માણેકે પ્રકાશનની શરૂઆત કરી સં. ૧૮૮૦ થી કરેલ છે. તે પછી છેલ્લાં પચાસ વર્ષ થયા સાહિત્યનું પ્રકાશન કરવાની વિશેષ પ્રવૃત્તિ ચાલુ છે, તેમાં મુખ્યત્વે સુરતમાં **શ્રી સાગરાનંદ સૂરીશ્વરજી**ના ઉપદેશથી **શેઠ દેવચંદ લાલભાઇ જૈન પુસ્તકોદ્ધાર ફંડમાંથી** ૯૫ ગ્રન્થો સંસ્કૃતમાં પ્રકટ થયા છે. તેમાં **ગુજરાતી ભાષામાં** શ્રી આનન્દ કાવ્ય મહોદધિના ભાગ આઠ મળી કુલ ૧૦૩ ગ્રન્થો પ્રકટ થયા છે. જે આઠ ભાગો જુની ગુજરાતી ભાષાના વાચકોને તથા કાવ્ય પ્રેમીઓને તથા વાર્તારસિકોને અતિ ઉપયોગી છે. આ સિવાય **ભાવનગરથી** શ્રી જૈન ધર્મપ્રસારક સભા અને શ્રી આત્માનંદ સભા તરફથી પણ છેલ્લા કેટલાક વર્ષો થયા ઘણા ઉપયોગી પ્રકાશનો ગૂજરાતી ભાષામાં થયા છે. મુંબઈમાં શ્રી અધ્યાત્મ જ્ઞાત પ્રસારક મંડલ તરફથી ઘણા ગ્રંથો પ્રકટ થયા છે તેમાં કાવ્ય વિભાગના સ્વ૦ આચાર્ય શ્રી વર્દ્ધમાનસાગરસૂરિજીના ચાર ભાગો ભજનપદ સંગ્રહ તથા કક્કાવલિર વિધવિધ છે. એ બધા પ્રકાશનો ખરેખર ધન્યવાદને પાત્ર છે, ને આટલેથી સંતોષ ન માનતાં હજી ઘણું બાકી છે તે બહાર લાવવાનું છે. વાચો (સાક્ષર શ્રી કૃષ્ણલાલ મોહનલાલ ઝવેરીનું ભાષણ–સ્વાગત પ્રમુખ ગૂજરાતી સાહિત્ય પરિષદ સન્ ૧૯૨૬)

" અખૂટ પુસ્તક જૈન બંધુઓની જાગૃતિ–જૈન બંધુઓ પણ જાગ્રત થયા છે, અને પોતાના ભંડારોની કીંમત સમજતા થયા છે. જૈન કોમના નેતાઓને બેધડી મુશ્કેલી વચ્ચે કામ લેવું પડે છે. એક તો એ કોમના મ્હોટા ભાગે કેળવણીના ફલ ચાખ્યાં નથી, એટલે તેને સાહિત્યનો રસ લાગ્યો નથી. બીજું એ કે એ કોમનો સાક્ષરતા પામેલો વર્ગ સાધુ, યતિ, મુનિજી વગેરેના, તે પણ અમુક અપવાદો સિવાય ભંડારોમાં ભરાઈ રહેલી સામગ્રીને બહાર લાવવાની વિરુદ્ધ છે. આવી મુશ્કેલીઓ છતાં ધન્ય છે તેઓશ્રીને જેઓએ પ્રાચીન ભંડારોમાં અંધકાર સેવતાં લાખો ગ્રન્થોમાંથી થોડા પણ પ્રસિદ્ધિમાં આણી આપણા જુના સાહિત્યપર, આપણી જૂની ભાષા રચના પર, આપણાં જૂનાં કાવ્યોની વસ્તુ પર પ્રકાશ નાખ્યો છે. સ્વર્ગસ્થ ભાઈ **ચીમનલાલ દલાલ** કે એવાજ કાર્યમાં ઘૂમી રહેલા ભાઈ **મોહનલાલ દલીચંદ દેસાઈ** કે જૈન ગૂર્જર સાહિત્યોદ્ધારવાળી સંસ્થા તરફથી આનંદ કાવ્ય મહોદધિની **મૌક્તિ માળ પરોવનાર ઝવેરીઓ**નો જેટલો આભાર માનીએ તેટલો થોડો. એવા એવા સાહિત્ય વિલાસીઓના પ્રયાસથી આપણે જોઈ શકયા છીએ કે શું **નરસિંહ મહેતા**ના સમયમાં કે શું તેની પૂર્વે પણ જૈન તથા જૈનેતર લેખકો અને કવિઓની ભાષામાં કે કૃતિમાં માત્ર સામ્પ્રદાયિક ભેદ બાદ કરતાં બીજી કોઇ રીતે ભિન્નતા જોવામાં આવતી નથી. "

આ મારા સંશોધન માટે સદ્‌ગત સાક્ષરવર્ય્ય **શ્રી મોહનલાલ દલીચંદ દેસાઈ**નો જેટલો ઉપકાર માનું એટલો ઓછો છે. તેઓશ્રીના શ્રી જૈન ગૂર્જર કવિઓ ભાગ ૧–૨–૩ ખંડ ૨, તથા જન સાહિત્યનો સંક્ષિપ્ત ઇતિહાસ એ પુસ્તકોના આધારે મુખ્યત્વે આ સામગ્રી ભેગી કરી શકાઇ છે. જુદા જુદા કવિવરોની સાલવાર યાદિ તથા પ્રકાશનોની નોંધો તથા સામાન્ય જીવન પરિચય તયાર કરવામાં પણ તેમનાં પુસ્તકો બહુ ઉપયોગી નીવડ્યાં છે. આથીજ જુદા જુદા

ચોવીસી કર્તાઓની કૃતિઓ એકત્ર કરી છે. આ સંગ્રહમાં જે કંઈ પણ ભૂલ હોય તે વાંચકો જણાવશે તો બીજી આવૃત્તિમાં સુધારવામાં આવશે.

જે **મહાગુજરાતમાં** શ્રી હેમચન્દ્રાચાર્ય. શ્રી હીરવિજયસૂરિ, શ્રીયશોવિજયજી ઉપા. વગેરે પ્રખર વિદ્વાનો અને પ્રભાવકો પાકયા. જે મહાગૂજરાતમાં પં. શ્રી સમયસુન્દરજી, પં. શ્રી ઉદયરત્નજી, પં. શ્રી પદ્મવિજયજી, શ્રી પં. વીરવિજયજી જેવા મહા-કવિઓ થયા. જે મહા-ગુજરાતમાં શ્રી શંત્રુજ્ય ગિરિરાજ (પાલીતાણા), શ્રી ગિરનારજી (જુનાગઢ) જેવા પવિત્ર શાશ્વતા તીર્થો આવ્યાં છે, તે ગુજરાતના સાહિત્યરત્નોને ભૂરિ ભૂરિ વંદન હોજો.

પરમ ઉપકારી શ્રી પરમાત્માની સ્તુતિમાં, ભજનમાં, કવનમાં તથા તેમના સ્તવનો શાન્તચિત્તે ગાવામાં, વાંચવામાં ને સાંભળવામાં જે સમય જાય છે તે જ કૃતાર્થ છે. સફલ છે. પરમાત્માના ગુણગાન વારંવાર ગાઓ અને વાણીને સફલ કરો.

જે સમય, જેટલી ઘડી, જેટલી પળ, પ્રભુની સ્તુતિ કરવામાં પસાર થાય છે તે તે સમયને ધન્ય માનો. આ મનુષ્ય ભવનો એ એક અનુપમ લ્હાવો છે.

તીર્થંકર દેવોના ગુણોનું સ્મરણ-ચિંતવન એ જીવનની સફલતા છે, એમાં સમકિતની નિર્મળતા છે.

કવિ રત્ન **શ્રી પન્યાસજી ધુરંધરવિજયજી**એ બધા કર્તાઓનો જીવન પરિચય તપાસી આપી મારા પર જે ઉપકાર કર્યો છે તેને હું કેમ ભૂલી શકું.

૧૦૦૮ આચાર્ય **શ્રી વિજયધર્મસુરિ**ના શિષ્ય સાહિત્ય પ્રેમી મુનિશ્રી **યશોવિજયજી**એ કેટલીક ઉપયોગી સૂચનાઓ કરવા બદલ તેમનો અંતઃકરણ પૂર્વક ઉપકાર માનું છું. આ પુસ્તકનું નામ તેમની સૂચના અનુસાર રાખ્યું છે.

શાંતમૂર્તિ ૧૦૦૮ શ્રી વિજયવિજ્ઞાનસૂરિજીના પ્રશિષ્ય સમર્થ વક્તા પં. **શ્રી ચંદ્રોદયવિજયજી**એ શ્રી ગૌતમ સ્વામિનો રાસ તથા બીજા સ્તવનોની સમજૂતિ તથા અઘરા શબ્દોના અર્થો સુધારી આપવા માટે પોતાનો અમૂલ્ય સમય આપી જે કૃપા કરી છે તેનો અંતઃકરણ પૂર્વક આભાર માનું છું.

શ્રી જૈન ધાર્મિક શિક્ષણ સંઘના સેક્રેટરી મારા જુના સ્નેહી ભાઈ **શ્રી પ્રાણજીવનદાસ**–ગાંધીએ આ પુસ્તકના સ્તવનોનો સામાન્ય અર્થ જરૂર કરાવવો જોઈએ એવી સૂચના કરી. કે જેથી ખાસ કરી અભ્યાસી તથા વિદ્યાર્થી ભાઈઓ માટે સરલતા થાય. એ સૂચના મુજબ સમજુતિ લખાવી પુસ્તકની પાછળ મૂકવામાં આવી છે. જે સમજૂતિ સૈટ ઝેવીર્પસ કોલેજના ગૂજરાતીના પ્રોફેસર ભાઈ શ્રી રમણલાલ. સી શાહે કરી આપી છે.

આ પુસ્તકનું પુરેા વચન લખી આપવા માટે જાણીતા જૈન સાક્ષર વયોવૃદ્ધ ભાવનગર નિવાસી શ્રીયુત ફતેહચંદ ઝવેરભાઈ નો આભાર માનું છું.

તથા જૈન સમાજના જાણીતા સેવક વિદ્વાન લેખક અને વક્તા ભાઈ શ્રી મોહનલાલ દીપચંદ ચોકસીનો આ પુસ્તક માટે બે બોલ લખી આપવા બદલ તેમનો પણ આભાર માનું છું.

આ પુસ્તકમાં પંદરમી સદીના ઉ. શ્રી જ્યસાગર ઉપાધ્યાય જેમની ચોવીસી પ્રથમ જાણવામાં આવી છે. ત્યાંથી શરૂ કરી શ્રી અમૃત વિજયજી સુધી ૫૮ અઢાવન સાહિત્ય રત્નોની કાવ્ય પ્રસાદીના ૩૪૩ સ્તવનાદિનો સંગ્રહ છપાવવામાં આવ્યો છે. ઓગણીસમી સદી તથા વીસમી સદીના બીજા લગભગ એટલાજ કવિ રત્નોની પ્રાસાદીનો સંગ્રહ તૈયાર છે જે આ પુસ્તકના બીજા ભાગ તરીકે આવતે વરસે છપાવી પ્રસિદ્ધ કરવામાં આવશે.

આ ચોવીસીની પ્રતો મુંબાઈ શ્રી ગોડીજી જૈન જ્ઞાન ભંડાર શ્રી

અનંતનાથજી જ્ઞાન ભંડાર, મુંબાઈ, શ્રી બિકાનેરવાલા શેઠ નહાટાજી, રાજકોટ જૈન જ્ઞાન ભંડાર, તથા અન્ય બીજે સ્થળેથી પણ મેળવી છે. તે સરવે સંસ્થાઓના કાર્ય વાહકોનો આભાર માનું છું.

આ પુસ્તકમાં છે કાંઈ ભૂલો રહી ગઈ હોય. અથવા તો જિનાજ્ઞા વિરૂદ્ધ કંઈ પણ લખાયું હોય તો તે માટે મન વચન કાયાથી માફી માંગું છું.

કાવ્ય રસિકો, ઈતિહાસ પ્રેમીઓ ભક્તિ અને વૈરાગ્ય રચના પિપાસુઓને આ ગ્રંથમાંથી થોડું ઘણું પણ ઉપયોગી વાંચન–મનન મલશે. તો મારો પરિશ્રમ સફલ માનીશ.

અંતમાં વાંચક વર્ગને મારી નમ્ર વિનંતી છે કે આ સ્તવનો તથા કાવ્યો વાંચી પ્રભુ ભક્તિમાં એકતાન થાઓ, તન્મય બનો. ને **રાજા રાવણ**ની માફક તીર્થંકર પદ પ્રાપ્ત કરો એવી શાસન દેવ પ્રત્યે પ્રાર્થના કરી. ઉ શ્રી દેવચંદ્રજી કૃત શ્રી શાંતિનાથ સ્તવનની છેલ્લી કડી રજુ કરી વિરમું છું.

"ભલું થયું મેં પ્રભુગુણ ગાયા, રસનાનો રસ લીધો;
દેવચંદ્ર કહે મહારા મનનો, સફલ મનોરથ સીધ્યો.
ભવિકજન હરખોરે.

સં. ૨૦૧૬ ચૈત્ર સુદ ૧૩
મહાવીર જન્મ કલ્યાણકદિન
મુંબાઈ.

લી.
ભાઇચંદ નગીનભાઇ ઝવેરી

જૈન ગૂર્જર સાહિત્ય રત્નોના સ્તવનોની સંખ્યા તથા સંવત વાર અનુક્રમણિકા

કર્તાનામ	ચોવીશીરચના સંવત	રચનાસ્થલ	કાવ્યસંખ્યા	પૃ.
શ્રી ઉદયરત્ન ઉપાધ્યા			૧	૨–૩
,, વિનયપ્રભઉપાધ્યા	૧૪૧૨	ખંભાત	૧	૪–૧૧
,, જયસાગરઉપાધ્યા	૧૫૦૦આસપાસ		૫	૧૮
,, લાવણ્યસમયગણિ	૧૫૮૭		૬	૧૯–૩૫
,, નન્ન સૂરિ	૧૫૫૦–આસપાસ		૬	૫૨–૫૫
,, સમયસુંદર ગણિ	૧૬૫૮		૧૧	૩૦–૧
,, જિનરાજસૂરિ	૧૬૯૪		૬	૫૬–૬૨
,, ભાવવિજયઉપાધ્યા	૧૭૦૯		૫	૬૩–૬૮
,, આનંદવર્ધન	૧૭૧૨		૫	૬૯–૭૩
,, જિનહર્ષ સૂરિ	૧૭૧૫		૬	૭૯–૬૯
,, જિનરત્નસૂરિ	૧૭૧૬		૫	૮૦–૮૨
,, વિનયવિજયજીઉપાધ્યા	૧૭૨૦આસપાસ		૯	૮૩–૯૫
,, આનંદ ઘનજી	૧૭૨૬	,,	૧૨	૯૬–૧૧૨
,, માનવિજયજીઉપાધ્યા	૧૭૨૫	,,	૫	૧૧૩–૧૧૮
,, યશોવિજયજીઉપાધ્યા	૧૭૨૫	,,	૧૭	૧૧૯–૧૩૯
,, મેઘવિજયજી ,,	૧૭૩૦	,,	૫	૧૪૦–૧૪૬
,, વૃદ્ધિવિજયજી	૧૭૩૦	ઔરંગાબાદ	૫	૧૪૭–૧૫૨
,, ચારિત્રકુશલજી	૧૭૩૧		૫	૧૫૩–૧૫૮
,, તત્ત્વવિજયજી	૧૭૩૫		૨	૧૫૯–૧૬૦
,, જીવણવિજયજી	૧૭૩૮	રાણકપુર	૫	૧૬૧–૧૬૫
,, મેઘવિજયજી (ગંગવિ. શિષ્ય)	૧૭૩૯	વજીરપુર	૧	૧૬૬

,, નયવિજયજી	૧૭૪૬	ઉનતપુર	૫	૧૬૭–૧૭૨
,, દાનવિજયજી	૧૭૧૦	આસપાસ	૫	૧૭૩–૧૭૭
,, જ્ઞાનવિમલસૂરિજી	૧૭૫૦	,,	૧૨	૧૭૮–૧૯૩
,, કેશરવિમલજી	૧૭૫૦	માંગરોલ	૫	૧૯૪–૨૦૮
,, માણિક્યવિજયજી	૧૭૫૦	આસપાસ	૫	૨૦૨–૨૦૫
,, સૌભાગ્યવિજયજી	૧૭૫૦	,,	૫	૨૦૬–૨૧૦
,, સુખસાગરજી	૧૭૫૦	,,	૫	૨૧૧–૨૧૬
,, ઋષભસાગરજી	૧૭૫૦	,,	૫	૨૧૭–૨૨૩
,, વિનયકુશલજી	૧૭૫૦	,,	૧	૨૨૪–૨૨૫
,, કાંતિવિજયજી	૧૭૫૫	,,	૩	૨૨૬–૨૨૯
,, હંસરત્નજી	૧૭૫૫	,,	૬	૨૩૦–૨૩૭
,, વિનયચંદજી	૧૭૫૫	,,	૬	૨૩૮–૨૪૪
,, વિનિતવિજયજી	૧૭૫૫	રાજનગર	૫	૨૪૫–૨૪૯
,, ન્યાયસાગરજી	૧૬૬૦	,,	૧૨	૨૫૦–૨૫૯
,, લાવણ્યવિજયજી	૧૬૬૧		૨	૨૬૦–૨૬૧
,, રામવિજયજી (શ્રીસુમતિવિ. શિષ્ય)	૧૭૬૦	આસપા૦	૫	૨૬૨–૨૬૬
,, અમૃતવિજયજી (રંગવિ. શિષ્ય)	૧૭૬૦	આસપાસ	૬	૨૬૭–૨૭૧
,, ઉદયરત્નજી	૧૭૬૦	,,	૧૫	૨૭૨–૨૮૬
,, પ્રેમવિજયજી	૧૭૬૨	મેસાણા	૬	૨૮૭–૨૯૨
,, જિનસુખસૂરિ	૧૭૬૪	ખંભાત	૬	૨૯૩–૨૯૭
,, લક્ષ્મીવલ્લભગણિ	૧૭૬૫	આસપાસ	૬	૨૯૮–૩૦૧
,, મોહનવિજયજી	૧૭૬૫	,,	૫	૩૦૨–૩૦૯
,, રામવિજયજી (વિમલવિ. શિષ્ય)	૧૭૭૦	,,	૭	૩૧૦–૩૧૬
,, કીર્તિવિમલજી	૧૭૭૦	,,	૫	૩૧૭–૩૨૧

,, ધર્મવર્ધનજી	૧૭૭૧. જેસલમેર.	૫	૩૨૨–૩૨૫
,, રાજસુંદરજી	૧૭૭૨	૬	૩૨૬–૩૩૦
,, દેવચંદ્રજી	૧૭૭૦ આસપાસ	૧૦	૩૩૧–૩૪૩
,, જિનવિજયજી	૧૭૭૫ ,,	૧૦	૩૪૪–૩૫૫
,, કાંતિવિજયજી	(પ્રેમવિ. શિષ્ય) ૧૭૭૮ ,,	૫	૩૫૬–૩૬૧
,, દેવવિજયજી	૧૭૭૮ સુરત	૫	૩૬૨–૩૬૫
,, જ્ઞાનવિજયજી	૧૭૮૦ આસપાસ	૧	૩૬૬–૩૬૭
,, નિત્યલાભજી	૧૭૮૧ સુરત	૩	૩૬૮–૩૭૧
,, ભાવપ્રભસૂરિ	૧૭૮૩	૨	૩૭૨–૩૭૩
,, જશવિજયજી	૧૭૮૪ પાટણ	૫	૩૭૪–૩૭૯
,, લક્ષ્મીવિજયજી	૧૭૮૬	૫	૩૮૦–૩૮૪
,, જયસૌભાગ્યજી	૧૭૮૭ ખંભાત	૫	૩૮૫–૩૮૯
,, ગુણવિલાસજી	૧૭૯૭ જેસલમેર	૬	૩૯૦–૩૯૨
,, પ્રમોદસાગરજી	૧૮૦૦ આસપાસ	૫	૩૯૩–૩૯૭
,, અમૃતવિજયજી		૫	૩૯૮–૪૦૧
,, ક્ષેમવિજયજી		૨	૪૦૨–૪૦૩

વિષયાનુક્રમ

કલ્યાણકંદ—	પ્રથમપદ	પૃષ્ઠ
પંચપરમેશ્વરા	ઉદયવાચક	૨–૩
શ્રી ગૌતમસ્વામિરાસ	ઉ૦ વિનયા પ્રભ	૧૪૧૨–૪થી૧૧
વીરજિણેસર ચરણકમલ કમલાકર વાસો	,, ,,	
શ્રી જયસાગર ઉપાધ્યાય પરિચય		૧૨–૧૩
જિનકુશલ સૂરિ ચતુષ્પરી ગાથાઓ		૧૪–૧૫
સુવિહાણઉ જઈ	શ્રીઋષભજિનસ્તવન	૧૬
સંતિ જિણેસર	શ્રી શાંતિનાથસં ,,	,,
નમઉ નેમિજિણવર	શ્રી નેમનાથ સ્ત૦ ,,	૧૭
આસા તરૂવર	શ્રી પાર્શ્વનાથ સ્ત૦ ,,	,,
સરલ જન્મ–જીવિય	શ્રી વીરજિનસ્ત૦ ,,	૧૮
લાવણ્ય સમય–પરિચય–એકર જોડી રે વિનવું	નેમનાથ સ્તવન	૧૯થી૨૧
		૨૨–૨૩
આજરે આજરે	શ્રી નેમિનાથ સ્ત૦–લાવણ્ય	૨૪ ૨૭
નાગ નિચિંત વસઈ–	પંચેંદિય–ગીત ,,	૨૮
ધર્મ મમ મુઝીલી–	લોભ વિષે ,,	૨૯
કાઢો કાઢો શ્રાવિકા સુશડી	પદ ,,	૩૦
પ્રાણી બહેરીને પાધર્યા	કાંકસાની ભાસ	૩૧
પાય પ્રણમીઅ સરસતી.	દઢ પ્રહારી સઝાય ,,	૩૧
શ્રી સમય સુંદર ગણી પરિચય		૩૬–૪૨
ઋષભદેવહો મેરા હો	શ્રી ઋષભદે સ્તવન સમય સુંદર	૪૨
શાંતિનાથ તું સુણહું સાહિબ	શ્રી શાંતિનાથ ,, ,,	૪૨
યાદવરાય જીવો કોડ વરિસ	શ્રી નેમનાથ ,, ,,	૪૩
માઈ આજ હમારે આણંદા	શ્રી પાર્શ્વનાથ ,, ,,	૪૩
એ મહાવીર કછુ દો મોહેદાન	શ્રી વીરજિન ,, ,,	૪૪

વીરા મોરા ગજ થકી ઉતરો	સઝાય ,,	૪૪
સોઈ સોઈ સારી રેન ગુમાઈ	નિદ્રાઉપરપદ	૪૫
શત્રુંજે ઋષભ સમોસર્યા	તીર્થમાલા સ્તવન ,,	૪૬
ધોબીડા તું ધોજે મનનું ધોતીયુંરે	સઝાય ,,	૪૭
પ્રીતલડી ન કીજે રે નારી	સ્થૂલભદ્ર સઝાય ,,	૪૮
બે કર જોડી વિનવું છું	આલોચના સ્તવન ,,	૪૮
કલશ	શ્રી શત્રુંજય મંડન આદિનાથ સ્તવન	૫૧
શ્રી નન્ન સૂરિ પરિચય		૫૨
શ્રી શત્રુંજ રલીઆમણું	શત્રુંજય સ્તવન	
દહીઉદ્રાપુરિ દીપઈ	શ્રી શાંતિનાથ સ્તવત	૫૩
ઉજલિગિરિ અમ્હે	શ્રી ગીરના સ્તવન	૫૪
સકલ મૂરતિ	શ્રી સ્થંભનપાર્શ્વનાથ સ્ત૦ ,,	,,
સાચોર પુરવર જગહ	શ્રી વીરજિન સ્તવન	૫૫
શ્રી જિનરાજ સૂરિ પરિચય	કલશ	૫૬
મનમધુકર મોહી	શ્રી ઋભજિન સ્ત૦	૫૭
કાલ અનંતા અનંત	શ્રી શાંતિનાથ સ્તવ૦ ,,	૫૮
સાંભલરે શામળીયા	શ્રી નેમનાથ સ્તવ૦ ,,	૫૮
મનગમતો સાહિબ મિલ્યો	શ્રી પાર્શ્વનાથ સ્તવ૦ ,,	૫૯
ભવિક કમલ પડિ બો હતો	શ્રી મહાવીર જિનસ્તવ૦ ,,	૬૦
ઈણિપરિ ભાવની ગતિ મન આણી	કલશ	૬૦
પોતે જઈ પ્રતિ બુઝવો	બાહુ બલી સઝાય ,,	૬૧–૬૨
શ્રી ભાવવિજય ઉવઝાય પરિચય		૬૩
સકલ સમીહિત પુરણ સુરતરૂશ્રી ઋષભજિન સ્તવન ભાવવિ ઉપાધ્ય		૬૪
શાંતિ પ્રભુ સોહે પરમ દયાલ શ્રી શાંતિનાથ સ્તવન ઉ૦ ભાવવિક		૬૫
નેમિસર જિન બાવિસમોજી	શ્રી નેમનાથ સ્તવન ,,	૬૬
પાસ જિત સેવક જન આધારે	શ્રી પાર્શ્વનાથ સ્તવન ,,	૬૭

વર્ધમાન પ્રભુ વંદીએ	શ્રી મહાવીર જિન સ્તવન	,,
ઈમિથુણ્યા જિનવર નામ	કલશ	૭૮
શ્રી આનંદ વર્ધન પરિચય		૭૭૧ ૬૯
આદિ જિણુંદ મયા કરૂં	શ્રી ઋષભજિન સ્તવન આનંદ વર્ધન	૬૯
ભગતવત્સલ પ્રભુ સાંભળો	શ્રી શાંતિનાથ સ્તવન ,,	૭૦
યૌવન પાહુના જ્યત ન લાગત વાર	શ્રી નેમનાથ સ્તવન ,,	૭૦
મેરે જીવમે લાગી આસકી	શ્રી પાર્શ્વનાન	૭૧
તું મનમાન્યો રે વીરજી	શ્રી મહાવીર જિનસ્તવન ,,	૭૧
પ્રભુ પાસજી તાહરૂં નામ મીઠું	અંતરિક્ષ પાર્શ્વનાથ છંદ ,,	૭૨
શ્રી જિન હર્ષસૂરિ પરિચય		૭૪
રે જીવ મેહ મિથ્યા તમે	ઋષભદેવ સ્તવન શ્રી જિન હર્ષસૂરિ	૭૫
દેખ્યો રે ઋષભ જિણુંદ	,, ,, ,,	૭૫
કૈસે કરિ પહુ ચઉં સંદેશ	શ્રી શાંતિનાથ સ્તવન ,,	૭૬
બલિહારી હું તોરા નામકી	શ્રી નેમનાથ સ્તવન ,,	૭૭
બોર ભવૈા ઉઠિ ભજિરે પાસ	શ્રી પાર્શ્વનાથ સ્તવન ,,	૭૭
સાહિબ મોરા હો અબ તો	શ્રી મહાવીર જિન સ્તવન ,,	૭૮
મે જાણ્યું નહિ ભવ દુઃખ એસો હોઈ	જિનવર પૈાવિસે સુખ દાઇ	
	,, કલશ	૭૯
શ્રી જિનરત્નસૂરિ પરિચય		૮૦
સુમરિ સુમરિ મન પ્રથમજિન	શ્રી ઋષભજિન ગીત શ્રી જિનહર્ષ-	
	સૂરિ	૮૦
શ્રી વીતરાગ મોરઈ મનિ વસિયઉ	શ્રી શાંતિનાથ ,, ,,	૮૦ ,,
નેમિજિણુ વેદિજઈ યદુરાય	શ્રી નેમિનાથ ,, ,,	૮૧
સાહિબ મોરા હો હું તુઝ આણુધરૂં	શ્રી પાર્શ્વનાથ ,, ,, ,,	૮૧ ,,
મેરઈ સામી કઉ દાસ સરસ જ્યૂ	શ્રી મહાવીર ,, ,,	૮૨
ચૌવિસે જિનવર જોગાવઈ	કલશ	૮૨
ઉપાધ્યાય શ્રી વિનયવિજયજી પરિચય		૮૩–૮૪

શત્રુંજા સિર સહેર	શ્રી ઋષભજિન સ્તવન	૮૭
વિમલગિરિ વિમલતા સમરીએ	,,	,,
શાંતિજિનેસર સોલમો	શ્રી શાંતિનાથ સ્ત૦	૮૭
સામલીયા નેમજી	શ્રી નેમનાથ સ્ત૦	૮૮
રહો રે રહો રથ ફેરવો	,,	૮૯
૭૪ પાસ જિનેસર પૂજો એહનીરે	શ્રી પાર્શ્વનાથ સ્ત૦	૯૦
આસ પૂરે સદા પાસ પરમેસરૂ	,,	૯૧
સિદ્ધારથનારે નંદન વિનવું	શ્રી મહાવીર સ્ત૦	૯૧
સાંઈ સલૂના કેસે પાઉંરી	મનની અસ્થિરતા ઉપર પદ	૯૨
પૂજીએ પૂજીએ પ્રથમ તીર્થંકરે	સૂર્યપુર ચૈત્ય પરિપાટી	૯૨
મન વચન કાયા કરી	ધર્મનાથ આત્મજ્ઞાન પ્રથમ સ્તવન	૯૩
ધન ધન તે દિન મહારો	પુણ્ય સ્તવન છઠી ઢા૦	૯૬
શ્રી આનંદઘનજી પરિચય	કળશ	૯૨/૧૦૨
ઇયં તરણ તારણ સુગતિ કારણ		
ઋષભ જિનેશ્વર પ્રીતમ	શ્રી ઋષભદેવ સ્ત૦	૧૦૩
શાંતિજિન એક મુજ વિનતી	શ્રી શાંતિનાથ સ્ત૦	૧૦૪
અષ્ટ ભવેતર વાલહીરે	શ્રી નેમનાથ સ્ત૦	૧૫૫
ધ્રુવ પદ રામી હો સ્વામી માહરા	શ્રી પાર્શ્વનાથ સ્ત૦	૧૦૮
વીરજિનેશ્વર ચરણે લાગું	શ્રી મહાવીર જિન સ્ત૦	૧૦૯
રામ કહો રહેમાન કહો કોઉ	પદ	,,
અબ હમ અમર ભયે નમરંગે	,,	૧૧૦
યા પુદ્ગલકા કયા વિસવાસા	,,	,,
કયા સોવે ઉઠ જાગ બાઉરે	,,	૧૧૧
અવધુ કયા સોવે તન મઠમે	,,	૧૧૧
નિશદિન જોઉ તારી વાટડી	,,	૧૧૨
આશા ઓરનકી કયા કીજે	,,	,,

મહોપાધ્યાય શ્રીમાનવિજયજી પરિચય		૧૧૩
ઋષભ જિણુંદા–રૂષભ જિણુંદા	શ્રી ઋષભજિન સ્ત૦	૧૧૩
શ્રી શાંતિ જિનેસર સાહિબા	શ્રી શાંતિનાથ સ્ત૦	૧૧૪
નેમિજિણુંદ નિરંજણો	શ્રી નેમનાથ સ્ત૦	૧૧૫
શ્રીપાસજી પ્રગટ પ્રભાવી	શ્રી પાર્શ્વજિન સ્ત૦	૧૧૬
શાસનનાયક સાહિબ સાચો	શ્રી મહાવીર જિન સ્ત૦	૧૧૮–૧૧૮
ઉપાધ્યાય શ્રીયશોવિજયજી પરિચય		૧૧૯–૧૨૪
રૂષભદેવ નિતુ વંદીએ	શ્રી ઋષભદેવ જિન સ્ત૦	૧૨૫
ઋષભજિનંદા–રૂષભજિણુંદા	,, ,,	૧૨૬
જગજીવન જગવાલહો	,, ,,	૧૨૬
ધન ધવ દિન વેલા ધન વલી તેહ	શ્રીશાંતિજિન સ્ત૦	૧૨૭
ગજપુર નયર વિભૂષણ	,,	૧૨૮
જગજન મન રંજે રે	શ્રીશાંતિનાથ સ્ત૦ ઉ. યશોવિ૦	૧૨૯
સમુદ્રવિજય શિવાદેવીનંદન નેમિકુમાર	શ્રીનેમિજિન સ્ત૦ ,,	૧૩૦
તોરણથી રથ ફેરી ગયારે હાં...	,, ,,	૧૩૧
કયા કિયો તુમ્હે કહો મેરે સાંઈ...	,, ,,	૧૩૨
વામાનંદન જિનવરે	શ્રીપાર્શ્વનાન જિન સ્ત૦	૧૩૩
ચઉકસાય પાતાલ કલશ જિહાં	,, ,,	૧૩૪
નયરી વાણારસી અવતર્યો હો	,, ,,	૧૩૫
ગિરૂઆરે ગુણ તુમ તણા	શ્રીમહાવીર જિન સ્ત૦	૧૩૫
આજ જિનરાજ મુજ કાજ સિધ્યા સવે	,,	૧૩૬
દુઃખ ટલિયાં મુખ દીઠે મુજ સુખ ઉપનાં રે	,,	૧૩૭
જબલગ આવે નહિ મન ઠામ	અધ્યાત્મ પદ	૧૩૮
ચેતત અબ મોહે દર્શન દીજે	પરમાત્મા દર્શન પદ	૨૩૯
ઉપાધ્યાય શ્રીમેઘવિજયજી		૧૪૦ થી ૧૪૨
શ્રી જિન જગ આધાર	શ્રી ઋષભ જિન સ્ત૦	૧૪૨

સજની શાંત મહારસ સાગર	શ્રીશાંતિનાથ	સ્ત૦ ૧૪૩
રાજી કરીએ આજ કે યાદવ રાજી ન હોયા	શ્રીનેમિનાથ	સ્ત૦ ૧૪૫
જિનવર પાસ પસાઉલે	શ્રીપાર્શ્વજિન	સ્ત૦ ૧૪૫
કોડી ગમે ગુન્હા કર્યાજી	શ્રીમહાવીર જિત	સ્ત૦ ૧૪૫
ઈમ થુણ્યા જિનવર સરસ રાગે		કલશ ૧૪૬
શ્રીવૃદ્ધિવિજયજી પરિચય		૧૪૭
નાભિનરેશર નંદન પ્યારા	શ્રીઋષભજિન	સ્ત૦ ૧૪૭
શાંતિ જિણેસર સાહિબોરે	શ્રીશાંતિનાથ	સ્ત૦ ૧૪૮
નેમિ નગીના નાહલા	શ્રીનેમનાથ જિન	સ્ત૦ ૧૪૯
પ્રભુ પાસ જિણેસર સાંભલો	શ્રીપાર્શ્વનાથ	સ્ત૦ ૧૫૦
વીર જિણેસર વીનતિ સાંભલો	શ્રીવિરજિન	સ્ત૦ ૧૫૦
ઇણિપરિ જિણ ચઉવીસઈ થુણિઆ		કલશ ૧૫૧
શ્રી ચારિત્ર કુશલજી પરિચય		૧૫૩
મોહિ રહ્યા મન મોજ શું	શ્રીઋષભ જિન	સ્ત૦ ૧૫૩
ચિત્તડું વેધ્યું રે શાંતિજીણુંદ શું	શ્રીશાંતિજિન	સ્ત૦ ૧૫૪
હાંજી રથ ફેરી ચાલ્યા યાદવ રાય	શ્રીનેમનાથ જિન	સ્ત૦ ૧૫૫
ઇદ્રપુરી સમ સોહતી વાણારસી હો	શ્રીપાર્શ્વનાથ	સ્ત૦ ૧૫૬
સુવણ રૂપા રત્નાગઢ રચૈ રૂચિસું સાર	શ્રીમહાવીર જિન	સ્ત૦ ૧૫૭
શ્રીતત્ત્વવિજયજી પરિચય		૧૫૮
ઋષભજિણુંદ મયા કરી રે	શ્રીઋષભદેવ	સ્ત૦ ૧૫૯
શ્રીનયનવિજય કવિરાજ વિશ જઈ	શ્રીવીરજિન	સ્ત૦ ૧૬૦
શ્રીજીવણવિજયજી પરિચય		૧૬૧
મોહ્યોમન મધુકર ગુણ ફૂલ,	શ્રી આદિનાથ	સ્ત૦ ૧૬૧
જય જગનાયક જિનચંદા	શ્રી શાંતિનાથ જિન	સ્ત૦ ૧૬૨
સુખકર સાહિબ શામલો	શ્રી નેમિનાથ	સ્ત૦ ૧૬૨
મનમોહન મેરે પ્રાણથીપ્યારે	શ્રી પાર્શ્વનાથ	સ્ત૦ ૧૬૩

વધતી વેલી મહાવીરથી	શ્રી મહાવીર જિનસ્તસ	૧૬૪
ગાયાગાયા રે મેં તો જિનગુણરંગે	કલશ	૧૬૪
મેઘ વિજયજી	કલશ	૧૬૫
ગંગ (વિજય શિષ્ય) પરિચય ને	કળશ	૧૬૬
ચઉવીસઈ જીણવરતણા લાલા	કલશ	૧૬૬
શ્રી નયવિજયજી પરિચય		૧૬૭
પ્રણમું આદિજિણુંદ જગજીવનજિનચંદ	શ્રી ઋષભજિન સ્ત૦	૧૬૭
સખી સેવો શાંતિજીણુંદને	શ્રી શાંતિનાથ સ્ત૦	૧૬૮
ભવિઅણ વંદો ભાવશું	શ્રી નેમનાથ ,,	૧૬૯
પ્રબલ પ્રભાવે પરગડોરે	શ્રી પાર્શ્વનાથ ,,	૧૭૦
સુગુણ સસનેહીવીરજી વિનતીરે	શ્રી મહાવીરજિન સ્ત	૧૭૧
ઈણ પરિજિનવરના ગુણગાતા	કલશ	૧૭૨
શ્રી દાનવિજયજી પરિચય		૧૭૩
મંગલવેલી વધારવારે લાલ	શ્રી આદિનાથ સ્ત૦	૧૭૩
શાંતિજિનેશ્વર સુખકર	શ્રી શાંતિનાથ સ્ત૦	૧૭૪
એહ અથિર સંસાર	શ્રી નેમિનાથ સ્ત૦	૧૭૫
સકલ કુશલ તરૂ પોષવારે	શ્રી પાર્શ્વનાથ સ્ત૦	૧૭૬
શાસન નાયક સુંદરૂરે	શ્રી મહાવીરજિન સ્ત૦	૧૭૭
શ્રી જ્ઞાનવિમલ સૂરિ પરિચય		૧૭૮
આદિકરણ અરિહંતજી	શ્રી આદિજિન સ્ત૦	૧૮૧
પ્રથમ જિનેસર વંદિએ	,,	૧૮૨
સુણો શાંતિ જિનેસર સાહિબા	શ્રી શાંતિનાથ સ્ત૦	૧૮૩
જંબુદ્વીપે ભરતમાં હો લાલ	,,	૧૮૪
ઈણ ભરતે અચલા પુરિ	શ્રી નેમનાથ સ્ત૦	૧૮૫
નેમિ નિરંજન નાથ હમારો	,,	૧૮૬
જંબુદ્વીપે પોતનપુરમાં	શ્રી પાર્શ્વનાથ સ્ત૦	૧૮૭

પુરિસાદાણી પાસ કે આસ સફલકરો કે		૧૮૭
વર્ધમાન જિનવરને ધ્યાને	શ્રી મહાવીર સ્ત૦	૧૮૮
જંબુદ્વીપે અપરવિદેહે	,,	૧૮૯
વાલ મિયારે વિરથા જનમ ગમાયો		૧૯૧
શ્રી કેશર વિમલજી પરિચય		૧૯૪
સહિયાં ઋષભ જિણુંદશું મન લાગ્યું.	શ્રી ઋઋભજિન સ્ત૦	૧૯૫
સાંભળ હો પ્રભુ સાંભલ શાંતિજિણું દ	શ્રી શાંતિનાથ સ્ત૦	૧૯૬
સાંભલ સ્વામી ચિત્ત સુખકારી	શ્રી નેમનાથ સ્ત૦	૧૯૭
સુણ સાહેમ પ્રભુ પાસ જિણેસર	શ્રી પાર્શ્વનાથ સ્ત૦	૧૯૮
વીર જિનેસર સુણમુજ સ્વામી	શ્રી મહાવીરજિન સ્ત૦	૧૯૯
સેવોને રે ભવિસેવોને	કલશ	૨૦૦
શ્રીમાણિક્ય વિજયજી પરિચય		૨૦૧
પ્રથમ જિણેસર પ્રાહુણા	શ્રી ઋષભદેવ સ્ત૦	૨૦૨
શાંતિ જિણેસર સેવતારે રાજિ	શ્રી શાંતિનાથ સ્ત૦	૨૦૩
સોરિપુર નગર સોહમણો જો	શ્રી નેમિનાથ સ્ત૦	૨૦૪
પુરીસા દાણીપાસજી	શ્રી પાર્શ્વનાથ સ્ત૦	૨૦૪
પ્રભુ માહરા પમકૃપાલ	શ્રી વીરજિન સ્ત૦	૨૦૫
શ્રી સૌભાગ્યવિજયજી પરિચય		૨૦૬
ઋષભજિન ગજપુર પધાર્યા	શ્રી ઋષભજિન સ્ત૦	૨૦૬
વિશ્વસેન નૃપ અચિરા રાણી	શ્રી શાંતિનાથ સ્ત૦	૨૦૭
તમ્હ રહો રહો પિયુડા મજાઓ નાસી	શ્રી નેમિનાથ સ્ત૦	૨૦૮
પાસચિંતાણિ ચરણ નમો	શ્રી પાર્શ્વનાથ સ્ત૦	૨૦૯
આયો કુમર લાડલે એહું	શ્રી મહાવીરજિન સ્ત૦	૨૧૦
શ્રી સુખસાગરજી પરિચય		૨૧૧
પ્રથમ જિણેસર પ્રણમીઈ,	શ્રીઋષભજિન સ્ત૦	૨૧૧
પ્રણમું શાંતિજિણુંદને	શ્રી શાંતિનાથ સ્ત૦	૨૧૨

નેમિજિણુંદને નમીઇ નેહસ્યું	શ્રી નેમનાથાય સ્ત૦	૨૧૩
પાસ જિનેસર પુરિસાદાણી	શ્રી પાર્શ્વનાથ સ્ત૦	૨૧૪
શ્રી મહાવીર મનોહર મૂરતિ	શ્રી વીરજિન સ્ત૦	૨૧૫
ચૌવીસ જિનેસર કેસર રચિત કાય	કલશ	૨૧૬
શ્રી ઋષભસાગરજી પરિચય		૨૧૭
કાંઈ રિસહેસર મઈ પાયેા	શ્રી ઋષભજિન સ્ત૦	,,
કામિત પૂરણ ચૂરણ ચિંતા	શ્રી શાંતિનાથ સ્ત૦	૨૧૮
તેા શું કયુ પીયુ આવું હેા રાજિ	શ્રી નેમનાથ સ્ત૦	૨૧૯
તારક જિન તેવીસમા	શ્રી પાર્શ્વનાથ સ્ત૦	૨૨૧
સિદ્ધિ શિરેામણિ સુરતિસુંદર	શ્રી મહાવીરજિન સ્ત૦	૨૨૨
શ્રી વિનયકુશલજી પરિચય		૨૨૪
કાશી દેશ મંડણ સુવિસેસ	શ્રી પાર્શ્વનાથ સ્ત૦	૨૨૫
શ્રી કાંતિ વિજયજી પરિચય	સૂરસવેલી ૪થી ઢાલ	૨૨૬
શ્રી યશેા વિજય વાચકતણા		૨૨૭
આજ અધિક ભાવ કરી મેં તેા	શ્રી ઋષભજિન સ્ત૦	૨૨૮
સેાલ સજી સણગાર	મહાવીરજિન સ્ત૦	૨૨૮
શ્રી ગુરૂ હીરસૂરિંદના	સંવેગ રસાયણભાવની પ્રરાસિ	૨૨૯
શ્રી હંસરત્નજી પરિચય		૨૩૦
અવસર જોર બન્યેા સંગમ લેાભી	સજાય	૨૩૦
સકલ વંછિત સુખ આપવા	શ્રી ઋષભજિન સ્ત૦	૨૩૧
શ્રી શાંતિજિણે સર સેાલમેારે	શ્રી શાંતિનાથ સ્ત૦	૨૩૨
તેારણથી રથ ફેરીને હેા રાજ	શ્રી નેમનાથ સ્ત૦	૨૩૩
સુણેાપાસ જિણેસર સ્વામી	શ્રી પાર્શ્વનાથ સ્ત૦	૨૩૪
સફલ ફલ્યા સહી માહરાજી	શ્રી મહાવીર જિન સ્ત૦	૨૩૫-૩૬
મેં ગાયારે જિન ચેાવીસે ગાયા—	શ્રી કલશ	૨૩૭
શ્રી વિનયચંદ્રજી પરિચય	,,	૨૩૮

આજ જનમ સું કિયા રથ ઉરે	શ્રી ઋષભ જિન	સ્ત૦	૨૩૮
હાંરેલાલ શાંતિ જિનેશ્વર	શ્રી શાંતિનાથ	સ્ત૦	૨૩૯
થાહરી તો મૂરતિ જિનવર રાજૈછઈ	શ્રી નેમનાથ	સ્ત૦	૨૪૦
જિનવર જલધર ઉલટ્યો.	શ્રી પાર્શ્વજિન	સ્ત૦	૨૪૧
મન મોહન મહાવીર રે	શ્રી મહાવીર જિન	સ્ત૦	૨૪૨
ઇણિ પરિ મઈ ચોવીસી કીધી—	શ્રી કલશ		૨૪૩ ૪૪
શ્રી વિનીત વિજયજી પરિચય	,,		૨૪૫
સુંદર મૂરતિ સાહિબ સેવીએ	શ્રી ઋષભજિન	સ્ત૦	૨૪૫
સકલ મનોરથ સુરમણિ રે	શ્રી શાંતિનાથ	સ્ત૦	૨૪૬
મન મોહનીયા પિઉ સૂણ રે...	શ્રી નેમનાથ	સ્ત૦	૨૪૭
નિરમલ નીરે અંગ પખાલી	શ્રી પાર્શ્વનાથ	સ્ત૦	૨૪૮
આજ માહરે સુરતરૂ ફલીયો સાર	શ્રી મહાવીર જિન	સ્તત	૨૪૯
શ્રી ન્યાય સાગરજી પરિચય	,,		૨૫૦
જગ ઉપગારી રે સાહિબ મોહરી રે	શ્રી આદિ જિન	સ્ત૦	૨૫૧
ઋષભ લંછન જિન વનિતાવાસી...	,,		૨૫૧
સાહિબ કબ મિલે સસનેહી...	શ્રી શાંતિ જિન	સ્ત૦	૨૫૨
શાંતિ જિનેસર દેવ દયાલ શિરોમણિ રે	,,		૨૫૨
૨૨૪ આઠ ભવની તુજે પ્રીતજ પાલીજી...	શ્રી નેમિનાથ	સ્ત૦	૨૫૩
નેમ નિરંજન સાહિબારે	,,		૨૫૪
ચિંતામણિ પાસજી ગમે રે...	શ્રી પાર્શ્વનાથ	સ્ત૦	૨૫૫
મનનો માનીતો મિત્રો જો મિલે	,,		૨૫૫
વંદુ વીર જિનેસર રાયા	શ્રી મહાવીર જિન	સ્ત૦	૨૫૬
નિરખી નિરખી સાહિબકી સુરતી	,,		૨૫૭
ચોવીસ જિનવર ભવિક હિતકર	મંડન કલસ		૨૫૭
સુરતિ મંડન મૂરતિ પ્યારી	સૂર્ય પાર્શ્વનાથ	સ્ત૦	૨૫૮
ઘરઘર મંગલ માલ આજ મારે મહાવીર	રાગ માળા	પ્રશસ્તિ	૨૫૮ ૨૫૯

ઉપાધ્યાય શ્રી લાવણ્ય વિજયજી ગણિ પરિચય	,,	૨૬૦
આદિ જિનેસર સાહિબા...	શ્રી ઋષભ જિન સ્ત૦	૨૬૦
સંગમ સુર પ્રેરિત સુર સ્યામા	શ્રી મહાવીર જિન સ્ત૦	૨૬૧
શ્રી રામ વિજયજી સુમતિ વિજય શિષ્ય. પરિચય...	,,	૨૬૨
ઓલગડી આદિનાથની જો	ઋષભ જિન સ્ત૦	૨૬૩
સુંદર શાંતિ જિણુંદની છબી રાજે છે.	શ્રી શાંતિનાથ સ્ત૦	૨૬૩
રાજુલ કહે પિઉ નેમજી	શ્રી નેમનાથ સ્ત૦	૨૬૪
સેવો ભવિજન જિન ત્રેવીસમો	શ્રી પાર્શ્વનાથ સ્ત૦	૨૬૫
તીર્થયાત્રા સ્તવન પ્રશસ્તિ	,,	૧૯૧
અશોક રોહીણી રાસ—	,,	૧૯૨–૧૯૩

સિદ્ધાચળ સ્તવન ઢાલ ૪ થી.

માહરારે ભાઈ સુહલા ગુણ માનું લાલ.	,,	૨૭૬
સૂરત બંદર શહેરનો વાસિ	,,	૨૭૭
ચરણા નમી જિનરાજ નારે	શ્રી મહાવીર જિન સ્ત૦	૨૬૬
ઈમ ભુવન ભાસત દુરિત નાસન	કલશ	૨૬૬
શ્રી અમૃત વિજયજી પરિચય	,,	૨૬૭
જગજીવન જન ઉપગારી	શ્રી ઋષભ જિન સ્ત૦	૨૬૭
શાંતિ જિણેસર સાહિબ માહરા	શ્રી શીતિજિન સ્ત૦	૨૬૮
જીરે મ્હારે જંબૂ ભરત મઝાર	શ્રી નેમનાથ સ્ત૦	૨૬૮
શ્રી પાસ જિનેસર જય કરૂં.	શ્રી પાર્શ્વનાથ સ્ત૦	૨૬૯
પરમ જ્યોતિમય ધ્યાઈયેરે.	શ્રી વીરજિન સ્ત૦	૨૭૦
વંદો વંદો રે ભવિ ચોવિશે જિન વંદો	કલશ	૨૭૧
ઉપાધ્યાય શ્રી ઉદય રત્ન પરિચય	,,	૨૭૨
મરૂદેવીનો નંદ માહરો સ્વામી	શ્રી ઋષભ જિન સ્ત૦	૨૭૩
પોસહમાં પારેવડો રાખ્યો.	શ્રી શાંતિ જિન સ્ત૦	૨૭૩
બોલ બોલ રે પ્રીતમ મુજ શુ–	શ્રી નેમનાથ સ્ત૦	૨૭૪

ચાલ ચાલ રે કુંવર ચાલ તાહરી...	શ્રી પાર્શ્વનાથ સ્ત૦	૨૭૪
આવ આવરે માહરા મનડા માંહે	શ્રી મહાવીર જિન સ્ત૦	૨૭૪
ગ્રંથ રચનાસૂચિ	,,	૨૭૫
તે દિન કયારે આવશે...	શ્રી સિદ્ધગિરિ સ્ત૦	૨૭૭
કડવાં ફૂલ છે ક્રોધનાં જ્ઞાનિ એમ બોલે.	ક્રોધની સઝાય	૨૭૮
રે જીવ માન ન કીજીએ	માનની ,,	૨૭૯
સમકિતનું મૂલ જાણીએજી	માયાની ,,	૨૭૯
તુમે લક્ષણ જો જો લોભનાં રે	લોભની ,,	૨૮૦
માત પૃથ્વી સુત પ્રાત ઉઠી નમો	શ્રી ગૌતમ સ્વામી છંદ	૨૮૧–૨૮૨
આદિનાથ આદે જિનવર વંદી	સોલ સતીનો છંદ	૨૮૩–૨૮૪
પાસ શંખેશ્વરા સાર કર સેવકા	શ્રી શંખેશ્વર પાર્શ્વનાથ છંદ	૨૮૫
ઉંચા મંદિર માલીયાં.	વૈરાગ્યની સઝાય	૨૮૫–૨૮૬
શ્રી પ્રેમ વિજયજી પરિચય	,,	૨૮૭
શ્રી સરસતી શુભમતી વિનવું.	શ્રી આદિજિન સ્ત૦	૨૮૭
શ્રી શાંતિ જિનેશ્વર સોલમારે	શ્રી શાંતિ જિન સ્ત૦	૨૮૮
શ્રી શ્રી નેમીશ્વર હો સાહિબ...	શ્રી નેમનાથ સ્ત૦	૨૮૯
શ્રી વામાનંદ મન વસ્યો.	શ્રી પાર્શ્વનાથ સ્ત૦	૨૯૦
૨૬૬ શ્રી વીર જિણેસર વંદીઈ	શ્રી વીર જિન સ્ત૦	૨૯૧
સંવત સત્તર બાસઠા વરસઈ	કળશ	૨૯૨
શ્રી જિન સુખ સૂરિ પરિચય	,,	૨૯૩
આદિકરણ આદે નમું આદીસર અરિહંત	શ્રી ઋષભ જિનસ્ત૦	૨૯૩
શાંતિકરણ સામી શાંતિ સર	શ્રી શાંતિનાથ સ્ત૦	૨૯૪
હોજી નિમિયે નિતિ શ્રી નેમિ પ્રેમધરી	શ્રી નેમનાથ સ્ત૦	૨૯૫
નયરી વણારસીય નિવાસ અશ્વસેન સુત	શ્રી પાર્શ્વનાથ સ્ત૦	૨૯૫
આજ ઇણુસમય પંચમ આરેજી	શ્રી વીરજિન સ્ત૦	૨૯૬

ગાવો ગાવોરી ચોવીસે જિણાવર ગાવો કલશ		૨૯૭
શ્રી લક્ષ્મિવલ્લભ ગણિ પરિચય		૨૯૮
આજ સકલ મંગલ મિલે	શ્રી ઋષભજિન સ્ત૦	૨૯૮
કિતે દિને પ્રભુ સમરન બિનુ એ	શ્રી શાંતિનાન સ્ત૦	૨૯૯
હું તૌ તો પરિ વારિ હો સામલિયા નેમિ–સાયી	નેમનાથ સ્ત૦	૨૯૯
હું તો રંન્યો રંન્યો હો	શ્રી પાર્શ્વજિન સ્ત૦	૩૦૦
ભવિજન નયન ચકોર કું	શ્રી મહાવીર જિનસ્ત૦ ,,	૩૦૦
નિત નિત પ્રણમી ચોવીશ જિનવર	કલશ	૩૦૧
શ્રી મોહનવિજયજી પરિચય		૩૦૨
બાલપણે આપણુ સસનેહી રમતા	શ્રી ઋષભજિન સ્ત૦	૩૦૩
સોલમા શ્રી જિનરાજ ઓલગ સુણો	શ્રી શાંતિનાથ સ્ત૦	૩૦૪
રાજુલ કહે રથ વાલો હો નણદિરાવીરા	શ્રી નેમનાથ સ્ત૦	૩૦૫
વામાનંદન હો પ્રાણ થકી છો પ્યારા	શ્રી પાર્શ્વનાથ સ્ત૦	૩૦૬–૩૦૭
દુર્લભ ભવ લહી દોહલો રે	શ્રી મહાવીર જિન સ્ત૦	૩૦૮–૩૦૯
શ્રી રામવિજયજી પરિચય (વિમલ વિજયશિષ્ય)		૩૧૦
હાંરે આજ મલિયો મુજને તીન૦	શ્રી ઋષભજિન સ્ત૦	૩૧૦
મારો મુજરો લ્યોને રાજ સાહિબ	શ્રી શાંતિનાથ સ્ત૦	૩૧૧
સહિયાં મોરી સાહિબો નેમ મનાવો જો	શ્રી નેમનાથ સ્ત૦	૩૧૨
પ્રભુજી પાસ જિણંદ તહારી રે	શ્રી પાર્શ્વનાથ સ્ત૦	૩૧૩
આજ સફલ દિન માહરો એ	શ્રી મહાવીર સ્ત૦	૩૧૪
શ્રી ગોડી પારસનાથ સ્તવન પ્રશસ્તિ		૩૧૫
શ્રી કીર્તિ વિમલજી પરિચય		૩૧૬
મન મોહન તું સાહિબો	શ્રી ઋષભદેવ સ્ત૦	૩૧૭
જીરે મારે શાંતિ જિનેસર દેવ	શ્રી શાંતિનાથ સ્ત૦	૩૧૮
નેમિ જિનેસર વાલહો રે	શ્રી નેમિનાથ સ્ત૦	૩૧૯
વામાવંદન પાસ જિણંદ	શ્રી પાર્શ્વજિન સ્ત૦	૩૨૦
ગાયો ગાયો રે મેં ત્રિશલાનંદન ગાયો	શ્રી મહાવીર સ્ત૦	૩૨૧

શ્રી ધર્મવર્ધનજી પરિચય		૩૨૨
આજ સુદિન મેરી આશ ફલીરી	શ્રી ઋષભજિન સ્ત૦	૩૨૩
શ્રી શાંતિ જિનેશ્વર સોલમોજી	શ્રી શાંતિનાથ સ્ત૦	૩૨૩
કરણી નેમિકી કાહૂ ઔરન કીની જાય	શ્રી નેમનાથ સ્ત૦	૩૨૪
મેરે મન માની સાહિબ લેવા	શ્રી પાર્શ્વજિન સ્ત૦	૩૨૪
પ્રભુ તેરે વયણ સુખિયારે	શ્રી મહાવીર જિન સ્ત૦	૩૨૫
ચિત્તધર શ્રી જિનવર ચોવીશી	કલશ	,,
શ્રી રાજસુંદરજી પરિચય		૩૨૬
સરસ વચન દ્યો સરસ્વતી	શ્રી આદિજિન સ્ત૦	૩૨૬
કરજોડી વિનતી કરૂં	શ્રી શાંતિનાથ સ્ત૦	૩૨૭
શામલવરણ સુહામણોરે	શ્રી નેમનાથ સ્ત૦	૩૨૭
પરતિખ વસ્યા પુખઈજી પુરૂષાદેય પ્રધાન	શ્રીપાર્શ્વજિન સ્ત૦	૩૨૮
શ્રીસિદ્ધારથ કુલતિલૌ ત્રિશલાદેવી માત	શ્રીમહાવીર જિન સ્ત૦	૩૨૯
ભાવ ભગતિ ઇણીપરિ ગુણ ગાયા	કલશ	૩૩૦
વાચકશ્રી દેવચંદ્રજી પરિચય		૩૩૧–૩૩
ઋષભજિણુંદસ્યું પ્રીતડી કીમ કીજે હો	શ્રીઋષભજિન સ્ત૦	૨૩૪
જગત દિવાકર જગત કૃપાનિધિ	શ્રીશાંતિનાથ સ્ત૦	૩૩૪–૨૫
નેમિ જિનેસર નિજ કારજ કર્યો	શ્રીનેમિનાથ સ્ત૦	૩૩૬
સહજ ગુણ આગરો, સ્વામી ગુણ સાગરો	શ્રીપાર્શ્વનાથ સ્ત૦	૩૩૭
તાર હો તાર પ્રભુ મુઝ સેવક ભણી	શ્રીમહાવીર જિન સ્ત૦	૩૩૮–૩૯
ચોવીસ જિન ગુણ ગાઇએ	કલસ	૩૪૦
સંવત અઢાર ચિડોતેર વરસે	સિદ્ધગિરિ સ્ત૦	૩૪૦
ઇમ પૂજા જુકતે કરો	સ્નાત્રપૂજા–કલશ	૩૪૧
સમકિત નવિ લહ્યું રે	સઝાય	૩૪૧
તે તિરિયારે ભાઈ તે તરિયા	પદ	૩૪૨–૪૩
શ્રીજિનવિજયજી પરિચય		૩૪૪

નાભિનરેસર વંદના હો રાજ	શ્રી ઋષભ જિન સ્ત૦	૩૪૪
પ્રથમ જિણેસર પૂજવા સહીયર મ્હારી	,, ,,	૩૪૫
શ્રીશાંતિજિન ચરણકજ સેવના	શ્રીશાંતિનાથ સ્ત૦	૩૪૬–૩૪૭
તું પારંગત તું પરમેસર	,, ,,	૩૪૮
નિરૂપમ નેમજી રે, વાલમ મુકી કાં જાવો	શ્રીનેમનાથ સ્ત૦	૩૪૯
તોરણ આવી કંત પાછા વળીયા રે	,,	૩૫૦
વામાનંદન પાસ જિણુંદા	શ્રીપાર્શ્વજિન સ્ત૦	૩૫૧
પરમ પુરૂષ પરમાતમા સાહિબજી	,,	૩૫૨
વીરજિણુંદ જગત ઉપકારી	શ્રીમહાવીર જિન	૩૫૩–૫૪
વંદો વીરજિનેશ્વર રાયા	,,	૩૫૫
શ્રીકાંતિવિજયજી પરિચય (પ્રેમવિબુધ શિષ્ય)		૩૫૬
સુગુણ સુગુણ સોભાગી સાચો	શ્રીઋષભજિન સ્તવન	૩૫૬
મેરા શાંતિ જિણુંદ થાસ્યું રે રંગ છેજી રાજ	શ્રીશાંતિનાથ ,,	૩૫૭
કાલીને પીલી વાદલી રાજિંદ	શ્રીનેમનાથ ,,	૩૫૮
કાંઈ જોજ્યો કાંઈ જોજ્યો રે સ્વામીડા	શ્રીપાર્શ્વનાથ ,,	૩૫૯
વીરજી ઉભો મદ મોટી	શ્રીમહાવીર જિન સ્ત૦	૩૬૦–૬૧
વાચક શ્રીદેવવિજયજી પરિચય		૩૬૨
શ્રી સરસતી ચરણે નમી રે	શ્રીઋષભદેવ સ્ત૦	૩૬૨
શાંતિજિણુંદએ સોલમારે	શ્રીશાંતિનાથ સ્ત૦	૩૬૩
જાદવ કુલમાં ઉપના રે નેમ જિણેસર નામ	શ્રીનેમનાથ સ્ત૦	૩૬૩
અશ્વસેન સુત જાણીઈ રે	શ્રીપારસનાથ	૩૬૪–૬૫
જિન શાસનનો જે ધણી રે	શ્રીવીરજિન સ્ત૦	૩૬૬
શ્રીજ્ઞાનવિજયજી		૩૬૬
ચોવીસમો ચિત્તધરોરે	શ્રી મહાવીર જિન સ્તવન	૩૬૬–૩૬૭
શ્રી નિત્યલાભજી પરિચય	સં. ૧૭૮૧	૩૬૮
આદિ જિણેસર વીનતિ અમારી	શ્રી આદિનાથ સ્ત૦	,,

સકલ સુખકર સંપત્તિકરણ	સદેવંત સાવલિંગા	૩૬૯
શ્રી ભાવપ્રભસૂરિ પરિચય	પ્રશાત	૩૭૨
ઉઠી સવેરે સામાયિક લીધું	અધ્યાત્મ સ્તુતિ	,,
સહસ્રકૂટ સિદ્ધાચલ ઉપરે	સહસ્રકુટ મંદિર પાટણ	૩૭૩
શ્રી જસવિજયજી પરિચય		૩૭૪
સુણો શાંતિજિણુંદારે, તુમ દીઠે આણુંદારે	શ્રી શાંતિનાથ સ્તવન	,,
સોરિપુર સોહામણુંરે લાલ	શ્રી નેમનાથ સ્તવન	૩૭૫–૭૬
પાસ જિનેસર પુન્યે મલીયો	શ્રી પાર્શ્વનાથ ,,	૩૭૭
વીર વડધીર મહાવીર મોટો પ્રભુ	શ્રી વીરજિન ,,	૩૭૭–૭૮
જિન ભગતિ જાણી ગુણખાણી	કલશ	૩૭૯
શ્રી લક્ષ્મીવિમલજી પરિચય		૩૮૦
તારક ઋષભ જિનેસર તું મિલ્યો	શ્રી ઋષભજિન સ્તવન	,,
શાંતિનાથ સોહામણોરે	શ્રી શાંતિનાથ સ્તવન	૩૮૧
શ્રી નેમિ તમને શું કહીયે	શ્રી નેમનાથ સ્તવન	૩૮૨
વામારાણી જાયારે...	શ્રી પાર્શ્વનાથ સ્તવન	૩૮૩
ત્રીશલાનંદન ચંદન શીતલ	શ્રી મહાવીર સ્તવન	૩૮૪
શ્રી જયસૌભાગ્યજી પરિચય		૩૮૫
સમરથ સાહિબ સેવીઈરે...	શ્રી શાંતિનાથ સ્તવન	,,
વિરહીણી રાજુલરાણી બોલી...	શ્રી નેમિનાથ ,,	૩૮૬
પાર્શ્વનાથ ત્રેવીસમા સેવો ભગતિ ભાવિરે	શ્રી પાર્શ્વનાથ ,,	૩૮૭
ઇણિપરિ ચોવીશ તીર્થંકરની—	કલશ	૩૮૮
મુજ મન આવ્યું જિનજી તુમસ્યું	શ્રી મહાવીરજિન	૩૮૯
શ્રી ગુણ વિલાસજી પરિચય		૩૯૦
અબ મોહીગે તારો દિનદયાલ	શ્રી ઋષભદેવ સ્તવન	૩૯૦
ભવિજન સેવો શાંતિ જિણુંદ	શ્રી શાંતિનાથ સ્તવન	૩૯૦

નેમિ મોહે આરતા તેરી હો...	શ્રી નેમિજિન સ્તવન	૩૯૧
પ્રભુ મેરે કર ઐસી બકસીસ	શ્રી પાર્શ્વનાથ સ્તવન	,,
મનમે નિરમલ ભાવ ગહી	શ્રી મહાવીર જિન સ્તવન	૩૯૨
સંવત્ સત્તર સત્તાણુવે વરસે	કલશ	,,
શ્રી પ્રમોદસાગરજી પરિચય...		૩૯૩
પ્રથમ જિનેશ્વર પૂજીએરે લો....	શ્રી ઋષભજિન સ્તવન	,,
શાંતિ જિનાધિપ સોહમોરે...	શ્રી શાંતિનાથ ,,	૩૯૪
નેમિ જિન સાંભલેા વિનતિ મુજતણી	શ્રી નેમિનાથ ,,	૩૯૫
પુનિસાદ્વાણી પાસ જિનેશ્વર....	શ્રી પાર્શ્વનાથ ,,	૩૯૬
વંદેા ભવિકા વીર જિણેસર	શ્રી મહાવીરજિન ,,	૩૯૭
શ્રી અમૃતવિજયજી પરિચય		૩૯૮
તેરે દરસ ભલે પાયેા....	શ્રી ઋષભજિન સ્તવન	,,
મિલવેા મનમંદિર મેરા....	શ્રી શાંતિનાથ ,,	૩૯૯
મન મનાવેરે રૂહડા નેમ સેાં	શ્રી નેમનાથ ,,	,,
વારિ જાઉરે ચિંતામન પાસકો	શ્રી પાર્શ્વનાથ ,,	૪૦૦
સાસન નાયકસેાં અબ મેરી....	શ્રી મહાવીર જિન ,,	૪૦૧
શ્રી ક્ષેમવિજયજી પરિચય..		૪૦૨
નાની છે નાથ સંદેશેા સુણીજે જુગનાધણી	શ્રી ઋષભદેવ સ્તવન	,,
શાંતિ જિણેસર મુજને તુમે મલ્યા...	શ્રી શાંતિનાથ ,,	૪૦૩
ફંજના પુસ્તકેાનું સૂચીપત્ર		૪૦૪
સમજુતી		૪૦૫ થી ૫૫૬

સમાપ્ત

શ્રી શંખેશ્વરપાર્શ્વનાથાય નમઃ

જૈન ગૂર્જર સાહિત્ય-રત્નો

અને

તેમની કાવ્ય-પ્રસાદી

પઞ્ચજિન સ્તુતિ

(ઉપેન્દ્ર-વજ્રા)

કલ્લાણ–કંદં [1]પઢમં જિણિંદં,
[3]સંતિં તઓ [3]નેમિજિણં મુણિંદં ।
[2]પાંસં પયાસં સુગુણિક્ક–ઠાણં,
[2]ભત્તીઇ વંદે સિરિ[2]વદ્ધમાણં ॥૧॥

અર્થ–કલ્યાણનાં કારણરૂપ પ્રથમ તીર્થંકર **શ્રી ઋષભદેવને**, **શ્રી શાંતિનાથને**, ત્યાર પછી મુનિઓમાં શ્રેષ્ઠ એવા **શ્રી નેમિનાથને**, પ્રકાશ–સ્વરૂપ તથા સર્વ સદ્ગુણોનાં સ્થાનરૂપ **શ્રી પાર્શ્વનાથને** તથા **શ્રી મહાવીરસ્વામીને** હું ભક્તિથી વંદન કરું છું.

શ્રી પંચ પરમેશ્વરા સ્તવન.

(શ્રીઉદયરત્ન કૃત)

પંચ પરમેશ્વરા પરમ અલવેશ્વરા,
વિશ્વ વ્હાલેશ્વરા વિશ્વ વ્યાપી,
ભક્ત-વત્સલ પ્રભુ ભક્તજન ઉદ્ધરી,
મુક્તિપદ જે દિયે કર્મ કાપી....૧ પંચ.

વૃષભાંકિત પ્રભુ **ઋષભજિન** વંદિયે,
નાભી મરુદેવીના નંદ નીકો;
ભરતને બ્રાહ્મીનો તાત ભુવનાન્તરે,
મોહ-પદ ભંજણો મુક્તિ ટીકો....૨ પંચ.

શાન્તિ-વર આપવા શાન્તિપદ સ્થાપવા,
અદ્‌ભુત-કાન્તિ પ્રભુ **શાન્તિ** સાચો;
મૃગાઙ્કે પારાપત શ્યેનથી ઉદ્ધરી,
જગપતિ જે થયો જગત જાચો....૩ પંચ.

નેમ બાવીશમા શંખ લંછન ધરી,
સમુદ્રવિજયાંગજ અનંગ જીતી;
રાજકન્યા તજી સાધુ મારગ ભજી,
જીત જેણે કરી જગ વિદિતી....૪ પંચ.

પાર્શ્વજિનરાજ અશ્વસેન કુલ ઉપના,
જનની વામાતણો જેહ જાયો;
આજ ખેટકપુરે કાજ સીધ્યા સવે,
ભીડભંજન પ્રભુ જેહ કહાયો....૫ પંચ.

વીર મહાવીર પ્રભુ સર્વ વીર શિરોમણિ,
રણવટ મોહભટ માન મોડી;
મુક્તિગઢ વાસીયેા જગત ઉપાસીયેા,
નાથ નિત્ય વંદીયે હાથ જોડી....૬ પંચ.
માત ને તાત અવદાત જિનદેવનાં,
ગામને ગોત્ર પ્રભુ નામ થુણતાં;
ઉદયવાચક પ્રભુ ઉદયપદ પામીએ,
ભાવે ભગવંતના સ્તવન ભણતાં....૭ પંચ.

શ્રી ગૌતમસ્વામિનો રાસ.

(ઢાલ ૧લી. ભાષા છંદ.)

કર્તા :-ઉપાધ્યાય શ્રી વિનયપ્રભ. ખંભાત. રચના સં. ૧૪૧૨*

વીર જિણેસર ચરણ કમલ કમલાકર વાસો, પણમવિ પભણિસુ, સામિ સાલ ગોયમ ગુરૂરાસો। મણ તાણુ વયણેકંત કરવી નિસુણો ભો ભવિયા, જિમ નિવસે તુમ્હ દેહ ગેહ, ગુણગણ ગહગહીયા ૧. જંબૂદીવ સિરિભરહખિત્ત ખોણીતલ મંડણુ, મગધદેશ સેણિય નરેસ રિઉદલ બલખંડણુ। ધણવર ગુબ્બરગામ નામ જિહાં જણ ગુણગણ સજ્જા, વિપ્પ વસઇ વસુભૂઇ તત્થ, તસુ પુહવી ભજ્જા ૨. તાણુ પુત્ત સિરિ-ઇંદભૂઇ ભૂવલય પસિદ્ધો, ચઉદહવિજ્જા વિવિહ રૂવ નારીરસ વિદ્ધો। વિનય વિવેક વિચાર સાર ગુણગણુહ મનોહર, સાત હાથ સુપ્રમાણુ દેહ રૂપ હિ રંભાવર ૩. નયણુ વયણુ કરચ-રણુ જિણવિ પંકજ જલ પાડિય, તેજે તારા ચંદ સુર આકાશ ભમાડિય। રૂવે મયણુ અનંગ કરવી મેલ્હ્યો નિરધાડીય,

*"પ્રસિદ્ધ ગૌતમસ્વામી રાસના કર્તા તરીકે શ્રી વિજયપ્રભ (ઉદયવન્ત) એ નામ પ્રચલિત છે, પરંતુ વાસ્તવિક રીતે તે સુપ્રચલિત રાસના કર્તાનું નામ વિનયપ્રભ ઉપાધ્યાય છે. એ વાત ઉકત રાસમાં સુસ્પષ્ટ લખી છે. પ્રચલિત મુદ્રિત પુસ્તકોમાં 'દેવાંધુર અરિહંત નમિજે, વિનયપહુ ઉવન્નય યુનિજે' ઇત્યાદિ પાઠમાં 'વિનયપહું' લખ્યું છે એ મુદ્રકના પ્રમાદથી યા તો જે હસ્તલિખિત પ્રત અનુસાર મુદ્રણ થયું છે તેના લેખકના ભ્રમથી 'વિનયપહ' ને બદલ 'વિનયપહુ' થઇ ગયેલ છે. કારણ કે આ રાસના કર્તા ખરતરગચ્છીય શ્રી જિનકુશલસૂરિના શિષ્ય 'વિનયપ્રભ' હતા. એ વાલુચર મુર્શિદાબાદમાં શ્રી સંભવનાથના

ધીરમેં મેરૂ ગંભીરસિન્ધુ ચંગિમ ચયચાડિય ૪. પેખ્ખવિ નિરૂવમરુવ જાસ જણુ જંપે કિંચિય, એકાકી કલિભીત ઇત્થ ગુણુ મ્હેલ્યા સંચિય। અહવા નિશ્ચય પુવ્વજન્મ જિણુવર ઇણે અંચિય, રંભાપઉમા ગૌરીગંગરતિ હા વિધિ વંચિય ૫. નહિ બુધ નહિ ગુરૂ કવિ ન કોઇ જસુ આગલ રહિએા, પંચસયા ગુણપાત્ર છાત્ર હિંડે પરવરિએા। કરે નિરંતર યજ્ઞ કર્મ મિથ્યામતિ મોહિય, ઇણ છલ હોશે ચરણ નાણ દંસ-ણુહ વિસોહિય ૬.

(વસ્તુ છંદ.)

જંબૂદ્વીવહ ભરહવાસંમિ, ખોણિતલમંડણ મગધદેસ સેણિય નરેસ। વરગુબ્બરગામ તિહાં, વિપ્પવસે વસુભૂઇ સુંદર, તસુ ભજ્જા પુહવી સયલગુણગણરૂવનિહાણ। તાણુ પુત્ત વિજ્જા નીલેા, ગેાયમ અતિહિ સુજ્જાણુ ॥૭॥

મંદિરને સંલગ્ન જ્ઞાનભંડારમાં પ્રાયઃ બસેા વર્ષ પહેલાના લખેલા પુસ્તકમાં 'વિનયપહ ઉવઝાય થુનિજે. એવું સ્પષ્ટ લખેલું છે. તદુપરાન્ત અજિમગંજના નેમિનાથના મંદિરમાં સંલગ્ન જ્ઞાન ભંડારમાં પ્રાપ્ત થયેલ પ્રાચીન પટ્ટાવલિમાં એવેા પાઠ છે કેઃ—

"તથા શ્રી ગુરૂભિઃ (શ્રી જિનકુશલસૂરિભિઃ) વિનયપ્રભાદિ શિષ્યેભ્ય ઉપાધ્યાયપદં દત્તં યેન વિનયપ્રભેાપાધ્યાયેન નિર્ધનીભૂતસ્ય નિજભ્રાતુઃ સંપત્તિસિદ્ધયર્થં મંત્રગર્ભિતગૌતમરાસેા વિહિત : તદ્ગુણુનેન સ્વભ્રાતા પુનર્ધનવાન જ્ઞાતઃ" ઇત્યાદિ.

આથી ઉકત રાસના કર્તા સંબંધી કોઈ જાતનેા સંદેહ રહેતેા નથી. શ્રી જિનકુશલસૂરિ સં. ૧૩૮૯માં દેવલેાક ગયા તેથી તેમના શિષ્યે બનાવેલ રાસ સં. ૧૪૧૨માં હેાય તે તદ્દન શકય છે.

— જૈન ગૂર્જર કવિએા ભા. ૧. પા. ૬૫૧૬

(ઢાલ ૨ જી–ભાષા.)

ચરમજિણેસર કેવલનાણી, ચઉવિહસંઘ પઈટ્ઠા જાણી। પાવાપુરી સામી સંપત્તો, ચઉવિહ દેવનિકાયહી જુત્તો ॥ ૮ ॥ દેવે સમવસરણ તિહાં કીજે જિણ દીઠે મિથ્યામતિ ખીજે। ત્રિભુવન ગુરૂ સિંહાસન બઇઠ્ઠા તતખિણ મોહ દિગંતે પઈઠ્ઠા ॥ ૯ ॥ ક્રોધ, માન, માયા મદપુરા, જાયે નાઠા જિમ દિન ચૌરા। દેવદુંદુહિ આકાશે વાજે, ધર્મનહેસર આવ્યા ગાજે ॥ ૧૦ ॥ કુસુમવૃષ્ટિ વિરચે તિહાં દેવા, ચોસઠ ઇંદ્રિ જસુ માગે સેવા। ચામર છત્ર શિરોવરિ સોહે, રૂપહિ જિણવર જગસહુ મોહે ॥ ૧૧ ॥ ઉવસમ રસ ભરભરી વરસંતા જોજનવાણિ વખાણ કરંતા। જાણેવિ વદ્ધમાણ જિણપાયા, સુરનરકિન્નર આવે રાયા ॥ ૧૨ ॥ કાંતિસમૂહે ઝલઝલકંતા, ગયણ વિમાણે રણુરણકંતા। પેખવિ ઇંદ્રભૂઈ મનચિંતે, સુરઆવે અમ્હ યજ્ઞ હોવંતે ॥ ૧૩ ॥ તીર તરંડક જિમતે વહતા, સમવસરણ પુહતા ગહગહતા। તો અભિમાને ગોયમ જંપે, ઇણિ અવસરે કોપે તાણુ કંપે ॥ ૧૪ ॥ મૂઢા લોક અજાણું બોલે, સુર જાણંતા ઇમ કાંઇ ડોલે। મૂર્ખ આગલ કો જાણુ ભણીજે, મેરૂ અવર કિમ ઉપમા દીજે ॥ ૧૫ ॥

(વસ્તુ છંદ.)

વીર જિણવર વીર જિણવર નાણુસંપન્ન, પાવાપુરી સુરમહિય પત્ત નાહ સંસારતારણ, તહિં દેવેહિં નિમ્મવિય, સમવસરણ બહુસુખકારણ જિણેવર જગ ઉજ્જોય કરે, તેજેકરિ દિનકર। સિંહાસણ સામી ઠવ્યો, હુઓ સુજ્જયજયકાર ॥ ૧૬ ॥

(ઢાલ ૩જી–ભાષા.)

તવ ચઢિએા ઘણુમાનગજે. ઇંદ્રભૂઇ ભૂદ્વેવતો । હું કારેા કરિ સંચરિએા, કવણુસુ જિણવર દેવતો ॥ ૧૭ ॥ જોજનભૂમિ સમવસરણ, પેખે પ્રથમારંભતો । દહદિસિ દેખે વિબુધ વધૂ, આવંતી સુરરંભ તો ॥ ૧૮ ॥ મણિમય તોરણ દંડ ધજ, કોસીસે નવઘાટ તો । વૈર વિવર્જિત જંતુગણુ, પ્રાતિહારજ આઠ તો ॥ ૧૯ ॥ સુરનરકિન્નર અસુરવર, ઇંદ્ર–ઇંદ્રાણી રાય તો । ચિત્તે ચમક્કિય ચિંતવે એ, સેવંતા પ્રભુપાય તો ॥ ૨૦ ॥ સહસકિરણુ સમ વીરજિણુ, પેખવિ રૂપવિશાલ તો । એહ અસંભવ સંભવે એ, સાચેા એ ઇંદ્રજાલ તો ॥ ૨૧ ॥ તો બોલાવે ત્રિજગગુરૂ, ઇંદ્રભૂઇ નામેણ તો । શ્રીમુખે સંશય સામિ સવે, ફેડે વેદપએણુ તો ॥ ૨૨ ॥ માન મેલ્હી મદ ઠેલ્લી કરી, ભગતે નામે સીસ તો । પંચસયાસું વ્રત લીયેા એ, ગેાયમ પહિલેા સીસ તો ॥ ૨૩ ॥ બંધવસંજમ સુણુવિ કરી, અગનિભુઇ આવેઇ તો । નામ લઈ આભાસ કરે, તે પણુ પ્રતિબોધેઇ તો ॥ ૨૪ ॥ ઇણુ અનુક્રમે ગણુહર રયણુ, થાપ્યા વીર અગ્યાર તો । તવ ઉપદેશે ભુવનગુરૂ, સંજમશું વ્રત બાર તો ॥ ૨૫ ॥ બિહું ઉપવાસે પારણું એ, આપણુપે વિહરંતતો । ગેાયમ સંજમ જગસયલ, જયજયકાર કરંત તો ॥ ૨૬ ॥

(વસ્તુ છંદ.)

ઇંદ્રભૂઇઅ ઇંદ્રભૂઇઅ ચઢે ય બહુમાન હુંકારેા કરી કંપતો સમવસરણ પહેાતો તુરંત । ઇહ સંસા સામિ સવે, ચરમનાહ ફેડે કુરંત બોધિ બીજ સંજાય મને, ગેાયમ ભવહ વિરત્ત । દિક્ખા લેઇ સિક્ખા સહિય ગણુહરપય સંપત્ત ॥ ૨૭ ॥

(ઢાલ ૪થી-ભાષા.)

આજ હુઓ સુવિહાણુ, આજ પચેલિમાં પુણ્યભરેા । દીઠા ગેાયમસામિ, જો નિયનયણે અમિય ભરેા ॥ ૨૮ ॥ સિરિ ગેાયમગણુહાર, પંચસયાં મુનિ પરિવરિય, ભૂમિયકરે વિહાર, ભવિયાં જણુ પડીબેાહ કરે ॥ ૨૯ ॥ સમવસરણુ મેાઝાર, જે જે સંસા ઉપજે એ । તે તે પરઉપગાર કારણુ પૂછે મુનિપવરેા ॥ ૩૦ ॥ જિહાં જિહાં દીજે દિક્ખ, તિહાં તિહાં કેવલ ઉપજે એ । આપ કન્હે અણુહુંત, ગેાયમ દીજે દાન ઈમ ॥ ૩૧ ॥ ગુરૂ ઉપરે ગુરૂભત્તિ, સામી ગેાયમ ઉપનીય । ઈણુ છલ કેવલનાણુ, રાગજ રાખે રંગ ભરે ॥ ૩૨ ॥ જો અષ્ટાપદ શૈલ, વંદે ચઢી ચઉવીશ જિણુ । આતમ લબ્ધિવસેણુ, ચરમસરીરી સેાય મુનિ ॥ ૩૩ ॥ ઈઅ દેસણુ નિસુણેઇ, ગેાયમગણુહર સંચલિએા । તાપસ પનરસએણુ, તેા મુનિ દીઠા આવતેા એ ॥ ૩૪ ॥ તવ સેાસિય નિયઅંગ, અમ્હ શકિત નવિ ઉપજ એ । કિમ ચઢશે દૃઢકાય, ગજં જિમ દિસે ગાજતેા એ ॥ ૩૫ ॥ ગુરૂએા એણે અભિમાન, તાપસ જો મન ચિંતવે એ । તેા મુનિ ચઢીયેા વેગ, આલંબવિ દિનકરકિરણુ ॥ ૩૬ ॥ કંચણુ મણિનિષ્ફન્ન, દંડકલસધજવડ સહિયા । પેખવિ પરમાણંદ, જિણુહર ભરહેસરમહિય ॥ ૩૭ ॥ નિયનિય કાયપ્રમાણુ, ચઉદિસિ સંઠિઅ જિણુહ બિંબા પણુમવિ મનઉલ્લાસ, ગેાયમગણુહર તિહાં વસિય ॥ ૩૮ ॥ વયર સ્વામીનેા જીવ, તિર્યગ્ જૃંભક દેવ તિહાં । પ્રતિબેાધે પુંડરીક કંડરીક અધ્યયન ભણી ॥ ૩૯ ॥ વલતા ગેાયમસામિ, સવિ તાપસ પ્રતિબેાધ કરે । લઈ આપણુ સાથ, ચાલે જિમ

જૂથાધિપતિ ॥ ૪૦ ॥ ખીર ખાંડ ઘૃત આણુ, અમિઅ વૂઠ અંગુઠ્ઠ ઠવિ । ગોયમ એકણુ પાત્ર, કરાવઈ પારણું સવે ॥ ૪૧ ॥ પંચસયાં શુભભાવ, ઉજ્જવલ ભરિયેા ખીરમીસે । સાચા ગુરૂ સંજોગ, કવલ તે કેવલ રૂપ હુએા ॥ ૪૨ ॥ પંચસયાં જિણુનાહ, સમવસરણ પ્રાકારત્રય । પેખવિ કેવલનાણુ, ઉપ્પન્નું ઉજ્જોયકરે ॥ ૪૩ ॥ જાણે જિણુવિ પિયૂષ, ગાજંતી ઘણુમેઘ જિમ । જિણુવાણી નિસુણેઈ, નાણી હુઆ પંચસયાં ॥ ૪૪ ॥

(વસ્તુ છંદ.)

ઇણે અનુક્રમે ઇણે અનુક્રમે નાણુસંપન્ન, પન્નરહ સય પરિવરિય હરિય દુરિય જિણુનાહ વંદઇ, જાણુવિ જગગુરૂવયણ તિણહુ નાણુ અપ્પાણુ નિંદઇ ચરમજિણેસર ઇમ ભણુઇ, ગોયમ મ કરિસ ખેઉ । છેડે જઈ આપણુ સહી, હેાસું તુલ્લા બેઉ ॥૪૫॥

(ઢાલ પમી–ભાષા.)

સામિએા એ વીરજિણુંદ પુનિમચંદ જિમ ઉલ્લસિઅ, વિહરિએા એ ભરહવાસમ્મિ વરિસ બહેાંતેર સંવસિઅ । ઠવતેા એ કણુયપઉમેસુ પાયકમલ સંઘહિ સહિઅ, આવિએા એ નયણાણંદ નયરે પાવાપુરી સુરમહિય ॥ ૪૬ ॥ પેખિએા એ ગોયમસામી દેવશર્મા પ્રતિબોધ કરે, આપણેા એ ત્રિસલાદેવીનંદન પહેાતેા પરમપએ । વલતાં એ દેવ આકાશ પેખવિ જાણિય જિણુસમે એ, તેા મુનિ મન વિખવાદ નાદ ભેદ જિમ ઉપનેા એ ॥ ૪૭ ॥ કણુસમેા એ સામિય દેખિ આપ કન્હે હું ટાલિએા એ, જાણુતેા એ તિહુઅણુનાહ લેાકવિવહાર ન પાલિએા એ । અતિભલું એ કીધલું સામિ જાણ્યું કેવલ માગશે એ,

ચિંતવિયું એ બાલક જેમ અહવા કેડે લાગશે એ ॥૪૮॥ હું કેમ એ વીરજિણંદ? ભગતે ભોલો ભોલવ્યો એ, આપણો એ અવિહડ નેહ નાહ! ન સંપે સાચવ્યો એ। સાચો એ એક વીતરાગ નેહ ન જેણે લાલિઓ એ, ઇણ સમે ગોયમચિત્ત રાગવૈરાગે વાલિઓ એ ॥ ૪૯ ॥ આવતું એ જે ઉલટ્ટ રહેતું રાગે સાહિઉં એ, કેવલ એ નાણ ઉત્પન્ન ગોયમ સહેજે ઉમાહિઓ એ। તિહુઅણ એ જયજયકાર કેવલ મહિમા સુર કરે એ, ગણહર એ કરેય વખાણ ભવિયણ ભવ જિમ નિસ્તરે એ ॥ ૫૦ ॥

(વસ્તુ છંદ.)

પઢમગણહર પઢમગણહર વરિસપચાસ, ગિહિવાસે સંવસિય તીસવરિસ સંજમ વિભૂસિય, સિરિકેવલનાણ પુણ બારવરિસ તિહુયણ નમંસિય રાય ગિહિ નયરીહિં ઠવિઅ, બાણું વયવરિસાઉ। સામી ગોયમ ગુણનીલો, હોશે શિવપુર ઠાઉ ॥ ૫૧ ॥

(ઢાલ છઠ્ઠી-ભાષા.)

જિમ સહકારે કોયલ ટહુકે, જિમ કુસુમહ વન પરિમલ મહકે, જિમ ચંદન સોગંધનિધિ। જિમ ગંગાજલ લહેરે લહકે, જિમ કણુયાચલ તેજે ઝલકે, તિમ ગોયમ સૌભાગ્યનિધિ ॥૫૨॥ જિમ માનસરોવર નિવસે હંસા, જિમ સુરવરસિરિ કણુપવતંસા, જિમ મહુયર રાજીવવને। જિમ રયણાયર રયણે વિલસે, જિમ અંબર તારાગણ વિકસે, તિમ ગોયમ ગુણકેલિ વને ॥ ૫૩ ॥ પુનમનિશિ જિમ શશિહર સોહે, સુરતરૂ મહિમા જિમ જગમોહે, પૂરવ દિસિ જિમ સહસ કરો। પંચાનન જિમ ગિરિવર રાજે, નરવરધર

જિમ મયગલ ગાજે, તિમ જિનશાસન મુનિપવરો ॥૫૪॥ જિમ સુરતરૂવર સોહે શાખા, જિમ ઉત્તમ મુખ મધુરી ભાષા, જિમ વનકેતકી મહમહે એ। જિમ ભૂમિપતિ ભુયબલ ચમકે, જિમ જિનમંદિર ઘંટા રણકે, તિમ ગોયમ લબ્ધે ગહગહેએ ॥ ૫૫ ॥ ચિંતામણિ કર ચઢિઓ આજ, સુરતરૂ સારે વંછિતકાજ, કામકુંભ સવિ વશ હુઓ એ। કામગવી પૂરે મનકામિય, અષ્ટ મહાસિદ્ધિ આવે ધામિય, સામિય ગોયમ અણુસરો એ ॥ ૫૬ ॥ પણુવકખર પહેલો પભણીજે, માયાબીજ શ્રવણ નિસુણીજે, શ્રીમતિ શોભા સંભવે એ। દેવહ ધુરિ અરિહંત નમીજે, વિનય-પહુત્ત ઉવઝાય થુણીજે, ઇણ મંત્રે ગોયમ નમોએ ॥ ૫૭ ॥ પુરપુર વસતાં કાંઇ કરીજે, દેશ દેશાંતર કાંઇ ભમીજે, કવણ કાજ આયાસ કરો। પ્રહ ઉઠી ગોયમ સમરીજે, કાજ સમગ્ગહ તતખણુ સીઝે, નવનિધિ વિલસે તાસ ઘરે ॥ ૫૮ ॥ ચઉદહસય બારોત્તર વરસે, ગોયમગણુહર કેવલ દિવસે, કિઓ કિવત ઉપગાર પરો। આદેહિ મંગલ એહ ભણીજે, પરવમહોચ્છવ પહિલો કીજે, ઋદ્ધિ વૃદ્ધિ કલ્યાણ કરો ॥ ૫૯ ॥ ધન માતા જિણે ઉદરેધરિયા ધન પિતા જિણે કુલ અવતરિયા, ધન સદ્ગુરૂ જિણે દિકિખીયા એ। વિનયવંત વિદ્યાભંડાર, જસગુણ કોઈ ન લબ્ભે પાર વિદ્યાવંત ગુરૂ વીનવે એ ॥ ૬૦ ॥ ગૌતમ સ્વામિતણો એ રાસ, ભણુતાં સુણુતાં લીલવિલાસ, સાસય સુખ નિધિ સંપજે એ। ગૌતમસ્વામિનો રાસ ભણીજે, ચઉવિહસંઘ રલિયાયત કીજે, ઋદ્ધિ વૃદ્ધિ કલ્યાણ કરો ॥ ૬૧ ॥ ઇતિ ॥

શ્રી જયસાગર ઉપાધ્યાય.

(સં. ૧૪૬૦ થી ૧૫૦૫ લગભગ.)

પંદરમી સદીને અંતે,

જૂની ગૂજરાતી ભાષામાં સૌથી પ્રથમ 'ચોવીસી'ના કર્તા આ વિદ્વાન મુનિવરને ખરતરગચ્છમાં શ્રી **જિનરાજસૂરિએ** દીક્ષા આપી હતી અને અભ્યાસ શ્રી **જિનવર્ધનસૂરિ** પાસે કર્યો હતો. તેઓ-શ્રીને ઉપાધ્યાય પદવી શ્રી **જિનભદ્રસૂરિએ** સં૦ ૧૪૭૫ માં આપી હતી.

તેઓશ્રીએ સં૦ ૧૪૭૩માં શ્રી જેસલમેરના પાર્શ્વજિનાલયને લગતી પ્રશસ્તિ શોધી હતી અને શાંતિજિનાલયની પ્રશસ્તિ રચી હતી. સં૦ ૧૪૮૪ માં **સિંધુ** દેશના મલ્લિક પાહણપુરથી-અણહિલ્લપત્તનમાં રહેતાં ગચ્છનાયક, શ્રી **જિનભદ્રસૂરિ** ઉપર વિજ્ઞપ્તિ ત્રિવેણી પત્ર લખ્યો છે. જેમાં પોતાના તીર્થ પ્રવાસાદિનો અહેવાલ સુન્દર કાવ્યોમાં રજૂ કર્યો છે.

તેઓશ્રીએ પાટણમાં જ્ઞાનકોશ-ભંડાર કરવા માટે શ્રાવકોને પ્રતિબોધ આપી, હજારો પુસ્તકોનું પુનર્લેખન સં૦ ૧૪૯૫-૯૭માં કરાવ્યું હતું. સં૦ ૧૪૯૫ માં ધોલકા પાસે ઉકેરપુર ગામમાં વ્યવહારચૂર્ણિ બનાવી છે.

પાટણ શહેરમાં ૧૪૯૭ માં એક પ્રતિ તેમણે લખાવેલી, તે પાટણના ભંડારમાં આજે પણ વિદ્યમાન છે. તેઓશ્રીની ચોવીસી પ્રાચીન ગૂજરાતીમાં સૌથી જૂની છે અને સુન્દર છંદોમાં બનાવી છે. જૂની ગૂજરાતી ભાષાના અભ્યાસીઓને તેથી તે સમયની ભાષાનો જરૂર ખ્યાલ આવશે.

તેમનો જન્મ તથા નિર્વાણ સમય જાણવામાં આવ્યો નથી.

શ્રી જયસાગર ઉપાધ્યાયજીની કૃતિઓ.

ગૂજરાતી.

૧ જિન કુશલસૂરિ ચતુષ્પદિ સં. ૧૪૮૧.
૨ વિજ્ઞપ્તિ ત્રિવેણી ગાથા ૭૦ સં. ૧૪૮૪
૩ ચૈત્ય પરિપાટી, ગાથા ૨૧ સં. ૧૪૮૭.
૪ નગરકોટ મહાતીર્થ ચૈત્ય પરિપાટી, સં૦ ૧૪૮૯ જુનાગઢ.
૫ વજ્રસ્વામી ગુરૂ રાસ.
૬ ગૌતમ રાસ ગાથા ૧૨.
૭ અષ્ટાપદ તીર્થ ભાવની ગાથા ૫૯.
૮ જિનસ્તોત્ર ગાથા ૧૪
૯ અજિતસ્તોત્ર ગાથા ૧૭
૧૦ શ્રી સ્તંભન પાર્શ્વસ્તવન ગાથા ૭.
૧૧ શ્રી નેમિનાથ વિવાહલો ગા૦ ૨૬.
૧૨ શ્રી આદિનાથ સ્તવન, ગાથા ૧૩.
૧૩ શ્રી શાંતિસ્તવન, ગાથા ૧૦.

સંસ્કૃત.

૧ શ્રી પર્વ સંસ્કૃત રત્નાવલિ કથા, ગાથા ૬૨૧ સં. ૧૪૭૮ (પાટણ.)
૨ વ્યવહાર ચૂર્ણિ ૧૪૯૭
૩ શ્રી પૃથ્વીચંદ્ર રાજર્ષિ-ચરિત્ર, પાલણપુર ૧૫૦૩.
૪ ઉપસર્ગ હર સ્તોત્રવૃત્તિ.
૫ જિનદત્તસૂરિ ગુરૂ પારતંત્र्यાદિ સ્તવનો પર વૃત્તિ.
૬ ભાવા નિવારણ વૃત્તિ.
૭ જીનદત્તસૂરિ કૃત સંદેહ દોલાવલી પર લઘુ વૃત્તિ.



રચનાની થોડીક વાનગીઓ.

(૧)

શ્રી જિનકુશલસૂરિ ચતુષ્પદિ.

(રચના સમય. સં૦ ૧૪૮૧.)

આદિ-

ૐ શ્રીમજ્જિનકુશલસૂરિ સદ્‌ગુરુભ્યો નમઃ .

રિસહ-જીણેસર સો જયઊ, મંગલ કેલિ-નિવાસ,
વાસવ-વંદિય-પયકમલ, જગ હેતુ પૂરઇ આસ. ૧
આસણિ તપી જપિ જોગિ દહુ, જે સમરઈ સિરિ **સંતિ**,
તસુ ઘરિ સરવરિ હંસ જીમ, નવ નિધિ તું વિલસતિ. ૨
સંતિકરણ ભવ ભય હરણ, હરિ વંસહ સિણગાર,
વન્નહિ સામલ મનિ વિમલ, નમહસુ **નેમિકુમાર**. ૩

અંતે-કાંઇ કરહુ પૃથિવિ પતિ સેવા, કાંઇ મનાવઊ દેવિદેવા,
ચિંતાઆણઇ કાંઇ મનિ.
વારવાર હુઇ કવિતુ ભણુજઈ, શ્રી જીનકુશલસમરિજઈ,
સરઈ કાજ આયાસ વિણુ.
સંવત **ચઉદ** ઇગાસિય વરસિંહિ, **મલિકહણુપુર** વરિમનહરિસિરિ.
અજીય જીણેસ પસાયવસિ.
કિયઊ **કવિત** હુઇ મંગલકારણુ, વિઘન હરઇ પર પાપ નિવારણુ,
કોઇ મ સંસઊ કરહુ મતિ. (૬૯)

જિમ જિન સેવઈ સુરનરરાયા, શ્રી જિનકુશલ મુનિ સર પાયા,
જયસાગર ઊવઝાય તિમ,
ઈમ જો સુહ ગુરુ ગુણ અભિનંદઈ, રિદ્ધિ સમૃદ્ધિહિં સા ચિર
નંદઈ, મનવંછિત ફળ તરતુ હવઈએ. (૭૦)

સં૦ ૧૪૮૭–ચૈત્યપરિપાટી જેની ૨૧ ગાથા છે ને ઐતિહાસીક સ્તવન છે, તેની પ્રથમ ગાથા તથા ૨૦ મી ને ૨૧ મી ગાથા નીચે મુજબ છે.

(૨)

મનોરંગિ, મઇ–આપણુ ઈ બુદ્ધિ પામી,
જ જાણઉં ફિરી વંદિયઈ ભુવણસામી.
ન આણંદિ જે વંદિયા ભાવસારં,
વલી તે જીણે વંદિમો વારવારં. ૧
જેમઈ **ચઉદ સત્યાસિંય** વરસિહિં;
જીણવર વંદિય ગરૂયઈ હરસિહિં;
નિતુ નિતુ તે મન ભાવિહિં વંદઉં,
સુખ સમાધિહિં તા ચિરૂ નંદઉં. ૨૦

(કલશના રાગમાં)

ઇય દોસનાસણુ, પયડ સાસણુ, સહુ પયાપણુ કેવિયા,
બહુ ઠાણુ સંઠિય દેવજીણવઈ, ભાવભત્તિહિં સેવિયા;
તે આજ ચહુવિઅ સંઘ મંગલ, રંગઠાણુ સમગ્ગલા,
મહ દિંતુ નિવ્વુઈ **સુજઈસાગર**, બોધિલાભ સમુજ્જલા. ૨૧

(૩)

શ્રી ઋષભજિન સ્તવન.

સુવિહાણુઉ જઈ આજમઇ, દીઠઉ **રિસહજિણેસ;**
નયણુકમલ જિમ ડલ્હસઈ, ઊગિડ ભલઈ દિણેસ. ૧

રોમ વિહિતાણુ ઊઘસઈ, હિયડઈ પરમાનંદ;
નયણુ અમિય રસ ઝીલણુઉ, દીઠઉ આઠિ જિણિંદ. ૨

માય તાય ગુરુદેવ તઉં, તુંહિજ મુઝ આધાર;
તુમ વિણુ અવરુ ન કોઇ મહ આદિ નહિ કરિ સાર. ૩

ઇમ કવિત સું છંદિહિં મન આણુંદિહિં **જયસાગર**
ઉવજઝાઇ કિય;
જો પઢઇ સુઠાણિહિં મધુરય વાણિહિં સો નર પામઇ સુખસય. ૪

(૪)

શ્રી શાંતિનાથ સ્તવન.

સંતિ જિણેસર સંતિકર લઇશું ભવ દુહ પારિ;
ભાવિહિ ઇં ભગતિ ભલીય પરે તુમ સેવઈ નરનારિ ॥૧॥

મારી ટલી સુદ્ધ-વલિય સુહ પામિઇં દુહ નઠું;
સંતિસર સેવા વાસિહિં જાણુકી રાજ બઇઠું ॥૨॥

જયઉ જયઉ સિરિ સંતિ જિણુ વયણુ સુધારસ રેલિ;
દુહુ દાવાનલ ડ-હવઈ વ-રહા સુહવેલિ ॥૩॥

ઇસિ કવિત સુ છંદિહિ મન આણુંદિહિ **જયસાગ ઉવઝાય** કિય;
જો પઢઈ સુણિંહિં મધુરય વાંણીહિં સા નર પામઈ સુખ સય ॥૪॥

(૫)

શ્રી નેમિનાથ સ્તવન.

નમઉ **નેમ જિણુવર,** રયણુ મયણુ વિડંબણુ **વીર;**
ધીર મગ્ગણિ ગિરનાર, સિરિ જિણિ પામિઉં ભવતીર. ૧
તીરથમાહિ વિસેષિયઈ, ગુણિ ગસયઉ ગિરનાર;
જસુ સિરિ ચરગય મણિ, સરિસ સોહઈ નેમિકુમાર. ૨
નેમિ જિણેસર દંસણિહિં, સુકૃત ભરિઉ **ભંડાર;**
ઉર ડારિઉં દાલિદ્દ સિઉં, વરિઉ ચિત્ત વિકાર. ૩
ઇઅ કવિત સુ છંદિહિ મન અણુંદિહિ **જયસાગર** ઉવજ્ઝાઈ **કિય**
જે પઢઈ સુઠાણિહિ મધુરય વાણિહિ સા નર પામઈ સુકખસય ૪

(૬)

શ્રી પાર્શ્વજિન સ્તવન.

આસા તરૂવર ઈચ્છ તઉં આસ પૂરિ **પહુપાસ તુહ,**
પય મતિહિં ભવિયણુહં **ત્રુટઈ** ભવ દુહ પાસ. ૧
જીરાઉલિ થંભણુ પુરિહિ જયવંતઉ **ભગવંત,**
મઈ ભટેઉ સોપાસ જિણુ આણિઉ ભવભય અંત. ૨
આઠ કમ્મ જિણિ નિજ્જણિય લાધઉ સિદ્ધિ વિલાસ,
પાસ નાહ સો જગિ જયઉ પૂરઉ મનનીય આસ. ૩
ઇઅ કવિત્ત સુછંદિહિ મન અણુંદિહિ **જયસાગર** ઉવજ્ઝાઈ **કિય,**
જે પઢઈ સુઠાણિહિ મધુરય વાણિહિ સો નર પામઈ સુકૃખ સય. ૪

(૭)

શ્રી વીરજિન સ્તવન.

સરલ જમ્મ જીવિય સહલ સરલ મણોરહ અચ્ચ,
પય પણા મિ વિરહ તણુએ કિંવન સદ્યઇ કજ્જ. ૧
રાગ દોસ વસિ જો કિયઉ મણુવયકાય પમાય,
તં મિચ્છા દુક્કડઉ ચઉ સરણુ વીર જિણુ પાય. ૨
કરિ પસાઉ મુજ્ઝ તિમ કિમઈ **મહાવીર** જિણુરાય,
ઇણિ ભવિ અહવા અન્નભવિ જિમ સેવઉં તુ પાય. ૩
ઇઅ કવિત્ત સુછંદિહિ મન અણુંદિહિ **જયસાગર** ઉવજ્ઝાઇ કિય,
જો પઢઇ સુઠાણિહિ મધુરય વાણિહિ સો નર પામઈ સુક્ખ સય. ૪

(૨)

શ્રી લાવણ્યસમય.

માતા– **ઝમકલ**
પિતા– **શ્રીધર**
નામ– **લધુરાજ**

ચતુર્વિંશતિ જિન સ્તવન, માલીની છંદમાં કડી ૨૭ છેલ્લી કડી ૨૮ હરિગીતમાં પ્રાચીન ગુજરાતી ભાષામાં.

તપાગચ્છમાં શ્રી સમયરત્ન મુનિના શિષ્ય **શ્રી લાવણ્યસમય** કવિ થઇ ગયા છે. તેઓશ્રીનો જન્મ અમદાવાદમાં સંવત ૧૫૨૧માં થયો હતો. સમયરત્ન મુનિએ તેને માટે તેમના પિતા સમક્ષ ભવિષ્ય ભાખ્યું હતું કે તમારો પુત્ર લધુરાજ તપનો સ્વામિ થશે, અથવા કોઇ તીર્થ કરશે, કાં તો મોટા યતિ થશે, અને મહાવિદ્વાન થશે. તેઓશ્રીને દીક્ષા પાટણમાં, પાલણપુરી ઉપાશ્રયમાં મહોત્સવ–પૂર્વક તેમના દાદા ગુરૂ **લક્ષ્મીસાગરસૂરિએ** ૧૫૩૦ જેઠ સુદ ૧૦ને દિવસે આપી હતી. તેઓશ્રીએ રચેલા શ્રી વિમલ પ્રબંધ રાસ (સં. ૧૫૬૮)માં તેમનું જીવન–ચરિત્ર ટૂંકું આપ્યું છે. તેમાં તેઓશ્રી લખે છે કે શ્રી સરસ્વતી માતાની કૃપાથી મને સોલમા વર્ષમાં વાણી ઉદ્‌ભવી (કવિત્વ શક્તિ) જેનાથી પોતે છંદ, કવિત ચોપાઇ, અને ગદ્યપદ્યવાલા સરસ રાસ રચ્યા, વલી અનેક પ્રકારનાં ગીત રાગરાગણી અને સંવાદ રચ્યા છે. પંડિત પદ સંવત ૧૫૫૫ માં મલ્યું હતું સ્વર્ગવાસ સં. ૧૫૮૯ પછી. ચોક્કસ સંવત મલતો નથી. અહી તેમની **ચતુર્વિંશતિ જિન સ્તવનની** આદિ અંતની કડીઓ, **વિમલ પ્રબન્ધ રાસની** આદિ અંતની ગાથાઓ, **શ્રી સોરીસા પાર્શ્વનાથ સ્તવનની** છેલ્લી કડી અને તેમના બે સ્તવનો તથા પાંચ કાવ્યો આપીએ છીએ.

(ચતુર્વિંશતિ જિન સ્તવનની આદિ અને અંતની ગાથાઓ).

આદિ—

કનકતિલક ભાલે હાર હીઇ નિહાલે, ઋષભપંથ પખાલે પાપના પંક ટાલે;
અરજિન વરમાલે પુટરે ફૂલ માલે, નરભવ અજુઆલે, રાગ નિઇ રોસ ટાલે.

અંતે- તપગચ્છ દિવાયર **લબ્ધિસાયર સોમદેવસૂરીસરો,**
શ્રી સોમવિજય ગણધારગિરૂઆ **સમયરત્ન** મુનિસરો;
માલિની છંદઈ કય પંમંધિઈ, તવિયા જિન ઊલટ ધણુઇ,
મઇ લહિઉ લાભ અનંત, **લાવણ્યસમય** સદા ભણુઈ.

શ્રી વિમલપ્રબંધ રાસમાં કવિની ભાષામાં, વસ્તુ.

આદિ- આદિ જિનવર આદિ જિનવર પ્રથમ પ્રણમ્યેાસુ
અંબાઇ ધુરી અર્બુદા સકલદેવિ શ્રીમાન ધ્યાઉં.
પુમાવય ચક્કેસરિ વાગ્વાણિ ગુણરંગે ગાઉં–
સહિ ગુરૂ આયસ સરિ ધરી આલસ અંલગ કરેશિ,
કહિ કવિઅણ હૂં વિમલમતિ **વિમલપ્રબંધ** રચેશિ. ૧

ચુપૈ.

સરસતિ રસનિવાણિસાર, કહિ કવિયણ મુઝ તસ આધાર;
અરસતિ વિણુ યે બેાલાબેાલ, તે પ્રમાણિ નવિ ચડઇ નિહેાલ. (૨)

× × ×

રાસ રચિઉ રાસ રચિઉ નવલનવખંડિ,
તસ ઉપ્પરિ ધ્રકિચુંલિકા ધ્યાનિ પાસગળવિઉ ધ્યાયુ,
વિમલશ્રી વર્ણન કરિઉં, સરસ રાસ પદબંધ ગાયું;
સંવત પંદર અડસઠ (૧૫૬૮) વડુરાસ વિસ્તાર,
તે પ્રમાણિ પુરૂં ચડિઉ, માળ સમુદ્ર મુઝારિ ૫૦

× × ×

સેરીસા પાર્શ્વનાથની છેલ્લી કડી.

પાસ કલ્યાણક દસમ દીહાડએ, મહિયલ મહિમા પાસ દેખાડએ
દેખાડએ પ્રભુ **પાસ** મહિમા, સંધ આવે ઉમટયેા.
ધાજપૂજ મંગળ આરતી તેણેં પાપ પૂરવના ઘટયાં,
સંવત પન્નર બ્યાસઠ્ઠિ પ્રસાદ **સેરિસા** તણેા
લાવણ્યસમે ધ્રમ આદિ બેાલે, નમેા નમેા ત્રિભુવન ધણી

ગ્રંથરચના.

૧ સિદ્ધાંત ચોપાઇ.–૧૫૪૩.
મૂર્તિ નિષેધક લોંકામતખંડન.
૨ સ્થૂલિભદ્ર એકવીસો.–૧૫૪૫.
૩ ગૌતમ પૃચ્છા ચોપાઇ.–૧૫૫૪.
૪ આલોયણ વિનંતિ.–૧૫૬૨
વામજનગર
૫ નેમનાથ હમચંડી –૧૫૬૨.
૬ સેરીસા પાર્શ્વનાથ સ્તવન.–૧૫૬૨.
૭ રાવણ મંદોદરી સંવાદ –૧૫૬૨.
૮ વૈરાગ્ય વિનંતિ.–૧૫૬૨.
૯ સુરપ્રિય કેવલી રાસ–૧૫૬૭.
ખંભાત.
૧૦ વિમલ પ્રબંધ-૧૫૬૮ માલસમુદ્ર
પાટણ પાસે.
૧૧ કરમ સંવાદ-૧૫૭૫ સાતિનગર.
૧૨ અંતરિક્ષ પાર્શ્વનાથ છંદ-૧૫૮૫.
૧૩ ઋિમરૂષિ થલિભદ્ર યશોભદ્રાદિ
રાસ–૧૫૮૯.
૧૪ દેવરાજ વચ્છરાજ ચોપાઇ
છ ખંડ.
૧૫ સુમતિસાધુસૂરિ વિવાહલો.
૧૬ રંગરત્નાકર નેમિનાથપ્રબંધ.
૧૭ પાર્શ્વજિન સ્તવન પ્રભાતી
૩૭ કડી
૧૮ નવપલ્લવ પાર્શ્વનાથ સ્તવન.
૧૫૫૮.
૧૯ નેમિનાથ છંદ-૧૫૪૬.
૨૦ આદિનાથ ભાસ–૧૫૮૭.
૨૧ ગર્ભવેલિ.



શ્રી નેમનાથ સ્તવન.

(૧)

બે કરજોડી રે વીનવું, પ્રિય તુઝ લાગું રે પાય,
નારી નવભવ કેરડી, કાં મુઝ મેલ્હી રે જાય;
તઇ મન મોહ્યું રે નેમજી, બોલે રાજુલ નારી,
કંતા કાં રથ વાલી રે, આયઉ તોરણ બારિ. તઇ૦ ૧

ગજ રથ ઘોડા રે છે ઘણાં, પાયક સંખ્ય ન પાર;
જોતાં જાન તુહ્મારી હિઅડિ હરષ અપાર. તઇ૦ ૨

કુંડલ સોવત કેરડાં, હિઅડે નવસર હાર;
ચડીઉ ગયવર ગાજતઇ, સોહિ સવિ સિણગાર. તઇ૦ ૩

મંડપ મોટા રે માંડીઆ, માચિં નવલ હો પાત્ર;
થાનકિ થાનકિ થાકલ, જોવા સિરિખીહિ યાત્ર. તઇ૦ ૪

માનિ બલભદ્ર કાન્હજી, માનેઇ મોટા હો ભૂપ;
સેવઇ સૂરનર સામટા, તાઇરૂં અકલ સરૂપ. તઇ૦ ૫

સહજ સુરંગૂ રે સાસરૂં, પીહર પન્હુ તઉં રે માઇ;
કરમ ન પ્રોતઇ રે કિમ કરૂં, જઉ પ્રિઉ યોવનિ જાઇ. તઇ૦ ૬

સામી પૂછિ રે સારથી, બે સિઉ ભરીઉ રે વાડ;
પ્રહિ તુહ હો સિઇ રે પરગણું, પ્રીછયુ પસુ અંતા પાડ. તઇ૦ ૭

હરણી બોલિ રે હરિણુલ્વ, તઇ કાં કર્યઉ રે પોકાર;
રહિ રહિ છાની રે છટસ્યું, આવ્યા નેમિકુમાર. તઇ૦ ૮

સાભર બોલિ રે સોભરી, સુંદરિ સાંભલિ વાત;
જાયા જોસ્યાં રે આપણાં, આવ્યઉ ત્રિભુવન તાત, તઇ૦ ૯

રોઝ ભણિ રે રોઝડી, ઘડી ઇ ઘડુ થલ થાઇ;
આવ્યાઉ દેવ દયાલૂઓ, હરખઉ હિઅડલા માહિં. તઇ૦ ૧૦

સારથિ પૂછિઉ રે સામતિ, પસુઆં ત્રીછયુ રે વાડ;
સાવિજ મેલ્હયાંરે મોકલાં, વેગિ ઢલાવિઉ રે વાડ. તઇ૦ ૧૧

વરસીદાનિઇ રે વરસીઉં, અવનિ ઉરણ કીધ;
ચડિઉં ગિરિ ગિરિનારિજઇ, ચોખું ચારિત્ર લીધ. તઇ૦ ૧૨

કહુ કિમ કીજઇ રે સ્વજની, કહુ કુણ દીજઇ હો દોસ;
કારણ વિણ કહુ કંતજી, એ સિઉ એવડઉ રોસ. તઇ૦ ૧૩

ગાજિઉ વીજિઉ ગડગડીઉ, વૂઠઉ ગિરનારિ;
સરવર સહસારેવનિં ભર્યા, તરસી તોરી રે નારિ. તઇ૦ ૧૪

હયવર હીસઇ રે હાંસલા, ગયવર બાઝિરે બારિ;
ભોગ ભલીપરિ ભોગવઉ, રૂઅડિ ર જુલ નારિ. તઇ૦ ૧૫

આપી (કીધ ઉરે) ઓરડીઉ, લોચ્યા અચલ આઘાટ;
પરભવિ પાતક મઇં કર્યાં, ધરમ ન વાહી રે વાટ. તઇ૦ ૧૬

અંબર ગાજિઇ રે ગડગડિ, જલધર ધાર ન પાર;
નાહણ આણેં રે નેહલઉ, વેદન વિરહ અપાર. તઇ૦ ૧૭

રાખ-ઇ માત નઇ માઉલા, રાખીઇ રાહીનઉ નાથ;
રાખઇ રાયજિ કેવડા, વાહઇ બલભદ્ર બાથ. તઇ૦ ૧૮

સહિસાવનિં પ્રભૂ સાંચરિઉ, ધરિઉં ધવલું હો ધ્યાન;
તતખિણુ ત્રિભૂવનરાજઇ, પામિઉં પંચમ જ્ઞાન. તઇ૦ ૧૯

રૂપ કણય મણિ કેરડું, ત્રિગડું ત્રિભુવનિ સાર;
અમર અસુર નર ઉલગિ, દુંદુભિ જયજયકાર. તઇ૦ ૨૦

પૂઠિં પહુતી રે પદમીની, નયણેં નિરખી હો નારિ;
મુનિ લાવણ્યસમય ભણિ, મલિયા મુગતિ મઝારિ. તઇ૦ ૨૧

રચના સંવત ૧૫૮૭.

શ્રી નેમિનાથ સ્તવન.

(૨)

આજરે આજરે સાંઈ સિઉં કરૂં,
બલિઉ બલિઉ વાલંભ ઈમ રે;
પ્રીતિ રે ન પાલી પ્રીઅડા પાછિલી,
કહિ કંતા કીજસિ કીમ રે. ૧

લીધા રે અબોલા નેમિ જનમના,
બોલે બોલે રે રાજલિ નારિ રે;
રાખતડાં રાજન રથ વાલીઉ,
આવ્યો આવ્યો તોરણાં બાર રે, લીધા૦ આંચળી

અગર, ચંદન કેરો ઓરડો,
ફૂલડે વિછાહી છે ખાટ રે;
વીજલી ઝબૂકે વાહલા એકલી,
જોઉં જોઉં વાલિંભ વાટ રે. લીધા૦ ૨

આવીઉ માસ, અસાઢનો,
આવિઓ ગડગડી મેહ રે;
આવ્યા આવ્યા પંથી પરદેસીઆ,
નાવ્યો નાવ્યો નેમિ સનેહ રે. લીધા૦ ૩

હંસલા વિહૂણી વાહલા હંસલી,
જલ વિણ કમલિણી છોડ રે;
ચંદલા વિહૂણી કિસી ચાંદ્રિણી,
પ્રિય વિણ કામિની કોડ રે. લીધા૦ ૪

મોરડા કીંગાઇ મંદિરે મોરડે,
મોરડે દેા નયણુલાં લાલ રે;
બાપીડેા પાપીઠેા પાસે સર કરે,
નાહુલીએા સાચું સાલ રે. લીધા૦ ૫

ઝરમર ઝરમર ઝડી કરે,
પૃથ્વી પાલવી મેહ રે;
પાવસિ દાદુરાં ડર ડરે,
નાહુલીએા ન લીજે હેા, નેહ રે, લીધા૦ ૬

શ્રાવણુ વરસે વાહલા સરવડે,
સરવડાં લહિરડે જાઇ;
ભરિએરે ભાદ્રવડે પ્રિયડે પરિહરિ,
વિરહ વિગેાએ મુઝમાઇ એ. લીધા૦ ૭

આસેા રે આવતેા આણુડાં,
વહૂઆં બહુંઆ સિરિ સિણુગાર રે;
પરવ દિવાળી દિન દીપતેા,
ઘરિ ઘરિ મંગલા ચાર રે. લીધા૦ ૮

સસરે ન દીઠેા મારેા સરંગટેા,
સાસુએ ન દીઠેા મેારી માટ રે;
દેઉરીએ ન દીઠી સારી સુખડી,
નારૂલીએ ન દીઠી મેારી ઘાટ રે, લીધા૦ ૯

ચંદલીઆ ચાલે ચાલે ચમકતેા,
નાહુલીઆને કહિજે સંદેસ રે;

ડુંગરિ દોહિલું દેવ કાં રહીઓ,
નારિ ઘરિ યૌવનાં વેસ રે. લીધા૦ ૧૦

આકરે ધતુરા શિવ સિરિ ચડે,
કંઠે નડે જો વિષઝાલ રે;
ઉત્તમ ન મેલ્હે આળે આદરીઆ,
ઓર વરિ વિષધર માલ રે. લીધા૦ ૧૧

ઓંગણિ બીજોરી વાહલા ફૂલેભરી,
લીજે લીજે લલણું લાહ રે;
આવ્યાં આવ્યાં ફૂલ કિમ મેહ્હીએ,
સુણુ સુણુ યાદવા નાહ રે. લીધા૦ ૧૨

રાતા, રાતા, કેસૂ કેરા ફૂલડાં,
રાતા રાતા દાડિમ ફૂલરે;
રાતી રાતી રાજુલ ઇમ વીનવે,
રાતાં રાતાં હૂઇ અમૂલ રે. લીધા૦ ૧૩

આવે આવે અરથ જોએા હુટીએા,
ઊગે ઊગે આથમિયા સૂર રે;
ગયેા ગયેા પ્રિય કિમ પામીએ,
જીવી જીવી યૌવનાં પૂર રે. લીધા૦ ૧૪

પ્રિય વિણ સુનું પીહર સાસરૂં,
માતે માને નહીંઅ મુહસાલ રે;
કંત વિણ કોડિ કલંક ચડે,
રાજન રૂડા રહે રથ વાલ રે. લીધા૦ ૧૫

સસરે તે દીઠો માહરો સરંગટો,
સાસુડીએ માટ સુતે તરે;

દેઉરીએ તે દીઠી સારી સૂખડી,
નાહુલીએ ન દીઠો મારે દેહુ રે. લીધા૦ ૧૬

ઉગ્રસેન કેરી હું તો બેટડી,
સમુદ્રવિજય તોરો તાત રે;

તોરી તોરી શિવા દેવિ માડલી,
મારી મારી ધારણી માત રે. લીધા૦ ૧૭

કંત રે ન કીજે વાહલા રૂસણું,
પૂરો પૂરો કામિની કોડ રે;

અંબુલા રે જમલિ નારિંગડી,
સરજી સરજી સરખી બે જોડ રે. લીધા૦ ૧૮

રાજુલિ ઊજલિ ગિરિ જઇ મિલિ,
ચાલી, ચાલી પ્રીયડા સાથિ રે;

લાવણ્યસમય મુનિવર ભણે,
નારી નારી ત્રિભુવના નાથિ રે.

ભાગા રે, અબોલા નેમિ જનમના.

-ઇતિ ગીતં, સંવત ૧૫૮૭ વર્ષે ચૈત્ર સુદિ પંચમ્યાં પં. હંસસંયમ ગણિના લિપિકૃતમેતત્ શ્રી રાજધાનપુરે ૨-૧૧ દા. ૮૨ નં. ૧૭૪ દા.

(૩)

પંચ-ઇંદ્રિય-ગીત.

(રાગ–કેદાર ગેાડી)

નાગ નિચિંત વસઈ પાયાલિ, મહુયરિના સર માટિં રે;
તુ કઠ કરંડીમાહિ બંધાણેા, વહિતેા દીઠેા વાટિં રે. ૧
તેહ ગિરૂઆ ભાઈ તેહ ગિરૂઆ, જે વિષય ન સેવઈ વિરૂઆ રે.
દીપક દેખી પંતગીઉ, લેાચન લેાભઇં નડીયેા રે;
સેાવ.... કારણિં, તે તેા ફેાકટ ફાંદિ પડિયેા રે.
તેહ૦ ૨
ભમર ભમંતા પણી વેલડીઇં, વિણુ સંતેાષિ વિગૂતેા રે;
નાસિકા ઇન્દ્રીઇં રેાલવ્યેા, તેહનિં કેતકી ટેા ખુતેા રે.
તેહ૦ ૩
પાણીમાહિં પલેવણું, માછલડી જલિ દીહું રે;
ગલી જ તાં એણી જીભડીઇં, જે જગિ લાગું મીહું રે.
તેહ૦ ૪
વાસી વીંઝાચલ તણેા, તેહનું મયગલ મેાટું નામ રે;
પંચમી ઇન્દ્રીઇં પરિભવ્યેા, તેહનિં વેગિં છંડાવ્યેા ઠામ રે.
તેહ૦ ૫
ઇન્દ્રી એકેકી કારણિ, નરગ તણાં દુઃખ જોએ રે;
જેહનિં પાંચે મેાકલાં, તેહની કવણ ગતિ હેાઈ રે;
તેહ૦ ૬
વિષય સુખ ભાઈ વિષ સમાણાં, હિયડા ભીંતર જાણી રે;
મુનિ **લાવનસમઇ** ભણઈ, વિષય મ રાચીસ પ્રાણી રે.
તેહ૦ ૭

(૪)

લોભ વિષે.

(રાગ–દેશાખ)

ધર્મ્મ મમ મૂકીસિ વિનય મમ ચૂકીસિ, લોભ મ આણીસ ભાઈ;
કુડાં કર્મ્મ મમ બાંધિસિ, મર્મ મ બોલિસિ રીસમ આણીસ ભાઈ;
જીવડા દુલ્લહ માનવ ભવ લાધો, કાંઈ આપ સવારથ સાધો. ૧

ધન કારણિ ધસમસતો હિંડઈ, જણુ જોયણુ સો જાઈ;
ઘર પાસિ પોસાલિં જાતાં, ખરી વિમાસણુ થાઈ રે.
જીવડા૦ ૨

ભૂખ્યો તરસ્યો રાઉલિ રાખ્યો, ઉપરિ સહેતો માર;
બિહુ ઘડી પચ્ચખાણુ ન થાઈ, એકિં એકણુ વાર રે.
જીવડા૦ ૩

લેખઈ બેઠઉ લોભેં પેઠો, ચ્યાર પહોર નિશ જાગઈ;
બિહુ ઘડી પડિક્કમણા વેલા, ચોખો ચિત્ત ન રાખિઈ રે.
જીવડા૦ ૪

કીર્તિકારણુ પગરણુ માંડયું, લાખ લોક ધન લૂંટઈ;
પુણ્યકારણિ પાય કોરે પન્હોતા, હાથિ થકી નવિ છૂટિઈ રે.
જીવડા૦ ૫

પુણ્યકારણિ પોસલિઈ રે જાતાં, સુણતો સહિ ગુરૂવાણી;
એક વાત કરે એક ઉઠી જાઈ, નયણે નિદ્રા ભરાઈ રે.
જીવડા૦ ૬

વાંકો અક્ષર મસ્તકિ મીડું, નલવટિ આધો ચંદો;
મુનિ **લાવણ્યસમે** ઈમ બોલઈ, તે ચિરકાલ નંદો રે.
જીવડા૦ ૭

(૫)

રાગ–ધન્યાશ્રી.

કાઢો કાઢો શ્રાવિકા સુખડી, ચેલા ભૂખ્યા ભૂર રે;
સંઘ મલ્યેા છે સામટેા, વેલા થાઈ અસૂર રે. કાઢો૦ ૧

કરંડ ભર્યા છે કેાથલા, મેાટા મેાદક માટ રે;
દાલિ વાટિ દી કેાલીયા, અનઈ દેવ દેાહેલી વાટ રે. કાઢો૦ ૨

ખાતાં મીઠી ખડ હતી, ભલેા ભેલ ખજૂર રે;
વર વર સેાલા વાટલાં, ખાજાં લાડૂ કપૂર રે. કાઢો૦ ૩

ખારિક ખરમાં દેસાઉરી, સીલાં સાકર વાંણી રે;
સેવ સુહાલી સાંકલી, આપેા સૂજતાં જાણી રે. કાઢો૦ ૪

સાતુ કરડે ઊતર્યા, પ્યાસે બઇલિ ભાર રે;
દેતાં ધનિ ખૂટે નહીં, ભરેા પુન્ય ભંડાર રે. કાઢો૦ ૫

લાવનિસમે ઈમ ભણે, મલ્યેા સંઘનેા સાથ રે;
દક્ષિણિ કરિ જે દેઇસઈ, મુગતિ રમણિનેા સાથ રે. કાઢો૦ ૬

(૬)

રચના સંવત ૧૫૮૫

(રાગ–કાલેહરા)

કાંકસાની ભાસ

પ્રાણી બેહેરીને પાધર્યા, જાતય્યા પેાસાલેં રે;
કુંઅરી માથે કાંકસેા, બેઠીથી પડસાલઇં રે. ૧

બાઇરે કુંઅરિ કાંકસેા, એતેા અમ્હે લેસ્યુ રે;
નહીતર અમ્હે અનપાણી, પરિત્યાગ કરસ્યું રે. બાઇરે૦ ૨

અમ્હને આવતા દેખીનઈ, તેણઈ સેાડિમાંહિ સાંત્યેા રે;
લેહિ કઈસ્યું લાખીણી વહુઇં, સાસુ સાહમેા નાખ્યેા રે. બાઇરે૦ ૩
સાસુ બેાલે માહતમા, એવડા સ્યેા હઠ લીધેા રે;
આજ્ને નેંઈ ધણુ ભેલેા, મિં કાંકસ્યેા તે કીધેા રે. બાઇરે૦ ૪
કુડા ઉતર માડીયા, વાત્લડી તુઝ મેાટી રે;
ડેાસી બાઈ આપેા કાંકસેા, થાઉં છું અમ્હે ખેાટી રે. બાઇરે૦ ૫
વારૂ ધારૂ માણુકાં, એ માહતમાને કેાઇ વારેા રે;
કિમ આપું એ કાંકસેા, એ તેા છે પીયારેા રે. બાઇરે૦ ૬
ઉત્તમ નાતઇં અવતરી, કાંકસેા કિમ લીજે રે;
ગેાલી ગેારસ ઉલટે તેા, કાંજી કેથી પીજે રે. બાઇરે૦ ૭
જુ મ રિ જે પાપણી, ફેાડ ફેાકટ લીધેા રે;
છેારૂ તેાહિ નવ આવતે, તેહનેા એહજ સીધેા રે. બાઇરે૦ ૮
બાઇરે કુંઅરિ કન્હે થકી, કાંકસેા તે લીધેા રે;
આણેરે જમવારે વલી, લેવા નિયમ લીધેા રે. બાઇરે૦ ૯
બાઇરે કુંઅરી સમજ્તાં, સમજ્યેા બાંભડવાડેા રે;
કાંકસાની આંખડી, લેવરાવ્યેા તે પાડેા રે. બાઇરે૦ ૧૦
લાવણ્યસમે ઈમ ભણે, **પનરસઇં પંચાસે** રે;
ઉગાણી (ઉજાણી) નગરી કેડે, પેાસાલહ પાસઈ રે. બાઇરે૦ ૧૧

(૭)

શ્રી દઢપ્રહાર મહામુનિ સજ્ઝાય.

પાય પ્રણુમીઅ સરસતી, વરસતી વચન વિલાસ;
મુનિવર કેવલધર ગાયસ્યું મહિમ નિવાસ.
ગાયસ્યું કેવલધર તે મુનિવર, દઢપ્રહાર ઋષિરાજ,
સીંહતણી પરિં સંજમ પાલી, જેણઈ સાર્યાં સિવ-કાજ;

કવણદ્વીપ પુર માત પિતા કુણ, કિમ પ્રગટયું એ નામ,
કરતાં કવિઅણ સુણજ્યો ભવિઅણ, ભાવ ધરી અભિરામ. ૧

માકંદી પુરવર જંબૂદ્વીપ મઝારિં,
વિપ્રવસઈ **સમુદ્ર** તસુ નામઇં **સમુદ્રા** નારિ.

નારી સમુદ્રા નિરમલ સીઅલિં, અવર સતી સિણગાર,
વિનય-વિવેક-વિચાર-વિચક્ષણુ, લક્ષણ અંગ ઉદાર;
કુલવંતી કુલ-મંડણ સુણીઇં, પ્રીઉસ્યું પ્રેમ વિસાલ,
નવયૌવન ભરિ રંગિ રમંતાં, જાયો સુત સુકુમાલ. ૨

જિમ જિમ સુત વાધઇં તિમ તિમ કરેંઈ અન્યાય,
ઉવેખઈ માતનઈ લેખઈ ગણુઈ ન તાય.

માત તાત ઉવેખી કુઅર, કરઈ કઠિણુ અન્યાય,
વિપ્રભણી કોઈ પ્રાણુ ન મંડઈ, તિમ તે છંડઈ પાય,
નગરમાંહિં અસમંજસ દેખી, રાઉ રીસાણો ગાઢો,
નગર-તલાર પતિ ઈમ જંપઈ, કર ધરી બંભણ કાઢો. ૩

જવ કાઢયો વિપ્ર તલારઈ સાહી હાથઈ,
મૂકયો તવ મલીઉ જઈ પલ્લીપતિ સાથઈ.

મલિઉ તવ પલ્લીપતિ, સંપત્તિ તુઝ ભલાવી,
સવિ પાયક સવિ પુત્ર તણિ પરઈ, રહ્યો અમ મદિર આવી;
રહિ કુઅર પણિ પ્રાણી ઘાતઈ, પ્રાણીનઈ દઢ ઘાય,
લોકે નામ ઠવ્યું તવ તેહનું, 'દઢપ્રહાર' દઢ કાય. ૪

એકવાર કોસિસ્થળ નગર લૂસેવા છેક,
તે કુમાર સહિત સવે ચાલ્યા ચોર અનેક.

ચાલ્યા ચોર ચપલ તે ચોપટ, ચિહું દિસિ ચોવટિ ધાય,
દેવ શર્મ દારિદ્ર બ્રાહ્મણ, તેહ તણઇ ઘરિ જાય;
ઘણઇ મનોરથિ ખીર રંધાવી, પુરતો કરવા સ્નાન,
એક હાલી હાંડલિ ઉપાડી, લેઇ ગયુ પરમાન. ૫

દુહા

બાપડલાં બાલુયડાં દેખિ કરી એ વાત,
વલવલતાં જઈ વીનવીઉં. વેગઈ તાત.

વાત તાત સુણીનઇ કોપ્યેા, તતખિણિ મંદિર આયેા,
તે ઘુમડ ધસમસતેા ભારે, ભોગલ લેઇ નઇ ધાયેા;
બંભણ ચોર બથેાબથિ જાંણી, દૃઢ પ્રહાર દૃઢ મારઇ,
દોહિલુ દેખી નિજ સ્વામીનઇ, વચિ પઇંઠી ગાઇ નિવારઇ. ૬

દુહા

તેહ રોસઈ ભરીઉં ગેા હણિ, હત્યા ફલ લીધ,
વલી ઘરનેા સ્વામી બંભણ પૂરેા કીધ.

ઘરનેા સ્વામી હણિઉં જાણી, રોતી રડતિ નારિ,
ગર્ભવતી ઘણી ગાલ દેયતિ, આવી મંદિર – બાર;
ખડગ ધરિ કરિ ઉદર વિદાર્યું, ગર્ભ પડયેા ફડફડતેા,
નિરદયનઈ મનિ દયા ઉપની, શેસ થયેા હવઈ પડતેા. ૭

દુહા

હે હૈ! ધિગ! ધિગ! મઈ કીધેા કિસ્યેા સંતાપ?
વિણ કારણિ લાગાં પરલખિ પેાઢાં પાપ.

પરતખિ પેાઢાં પાપ ઘણાં મુઝ, લાગાં તે સ્યું કહીઇં?
ઇક્કેકા પાતિકથી નિશ્ચઇં, નરગ તણાં ફલ લહીઇં;

માય તાય વિણિ તસ ઘરિ બીજાં, બાલિક હુવઈ કિમ કરસ્યઇં,
એ હત્યા મુઝનઇ સસિ હોસ્યઇ, જે અણુખુટઈ મરસ્યઇં. ૮

દુહો

એહ હત્યા ચ્યારઇ કરિ મન ચિંતઈ સોઇ,
મુઝ સદ્ગતિ જાતાં નહિ સખાઇ કોઇ.

નહિ સખાઇ સદ્ગતિ જાતાં, ઇમ ચીંતવતાં એક,
નગર થિકો બાહિરિ મુનિ મલિઉ, વંદો ધરી વિવેક;
ધર્મ્મ સુણી પાતિક આલોયાં, આદરીઉં જિન ધર્મ્મ,
અન્નપાન મઈં ત્યાં પરિહરવું, જ્યાં સંભરઈ કુકર્મ્મ. ૯

દુહો

ઇમ કરીય પ્રતિજ્ઞા કાઉસગ્ગ રહ્યો ઋષિરાય,
તે નગરતણિ પણિ પોલઇ પરઠી પાય.

પરઠી પાય રહ્યો ઋષિ પોલઇ, લોક લક્ષ ઘઈં ગાલ,
હત્યાના પાતિક સંભારી, કે મારઈ ઇંટાલ;
યતી સતી મનિ રીસ ન આંણુઇ, ખિમા ખડગ કર ધરઈ,
પઈલી બીજી ત્રીજી ચોથી, પોલઈ કાઉસગ કરઇ. ૧૦

દુહો

ઇમ કાઉસગ રહતાં રિષિનઇં, હૂઆ છ માસ,
તિમ અન્ન ઉદક વિણુ, કીધા સવિ ઉપવાસ.

છ માસ ઉપવાસ કર્યા પણિ, નીમ ન પડિઉ ચૂક,
તપ-તેજઈ કાયા પરજાલી, પાતિક કીધાં ભૂક;
છઇલ પણિં કરમઈ છેમરીઉં, છેડઈ હુ ઉ સુજાંણુ,
દઢપ્રહાર શુભ ધ્યાનઈ લીણો, પામ્યો કેવલનાણુ. ૧૧

દુહા

સિરિ વીર જિણેસર-સાસન સોહઈ સાર,
મંગલકર કેવલન્યાની સુદૃઢ પ્રહાર.

દૃઢપ્રહાર શુભજ્ઞાની કેરૂં, નિસુણ્યો સાર ચરિત્ર,
જેણઈ ચ્યાર હત્યા ઉતારી, કાયા કરી પવિત્ર;
વિબુધ-પુરંદર **સમયરત્ન** ગુરુ, સુંદર તસ પાય પામી,
સીસ-લેસ **લાવણ્ય સમઈ** મુનિવર, જંપઇ જય સિદ્ધિ
ગામી. ૧૨

(૪)

મહોપાધ્યાય શ્રી સમયસુંદરગણિ

ચોવીસી રચના સંવત ૧૬૫૮ વિજયા દશમી.

ખરતરગચ્છમાં શ્રી **સકલચન્દ્રજી** ગણિના શિષ્ય શ્રી **સમયસુંદર** ગણિ થયા છે. તેઓના પિતાનું નામ રૂપશી ને માતાનું નામ લીલાદે. પોરવાડ વંશમાં ગામ સાચોરના રહેવાસી હતા. તેમની દીક્ષા શ્રી જિનચંદ્રસૂરિને હસ્તે થઇ હતી. ગણિપદ પ્રાયે સં૰ ૧૬૪૦ માં મલ્યું હતું.

જૈન ગુજરાતી સાહિત્યમાં ભક્તિ રસના પદો, સજ્ઝાયો, સ્તવનો, અને રાસો, તથા ગીતો અખંડપણે સાઠ વરસ સુધી તેમણે લખ્યા છે. સંસ્કૃત ભાષામાં પણ તેઓએ ગ્રન્થરચના કરી છે. લાહોરમાં **અષ્ટલક્ષી** ગ્રન્થ (એક વાક્યના, આઠ લાખ અર્થ?) બનાવી **અકબર** બાદશાહને રંજીત કર્યા હતા અને ત્યાંથી શ્રી **જિનચંદ્રસૂરિએ** તેમને **વાચક** પદવી સં૰ ૧૬૪૯ માં લાહોરમાં ફાગણ સુદ ૨ ને દિવસે આપી હતી.

વાચક પદ ગુણ વિનયનઈ, સમયસુન્દર નઈ દીધઉ રે.
યુગપ્રધાન જીનઇ કરઇ, જાણિ રસાયણ સીધ ઉ રે.

આ વાચક પદના ઉત્સવની ખુશાલીમાં બાદશાહ અકબરે ખંભાતના બંદર ઉપર એક વર્ષ સુધી કોઇ મગર કે માછલીઓ ન મારે એવો હુકમ કર્યો હતો.

ગૂજરાતથી લાહોર શ્રી**જીનચંદ્રસૂરિ** સાથે ૮૪ શિષ્યો ગયા, તે વખતે શ્રી **સમયસુન્દરજી** વિહારમાં સાથે હતા. ત્યાર બાદ તેઓનો વિહાર મારવાડ-મેવાડમાં થયો. સં૰ ૧૬૫૮ અમદાવાદ, સં૰ ૧૬૫૯ ખંભાત, સંવત ૧૬૬૨ સાંગાનેર, સંવત ૧૬૬૫ આગ્રા, સં૰ ૧૬૬૭

મરોટ, સં૦ ૧૬૬૮ મુલતાન, સં૦ ૧૬૭૨/૭૩ મેડતા, સં૦ ૧૬૭૪/૭૫ આજુબાજુ વિચરી ૧૬૭૬ માં રાણકપુર આવ્યા. સં૦ ૧૬૮૧ માં જેસલમેર, તથા ૧૬૮૨ લોદ્રવપુરથી શ્રી શત્રુંજયના શેઠ ધેરૂભણશાલીના સંઘમાં ગયા હતા, ત્યાંથી નાગોર આવ્યા, જ્યાં શ્રી શત્રુંજય-રાસ રચ્યો. ૧૬૮૩ માં મેડતામાં, સં૦ ૧૬૮૫ લુણકરણસર. સં૦ ૧૬૮૭ પાટણ. આ વર્ષમાં ભારે દુકાળ પડયો. સં૦ ૧૬૮૯ અમદાવાદ, સં૦ ૧૬૯૧ ખંભાત, સં૦ ૧૬૯૪/૯૫ ભલોર, સં૦ ૧૬૯૬ થી ૧૭૦૩ અમદાવાદ, તેઓશ્રીએ ઘરેક તીર્થોની જાત્રા કરી હતી, ને જેસલમેરમાં ઘણો વખત રહ્યા હતા. તેઓશ્રીએ **અખનૂમ મહમદશેખને** ઉપદેશ આપી પંજાબ પ્રદેશમાં જીવદયા પળાવી હતી અને ગાયની મહત્તા ખાસ સમજાવી હતી, મેડતા તથા મંડોવરના રાજાઓ તેમને સારૂં માન આપતા હતા. જેસલમેરના **રાઉલભીમ** પાસે સાંઢ મારવાનું બંધ કરાવ્યું હતું. **મરોટ નગરમાં** શ્રી **જિનદત્તસૂરિ** તથા **જિનકુશલસૂરિનું** સ્મરણ કરવાથી મેઘવૃષ્ટિ થયાનું પોતે શ્રી **મૃગાવતી** રાસમાં જણાવે છે. તેઓશ્રી જુદી જુદી દેશી, રાગો, તથા ઢાલોના સારા જાણકાર હતા, કે જે રાગો દેશીઓનું પાછળના કવિઓએ અનુકરણ કર્યું છે. મૃગાવતી રાસમાં પોતે જણાવે છે :—

સંધી પૂરવ મરૂધર, ગુજરાતી ઢાલ નવનવ ભાતી;
ચતુર વિચક્ષણ તુમે હોઇ ઢાલ મ ભાંગજ્યો કોઇ.

તેઓશ્રીએ આવી રીતે જૈનેતર કવિ **પ્રેમાનંદ** પહેલાં પ્રખ્યાત આખ્યાનકાર તરીકે ઝલકી જૈન સાહિત્યમાં જબરો ફાલો આપ્યો છે.

તેમના માટે, પ્રાચિન અભિપ્રાયો નીચે મુજબ છે.

તેમના શિષ્ય હર્ષનંદન અધ્યાત્મ ષટ્પદિ ગ્રંથની પ્રશસ્તિમાં નીચે મુજબ કહે છે,

"વચનકલા કવિકલા-નિષ્ણાત, તર્ક વાચકવૃત્તિ, સાહિત્યજ્યોતિ, સમયતત્ત્વવિદ્" આ વિશેષણો આપ્યા છે.

કવિ ઋષભદાસ, શ્રી કુમારપાલ રાસમાં કહે છે કે,

(૧૬૬૨ થી ૧૬૮૭)

"સુસાધુ હંસ સમયો સુરચંદ, શીતલ, વચન જીમ શારદચંદ,
એ કવિ મોરા બુદ્ધિ વિશાલ, તે આગલ હું મુરખ બાલ."

અર્વાચીન જૈનેત્તર કવિશ્રી **નાનાલાલ દલપતરામ** તેમને માટે નીચે મુજબ કહે છે.

"શ્રી **સમયસુંદરે** પુષ્કલ કૃતિઓ નાની-મોટી રચી છે અને ગીતો તો અસંખ્ય બનાવ્યા છે, તેમના સંબંધમાં એવી કહેવત છે કે **"સમયસુંદરનાં ગીતડાં** ભીંતના ચીતડાં કે કુંભારાણાના ભીતડાં" એમણે ગૂજરાતી, સીંધી, મારવાડી, મેવાડી, ઢુંઢારી, દિલ્હી, વગેરે અનેક સ્થળોનાં ગીતો તથા દેશીઓ લઇ તેની લયમાં **પોતાની** ઢાળો બનાવી કુશળતાથી રસને ખીલવી કાવ્ય ચાતુરી બનાવી છે અને તે લોકપ્રિય થઇ છે, એટલું જ નહીં પરંતુ કવિપ્રિય પણ થઇ પડી છે.

તેઓશ્રી રચિત શ્રી સંતોષ છત્રીસીની પ્રશસ્તિ નીચે મુજબ છે:-

જિમ નાગોર ક્ષમાછત્રીસી, કર્મ છત્રીસી મુલતાણીની;
પુણ્ય **છત્રીસી** સિદ્ધપુર કીધી, શ્રાવક નઇ હીત જાણીજી. ૩૨

તિમ સંતોષ છત્રીસી કીધી, લુણ કરણ સર, માંહીજી;
મેલ થયઉ માંહોમાંહી, આણંદ અધિક ઊચ્છાહીજી. ૩૩

પાપ ગયું પાંચા વરસાનું, પ્રગટયો પુણ્ય પડુરજી;
પ્રીતિ સંતોષ વધ્યઉ માંહોમાંહી, વાગાં મંગલતુરજી. ૩૪

સંવત **સોલચઉરાસી** વરસે, સરમાંહિ રહી ચઉમાસિજી;
જસ સઉભાગ થયઉ જગમાંહિ, સહુ દીધિ સાબાસીજી. ૩૫
યુગ **પ્રધાન જીનચંદ્રસૂરિસર** સકલચંદ તસ શિસજી;
સમયસુંદર સંતોષછત્રીસી કીધી જગીસજી. ૩૬

આ ઉપરથી જાણી શકાશે કે તેઓએ ગૂજરાતી ભાષામાં સેંકડો ગીતો રચ્યાં છે. કેટલાય વિદ્વાનોના અભિપ્રાય પ્રમાણે એક હજાર ઉપર ગીતો રચ્યા હશે. ગીતોમાં પણ ભાસ, સ્તવન, સોહલાં, ચંદ્રાનલા, હિંડોલના, પર્વગીત, મહિમા ગીત, વધાઇ વગેરે ઘણા પ્રકારો પાડયા છે.

તેઓશ્રી સંસ્કૃત, પ્રાકૃત, અને અપભ્રંશ ઉપરાંત ગૂજરાતી, મારવાડી, હિંદી, પંજાબી, સિંધી, વગેરે ભાષાઓના સારા જાણકાર હતા. ગૂજરાતી અને મારવાડી ભાષામાં તેઓએ વિશેષ કૃતિઓ રચી છે. "સીતારામ ચોપાઇ," દ્રૌપદી ચોપ ઇ, નળદમયંતી રાસ, જેવા મહાકાવ્યો પણ રચ્યા છે. શ્રી નલદમયંતી રાસ પ્રસ્તાવના અને ટીપણ સાથે સને ૧૯૫૭માં પ્રો. રમણલાલ ચી. શાહે (ગૂજરાતી અધ્યાપક સેંટ ઝેવીયર્સ કોલેજ) પ્રગટ કર્યું છે જે અભ્યાસીઓ માટે ઉપયોગી પ્રકાશન છે.

આવી રીતે એક જ વાકય **"राजानो ददते सौख्यम्"** આઠ શબ્દોના વાકયના આઠ લાખ અર્થ કરી બતાવ્યા. તેમના વિદ્યાગુરૂ શ્રી જિનસિંહસૂરિ અને સમયરાજ ઉપાધ્યાય હતા. તેઓનો શિષ્ય પરિવાર લગભગ ૪૨ સંખ્યાનો હતો, કવિશ્રી દેવીદાસ, કવિશ્રી રાજસોમ તથા શ્રી હર્ષનંદન કવિએ શ્રી સમયસુંદરજી માટે પ્રશસ્તિ કાવ્યો રચ્યા છે. તેઓશ્રીએ **સંસ્કૃતમાં** ૨૪ ગ્રંથરચના તથા **ગૂજરાતીમાં** ૩૭ મોટી કૃતિઓ રચી છે. તેઓશ્રીનું અડધી હિંદી તથા અડધી સંસ્કૃત કાવ્યનો નમુનો રજુ કરીએ છીએ. શ્રી ચાર પ્રત્યેક બુદ્ધનો રાસ જેમાં પદ્મવતી જીવ રાશિ ક્ષમાપના છે, તે આગ્રામાં સં. ૧૬૬૫માં રચ્યો, ખાસ વાંચવા જેવો છે.

ભલું આજ ભેટયું, **પ્રભો પાદ પદ્મ**,
ફલી આશ મોરી, **નિતાન્તં વિપદ્મમ્**।
ગયું દુઃખ નાસી, **પુનઃ સૌમ્યદૃષ્ટયા**
થયું સુખ ઝાઝું, **યથા મેઘવૃષ્ટયા**।

શ્રી શત્રુંજયમંડન આદિનાથ સ્તવન રચના ૧૬૯૬ ખાસ મનન કરવા યોગ્ય અને મોઢે કરવા જેવું છે. **આરાધના** સ્તવન છે-આ સાથે છાપ્યું છે.

આવી રીતે લગભગ સાઠ વરસ સુધી સાહિત્ય સેવા કરનાર મહાકવિનો સ્વર્ગવાસ સં. ૧૭૦૩માં અમદાવાદમાં ચૈત્ર સુદ તેરસને દીવસે થયો. અહી તેમના પાંચ સ્તવનો તથા ચાર સજ્ઝાય તથા ૬૬ મલી કુલ નવ કાવ્યો આપ્યા છે.

ગ્રંથ-રચના.

સંસ્કૃત

૧ ભાવ શતક શ્લોક ૧૦૧ ૧૬૪૧ ૨. અષ્ટલક્ષી સં. ૧૬૪૯
૩ ૩૫ કમલા પર અવચૂરિ શ્લોક ૪૦૦ ૧૬૬૩
૪ ચાતુર્માસિક વ્યાખ્યાન, અમરસર ૧૬૬૫
૫ કાલિકાચાર્ય કથા ૧૬૬૬ ૬ સામાચારિ શતક મેડતા ૧૬૭૨
૭ વિશેષ શતક ૧૬૭૪ ૮ વિશેષ સંગ્રહ લુણકર્ણસર ૧૬૮૫
૯ વિસંવાદ શતક ૧૬૮૫
૧૦ ગાથા સહસ્ત્રી ૧૬૮૬ જયતિહુઅણવૃત્તિ પાટણ ૧૬૮૭
૧૧ દશવૈકાલિક સૂત્ર ટીકા, જાલોર શ્લોક ૩૩૫૦ ૧૬૯૧
૧૨ વૃત્ત રત્નાકર વૃત્તિ ૧૬૯૪
૧૩ કલ્પસૂત્ર કલ્પલતા, શ્લોક ૭૭૦૦
૧૪ વીર ચરિત્ર સ્તવટીકા શ્લોક ૧૮૦૦
સંવાદ સુંદર ૩૦૦ રઘુવંશ વૃત્તિ પ્રત ૧૪૫
૧૫ માઘકાવ્ય તૃતીય સર્ગ વૃત્તિ ૧૬ સારસ્વત વૃત્તિ રહસ્યાદિ
૧૭ અનેકાર્થક સ્તવન ગીતો ૧૮ લિંગાનુશાસન અવચૂર્ણિ (અપૂર્ણ)

૧૯ વાગ્ભટાલંકાર ટીકા, ષડાવશ્યક બાલાવબોધ.
૨૦ વૃત્તરત્નાકર વૃત્તિ. ૨૧ મંગલવાદ
૨૨ સંદેહ દોલાવલી પર્યાય ૨૩ પ્રશ્નોત્તરસાર સંગ્રહ
૨૪ વિચાર શતક ૨૫ ખરતરગચ્છ પટ્ટાવલી કથા કોષ
૨૬ નવતત્ત્વ દંડક પ્રકરણ વૃત્તિ ૨૭ સપ્ત સ્મરણવૃત્તિ
૨૮ જય તિહુઅણ કલ્યાણમંદિર આદિ સ્તોત્રની વૃત્તિઓ

ગૂજરાતી

૧ શ્રી ચોવીસી સ્તવનો ૧૬૫૮ ૨ શ્રી તીર્થમાલા સ્તવન ૧૬૫૯
૩ શાંબ પ્રદ્યુમ્ન પ્રબંધ, ઢાલ ૨૧ ગાથા ૫૩૫ ખંભાત, ૧૬૫૯
૪ દાનશીલ ભાવના સંવાદ, સાંગાનેર, ૧૬૬૨
૫ ચાર પ્રત્યેક બુદ્ધનો રાસ આગ્રા ૧૬૬૫
૬ મૃગાવતિ દુષ્કાળ છત્રીસી, રાસ મુલતાન ૧૬૬૮
૭ ક્ષમા છત્રીસી નાગોર ૧૬૬૮ ૮ કર્મ છત્રીસી મુલતાન ૧૬૬૮
૯ પુન્ય છત્રીસી મુલતાન ૧૬૬૯
૧૦ સિંહલસુત પ્રિય મેલકરાસ મેડતા ૧૬૭૨
૧૧ પુન્યસાર રાસ ચરિત્ર ૧૬૭૨
૧૨ નલ-દમયંતી રાસ. મેડતા ૧૬૭૩
૧૩ રાણકપુર સ્તવન રાણકપુર ૧૬૭૬
૧૪ સીતારામ પ્રબંધ ચોપાઇ મેડતા ૧૬૭૭
ખંડ નવ. ગાથા ૩૭૦૦
૧૫ મૌન એકાદસી. જેસલમેર ૧૬૮૧
૧૬ વલ્કલચિરી રાસ ,, ૧૬૮૧
૧૭ વસ્તુપાળ તેજપાળ રાસ. તીમનપુર ૧૬૮૨
૧૮ સંવાદ સુંદર ૧૬૮૨ ૧૯ શ્રી શત્રુંજય રાસ. નાગોર ૧૬૮૨
૨૦ બાર વ્રત રાસ ૧૬૮૫ ૨૧ સંતોષ છત્રીસી ૧૬૮૯
૨૨ દુષ્કાળ છત્રીસી ૧૬૯૦ ૨૩ થાવચ્ચા ચોપાઇ ૧૬૯૧

૨૪ સ્થુલિભદ્ર રાસ ૧૬૯૧ ૨૫ સુલ્લક કુમાર રાસ ૧૬૯૪
૨૬ ચંપક શ્રેષ્ઠી ચોપાઈ જાલોર ૧૬૯૫
૨૭ શ્રી ગૌતમ પૃચ્છા ચોપાઇ ૧૬૯૫
૨૮ ધનદત્ત ચોપાઇ અમદાવાદ ૧૬૯૬
૨૯ શ્રી ચોવીશી ૧૬૯૬ ૩૦ બીજી ચોવીશી ૧૬૯૭
૩૧ વિહરમાન ચોવીશી ૧૬૯૭ ૩૨ સાધુ વંદના ૧૬૯૭
૩૩ પૂજા ઋષીનો રાસ ૧૬૯૮ ૩૪ પાપ છત્રીસી અમદાવાદ ૧૬૯૮
૩૫ આલોયણા છત્રીસી. મેડતા ૧૬૯૮ ૩૬ કેશી પ્રદેશી પ્રબંધ. ૧૬૯૮
૩૭ શ્રી શત્રુંજયમંડન આદિનાથ સ્તવન ૧૬૯૯
હસ્ત લિખિત પ્રત છપાઇ છે. આનંદ કાવ્ય મહોદધિ ભા. ૭, પ્રકાશક-દેવચંદ લાલભાઇ સુરત.
૩૮ દ્રુપદી સતી ચોપાઇ ૧૭૦૦

શ્રી ઋષભદેવ જિન સ્તવન.

(રાગ-માર)

ઋષભદેવહો મેરા હો,
પુન્ય સંયોગી પામીયો સ્વામી દરસણ તોરા હો. ॥૧॥
ચોરાસી લખ હૂં ભમ્યો, સ્વામી ભવના ફેરા હો;
દુઃખ અનંતા મેં સહ્યા, તિહાં બહુતેરા હો. ॥૨॥
ચરન ન છોડું તાહરા સ્વામી, અબકી બેરા હો;
સમયસુંદર કહે સ્વામી, તુમથી કોન ભલેરા હો. ॥૩॥

શ્રી શાંતિનાથ જિન સ્તવન.

(રાગ-મારવણી)

શાંતિનાથ તું સુણહુ સાહિબ, સરણાગત પ્રતિ પાલોજી;
તિણહૂં તોરે સરણે આયો, સ્વામી નયને નિહાલોજી.
શાંતિ૦ ૧.

દયાલ તારોજી, મુઝ આવાગમન નિવારોજી;
હું સેવક શાંતિ તુમારોજી, તું સાહિબ શાંતિ હમારોજી.
શાંતિ૦ ૨.
પૂરવ ભવ પારેવો રાખ્યો, તિમ મુઝ ચરણે રાખોજી;
દીન દયાળ કૃપા કરી સ્વામી, મુઝને દરસણ દાખોજી.
શાંતિ૦ ૩.
શાંતિનાથ સોલમા તીર્થંકર, સેવે સુરનર કોડીજી;
પાયકમલ પ્રભુના નિત પ્રણમત, **સમયસુન્દર** કરજોડીજી.
શાંતિ૦ ૪.

શ્રી નેમિનાથનું સ્તવન.

યાદવરાય જીવો કોડ વરીસ, ગગનમંડલ પ્રમુદિત,
ઉડિન દે પંખી આશીશ. યાદવ૦ ॥૧॥
હમ ઉપરિ કરૂણા તેં કીની,
જગજીવન જગદીશ. યાદવ૦ ॥૨॥
તોરણથી રથ ફેર સિધારે;
જોય રહ્યો સુજગીસ. યાદવ૦ ॥૩॥
સમુદ્રવિજયરાજાકો અંગજ,
સુરનર નામે શીશ. યાદવ૦ ॥૪॥
સમયસુંદર કહે નેમિ જિણુંદકું;
તેરો નામ જપૂં નિશદીન. યાદવ૦ ॥૫॥

શ્રી પાર્શ્વનાથજી સ્તવન.

(રાગ–દેવગંધાર.)

માઈ આજ હમારે આણંદા, **પાર્શ્વકુમાર** જિણુંદકે આગે,
ભકિત કરે ધરણિંદા. હમારે૦ ॥૧॥

થેઇ થેઇ તત થેઇ તત થઇ પદ્માવતી, ગીત ગાન મુખ વંદા;
શાસ્ત્ર સંગીત ભેદ પદ્માવતી, નૃત્યતિ નવઈ છંદા.
હમારે૦ ॥૨॥
સફલ કરે અપણી સુર પદવી, પ્રણુમત પાપ અરવિંદા;
સમયસુન્દર કહે પ્રભુ પર ઉપગારી, જય જય પાર્શ્વજિણુંદા.
હમારે૦ ॥૩॥

શ્રી મહાવીર જિન સ્તવન.

(રાગ-પરહેા.)

એ **મહાવીર** કછૂ દેા મોહે દાન, હૂં દ્વિજ મીન તું દાતા પ્રધાન;
ખૂટી કનકકી ધાર અષ્ટ કેાટિ લખ કેાડિ માન. એ૦ ॥૧॥
એ મેં કછુ મૈં ન પાયેા પ્રાપતિ પુન્ય નિધાન. એ૦ ॥૨॥
અનવ દેવદુષ્ય અર્દ્ધ દીનેા કૃપાનિધાન;
ગુણ **સમયસુન્દર** ગાયેા, કેા નહીં પ્રભુ સમાન. એ૦ ॥૩॥

સજઝાય.

(વીરા મેારા ગજ થકી ઉતરેા)

વીરા મેારા ગજ થકી ઉતરેા, ગજ ચઢે કેવળ ન હેાય રે,
વીરા મેારા ગજ થકી ઉતરેા.
ઋષભદેવ તિહાં મેાકલે, બાહુબળજીની પાસે રે;
બંધવ ગજ થકી ઉતરેા, બ્રાહ્મિ સુંદરી એમ ભાષે રે.
વીરા૦ ૧

લેાચ કરીને ચારિત્ર લિયેા, વળી આવ્યું અભિમાન રે;
લઘુ બંધવ વાંદુ નહીં, કાઉસ્સગે રહ્યા શુભધ્યાન રે.
વીરા૦ ૨

વરસ દિવસ કાઉસગ્ગ રહ્યા, શીત તાપથી સૂકાણા રે;
પંખીડે માળા ઘાલ્યીઆ, વેલડીએ વીંટાણા રે.
વીરા૦ ૩

સાધ્વીના વચન સુણી કરી, ચમકયેા ચિત્ત મેાઝાર રે;
હયગય રથ સહુ પરિહર્યા, વળી આવ્યેા અહંકાર રે.
વીરા૦ ૪

વૈરાગ્યે મન વાળીયું, મૂકયું નિજ અભિમાન રે;
પગ રે ઊપાડયેા વાંદવા, ઊપન્યું તે કેવળજ્ઞાન રે.
વીરા૦ ૫

પેાહતા તે કેવળી પરષદા, બાહુબળ મુનિરાય રે;
અજરામર પદવી લઈ, **સમયસુંદર** વંદે પાયરે;
વીરા મેારા ગજ થકી ઊતરેા. વીરા૦ ૬

પદ.

(નિદ્રા ઉપર.)

(સેાઇ સેાઈ સારી રેન ગુમાઇ)

સેાઈ સેાઇ સારી રેન ગુમાઈ,
બેરન નિદ્રા કહાંસે રે આઈ. સેાઈ૦
નિદ્રા કહે મેં તેા બાલી રે ભેાલી,
બડે બડે મુનિજનકું નાખું રે ઢેાલી.
નિદ્રા કહે મેં તેા જમકી દાસી,
એક હાથે મૂકિત બીજે હાથે ફાંસી.
સમયસુન્દર કહે સુનેા ભાઈ બનીયા,
આપ મૂએ સારી ડૂબ ગઈ દુનીઆં. સેાઈ૦

તીર્થમાલા સ્તવન.

શત્રુંજે ઋષભ સમોસર્યા ભલા ગુણ ભર્યા રે,
સિદ્ધા સાધુ અનંત; તીરથ તે નમું રે. ૧
તીન કલ્યાક તિહાં થયાં મુગતે ગયા રે, **નેમીશ્વર ગિરનાર;**
અષ્ટાપદ ચોક દેહરો, ગિરિસેહરોરે, ભરતેં ભરાવ્યાં બિંબ;
આબુ ચૌમુખ અતિ ભલો,
ત્રિભુવન તિલોરે વિમલવસઇ વસ્તુપાલ. તી૦ ૨
સમેતશીખર સોહામણો, રલિયામણોરે, સિદ્ધા તીર્થંકર વીશ;
નયરીચંપા નિરખીએ, હૈયે હરખીએ, સિદ્ધા શ્રી વાસુપૂજ્ય.
તી૦ ૩
પૂર્વ દિશે **પાવાપુરી** ઋદ્ધિ ભરીરે, મુકિત ગયા મહાવીર;
જેસલમેર જુહારીએ, દુઃખ વારીયેરે, અરિહંત બિંબ અનેક.
તી૦ ૪
બિકાનેર જ વંદિએ, ચિર નંદીયેરે, અરિહંત દેહરાં આઠ;
સેરિસરો, સંખેશ્વરો, પંચાસરોરે ફલોધી, થંભણપાસ.
તી૦ ૫
આંતરિક, અંજાવરો, અમિઝરોરે, જીરાવલો, જગનાથ;
"ત્રૈલોકયદીપક" દેહરા, જાત્રા કરો રે, રાણપુરે રિસહેશ.
તી૦ ૬
શ્રી **નાહુલાઇ** જાદવો, **ગોડી સ્તવોરે, શ્રી વરકાણો** પાસ;
નંદીશ્વરનાં દેહરાં બાવન ભલાં રે, રૂચક કુંડલે ચાર ચાર.
તી૦ ૭
શાશ્વતી અશાશ્વતી, પ્રતિમા છતી રે, સ્વર્ગ મૃત્યુ પાતાલ;
તીરથયાત્રા ફલ તિહાં, હોજો મુજ ઈહાંરે, **સમયસુંદર** કહે એમ.
તી૦ ૮

સજ્ઝાય

(મન ઉપર)

(ધોબીડા તું ધોજે મનનું ધોતીયું રે)

ધોબીડા તું ધોજે મનનું ધોતીયું રે,
રખે રાખતો મેલ લગાર રે;
એણે રે મેલે જગ મેલો કર્યો રે,
વિણ ધોયું ન રાખે લગાર રે. ધો૦ ૧

જિનશાસન સરોવર સોહામણું રે, સમકિત તણી રૂડી પાલી રે;
દાનાદિક ચાર બારણાં રે, માંહી નવ તત્ત્વ કમલ વિશાળ રે.
ધો૦ ૨

તિહાં ઝીલે મુનિવર હંસલા રે, પીયે છે તપ જપ નીર રે;
શમ દમ આદે જે શીખ રે, તિહાં પખાલે આતમ ચીર રે.
ધો૦ ૩

તપવજે તપ તડકે કરી રે, જાળવજે નવ બ્રહ્મ વાડ રે;
છાંટા ઉડાડે પાપ અઢારના રે; એમ ઉજળું હોશે તતકાલ રે.
ધો૦ ૪

આલોયણ સાબુડો સૂધો કરે રે, રખે આવે માયા શેવાળ રે;
નિશ્ચે પવિત્રપણું રાખજે રે, પૂછે આપણાં નિયમ સંભાળ રે.
ધો૦ ૫

રખે મૂકતો મન મોકળું રે, પડ મેલીને સંકેલ રે;
સમયસુંદરની શીખડી રે, સુખડી અમૃતવેલ રે.
ધો૦ ૬

સ્થૂલભદ્ર-સજ્ઝાય.

પ્રીતલડી ન કીજે રે નારી પરદેશીયાં રે, ખિણ ખિણ દાઝે દેહ;
વિછડીયાં વાલેસર મલવો દોહિલો રે, સાલે સાલે અધિક સ્નેહ.
....પ્રીત૦ ૧

આજ ન આવ્યા કાલે મ ભાલસો રે,ભમર ભમંતો જોઇ;
સાજનીયાં વોલાવીને વલતાં આવતાં રે,ધરતી ભારી થાય.
....પ્રીત૦ ૨

મનના મનોરથ મનમાંહિ રહ્યા રે, કહાંઇ કેરી સાથિ;
કાગલીઓ ને લિખતાં ભીનો આંસૂએ રે, કે ચઢીઓ વયરીડા હાથિ.
....પ્રીત૦ ૩

ઇણિપરિ થૂલભદ્ર કોસ્યા બુઝવી રે, સીયલ રયણ સિણગાર;
સીયલ સુરંગી પહિરી ચુનડી રે, **સમયસુંદર** સુખકાર.
....પ્રીત૦ ૪

આલોચના સ્તવન.

શ્રી શત્રુંજય મંડન આદિનાથ સ્તવન.

(સંવત ૧૬૯૬ ભાદરવા સુદ ૧૩)

એ કરજોડી વિનવું જી, સુણિ સ્વામી સુવિદિત,
કૂડ કપટ મૂકી કરીજી, વાત કહું આપવીત;
કૃપાનાથ મુઝ વિનતિ અવધાર,
તું સમરથ ત્રિભુવન ધણીજી, મુજને દુસ્તર તાર.–કૃપા૦ ૧
ભવસાયર ભમતાં થકાંજી, દીઠા દુઃખ અનંત;
ભાગ્ય સંયોગે ભેટિયોજી, ભય ભંજણ ભગવંત.–કૃપા૦ ૨
જે દુઃખ ભાંજે આપણાજી, તેહને કહિયે દુઃખ,
પરદુઃખભંજન તૂં સુણ્યોજી, સેવકને દ્યો સુખ.–કૃપા૦ ૩

આલોયણ લીધા પખીજી, જીવ રૂલઈ સંસારિ;
રૂપી લખણા મા સતીજી, એહ સુણ્યઉ અધિકાર.-કૃપા૦ ૪
દૂષમ કાલે દોહિલોજી, શુદ્ધ ગુરુ સંયોગ;
પરમારથ પ્રીછે નહીંજી, ગડર પ્રવાહી લોક.-કૃપા૦ ૫
તિણ તુંજ આગલ આપણાજી, પાપ આલોઉં આજ;
માંય બાપ આગલ બોલતાંજી, બાલક કહી લાજ.-કૃપા૦ ૬
જિનધર્મ જિનધર્મ સહુ કહેજી, થાપે આપણીજ વાત;
સામાચારી જુઈ જુઈ જી, સંશય પડયાં મિથ્યાત.-કૃપા૦ ૭
જાણ અજાણપણે કરીજી, બોલ્યા ઉત્સૂત્ર બોલ;
રતને કાગ ઉડાવતાજી, હાર્યો જનમ નિટોલ-કૃપા૦ ૮
ભગવંત ભાખ્યો તે કહાંજી કિહાં મુઝ કરણી એહ;
ગજ પાખર ખર કિમ સહેજી, સબલ વિમાસણ તેહ.-કૃપા૦ ૯
આપ પ્રરૂપ્યું આકરૂંજી, જાણે લોક મહંત;
પિણ ન કરૂં પરમાદિયોજી, માસાતુસ દૃષ્ટાંત.-કૃપા૦ ૧૦
કાલ અનંતે મેં લહ્યાંજી, તીન રતન શ્રીકાર;
પિણ પરમાદે પાડિયાંજી, કિહાં જઇ કરૂં પુકાર.-કૃપા૦ ૧૧
જાણું ઉત્કૃષ્ટી કરૂંજી, ઉદ્યત કરૂં અ વિહાર;
ધીરજ જીવ ધરે નહીંજી, પોતે બહુ સંસાર.-કૃપા૦ ૧૨
સહજ પડયઉ મુઝ આપણીજી, ન ગમઇ ભુંડી વાત;
પરનિંદા કરતાં થકાંજી, જાયઇ દિન નઇ રાતિ.-કૃપા૦ ૧૩
કિરિયા કરતા દોહિલીજી, આલસ આણઇ જીવ;
ધરમપખી ધંધઇ પડયઉજી, નરગઇ કરિસ્યઇ રીવ.-કૃપા૦ ૧૪
અણહુતાં ગુણ કો કહઇજી, તઉ હરખું નિસદીસ;
કો હિતસીખ ભલી કહઇજી, તઉ મનિ આણું રીસ.-કૃપા૦ ૧૫
વાદ ભણી વિદ્યા ભણીજી, પરરંજણ ઉપદેસ;

મન સંવેગ ધરયઉ નહીંજી, કિમ સંસાર તરેસિ.–કૃપા૦ ૧૬
સૂત્ર સિદ્ધાંત વખાણતાંજી, સુણતાં કરમ વિવાગ;
ખિણુ ઇક મનમાંહિ ઉપજઈજી, મુઝ મરકટ વઇરાગ.–કૃપા૦ ૧૭
ત્રિવિધ ૨ કરી ઉચરૂંજી, ભગવંત તુમ્હ હજુરિ;
વાર વાર ભાંજુ વલીજી, છૂટક બારઉ દુરિ.–કૃપા૦ ૧૮
આપ કાજિ સુખ રાચતઇજી, કીધી આરંભ કોડિ;
જયણા ન કરી જીવનીજી, દેવદયા પર છોડિ.–કૃપા૦ ૧૯
વાચનદોષ વ્યાપક કહ્યાજી, દાખ્યા અનરથ દંડ;
કુડ કહ્યઉં બહુ કેલવીજી, વ્રત કીધઉ સતખંડ.–કૃપા૦ ૨૦
અણ દીધું લીજઈ ત્રિણુંજી, તઉહિ અદત્તાદાન;
તે દુષણ લાગાં ઘણાંજી, ગિણતા નાવઇ ગાન.–કૃપા૦ ૨૧
ચંચલ જીવ રહઇ નહીંજી, રાચઇ રમણી રૂપ;
કામ વિટંબણ સી કહુંજી, તું જાણઇ તે સરૂપ.–કૃપા૦ ૨૨
માયા મમતામઈ પડયઉજી, કીધઉ અધિકઉ લોભ;
પરિગહ મેલ્યઉ કારિમઉજી, ન ચડી સંયમ સોભ.–કૃપા૦ ૨૩
લાગા મુઝનઇ લાલચઇજી, રાત્રીભોજન દોષ;
મઈ મન મૂંકયઉ મોકલઉજી, ન ધરયેાં ધરમ સંતોષ.–કૃપા૦ ૨૪
ઈણુ ભવિ પરભવિ દુહવ્યાજી, જીવ ચઉરાસી લાખ;
તે મુઝ મિચ્છામિ દુક્કડંજી, ભગવંત તોરી સાખિ.–કૃપા૦ ૨૫
કરમાદાન પનર કહ્યાજી, પ્રગટ અઢારહ પાપ;
જે મઈ સેવ્યા તે હવઇજી, બગસી ૨ માયબાપ.–કૃપા૦ ૨૬
મુઝ આધાર છઇ એતલઉજી, સરદહણા છઇ સૂધ;
જિનધર્મ મીંટઉ મનિ ગમઇજી, જિમ સાકરસું દૂધ.–કૃપા૦ ૨૭
રિષભદેવ તું રાજીયઉજી, શેત્રુંજે ગિરિ સિંણગાર;
પાપ આલોઆં આપણાજી, કરિ પ્રભુ ! મોરી સાર.–કૃપા૦ ૨૮

મર્મ એહ જિનધર્મનઉજી, પાપ આલોયાં જાઇ;
મનસું મિચ્છામિ દુક્કડઉંજી, દેતાં દૂરિ પુલાઇ.-કૃપા૦ ૨૯
તું ગતિ તું મતિ તું ધણીજી, તું સાહિબ તું દેવ!
આણુ ધરૂં સિરિ તાહરીજી, ભવિ (૨) તોરી સેવ.-કૃપા૦ ૩૦

કલશ

ઇમ ચડિય શેત્રુંજ ચરણ ભેટયા નાભિનંદન જિનતણા,
કર જોડિ આદિ જિણંદ આગઇ પાપ આલોયાં આપણાં;
જિણચંદસૂર સૂરીશ સદ્‌ગુરુ પ્રથમ શિષ્ય સુજસ ઘણુઉ,
ગણિ **સકલચંદ** સુસીસ વાચક **સમયસુંદર** ગુણ ભણઇ. ૩૧

ઇતિ શ્રી શેત્રુંજય મંડણ શ્રી આદિનાથ સ્તવનં સમાપ્તં.
સંવત સોલ સો ૯૯ વર્ષે ભાદ્રવા સુદિ ૧૩ દિને લિખિતં સ્વયમેવ.

(૩)

શ્રી નન્નસૂરિ.

[રચના સંવત ૧૫૫૦ આસપાસ]

શ્રી કોરંટ ગચ્છમાં શ્રી સર્વદેવસૂરિના શિષ્ય શ્રી નન્નસૂરિએ પંચતીર્થ સ્તવનની રચના સંવત ૧૫૫૦ ની આસપાસ કરી છે. બીજા પણ ઘણા સ્તવનો, સજ્ઝાયો, પ્રભાત-ગીતો વગેરે રચ્યાં છે. સંવત ૧૫૬૯માં ખંભાતમાં અને સંવત ૧૫૭૩માં માતરમાં અંજન-શલાકા કરાવી હતી એમ પ્રતિમાના લેખો ઉપરથી જણાય છે. આ સાથે તેમનું **પંચતીર્થ સ્તવન** આપ્યું છે. તેઓશ્રીની મુખ્ય કૃતિઓ નીચે મુજબ છેઃ—

૧	શ્રી શાન્તિનાથ સ્તવન	સંવત	૧૫૪૩
૨	વિચાર ચોસઠી	,,	૧૫૪૪ ખંભાત
૩	શ્રી ગજસુકુમાર રાજર્ષિ સજ્ઝાય	,,	૧૫૪૮ ખંભાત.
૪	શ્રી દશ શ્રાવક બત્રીસી	,,	૧૫૫૩ ચિતોડ.
૫	શ્રી અર્બુદ ચૈત્યપ્રવાડી	,,	૧૫૫૪ આણંદપુરિ.
૬	શ્રી મિચ્છા દુક્કડ સજ્ઝાય	,,	૧૫૫૯
૭	શ્રી મહાવીર સત્તાવીસ ભવ સ્તવન	,,	૧૫૬૦

શ્રી ઋષભદેવ સ્તવન (શત્રુંજય સ્તવન)

શ્રી શત્રુંજ રલીઆમણું, તીરથ કેરો રાયો, પાપતણા ભરચૂરવા મોટો જસ ભડવાયો બહુ દિન કેરો મુઝ મનિ એહનિઅ છે ઉમાહો । એણે તીરથ જાત્રા કરી જાણું લ્યુ ભવલાહો ॥૧॥ પુહતલા આદિ જિણેસર પૂરવ વાર નવાણું પંખ કરી એણે તીરથે જઇ ઇં હું ઇમ જાણું । સુરતરૂ

જિમ મન વંછિત પૂરવે રાયણ રૂંખ પેખીય આ દિલ પગલડાં દૂરિ ગયાં સવિદુઃખ ॥૨॥ આદિલ જીવનો જીવન જોતું નયણુડે નિરખું તા લહું આણંદ અતિઘણેા । હઈ-ડલાલિંતર હરખું ચિહુંગતિ માંહિ ભમી કરી મુઝમન ગાઢેા અલીણેા નિરૂપમ તાહરી મૂરતિ પેખીય નિશ્ચલ લીણેા ॥૩॥ પુંડરીક ગુણવંતેા ગુણે ગિરૂએા જગિ ગણધાર પંચકેાડિ મુનિ પરવર્યા, જસ પૂછિ પરિવાર ચૈત્રીય પુનિમ દિહાડલે મુગતિ ગયા ઇણિ ઠામ તું એ તીરથ શિરલહેા પુંડરગિરિ ને એ નામ ॥૪॥ નાભિરાયાં કુલ અતિ ભલું ધન જનની મરૂદેવા કેાડ ગમે સેવા કરે જેહના પુત્રની દેવા । ભણે **નન્નસૂરિ** બાલક જિમ આપણા તાતને પાસે સાસય સુખના સુખડી માગું મનને ઉલ્લાસે ॥૫॥

શ્રી શાંતિનાથનું સ્તવન. (દહીઊદ્રાપુર શાંતિનાથ)

દહીઊદ્રાપુરિ દીપઇ, જોતા નયણુ ન છીપઇ ।
શાંતિ જિણેસર સ્વામી વિનવું તુંમ શિરનામી ॥૧॥
ઇણિ જગી અતિ ઘણેા આજે, મહિમા તાહરેા ગાજે ।
અલીય વિઘન સવિ ભાજે, તિહું અણુજય ઢક્કા વાજે ॥૨॥
ચક્કા હિવતણી પદવી, ભેાગ અનેાપમ ભેાગવી ।
તૃણ જિમ તે સહું છંડી, મેાહ તણું બલ ખંડી ॥૩॥
તીર્થંકર પદ પામી, અવસરિ શિવપુર ગામી ।
શાંતિ જિણેસર સેાલમેા, ભાવિ ભવિયણુ સેાઈ નમેા ॥૪॥
જિણવરને પાયે લાગુ, અવર ન કાંઈય ન માગું ।
ભણે **નન્નસૂરિ** તુમ્હ સેવા, સમરથ તુંહિજ દેવા ॥૫॥

શ્રી નેમનાથ સ્તવન. (શ્રી ગીરનાર સ્તવન)

ઉજલિગિરિ અમ્હે જાયસ્યું એ,
એણે તીરથિ નિમ્મલિ થાયસ્યું એ ।
નેમિ જિણંદ બાવીસમો એ,
મુઝ હઇડલાલિતર વીસમો એ ॥૧॥
નેહલીયે મનનો આમલો એ, પૂજી જે નેમિજી સાંમલો એ ।
કરમ તણા મલ જિમદલે એ,
એણિ મુગતિ રમણી સિરસામલે એ ॥૨॥
રાયમઈ રાયમઈ રામઈ એ, પ્રભુ છાંડીય મનમથને દમઈ એ ।
ઉજમિઉજલિ ગિરિ જઇએ, વ્રત લીધું એકમનાં થઇએ ॥૩॥
પશુઅ જીવ ઉગારીઆ એ,
તેં ભવિયણ અતિઘણું તારીઆએ ।
તું હિજ પીડિયાં પીહરૂ એ, તું સરણાગત વજ્જ પંજરૂ એ ॥૪॥
નેમિ જિણેસર સેંધણીએ, નવિ મેહલું સેવા તુમ તણી એ ।
કરૂણા સાયર હિત ધરૂ એ,
ભણે **નન્નસૂરિ** સેવક ઉધરૂ એ ॥૫॥

શ્રી પાર્શ્વનાથ સ્તવન-(શ્રી સ્થંભવન પાર્શ્વનાથ સ્તવન.)

સકલ મૂરતિ ત્રેવીસમો સ્વામી, ખંભાયત પુરમંડણો એ ।
નવનિધિ પામીયે જેહને નામે, પાસ જિણેસર થંભણો એ ॥૧॥
જાસુ પસાઉલે કરે સાનિધિ, ધરણેંદ્રનેં પદમાવતી એ ।
ભોગ સંયોગની અવિહડ ઋદ્ધિ પામી જે મન ભાવતી એ ॥૨॥
દીસે થોડલા કલિમ ઝાર, મહિમા અવર દેવતા તણો એ ।

ઇણિ જગિમાંને વરણ અઢાર, દેવ દેહરાસર થંભણો એ ॥૩॥
ન્યાન પખે કિમ જાણીએ આજ. થંભણ પાસતું મારડી એ ।
જિન ગુણ ગાઇં નવલે નાઠિ, મનને રંગે ગોરડી એ ॥૪॥
જયવંત થંભણ પાસ જિણંદ સેવક વંછિત સુરતરૂ એ ।
નયણ સોહાવે પુનિમચંદ, ભણે **નન્નસૂરિ** સેવક ઉદ્ધરૂ એ ॥૫॥

શ્રી વીરજિન સ્તવન—(સાચોર મહાવીર સ્તવન.)

સાચોર પુરવર જગહ વિખ્યાત, જાગતા અતિ ઘણું જસ અવદાત
જેણે જીતું ભાવન વારહમીર,
સોઇ નમું ચઉવીસમા શ્રીમહાવીર ॥૧॥
તું અદંડ જિનવર ગુણહ ભંડાર, મૂરખ કિમ હું પામુઅપાર ।
વીનવું ભોલુડો હું જિમ બાલ, તાત તુમ્હારી કરી સંભાલ ॥૨॥
હવડાંએ તાહરૂં શાસન દીપે જેહ તણેવસિ ભવતૃષા છીપે ।
જેનર પીધું ન કરણ કચોલે માણસ ભવ ગયો આલેલોલે ॥૩॥
હિનદૃષ્ટિ મૂકી અમી અમ છંટ, તુંમસીઝે એકાજ નિઘંટ ।
વલી વલી માંગું એ હું તુમ પાસે,
સેવા એ તાહરી મનને ઉલ્લાસે ॥૪॥

કલશ.

પંચઈ તિરથ પંચ જિનેસરૂ, પંચમી ગતિ પુહતા સુંદરૂ.
નન્નસૂરિ ઇમ છંદે નવ નવે, વીનવ્યા સુખદાયક તેસવે. ૫

(૫)

શ્રી જિનરાજસૂરિ.

[ચોવીસી–રચના સંવત. ૧૬૯૪.]

શ્રી જિનરાજસૂરિના પિતાનું નામ **ધર્મસીંહ** ને માતાનું નામ **ધારલદેવી** હતું. તેઓશ્રીનો જન્મ સં૦ ૧૬૪૭ વૈશાખ સુદ ૭ થયો હતો સં૦ ૧૬૫૬ માં બિકાનેરમાં માગશર સુદ ૩ ને દિવસે શ્રી જિનસિંહસૂરિ પાસે દીક્ષા લીધી. વાચકપદ સં૦ ૧૬૫૮ માં મળ્યું, ને આચાર્ય પદવી સં૦ ૧૬૭૪, ફાગણ સુદ ૭ ના મેડતામાં (ફલોધી પાસે) થઇ હતી.

શ્રી ખરતરગચ્છમાં શ્રી જિનસિંહસૂરિના શિષ્ય આ પ્રખ્યાત આચાર્યશ્રી થયા છે. તેઓશ્રીની ચોવિસી પ્રાચીન છે, ને ભાષા પણ જૂની ગુજરાતી છે. તેઓના શિષ્ય, શ્રી જિનરત્નસૂરિએ પણ ચોવિસી રચી છે. એવું કહેવાય છે, કે તેમને અંબિકાદેવીએ વરદાન આપ્યું હતું. તેઓશ્રીએ જેસલમેરમાં, ભણશાલી થેરૂશાહે જીર્ણોદ્ધાર કરેલા શ્રી ચિંતામણી પાર્શ્વનાથની ચૈત્યની પ્રતિષ્ઠા કરી છે. સ૦ ૧૬૭૫માં શ્રી શત્રુંજયતીર્થ ઉપર અમદાવાદના સંઘપતિ સોમજીના પુત્ર રૂપજીએ બનાવેલા ચતુર્મુખ દેરાસરમાં *શ્રી ઋષભાદિચોમુખજી તથા* બીજા ૫૦૧ બિંબોની પ્રતિષ્ઠા કરી તેઓશ્રીએ ધંધાણી નગરમાં ઘણો વખત થયા જમીનમાં રહેલી પ્રતિમાને પ્રશસ્તિના અક્ષરો જોઇ પ્રગટ કરી હતી. ભાણવડમાં તથા મેડતામાં ૧૬૭૭ માં પ્રતિષ્ઠા કરી હતી. તેમણે તર્કશાસ્ત્ર, વ્યાકરણ, છંદ, અલંકાર, કોશ, કાવ્યાદિનો સારો અભ્યાસ કર્યો હતો. યોગાભ્યાસી શ્રી જ્ઞાનસારજી તેઓ માટે કહેતા હતા કે,

"જિનરાજસૂરે બાબા તો અવધ્ય વચની."

તેઓશ્રી સં૦ ૧૬૯૯ માં અષાડ સુદ ૯ ને દિવસે પાટણમાં સ્વર્ગવાસ પામ્યા હતા. તેમની કૃતિઓમાં

૧. નૈષધ કાવ્ય ઉપર સંસ્કૃત ટીકા.

૨. ગજસુકુમાલ રાસ જે તેમના શિષ્ય જિનરત્નસૂરિએ પૂરો કર્યો છે.

૩. શ્રી ગોડીપાર્શ્વનાથ લઘુસ્તવન ૭ કડીનું.

શ્રી ઋષભજિન સ્તવન.

(૧)

(ઢાળ)

મન મધુકર મોહી રહ્યો. **ઋષભ**ચરણ અરવિંદ રે;
ઉડાયો ઉડે નહીં, લીણો ગુણ મકરંદ રે. મન૦ ૧

રુપે રુડે ફૂલડે, અલવિન ઉડી જાય રે;
તીખાહી કે તક તણા, કંટક આવેદાય રે. મન૦ ૨

જેહનો રંગ ન પાલટે, તેહસ્યું મિલીએ ધાય રે;
સંગ ન કીજે તેહનો, જે કામ પડયા કુમલાયરે. મન૦ ૩

જે પરવશ બંધન પડયા, લોકાં હાથી બિકાયે રે;
જે ઘરઘરના પ્રાહુણા, તિણસ્યું મિલે બલાયે રે. મન૦ ૪

ચઉવિહ સુરકર મધુકર સદા, અણુહુતે એક કોડિ રે;
ચરણકમલ **જિનરાજના**, સેવે બે કર જોડી રે. મન૦ ૫

શ્રી શાંતિનાથ સ્તવન.

(૨)

(સં૦ ૧૬૯૪)

કાલ અનંતા અનંત, ભવમાંહી ભમતાં હો જે વેદન સહી;
શું કહીયે હેઇ નામ, બ્રાહ્મણ પણ હો ગત તિથિ વાંચે નહી. ૧
પારેવાશું પ્રીત, તેં જિમ કીધી હો તિમ તું હીજ કરે;
સાંભલી એ અવદાત, સહુકો સેવક હો મન આશા ધરે. ૨
હું આવ્યો તુમ તીર, મહિર કરી મુજપર હો સોમ નજર ધરો;
ન લહે અંતર પીડ, અંતરજામી હો તું કિમ માહરો. ૩
શાનો દીન દયાલ, દુઃખીયાં દેખી હો જો નાવે દયા;
કુણ કરશે તુજ સેવ, વહેતે વારે હો જો ન કરે મયા. ૪
લાધો ત્રિભુવન રાજ, જો સાચી હો તુજ સેવા સધે;
હુવે સમોવડ, જિનરાજ રૂંખ પ્રમાણે હો જિમ વેલો વધે. ૫

શ્રી નેમનાથ સ્તવન.

(૩)

(રાગ-રામગિરી.)

સાંભલરે શામલીયા સ્વામી, સાચ કહું શિરનામી રે;
વાત ન પૂછે તું અવસર પામો, તો શાનો અંતરજામીરે.
સાં૦ ૧

આગલ ઉભા સેવા કીજે, પણ તું કિમહી ન રીઝે રે;
નિશ દિન તુજ ગાયો ગાઇજે, પિણ તિલમાત્ર ન ભીંજે રે.
સાં૦ ૨

જો મુજને ભવ સાયર તારો, તો શું જાયે તુમ્હારો રે;
જો પોતાનો બિરૂદ સંભાલો, તો કાંઈ ન વિચારો રે.
સાં૦ ૩

હું શું તારૂં હું તારક શો, ઇમ છૂટી પડીય ન શકશો રે;
જો મુજને સેવક ત્રેવડ શો, તો વાતડીયાં માહે પડશો રે.
સાં૦ ૪

ઓછી અદિકી વાત બનાઇ, કહતાં ખોડ ન કાંઇ રે;
ભગતવત્સલ **જિનરાજ** સદાઇ, કિમ વિરચે વરદાઈ રે.
સાં૦ ૫

શ્રી પાર્શ્વનાથ સ્તવન.

(૪)

(ઢાળ-હાંસલીની)

મનગમતો સાહિબ મિલ્યો, **પુરિસાદાણી પાસન** રે;
પરતક્ષ પરતા પૂરવે, સફલ કરે અરદાસન રે. ૧

ભવિયણ ભાવે ભેટીયે, લે સાથિ પરિવારન રે;
આજ વિષમ પંચમ આરે, સુરતરૂનો અવતારન રે. ભવિ૦ ૨

જે મુજ સરિખા માનવી, આણે મન સંદેહન રે;
તેહને સેવક મૂકીને, સમજાવે સસનેહન રે. ભવિ૦ ૩

જે સમરણ સાચે મને, કરશે વરી વિચારન રે;
તેહને પ્રભુ પુંઠી રખો, થાશે સાનિધકારન રે. ભવિ૦ ૪
કીજે ચોલ તણી પરે, પરમેશ્વર શું પ્રીતન રે;

ભગતવત્સલ જિનરાજ સદાઈ,
કિમ વિરચે વરદાઈ રે. ભવિ૦ ૫

શ્રી મહાવીર જિન સ્તવન.

(૫)

(સુણ સુણ બાલહા—એ દેશી)

ભવિક કમલ પડિબોહતો, સાધુતણે પરિવાર;
ગામ નગર પુર વિહરતો, મિલિ ન સકયો તિણવાર રે;
ચરમ જિણેસર લીનો સિવપુર વાસો રે. ૧
ચરમ જિણેસર લીણો, સિવપુર વાસો રે;
સબલ વિમાસણ, કેમ કરૂં અરદાસો રે. ચરમ૦ ૨
હવે અળગો જાઈ રહ્યો, તિહાં કિણ કિમ અવરાય;
ચલતો સાથ ન કો મિલે; કિમ કાગળ દિવરાયો રે. ચરમ૦ ૩
વાત કહું તે સાંભળે, દૂર થકો પણ વીર;
પણ પાછો ન ઉત્તર લિએ, તિણ મો મન દિલગીર રે. ચરમ૦ ૪
ઈમ જિનરાજ વિચારતાં, આવ્યો ભાવ પ્રધાન;
તિણ તું પરતક્ષ મેલવ્યો, હવે કર આપસ માનો રે. ચરમ૦ ૫

ચોવીસી કળશ.

ઇણિ પરિ ભાવની ગતિ મન આણી, સુધ સમકિત સહી નાણીજી;
વર્તમાન ચઉવીસી જાણી, શ્રી જિનરાજ વખાણીજી. ૧
જો મૂરતિ નયણે નિરખીજે, જો હાથઈ પૂજા જઇજી;
જો રસના ઈ ગુણ ગાઈ જઇ, નરભવ લાહો લીજઈજી. ૨

યુગવર જિનસિંહસૂરિ સવાઇ, ખરતર ગુરુ બરદાઇજી;
પામઇ જિનવરના ગુણગાઇ, અવિચલ રાજ સદાયજી. ૩
પહલી પરત લિંખાઇ સાચી વારૂ ગુરૂ મુખ વાંચીજી;
સમજી અરથ વિશેષઇ રાચી, ઢાલ કહેજ્યો જાચીજી. ૪
કેઇ ગુરૂ મુખ ઢાલ કહાવઉં, કેઇ ભાવના ભાવઊજી;
કે જિનરાજ તણા ગુણ ગાએા, ચઢતી દઊલતિ પાવઊજી. ૫

બાહુબલી સજ્ઝાય.

(૬)

પોતે જઈ પ્રતિબૂઝવેા, બંધવ અમલી માંણુ રે;
વનમેં આવે બે બહિનડી, કહી પ્રભુવચન પ્રમાંણુ રે;
વીરા તુમ્હે ગજ થકી ઊતરેા,
ગજ ચઢયાં કેવલ ન હોઈ રે. ૧ વીરા૦

મુંઠ ભરત મારણ ભણી, ઊગામી ધરિ રીસ રે;
આવ્યેા ઉપસમ રસ તિસે, સહિ સઈ એ મુઝ સીસ રે. ૨ વીરા૦

મદ મચ્છર માયા તજી, પંચ મુષ્ટી કરી લેાચ રે;
ધીર વીર કાઉસગ્ગ રહ્યો, ઈમ મનસું આલેાચ રે. ૩ વીરા૦

આ ગતિ લધુ બંધવ અછે, કિમ વંદિસુ તજિ માણુ રે;
ઊપાડિસ પગ ઊપનેા, ઈહાંથી કેવલજ્ઞાન રે. ૪ વીરા૦

વેલડીએ તનુ વીંટીયેા, ડાભ અણી પગ પીડ રે;
મુનિવરને કાને બિહું, ચિડીએ ઘાલ્યા નીડ રે. ૫ વીરા૦

સહતાં એક વરસ થયેા, ત્રિસ તાવડસી ભૂખ રે;
મોડેા સો કાંને પડયેા, બહિની વચન પીયુષ રે. ૬ વીરા૦

રાજરમણી ઋદ્ધિ મેં તજી, હય-ગય અનેક અનીક રે;
બ્રાહ્મી સુંદરી સાધ્વી, ન કરે વચન અલીક રે. ૭ વીરા૦
પ્રતિબૂધો આલોચતાં, અવર ન એવડો મૂઢ રે;
હું દ્રવ્ય તે ગજ પરિહરી, ભાવત ગજ આરૂઢ રે. ૮ વીરા૦
લઘુ બંધવ પિણ કેવલી, વંદિસું તજી અભિમાન રે;
પામ્યો પગ ઉપાડતાં, અનુપમ કેવલજ્ઞાન રે. ૯ વીરા૦
કેવલ ન્યાય ન ઊપનો, ઈહિલા દિનની વેઠ રે;
ચાંપીયો કિમ ઊકસિ સકે, બાહુબલિ પગ હેઠ રે. ૧૦ વીરા૦
ઝુઝયો બૂઝયો ઊવસ્યો, આજ લાગે સોભાગ રે;
સાધુતણા ગુણ ગાવતાં, રાજ તણો વડો ભાગ રે. ૧૧ વીરા૦

(૬)

શ્રી ભાવવિજયજી ઊવઝાય.

(લેખનકાલ, ૧૬૭૯ થી ૧૭૩૫ પ્રાયે) **ચોવીસી રચના-સં. ૧૭૦૯.**

શ્રી તપગચ્છમાં શ્રી **વિજયપ્રભસૂરિની** પાટે, મુનિ વિમળના શિષ્ય આ મુનિશ્રી થઇ ગયા છે, તેઓશ્રીએ ચોવીસી શ્રી ખંભાત બંદરમાં રચી છે. દરેક સ્તવનો સુન્દર રાગરાગણીમાં રચાયા છે. તેમની ચોવીસીના સ્તવનોમાં દરેક તીર્થંકરોની નીચે પ્રમાણે હકીકત આવે છે.

૧. **માતા**, ૨. **પિતા**, ૩. લંછન, ૪. વર્ણ, ૫. તનુમાન, ૬. આયુ, ૭. યક્ષ, ૮. યક્ષિણિ, ૯. વંશ, ૧૦. નગરી, ૧૧. **આયુષ્ય** અને ૧૨. **નામ**.

તેઓશ્રીએ ખંભાતમાં, સવંત ૧૭૧૬-૧૭૧૭ શ્રી ચિંતામણી-પાર્શ્વનાથ તથા શ્રી નારિંગપુર પાસની પ્રતિષ્ઠા કરાવી છે. તેઓ વિદ્વાન્ સંશોધક હતા. તેઓ સમર્થ વિદ્વાન હોવાથી બીજા વિદ્વાનો પોતાની કૃતિનું સંશોધન તેમની પાસે કરાવતા શ્રી **જયવિજયજીની કલ્પદીપિકાનું** સંશોધન તેઓએ કર્યું છે. તેમજ ઉ૦ શ્રી **વિનય-વિજયજીની કલ્પસુબોધિકા** પણ તેઓએ શોધી હતી. તે કલ્પસૂત્રની ટીકા શ્રી વિનયવિજયજીએ સં૦ ૧૬૯૬ માં રચી હતી. તેમજ શ્રી વિનયવિજયજીનો ૧૭૦૮ માં જુનાગઢમાં પૂર્ણ કરેલો **મહાગ્રન્થ લોકપ્રકાશ** પણ તેઓએ શોધી આપ્યો હતો. આ સાથે તેઓના પાંચ સ્તવનો આપ્યા છે.

સાહિત્ય રચના.	સંસ્કૃત રચના.
૧. ધ્યાન સ્વરૂપ (નિરૂપણ) સં૦ ૧૬૯૬ ચોપાઈ ખંભાત.	૧. શ્રી ઉત્તરાધ્યયન સૂત્ર પર વૃત્તિ ૧૬૮૯. રોહિણિપુર.
૨. શ્રાવક વિધિરાસ. સં. ૧૭૩૫ શુકરાજરાસ.	૨. શ્રી ચંપકમાલા કથા ૧૭૦૮ વીજાપુર આશો સુદ
૩. ખંભણવાડા મહાવીર સ્તોત્ર કડી ૩૭	૩. શ્રી પટત્રિશજ્જલ્પ વિચાર ૧૬૭૯
૪. શ્રી અંતરિક્ષ પાર્શ્વનાથ છંદ કડી ૫૧	

શ્રી ઋષભજિન સ્તવન.

(૧)

(રાગ–આશાવરી)

(અવસર આજ હઈ રે— એ દેશી)

સકલસમીહિત પુરણ સુરતરુ, ઇંદ્રાણી એ ગાયો રે;
નાભિનરેસર નંદન સુંદર, મરુદેવીએ જાયો,
ત્રિભુવન રાજિઓ રે, **શ્રી ઋષભજિણેસર** પાયા;
સુર નર જસ સેવે પાયા, જસ લંછન વૃષભ સુહાયા.
ત્રિભુ૦ ૧

પ્રથમ રાય મુનિવર ભિક્ષાચર, પ્રથમ કેવળી વંદો રે;
અવસરપિણિમાંહિ પ્રથમ તીર્થંકર, એ જિનવર ચિર નંદો.
ત્રિભુ૦ ૨

ધનુષ પંચસય માન મનોહર, કંચનવરણી કાયા રે;

પૂરવ લાખ ચઉરાસી જિવિત, નયરી વિનીતા રાયા.
ત્રિભુ૦ ૩

વંશ ઇક્ષ્વાગ ગોત્ર કાશ્યપનો, આદિ હેતુ વિખ્યાતો;
નારી સુનંદા મંગલા વલ્લભ, ભરતાદિક સુત તાતો.
ત્રિભુ૦ ૪

ગોમુખ યક્ષ ચક્રેસરી દેવી, જસ શાસન સુર સોહે રે;
ભાવ કહે તે પ્રભુને સેવે, કામધેનુ સો દોહે.
ત્રિભુ૦ ૫

શ્રી શાંતિનાથ જિન સ્તવન.

(૨)

(રાગ–સામેરી–વીરા તેરી ગતિ યુંનઈ એ દેશી.)

શાંતિ પ્રભુ સોહે પરમ દયાલા, સોલસમો જિન પંચમ ચક્રી,
ગુણ ગાવે સુરબાલા. શાંતિ. ૧

વંશ ઇક્ષ્વાગ સદન વરદીપક, તેજ તપે અસરાલા;
દેહ તણે વાને કરી જીપે, જાચી ચંપકમાલા. શાંતિ. ૨

વિશ્વસેન નરવર કુલમંડન, ખંડે મોહ જંજાલા;
અચિરાનો નંદન ચિર પ્રતપો, સચરાચર પ્રતિપાલા. શાંતિ. ૩

ચ્યાલીશ ધનુષ માન તનુરાજે, હસ્થિણા ઉર ભૂપાલા;
જીવિત લાખ વરસ જસ સુંદર, મૃગ લંછન સુકુમાલા. શાંતિ. ૪

ગરૂડ યક્ષ નિરવાણી દેવી, સેવિત ચરણ મયાલા;
ભાવમુનિ જિનને સેવંતો, પામે લબ્ધિ વિશાલા. શાંતિ. ૫

શ્રી નેમનાથ સ્તવન.

(૩)

(રાગ–ગોડી– નેમીસર વિનતી માનીયેયું–એ દેશી)

નેમિસર જિન બાવીસમો જી, વીસમો મુજ મન માંહિં;
વાલ્હો જીવનમાંહિ. નેમિ૦
શ્રી હરિવંશ મેરૂગિરિ મંડન, નંદનવન યદુવંશ;
તિહાં જે જિનવર સુરતરૂ ઉદયો, સુર નર રચિત પ્રશંસ.
નેમિ૦ ॥૧॥

સમુદ્રવિજય નૃપ શિવાદેવી સુત, સોરીપુર અવતાર;
અંગ તુંગ દશ ધનુષ મનોહર, અંજન વરણ ઉદાર.
નેમિ૦ ॥૨॥

એક સહસ સંવત્સર જીવિત, લંછન શંખ સુહાય;
સુરં ગોમેધ અંબિકા દેવી, સેવતી જસ નિત પાય.
નેમિ૦ ॥૩॥

કેશવનો બલ મદ જેણે ગાલ્યો, જિમ હિમ ગલે ભાણુ;
જેણે પ્રતિબોધી ભવિઅણ કોડિ, મોડી મનમથ બાણુ.
નેમિ૦ ॥૪॥

રાજિમતિ મન કમલ દિવાકર, કરૂણારસ ભંડાર;
તે જિનજી મન વાંછિત દેજો, ભાવ કહે અણગાર.
નેમિ૦ ॥૫॥

શ્રી પાર્શ્વનાથ સ્તવન.

(૪)

(રાગ–ધન્યાશ્રી–હીર ગુરુ તુમતો યા ભલિકીનીએ દેશી.)

પાસ જિન સેવક જન આધારે;
ત્રેવીશમો પ્રભુ પુરુષાદાની, ભવસાયર ઉતારે. પાસ૦ ॥૧॥
અશ્વસેન નૃપ વામા દેવી, કુંવર કુલ સિનગારે;
વંશ ઇક્ષ્વાગ ઉદયગિરિ દિનકર, અવગુન તિમિર નિકારે.
પાસ૦ ॥૨॥
નીલ બરન નવકર ઉન્નત તનુ, ફનિધર લંછન ધારે;
એકસો વરસ સુજીવિત પાલી, મુગતિ નયરી પાઉં ધારે.
પાસ૦ ॥૩॥
બાનારસી નયરીએ જન્મ્યો, જનમ મરન ભય વારે;
પાસ યક્ષ પદ્માવતી દેવી, જેહની સેવા સારે. પાસ૦ ॥૪॥
કમઠ દર્પ દાવાનલ જલધર, મંગલ વેલિ વધારે;
સેવક ભાવ મયૂર ભની પ્રભુ, નેક નજર અબ ધારે. પાસ૦ ॥૫॥

શ્રી મહાવીર જિન સ્તવન.

(૫)

(રાગ–ધન્યાસી મેવાડો)

(આજ રહો રે જિનિચલે જિનિચલે–એ દેશી.)

વર્ધમાન પ્રભુ વંદીએ, ચોવીસમો જિનરાજ ભવિજન,
ક્ષત્રિયકુંડે અવતર્યો, આપો ત્રિભુવનરાજ ભ૦ વર્ધ૦ ૧

વંશ ઈક્ષ્વાગ સરોવરે, જે પ્રભુ હંસ સમાન ભ૦;
કનક કમળને જીપતો, જેહ તણો તનુવાન ભ૦ વર્ધ૦ ૨
સુતસિદ્ધારથ રાયનો, ત્રિસલા માત પ્રધાન ભ૦;
વરસ બહોતેર આઉખું, સાત હાથ તનુ માન ભ૦ વર્ધ૦ ૩
વર્તમાન શાસન તણો, નાયક અકલ અબીહ ભ૦;
લંછન મિસિ સેવે સદા, જસ સત્ત્વે જીત્યો સીંહ ભ૦ વર્ધ૦ ૪
માતંગ યક્ષ સિદ્ધાયિકા, નિતુ સેવે જસ પાય ભ૦;
મહાવીર જિનરાયના, **ભાવવિજય** ગુણ ગાય ભ૦ વર્ધ૦ ૫

ચોવીસી કળશ.

ઈમ થુણ્યા ૧ **જીનવર નામ**, ૨ **લંછન**, ૩ **વર્ણ**, ૪ **શાસનસુર**, ૫ **સુર**, ૬ **તનુમાન**, ૭ **માતા**, ૮ **પિતા**, ૯ **જીવિત**, ૧૦ **વંશ**, ૧૧ **નયરીઊચ્ચરિ** તપગચ્છ, પ્રભુશ્રી **વિજયાણંદસૂરિ** શ્રી વિમળ હર્ષ વાચક વરૂ, ઊવઝાય શ્રી **મુનિ વિમલ** સેવક, **ભાવ** સુખ સંતતિ કરૂં.

(૭)

શ્રી આણંદવર્દ્ધન.

*

ચોવીસી રચના સં૦ ૧૭૧૨.

શ્રી ખરતરગચ્છમાં આ મુનિ શ્રી **મહિમાસાગર**ના શિષ્ય થયા છે. તેઓની ચોવીસી સુન્દર રાગ-રાગણીવાળી છે.

તેઓએ બનાવેલું શ્રી **અંતરિક્ષ પાર્શ્વનાથ** સ્તવનમાં તેઓએ જે હૃદયસ્પર્શી વિનંતી કરી છે તે સાંભળતાં વાંચતાં આત્મા શાંત રસમાં તરબોળ થઇ જાય છે. અવશ્ય મોઢે કરવા જેવું છે.

આ સિવાય તેમની બીજી સાહિત્ય રચના જાણવામાં નથી. આ સાથે તેઓના પાંચ સ્તવનો તથા શ્રી અંતરિક્ષ પાર્શ્વનાથનો છંદ આપ્યો છે.

શ્રી ઋષભજિન સ્તવન.

(૧)

(શ્રી જિનવાણી મયા કરો-એ દેશી)

આદિ જિણંદ મયા કરુ, લાગો તુમ્હસ્યું નેહા રે;
દિનરયણી દિલમેં વસે, જ્યું ચાતુક ચિત્ત મેહા રે.
બલિ જાઉ વાત સુણો મેરી. ૧
મરુદેવી કે લાલના, મૂરતિ નવલ સુહાની રે;
અંખી યા તપતિ બૂઝાવહી, જ્યું પ્યાસે કું પાની રે. બલિ૦ ૨
તુમ્હ સાહિબ હમ દાસ હૈં, સબ કછુ કરહો દિલાસા રે;
આનંદવરધન કે પ્રભુ, હમ હે તુમ્હારી આસા રે. બલિ૦ ૩

શ્રી શાંતિનાથ સ્તવન.

(૨)

(રાગ-વિહાગડો-નાચે ઈંદ્ર આણંદ સું. એ દેશી)

ભગતવત્સલ પ્રભુ સાંભલો, ઓલંભે અરદાસ રે;
છોડંતાં કિમ છુટશો, કરસો ખરી દિલાસ રે.
ભગત૦ ૧

તુમ્હ સરીખા સાહિબ તણી, જો સેવા નિષ્ફલ થાય રે;
લાજ કહો પ્રભુ કેહને, સેવકનું શું જાય રે. ભગત૦ ૨
ગુણ દેખાડીને હેલવ્યા, તે કિમ કેડો છાંડે રે;
જિહાં જલધર તિહાં બપૈયો, પીઉ પીઉ કરી મુખ માંડે રે.
ભગત૦ ૩

જો પોતાનો લેખવો, તો લેખો ન વિચારો રે;
સો વાતે એક વાતડી, ભવ ભવ પીડ નિવારો રે. ભગત૦ ૪
તુમ્હ સરીખો કોઉ દાખવો, કીજે તેહની સેવ રે;
આણંદવરધન પ્રભુ શાંતિજી, અચિરાનંદન દેવ રે, ભ૦ ૫

શ્રી નેમનાથ સ્તવન.

(૩)

(રાગ ધન્યાસી-ડોલીમ ગુજરી એ-દેશી.)

યૌવન પાહુના જાત ન લાગત વાર, યૌ૦
ચંચલ યૌવન થિર નહી રે, જ્યાન્યો નેમિ જિના. યૌ૦ ॥૧॥
નિંદ ન કીજે જાગીયે રે, અંત સહી મરના; યૌ૦
બાલ સંગાતી આપણા, દેખો કિહાં ગયો બાલપના. યૌ૦ ॥૨॥

નવલ વેસ નવ યેાવન પણેા રે, નવલ નવલ રચના; યેા૦
અલપ ભરમ કે કારણે, લેખેા કીજત ફેલ ઘના. યેા૦ ॥૩॥
દુનિયા રંગ પતંગસી રે, વાદળસે સજના; યેા૦
એ સંસાર અસારા હી રે, જાગત કેા સુપના. યેા૦ ॥૪॥
તેાર નહિ તે ફિરિ ચલે રે, સમુદ્રવિજય નંદના; યેા૦
આણંદ કે પ્રભુ નેમજી, મેરી ઘરી ઘરી વંદના. યેા૦ ॥૫॥

શ્રી પાર્શ્વનાથ સ્તવન.

(૪)

(રાગ કાફી–પ્રભુ નરગ પડંતાં રાખીએ–એ દેશી.)

મેરે જીવમેં લાગી આસકી, હું તેા પલક ન છેાડું પાસ રે.
જપું જાનેા ત્યું રાખીયે, તેરે ચરનકા હું દાસ રે. મેરે૦ ॥૧॥
કયું કહેા કેાઈ લેાક દિવાને, મેરે દિલે એક તાર રે;
મેરી અંતરગતિ તું હી જાનત, ઓર ન જાનન હાર રે. ॥૨॥
મહેર તુમારી ચાહીએ, મેરે તુમહી સાથે સનેહ રે;
આનંદ કેા પ્રભુ પાસ મનેાહર, અરજ અમ્હારી એહ રે.
મેરે૦ ॥૩॥

શ્રી મહાવીર જિન સ્તવન.

(૫)

(શ્રીમંધર કરેા મયા–એ દેશી.

તું મનમાન્યેા રે વીરજી, ત્રિસલાનંદન દેવ;
ભવ ભવ સાહિબ તું હજો, હું તુજ સારું સેવ. તું મન૦ ૧

વચણ સંભારું રે તાહરાં, વાધે ધરમ સનેહ;
હેડે કુંપલ પાલવે, પ્રફુલ્લિત થાયે રે દેહ. તું મન૦ ૨
જો તુજ વચને રે ચાલીએ, તો હુએ રુડી રીત;
સુખ અનંતા પામીએ, કીજે તુમ્હસ્યું જો પ્રીત. તું મન૦ ૩
આદિત કુલગિર ચંદ્રમા, સંવત ખરતર વાણ;
ચઉવીસે જિન વીનવ્યા, આતમ હિત મન આણ. તું મન૦ ૪
જિન વર્ધમાન મયા કરો, ચઉવીસમા જિનરાય;
મહિમાસાગર વિનતિ, આણંદવર્ધન ગુણ ગાય.
તું મન૦ ૫

શ્રી અંતરિક્ષ પાર્શ્વનાથ છંદ.

(૬)

પ્રભુ પાસજી તાહરૂં નામ મીઠું;
તિહું લોકમાં એટલું સાર દીઠું;
સદા સમરતાં સેવતાં પાપ નીઠું,
મન માહરે તાહરું ધ્યાન બેઠું. (૧)
મન તુમ પાસે વસે રાતદિને, મુખપંકજ નિરખવા હંસ હીસે;
ધન્ય તે ઘડી જે ઘડી નયણ દીસે,
ભલી ભક્તિ ભાવે કરી વિનવીજે. (૨)
અહો એહ સંસાર છે દુઃખદોરી, ઇંદ્રજાલમાં ચિત્ત લાગ્યું ઠગોરી;
પ્રભુ નામની એ વિનતિ એક મોરી,
મુજ તાર તું તાર બલિહારી તોરી. (૩)
સહી સ્વપ્ન જંજાલને સંગ મોહ્યો,
ઘડિયાલમાં કાલ રમતો ન જોયો;

મુધા એમ સંસારમાં જન્મ ખોયો,
અહો ધૃત તણે કારણે જળ વિલોયો. (૪)
એતો જામરલો કેસુઆ ભ્રાંતિ ધાયો,
જઈ શુક તણિ ચંચુ માંહે ભરાયો;
શુકે જંબુ જાણી ગલે દુઃખ પાયો,
પ્રભુ! લાલચે જીવડો એમ વાયો. (૫)
ભમ્યો ભર્મ ભૂલ્યો રમ્યો કર્મ ભારી,
દયા ધર્મની શર્મ મેં ન વિચારી;
તોરી નમ્ર વાણી પરમ સુખકારી,
તિહુંલોકના નાથ મેં નવિ સંભારી. (૬)
વિષય વેલડી શેલડી કરી ય જાણી,
ભજી મોહ તૃષ્ણા તજી તુજ વાણી;
એહવો ભલો ભૂંડો નિજ દાસ જાણી,
પ્રભુ રાખીએ બાંહિની છાંય માંહિ. (૭)
મોરા વિવિધ અપરાધની કોડી વહીએ,
પ્રભુ શરણ આવ્યા તણી લાજવહિયે;
વળી ઘણી ઘણી વિનતિ એમ કહિયે,
મુજ માનસ સરે પરમ હંસ રહીએ. (૮)

પ્રશસ્તિ.

(૭)

એમ કૃપા મુરતિ **પાર્શ્વસ્વામિ**, મુગતિગામી ધ્યાઇએ;
અતિ ભકિતભાવે વિપત્તિ જાવે, પરમ સંપત્તિ પાઇએ;
પ્રભુ **મહિમાસાગર** ગુણ વૈરાગર, પાસ **અંતરિક્ષ** જે સ્તવે;
તસ સકલ મંગલ જય જયારવ, **આનંદવર્દ્ધન** વિનવે. (૯)

(૮)

શ્રી જિનહર્ષસૂરિ.

ચોવીસી રચના સંવત-૧૭૧૫.

ખરતરગચ્છના આ વિદ્વાન કવિએ સંવત, ૧૭૧૧ થી ૧૭૬૨ સુધી લગભગ પચાસ વર્ષ સુધી સંખ્યાબંધ રાસો રચ્યા છે. તેમની ચોવીસી ટૂંકી અને ભાવવાહી છે. તેઓએ રાસાઓ, ચોપાઇઓ, છત્રીસી તથા સજ્ઝાયો, મળી કુલ ૩૬ છત્રીશ, ગ્રન્થોની રચના ગૂજરાતી ભાષામાં કરી છે. આ સાથે તેઓના સાત સ્તવનો લીધા છે.

(ગૂજરાતી ગ્રન્થ-રચના)

૧ વિદ્યાવિલાસ ચોપાઇ.	૧૭૧૧	૨ મંગળ કલશ રાસ.	૧૭૧૪
૩ નંદબહુત્તરી રાસ.	૧૭૧૪	૪ કુસુમ શ્રી રાસ.	૧૭૧૫
૫ મૃગાપુત્ર ચોપાઇ	૧૭૧૫	૬ મત્સ્યોદર ચોપાઇ.	૧૭૧૮
૭ ૫૦૦ કન્યા ચોપાઇ	૧૭૨૩	૮ વૈરાગ્ય છત્રીસી.	૧૭૨૭
૯ શીયલ નવ વાડ.	૧૭૨૯	૧૦ જ્ઞાતા સૂત્ર સ્વાધ્યાય.	૧૭૩૬
૧૧ શુકરાજ રાસ.	૧૭૩૭	૧૨ શ્રીપાળ રાસ.	૧૭૩૭
૧૩ અવંતીકુમાર સજ્ઝાય.	૧૭૪૧	૧૪ કુમારપાળ રાસ.	૧૭૪૨
૧૫ અમરદત્ત મિત્રાનંદ રાસ.	૧૭૪૪	૧૬ ચંદન મલયાગીરી રાસ.	૧૭૪૪
૧૭ હરિશ્ચંદ્રરાસ ગાથા ૭૦૧.			૧૭૪૪
૧૮ ઉત્તમકુમાર ચરિત્ર.		(પાટણ)	૧૭૪૫
૧૯ ઉપમિત ભવ પ્રપંચ રાસ.		(પાટણ)	૧૭૪૫
૨૦ હરિબળ મચ્છિ રાસ.	૧૭૪૬	૨૧ વીસસ્થાનક રાસ.	૧૭૪૮
૨૨ મૃગાંકલેખા રાસ.	૧૭૪૮	૨૩ સુદર્શન શેઠ રાસ.	૧૭૪૯
૨૪ અજીતસેન કનકાવતી રાસ.			૧૭૫૦
૨૫ ગુણકરંડ ગુણાવલી રાસ.			૧૭૫૧

૨૬ મહાબળ મલયાસુન્દરી રાસ. ૧૭૫૧
૨૭ શત્રુંજય માહાત્મ્ય રાસ. ૧૭૫૫
૨૮ શ્રી સત્યવિજય નિર્વાણ રાસ. ૧૭૫૬
૨૯ રત્નચુડ મુનિ રાસ. ૧૭૫૭ ૩૦ શીલવંતી રાસ. ૧૭૫૮
૩૧ અભયકુમાર રાસ. ૧૭૫૮ ૩૨ અમરસેન જયસેન રાસ ૧૭૫૮
૩૩ રત્નસાર નૃપ રાસ. ૧૭૫૯ ૩૪ જંબુસ્વામિ રાસ. ૧૭૬૦
૩૫ આરામ શોભા રાસ. ૧૭૬૧ ૩૬ વસુદેવ રાસ. ૧૭૬૨

શ્રી ઋષભદેવ જિન સ્તવન.

(૧)

(રાગ–વેલાવલ.)

રે જીવ મોહ મિથ્યાતમેં, કયું મુઝો અજ્ઞાની;
પ્રથમજીણુંદ ભજે ન કયું, શિવસુખ કો દાની. (૧)
રે જીવ મોહ મિથ્યાતમેં.
ઓર દેવ સેવે કહા, વિષયી કે માની;
તરી ન શકે તારે કહા, દુરગતિ નિશાની. (૨)
રે જીવ મોહ મિથ્યાતમેં.
તારણતરણ જહાજ હે, પ્રભુ મેરો જાની;
કહે જિનહર્ષ સુતારિયે, ભવસિંધુ સુજ્ઞાની. (૩)
રે જીવ મોહ મિથ્યાતમેં.

શ્રી ઋષભદેવ જિન સ્તવન.

(૨)

(રાગ–લલિત.)

દેખ્યો રે ઋષભ જિણુંદ તખ તેરે પાતિક દૂરિ ગયો,

પ્રથમ જિણુંદ ચંદ કલિ સુરતરૂ, કંદ સેવે સુરનરઇંદ આનંદ ભયેા.
દેખ્યેા૦ ૧.

જાકી મહિમા કીરતિ સાર પ્રસિદ્ધ બઢી સંસાર,
કેાન ન લહત પાર જગત કયૌ,
પંચમ આરૈ મે આજ જાગૈ જ્યેાતિ જિનરાજ,
ભવસિંધુકેા જિહાજ આણિ કે ઠાયેા. દેખ્યેા૦ ૨.

બન્યેા અદ્ભૂતરૂપ મેાહની છબી અનૂપ
ધરમ કૌ સાચૌ ભૂપ પ્રભુજી જ્યૌ,
કહઉ જિનહરખિત નયણ ભરિ ભરિ નિરખિત,
સુખઘન વરષિત રૂલિ ઉદયૌ. દેખ્યેા૦ ૩.

શ્રી શાંતિનાથ સ્તવન.

(૩)

(રાગ–સારંગ મલ્હાર જાતિ.)

કૈસે કરિ પહુંચાઉં સંદેશ,.
જિન દેસન નિવસૈ સોલમ જિન, જા ઉનકેા તિન દેસ. કૈસે૦ ૧

પંથ વિષમ વિષમી હૈ ધરસી, ઔ ઘટ ઘાટ વિશેષ;
કહે કેાઉ સિલામ ન બતિયાં, નાથૈ બહુત અંદેસ. કૈસે૦ ૨

યેા હી લાખ પાયૌ અબ ઉણુ દિશિ, કરિહું ચિત્ત પ્રવેશ;
જો કબહુ જિનહરખ મિલૈ પ્રભુ, અજબ કરૂં મન પેસ. કૈસે૦ ૩

શ્રી નેમિજિન સ્તવન.

(૪)

(રાગ–વસંત.)

બલિહારી હું તોરા નામકી.
નામ લેશા કી મૈં હર કીની, ઔર કિસી કી ચાહન કી. બલિ૦ ૧
ભવસાગર તારણ કું તરણી, જમ ભય તે મૈ ઓરતકી;
નિસ તારણ કૌ કારણ યૌહી દુઃખ કણ ચૂરણ કામ ચકી. બલિ૦ ૨
નામે લિએ સોઉ નર જિએ નામ વસ્તુ સબમાંહિ જ કી;
કહે **જિનહરખ નેમિ** યદુપતિ નામ લેત દિલ મેરી છકી.
બલિ૦ ૩

શ્રી પાર્શ્વજિન સ્તવન.

(૫)

(રાગ-ભૈરવ.)

ભોર ભયૌ ઉઠ ભજિ રે **પાસ** જો ચાહું તું મન સુખવાસ, ભોર૦
ચંદ કિરણ છબિ મંદ પરી હે પૂરબ દિશિ રવિકિરણ પ્રકાશ.
ભોર૦ ૧

શશિ તે વિગત ભએ હૈ તારે નિશિ છોરત હૈ પતિ આકાશ ભોર૦
સહસ કિરણ ચિહું દિશિ પસરી હૈ કમલ કે વનકરણ વિકાશ.
ભોર૦ ૨

પંખિયન ગ્રાસ ગ્રહણ કું ડ્રડે, તમ ચર કૈલત હૈ નિજ ભાસ. ભોર૦
આલસ તજિ ભજિ ભજિ સાહિબ કું
કહે **જિનહરખ** ફલૈ જયું આશ. ભોર૦ ૩

શ્રી મહાવીર જિન સ્તવન.

(૬)

(રાગ-જયશ્રી.)

સાહિબ મોરા હો અબ તો મહિર કરો આરતી મેરી દૂરી કરો. સા૦
ખાના જાદ ગુલામ જાણિ કે મુઝ ઉપરિ હિત પ્રીતિ ધરો. સા૦ ૧
તુમ લોભી હુઈ બૈઠે સાહિબ હું તો અતિ લાલચી ખરો, સા૦
તુમ ભાજો હું તો ભાંજૂ નહી ભાવરૂ મુઝ સું આરૂ અરો. સા૦ ૨
સાહિબ ગરીબ નિવાજ કરાવે હું ગુનહી ભોરો ડાવરો, સા૦
વીર જિણુંદ સહાઈ જાકે કહૈ જિનહરખ સો કાહે કરો. સા૦ ૩

શ્રી મહાવીર જિન સ્તવન.

(૭)

(રાગ-કેદારો-બિહાગડો.)

મેં જાણ્યું નહિ, ભાવદુઃખ એસો હોઈ;
મોહ મગ્ન માયા મેં ખુનો, નિજ ભવહારે કોઈ. (૧)
મેં જાણ્યું નહીં ભવ દુઃખ એસો હોઈ;
જન્મ મરણ ગર્ભવાસ અશુચિમેં, રહેવો સહેવોસોઈ;
ભૂખ તૃષા પરવશ બંધન, હાર શકે ન કોઈ. મે જાણ્યું૦ (૨)
છેદન ભેદન કુંભી પાચન, ખર વૈતરણી તોઈ;
કોઈ છુરાઈ શકયો નહિ વે દુઃખ, મેં સરભરિઓ રોઈ.
મે જાણ્યું૦ (૩)

સબહી સગાઈ જગત ઠગાઇ, સ્વારથ કે સબ લોઇ;
એક **જિનહર્ષ** ચરમ જીનવરકો, શરણુ હિયામેં ઢોઇ.
મે જાણ્યું૰ (૪)

કલશ

(રાગ–ધન્નાશ્રી)

જિનવર ચઉવીસે સુખદાઇ,
ભાવભગતિ ધરી નિજ મન સ્થિર કરી
કીરતિ મન શુદ્ધ ગાઇ. જિન૰ ૧
જાકે નામ કલ્પવૃક્ષ સમવરિ, પ્રાગમતિ નવ નિધિ પાઈ;
ચૌવીસે પદ ચતુરાઈ ગાવૌ, રાગ ધંધ ચતુરાઇ. જિન૰ ૨
શ્રી સોમગણિ સુપસાઉ પાઇકે, નિર્મલ મતિ ઉર આઈ,
શાંતિવર્ષ **જિનહર્ષ** નામ તૈ, હોવત પ્રભુ વરદાઈ. જિન૰ ૩

(૬)

શ્રી જિનરત્નસૂરિ

ચોવીસી રચના સંવત-૧૭૧૬

ખરતરગચ્છમાં શ્રી જિનરાજસૂરિના શિષ્ય શ્રી જિનરત્નસૂરિ થયા છે તેઓની બીજી સાહિત્યકૃતિ જાણવામાં નથી. આ સાથે તેઓના પાંચ સ્તવનો આપ્યા છે.

શ્રી ઋષભજિન ગીત.

(૧)

(શ્રી રાગ)

સુમરિ સુમરિ મન **પ્રથમજિન**, યુગલા ધરમ નિવારણ સામી
નિરખી જઇ તે સફલ દિનં. ૧
ઉપસમ રસ સાગર નિત નાગર, દૂરિ કરઇ પાતક મલનં,
શ્રી જિનરત્નસૂરિ મધુકર સમિ રસક સદા પ્રભુ પદનલિનં. ૨

શ્રી શાંતિનાથજી ગીત

(૨)

(શ્રી રાગ)

વીતરાગ મોરઇ મનિ વસિયઉ, દેહુ અનૂપં સદા જસુ સોહઇ;
જિમ કંચન કસવઢ કસિયઉ ॥૧॥
પર ઉપગારી તુઝ સાંભલિ અતિ ઉછરંગ અંગે ઉલસિયઉ;
શ્રી **જિનરતનસૂરિ** મનવચકાય **સોલમજિન** સેવા
રસિયઉ. ॥૨॥

શ્રી નેમિનાથ ગીત.

(૩)

(રાગ–ગેલાઉલ)

નેમિજિણુ વંદિજઈ યદુરાય,
મનમોહન સુખરોહણુ સોહણુ, શામલ વરણી કાય. ૧
આપણુ પઇ નિરબંધન હૂયઉ, પશુ બંધન છોડાય;
વરસીદાન આપિ જલ લિયઉ, પરિયણુ કું સમઝાય. ૨
તજિ રાજીમતી ભજિ તાજી, મતિ કેવલ લખમી પાય;
શ્રી જિનરતન લહઇ અવિચલ પદ, સોહમકું સુખદાય. ૩

શ્રી પાર્શ્વનાથ ગીત

(૪)

(રાગ–જયતસિરી)

સાહિબ મોરા હો હૂં તુઝ આણુ ધરૂં, મનવંછિત સુખ લીલ વરૂં;
ત્રિભુવન પતિ જિણુવર ત્રેવીસમ ભજિ, ભજિ સુકૃત ભંડાર ભરૂં. ૧
અસરણ સરણ મઇ કીનઉ તિલ, ભરિ પાપ થકી ન ડરૂં;
કૂરમ નિજરિ કરઉ મુઝ ઉપરિ, નરક નિગોદઈ જ્યૂં ન ડરૂં. ૨
પ્રવહણ સમ **શ્રીપાસ** જિણેસર અદરિ, કરિ ભવજલધિ તરૂં;
શ્રી જિનરતનસૂરિ ઇમ જપઇ, અવર ન માથઈ નાથ કરૂં. ૩

શ્રી મહાવીર ગીત.

(૫)

(રાગ–કનડઉ)

મેરઈ સામી કઉ દાસ સરસ જ્યૂં, દીસોઈ હીયડઉ હેજઇ દીસઈ;
ધર્મ પ્રીતિ લાગી મુઝ પ્રભુ સેતી, અવિહડ વિસવા વીસઇ. ૧
સાસનનાયક વીર જિણેસર, આણુ ધરૂં તુઝ સીસઇ;
શ્રી **જિનરતન** માવરો અવિચલ, દિન દિન અધિક જગીસઈ. ૨

(૬)

કલશ

ચઉવીસે જિનવર જે ગાવઈ
ત્રિકરણ સુધનિકે ભવ પ્રાણિ મનવંછિત ફલ પાવઈ. ૧
શ્રી **જિનરાજસૂરિ** ખરતરગચ્છ સહુ ગુરુ નઈ સુપસાયઇ;
રાતિ દિવસ તુઝ ગુણ સમરીનઈ સહુ ભાવ મન આવઈ. ૨
શ્રી **જિનરતન** તણી પ્રભુ સાંનિધિ દિન દિન અધિકઈ દાયઈ;
આરતિ રૌદ્રધ્યાન દુઈ પરિહરિ ધરમધ્યાન નિતુ ધ્યાવઈ. ૩

ઇતિ શ્રી ચઉવીસી સંપૂર્ણ ॥ સંવત ૧૭૧૯ વર્ષે માઘ સુદિ ૭ તિથૌ રવિવારે શુક્લપક્ષે લિખિતં પં. સોમનંદનેન ॥ શ્રી ખાહડમેરૌ ॥

(૧૦)



ચોવીસી રચના–૧૭૨૦ આસપાસ.

લેખનકાલ–૧૬૮૯ થી ૧૭૩૮.

શ્રી તપગચ્છમાં શ્રી હીરવિજયસૂરિની પરંપરામાં ઉ૦ શ્રી કીર્તિવિજયજીના શિષ્ય આ મહોપાધ્યાયનો જન્મ સં. ૧૬૬૦/૬૫ આસપાસ થયેલો હોય એમ લાગે છે. ચોક્કસ સંવત મલ્યો નથી. તેઓશ્રીના પિતાનું નામ તેજપાલ તથા માતાનું નામ રાજશ્રી હતું. તેઓની દીક્ષા સં૦ ૧૬૮૦ આસપાસ થઇ છે. ઉ૦ શ્રી યશોવિજયજી તથા શ્રી આનંદઘનજીના સમકાલીન સાહિત્યપ્રેમી આગમ અભ્યાસી સમર્થ વિદ્વાન તથા પ્રસિદ્ધ શ્રી કલ્પસૂત્ર સુબોધિકાના કર્તા તરીકે ઉ૦ શ્રી વિનયવિજયજીએ સંસ્કૃત તથા ગૂજરાતીમાં ઘણું સાહિત્ય રચ્યું છે. તેમનો અદ્વિતિય ગ્રંથ **લોકપ્રકાશ** સં. ૧૭૦૮માં જુનાગઢમાં રચાયો. જેમાં જૈન દૃષ્ટિએ આખા વિશ્વલોકનું વર્ણન **વીસ હજાર** શ્લોક પ્રમાણ આ ગ્રંથ છે. તેઓશ્રીએ **સુરત**માં બિરાજમાન શ્રી **વિજયપ્રભસૂરિ** પર લખેલ વિજ્ઞપ્તિપત્ર નામે ઇંદ્રદૂત ખાસ વાંચવા જેવો છે ગૂજરાતી ભાષામાં અતિ પ્રસિદ્ધ શ્રીપાલ રાસ ચૈત્ર ને આસોની આયંબીલની અઠાઇના દિવસોમાં ઘેર ઘેર વંચાય છે. આ તેઓની છેલ્લી કૃતિ છે. જે રાસ અધુરો રહ્યો તે **શ્રી યશોવિજયજી** ઉપાધ્યાયે પૂર્ણ કર્યો. તેઓશ્રીની **ચોવીસી**ના સ્તવનો સુંદર ગંભીર અર્થવાળા તથા ત્રણ ચાર ગાથાવાલા નાના છે. શ્રી મહાવીરસ્વામીનું સ્તવન બહુ પ્રચલીત છે.

તેઓશ્રી માટે તાર્કિક શિરોમણી પ્રખર વિદ્વાન ઉપાધ્યાય શ્રી

યશોવિજયજી નીચે મુજબ **શ્રીપાલરાસ** પૂરો કરતાં લખે છે કે–

"સૂરિ **હીરગુરુની** બહુ કીર્તિ, કીર્તિવિજય ઊવઝાયાજી;
શિષ્ય તાસ શ્રી **વિનયવિજયવર**, વાચક સુગુણ સોહાયાજી. ૭
વિદ્યા વિનય વિવેક વિચક્ષણ, લક્ષણ લક્ષિત દેહાજી;
સોભાગી ગીતારથ સારથ, સંગત સબર સનેહાજી. ૮
સંવત **સત્તર અડત્રીસા વરસે**, રહી રાંદેર ચોમાસું જી;
સંઘ તણાં આગ્રહથી માંડ્યો, રાસ અધિક ઉલ્લાસેજી. ૯
સાર્ધ સપ્ત-શત (૭૫૦) ગાથા વિરચી, પહેાંતા તે સુર લોકેજી;
તેહના ગુણ ગાવે છે ગોરી, મલી મલ્લી થોકે થોકેજી. ૧૦
તસ વિશ્વાસ ભાજન તસ પૂરણ, પ્રેમ પવિત્ર કહાયાજી;
શ્રી નયવિજય વિબુધ પદ સેવક, **સુજસવિજય**
ઉવઝાયાજી. ૧૧
ભાગ થાકતો પૂરણ કીધો, તાસ વચન સકેંતેજી;
તિણે વલી સમકિત દૃષ્ટિ જે નર, તેહ તણુઈ હિત હિતેજી. ૧૨
જે ભાવઈ એ ભણસ્યે ગુણસ્યે, તસ ઘર મંગળ માલાજી;
બંધુર સિંધુર સુંદર મંદિર, મણીમય ઝાકઝમાલાજી. ૧૩
દેહ સબલ સસનેહ પરિછે, રંગ અભંગ રસાલાજી;
અનુક્રમે તેહ મહોદય પદવી, લહેસાંઈ જ્ઞાન વિશાલાજી. ૧૪

તેઓશ્રીએ સં. ૧૭૧૦માં શ્રી શત્રુંજય તીર્થ પર સહસ્રકુટની પ્રતિષ્ઠા કરી છે. **શાંતસુધારસ** સં. ૧૭૨૩માં ગાંધારમાં રચ્યો છે. જેમાં સોળ ભાવના ઉપર જુદા જુદા રાગોમાં ભાવવાહી સંસ્કૃત ગેય **અષ્ટકો** છે, તેની શ્લોક સંખ્યા ૨૩૪ પ્રમાણની છે.

ઇંદુદૂત:– આ ખંડકાવ્ય લેખ સંસ્કૃત મંદાક્રાન્તા છંદમાં છે. ઉ. વિનયવિજયજીએ જોધપુર (મારવાડ) થી આચાર્યશ્રી **વિજયપ્રભસૂરિ**

સુરતમાં ચાતુર્માસ હતા, તેમને વિજ્ઞપ્તિરૂપે લખ્યો છે–ચંદ્રને દૂત તરીકે મોકલે છે. જેમાં આખા રસ્તાનું વર્ણન જણાવતા–કંચનગિરિ,ઝાલોર, શિરોહી, આબુ, અચલગઢ, સિદ્ધપુર, અમદાવાદ, વડોદરા, ભરૂચ અને છેવટે સુરત ગોપીપુરાના ઉપાશ્રયનું સુંદર વર્ણન કર્યું છે. જેના એક શ્લોકનો નમુનો નીચે મુજબ છે. આ કાવ્યની કુલ શ્લોક સંખ્યા ૧૩૧ છે.

मध्ये गोपीपुरमिह महाञ् श्रावकोपाश्रयोऽस्ति,
कैलासाद्रि प्रतिमट इव प्रौढलक्ष्मीनिधानम्।
अन्तर्वत्यार्हितमतगुरु प्रौढतेजोभिरुच्च,
ज्ज्योतिर्मध्यस्थित मघवता ताविषेणोपमेयः ॥१०१॥

ભાવાર્થ:—આ સૂર્યપુર નગરમાં ગોપીપુરાના મધ્ય ભાગમાં હિમાલય પર્વતના પ્રતિસ્પર્ધી સૈનિક જેવો, મનોહર લક્ષ્મીના નિવાસ-સ્થાન સ્વરૂપ, વિશાળ શ્રાવકોનો ઉપાશ્રય છે. અંદર બીરાજમાન જૈનશાસનના આચાર્યના પ્રખર તેજના સમૂહથી જેની કાંતિ બહાર ફેલાઇ રહી છે એવો આ ઉપાશ્રય જેના મધ્યભાગમાં ઇન્દ્ર બીરાજમાન છે એવા સ્વર્ગની સાથે ઉપમા પામી રહ્યો છે.

જેવી રીતે સ્વર્ગમાં ઇન્દ્ર અને દેવો હોય છે તેવી રીતે આ ઉપાશ્રયમાં આચાર્ય અને શ્રાવકો રહેલા છે.

શ્રી પુણ્યપ્રકાશ સ્તવન:—ગુજરાતી ભાષામાં આલોચનાનું અતિ સુંદર આઠ ઢાળ માંદા માણસને સંભળાવતાં જો ગાનાર ભાવપૂર્વક રાગથી ગાય અને શ્રોતા દિલથી સાંભળે તો આત્મા શાંતરસમાં તરબોળ થઇ જાય એવી સુંદર કાવ્ય ચમત્કૃતિ છે. સાંભળવા અને સંભળાવવા જેવું સ્તવન છે. ઘણી વખતે માંદાને રોગ ભુલાવી દે અને પરભવ સાધી લે એવી રચના છે, તેમાં ચોર્યાંસી લાખ જીવયોનીને શુદ્ધ હૃદયથી ખમતખામણાં કરવાની ભાવના પેદા કરે છે ને સાંભળતાં સાંભળતાં અંત સમયે ભાવપૂર્વક પચ્ચક્ખાણ કરતાં

ઘણાંને જોયાં છે, ને પુણ્યની અનુમોદના ને પાપની નિંદા હૃદયપૂર્વક થાય છે. તેઓના બીજા ગ્રંથોની સમાલોચનાનું કાર્ય વિદ્વાનો માટે રહેવા દઈ તેઓના આઠ સ્તવનો તથા પાંચ બીજા કાવ્યો લીધા છે.

-: સાહિત્ય રચના :-

સંસ્કૃત

૧ શ્રી કલ્પસૂત્ર સુબોધિકા. શ્લોક ૬૫૮૦ ૧૬૯૬
૨ લોક પ્રકાશ, શ્લોક ૨૦૦૦૦ જુનાગઢ ૧૭૦૮
૩ શ્રી હેમલઘુ પ્રક્રિયા વ્યાકરણ. (સ્વોપજ્ઞ ટીકા) રાધનપુર ૧૭૧૦
૪ શ્રી શાંત સુધારસ ભાવના ૧૭૨૩ ૫ શ્રી નયકર્ણિકા
૬ શ્રી ઇંદ્રદ્રુત કાવ્યમાલા. ૭ શ્રી પટ્ત્રિંશત્ સંગ્રહ અપ્રસિદ્ધ
૮ શ્રી અર્હન્ન નમસ્કાર સ્તોત્ર. ૧૭૩૧
૯ જિન સહસ્ર નામ સ્તોત્ર ગાંધાર ૧૭૩૧

ગુજરાતી

૧ સૂર્યપુર ચૈત્યપરિપાટિ ૧૬૮૯ ૨ વિજયદેવસૂરિ લેખ ૧૭૦૫
૩ નેમિનાથ ભ્રમરગીતા ૧૭૦૬ ૪ છ આવશ્યક સ્તવન
૫ શ્રી પંચકારણ સ્તવન. ૬ શ્રી વિનયવિલાસ ૩૭ પદો.
૭ શ્રી આયંબિલ સ્તવન. ૮ શ્રી પટ્ટાવલી સજ્ઝાય.
૯ ઉપધાન સ્તવન ૧૭૧૬. ૧૦ આત્મજ્ઞાન પ્રકાશન સ્તવન સુરત ૧૭૧૬
૧૧ શ્રી નેમિનાથ બારમાસ સ્તવન ૧૭૨૮
૧૨ પુણ્યપ્રકાશ સ્તવન. રાંદેર ૧૭૧૯. ૧૩ શ્રી આદિજિન વિનતી
૧૪ શ્રી અધ્યાત્મગીતા શ્લોક ૩૩૦.
૧૫ શ્રી ભગવતીસૂત્ર સજ્ઝાય. રાંદેર ૧૭૩૧
૧૬ શ્રીપાલરાસ. રાંદેર ૧૭૩૮. ૧૭ ચોવીસી વીસી. ૧૭૨૦ આસપાસ

શ્રી ઋષભદેવનું સ્તવન.

(૧)

(છબીલે લાલન-એ દેશી)

શેત્રુંજા સિર સેહર, દુઃખહર આદિજિણુંદ સોભાગી સુંદર;
મરુદેવીનો નંદન, સુખસુરતરુનો કંદ, રમો મનમંદિર. સો૦ ૧
સકળ કળા જિણે શીખવી, વર્તાવ્યો વિવહાર. સો૦
યુગલાધર્મ નિવારીઓ, દેખાડયો આચાર. સો૦ ૨
નમિ-વિનમિ નિવાજ્યા, કીધા વિદ્યાવંત. સો૦;
બાહુબલી પ્રતિબુઝવ્યો, તું મોટો ભગવંત. સો૦ ૩
સેવા કરતાં સ્વામીની, લહીએ સુગતિનિવાસ. સો૦;
કીર્તિવિજય ઉવજ્ઝાયનો, વિનય કરે અરદાસ. સો૦ ૪

શ્રી ઋષભદેવ જિન સ્તવન.

(૨)

(કાયાપુર-એ દેશી.)

વિમલગિરિ વિમલતા સમરીએ, કમલદલ નયન જગદીસ રે;
ત્રિભુવન દીપક દીપતો, જિહાં થયો શ્રી યુગાદીસ રે.
વિમલ૦ ૧
પાપના તાપ સવિ ઉપશમે, પ્રહ સમે સમરતા નામ રે;
પૂજતાં પાય શ્રી ઋષભના, સંપજે વંછિતકામ રે.
વિમલ૦ ૨
રિદ્ધિ રાણિમ ઘણી ઘર મિલે, પયતલે કનકની કોડિ રે;

નાભિનરનાથ સુત સમરણે, ઇમ ભણે **વિનય** કરજોડી રે.
વિમલ૦ ૩

શ્રી શાંતિનાથ સ્તવન.

(૩)

શાંત જિનેસર સોલમો, પાંચમો ચક્રવર્તિ જાણો રે;
ચોસઠ સહસ વધૂ ધણી, પ્રણમો ષટ્‌ખંડ રાણો રે. શાં૦ ૧
ઘોર વિઘન ઘન સંહરે, જિમ પરચંડ સમીર રે;
દુઃખ દાવાનલ ઓલવે, જિમ નવ જલધર નીર રે. શાં૦ ૨
કીર્તિવિજય ઉવઝાયનો, **વિનય** વદે ઇમ વાણી રે;
શાંતિ જિનેસર સેવના, અવિહડ પુણ્યની ખાણી રે. શાં૦ ૩

શ્રી નેમનાથ સ્તવન.

(૪)

સામલીયા નેમજી, પાતલીયા નેમજી;
સોભાગી નેમજી, રંગીલા નેમજી. (આંકણી)
નેમ હિયેરે વિમાસો, કાંઇ પડે રે વરાંસો;
જબકે સ્યું નાસો, મુજ પડે રે તરાસો. સામ૦ ૧
નેમ હું તોરી દાસી, જુઓ વાત વિમાસી;
ઇમ જાતાં હો નાસી, જગે થાશે હો હાંસી. સામ૦ ૨
એક વાર પધારો, વિનતિ અવધારો;
મુજ મામ વધારો, પછે વહેલા સિધાવો. સામ૦ ૩
શિવનારી ધૂતારી, સાધારણ નારી;
મુજ કીધી શુ વારી, નેમિ લીધો ઉદ્ધારી. સામ૦ ૪

કહતી ઈમ વાણી, રાજુલ ઉજાણી;
ભેટયો નેમ નાણી, પહોતાં નિરવાણી. સામ૦ ૫
કીર્તિવિજય ઉવજઝાયા, લહી તાસ પસાયા;
નેમજી ગુણ ગાયા, **વિનયે** સુખ પાયા. સામ૦ ૬

શ્રી નેમનાથ સ્તવન.

(૫)

(રાગ-રામગિરિ.)

(છાનો રે છપીને કંતા કિહાં રહ્યો રે-દેશી)

રહો રે રહો રથ ફેરવો રે, આવો આવો આણે આવાસ રે;
જો રે હતું ઈમ જાયવું રે, કાંઈ તો કરાવી એવડી આસ રે.
રહો૦ ૧
પીરસીને ભોજનથાળ ન તાણીએ રે, સીંચીને ન ખણીએ મૂળ રે;
ખંધે ચઢાવી ભૂમિ ન નાંખીએ રે, ધોઈને ન ભરીએ ધૂળ રે.
રહો૦ ૧
ચિગટ વિણ તળવું કિસ્યું રે, આદિ વિના કિસો છેહ રે;
પરણ્યા વિણ વૈધવ કિસ્યું રે, રોસ કિસ્યો વિણ નેહ રે.
રહો૦ ૩
પાણી વિણ પરવાલડી રે; કહો કેણી પરે વિંધાય રે;
ભીનાં વિણ કહો લુગડાં રે, તાપેં કિમ દેવાય રે. રહો૦ ૪
આછિ વિના લાછા નહી રે, જુઓની વિચારી આપ રે;
પ્રેમ-સુધા વિણ ચાખવે રે, સ્યો કરો એવડો સંતાપ રે.
રહો૦ ૫

દીઠેં ભૂખ ન ભાજીએ રે, લૂખાં ન હોય લાડ રે;
આવી ગયે ન પલે પ્રીતડી રે, સીંચ્યા વિણ જિમ ઝાડ રે.
રહો૦ ૬

એહવે રાજુલ બોલડે રે, જસ ન ચળ્યું મન રેખ રે;
વિનય ભણે પ્રભુ નેમજી રે, નારીને દઈ નિજ વેષ રે. રહો૦ ૭

શ્રી પાર્શ્વજિન સ્તવન.

(૬)

(સુણો મેરી સજની રજની ન જાવઇ રે–એ દેશી)

પાસ જિણેસર પૂજે એહનીરે; જગમાં કીરતિ સબળી જેહની રે;
કેસર ચંદન અગર કપૂરિ રે, પૂજંતાં સવિ આશા પૂરઈ રે.
પાસ૦ ૧

પાસતણું જબ દરિસણ દીહું રે, તબ પાતક સવિ નાહું દીહું રે;
જિમ તાવડથી નામઈ મેહ રે, મેહથી કી જિમ જાઇ ખેહ રે.
પાસ૦ ૨

તેવીસમો સવિ કષ્ટ નિવારઇ, સંકટથી સેવકનઇ તારઇ રે;
નામ જિણુંદતણું મનિ ધારઇ રે, તે પોતાની માંમ વધારિ રે.
પાસ૦ ૩

સબલ સોભી ગુણ ભંડાર રે, વામાનંદન જગધાર રે;
મુગતિ પંથ દેખાડણ હાર રે, મુગતિ રમણી કંઠઇ વર હાર રે.
પાસ૦ ૪

સુરનર નાયક સેવઈ પાય રે, ભાવ સહિત પ્રભુના ગુણ ગાય રે;
વિનય કરી સેવક મનિ ધ્યાય રે, માંગે સમકિત રયણ પસાય રે.
પાસ૦ ૫

શ્રી પાર્શ્વજિન સ્તવન.

(૭)

(પૂજું રે પૂજું પાસ ચિંતામણી–એ દેશી.)

આસ પૂરે સદા પાસ પરમેસરૂ, દાસ પરિ જાસ સુર સેવ સારે;
ભીમ ભવસાગરુ ઘોર ભય આગરૂ, વાહણ પરે લોકના થોક તારે.
આસ૦ ૧

માત વામા સતી પુત હુલરાવતી, નવનવાં હાલરે ગીત ગાવે;
રુપ અદ્ભુત નિજ પુતનું દેખતાં, આનંદ ઉલટ અંગ આવે.
આસ૦ ૨

પાસ સુરદેવી પદ્માવતી ગુણવતી, ભગતજન વંછિત સર્વ આપે;
કીર્તિવિજય ઉવજ્ઝાયનો સેવક, **વિનય** નિજ ચિત્ત પ્રભુ પાસ થાપે. આસ૦ ૩

શ્રી મહાવીર જિન સ્તવન.

(૮)

(ભોલિડા હંસા રે વિષય ન રાચીઇ–એ દેશી)

સિદ્ધારથના રે નંદન વિનવું, વીનતડી અવધારી,
ભવમંડપમાં રે નાટક નાચીએા, હવિં મુજ દાન દેવારિ. સિ૦ ૧
ત્રિણિ રતન પ્રભુ આપો બાપજી, જિમ નાવઇં સંતાપ;
દાન દેઅંતા વલિ કોસિર કિસી, આપો પદવી રે આપ. સિ૦ ૨
ચરણ અંગુંઠે મેરૂ કંપાવીએા, સુરનો મોડયો રે માન;
કર્મ તણા તે રે ઝગડા જીતીઆ, દીધું વરસી રે દાન. સિ૦ ૩

સાસણ નાયક સવિ સુખદાયક, ત્રિશલા કૂખિ રત્તન;
સિદ્ધારથનો રે વંશ દીપાવિઓ, સાહિબ તું ધન ધન્ન. સિ૦ ૪
વાચક શેખર **કીર્તિવિજય** ગુરૂ, પામી તાસ પસાય;
ધર્મ તણે રસ જિન ચઉવીસના, **વિનયવિજય** ગુણ ગાય. સિ૦ ૫

મનનો અસ્થિરતા ઉપર.

(શ્રી વિનય વિલાસ-પદ ૧૧)

(રાગ-બિહાગડો.)

સાંઈ સલૂના કેસે પાઊંરી, મન થિર મેરા ન હોય;
દિન સારા બાતોમેં ખોયા, રજની ગુમાઇ સોય. સાં૦ ૧
ઔર ઔર વરજ્યા મેં દિલકું, વરજ્યા ન રહે સોય;
મન, ઓર, મદમત વાલા કુંજર, અટકે ન રહે દોય. સાં૦ ૨
છિન તાતા છિન શીતલ હોવે, છિન હસે છિનુ રોય;
છિનુ હરખે સુખ સંપત્તિ પેખી, છિનુ ઝૂરે સબ ખોય. સાં૦ ૩
વૃથા કરત હે કોરી કુરાફત, ભાવિ ન મિટે કોય;
યા કીની મેં યાહી કરૂંગી, યોંહી નીર વિલોય. સાં૦ ૪
મન ધાગા **પિઊગુનકો મોતી**, **હાર** બનાવું પોય;
વિનય કહે મેરે જીઊકે જીવન, નેક નજર મોહે જોય. સાં૦ ૫

શ્રી સૂર્યપૂર ચૈત્યપરિપાટિ.

આદિ—

પૂજીએ પૂજીએ પ્રથમ તીર્થંકરૂએ, ત્રિભુવન ત્રિભુવન દીપક દેવતો;
સેવ કરૂં મન રંગસ્યું એ, **સુરતિ સુરતિપુર** સિણગાર કે;
પૂજીએ પ્રથમ તીર્થંકરૂએ.

તીરથ તીરથ **સુરતિબંદરઇ** એ,
જુહારિયાં જુહારિયાં એહ ઇગ્યાર કે;
દુરગતિના દુઃખ વારિઆંએ, ઊપનો ઊપનો અતિ આણંદ કે;
સુરતિ તીરથ જુહારિયાંએ.

અંતે—

તપગચ્છ હીર સમાન ગણધર **વિજયસિંહસૂરિ**એ,
તસગચ્છ ભૂષણ તિલક વાચક, **કીર્તિવિજય** સુખકંદએ;
તસ ચરણ સેવક **વિનય** ભગતઈ, થુણ્યા શ્રી જિનરાજએ,
શશીકલા[૧૬] સંવત વર્ષ **વસુ**[૮] **નિધિ**[૯], ફલ્યાં વંછિત કાજએ.

શ્રી ધર્મનાથ આત્મજ્ઞાન પ્રકાશ સ્તવન.

અથવા ઊપમિતિ ભવપ્રપંચ સ્તવન.

અંતે—

મન વચ કાયા થિર કરી, પરમ શુકલ ધરી ધ્યાન;
યારઇં કરમ દહી લહઇં, પરમ નિંદ નિધાન. ૧૩૧
સિદ્ધિ સદા સુખ અનુભવઇ, અનુપમ કાલ અનંત;
અજર, અમર, અવિચલ રહઇં, પ્રણમું તે ભગવંત. ૧૩૨
ધર્મનાથ આરાધતાં, એ સવિ સિઝઇ કાજ;
અંતરંગ રિપુ જીતીઇં, લહીંઇ અવિચલ રાજ. ૧૩૩
ધરમનાથ આરાધીઇં, સેવકની અરદાસ;
દયા કરીને દીજઇ, સુગતિ મહોદય વાસ. ૧૩૪
વાસ ન દિયો મુગતિનો, તો ધ્યો સહજ ઊદાસ;
તેહ લહિ અમ્હ સાધસ્યું, સહજઇં શિવ અભ્યાસ. ૧૩૫
સત્તરસઇ ૧૭, **સોલોતરઇ**[૧૬], **સૂરતિ** રહી ચઊમાસ;

તવન રચ્યું મઈ અલ્પમતિ, **આત્મજ્ઞાન પ્રકાશ.** ૧૩૬
શ્રી વિજયદેવસૂરિંદ પરિ, શ્રી વિજયપ્રભસૂરિ;
શ્રી કીર્તિવિજય વાચક તણેા, **વિનયવિજય** રસ પૂરિ. ૧૩૭

શ્રી પુણ્યપ્રકાશ સ્તવનની ઢાલ છઠ્ઠી.

ધન ધન તે દીન માહરેા, જીહાં કીધેા ધર્મ;
દાન, શીયલ, તપ, આદરી, ટાળ્યાં દુષ્કર્મ. ધન૦ ૧
શેત્રુંજાદિક તીર્થની, જે કીધી જાત્ર;
જુગતે જીનવર પુજીઆ, વળી પેાંખ્યા પાત્ર. ધન૦ ૨
પુસ્તક જ્ઞાન લખાવીઆ, જિનવર જિન ચૈત્ય;
સંઘ ચતુર્વિધ સાચવ્યા, એ સાતે ક્ષેત્ર. ધન૦ ૩
પડિક્કમણાં સુપરે કર્યાં, અનુકંપા દાન;
સાધુ સૂરિ ઊવજઝાયને, દીધાં બહુમાન. ધન૦ ૪
ધર્મકાજ અનુમેાદીએ, એમ વારેાવાર;
શિવ ગતિ આરાધન તણેા, એ સાતમેા અધિકાર. ધન૦ ૫
ભાવ ભલેા મન આણીએ, ચિત્ત આણી ઠામ;
સમતા ભાવે ભાવીએ, એ આતમરામ. ધન૦ ૬
સુખ-દુઃખ કારણ જીવને, કેાઇ અવર ન હેાય;
કર્મ આપ જે આચર્યાં, ભેાગવીએ તે સેાય. ધન૦ ૭
સમતા, વિણ જે અનુસરે, પ્રાણી પુણ્યના કામ;
છાર ઉપર તે લીંપણું, ઝાંખર ચિત્રામ. ધન૦ ૮
ભાવ ભલી પરે ભાવીએ, એ ધર્મના સાર;
શિવગતિ આરાધન તણેા, એ આઠમેા અધિકાર. ધન૦ ૯

કલશ

ઇય તરણુતારણ સુગતિ કારણ, દુઃખ નિવારણ જગજયેા;
શ્રી **વીરજિનવર** ચરણ થુણતાં, અધિક મન ઉલ્લટ થયેા. ૧
શ્રી **વિજયદેવસૂરિંદ** પટધર, તીરથ જંગમ ઇણે જગે;
તપગચ્છપતિ શ્રી **વિજયપ્રભસૂરિ**, સૂરિ તેજે ઝગમગે. ૨
શ્રી **હીરવિજયસૂરિ** શિષ્ય વાચક, **કીર્તિવિજય** સુરગુરૂ સમેા;
તસ શિષ્ય વાચક **વિનયવિજયે**, થુણ્યેા જિન ચેાવીસમેા. ૩
સય સત્તર સંવત ઓગણત્રીશે, રહી **રાંદેર** ચેામાસ એ;
વિજય દસમી વિજય કારણ, કીયેા ગુણ અભ્યાસ એ. ૪
નરભવ આરાધન સિદ્ધ સાધન, સુકૃત લીલ વિલાસ એ;
નિર્જરા હેતે સ્તવન રચીયું, નામે **પુણ્ય-પ્રકાશ** એ. ૫

(૧૧)

શ્રી આનંદઘનજી.

*

ચોવીસી રચના ૧૭૨૫ આસપાસ.

સમય ૧૬૬૫ થી ૧૭૩૫ આસપાસ.

સત્તરમી સદીના સમર્થયોગી મહાન આધ્યાત્મજ્ઞાની, આગમના અભ્યાસી અને મહાવિદ્વાન શ્રી **આનંદઘનજી** અપર નામ **લાભાનંદજી**ના જીવન સબંધી, નિશ્ચિત સાલવાર જન્મ, દીક્ષા ને સ્વર્ગવાસ સંબંધી કોઇ હકીકત મળતી નથી, પણ અનુમાનથી તેઓશ્રીનો જન્મ, લગભગ ૧૬૬૫ આસપાસ હોવો જોઇએ અને નિર્વાણ સમય ૧૭૩૫ આસપાસ હોય એમ લગભગ મનાય છે. તેઓશ્રીનું સાધુ-અવસ્થામાં નામ શ્રી **લાભાનંદજી** હતું. તેઓનો જન્મ બુંદેલખંડ જીલ્લામાં થયો હતો. તેઓનો વિહાર મોટે ભાગે મારવાડ અને પાલણપુર આજુબાજુ હતો. તેઓશ્રીએ ઘણાં ચોમાસા મેડતામાં (જોધપુર જીલ્લો) કર્યા હતા. એમ ઐતિહાસિક રીતે સાબીત થાય છે. તેઓશ્રીનો પંન્યાસ **શ્રી સત્યવિજયજી** સાથે ઘણો સારો પરિચય હતો એમ જણાય છે અને દીક્ષા શ્રી તપગચ્છમાં લીધી હોય એમ જણાય છે.

તેઓશ્રીનો દેહોત્સર્ગ મેડતામાં થયો છે. શ્રી સત્યવિજયજી પંન્યાસ ક્રિયોદ્ધાર કરી શ્રી આનંદઘનજી સાથે વનવાસમાં રહ્યા હતા; એમ શ્રી આત્મારામજી મહારાજ શ્રી **જૈનતત્ત્વાદર્શ** ગ્રન્થમાં કહે છે.

હવે તેઓશ્રીની **ચોવીસી** સંબંધી થોડું વિવેચન કરીએ. તેઓશ્રીની ચોવીસીમાં, બાવીસ સ્તવનો તેઓશ્રીએ બનાવ્યા છે. બાકીના બે સ્તવનો બીજાની કૃતિ છે. તેઓશ્રીની આ સ્તુતિ કાવ્યોમાં,

તેઓશ્રીનું અગાધજ્ઞાન તથા અપૂર્વ શૈલી જણાઇ આવે છે. કેટલાક સ્તવનોમાં એવા ટંકશાળી કાવ્યો રચાયા છે, કે જે ખરેખર મોઢે કરી રાખવા જેવાં છે. ટૂંકાં કાવ્યોમાં શાસ્ત્રનો સાર મૂકવો એ તેમની કૃતિઓની ચમત્કૃતિ છે અને સ્તવનોમાં વૈરાગ્ય, તત્ત્વજ્ઞાન, યોગ તથા અધ્યાત્મજ્ઞાન દરેક વિષયો ઝળકી ઉઠે છે.

તેઓના સ્તવનો વાંચતા આત્મા શાંતરસમાં મગ્ન થઇ જાય છે અને વૈરાગ્યવાસિત બને છે. જુદા જુદા રાગોમાં તેઓશ્રીએ સ્તવનો તથા પદો ગાયા છે– જેવા કે, વેલાવલ, ટોડી, સારંગ, ગોડી, કેદારો, આશાવરી, વસંત, સોરઠ, માલસિરિ, દીપક, માલકોશ વગેરે.

(૧)

૯મા **સુવિધિનાથ** સ્તવનમાં **પ્રભુપૂજા** વિષે લખે છે:—

સુવિધિ જિણેસર પાય નમીને, શુભ કરણી એમ કીજે રે;
અતિ ઘણો ઉલટ અંગ ધરિને, પ્રહ ઊઠી પૂજી જે રે. ૧
દ્રવ્ય ભાવ શુચિ ભાવ ધરિને, હરખે દહેરે જઇએ રે;
દહ તિગ પણુ અહિગમ સાચવતાં, એક-મના ધુરિ થઇએ રે. ૨
સુવિધિ જિણેસર પાય નમીને.

× ×

ઈમ પૂજા બહુ ભેદ સુણીને, સુખદાયક શુભ કરણી રે;
ભવિક જીવ કરશે તે લહેશે, **આનંદઘન** પદ ધરણી રે. ૮
સુવિધિ જિણેસર પાય નમીને.

* *

૧૧મા શ્રી શ્રેયાંસનાથ સ્તવનમાં **અધ્યાત્મજ્ઞાન** વિષે કહે છેઃ—

નિજ સ્વરૂપ જે કિરિયા સાધે, તેહ અધ્યાતમ લહીએરે;
જે કીરીયા કરી ચઉગતિ સાધે, તે ન અધ્યાતમ કહીએ રે. ૩
શ્રી **શ્રેયાંસજિન** અંતર જામી.

× ×

અધ્યાત્મ જે વસ્તુ વિચારી, બીજાં જાણે લબાસી રે;
વસ્તુ ગતે જે વસ્તુ પ્રકાશે, **આનંદઘન** મત વાસી રે. ૬
શ્રી શ્રેયાંસ જિન અંતર જામી આતમ રામી નામી રે.

× ×

૧૩મા શ્રી **વિમલનાથ** સ્તવનમાં પ્રભુદર્શનથી આત્માને, થતો આનંદ પ્રગટ કરી પ્રભુપદની માગણી કરે છે.

દુઃખ દોહગ દૂરે ટળ્યા રે, સુખ સંપદ શું ભેટ;
ધીંગ ધણી માથે કીયા રે, કુણ ગંજે નર ખેટ,
વિમલ જિન દીઠાં-લોયણ આજ
મ્હારાં સિધ્યાં વંછીત કાજ, વિમલ જિન દીઠાં લોયણ આજ. ૧

× ×

અમિય ભરી **મૂરતી** રચી રે, ઉપમા ન ઘટે કોય;
શાંત સુધારસ ઝીલતી રે, નિરખતાં તૃપ્તિ ન હોય. ૬
વિમલ જિન દીઠાં લોયણ આજ.
એક અરજ સેવક તણી રે, અવધારો જિન દેવ;
કૃપા કરી મુજ દીજીએ રે, **આનંદઘન** પદ સેવ. ૭
વિમલ જિન દીઠાં લોયણ આજ.

૧૪મા શ્રી **અનંતનાથજી**ના સ્તવનમાં શ્રી જિનેશ્વરની આજ્ઞા પાળવી કેવલી દોહલી છે તેનું વર્ણન કવિશ્રી કરે છે.

ધાર તરવારની સોહેલી, દોહેલી, ચઉદમા જિનતણી ચરણ સેવા;
ધાર પર નાચતાં દેખ બાજીગરા, સેવના ધાર પર રહે ન દેવા.
ધાર૦ ૧

\+ +

૧૫મા સ્તવનમાં શ્રી **ધર્મનાથજી** સ્તવનમાં ધર્મી આત્માનું લક્ષણ કવિશ્રી બતાવે છે.

ધર્મ જિનેસર ગાઉં રંગ શું, ભંગ મ પડશો હો પ્રીત–જિ૦
બીજો મનમંદિર આણું નહી, એ અમ કુલવટી રીત–જિ૦ ૧
ધર્મ જિનેસર ગાઉં રંગશું.
ધરમ ધરમ કરતો જગ સહુ ફીરે, ધરમ ન જાણે હો મર્મ–જિ૦
ધરમ જિનેસર ચરણ ગ્રહ્યા પછી, કોઈ ન બાંધે હો કર્મ–જિ૦ ૨

\+ +

મન મધુકર વર કરજોડી કરે, પદકજ નિકટ નિવાસ–જિ૦
ઘનનામી **આનંદઘન** સાંભળો, એ સેવક અરદાસ–જિ૦ ૩
ધર્મ જિનેસર ગાઉં રંગશું.

\+ +

સોલમા શ્રી **શાંતિનાથજી**ના સ્તવનમાં આત્મશાંતિ અને સમભાવનું કવિશ્રી નિરૂપણ કરે છે.

શાંતિજિન એક મુજ વિનંતિ, સુણો ત્રિભુવન રાય રે;
શાંત સરૂપ કિમ જાણીએ, કહો મન પરખાય રે. શાંતિ૦ ૧

\+ +

માન-અપમાન ચિત્ત સમગણે, સમગણે **કનક પાષાણ** રે;
વંદક નિંદક સમગણે, ઈસ્યો હોવે તું જાણ રે. શાંતિ૦ ૯
સર્વજગ જંતુને સમગણે, સમગણે **તૃણ મણિ ભાવ** રે;
મુક્તિ સંસાર બેહુ સમગણે, સુણે ભવજલનિધિ નાવ રે.
શાંતિ જિન૦ ૧૦

\+ \+

શાંતિ સરૂપ એમ ભાવશે, ધરી શુદ્ધ પ્રણિધાન રે;
આનંદઘન પદ પામશે, તે લહેશે બહુ માન રે. શાંતિ૦ ૧૫

× ×

સત્તરમા શ્રી કુંથુનાથજીના સ્તવનમાં મનને વશ કરવાની મુશ્કેલી વિષે કવિશ્રી મનની સ્થિતિનું આબેહુબ વર્ણન કરે છે.

કુંથુજિન મનડું કિમહિ ન બાઝે, હો **કુંથુજિન**
જીમ જીમ જતન કરીને રાખું, તિમ તિમ અલગું ભાજે હો.
કુંથુજિન૦ ૧

રજની વાસર વસતી ઊજડ, ગયણ પાયાલે જાય;
સાપ ખાયને મુખડું થોથું, એહ ઊખાણો ન્યાય હો. કુંથુ૦ ૨
મુગતિ તણા અભિલાષી તપીઆ, જ્ઞાનને ધ્યાન અભ્યાસે;
વઇરીડું કાંઇ એહવું ચિંતે, નાંખે અવલે પાસે હો. કુંથુ૦ ૩
આગમ આગમ ધરને હાથે, નાવે કિણ વિધ આંકું;
કિહાં કણે જો હઠ કરી અટકું તો, વ્યાલ તણી પરે વાંકું હો. કુંથુ૦ ૪
જો ઠગ કહું તો ઠગતો ન દેખું, શાહુકાર પણ નાંહિ;
સર્વ માંહે ને સહુથી અળગું, એ અચરિજ મનમાંહિ હો. કુંથુ૦ ૫

જે જે કહું તે કાન ન ધારે, આપ મને રહે કાલો;
સુર નર પંડિત જન સમજાવે, સમજે ન મહારો સાલોહો.
કુંથુ૦ ૬

મેં જાણ્યું એ લિંગ નપુંસક, સકલ મરદને ઠેલે;
બીજી વાતે સમર્થ જે નર, એહને કોઇ ન જેલે હો. કુંથુ૦ ૭

મન સાધ્યું તેને સઘળું સાધ્યું, એહ વાત નહીં ખોટી;
એમ કહે સાધ્યું તે નવિ માનું, એક હી વાત છે મોટી હો.
કુંથુ૦ ૮

મનડું દુરારાધ્ય તેં વશ આણ્યું, તે આગમથી મતિ આણું;
આનંદઘન પ્રભુ માહરૂં આણો, તો સાચું કરી જાણું હો.
કુંથુ૦ ૯

હવે તેઓશ્રીના પદો માટે શું લખવાનું હોય ? તેઓએ ૧૦૮ ઉપરાંત પદો રચ્યા છે અને તેનું વિવેચન **શ્રી મોતીચંદ ગીરધરલાલ કાપડીયાએ** સવિસ્તર કર્યું છે. ને તેમાંથી ૫૦ પદોનું વિવેચન છપાવ્યું છે. બાકીના ૫૮ પદોનું વિવેચનવાળું સાહિત્ય શ્રી મહાવીર જૈન વિદ્યાલય પાસે છે. તેઓ વહેલી તકે પ્રગટ કરશે એવી આશા છે. સુજ્ઞ વાંચકોને તે વાંચવા ભલામણ છે. અત્રે તો તેઓના પદોમાંથી થોડા પદો રજુ કરી સંતોષ માનીએ છીએ. પદોમાં વૈરાગ્યરસ, શાંતરસ, અધ્યાત્મજ્ઞાન, ભારોભાર ભરેલાં છે. તેઓશ્રીના ૧૦૮ પદોનું વિવેચન શ્રીમદ **બુદ્ધિસાગરસૂરિજીએ** કર્યું છે. **શ્રી આનંદઘન પદ ભાવાર્થ સંગ્રહ**, પ્રકાશક શ્રી અધ્યાત્મ જ્ઞાન પ્રસારક મંડળ ત્રીજી આવૃત્તિ જે વાંચવાથી આનંદ ઉત્પન્ન થાય અને વૈરાગ્ય પેદા થાય અને નિશ્ચય અને વ્યવહાર દૃષ્ટિથી જે વિસ્તારથી વિવેચન કર્યું છે તે અવશ્ય વાંચવા જેવું છે. **શ્રી આનંદઘનજી**ના સ્તવનો ઉપર પ્રખર વિદ્વાનો પૂર્વાચાર્યો શ્રી

ઉ૦ યશોવિજયજી, શ્રી જ્ઞાનવિમળસૂરિજી, તથા શ્રી જ્ઞાનસારજીએ બાળાવબોધ કર્યાં છે. જેથી આપણને તેમના વૈરાગ્યવાસિત કાવ્યોનું પાન સરળતાથી કરી શકાએ. એવા મહાકવિ શ્રી આનંદઘનજીના પદોની કુલ સંખ્યા ૧૦૮ છે. તે વાંચતા કે સાંભળતાં અદ્‌ભુત આહ્લાદ પેદા થાય છે. મનનો થાક ઊતરી જાય છે. ને ચિત્ત પ્રસન્ન પામે છે. સમર્થ વ્યાખ્યાન કરનારાના વ્યાખ્યાન સાંભળવાથી જે શાંતિ ને વૈરાગ્ય પેદા થાય તેવો બોધ શ્રી આનંદઘનજીની એક સીધી સાદી અને સચોટ કાવ્યપંક્તિથી થાય છે. આવા મહાન ગીતાર્થ યોગીશ્વર અધ્યાત્મજ્ઞાની શ્રી આનંદઘનજીને ભૂરિ ભૂરિ વંદન હો.

શ્રી કબીરનાં પદો, શ્રી મીરાંબાઈના ભજનો લોકોને સાંભળવાનું મન થાય છે. તેથી વિશેષ આનંદ શ્રી આનંદઘનજીના પદોથી આત્માને થાય એ નિર્વિવાદ છે. સજ્જનો અને કાવ્ય રસિકો તેનું જરૂર પાન કરશે

તેઓશ્રીનો ઉ૦ શ્રી યશોવિજયજી સાથે મેડતા શહેરમાં મેળાપ થયો હતો, ને ઉપાધ્યાયજીએ શ્રી આનંદઘનજી માટે અષ્ટપદી રચી હતી. જે વાંચતાં ઉપાધ્યાયજીનું આનંદઘનજી તરફનું કેવું બહુમાન હતું તે જણાઇ આવે છે. એક વખતે મેડતામાં ઉપાધ્યાયજીના વ્યાખ્યાનની પ્રશંસા સાંભળી પોતે ઉપાધ્યાયજીના વ્યાખ્યાન સાંભળવા ગયા હતા અને તેઓશ્રી ઉપાધ્યાયજીની વ્યાખ્યાન કળાથી બહુ આનંદ પામ્યા અને ઉપાધ્યાયજીની વિનંતિથી પોતે પણ વ્યાખ્યાન આપ્યું. જેની અસર ઉપાધ્યાયજી પર બહુ સુંદર થઇ. અત્રે તેઓના પાંચ સ્તવનો તથા સાત પદો આપ્યા છે.

શ્રી ઋષભદેવ સ્વામીનું સ્તવન.

(૧)

(રાગ–મારુ)

(કરમપરીક્ષાકરણ કુમર ચલ્યો રે—એ દેશી.)

ઋષભ જિનેશ્વર પ્રીતમ માહરો રે, ઔર ન ચાહું રે કંત;
રીઝયો સાહેબ સંગ ન પરિહરે રે, ભાંગે સાદિ–અનંત.
ઋષભ૦ ૧

પ્રીત સગાઈ રે જગમાં સહુ કરે રે, પ્રીત સગાઈ ન કોય;
પ્રીત સગાઈ રે નિરુપાધિક કહી રે, સોપાધિક ધન ખોય.
ઋષભ૦ ૨

કોઇ કંતકારણ કાષ્ઠભક્ષણ કરે રે, મિલશું કંતને ધાય;
એ મેળો નવિ કહીએ સંભવે રે, મેળો ઠામ ન ઠાય. ઋષભ૦ ૩

કોઇ પતિરંજન અતિ ઘણું તપ કરે રે, પતિરંજન તન તાપ;
એ પતિરંજન મેં નવિ ચિત્ત ધર્યું રે, રંજન ધાતુમિલાપ.
ઋષભ૦ ૪

કોઇ કહે લીલા રે અલખ અલખતણી રે, લખ પૂરે મન–આશ;
દોષરહિતને લીલા નવિ ઘટે રે, લીલા દોષવિલાસ. ઋષભ૦ ૫

ચિત્ત પ્રસન્ને રે પૂજન ફળ કહ્યું રે, પૂજા અખંડિત એહ;
કપટ રહિત થઈ આતમ–અરપણા રે, **આનંદઘન** પદ રેહ.
ઋષભ૦ ૬

શ્રી શાંતિનાથ સ્તવન.

(૨)

(રાગ મલ્હાર-ચતુર ચોમાસો પડકમી. એ દેશી.)

શાંતિજિન એક મુજ વિનતી, સુણો ત્રિભુવનરાય રે;
શાંતિ સરૂપ કિમ જાણીયે, કહો મન કિમ પરખાય રે.
શાંતિ૦ ૧

ધન્ય તું આતમ જેહને, એહવો પ્રશ્ન અવકાશ રે;
ધીરજ મન ધરી સાંભળો, કહું શાંતિ પ્રતિભાસ રે. શાંતિ૦ ૨

ભાવ અવિ શુદ્ધ સવિ શુદ્ધ જે, કહ્યા જિનવર દેવ રે;
તે તિમ અવિતથ સદ્દહે, પ્રથમ એ શાંતિ પદ સેવ રે.
શાંતિ૦ ૩

આગમધર ગુરૂ સમકિતી, ક્રિયા સંવર સાર રે;
સંપ્રદાઇ અવંચક સદા, સુચિ અનુભવ ધાર રે. શાંતિ૦ ૪
શુદ્ધ અવલંબન આદરે, તજી અવર જંજાલ રે;
તામસી વૃત્તિ સવિ પરિહરી, ભજે સાત્વિકી સાલ રે.
શાંતિ૦ ૫

ફલ વિસંવાદ જેહમાં નહીં, શબ્દ તે અર્થ સંબંધી રે;
સકલ નયવાદ વ્યાપી રહ્યો, તે શિવ સાધન સંધિ રે.
શાંતિ૦ ૬

વિધિ પ્રતિષેધ કરી આતમા, પદારથ અવિરોધ રે;
ગ્રહણવિધિ મહાજને પરિગ્રહ્યો, ઇસ્યો આગમે બોધ રે.
શાંતિ૦ ૭

દુષ્ટ જન સંગતિ પરિહરિ, ભજે સુગુરૂ સંતાન રે;
જોગ સામર્થ્ય ચિત ભાવજે, ધરે મુગતિ નિદાન રે. શાંતિ૦ ૮
માન અપમાન ચિત્ત સમગણે. સમગણે કનક પાષાણરે;
વંદકનિંદક સમગણે, ઇસો હોય તું જાણ રે. શાંતિ૦ ૯
સર્વ જગ જંતુને સમગણે, ગણે તૃણ મણિ ભાવ રે;
મુગતિ સંસાર બિહુ સમ ગણે, મુણે ભવજલનિધિ નાવ રે.
શાંતિ૦ ૧૦

આપણો આતમ ભાવ જે, એક ચેતનાધાર રે;
અવર સવિ સાથ સંયોગથી, એહ નિજ પરિકર સાર રે.
શાંતિ૦ ૧૧

પ્રભુ મુખથી ઇમ સાંભલી, કહે આતમરામ રે;
તાહરે દરિશણે નિસ્તર્યો, મુજ સિધ્યાં સવિ કામ રે. શાંતિ૦ ૧૨
અહો અહો હું મુજને કહું, નમો મુજ નમો મુજજ રે;
અમિતફલ દાન દાતારની, જેહને ભેટ થઇ તુજજ રે. શાંતિ૦ ૧૩
શાંતિ સરૂપ સંક્ષેપથી, કહ્યો નિજ પર રૂપ રે;
આગમમાંહિ વિસ્તર ઘણો, કહ્યો શાંતિ જિન ભૂપ રે.
શાંતિ૦ ૧૪

શાંતિ સરૂપ ઇણ ભાવશ્યે, ધરી શુદ્ધ પ્રણિધાન રે;
આનંદઘન પદ પામશ્યે, તે લહિશ્યે બહુમાન રે. શાંતિ૦ ૧૫

શ્રી નેમનાથ સ્તવન.

(૩)

(રાગ–મારણી.)

(ધણરા ઢેલા–એ દેશી.)

અષ્ટ ભવંતર વાલહી રે, તું મુજ આતમરામ મનરાવાલા;
મુગતિ નારીસું આપણે રે; સગપણ કોઈ ન કામ. મ૦

ધરિ આવો હો વાલિમ ધરિ આવો,
મારી આશાના વિસરામ મનરાવાલા;
રથફેરો હો સાજન રથ ફેરો,
સાજન માહરા મનોરથ સાથ મનરાવાલા..... ૧

નારી પખો રચ્યો નેહલો રે વાલા, સાચ કહે જગનાથ મ૦;
ઇશ્વર અરધંગે ધરી રે વાલા, તું મુઝ ઝાલે ન હાથ. મ૦
ધરિ૦ ૨

પશુજનને કરુણા કરી રે વાલા, આણી હૃદય વિચાર. મ૦;
માણસની કરુણા નહી રે વાલા, એ કુણ ઘર આચાર. મ૦
ધરિ૦ ૩

પ્રેમ કલ્પતરુ છેદીયો રે વાલા, ધરિયો યોગ ધતૂર મ૦;
ચતુરાઇ રો કુણ કહો રે વાલા, ગુરુ મિલિઓ જગસૂર. મ૦
ધરિ૦ ૪

માહરું તો એમાં કયું નહી રે વાલા, આપ વિચારે રાજ. મ૦;
રાજસભામાં બેસતાં રે વાલા, કી સડીબધ સી લાજ. મ૦
ધરિ૦ ૫

પ્રેમ કરે જગ જન સહુ રે વાલા, નિરવાહે તે ઓર. મ૦;
પ્રીત કરીને છાંડી દે રે વાલા, તેહસું ચાલે ન જોર. મ૦
ધરિ૦ ૬

જો મનમાં એહવું હતું રે વાલા, નિસ પતિ કરત ન જાણુ મ૦;
નિસ પતિ કરીને છાંડતાં રે વાલા, માણસ હુયે નુકસાણુ. મ૦
ધરિ૦ ૭

દેતાં દાન સંવત્સરી રે વાલા, સહુ લહે વંછિત પોષ મ૦;
સેવક વંછિત નવિ લહે રે વાલા, તે સેવકનો દોષ. મ૦
ધરિ૦ ૮

સખી કહે એ સાંભળો રે વાલા, હું કહું લક્ષણ સ્વેત મ૦;
ઈણ લક્ષણ સાચી સખી રે વાલા, આપ વિચારે હેત. મ૦
ધરિ૦ ૯

રાગીસુ રાગી સહુ રે વાલા, વૈરાગી સ્યો રાગ મ૦;
રાગ વિના કિમ દાખવો રે વાલા, મુગતિ સુંદરી માગ. મ૦
ધરિ૦ ૧૦

એક ગુહ્ય ઘટતું નહિ રે વાલા, સઘળો ઈ જાણે લોગ મ૦;
અનેકાંતિક ભોગવો રે વાલા, બ્રહ્મચારી ગતસોગ. મ૦
ધરિ૦ ૧૧

જિણ જોગે તુઝને જોઉં રે વાલા, તિણ જોગે જોવો રાજ મ૦;
એક વાર મુઝને જુવો રે વાલા, તો સીઝે મુઝ કાજ. મ૦
ધરિ૦ ૧૨

મોહદશા ધરી ભાવતાં રે વાલા, ચિત્ત લહે તત્ત્વ વિચાર મ૦;
વીતરાગતા આદરી રે વાલા, પ્રાણનાથ નિરધાર. મ૦ ધરિ૦ ૧૩

સેવક પિણ તે આદરે રે વાલા, તો રહે સેવક માંમ મ૦;
આશય સાથે ચાલીએ રે વાલા, એહિજ રુડું કામ. મ૦
ધરિ૦ ૧૪

ત્રિવિધયોગ ધરી આદર્યો રે વાલા, **નેમનાથ** ભરતાર મ૦;
ધારણ પોષણ તારણો રે વાલા, નવરસ મુગતાહાર. મ૦
ધરિ૦ ૧૫

કારણરૂપી પ્રભુ ભજ્યો રે વાલા, ગણ્યો ન કાજઅકાજ મ૦;
કૃપા કરી પ્રભુ દીજીએ રે વાલા, **આનંદઘન** પદરાજ. મ૦
ધરિ૦ ૧૬

શ્રી પાર્શ્વનાથ સ્તવન.

(૪)

(રાગ-સારંગ) (દેશી–રસિયાની)

ધ્રુવપદ રામી હો સ્વામી માહરા, નિઃકામી ગુણરાય સુજ્ઞાની;
નિજ ગુણકામી હો પામી તું ધણી, ધ્રુવ આરામી હો થાય. સુ૦
ધ્રુવ આરામી હો થાય. ૧

સર્વવ્યાપી કહો સર્વ જાણગપણે, પર પરણુમન સ્વરૂપ સુ૦;
પરરૂપે કરી તત્ત્વપણું નહિ, સ્વસત્તા ચિદ્રૂપ સુ૦ ધ્રુવ૦ ૨

જ્ઞેય અનેકે હો જ્ઞાન અનેકતા, જલભાજન રવિ જેમ સુ૦;
દ્રવ્ય એક તત્ત્વપણે ગુણ એકતા, નિજપદ રમતાં હો ખેમ. સુ૦
ધ્રુવ૦ ૩

પરક્ષેત્રે ગત જ્ઞેયને જાણવે, પરક્ષેત્રી થયું જ્ઞાન સુ૦;
અસ્તિપણું નિજક્ષેત્રે તુમ કહ્યો, નિર્મલતા ગુણમાન. સુ૦
ધ્રુવ૦ ૪

જ્ઞેય વિનાશે હો જ્ઞાન વિનશ્વરૂ, કાળ પ્રમાણે રે થાય સુ૦;
સ્વકાળે કરી સ્વસત્તા સદા, તે પર રીતે ન જાય. સુ૦ ધ્રુવ૦ ૫

પરભાવે કરી પરતા પામતા, સ્વસત્તા થિર ઠાણ સુ૦;
આત્મ ચતુષ્કમયી પરમાં નહી, તો કિમ સહુનો રે જાણ. સુ૦
ધ્રુવ૦ ૬

અગુરુલઘુ નિજગુણને દેખતાં, દ્રવ્ય સકળ દેખંત સુ૦
સાધારણ ગુણની સાધર્મ્યતા, દર્પણ જળને દૃષ્ટાંત સુ૦
ધ્રુવ૦ ૭

શ્રી પારસજિન પારસરસ સમો, પિણ ઇહાં પારસનાંહિ સુ૦;
પૂરણ રસિઓ હો નિજ ગુણ પરસનો, **આનંદઘન** મુજમાંહિ સુ૦
ધ્રુવ૦ ૮

શ્રી મહાવીર જિન સ્તવન.

(૫)

(રાગ-ધન્યાસી)

વીર જિનેશ્વર ચરણે લાગું, વીરપણું તે માગું રે;
મિથ્યા મોહ તિમિર ભયભાંગું, જીત નગારું વાગું રે. વીર૦ ૧
છઉમથ વીરય લેશ્યા સંગે, અભિસંધિ જ મતિ અંગે રે;
સૂક્ષમ થૂલ ક્રિયાને રંગે, યોગી થયો ઉમંગે રે. વીર૦ ૨
અસંખ્ય પ્રદેશ વીર્ય અસંખે, યોગ અસંખિત કંખે રે;
પુદ્ગલગણ તિણે લ્યૈસુ વિશેષે, યથાસકતિ મતિ લેખે રે.
વીર૦ ૩
ઉતકૃષ્ટે વીરયને વેસે, યોગ ક્રિયા નવિ પેસે રે;
યોગતણી ધ્રુવતાને લેશે, આતમસકતિ ન ખેસે રે. વીર૦ ૪
કામ વીર્ય વશિ જિમ ભોગી, તિમ આતમ થયો ભોગી રે;
સૂરપણે આતમ ઉપયોગી, થાયે તેહને અયોગી રે. વીર૦ ૫
વીરપણું તે આતમઠાણે, જાગ્યું તુમચી વાણે રે;
ધ્યાન વિનાણે સકતિ પ્રમાણે, નિજ ધ્રુવપદ પહિચાણે રે.
વીર૦ ૬
આલંબન સાધન જે ત્યાગે, પર પરિણતિને ભાગે રે;
અક્ષય દર્શન જ્ઞાન વિરાગે, **આનંદઘન** પ્રભુ જાગે રે.
વીર૦ ૭

(૬)

(રાગ–આશાવરી)

રામ કહો રહેમાન કહો કોઉ, કાન કહો મહાદેવ રી;
પારસનાથ કહો કોઉ બ્રહ્મા, સકલ બ્રહ્મ સ્વયમેવરી. રામ૦ ૧

ભાજન ભેદ કહાવત નાના, એક મૃત્તિકા રૂપ રી;
તૈસેં ખંડ કલ્પના રોપિત, આપ અખંડ સ્વરૂપ રી. રામ૦ ૨
નિજપદ રમે રામ સો કહિયે, રહિમ કરે રહેમાન રી;
કરશે કર્મ કાન સો કહિયે, મહાદેવ નિર્વાણ રી. રામ૦ ૩
પરસે રૂપ પારસ સો કહિયે, બ્રહ્મ ચિન્હે સો બ્રહ્મરિ;
ઇહ વિધ સાધો આપ **આનંદઘન** ચેતનમય નિઃકર્મરી. રામ૦ ૪

(૭)

(રાગ–સારંગ અથવા આશાવરી.)

અબ હમ અમર ભયે ન મરેંગે. અ૦
યા કારન મિથ્યાત દીયો તજ, કયું કર દેહ ધરેંગેં. અ૦ (૧)
રાગ દ્વેસ જગ બંધ કરત હૈ, ઇનકો નાસ કરેંગે;
મર્યો અનંત કાલ તેં પ્રાની, સો હમ કાલ હરેંગે. અ૦ (૨)
દેહ વિનાસી હું અવિનાસી, અપની ગતિ પકરેંગે;
નાસી જાસી હમ થિર વાસી, ચોખે વ્હૈ નિખરેંગે. અ૦ (૩)
મર્યો અનન્તવાર વિન સમજ્યો, અબ સુખ–દુઃખ વિસરેંગે;
આનંદઘન નિપટ નિકટ અક્ષર દો, નહી સમરે સો મરેંગે. (૪)

(૮)

(રાગ–કલ્યાણ)

યા પુદ્ગલકા કયા વિસવાસા, હે સુપનેકા વાસારે, યા પુદ્ગલકા.
ચમત્કાર બિજલી દે જૈસા, પાની બીચ પતાસા,
યા દેહીકા ગર્વ ન કરના, જંગલ હોય ગાવાસા;
યા પુદ્ગલકા૦ (૧)
જૂઠે તન, ધન જૂઠે જોબન, જૂઠે હૈ ઘરવાસા,
આનંદઘન કહે સબહી જૂઠે, સાચા શિવપૂર વાસા;
યા પુદ્ગલકા૦ (૨)

(૯)

આયુષ્યની અસ્થિરતા વિષે.

(રાગ–વેલાવલ)

કયા સોવે ઉઠ જાગ બાઉરે,
અંજલિ જલ જયું આયુ ઘટત હૈ,
દેત પહોરિયાં ઘરિય ઘાઉરે. કયા૦ ૧

ઇંદ ચંદ નાગિંદ મુનિ ચલે, કોણુ રાજા પતિ સાર રાઉરે;
ભમત ભમત ભવ જલધિ પાયકેં,
ભગવંત ભજન વિન ભાઉ ના ઉરે. કયા૦ ૨

કહા વિલંબ કરે અબ બાઉરે, તરી ભવજલનિધિ પાર પાઉરે;
આનંદઘન ચેતનમય મૂરતિ,
શુદ્ધ નિરંજન દેવ ધ્યાઉરે. કયા૦ ૩

શરીર અને આત્મા વિષે.

સાખી.

જગ આશા જંજીરકી, ગતિ ઉલટી કુલ મોર;
જકયો ધાવત જગતમેં રહે છૂટો ઇક ઠોર.

(રાગ–આશાવરી)

અવધૂ કયા સોવે તન મઠમેં, જાગ વિલોકન ઘટમેં. અવધૂ૦
તન મઠકી પરતીત ન કીજે, ઢહિ પરે એક પલમેં;
હલચલ મેટિ ખબર લે ઘટકી, ચિહ્ને રમતાં જલ મેં. અવધૂ૦ ૧

મઠમેં પંચ ભૂતકા વાસા, સાસા ધૂત બવીસા,
છિન છિન તોહી છલનકું ચાહે, સમજે ન બોરા સીસા.
અવધૂ૦ ૨

શિર પર પંચ વસે પરમેસર, ઘટમેં સૂછમ બારી;
આપ અભ્યાસ લખે કોઈ વીરલા, નિરખે ઠૂકી તારી. અવધૂ૦ ૩

આશા મારી આસન ધરી ઘટમેં, અજપા જાપ જગાવે;
આનંદઘન ચેતનમય મૂરતિ, નાથ નિરંજન પાવે. અવધૂ૦ ૪

(૧૦)

ચેતનાની ચેતનને ઉક્તિ.

(મારૂ-રાગ.)

નિશદિન જોઉં તારી વાટડી, ઘરે આવોને ઢોલા, નિશ૦
મુજ સરિખી તુજ લાખ હૈ, મેરે તૂરી મમોલા. નિશ૦ ૧
જવ હરી મોલ કરે લાલકા, મેરા લાલ અમોલા;
જીસકે પટંતર કોઇ નહિ, ઉસકા કયા મોલા. નિશ૦ ૨
પંથ નિહારત લોયણે, દ્રગ લાગી અડોલા;
જોગી સુરત સમાધિમેં, મુનિ ધ્યાન ઝકોલા. નિશ૦ ૩
કૌન સુને કિનકું કહું, કિમ માંડુ મેં બોલા;
તેરે મુખ દીઠે ટલે, મેરે મનકા ચોલા. નિશ૦ ૪
મિત વિવેક વાતેં કહેં સુમતા સુનિ બોલા;
આનંદઘન પ્રભુ આવશે, સેજડી રંગ રોલા. નિશ૦ ૫

(૧૧)

આશા વિષે.

આશાવરી.

આશા ઓરન કી કયા કીજે, જ્ઞાન સુધારસ પીજે. આશા૦
ભટકે દ્વાર દ્વાર લોકનકે, કૂકર આશા ધારી;
આતમ અનુભવ રસકે રસીયા, ઉતરે ન કબહુ ખુમારી. આશ૦ ૧
આશા દાસી કે જે જાએ, તે જન જગકે દાસા;
આશા દાસી કરે જે નાયક, લાયક અનુભવ પ્યાસા. આશા૦ ૨
મનસા પ્યાલા પ્રેમ મસાલા, બ્રહ્મ અગ્નિ પરજાલી;
તન ભાઠી અવટાઇ પીએ કસ, જાગે અનુભવ લાલી. આશા૦ ૩
અગમ પીઆલા પીએ મતવાલા, ચીન્હે અધ્યાતમ વાસા;
આનંદઘન ચેતન હોહે ખેલે, દેખે લોક તમાસા. આશા૦ ૪

(૧૨)

મહોપાધ્યાય શ્રી માનવિજયજી.

*

(ચોવીસી રચના–૧૭૨૫ આસપાસ.)

શ્રી તપગચ્છમાં શ્રી વિજયઆણંદસૂરિના શિ૦ શ્રી શાંતિવિજયજીના શિષ્ય મહોપાધ્યાય શ્રીમાનવિજયજીનો જન્મ–તથા સ્વર્ગવાસ તીથિ મલી નથી. તેઓ મહાવિદ્વાન હતા. અમદાવાદના પ્રસિદ્ધ આગેવાન શ્રીમાલી શેઠ શાંતિદાસ (ઝવેરી શાંતિદાસ શેઠથી ભિન્ન) ની પ્રાર્થનાથી સંવત ૧૭૩૧ માં તેઓશ્રીએ **શ્રી ધર્મસંગ્રહ** નામનો એક અદ્‌ભુત ગ્રંથ બનાવ્યો જે ગ્રંથ મહોપાધ્યાય શ્રી યશોવિજયજીની પાસે તેઓને શ્રુતકેવલી માની શોધાવ્યો હતો. તેઓશ્રીની ગુજરાતી ભાષામાં બનાવેલી ચોવીસીની રચના ઘણી સુંદર છે. તથા ગુજરાતીમાં **શ્રી નયવિચાર રાસ** પ્રસિદ્ધ છે. તેઓની સાહિત્ય–રચના નીચે મુજબઃ–

૧. શ્રી ગજસુકુમાર રાસ. ૨. શ્રી નયવિચાર રાસ. સં. ૧૭૩૧
૩. શ્રી સિદ્ધચક્ર સ્તવન. ૪. શ્રી નવતત્ત્વ પ્રકરણ વિવરણ. ૧૭૩૫
૫. સુમતિ–કુમતિ સ્તવન. ૧૭૨૮ ૬. શ્રી ગુરુતત્ત્વ પ્રકાશ.
૭. શ્રી ધર્મસંગ્રહ સં. ૧૭૩૧ શ્રી ચોવીસી.

શ્રી ધર્મસંગ્રહનું ભાષાંતર શ્રી ભદ્રંકરવિજયજી મારફતે છપાયું છે. જેમાં શ્રી સાધુધર્મ તથા શ્રી શ્રાવકધર્મનું વર્ણન છે.

આ સાથે તેઓના પાંચ સ્તવનો આપ્યા છે.

શ્રી ઋષભદેવ જિન સ્તવન.

(૧)

(રાગ–પ્રભાતી.)

ઋષભ જિણંદા ઋષભ જિણંદા,
તુમ દરિસણ હુએ પરમાણંદા;

અહનિશિ ધ્યાઉં તુમ દીદારા, મહિર કરીને કરજો પ્યારા.
ઋષભ૦ ૧

આપણને પુંઠે જે વળગા, કિમ સરે તેહને કરતાં અળગા;
અળગા કીધા પણ રહે વળગા, મોર પીંછ પરે ન હુએ ઉભગા.
ઋષભ૦ ૨

તુમ્હ પણ અળગે થયે કિમ સરશે, ભગતી ભલિઆ કરસી લેશે;
ગગને ઉડે દૂર પડાઇ, દોરી અલે હાથે રહી આઈ. ઋષભ૦ ૩

મુજ મનડું છે ચપળસ્વભાવે, તોયે અંતર્મુહૂર્ત્ત પ્રસ્તાવે;
તું તો સમય સમય બદલાયે, ઇમ કિમ પ્રીતિ નિવાહો થાયે.
ઋષભ૦ ૪

તે માટે તું સાહિબ માહરો, હું છું સેવક ભવોભવ તાહરો;
એહ સંબંધમાં મ હોસ્યો ખામી,
વાચક માન કહે શિર નામી. ઋષભ૦ ૫

શ્રી શાંતિનાથ સ્તવન.

(૨)

શ્રી શાંત જિનેસર સાહિબા, તુજ નાઠે કિમ છૂટાશ્યે;
મે લીધી કેડજ તાહરી, તેહ પ્રસન્ન થયે મૂકાશ્યે.
શ્રી શાંતિ૦ ૧

તું વીતરાગપણું દાખવી, ભોલા જનને ભૂલાવે;
જાણીને કીધી પ્રતિજ્ઞા, તેહથી કહો કુણ ડોલાવે. શ્રી શાંતિ૦ ૨

કોઈ કોઈને કેડે મત પડો, કેડ પડયાં આણે લાજ;
નિરાગી પ્રભુ પણ ખિંચીએ, ભગતે કરી મેં સાત રાજ.
શ્રી શાંતિ૦ ૩

મન માંહિ આણી વાસીએ, હવે કિમ નિસરવા દેવાય;
જો ભેદ રહિત મુજ શું મિલે, તો પલક માંહિ છૂટાય.
શ્રી શાંતિ૦ ૪

કબજે આવ્યા કિમ છુટશો, દીધા વિણ કવણ કૃપાલ;
તો શ્યું હઠવાદ લેઈ રહ્યા, કહે **માન** કરો ખુસિયાલ.
શ્રી શાંતિ૦ ૫

શ્રી નેમીનાથ સ્તવન.

(૩)

(અબ પ્રભુ સુ ધતની-કહું એ દેશી.)

નેમિ જિણંદ નિરંજણો, જઈ મોહ થલે જલ કેલ રે;
મોહનના ઉદભટ ગોપી, એકલમલ્લે નાંખ્યા ઠેલ રે. ॥૧॥

સ્વામી સલૂણા સાહિબા, અતુલીબલ તું વડવીર રે, સા૦
કોઇક તાકી મૂકતી, અતિ તીખાં કટાક્ષનાં બાણ રે;
વેધક વયણ બંદુક ગોલી, જે લાગે જાયે પ્રાણ રે. સા૦ ॥૨॥

અંગુલી કટારી ઘોચતી, ઉછાલતી વેણી કૃપાણ રે;
સિંથો ભાલા ઉગામતી, સિંગ જલ ભરે કોક બાણ રે. સા૦ ॥૩॥

કૂલ દડા ગોલી નાખે, જે સત્ત્વ ગઢે કરે ચોટ રે;
કુચયુગ કરિ કુંભસ્થલે, પ્રહરતી હૃદય કપાટ રે. સા૦ ॥૪॥

શીલ સન્નાહ ઉન્નત સબે, અરિ શસ્ત્રનેં ગોલા ન લાગ્યા રે;
સૌર કટિ મિથ્યા સવે, મોહ સુભટ દહો દિશેં ભાગ્યા રે.
સા૦ ॥૫॥

તવ નવ ભવ ચેાદ્ધો મંડયેા, સજી વિવાહ મંડપ કેાટ રે;
પ્રભુ પણ તમ સનમુખે ગયેા, નીસાણે દેતેા ચેાટ રે.
સા૦ ॥૬॥

ચાકરી મેાહની છેાડવી, રાજુલને શિવપુર દીધ રે;
આપે રૈવતગિરિ સજી, ભીતર સંયમગઢ લીધ રે. સા૦ ॥૭॥
શ્રમણ ધરમ ચેાદ્ધા લડે, સંવેગ ખડગ ધૃતિ ઢાલ રે;
ભાલા કેસ ઉપાડતેા, શુભ ભાવના ગડગડે નાલરે. સા૦ ॥૮॥

ધ્યાન ધારા શર વરસતેા, હણી મેાહ થયેા જગનાથ રે;
માનવિજય વાચક વંદે, મેં ગ્રહ્યો તાહરેા સાથ રે.
સા૦ ॥૯॥

શ્રી પાર્શ્વજિન સ્તવન.

(૪)

(દેહું દેહું નણંદ હઠીલી—એ દેશી)

શ્રી પાસજી પ્રગટ પ્રભાવી, તુજ મૂરતિ મુજ મન ભાવી રે;
મન મેાહનાં જિનરાયા, સુરનર કિનર ગુણ ગાયા રે. મન૦
જે દિનથી મૂરતી દીઠી, તે દિનથી આપદ નાઠી રે. મન૦ ૧
મટ કાલેા મુખ સુપ્રસન્ન, દેખત રીઝે ભવિ મન્ન રે;
સમતા રસ કેરાં કચેાલાં, નયણાં દીઠે રંગરેાલાં રે. મન૦ ૨
હાથે ન ધરે હથિયાર, નહિ જપમાલાનેા પ્રચાર રે;
ઉત્સંગે ન ધરે વામા, તેહથી ઉપજે સવિ કામા રે. મન૦ ૩

ન કરે ગીત નૃત્યના ચાલા, એ તો પરતક્ષ નટના ખ્યાલા રે;
ન બજાવે આપે વાજાં, ન ધરે વસ્ત્ર જીરણ સાજાં રે. મન૦ ૪
ઈમ મૂરતિ તુજ નિરૂપાધી, વીતરાગ પણે કરી સાધી રે;
કહે **માનવિજય** ઉવઝાય, મેં અવલંબ્યા તુજ પાયા રે.
મન૦ ૫

શ્રી મહાવીર જિન સ્તવન.

(૫)

(હેમરાજ જગજસ જીતો—એ દેશી)

શાસનનાયક સાહિબ સાચો, અતુલ બળ અરિહંત;
કરમ અરિબલ સબલ નિવારી, મારીય મોહ મહંત,
મહાવીર જગમાં જીત્યો જી, જીત્યો જીત્યો આપ સહાય;
હાંજી જીત્યો જીત્યો જ્ઞાનપસાય, હાંજી જીત્યો જીત્યો ધ્યાન દશાય
હાંજી જીત્યો જીત્યો જગ સુખદાય. મહાવીર૦ ૧

અનંતાનુબંધી વડયોધા, હણીયા પહિલી ચોટ;
મંત્રી મિથ્યાત પછે તિગરુપી, તવ કરી આગળ દોટ. મ૦ ૨
ભાજીહેડ આયુષતિગ કરી, ઇંક વિગલેંદ્રિઅ જાતિ;
એહ મે વાસ ભાંજ્યો ચિરકાળે, નરક યુગલ સંઘાતિ. મ૦ ૩
થાવરતિરિ દુગ ઝાંસિ કટાવિ, સાહારણ હણી ધાડી;
થીણુ તિગ મદિરાવયરી, આતપ ઉદ્યોત ઉખાડી. મ૦ ૪
અપચખાણા અને પચખાણા, હણીયા ચોધા આઠ;
વેદ નપુંસક સ્ત્રી સેનાની, પ્રતિબિંબિત ગયા નાઠ. મ૦ ૫
હાસ્ય રતિ અરતિ શોક દુગંછા, ભયે મોહ ખવાસ;
હણીયા પુરુષવેદ ફોજદારા, પછે સંજલના નાશ. મ૦ ૬

નિદ્રા હોય મોહ પટરાણી, ઘરમાંહિથી સંહારી;
અંતરાય દરસણ ને જ્ઞાનાવરણીય લડતા મારી. મ૦ ૭

જય જય હુઓ મોહ જ મુઓ, હુઓ તું જગનાથ;
લોકાલોક પ્રકાશ થયો તવ, મોક્ષ ચલાવે સાથ. મ૦ ૮

જીત્યો તિમ ભગતને જીતાવે, મૂકાયો મૂકાવે;
તરણતારણ સમરથ છે તું હી, **માનવિજય** નિતુ ધ્યાવે. મ૦ ૯

(૧૩)

જ્યોતિર્ધર મહોપાધ્યાય શ્રી યશોવિજયજી.

પ્રખર નૈયાયિક, તાર્કિક શિરોમણી, મહાન્ જ્યોતિર્ધર, ન્યાય વિશારદ, ન્યાયાચાર્ય શાસન પ્રભાવક, ગૂર્જરરત્ન પૂજ્યપાદ શ્રી યશોવિજયજીનો જન્મ ગુજરાતમાં પાટણ પાસે ધીણોજથી ત્રણ માઇલ દૂર આવેલા કનોડુ ગામમાં થયો હતો. તેઓશ્રીનો જન્મ સંવત મલતો નથી. તેઓશ્રીના પિતાનું નામ **નારાયણ** અને માતાનું નામ **સોભાગદે** હતું.

સાત વર્ષની ઉમ્મરે સાંભળવા માત્રથી ૪૪ ગાથાનું શ્રી ભક્તામરસ્તોત્ર સંસ્કૃત કંઠસ્થ કર્યું હતું. આ વાત જાણી મુનિવર શ્રી **નયવિજયજી**એ જશવંતકુમારની માગણી તેમની માતાજી પાસે કરી. જૈન આગેવાનો એકત્ર કર્યા. કુટુંબમાં સાત ઘર વચ્ચે એકનો એક પુત્ર હોવા છતાં માતાજીએ રજા આપી અને સં. ૧૬૮૮માં પાટણમાં આચાર્ય શ્રી વિજયદેવસૂરિજીને હાથે દીક્ષા આપવામાં આવી. સાથે તેમના ભાઇ પદ્મસિંહે પણ દીક્ષા લીધી. જેમનું નામ મુનિશ્રી **પદ્મવિજયજી** રાખવામાં આવ્યું. ગુરૂ પાસે શાસ્ત્રાભ્યાસ કર્યો. અગીયાર વર્ષ બાદ સંવત ૧૬૯૯માં અમદાવાદમાં આઠ અવધાન કર્યાં. તે સમયે શેઠ ધનજી સુરા તથા સંઘના અન્ય અગ્રણીઓએ તેમને વધુ અભ્યાસ કરાવવા વિનંતી કરી; ને કાશી અભ્યાસ કરવા પોતાના ગુરૂ શ્રી નયવિજયજી મહારાજ સાથે ગયા. તે સમયે બ્રાહ્મણ પંડીતોનો ખરચ અમદાવાદના વતની શાહ ધનજી સુરાએ કર્યો ત્યાં ત્રણ વર્ષ રહી ન્યાય, તર્ક વગેરે વિષયોનો અભ્યાસ કર્યો ને વિદ્યાગુરૂનો અપૂર્વ પ્રેમ મેળવ્યો, અને ન્યાયશાસ્ત્રનો અભ્યાસ કર્યો, એટલું જ નહિ પણ અન્ય છ એ દર્શનોનું તલ સ્પર્શિ અધ્યયન કર્યું.

* *

એક વખતે દક્ષિણ દેશના કોઇ પંડિતે કાશીમાં આવી ઘણા વિદ્વાન બ્રાહ્મણોને વાદવિવાદમાં જીતી લીધા પછી પંડિત મુનિ શ્રી યશોવિજયજી સાથે શાસ્ત્રાર્થ ગોઠવાયો, સ્વગુરૂ અને વિદ્યાગુરૂના આશીર્વાદ સાથે તે ભટ્ટારક પંડિત સાથે સેંકડો પંડિતો સમક્ષ શાસ્ત્રાર્થ કર્યો અને જીત મેળવી. કાશીના પંડિતોની લાજ રાખી. તે સમયે કાશીના પંડિતોએ તેમને **ન્યાયવિશારદ**ની પદવી આપી. વળી ગંગા નદીને કીનારે સારસ્વત મંત્રબીજનો જાપ કરી શ્રી સરસ્વતી દેવીને પ્રસન્ન કરી કવિત્વ શક્તિ આદિનું વરદાન મેળવ્યું. કાશીથી પાછા ફરતા ગુરૂશ્રીને જણાવ્યું કે કોઇ સમયે જરૂર પડે ગુજરાત જરૂર પધારજો. કાશીથી આગ્રા ગયા ને ત્યાં ચાર વરસ રહી તર્કશાસ્ત્રનો વધુ અભ્યાસ કર્યો. ત્યાંથી એક વખતે ગુજરાત આવી ખંભાતમાં ચોમાસું કર્યું. તે સમયે કાશીથી પોતાના બ્રાહ્મણ વિદ્યાગુરૂ પધારતાં તેમનું બહુમાન કરી હજારો રૂપીઆની દક્ષિણા અપાવી. ત્યાંથી વિહાર કરી **અમદાવાદ** નાગોરી સરાઇના ઉપાશ્રયે પધાર્યા. તે વખતે ગુજરાતના સુબા **મહોબતખાન**ના આગ્રહથી અઢાર અવધાન કર્યાં અને જૈન શાસનની પ્રભાવના થઇ. તે સમયે શ્રી સંઘે ગચ્છાધિપતિ આચાર્યશ્રી **વિજયદેવસૂરિજી** ને પૂ. મુનિવર શ્રી યશોવિજયજીને ઉપાધ્યાય પદ આપવા વિનંતી કરી. જેથી તેમની આજ્ઞાથી સંવત ૧૭૧૮ માં આચાર્યશ્રી **વિજયપ્રભસૂરિજી**એ ત્રીસસ્થાનક પદનું આરાધન કરાવી ઉપાધ્યાય પદવી આપી. ત્યારબાદ પાટણથી વિહાર કરતાં ફરી અમદાવાદ પધાર્યા. તે સમયે ઉપા શ્રી માનવિજયજી ત્યાં ચોમાસું હતા તેમના વ્યાખ્યાનમાં ઘણા લોકોની ભીડ થતી હતી. તે જાણી તેઓશ્રી તેમના વ્યાખ્યાનમાં ગયા અને ઉપા. શ્રી માનવિજયજીની વ્યાખ્યાન-શૈલીથી પ્રસન્ન થયા. એજ અરસામાં લીંબડીનીવાસી દોસી મેઘજીના પ્રતિબોધ માટે દોઢસો ગાથાનું સ્તવન રચ્યું અને સવાસો ગાથાનું તથા સાડીત્રણસો ગાથાના સ્તવનો પણ રચ્યા. કેટલાક વિરોધીઓએ ટોણો માર્યો કે મહારાજ તો રાસડા બનાવે છે. તે વાત સાંભળી

તેઓશ્રીએ શ્રી **દ્રવ્યગુણપર્યાય** રાસ બનાવી ટોણો મારનારાઓને ચૂપ કર્યા તેના ઉપર પોતે ટીકા રચી છે.

ત્યાંથી વિહાર કરી વડોદરે, ભીયાગામ થઈ સુરત તથા રાંદેરમાં ચોમાસા કર્યાં. ત્યાં પં. **સત્યવિજયજી** તથા શ્રી **જ્ઞાનવિમલસૂરિ**નો સમાગમ થયો ને ત્યાં દેવતાનું આરાધન કરી ત્રણે મહાપુરૂષોએ ક્રિયોદ્ધાર કરવાનો નિર્ણય કર્યો.

શ્રી સુરત ગોપીપુરામાં આવેલા શ્રી **સૂર્યમંડન પાર્શ્વનાથના** દેરાસરમાં આ નિર્ણય કરી ગચ્છાધિપતી શ્રી વિજયસિંહસૂરિએ મુખ્ય અઢાર શિષ્યોને ક્રિયોદ્ધાર માટે જણાવ્યું અને પં. સત્યવિજયજીએ આ બીડું ઝડપી લીધું. તે કાર્યમાં ઉપા. શ્રી યશોવિજયજીનો સંપૂર્ણ સહકાર હતો.

ત્યારબાદ મેડતા (જી. જોધપુર)માં **શ્રી આનંદઘનજી**નો મેળાપ થયો અને વિશેષ પરિચય થતાં અધ્યાત્મજ્ઞાનથી સ્થિરતા આવી. શ્રી આનંદઘનજી ઉપાધ્યાયજી માટે કહેતા કે–'હું તો સંત છું.' પણ ઉપા૦ યશોવિજયજી તો શાસનના રક્ષક, ગીતાર્થ પ્રવર્તક અને આત્માર્થી પુરૂષ છે. તેઓશ્રીએ સંસ્કૃત, પ્રાકૃત તથા ગુજરાતી ભાષામાં વિપૂલ સાહિત્ય રચના કરી છે. ગુજરાતી ભાષામાં લગભગ ૫૩ કૃતિઓની રચના કરી છે. ઘણા ખરા ગ્રન્થોનું પ્રકાશન થયું છે. સં. ૧૯૯૨માં ગુર્જર સાહિત્ય સંગ્રહ બે વિભાગમાં પ્રગટ થયાં છે. તેને સામાન્ય અર્થ સાથે પ્રકાશન કરવાનું આ ફંડ તરફથી નક્કી કર્યું છે, ને એક બે વર્ષમાં વિભાગો પાડીને તેનું પ્રકાશન ગુજરાતી વાંચકો સમક્ષ રજુ કરવાની ઉમેદ છે. તેઓશ્રીની **શ્રી જંબુકુમાર રાસની** સ્વહસ્તલિખિત પ્રતિ ઉપરથી તેની ફોટો કોપી તૈયાર કરાવી છે. ને તેનું આધુનિક શૈલીએ વિવેચન ટીપ્પણ તૈયાર કરી, પ્રકટ કરવામાં આવશે. તેઓશ્રીના ગુજરાતી કાવ્યોમાં ભક્તિરસ વૈરાગ્ય તથા

વિશ્વપ્રેમ તરી આવે છે. તેના થોડા નમુના આ સાથે આપવામાં આવે છે.

શ્રી સિદ્ધાચળ સ્તવન:—જેમાં સૌરાષ્ટ્રમાં આવેલા પાલીતાણા ગામમાં શ્રી ગિરિરાજ ઉપર મંદિરોની હારમાળા છે. તેનું વર્ણન કરતાં કવિ લખે છે કે—

વિમલાચલ નિતુ વંદિએ, કીજે એહની સેવા;
માનું હાથ એ ધર્મનો, શિવ તરૂ ફલ લેવા. વિ૦ ૧
ઊજવળ **જિનગૃહ** મંડળી, તિહાં દિપે ઊત્તંગા;
માનું હિમગિરિ વિભ્રમે, આઈ **અંબરગંગા.** વિ૦ ૨

કેટલાં સુંદર શબ્દોમાં વર્ણન અને ઉપમા આપે છે.

શ્રી વાસુપૂજ્ય સ્તવનમાં કવિશ્રી બે લીટીમાં મન ઉપર જણાવે છે.

સાહિબા વાસૂપૂજ્ય જીણુંદા, મોહના વાસૂપૂજ્ય જીણુંદા;
કલેશે વાસિત-મન સંસાર, કલેશ રહિત મન તે ભવપાર.

શ્રી મુનિસુવ્રત સ્વામિના સ્તવનમાં ભરૂચમાં સ્તુતિ કરતાં સમકિતદેવ પોતાના પર તુષ્ટમાન થયાનું વર્ણન કવિશ્રી કરે છે.

"આજ સફલ દિન મુજ તણો, **મુનિસુવ્રત** દીઠા;
ભાંગી તે ભાવઠ ભવ તણી, દિવસ દુરિતના નીઠા.
આંગણે કલાવેલી ફલી, ઘન અમિયના વુઠા;
આપ માંગ્યા તે પાસા ઢળ્યા, સુર સમકિત તુઠા. આજ૦
તિયતિ હિતદાન સન્મુખ હે, સ્વ પુણ્યોદ્દ સાથે;
જશ કહે સાહેબે મુકિતનું, કરિયું તિલક નિજ હાથે. આજ૦

શ્રી શ્રીપાળરાસ રાંદેરમાં સંવત ૧૭૩૮માં પુરો કર્યો તેમાં કવિશ્રીએ કાવ્ય ચમત્કૃતિની અવધિ કરી છે, તેને વર્ણન શકિતની

ઉત્કૃષ્ટતા તરી આવે છે. એક લેખક તેઓશ્રી માટે લખે છે કે–"શ્રીમદ્ યશોવિજયજી કવિ છે, જૈન દર્શનના જ્ઞાતા કવિ છે. Poet hidden in the light of Jain Darshan (Philosophy) અને કવિતાની સાથોસાથ ચિંતનને દર્શન એમની અનેક કૃતિઓમાંથી જોવા મળે છે.

જૂની ગુજરાતી કવિતામાં એ રીતે કવિશ્રીનું અનન્ય સ્થાન છે. સં. ૧૭૩૮માં સુરતમાં ચોમાસું કર્યું. ૧૭૩૯માં પાછું ખંભાતમાં સં. ૧૭૪૦સુરતમાં શ્રી સુરજમંડન પાર્શ્વનાથના દહેરાવાલા શ્રીદેવસૂર ગચ્છના ઉપાશ્રયમાં કર્યા. આજે એ ઉપાશ્રય મોજુદ છે. તેઓશ્રીએ કાશીમાં શ્રી સરસ્વતીની આરાધના કરી તેનું વર્ણન કવિ પોતાના શબ્દોમાં કહે છે. શ્રી જંબુસ્વામીરાસમાં મંગલાચરણના દુહાઓ,

શારદ સાર દયા કરો, આપો વચન સુરંગ;
તું તુઠી મુજ ઉપરે, જાપ કરી ઊપગંગ. ૧

તર્ક કાવ્યનો તેં તદા, દીધો વર અભિરામ;
ભાષા પણ કરી કલ્પતરૂ, શાખા સમ પરિણામ. ૨

હું માત નચાવે કુકવિ, તુજ ઊદર ભરણને કાજ;
હું તો સદ્ગુણ પદ્દે, ઠવી પુજું મત લાજ. ૩

મહાન યોગી અધ્યાત્મજ્ઞાની શ્રી આનંદઘનજીનો મેળાપ થયો, ત્યારે કવિશ્રીએ અષ્ટપદી રચી. તેના બે કાવ્યો—

એરી આજ આનંદ ભયો રે તેરો મુખ નિરખ–
નિરખ રોમ રોમ શીતલ ભયો અંગો અંગ.
શુદ્ધ સમજણ સમતારસ ઝીલત, આનંદ ભયો અનંતરંગ.
એરી૦ ૧

ઐસી આનંદ દશા પ્રગટી ચિત્તઅંતર,
તાકો પ્રભાવ ચલત નિર્મળગંગ;
વાહી ગંગ સમતા દોઉ મિલ રહે, **જશવિજય** ઝીલત તાકે સંગ.
એરી૦ ૨

તેઓશ્રીએ એકસો ઉપરાંત ગ્રન્થો, લગભગ બે લાખ શ્લોકોની રચના કરેલી છે. ઘણા ગ્રન્થો અલભ્ય છે. આ સાથે તેઓના ૧૫ સ્તવનો તથા બે પદો મળી કુલે સત્તર કાવ્યો પ્રસિદ્ધ કરીએ છીએ.

તેઓશ્રીનું સમગ્ર જીવન જ્ઞાનની ઉપાસનામાં પુરું થયું છે ને તે કાર્ય કરવાની કેવી લગની હતી તે માટે તેમના શિષ્ય શ્રી હેમવિજય જણાવે છે.–

ગુરુશ્રી માટે અત્યંત ધ્યાન દઇ પથ્ય ગોચરી લાવતા અને તેનો ઉપયોગ કરવા ગુરુ સામે આર્જવભાવે વિનવણી કરતાં હાથ જોડી ઉભા રહેતાં ત્યારે જવાબ મળતો કે–"જરા થોભ, આટલી પંકિત સુધારી લઉં, આ જરા પુરું કરી લઉં, આ મને આમ ઘણો સમય જતાં **હેમવિજય** શ્રુત સમાધિસ્થના હાથમાંના પાનાં ખેંચી લઇ, હાથ ઝાલી ઉઠાડી, આહારપાણી પાસે લઇ જઇ, ત્યાં બેસાડી, પોતે સામે બેસી યુકિત-પ્રયુકિતથી આહાર કરાવતા. આ હતી તેમની શ્રુતભકિત ઉપા૦ માનવિજયજીએ પોતાનો **ધર્મસંગ્રહ ગ્રન્થ** ઉ૦ શ્રી યશોવિજયજી પાસે તેમને **શ્રુતકેવલી** માની શોધાવેલો.

આ મહાન જ્યોતિર્ધરનો સ્વર્ગવાસ સંવત ૧૭૪૩ માં **શ્રી ડભોઇ** ગુજરાતમાં થયો જણાય છે. જેમાં તેમની પાદુકા પધરાવેલી આજે વિદ્યમાન છે. તેમનાં દર્શન કરી આત્માને પાવન કરીએ. જ્યાં આચાર્ય શ્રી મોહનસૂરિજી મહારાજ સુશિષ્યોના પ્રયાસથી એક ભવ્ય ગુરુમંદિર તૈયાર થયું છે.

શ્રી ઋષભદેવ જિન સ્તવન.

(૧)

(આજ સખી! સંખેસરા—એ દેશી.)

[૧]ઋષભદેવ નિતુ વંદીએ, શિવસુખનો દાતા,
નાભિનૃપતિ જેહનો [૨]પિતા, મરુદેવી [૩]માતા;
નયરી [૪]વિનીતા ઉપનો [૫]વૃષભ લાંછન સોહે,
[૬]સોવન્ન વન્ન સુહામણો દીઠડે મન મોહે. હાંરે દીઠડે૦ ૧
[૭]ધનુષ પાંચસેં જેહનું કાયાનું માન,
[૮]ચાર સહસસ્યું વ્રત લીએ, ગુણ રયણનિધાન;
[૯]લાખ ચોરાસી પૂર્વનું આઉખું પાળે,
અમિય સમી દીયે દેશના જગપાતિક ટાળે. હાંરે જગ૦ ૨
[૧૦]સહસ ચોરાશી મુનિવરા પ્રભુનો પરિવાર,
[૧૧]ત્રણ લક્ષ સાધ્વી કહી સુભ મતિ સુવિચાર;
[૧૨]અષ્ટાપદગિરિ ચઢી ટાળી સવિ કર્મ,
ચઢી ગુણઠાણે ચૌદમે પામ્યા શિવશર્મ. હાંરે પામ્યા૦ ૩
[૧૩]ગોમુખ યક્ષ [૧૪]ચક્રેશ્વરી પ્રભુસેવા સારે,
જે પ્રભુની સેવા કરે તસ વિઘન નિવારે;

પ્રભુ પૂજાયે પ્રણમે સદા નવનિધિ તસ હાથે,
દેવસહસ સેવા પરા ચાલે તસ સાથે. હાંરે ચાલે૦ ૪
યુગલાધર્મ નિવારણો શિવ મારગ ભાખે,
ભવજળ પડતા જંતુને એ સાહિબ રાખે;
શ્રી નયવિજય વિબુધ જયો તપગચ્છમાં દીવો,
તાસ **સીસ** ભાવે ભણે એ પ્રભુ ચિરંજીવો. હાંરે એ પ્રભુ૦ ૫

શ્રી ઋષભદેવનું સ્તવન.

(૨)

(મેરા પ્રભુની કાર—એ દેશી.)

ઋષભજિનંદા **ઋષભ**જિનંદા, તું સાહિબ હું છું તુજ બંદા;
તુજસ્યું પ્રીતિ બની મુજ સાચી, મુજ મન તુજ ગુણસ્યું રહ્યો માચી.
ઋષભ૦ ૧

દીઠા દેવ રુચે ન અનેરા, તુજ પાખલિ ચિત્તડું દીએ ફેરા;
સ્વામીસ્યું કામણડું કીધું, ચિત્તડું અમારું ચોરી લીધું.
ઋષભ૦ ૨

પ્રેમ બંધાણો તે તો જાણો, નિરવ હશે તો હોશે વખાણો;
વાચક **જસ** વિનવે જિનરાજ, બાંહ ગ્રહ્યાની તુજને લાજ.
ઋષભ૦ ૩

શ્રી ઋષભજિન સ્તવન.

(૩)

(મહાવિદેહ ક્ષેત્ર સોહામણું—એ દેશી.)

જગજીવન જગવાલહો, મરુદેવીનો નંદ લાલ રે;
મુખ દીઠે સુખ ઉપજે, દરિસણ અતિહિ આણંદ લાલ રે.
જગ૦ ૧

આંખડી અંબુજ પાંખડી, અષ્ટમીશશિસમ ભાલ લાલ રે;
વદન તે શારદ ચંદલો, વાણી અતિહિ રસાળ લાલ રે. જગ૦ ૨

લક્ષણ અંગે વિરાજતાં, અડહિય સહસ ઉદાર લાલ રે;
રેખા કર-ચરણાદિકે, અભ્યંતર નહિ પાર લાલ રે. જગ૦ ૩

ઈન્દ્ર ચન્દ્ર રવિ ગિરિતણા, ગુણ લઇ ઘડીઓ અંગ લાલ રે;
ભાગ્ય કિહાં થકી આવીઓ, અચરિજ એહ ઉત્તુંગ લાલ રે.
જગ૦ ૪

ગુણ સઘળા અંગે કર્યા, દૂર કર્યા સવિ દોષ લાલ રે;
વાચક **જસવિજયે** થુણ્યો, દેજો સુખનો પોષ લાલ રે.
જગ૦ ૫

શ્રી શાંતિનાથ જિન સ્તવન.

(૪)

(ઘોડલીયો મૂકયો સરોવરીયારી પોલ-એ દેશી)

ધન દિન વેલા ધન વલી તેહ, અચિરારો નંદન જિન જદી ભેટશું જી;
લહેશું રે સુખ દેખી મુખચંદ, વિરહ વ્યથાનાં દુઃખ
સવિ મેટશું જી. ૧

જાણ્યો રે જેણે તુજગુણ લેશ, બીજારે રસ તેહને મન નવિ ગમેજી;
ચાખ્યો રે જેણે અમી લવ લેશ, બાકસ બુકસ તસ ન રૂચે કિમેજી.૨

તુજ સમકિત રસ સ્વાદનો જાણુ, પાપ કુમતને બહુદિન સેવીઓજી;
સેવે જો કરમને યોગે તોહિ, વાંછે તે સમકિત અમૃત
ઘરે લિખ્યું જી. ૩

તાહરૂં ધ્યાન તે સમકિત રૂપ, તેહજ જ્ઞાનને ચારિત્ર તેહ છેજી;
તેહથીરે જાએ સઘલાં પાપ, ધ્યાતારે ધ્યેય સ્વરૂપ
હોયે પછીજી. ૪
દેખીરે અદ્‌ભુત તાહરૂં રૂપ, અચરિજ ભવિક અરૂપી પદ વરેજી;
તાહરી ગત તું જાણે હો દેવ, સમરણ ભજન તે
વાચક જશ કરેજી. ૫

શ્રી શાંતિનાથ જિન સ્તવન.

(૫)

(ત્રિભુવન તારણ તીરથ-એ દેશી.)

ગજપુર નયર વિભૂષણ દૂષણ ટાલતાં રે કે દૂષણ૦
વિશ્વસેન નરનાહનો કુલ અજુવાલતો રે કે કુલ. અ૦
અચિરાનંદન વંદન કીજે નેહશ્યું રે કે કીજે. ને૦
શાંતિનાથ મુખ પૂનિમ શશિ પરિ ઉલ્લશ્યું રે કે શશિ. ૫૦ ૧

કંચન વરણી કાયા માયા પરિહરે રે કે માયા૦
લાખ વરસનું આઉખું મૃગ લંછન ધરે રે કે મૃગ૦
એક સહસશ્યું વ્રત ગ્રહે પાતિક વન દહેરે કે પાતિ૦
સમેતશિખર શુભ ધ્યાનથી શિવ પદવી લહેરે કે શિવ૫૦ ૨

ચ્યાલિશ ધનુ તનુ રાજે ભય ઘણુંરે કે ભાજે૦
બાસઠ સહસ મુનિસર વિલસેં પ્રભુ તણારે કે વિલસે૦
એકસઠ સહસ છસેં વલી અધિકી સાહુણી રે કે અધિ૦
પ્રભુ પરિવારની સંખ્યા એ સાચી થુણી રે કે એ સા૦ ૩

ગરૂડ યક્ષ નિરવાણી પ્રભુ સેવા કરે રે કે પ્રભુ૦
તે જન બહુ સુખ પાવશે જે પ્રભુ ચિત્ત ધરે રે કે પ્રભુ૦

મદઝરતા ગજ ગાજે તસ ઘર આંગણે રે કે તસ૦
તસ જગ હિમકર સમ જશ કવિઅણ ભણે રે કે જશ૦ ૪

દેવ ગુણાકર ચાકર હું છું તાહરો રે કે હું છું૦
નેહ નજર ભરી મુજરો માનો માહરો રે કે મુજ૦
તિહુઅણ ભાસન શાસન ચિત કરુણા કરો રે કે ચિત૦
કવિ **જશવિજય** પયંપે મુજ ભવ દુઃખ હરો રે કે મુજ૦ ૫

શ્રી શાંતિનાથ જિન સ્તવન.

(૬)

(સુણી પશુઆ વાણી રે—એ ઢાલ)

જગ જન મન રંજે રે, મનમથ બલ ભંજે રે; ૧
નવિ રાગ ન દ્વેષ તું, અંજે ચિત્ત શું રે.

શિર છત્ર વિરાજે રે, દેવ દુંદુભિ વાજે રે;
ઠકુરાઈ ઇમ છાજે, તોહિં અકિંચનો રે. ૨

થિરતા ધૃતિ સારીરે, વરી સમતા નારી રે;
બ્રહ્મચારી શિરોમણિ, તો પણ તું સુણેો રે. ૩

ન ધરે ભવ રંગેા રે, નવિ દોષ આસંગેા રે;
મૃગ લંછન ચંગેા, તો પણ તૂં સહી રે. ૪

તુજ ગુણ કુણ આખે રે, જગ કેવલી પાખે રે;
સેવક **જશ** ભાખે, અચિરા સુત જ્યેા રે. ૫

શ્રી નેમિજિન સ્તવન.

(૭)

(ઢાળ–ફાગની)

સમુદ્રવિજય શિવાદેવી, નંદન **નેમિકુમાર,**
સુરીયપુર દશ ધનુષનું, લંછન શંખ સકાર;
એક દિન રમતો આવ્યો, અતુલી બળ અરિહંત,
જિહાં હરિ આયુધશાળા, પુરે શંખ મહંત. ૧

હરિ ભયભરિ તિહાં આવે, પેખે નેમિ જિણંદ,
સરિખેં શ્રમબળ પરખેં, તિહાં જીતે જિનચંદ,
આજ રાજ એ હટશે, કરશે અપયશ ભૂરિ,
હરિ મન જાણી આણી, તવ થઈ ગગને અદૂરિ. ...૨

અણુપરણ્યું વ્રત લેશે, દેશે જગ સુખ એહ,
હરિ મત બીહિઇહે, પ્રલસ્યું ધર્મસનેહ;
હરિ સનકારીનારિ, તવ જન મજ્જન જંતિ,
માન્યું માન્યું પરણવું, ઈમ સવિ નારિ કહંતિ. ૩

ગુણમણિ પેટી ખેટી, ઉગ્રસેન નૃપ પાસ,
તવ હરિ જાચેં માચેં, માથે પ્રેમવિલાસ;
તુરદિ વાજેં ગાજેં, છાજે ચામર કંતિ,
હવે પ્રભુ આવ્યા પરણવા, નવનવા ઉછવ હુંતિ. ૪

ગોખે ચઢી મુખ દેખે, રાજીમતી ભર પ્રેમ,
રાગ અમીરસ વરસે, હરખેં પેખી નેમ;
મન જાણે એ ટાણે, જે મુજ પરણે એહ,
સંભારે તો રંભા, સબળ અચંભા તેહ. ૫

પશુઅ પુકાર સુણી કરી, ઇણિ અવસરે જિનરાય,
તસ દુઃખ ટાળી વાળી, રથ વ્રત લેવા જાય;
તબ બાલા દુઃખ ઝાલા, પરવશિં કરે રે વિલાપ,
કહિયેં જે હવે હું છંડી, તો દેશો વ્રત આપ. ૬

સહસ પુરુષસ્યું સંયમ લીએ, શામલતનુ કંતિ,
જ્ઞાન લહી વ્રત આપેં, રાજીમતી શુભ સંતિ;
વરસ સહસ આઉખું, પાળી ગઢ ગિરનાર,
પરણ્યા પૂર્વ મહોચ્છવ, ભવ છાંડી શિવનાર. ૭

સહસ અઢાર મુનીસર, પ્રભુજીના ગુણવંત,
ચાલીસ સહસ સુસાહુણી, પામી ભવનો અંત;
ત્રિભુવન અંબા અંબા-દેવી સુર ગોમેધ,
પ્રભુ-સેવામાં નિરતા, કરતા પાપ નિષેધ. ૮

અમલ કમલ દલ લોચન, શોચન રહિત નિરીહ,
સીહ મદન ગજ ભેદવા, એ જિન અકળ અબીહ;
શૃંગારી ગુણધારી, બ્રહ્મચારી શિર લીહ,
કવિ **જસવિજય** નિપુણ ગુણ, ગાવે તુજ નિસ દીહ. ૯

શ્રી નેમિનાથ સ્તવન.

(૮)

તોરણથી રથ ફેરી ગયા રે હાં, પશુઆં દેઈ દોષ મેરે વાલિમા;
નવ ભવ નેહ નિવારીયો રે હાં, શો જોઈ આવ્યા જોષ. મે૦ ૧

ચંદ્ર કલંકી જેહથી રે હાં, રામને સિતા વિયોગ; મે૦
તેહ કુરંગને વયણડે રે હાં, પતિ આવે કુણ લોક. મે૦ ૨

ઉતારી હું ચિત્તથી રે હાં, મુગતિ ધૂતારી હેત; મે૦
સિદ્ધ અનંતે ભોગવી રે હાં, તેહસ્યું કવણ સંકેત. મે૦ ૩
પ્રીત કરંતાં સોહલી રે હાં, નિરવહતાં જંજાળ; મે૦
જેહવો વ્યાલ ખેતાવવો રે હાં, જેહવી અગનની ઝાળ. મે૦ ૪
જો વિવાહ અવસર દિઉ રે હાં, હાથ ઉપર નવિ હાથ; મે૦
દીક્ષા અવસર દીજીયે રે હાં, શિર ઉપર જગનાથ. મે૦ ૫
ઇમ વિલવતી **રાજુલ** ગઇ રે હાં, **નેમ** કને વ્રત લીધ; મે૦
વાચક **જસ** કહે પ્રણમીએ રે હાં, એ દંપતી દોય સિધ્ધ. મે૦ ૬

શ્રી નેમનાથ સ્તવન.

(૯)

(રાજા જો મિલે-એ દેશી)

કહા કિયો તુમ્હે કહો મેરે સાંઇ, ફેરિ ચલેં રથ તોરણ આઇ
દિલ આણી અરે મેરા નાહ, ન ત્યજિય નેહ કછુઅ જાંનિ. ૧
અટપટાઇ ચલે ધરિ કછુ રોષ, પશુઅનકે શિર દે કરી દોષ.દિ૦ ૨
રંગભિચી ભયો યાથિ ભંગ, સો તો સાચો જાણો કુરંગ.દિ૦ ૩
પ્રીતિ તનકમિંતોરત આજ, કિઉં નાવે મનમેં તુમ્હ લાજ.દિ૦ ૪
તુમ્હ બહુ નાયક જાણો ન પીર, વિરહ લાગી જિઉ
વઇરીકો તીર. દિલ૦ ૫
હાર ઠાર સિંગાર અંગાર, અસન વસન ન સુહાઇ લગાર. દિલ૦ ૬
તુઝ વિણ લાગે સુની સેજ, નહી તનુ તેજન હાર દહેજ. દિલ૦ ૭
આઓ ને મંદિર વિલસો ભોગ, વૃદ્ધાપનમે લીજે યોગ. દિલ૦ ૮

છોરૂંગી મે નહિ તેરો સંગ, ગઇલી ચલુ જિઉં છાયા
અંગ. દિલ૦ ૯

એમ વિલવતી ગઇ ગઢ ગિરનાર, દેખે પ્રીતમ રાજુલ નાર.
દિલ૦ ૧૦

કંતે દીનું કેવલજ્ઞાન, કીધાં પ્યારી આપ સમાન. દિલ૦ ૧૧
મુગતિ મહલમેં ખેલે દોય, પ્રણમે જસ ઉલસિત હોય. દિલ૦ ૧૨

શ્રી પાર્શ્વનાથ સ્તવન.

(૧૦)

(રાગ–મલ્હાર)

વામાનંદન જિનવર, મુનિવરમાં વડો રે કે મુનિ૦
જિમ સુરમાંહિ સોહે, સુરપતિ પરવડો રે કે સુ૦
જિમ ગિરિમાંહી સુરાચલ, મૃગમાંહે કેસરી રે કે મૃ૦
જિમ ચંદન તરૂમાંહે, સુભટમાંહી મુર અરી રે કે સુ૦ ૧

નદીયાંમાંહિ જિમ ગંગ, અનંગ સુરૂપમાં રે કે અ૦
ફૂલમાંહિ અરવિંદ, ભરતપતિ ભૂપમાં રે કે ભ૦
ઐરાવણ ગજમાંહિ, ગરૂડ ખગમાં યથા રે કે ગ૦
તેજવંતમાંહિ ભાણ, વખાણમાંહિ જિન કથા રે કે વ૦ ૨

મંત્રમાંહિ નવકાર, રતનમાંહિ સુરમણિ રે કે ર૦
સાગરમાંહિ સ્વયંભુરમણ, – શિરોમણિ રે કે ૦
શુકલધ્યાન જિમ ધ્યાનમાં, અતિ નિરમલપણે રે કે અ૦
શ્રી નયવિજય વિબુધ પય,–સેવક ઈમ ભણે રે કે સે૦ ૩

શ્રી પાર્શ્વજિન સ્તવન.

(૧૧)

(ઢાળ–ફાગની)

ચઉકસાય પાતાળ કળશ જિહાં, તિસના પવન પ્રચંડ;
બહુ વિકલ્પ કલ્લોક ચઢતુ હે, અરતિ ફેન ઉદ્દંડ.
ભવસાયર ભીષણ તારીઇં હો, અહો મેરે લલના પાસજી
ત્રિભુવન નાથ દીલમેં એ વિનંતિ ધારીયેં હો. ૧
જરત ઉદામકામ વરવાનલ, પરતસીલ ગિરિશૃંગ;
ફિરત વ્યસન બહુ મગર તિમિંગિલ, કરત હે નિમંગ ઉમંગ.
ભવ૦ ૨
ભમરીયાકે બીચિં ભયંકર, ઉલટી ગુલાટી વાચ;
કરત પ્રમાદ પિશાચન સહિત જિહાં, અવિરતિ વ્યંતરી નાચ.
ભવ૦ ૩
ગરજત અરતિ કુરતિ રતિ વિજુરી, હોત બહુત તોફાન;
લાગત ચોર કુગુરૂ મલબારી, ધરમ જિહાજ નિદાન. ભવ૦ ૪
જુરેં પાટિયેં જિઉં અતિ જોરિ; સહસ અઢાર સીલંગ;
ધર્મ જિહાજ તિઉં જસ કરિ ચલવો, **જસ** કહે શિવ પૂરિ ચંદ.
ભવ૦ ૫

શ્રી પાર્શ્વજિન સ્તવન.

(૧૨)

નયરી વાણારસી અવતર્યો હો, અશ્વસેન કુલચંદ,
વામાનંદન ગુણ નિલો હો, **પાસજી** શિવતરુકંદ.
પરમેસર ગુણ નિતુ ગાઈએ હો. ૧

ફણિલંછન નવકર તનુ જિનજી, સજળ ઘના ઘન વન્ન;
સંયમ લીએ શત તીનસ્યું હો, સવિ કહે જ્યું ધન ધન્ન.
પરમે૦ ૨

વરસ એકશત આઉખું હો, સિદ્ધિ સમેતગિરીસ;
સોળ સહસ મુનિ પ્રભુ તણા હો, સાહૂણી સહસ અડતીસ.
પરમે૦ ૩

ધરણુરાજ પદ્મમાવતી હો, પ્રભુશાસન રખવાળ;
રોગસોગ સંકટ ટળે હો, નામ જપત જપમાળ. પરમે૦ ૪

પાસ આસપુરણ અબ મેરી, અરજ એક અવધાર;
શ્રી નયવિજય વિબુધ પદ સેવી, જસ કહે ભવજળતાર.
પરમે૦ ૫

શ્રી મહાવીર જિન સ્તવન.

(૧૩)

(રાગ–ધનાશ્રી)

ગિરૂઆરે ગુણ તમ તણા, શ્રી વર્ધમાન જિન રાયા રે;
સુણતાં શ્રવણે અમી ઝરે, મારી નિરમળ થાએ કાયા રે. ગિ૦ ૧

તુમ ગુણગણ ગંગાજળે, હું ઝીલી નિરમળ થાઉં રે;
અવર ન ધંધો આદરૂં, નિશદિન તારા ગુણ ગાઉં રે. ગિ૦ ૨

ઝીલ્યા જે ગંગા જળે, તે છીલ્લર જળ નવી પેસે રે;
જે માલતી ફૂલે મોહીયા, તે આવળ જઈ નવી બેસે રે. ગિ૦ ૩

ઈમ અમ્હે તુમ ગુણ ગોઠશું, રંગે રાચ્યાને વળી માચ્યા રે;
તે કિમ પરસુર આદરે, જે પરનારી વશ રાચ્યા રે. ગિ૦ ૪

તું ગતિ તું મતિ આશરો, તું આલંબન મુજ પ્યારો રે;
વાચક જસ કહે માહરે, તું જીવ જીવન આધારો રે. ગિ૦ ૫

શ્રી મહાવીર જિન સ્તવન.

(૧૪)

(રાગ - ધન્યાસી)

આજ જિનરાજ મુઝ કાજ સીધ્યા સવે,
તું કૃપાકુંભ જો મુજ તૂઠો; કલ્પતરૂ કામઘટ કામધેનુ મિલ્યો,
આંગણે અમિય રસ મેહ વૂઠો. આજ૦ ૧

વીર તું કુંડપુરનયર ભૂષણ હુઓ, રાય સિધ્ધાર્થ ત્રિશલા તનુ જો;
સિંહ લંછન કનકવર્ણ કર સાત તનુ,
તુઝ સમો જગતમાં કો ન દુજો. આજ૦ ૨
સિંહ પરે એકલો ધીર સંયમ ગ્રહે,
આયુ બોહોત્તર વરસ પૂર્ણ પાળી;
પુરી-આપાપે નિઃપાપ શિવવહુ વર્યો,
તિહાં થકી પર્વ પ્રગટી દિવાળી. આજ૦ ૩
સહસ તુઝ ચઉદ મુનિવર મહાસંયમી,
સાહુણી સહસ છત્રીસ રાજે; યક્ષ માતંગ સિદ્ધાયિકા વરસુરી,
સકળ તુઝ ભવિકની ભીતી ભાંજે. આજ૦ ૪
તુજ વચન રાગ સુખ સાગરે ઝીલતો,
પીલતો મોહ મિથ્યાત્વ વેલી;
આવીઓ ભાવીઓ ધરમપંથ હું હવે,
દીજીએ પરમપદ હોઇ બેલી. આજ૦ ૫
સિંહ નિસિદીહ જો હૃદયગિરિ મુજ રમે,
તું સગુણ લીહ અવિચળ નિરીહો;
તો કુમતરંગ માતંગના યૂથથી,
મુજ નહી કોઈ લવલેશ બીહો.. આજ૦ ૬

ચરણ તુજ શરણમેં ચરણ ગુણનિધિ ગ્રહ્યા,
ભવતરણ કરણદમ સરમ દાખો;
હાથજોડી કહે **જસવિજય** બુધ ઇસ્યું,
દેવ નિજ ભુવનમાં દાસ રાખો. આજ૦ ૭

શ્રી મહાવીર જિન સ્તવન.

(૧૫)

દુઃખ ટળિયાં મુખ દીઠે મુજ સુખ ઉપનાં રે,
ભેટયા ભેટયા **વીરજિણુંદ** રે;
હવે મુજ મન મંદિરમાં પ્રભુ આવી વસો રે,
પામું પામું પરમાનંદ રે. દુઃખ૦ ૧

પીઠબંધ ઇહાં કીધો સમકિત વજ્રનો રે,
કાઢયો કાઢયો કચરો ને ભ્રાંતિ રે;
ઇહાં અતિ ઊંચા સોહે ચારિત્ર ચંદુઆ રે,
રુડી રુડી સંવર ભીત્તિ રે. દુઃખ૦ ૨

કર્મ વિવર ગોખિં ઇહાં મોતી ઝુમણાં રે,
ઝુલઈ ઝુલઈ ધી ગુણ આઠ રે;
બાર ભાવના પંચાલી અચરજ કરે રે,
કોરિ કોરિ કોરણિ કાઠ રે. દુઃખ૦ ૩

ઇહાં આવી સમતા રાણીસ્યું પ્રભુ રમો રે,
સારી સારી થિરતા સેજ રે;
કિમ જઇ સકસ્યો એક વાર જો આવસ્યો રે,
રંજયા રંજયા હિયડાની હેજ રે. દુઃખ૦ ૪

વયણ અરજ સુણી પ્રભુ મન મંદિર આવિયા રે,
આપે તુઠા તુઠા ત્રિભુવન ભાણુ રે;
શ્રી **નયવિજય વિબુધ પયસેવક** ઈમ ભણે રે,
તેણિ પામ્યા પામ્યા કોડિ કલ્યાણુ રે. દુઃખ૦ ૫

અધ્યાત્મ પદ.

(૧૬)

જબલગ આવે નહિ મન ઠામ,
તબ લગ કષ્ટ ક્રિયા સવિ નિષ્ફલ, જ્યોં ગગને ચિત્રામ;
જબલગ૦ ૧

કરની બિન તું કરે રે મોટાઈ; બ્રહ્મવતી તુજ નામ;
આખર ફલ ન લહેંગો જ્યોં જગિ, વ્યાપારી બિનુ દામ;
જબલગ૦ ૨

મુંડ મુંડાવત સબહિ ગડરિયા, હરિણ રોજ વન ધામ;
જટા ધાર નટ ભસ્મ લગાવત, રાસભ સહતુ હે ધામ.
જબલગ૦ ૩

એતે પર નહી યોગકી રચના, જો નહિ મન વિશ્રામ;
ચિત્ત અંતર પરકે છલ ચિંતવિ, કહા જપત મુખ રામ.
જબલગ૦ ૪

વચન કોય કોપે દૃઢ ન રહે. ચિત્ત તુરંગ લગામ;
તામેં તું ન લહે શિવ-સાધન, જિઉ કણુ સુનેં ગામ.
જબલગ૦ ૫

જ્ઞાન ધરો કરો સંજમ કિરિયા, ન ફિરાવો મન ઠામ;
ચિદાનંદ-ઘન **સુજસ** વિલાસી, પ્રગટે આતમ રામ.
જબલગ૦ ૬

પરમાત્મા-દર્શન.

(૧૭)

(રાગ-કાફી જંગલો)

ચેતન ! અબ મોહે દર્શન દીજે. ટેક૦

તુમ દર્શને શિવસુખ પામી જે, તુમ દર્શને ભવ છીજે.
ચેતન૦ ૧

તુમ કારણ તપ-સંયમ કિરિયા, કહો કહાંલો કીજે;
તુમ દર્શન બિન સબયા જૂઠી, અંતર ચિત્ત ન ભીંજે. ચેતન૦ ૨

ક્રિયા મુઢમતિ હે જન કેઇ, જ્ઞાન ઓરકું પ્યારો;
મિલિત ભાવ રસ દોઉ ન ચાખે, તું દોનું સેં ન્યારો. ચેતન૦ ૩

સબમેં હે ઓર સબમેં નાંહિ, તું નટ રૂપ અકેલો;
આપ સ્વભાવે વિભાવે રમતો, તું ગુરૂ અરૂ તું ચેલો. ચેતન૦ ૪

જોગી જંગમ અતિથિ સંન્યાસી, તુજ કારણે બહુ ખોજે;
તું તો સહજ શકિતસ્યું પ્રગટે, ચિદાનંદકી મોજે. ચેતન૦ ૫

અકલ અલખ પ્રભુ તું બહુરૂપી, તું અપની ગતિ જાને;
અગમ રૂપ આગમ અનુસારે, સેવક સુજસ બખાને. ચેતન૦ ૬

(૧૪)

મહોપાધ્યાય શ્રી મેઘવિજયજી.

(ચોવીસી રચના–૧૭૩૦ આસપાસ)

શ્રી તપગચ્છમાં શ્રી હિરવિજયસૂરિની પરંપરામાં આ મહોપાધ્યાય એક મહાન કવિરત્ન થયા. તેઓના દીક્ષાગુરૂ શ્રી કૃપાવિજયજી હતા. તેમના જન્મ તથા સ્વર્ગવાસની સંવત મળતી નથી. તેઓશ્રીને શ્રી વિજયપ્રભસૂરિએ ઉપાધ્યાય-પદવી આપી હતી. તેઓ શ્રી યશોવિજયજીના સમકાલીન હતા. ઉપાધ્યાય ત્રિપુટી શ્રી યશોવિજયજી, શ્રી વિનયવિજયજી અને શ્રી મેઘવિજયજીએ તે સમયે ઘણા સંસ્કૃત ગ્રંથોની રચના કરી છે. તેઓશ્રી વ્યાકરણ, ન્યાય સાહિત્ય, જ્યોતિષ, તથા આધ્યાત્મિક વિષયોમાં પ્રવીણ હતા. તેઓશ્રીએ ગદ્યમાં તથા પદ્યમાં ઘણું સાહિત્ય લખ્યું છે. ઘણાં ચરિત્રો, રાસાઓ, કાવ્યો, નાટકો લખ્યાં છે. તેઓ પોતાના દરેક ગ્રંથોમાં આરંભમાં "**ઓં હ્રીં શ્રીં ક્લીં અર્હં ઐં નમઃ**" એ મંત્ર લખતા.

તેઓશ્રીના સાહિત્યની આછી રૂપરેખા.

૧ **દેવાનંદાભ્યુદયકાવ્ય**—દરેક શ્લોકે મહાકવિ માઘ રચિત **માઘકાવ્ય**ના દરેક શ્લોકનું છેલ્લું પાદ લઈ પ્રથમના ત્રણ પાદો સુંદર રીતે બનાવી સાતસર્ગમાં શ્રી વિજયદેવસૂરિના સમયના ઈતિહાસરૂપે બનાવ્યું છે.

૨ **મેઘદૂત સમશ્યા**—આ કાવ્ય ૧૩૦ શ્લોકનું રચ્યું છે. શ્રી વિજયદેવસૂરિના પટ્ટધર શ્રી વિજયપ્રભસૂરિના વિહારો, ચાતુર્માસોનું વર્ણન છે.

૩ **શ્રી શાંતિનાથ ચરિત્ર**—મહાકવિ હર્ષે બનાવેલું **નષધીય** મહાકાવ્યના દરેક શ્લોકનું એક એક પાદ લઈ નવા ત્રણ પાદો રચી છ સર્ગમાં બનાવ્યું છે.

૪ **શ્રી સપ્તસંધાન મહાકાવ્ય**—સં. ૧૭૬૦માં નવસર્ગમાં રચ્યું. તેમાં શ્રી પાંચ તીર્થંકરો શ્રી ઋષભદેવ, શ્રી શાંતિનાથ, શ્રી નેમનાથ, શ્રી પાર્શ્વનાથ, શ્રી મહાવીરસ્વામીના જીવન-ચરિત્રો તથા શ્રી રામચંદ્ર તથા શ્રી કૃષ્ણવાસુદેવ એમ સાત મહાપુરૂષોના જીવન-ચરિત્રો લખ્યાં. આ કાવ્ય પર પોતે ટીકા પણ રચી છે.

૫ **શ્રી અર્હદ્ગીતા**—જેમાં છત્રીસ અધ્યાયો છે. શ્રી ભગવદ્ગીતામાં જેમ શ્રી ભગવાન ઉવાચ અને શ્રી અર્જુન ઉવાચ એ વાકયો છે, તેમ આ અર્હદ્ગીતામાં શ્રી ભગવાન ઉવાચ અને શ્રી ગૌતમ ઉવાચ એમ દરેક અધ્યાયના પ્રારંભમાં છે. આ ગ્રંથમાં જ્ઞાન-સાધના, ક્રિયા-સાધના તથા આધ્યાત્મિક વિષયોની ચર્ચા છે. ૨૭મા અધ્યાયના ૧૫ શ્લોકમાં ઉપાધ્યાયજીએ **જિન** તથા **શિવ**ના સમાન અર્થોની વ્યાખ્યા કરી છે, જે શ્લોક નીચે મુજબ છે.

एवं जिनः शिवो नान्यो नाम्नि तुल्येऽत्र मात्रया ।
स्थानादि योगाज्जरायो र्नवयोश्चैक्यमजायत ॥१५॥

ભાવાર્થ:—જિનનો "જ" અને "ઇ" તથા શિવનો "શ" અને "ઈ" બન્નેનું તાલુ સ્થાન છે તથા જિનનો "ન" અને શિવનો "વ" બન્નેનું દન્તસ્થાન સરખું છે;

એમ જિન તથા શિવ શબ્દમાં અર્થનું સરખાપણું બતાવ્યું છે. તેમની આ સરખામણી તદ્દન નવી ઢબની છે, અને વાંચનારને આનંદ આપે છે. આ સાથે તેમનાં પાંચ સ્તવનો લેવામાં આવ્યા છે.

તેઓશ્રીની ગ્રંથ-રચના.

સંસ્કૃત પુસ્તકનું નામ	સાલ	ગામ
૧ દેવાનંદા અભ્યુદય	૧૭૨૭	સાદડી.
૨ શ્રી ચંદ્રપ્રભા વ્યાકરણ	૧૭૫૭	આગ્રા.
૩ સપ્તસંધાન મહાકાવ્ય	૧૭૬૦.	
૪ યુકિત પ્રબોધ નાટક (૪૩૦૦ શ્લોક).		
૫ શ્રી શાંતિનાથ ચરિત્ર.		
૬ મેઘદૂત સમસ્યા લેખ.		
૭ લઘુત્રિષષ્ઠિ ચરિત્ર		
૮ શ્રી દિગ્વિજય મહાકાવ્ય.		
૯ શ્રી અર્હદ્ ગીતા		
૧૦ ઉદય દીપિકા (જ્યોતિષના વિષય ૫૨)	સં૰ ૧૭૫૨	
૧૧ માતૃકાપ્રસાદ	સં. ૧૭૪૭	ધર્મનગર
૧૨ ધર્મ મંજૂષા		
૧૩ ભકતામર સ્તોત્ર-વૃત્તિ.		

ગુજરાતી પુસ્તક

૧ શ્રી પાર્શ્વનાથ નામ માળા. ૧૭૨૧. દીવબંદર. ૨ ચોવીશી.
૩ પંચાખ્યાન. ૪ શ્રી વિજયદેવ નિર્વાણ રાસ. ૫ વર્ષ મહોદય.
૬ શાસન દીપક સજ્ઝાય. ૭ જૈન ધર્મ દીપક સજ્ઝાય.
૮ આહાર ગવેષણા સજ્ઝાય. ૯ દશમત સ્તવન.

શ્રી ઋષભજિન સ્તવન.

(૧)

(શ્રી સુપાસ જિનરાજ—એ દેશી)

શ્રી જિન જગ આધાર, મરૂદેવી માત મલ્હાર;
આજ હો સ્વામીરે, શ્રી ઋષભ જિનેશ્વર સેવીયેજી. ૧

શત્રુંજય ગિરિ છત્ર, નાભિ નરેસર પુત્ર;
આજ હો જીપે રે, જગદીસર તેજે ભાણનેજી. ૨

આયો હું પ્રભુ પાસ, સેવક શો શાબાશ;
આજ હો આશા રે, સાહિબ વિણ કેહની દાસનેજી. ૩

મન માને અરદાસ, માનેં મોટિમ જાસ;
આજે હો તોહે રે, મન મોહે નયન પસાઉલેજી. ૪

નામ ધરી જે નાથ, લે સહુનાં દિલ હાથ;
આજ હો નેહી રે, સ્થિતિ એહી મોટા **મેઘની**જી૦ ૫

શ્રી શાંતિનાથ સ્તવન.

(૨)

(સાહિબ બાહુ જિનેસર વિનવું—એ દેશી)

સજની શાંત મહારસ સાગરૂ, સેવો **શાંતિજિણુંદ** હો;
સ૦ આશ પૂરે સવિદાસની, વિચરે કાંઈ વિદેશ હો. સ૦ શાં૦ ૧

સ૦ સમતા શું મમતા ધરી, સંધરી રાખી શાંતિ હો;
સ૦ એ પ્રભુસેવાથી સહી, ભાવઠ ભાંજે ભ્રાંતિ હો. સ૦ શાં૦ ૨

સ૦ ઈણે ઘરવાસે ભોગવી, ષટ્‌ખંડ ઋદ્ધિ નાથ હો;
સ૦ તીર્થંકર પદ સંપદા, ભોગવી શિવપુર સાથ હો. સ૦ શાં૦ ૩

સ૦ દેવ અવર જે આદરે, જે છંડી જિનરાય હો;
સ૦ તે સુરતરૂ છાયા તજી, બાઉલીયા દિશિધાય હો. સ૦ શાં૦ ૪

સ૦ પરિજન અરિજન બેઉ સમાં, સમવલી રંકને રાય હો;
સ૦ પ્રભુ સમતારસ પૂરીયો, **મેઘ** સમો કહેવાય હો. સ૦ શાં૦ ૫

શ્રી નેમિનાથ સ્તવન.

(૩)

(દીઠો સુવિધ જિણંદ સમાધિ રસે ભર્યો હો લાલ સ૦—એ દેશી)
રાજી કરીયે આજ કે, યાદવ રાજીયા હો લાલ કે યાદવ રાજીયા;
નાથ નિવાજ અવાજના, વાજા વાજીયા હો લાલ કે–વા૦
જલપરે જગ સુધ્યાન કે, રાજે રાજીયા હો લાલ કે–રા૦
દીજે મુજ શિર હાથ કે, છત્ર જપું છાજીયા હો લાલ કે–છ૦ ૧

તુમ સોભાગી સ્વામી, રાગી જંન ઘણા હો લાલ કે–રા૦
વલી સેવાનો જોગ ન, પામે તુમ તણા હો લાલ કે–પ૦
અવધારો અરદાસ સદા કુણ કેહની હો લાલ કે–સ૦
ભાવ તિસિ દીયો સિદ્ધિ કે, નિશ્ચય નેહની હો લાલ કે–નિ૦ ૨

સ્વારથીયાની વાત, નકો મન સદ્દહે હો લાલ કે–ન૦
પરમારથીયા લોક, તુમે સહુકો કહે હો લાલ કે–તુ૦
શિવ સારથીયા જીવ, જગત્રય ધારીયે હો લાલ કે–જ૦
સહુ સાથે તિમ નાથ, નેહી પણ તારીયે હો લાલ કે–ને૦ ૩

તુમ પ્રસાદ જસવાદ, સવાદ સવે મલે હો લાલ કે–સ૦
ન હુએ કોઇ અપવાદ, નિવાજ સરસ ભલે હો લાલ કે–નિ૦
તુઠ્યો જાણી જિણંદ કે, પૂઠો પડિવજ્યો હો લાલ કે–પૂ૦
અષ્ટ સિધ્ધિ લઇ હાથ કે, મહિમા વજવજ્યો હો લાલ કે–મ૦ ૪

જુગતે આઠે જામ કે, નામ ન વિસરૂં હો લાલ કે–ના૦
ગુણે તુમહિ જાણી મન, મોટીમ હું ધરૂં હો લાલ કે–મો૦
મયા કરો મહારાજ, નિવાજે ઇણિપરે હો લાલ કે–નિ૦
પિયુ પિયુ સાદે **મેઘ** મહી તલસર ભરે હો લાલ કે–મ૦ ૫

શ્રી પાર્શ્વનાથ સ્તવન.

(૪)

(તે મુનિવર જગ વંદીયે–એ દેશી)

જિનવર પાસ પસાઉલે, ઘર છાજે હો વર મંગલ કેલિ કે;
પ્રભુ બગસીસ કરે સહી, સહુ કાજે હો રાજે રંગરેલિ કે. ૧
સોભાગી એ જિન સેવિયે, સેવાનો હો સાહિબ છે જાણ કે;
મંત્ર તંત્રાદિ જપ્યા વિના, સેવકને હો કરે જગ સુલતાન કે. સો૦ ૨
પુરીસાદાણી પાસજી, મહી મહિમા હો જાગે જયવંતકે;
ધરણેંદ્ર ને પદમાવતી, કરે સાનિધ હો ભગતા ભગવંત કે. સો૦ ૩
દાસ કહે કરજોડીને, તેં કીધા હો જગ મહા ઉપગાર કે;
નારાયણ નર રાજીયો, તે તુજને હો છાજ્યો છત્રધાર કે. સો૦ ૪
કમલ રમલ કરે ઘણી, ઘણીઆણી હો આણી અતિરૂપ કે;
ભોગ ભલી પરે ભોગવે, તુજ ધ્યાને હો માને થયા ભૂપ કે. સો૦ ૫
સાહી બાંહ તેં જેહની, પાતસાહી, હો આવી તસ હાથ કે;
સોવન રૂપા **મેઘ** જયું સહી વરસે હો નમતાં તુમ નાથ કે. સો૦ ૬

શ્રી મહાવીર જિન સ્તવન.

(૫)

(સુણ જિનવર શેત્રુંજા ધણીજી—એ દેશી.)

કોડી ગમે ગુન્હા કર્યાજી, વિષયે થયો લયલીન;
તે બગસીસ હવે કરોજી, અરિહંત **વીર** અમીન.
જિનેસર શાસનનો શણગાર ૧
ઓળગીયા ઓળંભડેજી, મત આણો મન રીસ;

જે પૂંઠે સરજ્યા સદાજી, જંપે ઈમ જગદીશ. ૨ જીનેસર૦
લળી લળી લટકે પાયે પડું જી, વળી વળી વિનવું એહ;
સમકિત ચિત્ત તુમશું મિલ્યોજી, મત મુકાવો નેહ. ૩ જિનેસર૦
કહો કેણી પરે કીજીયેજી, વ્હાલો તું વીતરાગ;
જગતે કાંઇ ન રંજીએજી, લાલચનો શો લાગ. ૪ જિનેસર૦
ધ્યાતા દાતા ધન તણોજી, ત્રાતા તું જિનરાય;
કેવલ લક્ષ્મી વર કરોજી, **મેઘવિજય** ઉવજ્ઝાય. ૫ જિનેસર૦

ચોવીસી કળશ.

(૬)

ઈમ થુણ્યા જીનવર સરસ રાગે, ચોવીસે જગના ધણી,
થિર રાજ આપે, જાસ જાપે, આપ આવે સુરમણિ;
સવિ સિદ્ધિ સાધો જિન આરાધો, **સ્તવન માળા** ગળે ધરી,
અહુ પુન્ય જોગે સુખ સંજોગે, પરમ પદવી આદરી. (૧)
તપગચ્છ રાજે તેજ કાજે, શ્રી **વિજયપ્રભ** ગણધરૂ,
તસ પટ્ટધારી વિજયકારી, **વિજયરત્ન** ધુરંધરૂ;
કવિરાજ રાજે ગુણ ગાજે, **કૃપાવિજય** જયકરૂ,
તસ શિષ્ય ગાવે ભગતિભાવે, **મેઘવાચક** જિનવરૂ. (૨)

दिवसे दिवसे लक्खं देइ सुवन्नस्स खंडियं एगो।
एगो पुण सामाइयं करेइ पहुप्पह तस्स॥

અર્થ–એક માણસ રોજ સુવર્ણની એક લાખ ખાંડી (૫૬ મણ) શુભ ક્ષેત્રમાં દાન કરે છે અને એક માણસ રોજ સામાયિક કરે છે, તો તે દાન આપનાર સામાયિકના ફળને પહોંચતો નથી. ૧

સામાયિકમાં સાવદ્યના પરિહાર વડે જે જીવોના પ્રાણોને અભય મળે છે, તે પ્રાણોનું મૂલ્ય સમસ્ત પૃથ્વીના મૂલ્ય કરતાં પણ અધિક છે, તેથી સર્વ દાનોમાં અભયદાન મુખ્ય છે.

(૧૫)

શ્રી વૃદ્ધિવિજયજી.

(ચોવીસી રચના, સંવત ૧૭૩૦ ઔરંગાબાદ)

શ્રી તપગચ્છમાં શ્રી **વિજયપ્રભસૂરિના** સમયમાં શ્રી લાભવિજયજીના શિષ્ય શ્રી વૃધ્ધિવિજયજી થયા છે. તેઓશ્રીનો જન્મ સંવત કે સ્વર્ગવાસ સંવત વગેરે હકીકત જાણવામાં નથી. તેઓશ્રીની સાહિત્ય–રચના નીચે મુજબ.

(૧) શ્રી જીવવિચાર સ્તવન. સં. ૧૭૧૨ ગણદેવી.
(૨) શ્રી નવતત્ત્વવિચાર સ્તવન. સં. ૧૭૧૩ ધોધાબંદર.
(૩) શ્રી ચોવીસી. સં. ૧૭૩૦–ઔરંગાબાદ.
(૪) શ્રી ઉપદેશમાલા પ્રકરણ બાલાવબોધ.
(૫) શ્રી દશવૈકાલિકની સજ્ઝાય.

શ્રી ઋષભજિન સ્તવન.

(૧)

(મ્હારી સહીરે સમાણી—એ દેશી.)

નાભિ નરેસર નંદન પ્યારા, જીવન જગદાધારારે,
મ્હારાં અંતરજામી;
તુંહિજ માહરો આતમરામ, હું બલિહારી તુમ નામ રે,
મ્હારા અંતરજામી, તું સુંદર સિવગઇ ગામી રે.
મ્હારા અંતરજામી. ૧ (આંકણી)
મુઝ મનમોહ્યું તુજ મુખ મટકઇ,લાગી લાલ વિલોચન લટકાઇ.રે.
મ્હા૦

તુઝ મિલવા નઇ મુજ મન તરસઇ,વલી હેજ ઇંહિયડલું હરસાઇરે.
મ્હા૦ ૨

આજ મનોરથ સવિ મુઝ ફલીઓ, જો તું સાહિબ મિલિઓ રે,
મ્હા૦

જબ થઈ તુઝ સ્યું મુઝ લય લાગી, સબ ભાવ ઠિત બંધઇ ભાગી રે.
મ્હા૦ ૩

પ્રીતિની રીતિ પ્રભુ જો પાલો, તો નેહ નિજર નિહાલો રે. મ્હા૦
જો મુઝ વંછિત કાજ સુધારો, તો એ વીનતિ અવધારો રે.
મ્હા૦ ૪

જે નિજ સેવક પ્રભુ જાણી જઈ, તસ વીનતિ દિલ આંણી જઇરે
મ્હા૦

મહેર કરી મુજરો તસ દીજઇ, **વૃદ્ધિવિજય** સુખ કીજઇરે.
મ્હા૦ ૫

શ્રી શાંતિનાથ સ્તવન.

(૨)

(ધીર આંબા આંબલિ રે—એ દેશી.)

શાંતિ જિણેસર સાહિબોરે, વસિયો મનમાં આઇ,
વીસાયો નવિ વીસરઈ રે, જો વરિસાં સો થાઈ. જિણેસર૦ ૧
(આંચલી)

રાત દિવસ સૂતાં જાગતાં રે, દિલથી દૂર ન હોય;
અંતરજામી આપણો રે, તિલક સમો તિહું લોય.
જિણે૦ ૨

નયણુ ઉરે નિહાલતાં રે, સાહેબનો દીદાર;
હેજઈ હિયડું ઉલ્લસઈરે, કીજઈ તસ બલિહાર. જિણે૦ ૩
ચુણી દૂરિ રહ્યાં થકાં રે, દરિસણુની હુઈ ચાહ;
પણિ તો પૂગઈ મન રૂલી, જો આલઈ પ્રભુ બાંહ. જિણે૦ ૪
દીજે દેવ દયા કરી રે, દરસણ આપો આપ;
અહ્નિસિ કે અલવેશ દૂરે, વૃદ્ધિવિજય તુઝ જાપ. જિણે૦ ૫

શ્રી નેમિનાથ સ્તવન.

(૩)

(બન્યો હે કુંવરરો સહેરો—એ દેશી.)

નેમિનગીના નાહલા, સામલીયા સસનેહ હો;
સયણ સાંભલો મુજ મન વાતડી, કહઈ રાજુલ ગુણ ગેહહો.
સયણ૦ ૧
વારી હો તુઝ પરિ સાહિબા, ચૂક પડઇ જન મુગધનઈં;
પણિ ચતુર તે ચૂકઈ કેમહો, સ૦, જે સુણિ પિસુણા વાતડી;
પરિહરો ઈમ પ્રભુ નેમ હો સયણ૦ વારી હો તુઝ૦ ૨
પિસુણ તે પરઘર ભાંજવા, અછતી દાખઈ ખોડિ હો સયણ;
વિરલા હોઈ પરકજૂ, પણિ પરઘર ભંજણ કોડિહો સયણ૦
વારી૦ ૩
આપ વિયોગી જે હુઈ, તે ન સહઈ પરસંયોગ હો; સયણ૦
એ કલિકાલમાં અતિઘણું, એહવા અદેખા લોગહો સયણ૦
વારી૦ ૪
જો જો સ્યો ચતુરાઇ ઈ ગુણ અવગુણ સું વિચારી હો સયણ;
તો તુમ્હે વૃદ્ધિવિજય પ્રભુ, માનસ્યો વીનતિ સાર હો સયણ૦
વારી હો૦ ૫

શ્રી પાર્શ્વનાથ સ્તવન.

(૪)

(દેશી-વીછિયાની.)

પ્રભુ **પાસ** જિણેસર સાંભલેા, જે દાસ કરઇં અરદાસ રે;
ષાંતિ ધરી ખિજ મતિ કરૂં, જે રાખેા તુમ્હ પય પાસ રે.
પ્રભુ પાસ જિ૦ ૧ (આંકણી)
નિસિ દિન પ્રભુ ઈક તાહરી, હું આસ ધરૂં મન માંહિ રે;
તઇં મુઝ સિરપરિ ગાજ તઇ, નહીં બીજી કાંઇ પરવા હરે.
પ્રભુ૦ ૨
મ્હઇં તુંહિજ સાહિબ સેવિયેા, તેણિ દૂજો નાવઈ દાય રે;
અહો સુરતરૂ જેણિં સેવીયા, તસ કચરઇં કિમ થાય રે. પ્રભુ૦ ૩
તું સાહિબ સેવ્યાં પછઇં, દૂજો દીઠેા પણિ ન સુહાય રે;
ગંગા જલિ જે ઝીલિયા, તે વાહુલિએ કિમ જાય રે. પ્રભુ૦ ૪
દેવ અનેક મઇં નિરખીયા, તિહાં પરખીયેા તુજ અનૂપ રે;
તેણિં **વૃદ્ધિવિજય** પ્રભુ આદર્યો, તું સાહિબ સત્ય સરૂપ રે.
પ્રભુ૦ ૫

શ્રી વીરજિન સ્તવન.

(૫)

(દેશી-રસીયાની.)

વીર જિણેસર વીનતિ સાંભલેા, કહિ ગેાયમ ગુણ ગેહ;
જગપતિ ઇમ વિસવાસી ભેાલેા ભેાલવેા, તુમ્હ કેાણ ભલાઇરે
એહ સુહંકર. વીર૦ ૧

સ્યું કોઈ કેડિ તાહરઇં લાગતો, જે છલ કીધો રે એમ;
અમ્હાસ્યું કહિઇં કોઈ સ્યુ હુએો સાંભલ્યેા, જોરાવરિરે પ્રેમ.
પ્રભુ૦ વીર૦ ૨

આજ લગઇ જે કેવલ નવિ લહું, તે ગુણ નેહનો હોય તુમ્હાંસ્યું;
તોહઇં તુંજો નવિ જાયેા માહરેા, તેા લહિણું લાભઇરે લેાપ
સહીસ્યું. વીર૦ ૩

જે વીયઇ છઇ પ્રભુજી જીવમાં, જીવજ જીણઇ રે તેહ સનેહી;
મત કોઈ ન ઇ જગિએે લાગયેા, સોડિનો ધાપક નેહ કદાપી.
વીર૦ ૪

આજ લગઇ તઇં મહિર કરી કરી, મ્હારી વધારી રે માંમ મનોહર;
પણિ ઇણિ અવસરિ અંતરદાખતઇં, વાંકુ ન કર્યું રે કામ.
કૃપાનિધિ૦ વીર૦ ૫

તું ગુરુ હું તુઝ સીસ એ વાતડી, કહીય ન જાઇરે કોઈ ચતુરનર;
એ ઉઘાડઇં લેાકમાં લાજીઇ, બાંધી લાખ વિકાઈ વાલેસર.
વીર૦ ૬

તેા પણિ જિહાં લગિ આપન આપસ્યેા, પાછેા ફરી જબાપ જિણેસર;
વૃદ્ધિવિજય પ્રભુ તિહાંલગિ તાહરેા, અલવેસર અમ્હ જાપ જયંકર.
વીર૦ ૭

કલશ.

(આપકને હું આવી ન શકું—એ દેશી.)

ઇણિ પરિં જિણ ચઉવીસઇં થુણિઆ, આણી ભગતિ ઉદાર જી;
રસિક લેાકનેા આગ્રહ જાણી, નવનવ ઢાલઇ સારજી. ૧

ચતુર હુઈ તે સમઝી કહ્યો, ભાવભેદ ભલી ભાંતિ જી;
ઢાલ કહેજ્યો રૂડઈ રંગઈ, આલાપી મન ખાંતિજી. ૨

રહી **અવરંગા વાદિ** ચુમાસઈ, **સંવત સત્તર ત્રીસજી**;
ભાદ્રવ માસિ બહુ ઉલ્લાસિ, વદિ પંચમી સુજગીસજી. ૩

યુગ પ્રધાન વરતપગચ્છનાયક, શ્રી **વિજયપ્રભસૂરિંજી**;
બુધ શ્રી **ધીરવિજય** પદસેવક, શ્રી **લાભવિજય** ગુરુ ગાજિજી. ૪

તસ પદ પંકજ મધુકર વિનવઈ, **વૃદ્ધિવિજય** કરજોડિજી;
એ ચઉવીસી ભાવઈ ભણુતાં, પામજ્યો વંછિત કોડિજી. ૫

॥ इति चतुर्विंशति जिनगीतानि संपूर्णानि ॥

आस्तामचिन्त्यमहिमा जिन! संस्तवस्ते,
नामापि पाति भवतो भवतो जगन्ति।
तीव्रातपोपहतपान्थजनान्निदाघे,
प्रीणाति पद्मसरसः सरसोऽनिलोऽपि॥

—कल्याणमन्दिर स्तोत्र श्लोक-७

અર્થ–હે જિનેશ્વર! અચિન્ત્ય મહિમાવાળું આપનું સ્તવન તો દૂર રહો, તમારું નામ પણ ત્રણે જગતના જીવોને સંસારથી તારે છે. ગ્રીષ્મ ઋતુમાં તીવ્ર તાપથી પીડાયેલા પથિકોને કમળયુક્ત સરોવરનો જળકણોવાળો પવન પણ પ્રસન્નતા ઉપજાવે છે.



(૧૬)

શ્રી ચારિત્રકુશલ

(૧૭૩૧ ચોવીસી–રચના)

શ્રી કરણકુશળજીના શિષ્ય શ્રી ચારિત્રકુશળજીએ ચોવીસી સંવત ૧૭૩૧ માં રચી છે. બીજી ગ્રંથ–રચના જાણવામાં નથી. ચોવીસીને અંતે નીચે મુજબ છે.

સંવત ૧૭૩૧ વર્ષે ચતુર્વિંશતિ જીનાનાં સ્તવનાનિ કૃતાનિ શ્રાવિકા લાડકુમર પઠનાય लेखकपाठकयोः प्रत्यहं सुखं भूयात्। શ્રીરસ્તુ, કલ્યાણમસ્તુ, શ્રીમદ્જિનશાંતિ–પાદાબ્જ પ્રસન્નૈઃ

ચોવીસીની શુદ્ધ પ્રતિ (શ્રી ગોડીજી જ્ઞાન ભંડાર આ. ૩૪. પત્ર ૬.) છે. આ સાથે તેમનાં પાંચ સ્તવનો લીધા છે.

શ્રી ઋષભદેવ સ્તવન.

(૧)

(સીમંધર કરજો. એ દેશી)

મોહિ રહ્યા મન મોજસું, સુંદર ઊંચઈ ગેહનરે,
જો છો પ્રભુ તુમ વેગલા, પાલજો નેહ અછેહનરે.
મનડું હમારૂં મોહીયું૦ ૧

મનડું હમારૂં મોહીયું, શ્રી શ્રી **ઋષભ** જીણંદનરે;
લપટાણો દિલ તોહશું, જીમ જાણો અહિચંદનરે. મનડું૦ ૨

શંકર ગંગાની પરઇ, પંકજ ભમર કહેવાયનરે;
સારી સાયર ચંદ્રમા, મોતી સીપ સુહાયનરે. મનડું૦ ૩

જલદ અનઇ મોરા મનઇ, તરૂ પંખીનઇ કહીજૈરે;
જિમ વિરહણિ વલ્લભ મનૈ, હસ્તિ રેવા લહી જઇરે. મનડું૦ ૪

ઇમ તુમસું દિલ માહરૂં, લાગો પ્રભુ નિરધારનરે;
સમરથ સાહિબ તું સહી, સકલ જંતુ જગિતારનરે. મનડું૦ ૫

સફલ થઇ મુજ જીભલડી, અમૃતમય જલધારનરે,
ગુણ ગાતાં જીનજી તણાં, ટલીઆં પાપ અપારનરે;
મનડું૦ ૬

અંગ આલસ સવિ પરિહરી, થુણીઆ શ્રી જિનરાજનરે,
કરણકુશલ ગુરુ શીસને સફલ ફલ્યાં શુભ કાજનરે. મનડું૦ ૭

શ્રી શાંતિનાથ સ્તવન.

(૨)

(દેશી-રસીયાની.)

ચિત્તડું વેધ્યું રે **શાંતિજીણંદશું**, પલટયો નવિ પલટાય, દયાકર,
અંગ સકોમલ નિરૂપમ નિરખતાં, લોચન હરખિત થાય.
દયાકર ચિત્તડું૦ ૧

મનહર મૂરતિ મનમાંહિ વસી, અવરન નાવ દૂરે દાય દયાકર;
આંબ અજબફલ મૂકી વેગલા, આંકડોડા કુણ ખાય. દયાકર.
ચિત્તડું૦ ૨

જે જેહસું દિલ લાગું નવિ ટલે, કહીએ કોડી ઉપાય, દયાકર;
મજીઠ તણાં રંગનો પટ ધોઈએ, તોહી રંગ ન જાય, દયાકર.
ચિત્તડું૦ ૩

આસ કરી નઈ રે જાચક આવીયાં, તસ કીમ કીજે નિરાશ દયાકર;
જીમ તિમ નેહિ દિલાસો દેઈને, સફલ કરો મુજ આસ.
દયાકર. ચિત્તડું૦ ૪

વિશ્વસેન કુલે દિનમણિ સારિખો, અચિરા માત સુજાણ દયાકર;
કરણકુશલ ગુરૂ સેવકને હોય, ભવિ ભવિ જિનવર પ્રાણ.
દયાકર. ચિત્તડું૦ ૫

શ્રી નેમનાથ સ્તવન.

(૩)

(મોટા મોટા યાદવ વંશ કાંઈ લજાવે સાહિબ શામલા હો લાલ)

હાંજી રથફેરી ચાલ્યા યાદવરાય, રાજુલ સહીયાંમુખી સાંભલી હો લાલ,
હાંજી મુરછાગતિ થઈ તામ, ચેત રહિત ધરણી ઢલી હો લાલ. ૧
હાંજી નયણે આંસુ ધાર, જાણે પાવસ ઊલટયો હો લાલ,
હાંજી કરતી વિરહ વિલાપ, પ્રીતમ કાંઈ મુજથી ફીટયા હો લાલ. ૨
હાંજી કોઇક અવગુણ દાખિ, વાલ્હા વિરચિજે પછે હો લાલ;
હાંજી અબલા તજી નિરદોષ, ફિર ચાલ્યા શોભા નછે હો લાલ. ૩
હાંજી હું જાનતી મનમાંહિ, માહરી સમવડી કુણ કરઈ હો લાલ;

હાંજી (સમુદ્ર વિજય) રાયનંદ, ત્રિભુવનપતિ મુજને વરૈ.
હો લાલ. ૪
હાંજી ઇવડી મનમાં આશ, હું કરતી **નેમ** તાહરી હો લાલ;
હાંજી કીધી નિપટ નિરાશ, આશ રહી મન માહરી. હો લાલ. ૫
હાંજી સુસરઈ ન દીઠી માહરી ચાલ, સાસૂનઈ પાયે ના પડી હો લાલ;
હાંજી **નેમજી** ન દીઠો માહરો રૂપ, દેવરીઓ ન ચાખી
માહરી સુખડી. હો લાલ. ૬
હાંજી રાજુલ ધરી વઇરાગ, પીઉ પહિલા શિવ સંચરી હો લાલ;
હાંજી **ચારિત્રકુશલ** કહે ધન્ય, ત્રિહું જગમાં શોભાવરી.
હો લાલ. ૭

શ્રી પાર્શ્વનાથ સ્તવન.

(૪)

(ઢાલ-નીંદડલીજી)

ઇંદ્રપુરી સમ સોહતી વાણારસી હો નયરી સિણગાર કિ;
અશ્વસેન ભૂપતિ ભલો, વામા ધરિ હો ધરણી સુવિચાર કિ૦ ૧
ત્રિણ જગનાયક જનમીયા, મહોદય હો દાયક મહારાજ કિ;
આજિ હરખ અંગે ઉપનો, તુમ સુરતિ હો દીઠ જીનરાજ કિ.
ત્રિણ જગ૦ ૨
ધન દિન જીનવર આજનો, મૈં દિઠો હો દરસણ સુખકાર કિ;
અનંત ગુણે કરિ રાજતો, પ્રભુ ગુણનો હો નાવૈ પાર લગાર કિ.
ત્રિણ જગ૦ ૩
અહનિશિ સુતાં જાગતાં, તોરા ગુણ ગાવું દિલમાંહિ કિ;
અવર કિસું માગું નહિ, આપો આપો નિજ પદવી ઉછાંહિ કિ.
ત્રિણ જગ૦ ૪

ત્રેવીસમા જિન આગલે, કરજોડી હો કરીએ અરદાસ કિ; ૪
કરણ કુશલ ગુરૂ શિસને, સંભારી હો દીજઈ સુખવાસ કિ.
ત્રિણ જગનાયક૦ ૫

શ્રી મહાવીર જિન સ્તવન.

(૫)

(રાગ–ધન્યાશ્રી–ભેટયારે ગિરિરાજ–દેશી)

સુવર્ણ રૂપા રત્ના, ગઢ રચે રૂચિસું સાર;
તિહાં બઈસી દે દેશના પ્રતિબોધે રે, પ્રભુ પરખદા બારા કે. ૧
સમરયાં રે જિનરાજ, મુજ ભાવથી રે સઘલી ગઈ ભાજ;
સીધાં રે મુજ મનના કાજ, સમરયાં રે જિનરાજ. ૨
વાણી તે જોયોજન ગામિણિ, નમી સમાણી જાણી;
કુસુમ વૃષ્ટિ કરે દેવતા, અંગે અધિકેારે શુભ ઉલ્લટ આણિકે.
સમ૦ ૩

વાજિંત્ર વાજે સામટા, સુર દુંદુભિ ઝણુકાર;
સોલ સજી દેવાંગના, જિન આગલિરે કરે નાટક સાર કે.
સમ૦ ૪

આજ ઘડી મુજ રંગરલી, સુર વૃક્ષ ચઢીએો હાથ;
કામ કુંભ વર પામીયેા, હુએો હુએો રે હુ સહીરે સનાથ કે.
સમ૦ ૫

ચઉવીસમાં જિન વિનંતી, ચિત્ત આણીએ મહારાજ;
દુવિત પુર દૂરે ટલ્યેા, અબ હુઈ રે મુજસુ દિન અવાજ કિ.
સમ૦ ૬

ધન્ય ધન્ય ત્રિશલા માડલી, જગી જનમીયા જયકાર;
નામ જપતાં તાહરો, સુખ શિવંના રે જીન લહીએ ઉદાર કિ.
સમ૦ ૭

ભાવ ધરિ જે ગાવસૈ, લહસ્યૈ તે સુખ કરાર;
મજ્જન ભોજન સાસતાં, વલી સંપદ રે સાચી નિરધાર કિ.
સમ૦ ૮

સાચ મતે સમરણ કરૂં, હું તાહરૂં જીનરાય;
કરણ કુશલ ગુરૂ શીષ નઇ, પ્રભુ દીજૈ રે તુમ સુભ સુપસાય કિ.
સમ૦ ૯

ધ્યાનાજ્જિનેશ ! ભવતો ભવિનઃ ક્ષણેન,
દેહં વિહાય પરમાત્મદશાં વ્રજન્તિ ।
તીવ્રાનલાદુપલભાવમપાસ્ય લોકે,
ચામીકરત્વમચિરાદિવ ધાતુ ભેદાઃ ॥
—કલ્યાણમન્દિર સ્તોત્ર શ્લોક-૧૯

અર્થ—હે જિનેશ્વર! આપના ધ્યાનથી ભવ્યપ્રાણિઓ ક્ષણવારમાં શરીરનો ત્યાગ કરીને પરમાત્મદશાને પ્રાપ્ત કરે છે. જેમ લોકમાં ધાતુભેદોમાટી પાષાણમાં મળેલ ધાતુઓ પ્રબળ અગ્નિ વડે પાષાણપણાનો ત્યાગ કરીને તત્કાળ સુવર્ણપણાને પ્રાપ્ત કરે છે.



(૧૭)

શ્રી તત્ત્વવિજયજી.

(ચોવીસી રચના–૧૭૩૫, વિજાપુર.)

પ્રખ્યાત મહોપાધ્યાય **શ્રી યશોવિજયજી**ના શિષ્ય **શ્રી તત્ત્વવિજયજી** છે. તેઓશ્રીએ વિજાપુરમાં ચોવીસી રચના કરી છે. તેઓશ્રીનો જન્મ સંવત–સ્થળ તથા સ્વર્ગવાસની હકીકત જાણવામાં નથી આવતી. તેઓશ્રીની ચોવીસી શિવાય બીજી સાહિત્ય–રચના ૧–**શ્રી અમરદત્ત મિત્રાનંદ રાસ** સં૦ ૧૭૨૪ રયાણી શહેરમાં બનાવ્યો. ૨ શ્રી જ્ઞાનપંચમી સ્તુતિ.

અમરદત્ત મિત્રાનંદ રાસની પ્રશસ્તિ,

ચોમાસું રહી રયાણી સઈરઇ, શ્રી નયવિજય વિબુધ વરરાજે.
જશવિજય ઊવજઝાય શિરોમણી;
તસ પદ–પદમ મધુકર સરિખો સેવકમાં શિરતાજજી,
અમરદત્ત મિત્રાનંદરાસ **તત્ત્વવિજય** કવિરાજજી;

ચોવીસીની પ્રત ન મળવાથી **શ્રી ઋષભદેવ** સ્તવનની બે કડી તથા **શ્રી મહાવીરસ્વામી** સ્તવનની છેલ્લી કડી લીધી છે. આખી પ્રત મળેથી બીજી આવૃત્તિમાં લઈશું.

શ્રી ઋષભદેવ સ્તવન.

(૧)

(ઈડર આંબા આંબલી રે–એ દેશી.)

ઋષભજીણંદ મયા કરી રે, દરિસન દાખો દેવ;

અલજો છઇ મનમાં ઘણો રે, કરવા તાહરી સેવ.
જીણેસર તુમ્હસું અધિક સનેહ. ૧

શ્રી વીરજિન સ્તવન.

(૨)

શ્રી નયવિજય કવિરાજ વિરાજઇ,
શ્રી જશ વિજયવાચક છાજઇ;
સેવક તત્ત્વવિજય ઇમ જંપઇ, નિત નિત નવલ દિવાજઇ રે.
પ્રભુ વીર જીણુંદ મેં ગાયો; ૫

धन्यास्त एव भुवनाधिप! ये त्रिसन्ध्य-,
माराधयन्ति विधिवद्विधुतान्यकृत्याः ।
भक्त्योल्लसत्पुलकपक्ष्मलदेहदेशाः,
पादद्वयं तव विभो! भुवि जन्मभाजः ॥

—કલ્યાણમન્દિર સ્તોત્ર, શ્લોક-૩૪

અર્થ—હે ત્રણ ભુવનના ધણી, હે વિભો! અન્ય કાર્યોને જેણે સર્વથા છોડી દીધા છે અને ભક્તિથી ઉલ્લાસ પામતા પુલકિત થયેલા શરીરના ભાગોવાળા જે પ્રાણીઓ વિધિપૂર્વક ત્રણે કાળ આપના બન્ને ચરણોને પૂજે છે, તેઓ જ ધન્ય છે.

(૧૮)

શ્રી જીવણવિજયજી.

*

ચોવીસી રચના–૧૭૩૮–રાણકપુર.

શ્રી હીરવિજયસૂરિજીની પરંપરામાં શ્રી જીવવિજજીના શિષ્ય શ્રી જીવણવિજયજી થયા. તેઓશ્રીની બીજી કૃતિ **શ્રી આલોચના અનુમોદના સજ્ઝાય** છે. તે સિવાય બીજી ગ્રંથ–રચના જાણવામાં નથી. આચાર્ય શ્રી રામચંદ્રસૂરિના શિષ્ય શ્રી માનતુંગવિજયજીના સંગ્રહમાંથી આ ચોવીસી લીધી છે. આ સાથે તેમનાં પાંચ સ્તવનો લીધાં છે.

શ્રી આદિનાથજિન સ્તવન.

(૧)

(દેશી—ગોડીની)

મોહ્યો મન મધુકર ગુણ ફૂલ, સાહેબજી ઉડાયો ઉડે નહિ જી;
પ્રભુમુરતિ અતિહી અમૂલ, સા૦ નયણ ઠરે દીઠો સહીજી. ૧
મલવા મનમેં મોરી છે આશ, સા૦ પણ કર્મ અશુભ દીસે ઘણાં જી;
વિસવાવીસ અછે વિશ્વાસ, સા૦ તુજથી તાવ જાશે ચેતનતણા જી. ૨
કોઈ પૂર્વ ભવાંતર નેહ, સા૦ આવી બન્યોરે તુમથી ઘણો જી;
તિણે દાખો રખે પ્રભુ છેહ, સા૦ હાજરબંદો હું છું જિનતણો જી. ૩
જાણોવલી વેલા જો મુઝ, સા૦ તો ઢીલ ઘડી કરતા રખે જી;
વાલ્હા વાત કહી જે મેં ગુજ, સા૦ હેત ધરી હિયડે લખે જી. ૪
તું તો નાભૂક નાભિનો નંદ, સા૦ આદિકરણ **આદીસરૂજી**;
એ તો મરૂદેવી સુત સુખકંદ, સા૦ **જીવણવિજયને** જયકરૂ જી. ૫

શ્રી શાંતિજિન સ્તવન.

(૨)

(કેવલી અચલ કહેવાણી.)

જય જગનાયક જિનચંદા; તુજ દરિસણ નયના નંદા રી;
સુણો સાહિબ શાંતિ જિણંદા !
જિન સોલમો પંચમ ચક્રી, પય પ્રણમે ચોસઠ શકરી. સુ૦ ૧
આપ ઓલગુઆ મન આણો, મલિયો મનમાન્યોએ ટાણોરી.સુ૦
અવસર લહી ચતુર ન ચૂકે, નિજ દાસ નિરાશ ન મૂકેરી. સુ૦ ૨
ટલે તન-મન તાપ તો મેરા, ચાહી ચરણ ગ્રહું હું તોરારી; સુ૦
તુજ સંગમથી સુખ પાયો, જાણે ગંગાજળમાં ન્હાયોરી. સુ૦ ૩
અલગા અરિવંછિત હોશી, સાહિબજો સનમુખ જોશીરી; સુ૦
પ્રભુ મિલવા જે મન કરશે, થઈએકમનો ધ્યાન ધરશેરી. સુ૦ ૪
નેક નજરે નાથ ? નિહાલી, મુજ ટાલો મોહજંજાલીરી; સુ૦
કહે જીવણ જિનચિત્તધારી, ભજિયે ભવિ મુક્તિ તૈયારી. સુ૦ ૫

શ્રી નેમિનાથ જિન સ્તવન.

(૩)

(પ્રથમ જિનેશ્વર પૂજવા સૈયર મોરી.)

સુખકર સાહિબ શામલો, જિનજી મારો નાહ સુરંગો **નેમ** હો;
કામિત કલ્પતરૂ સમો, જિ૦ રાજિમતી કહે એમ હો;
કામણગારા કંતજી! મનમોહન ગુણવંતજી! જિ૦
એક રસોરથ વાલ હો. ૧
ત્રેવડ મુજ તજવા તણી, જિ૦ હુંતી જો શિવ હુંશ હો;
અબલા બાલ ઉવેખવા, જિ૦ શી કરી એવડી ધૂંસ હો. કા૦ ૨

ઉંડા કાં ન આલોચિયા, જિ૦ સગપણ કરતાં સ્વામી હો;
પાણી પી ઘર પૂછવું, જિ૦ કાંઈ ન આવે તે કામ હો. કા૦ ૩
ઓલંભે આવે નહીં, જિ૦ રાજુલ ઘર ભરતાર હો;
વાલિમ વંદન મન કરી, જિ૦ જઇ ચડી ગઢ ગિરનાર હો. કા૦ ૪
શિવપુર ગઈ સંજમધરી, જિ૦ અનુપમ સુખરસ પીધ હો;
જીવણ જિન સ્તવના થકી, જિ૦ સમકિત ઉજ્જવલ કીધ હો.
કા૦ ૫

શ્રી પાર્શ્વનાથ જિન સ્તવન.

(૪)

(મોહ મહીપતિ મહેલમેં બેઠે.)

મનમોહન મેરે પ્રાણથી પ્યારે, પાસજી પરમનિધાન લલના;
પૂરવ પુણ્યે દરિશન પાયો, આયો અબ જસ વાન,
બલિહારી જાઉં જિણંદની હો. ૧
વામાનંદન પાપનિકંદન, અશ્વસેન કુલચંદ લલના;
જાકી મૂરતિ સૂરતિ દેખી, મોહ્યા સુરનર વૃંદ. બલિ૦ ૨
તીન ભુવનકે આપ હૈ ઠાકુર, ચાકર હૈ સબ લોક, લલના;
નીલ વરણ તનુ આપ બિરાજે, છાજે ગતભય શોક. બલિ૦ ૩
કમઠા-સુરકો મદ પ્રભુ ગાલ્યો, ટાલ્યો કોપ કો કોટ, લલના;
અતિ અધિકાઈ આપકી દીસે, નિજ કર્મ શિરે દીની મોટ.
બલિ૦ ૪
ઘનઘાતી પણ દૂર નિવારી, લહી કેવલ થયા સિદ્ધ, લલના;
જીવણ કહે જિન પાસ પસાયે, અનુભવ રસ ઘટ પીધ. બલિ૦ ૫

શ્રી મહાવીર જિન સ્તવન.

(૫)

(પરમાતમ પૂરણ કલા.)

વધતી વેલી મહાવીરથી, મહારે હવે હો થઇ મંગલ માલજે;
દિન દિન દોલત દીપતી, અલગી ટલી હો બહુ આલ જંજાલકે.
વીર જિણંદ જગવાલ હો. ૧
તારક ત્રિશલાનંદનો, મુજ મલિયો હો મોટે સૌભાગ્યકે;
કોડી ગમે વિધિ કેલવી, તુજ સેવીશ હો લાયક પાય લાગ્યકે.
વીર૦ ૨
તાહરે જે તેહ માહરે, હેજે કરી હો વર વંછિત એહકે;
દીજે દેવ! દયા કરી, તુજ સંપત્તિ હો મુજ વલ્લભ તેહકે.
વીર૦ ૩
સૂતાં સાહિબ સાંભરે, બેઠાં પણ હો દિનમેં બહુ વારકે;
સેવકને ન વિસારજો, વિનતડી હો પ્રભુ એ અવધારકે. વીર૦ ૪
સિદ્ધારથ સુત વિનવ્યો, કર જોડી હો, મદ મચ્છર છોડકે;
કહે **જીવણ** કવિ જીવનો, તુજ તૂઠે હો સુખ-સંપત્તિ કોડકે.
વીર૦ ૫

કલશ.

(૬)

(રાગ-ધન્નાશ્રી-ગાયો ગાયો રે.)

ગાયા ગાયા રે, મેં તો જિનગુણ રંગે ગાયા;
અવિનાશી પ્રભુ એલગ કરતાં, આનંદ અંગ ઉભાયા રે. મેં૦ ૧

ધ્યાન ધરીને જિન ચોવીસે, જેહ નરે નિત્ય ધ્યાયા;
પરગટ પંચમગતિના ઠાકુર, તે થયા તે જ સવાયા રે. મેં૦ ૨

આ ભવ પરભવ વલીય ભવોભવ, અનંત અનંત જિનરાયા;
અનંત લીલામેં જે જઈ વસિયા, તે માહરે મન ભાયા રે. મેં૦ ૩

૭ ૧ ૩ ૮
મુનિ શશિ શંકર લોચન, પરવત વર્ષ સોહાયા;
ભાદ્રો માસની વદિ આદ્યા ગુરૂ, પૂર્ણ મંગલ વરતાયા રે. મેં૦ ૪

રાણકપુરમેં રહીય ચોમાસું, જગ જશ પડહ વજાયા;
દિન દિન ચડત કલા થઇ જાણો, હૃદયકમલ જિન ધ્યાયા રે. મેં૦ ૫

ભવ–દુઃખ વારક સકલ ભદ્ધારક, **શ્રી હીરવિજય** સૂરિરાયા;
તસ શિષ્ય **શુભવિજય** પયસેવક, **જયવિજય** જસ લાયા રે.
મેં૦ ૬

શિષ્ય સુખંકર **નિત્યવિજય** બુધ, **જીવવિજય** સુપસાયા;
જીવણવિજયે જિન ચોવીસે, ગાતાં નવનિધિ પાયા રે. મેં૦,

(૧૯)

શ્રી મેઘવિજયજી. (ગંગવિજય શિષ્ય.)

(ચોવીસી રચના-૧૭૩૯-વજીરપુર.)

તેમની ચોવીસી પ્રત ન મળવાથી કલશ અત્રે આપવામાં આવ્યો છે. મળેથી બીજી આવૃત્તિમાં લઇશું.

કલશ.

ચઉવીસઈ જીણુવરતણાં લાલા, સ્તવન કીધાં પ્રત્યે કઈરે;
જીતી જનમ પાવન થયાં લાલા, ગાયતાં જીન સુવિવેકઈ રે.
શાસન૦

પારેખ આસકરણ જીનરાગી લાલા, **વજીરપુર** નગરને વાસીરે;
તસ આગ્રહ ઈં કરી જીન સ્તવ્યા લાલા,
પાતિક ગયા અતિ નાસીરે. શાસન૦

સંવત **સતર ઓગણચાલીસ** ઈ લાલા,
વજીરપુર રયા ચઉમાસી રે;
સકલ સંઘ નઇ સુખ કરૂં લાલા, થુણિઆ જીન ઉલ્લાસી રે.
શાસન૦

સકલ પંડિત શિર સેહરો લાલા, **લાભવિજય** ગણિગિરૂ આરે;
તસ સીસ પંડિત રાજનો લાલા, **ગંગવિજય** ગુણ ભરિયા રે.
શાસન૦

તસ પદ પંકજ મધુકર લાલા, **મેઘવિજય** કહિ કોડી રે;
એ **ચઉવીસ તીર્થંકરા** લાલા, ધો સુષ મંગલીક કોડી રે.
શાસન૦

(૨૦)

શ્રી નયવિજયજી.

(ચોવીસી રચના–૧૭૪૬ ઊનતપુર.)

શ્રી વિજયપ્રભસૂરિજીના શિષ્ય **શ્રી જ્ઞાનવિજયજી**ના શિષ્ય **શ્રી નયવિજયજી**એ ચોવીસી રચના **ઊના સૌરાષ્ટ્ર**માં કરી છે. તેઓશ્રીનો જન્મ સંવત, સ્થળ તથા સ્વર્ગવાસ વગેરે જાણવામાં નથી. ચોવીસીના સ્તવનો સુંદર રાગોમાં તથા ભાવવાહી છે. તેમની બીજી કૃતિ **શ્રી નેમિનાથ** બારમાસા સં૦ ૧૭૪૪ **થરાદ**માં બનાવી છે. આ સાથે તેમનાં પાંચ સ્તવનો તથા કલશ લીધા છે.

શ્રી ઋષભજિન સ્તવન.

(૧)

(લાછલ દે માત મલ્હાર–એ દેશી.)

પ્રણમું આદિ જિણુંદ જગજીવન જિણુચંદ;
આજ હો સ્વામી રે, શિવગામી પામ્યો પુણ્યથી રે. ૧
હરખ્યા નયન ચકોર, મેહ દેખી જિમ મોર; આજ હો સ્વામી રે,
માચે રે સુખ સાચે રાચે રંગસ્યું રે. ૨
સુર નર નારી કોડિ, પ્રણમે બે કર જોડી; આજ હો સ્વામી રે,
નિરખે રે ચિત્ત હરખે પરખે પ્રેમસું જી. ૩
ગાયે મધુરિ ભાસ, ખેલે જિનગુણ રાસ; આજ હો સ્વામી રે,
ગાને રે જિનધ્યાને તાને મેલવે જી. ૪

દેખી પ્રભુ મુખ નૂર, અદ્‌ભૂત આણંદપૂર; આજ હો સ્વામી રે,
વાધે રે સુખ સાધે લાધે જિમ નિધિ જી. ૫
ધન ધન તસ અવતાર, સુકૃત સફળ સંસાર; આજ હો સ્વામી રે,
જિણે રે સુખદાયક નાયક નિરખીઓ જી. ૬
સકળ સફળ તસ દીહ, ધન ધન તસ શુભ જીહ; આજ૦
જેણે રે ગુણલીણે સ્વામી સંથુણ્યો જી. ૭
શિવસંપદ દાતાર, ગુણગણમણિ ભંડાર; આજ હો સ્વામી રે,
જાણી રે સુખખાણી પ્રાણી સેવીએ જી. ૮
જ્ઞાનવિજય ગુરુ સીસ, **નયવિજય** નિશદિશ; આજ૦
ગાવે રે શુભ ભાવે પાવે સંપદા જી. ૯

શ્રી શાંતિનાથ સ્તવન.

(૨)

(ઢાલ–દેશી-વિછીયાની.)

સખી સેવો **શાંતિ જીણંદને**, મન આણી અતિ ઉછાહ રે;
એ પ્રભુની જે સેવના, તે માનવ ભવનો લાહ રે. સખી૦ ૧
સેવા જે એ જિન તણી, તે સાચી સુરતરૂ સેવ રે;
એ જગમાંહિ જોવતાં, અવર ન એહવો દેવ રે. સખી૦ ૨
ભગતિ ભાવ આણી ઘણે, જે સેવે એ નિશદીસ રે;
સફલે સકલ મન કામના, તે પામે વીસવાવીસ રે. સખી૦ ૩
ખિણ એક સેવા પ્રભુ તણી, તે પૂરે કામિત કામ રે;
માનુ ત્રિભુવન સંપદા કરૂ, એ ઉત્તમ ધામ રે. સખી૦ ૪
જનમ સફલ જગ તેહનો, જે પામ્યો પ્રભુની સેવ રે;
પુણ્ય સફલ તસ પ્રગટીયાં, તસ ત્રૂઠા ત્રિભુવન દેવ રે. સખી૦ ૫

શિવ સુખ દાયક સેવના, એ દેવના દેવની જેહ રે;
પામીને આરાધશે, શિવ સુખ લહશે તેહ રે. સખી૦ ૬
ઈમ જાણી નિતુ સેવીએ, જિમ પહોંચે વંછિત કોડી રે;
જ્ઞાનવિજય બુધ રાયનો, ઈમ શિષ્ય કહે કર જોડી રે. સખી૦ ૭

શ્રી નેમનાથ સ્તવન.

(૩)

(ધન બિંદલી મને લાગે-એ દેશી.)

ભવિઅણ વંદો ભાવશું, સાહિબ **નેમિ જિણંદ**; મોરા લાલ
ભાવશું નિત વંદતાં, લહીયે પરમાણંદ મો૦ ભવિ૦ ॥૧॥
બ્રહ્મચારી ચુડામણિ, સાચો એ વડવીર; મોરા૦
મદન મતંગજ કેસરી, મેરૂ મહી ધર ધીર. મો૦ ભવિ૦ ॥૨॥
રૂપઅનંતુ જિન તણું, સોહે સહજ સનૂર; મોરા૦
હરખે નયણે નિરખતાં, પસરે પ્રેમ પંડુર. મો૦ ભવિ૦ ॥૩॥
ગુણ અનંતા પ્રભુ તણા, કહતાં ન આવે પાર; મોરા૦
નિરૂપમ ગુણગણ મણિ તણો, માનું એ ભંડાર. મો૦ ભવિ૦ ॥૪॥
વદન અનોપમ જિન તણું, એ મુજ નયણ ચકોર; મોરા૦
નિરખી હરખે ચિત્તમાં, ઉમગે આનંદ જોર. મો૦ ભવિ૦ ॥૫॥
અતુલિબલ અરિહંતજી, ભવભંજન ભગવંત; મોરા૦
કામિત પૂરણ સુરતરૂ, કેવલ કમલા કંત. મો૦ ભવિ૦ ॥૬॥
રાજિમતિ મન વાલ હો, યાદવ કુલ શણગાર; મો૦
નયવિજય પ્રભુ વંદતાં, નિતુ નિતુ જય જયકાર. મોરા૦
ભવિ૦ ॥૭॥

શ્રી પાર્શ્વનાથ સ્તવન.

(૪)

(આ અજુઆલી રાતડિ રે-એ દેશી.)

પ્રબલ પ્રભાવે પરગડો રે, પુરિસા દાણી **પાસ** ભવિયણ વંદો.

કામ ગવિ સુરમણિ પરે રે, પૂરે વંછિત આશ વંદો વંદો રે સુજાણ.
વંદો વંદો શ્રી જિન પાસ ભવિયણ વંદો. ॥૧॥

નીલકમલ દલ પરિભલો રે, દીપે તનુ પ્રકાશ; ભવિ૦
હરખે નયણે નિરખતાં રે, ઉપજે અધિક ઉલ્લાસ. ભવિ૦ ॥૨॥

નિરખી નિરખી હરખીયે રે, સાહિત્ય સહજ સનૂર; ભવિ૦
તેજ જલામલ ઝલહલે રે, જાણે ઉગ્યો સૂર. ભવિ૦ ॥૩॥

રત્ન જડિત વિરાજતાં રે, કુંડલ સોહે સનૂર; ભવિ૦
માનું દોયે સેવા કરે રે, શશિ રવિ આવી હજૂર. ભવિ૦ ॥૪॥

મણિભવ મુગટ મનોહરૂ રે, સોહે શિર ધર્યો સાર; ભવિ૦
માનું તારા પરવર્યો રે, ચંદ એ સેવાગાર. ભવિ૦ ॥૫॥

સુંદર શિવરમણી વર્યો રે, પરવર્યો જ્ઞાન અનંત; ભવિ૦
ચિદાનંદ ચિન મૂર્તિ રે, અકલંકી અરિહંત. ભવિ૦ ॥૬॥

કામિત કામિતપૂર તણો રે, પાપ તિમિર ભર ભાણ; ભવિ૦
નયવિજય પ્રભુ દરિશણે રે, નિતુ નિતુ કોડી કલ્યાણ.
ભવિ૦ ॥૭॥

શ્રી મહાવીર જિન સ્તવન.

(૫)

(દેશી–પંથિડાની.)

સુગુણ સસનેહી **વીરજી** વિનતી રે, અવધારો શ્રી જિનરાય રે;
દરિસણ દીઠે પ્રભુજી તુમતણે રે,
અમ્હ મન હરખ ઘણેરો થાય રે. સુગુણ૦ ૧
નિરમળ તુમ્હ ગુણ ગંગાજળે રે, ઝીલી અહનિશિ મુઝ મન હંસ રે;
નિરમળ હોયે કલિમલ નાસથી રે,
પીલે કરમ મરમ ભર અંશ રે. સુગુણ૦ ૨
કેવલ કમલા કંત મનોહરુ રે, ભેટી ભાવે તું ભગવંત રે;
માનું માનવ ભવ સફળો સહિ રે,
પામ્યું વંછિત સુખ અનંત રે. સુગુણ૦ ૩
દેવ દયાકર ઠાકુર જો મિલ્યો રે, તો ફળ્યો સકલ મનોરથ આજ રે;
સેવક સેવા આણી ચિત્તમાં રે,
પુરો મુઝ મનવંછિત કાજ રે. સુગુણ૦ ૪
પ્રભુજી તુઝ મનમાં સેવા થકી રે, હું વસું એ તો મોટી વાત રે;
પણ હું યાચું તુઝ ચિત્તમાં રે,
જિનજી વસજો દિનરાત રે. સુગુણ૦ ૫
પ્રભુજી તુઝ ચરણાંબુજ સેવના રે, સફળી ફળજો ભવ ભવ દેવ રે;
હોયો મુઝ તુઝ શાસનવાસના રે,
વળી તુઝ ચરણ કમળની સેવ રે. સુગુણ૦ ૬
ચરમજિણેસર ભુવન દિણેસરુ રે, પૂરયો સેવક વંછિત આશ રે;
જ્ઞાનવિજય બુધ સીસ ઇમ વીનવે રે,
નયવિજય આણી મન ઉલ્લાસ રે. સુગુણ૦ ૭

કલશ.

(૬)

(ગાઓ ગાઓ ભવિ ચઉવીસે જીનરાય.)

ઈણિ પરે જીનવરના ગુણ ગાતા,
મન વંછિત સુખ થાય. ગાઓ૦ ૧
ગુણ અનંતા જીનવર કેરા, મુજથી કેમ કહાય;
તોહિ પણ નિજ શક્તિ ભક્તિ, કીધો સ્તુતિ ઉપાય. ગાઓ૦ ૨
જીનવર ગુણ ગાતાં અતિ, નિર્મળ વરતે અધ્યવસાય;
પામે બોધિ બિજ સ્તુતિથી, ઇમ પ્રવચન સુહાય. ગાઓ૦ ૩
જીનવરણુન સુવર્ણ એ માળા, કંઠ ધરો રે સુહાય;
નવનિધિ, રિદ્ધિ, સિદ્ધિ, સયંવર લક્ષ્મી,
સહેજે વરે જયું આય. ગાઓ૦ ૪
સંપ્રતિ ગોયમ સોરમ સરિખા, શ્રી **વિજયપ્રભસૂરિરાય;**
તે ગુરૂ ચરણ કમળ સેવાથી, પામી અધીક પસાય. ગાઓ૦ ૫
સત્તર છેંતાળે કારતિક માસે, શુદ્દિ તેરસ સુખદાય;
ઊન્નતપુરમાં જીન ચોવીશે, ગાયા ધરી ઊછાય. ગાઓ૦ ૬
સકલ પંડિત શીર મુકુટ નગીનો, **શ્રી જ્ઞાનવિજય** બુધરાય;
તે ગુરૂ પસાયે ચરણ જીનના, **નયવિજય** ગુણ ગાય. ગાઓ૦ ૭



(૨૧)

શ્રી દાનવિજય.

(૧૭૫૦, આસપાસ.)

શ્રી તપગચ્છમાં **શ્રી વિજયરાજસૂરિ** પરંપરામાં પંડિત **તેજવિજયજી**ના શિષ્ય **શ્રી દાનવિજયજી**ની ચોવીસી અર્થ ગંભીર છે, તથા સુન્દર ભાષામાં રચાયેલી છે. તેઓશ્રીનો જન્મ સંવત તથા સ્વર્ગવાસ સંવત મળતાં નથી. તેઓશ્રીની કૃતિ શ્રી **લલિતાંગરાસ** જંબૂસરમાં સં૦ ૧૭૬૧માં રચ્યો છે. તેમાં તેમની કાવ્ય ચાતુરી તથા વર્ણન શક્તિ જણાઈ આવે છે. તેઓશ્રીનાં પાંચ સ્તવનો અત્રે લેવામાં આવ્યાં છે.

સંસ્કૃત.

૧ લલિતાંગ રાસ ૧૭૬૧ જંબુસર. ૩ કલ્પસૂત્ર ટીકા. દાન દીપિકા.
૨ કલ્યાણક સ્તવન. ૧૭૬૨ સુરત. ૪ મૌન એકાદશી દેવવંદન.

શ્રી આદિનાથ જિન સ્તવન.

(૧)

(એક દિન પુંડરીક ગણધર રે લાલ.)

મંગલ વેલી વધારવા રે લાલ, જે જિનવર જલધાર. બલિહારી રે;
મુજને તે ભાગ્યે મલ્યો રે લાલ, આદીશ્વર આધાર. બલિ૦;
એ ત્રિભુવન જન તારણો રે લાલ, જગબંધવ જિનરાય.
બલિહારી રે; એ૦ ૧

ભાણ આજ ઊગ્યો ભલે રે લાલ, સફળ થયું સુવિહાણ. બ૦;
આજ દિવસ વલ્યો આપણો રે લાલ, ભેટ્યો ત્રિભુવન ભાણ.
બલિ૦; એ૦ ૨

આજ સહી મુજ આંગણે રે લાલ, સફળ ફલ્યો સહકાર. ભ૦;
મુંહ માગ્યા પાસા ઢલ્યા રે લાલ, જગવરત્યો જયકાર.
ભ૦; એ૦ ૩
વૂઠો ઘરે વારૂ પરે રે લાલ, મોતિયડાનો મેહ બલિહારી રે;
ચિંતામણિ હાથે ચડયું રે લાલ, ગંગા આવી ગેહ.
ભ૦; એ૦ ૪
આજ ઉદધિ જિમ ઉલટયો રે લાલ, હૈડે હર્ષ પ્રવાહ બલિ૦;
દાનવિજય પ્રભુ દેખતાં રે લાલ, દૂર ગયો દુઃખ દાહ.
ભ૦ એ૦ ૫

શ્રી શાંતિનાથ જિન સ્તવન.

(૨)

(વામાનંદન જિનવર, મુનિમાંહે વડો રે કે.)

શાંતિજિનેશ્વર સુખકર, મૂરતિ તાહરી રે, કે મૂરતિ તાહરી;
દીઠી મીઠી આજ, અમૃત પરે દુઃખહરી રે કે અમૃત પરે
નીરખી નીરખી સંતાપ મિટે, સધલો મને રે કે, મિટે૦
વરસંતાં જલધાર, શમે જિમ દવ વને રે કે. શમે૦ ૧
જિન ગંગા પરવાહ, ગિરીન્દથી ઉતરે રે કે, ગિ૦
તિમ સમતારસ અમૃત, જે મિંહું દિશિ ઝરે રે કે, જે૦
જાતિ તણાં પણ વૈર, જે દેખી તિમ ટલે રે કે, જે૦
વાયે દક્ષિણ વાય, ઘનાઘન જિમ ફલે રે કે. ઘના૦ ૨
રાગતણું પણ ચિહ્ન, ન જેહમાં દેખિયે રે કે, ન૦
દ્વેષતણો તિહાં અંશ, કહો કિમ લેખિયે રે કે, ક૦

રાગદ્વેષ અભાવ, તિણે બુધ અટકલે રે કે, તિ૦
વહુનિ પખે કહેા કેમ, ધુંઆડો નીકલે રે કે. ધું૦ ૩
નીરખે સુરનર નારી, ફરી ફરી નેહ શું રે, ફ૦
પણ તિલભાર વિકાર, ન ઉપજે તેહ શું રે; ન૦
એ લેાકેાત્તર અતિશય, જેહનો સાંભળ્યેા રે કે, જે૦
ચિંતવતાં જિન ચિત્ત, મહારસ ઉછાલ્યેા રે કે. મ૦ ૪
સમતામય દલ લેય, માનું સહી એ ઘડી રે કે, મા૦
આંખથી મહેલતાં અલગ, સુહાયે ન એક ઘડી રે કે, સુ૦
અકલંકિત પ્રભુ મૂરતિ, ચંદ્રકલા જિસી રે કે, ચં૦
દાનવિજય કહે દેખત, મુજ કીકી હસી રે કે. મુ૦ ૫

શ્રી નેમિનાથ જિન સ્તવન.

(૩)

(અનંત વીર જ અરિહંત સુણેા મુજ વિનતિ.)

એહ અથિર સંસાર સ્વરૂપ અછે ઇસ્યેા,
ક્ષણ પલટાયે રંગ પતંગ તણેા જિસ્યેા;
બાજીગરની બાજી જેમ જૂઠી સહી,
તિમ સંસારની માયા એ સાચી નહીં. ૧
ગગને જિમ હરિચાપ પલક એક પેખિયે,
ખિણ માંહે વિસરાલ થાયે નવિ દેખિયે;
તિમ એહું યૌવન રૂપ સકલ ચંચલ અછે,
ચટકેા છે દિન ચાર વિરંગ હુએ પછે. ૨
જિમ કેાઇકિ નર રાજ્ય લહે સુપના વિશે,
હય હાથી મઢ મંદિર દેખી ઉલ્લસે;

જબ જાગે તવ આપ રહે તિમ એકલો,
તેહવો ઋદ્ધિનો ગારવ તિલ પણ નહિ ભલો. ૩
દેખીતાં કિંપાક તણાં ફલ ફૂટરાં,
આતાં સરસ સવાદ અંતે જીવિત હરાં,
તિમ તરૂણી તનુભોગ તુરત સુખ ઉપજે;
આખર તાસ વિપાક કટુક રસ નીપજે. ૪
એ સંસાર શિવાસુત એહવો ઓલખી,
રાજ રમણી ઋદ્ધિ છોડી થયા પોતે રિખી;
કર્મ ખપાવી આપ ગયા શિવમંદિરે,
દાનવિજય પ્રભુ નામથી ભવસાગર તરે. ૫

શ્રી પાર્શ્વનાથ જિન સ્તવન.

(૪)

(દેશી ગિહુંયડાની.)

સકલ કુશલ તરૂ પોષવા રે,
હાંજી જે જિનવર જલધર કહેવાય સુખકારી;
જગ ગુરુ જિનરાજ સુખ૦, ભવજલધિ જહાજ. સુખ૦
દીઠો મેં આજ સુખ૦, ફલિયાં સવિ કાજ. સુખ૦
મન વંછિત સુખ પૂરવારે,
હાંજી સુરતરૂ સમ જેહનો મહિમાય. સુ૦ ૧
સજલ જલદ જિમ સોહતીરે,
હાંજી નિરૂપમ નીલવરણ જસ કાય; સુખ૦
શિર પર ઔદાયિની સમીરે,
હાંજી ફણિ મણિ કિરણ ઝલકી ઝલકાય. સુ૦ ૨

ગરૂડ તણે ગરજારવેરે, હાંજી જિમ પન્નગકુલ પ્રબલ પલાય; સુ૦
તિમ પ્રભુ નામ પસાયથીરે,
હાંજી સંકટ વિકટ સકલ મિટ જાય. સુ૦ ૩
કમલાકરમાંહી કમલડાંરે, હાંજી જિમ વિકસે દેખી દિનરાય, સુ૦
તિમ મુજ હિયડું હેજ શું રે,
હાંજી હરખી હસે નીરખી પ્રભુ પાય. સુ૦ ૪
વામાનંદન વાલહોરે, હાંજી જગદાનંદ જિનવર રાય; સુ૦
દાનવિજય સુખિયેા સદા રે,
હાંજી પામી પાસ ચરણ સુપસાય. સુ૦ ૫

શ્રી મહાવીર જિન સ્તવન.

(૫)

(જાત્રા નવાણું કરીયે સલૂણા.)

શાસનનાયક સુંદરૂરે, વર્ધમાન જિનરાય, સકલ સુખસાયરૂ;
જસ નામે નિત્ય નવ નવારે, મંદિર મંગલ થાય. સકલ૦ ૧
રંગમજીઠના સારીખોરે, જેહશું ધર્મસ્નેહ; સકલ૦
અહનિશ દિલમાંહી વસેરે, જેમ મોરા મન મેહ. સકલ૦ ૨
રાતી પ્રભુ ગુણ રાગ શું રે, માહરી સાતે ધાત; સકલ૦
વિધ વિધ ભાં તે વખાણીએ રે, જેહનો જસ અવદાત. સકલ૦ ૩
તે જિનવર ચેાવીસમેારે, ગુણગણ-રથણનિધાન; સકલ૦
મુજ ભવ ભાવઠ ભંજિયરે, ભગત વચ્છલ ભગવાન. સકલ૦ ૪
સાહિબ ગુણ રંગે કરી રે, જે રાતા નિશદિશ; સકલ૦
તસઘર રંગ વધામણાં રે, દિન દિન અધિક જગીશ. સકલ૦ ૫
શ્રી તપગચ્છ શિરેામણિ રે, **શ્રીવિજયરાજસૂરીંદ**; સકલ૦
તાસ શિષ્યે એમ વિનવ્યારે, ચોવીસમા જિનચંદ. સકલ૦ ૬
વર્તમાન શાસન ધણી એ, સુખ-સંપત્તિ દાતાર; સકલ૦
સકલ મનેારથ પૂરવેા રે, **દાનવિજય** જયકાર. સકલ૦ ૭

(૨૨)

શ્રી જ્ઞાનવિમલસૂરિ.

(ચોવીસી રચના–૧૭૫૦–આસપાસ.)

શ્રી વીસા ઓસવાલ વંશમાં પિતા શ્રી **વાસવ** શ્રેષ્ઠિ તથા માતા **કનકાવતી**ના સુપુત્ર **નાથુમલ્લ**નો જન્મ સં૦ **૧૬૯૪** માં ભિન્નમાલમાં થયો હતો. પંડિત **ધીરવિમલ** ગણિ પાસે દીક્ષા સં૦ **૧૭૦૨** માં લીધી. નામ 'શ્રી નયનવિમલ' રાખ્યું. શાસ્ત્રાભ્યાસ શ્રી અમૃતવિમલ ગણિ કવિરાજ તથા શ્રી મેરુવિમલ ગણિ કવિરાજ પાસે કર્યો. વિ૦ સં૦ ૧૭૨૭ ધાણેરાવ ગામમાં પંડિત પદ શ્રી **વિજયપ્રભસૂરિએ** આપ્યું. તેઓના ગુરુ ૧૭૩૯માં કાલધર્મ પામ્યા. તે વખતના સર્વ ગીતાર્થોએ એવો વિચાર કર્યો કે હાલમાં સંવિગ્ન જ્ઞાન ક્રિયા વૈરાગ્યાદિ ગુણોએ સંપૂર્ણ અને સૂરિપદને યોગ્ય શ્રીમાન્ પં૦ નયવિમલજી ગણિ છે. તેથી તેઓએ **શ્રી વિજયપ્રભસૂરિ મહારાજને** તેમને સૂરિપદ અર્પણ કરવા વિનતિ કરી ને તેઓશ્રી પાટણથી વિહાર કરી **સંડેસર** (સડેર) ગામમાં પધાર્યા ને સં૦ ૧૭૪૮ માં ફાગણ સુદિ પાંચમને ગુરુવારે શ્રી વિજયપ્રભસૂરિની આજ્ઞાથી **શ્રી મહિમાસાગરસૂરિજીએ** આચાર્ય પદ શ્રી નયવિમલગણિને આપ્યું. અને **શ્રી જ્ઞાનવિમલસૂરિ** એવું નામ સ્થાપન કર્યું. શ્રેષ્ઠિવર્ય નાગજી પારેખે પ્રદાન મહોત્સવ કરી સઘળો ખર્ચ કર્યો.

મુખ્ય વિહાર સુરત, ખંભાત, રાજનગર, પાટણ, રાધનપુર, **સાદડી**, ધાણેરાવ, સિરોહી, પાલીતાણા, જુનાગઢ વગેરે સ્થળે કર્યો હતો. શ્રીમાન્ મહોપાધ્યાય શ્રી વિનયવિજયજી, શ્રીમાન્ મહોપાધ્યાય શ્રી યશોવિજયજી, તથા શ્રીમાન્ પં૦ ઋદ્ધિવિમલ ગણિએ પ્રાયઃ

સાથે વિહાર કરતા હતા. તેઓશ્રીએ ઘણા વખત શ્રી સિદ્ધાચલજીની યાત્રા કરી હતી. ૧૭ **અંજન શલાકાઓ** કરાવી હતી. સં૦ ૧૭૮૨ માં પરચક્રભયને લીધે શ્રી સિદ્ધાચલજી યાત્રાનો અંતરાય થયો તે વર્ષે ખંભાતમાં ચોમાસું રહ્યા હતા. ને ઘણા સાધુઓને વાચકપદ, પંડિતપદ આપ્યું હતું.

કિંવદન્તી છે કે એક સમયે શ્રી સિદ્ધાચલજીમાં શ્રી વિજયપ્રભસૂરિની હાજરીમાં મુખ્ય દેરાસરમાં તાત્કાલિક નવા ૪૫ કાવ્યો વડે ચૈત્યવન્દન કર્યું. તેઓ માટે અન્ય દર્શનીઓ પણ લખે છે કે—

संस्कृतकवितायां कलिकाल सर्वज्ञबिरुद धारि-श्री हेमचन्द्रसूरिः, प्राकृतकवितायां तु श्रीमत्तपागच्छाचार्य विमलशाखीय श्रीमत् ज्ञानविमलसूरिः ।

સંસ્કૃત કાવ્યો કલિકાલ સર્વજ્ઞ શ્રી હેમચંદ્રસૂરિના અને પ્રાકૃત કાવ્યો તપાગચ્છીય શ્રી જ્ઞાનવિમલસૂરિના.

સંવત ૧૭૭૭માં **સુરતવાળા પ્રેમજી પારેખે** શ્રી સિદ્ધાચલનો સંઘ તેમના ઉપદેશથી કાઢયો હતો. તેમનો જ્ઞાનભંડાર ખંભાતમાં ખારવાડાના વિમલના ઉપાશ્રયમાં છે. તેઓશ્રીએ ૪૪ સજ્ઝાયોની રચના કરી છે. **શ્રી તીર્થમાલા સ્તવનમાં સુરતથી** નીકળી **રાંદેર, ભરૂચ, કાવી** વગેરેનું વર્ણન કરી **સિદ્ધપુર, મહેસાણા અને અમદાવાદ** થઈ છ મહિને સુરત પાછા પધાર્યા હતા. તેનું વર્ણન છે.

ગુજરાતીમાં સ્તવનો, સ્તુતિઓ, સજ્ઝાયો, પદો આદિ ઘણાં રચ્યા છે. તેઓશ્રીએ બે ચોવીસી રચી છે. તેઓશ્રી પગલાંને દેરી શ્રી સુરત સૈયદપરા શ્રી નન્દીશ્વર દ્વીપના દહેરામાં છે.

૮૧ વર્ષનો ચારિત્ર પર્યાય પાળી ૮૯ વર્ષનું આયુષ્ય પુરું કરી

ખંભાતમાં ૧૭૮૨ આસો વદી ૪ ગુરુવારે પ્રભાતે અનશન પૂર્વક સ્વર્ગ પધાર્યા. અને તેર (૧૩) મણ સુખડ વડે શ્રી સ્તમ્ભન તીર્થના શ્રાવકોએ શ્રી જ્ઞાનવિમલસૂરિનો અગ્નિ-સંસ્કાર કર્યો. ચાલીસ દિવસ સુધી આખા શહેરમાં જીવદયા પળાવી.

તેઓશ્રી માટે શ્રીમદ્ બુદ્ધિસાગરસૂરિ (આનંદઘન પદ સંગ્રહ ભાવાર્થ ત્રીજી આવૃત્તિ પા. ૧૬૩) લખે છે કે,

"અમોએ વૃદ્ધ યતિયોના મુખે સાંભળ્યું છે કે શ્રીમદ્ **જ્ઞાનવિમલસૂરિ**, મહોપાધ્યાય શ્રી **યશોવિજયજી** અને શ્રી **સત્યવિજયજી** પં૦, એ ત્રણેએ **સુરતમાં શ્રી સૂરજમંડન પાર્શ્વનાથ** દેરાસરમાં ક્રિયોદ્ધારનો વિચાર કર્યો હતો ને તેમણે કાલીકાનું આરાધન કર્યું હતું. "શ્રી આનંદઘનજીના સ્તવનોનો આશય જાણવા માટે શ્રી જ્ઞાનવિમલસૂરિજીએ સુરતમાં શ્રી સૂર્યમંડણ પાર્શ્વનાથ દેરાસરમાં છ માસ પર્યંત ધ્યાન ધર્યું હતું અને પશ્ચાત્ સ્તવનોનો ભાવાર્થ લખ્યો છે."

આ સાથે શ્રીમદ્ના દસ સ્તવનો તથા ત્રણ બીજા કાવ્યો મળી કુલ તેર કાવ્યો લીધા છે. વાંચકો તેનું જરૂર પાન કરશે.

તેઓશ્રીની ગ્રન્થ-રચના.

(ગુજરાતી-વિભાગ.)

ગ્રન્થનામ.	શ્લોક-સંખ્યા.	રચના સં૦	સ્થળ.
૧ સાધુ વન્દના રાસ.	૪૯૫	૧૭૨૮	
૨ શ્રી અર્બુદગિરિ સ્તવન.	૩૫	,,	
૩ જંબૂસ્વામી-રાસ.		૧૭૩૭	
૪ શ્રી શાન્તિનાથ સ્તવન.	૮૧	,,	
૫ નવતત્ત્વ બાલાવબોધ.	૫૦૦	૧૭૩૯	
૬ રણસિંહ રાજર્ષિ રાસ.		૧૭૪૦	

૭	શ્રી જિનપૂજા વિધિ.	૮૧	૧૭૪૧	
૮	શ્રમણસૂત્ર બાલાવબોધ.		૧૭૪૩	
૯	બારવ્રત ગ્રહણ રાસ.		૧૭૫૦	અમદાવાદ.
૧૦	શ્રી ગોડીપાર્શ્વનાથ સ્તવન.	૧૫	૧૭૫૫	
૧૧	તીર્થમાલા.		૧૭૫૫	
૧૨	દીવાળી કલ્પ બાલાવબોધ.	૧૨૦૦	૧૭૬૩	
૧૩	વીસ સ્થાનક તપ વિધિ.		૧૭૬૬	
૧૪	શ્રી સૂર્યાભ નાટક.		૧૭૬૬	
૧૫	શ્રી મહાવીર સ્વામી સ્તવન.	૧૩	૧૭૬૯	
૧૬	આનન્દઘન ચોવીસી. ટબો	૨૩૦૦	૧૭૬૯	
૧૭	અધ્યાત્મ કલ્પ બાલાવબોધ.	૮૦૦૦	૧૭૭૦	
૧૮	શ્રી ચન્દ્રકેવલી રાસ.	૭૬૦૦	૧૭૭૦	
૧૯	પાક્ષિક સૂત્ર બાલાવબોધ	૫૫૦૦	૧૭૭૩	
૨૦	રોહિણી અશોક ચન્દ્ર રાસ.		૧૭૭૪	સુરત.

૨૧ ઉપા૦ યશોવિજયજી કૃત સાડી ત્રણસો ગાથા સ્તવન બાલાવબોધ.
૨૨ યોગદૃષ્ટિની સજ્ઝાય. ૨૩ પર્યુષણ પર્વની સજ્ઝાય.
૨૪ શ્રી જ્ઞાનવિલાસ. ૨૫ શ્રી સંયમ તરંગ.

ઉપરાંત શ્રી સિદ્ધાચલજીના સંખ્યાબંધ સ્તવનો રચ્યાં છે.

સંસ્કૃત-વિભાગ.

	ગ્રન્થનામ.	શ્લોક-સંખ્યા.	રચના સં૦
૧	શ્રીપાલ ચરિત્ર ગદ્ય	૨૦૦૦	૧૭૪૫
૨	શ્રી પ્રશ્ન વ્યાકરણ સૂત્રવૃત્તિ.	૭૫૦૦	
૩	સંસાર દાવાનલ સૂત્રવૃત્તિ.	૧૨૫	
૪	પ્રશ્ન દ્વાત્રિંશિકા સ્તોત્ર બાલાવબોધ યુક્ત.	૩૦૦	
૫	નરભવ દૃષ્ટાન્તો પનયમાલા.	૫૫૭	

શ્રી આદિજિન સ્તવન.

(૧)

(ઢાળ–લલનાની)

આદિકરણ અરિહંતજી, ઓલગડી અવધાર લલના;
પ્રથમ જિનેસર પ્રણમીએ, વંછિત ફળ દાતાર લલના-આદિ૦ ૧
ઉપગારી અવની તળે, ગુણ અનંત ભગવાન લ૦;
અવિનાશી અક્ષયકળા, વરતે અતિશય નિધાન લ૦–આદિ૦ ૨
ગૃહવાસે પણ જેહને, અમૃતફળ આહાર લ૦;
તે અમૃતફળને લહે, એ યુગનું નિરધાર લ૦. આદિ૦ ૩
વંશ ઈક્ષાગ છે જેહનો, ચઢતો રસ સુવિશેષ લ૦
ભરતાદિક થયા કેવળી, અનુભવ રસ ફળ દેખ લ૦. આદિ ૪
નાભિરાયા કુળમંડણો, મેરુદેવી સર હંસ લ૦;
ઋષભદેવ નિતુ વંદીએ, **જ્ઞાનવિમળ** અવતંસ લ૦ આદિ૦ ૫

શ્રી આદિજિન સ્તવન.

(૨)

(મહાવિદેહ ક્ષેત્ર સુહામણું–એ દેશી.)

પ્રથમ જિનેસર વંદિએ, સારથ પતિ ધન નામ લાલરે;
પૂર્વ વિદેહે સાધુને, દીધાં ઘનનાં દાન લાલરે. પ્રથમ૦ ૧
યુગલ સુધર્મે સુર થયા, મહાબલ ભૂપ વિદેહ લાલરે;
લલિતાંગ સુર ઈશાનમાં, સ્વયંપ્રભાસું નેહ લાલરે. પ્રથમ૦ ૨
વજ્ર જંઘરાય વિદેહમાં, યુગલિ સોરમિ દેવ લાલરે;
કેશવ વૈદ્ય વિદેહમાં, ચાર મિત્ર મુનિ સેવ લાલરે. પ્રથમ૦ ૩

અચ્યુત અમર વિદેહમાં, વજ્ર નાભ ચક્ર ધાર લાલરે;
છ જણ સાથિ સંજમિ, બાંધે જિનપદસાર લાલરે. પ્રથમ૦ ૪
સવરિયમાં ઉપના, તિહાંથી ઋષભ અવતાર લાલરે;
ઇક્ષ્યાગ ભૂમિ સોહામણી, આદિ ધરમ કહિનાર લાલરે. પ્ર૦ ૫
કુલગર નાભિ નરિંદનો, મરૂદેવીનો નંદ લાલરે;
વૃષભ લંછન કંચન વર્ને, સેવે સુરનર ઇંદ લાલરે. પ્ર૦ ૬
ગૃહવાસે પણ જેહને, કલ્પદ્રુમ ફૂલ ભોગ લાલરે;
પાણી ખીર સમુદ્રનું, પૂરે સુરવર લોગ લાલરે. પ્ર૦ ૭
યુગલાં ધર્મ નિવારણો, તારણો ભવિજલ રાશિ લાલરે;
જ્ઞાન વિમલસુરીંદની પુરો વંછિત આશ લાલરે. પ્ર૦ ૮

શ્રી શાંતિનાથ સ્તવન.

(૩)

સુણો **શાંતિ જિનેસર** સાહિબા, સુખકાર કરૂણાસિંધુ રે;
પ્રભુ તુમ સમ કો દાતા નહિ, નિષ્કારણ ત્રિભુવન બંધુરે. સુણો૦ ૧
જસ નામે અખય સંપદ હોએ, વલી આધિ તણી હોયે શાંતિ રે;
દુઃખ દુરિત ઉપદ્રવ સવિ મિટે, ભાંજે મિથ્યામતિ ભ્રાંતિરે. સુ૦ ૨
તું રાગ રહિત પણ રીઝવે, સવિ સજ્જન કેરાં ચિત્ત રે;
નિરદ્રવ્ય અને પરમેશ્વરૂ, વિણ નેહ તું જગ મિત્ત રે. સુ૦ ૩
તું ચક્રી પણ ભવચક્રનો, સંબંધ ન કોઇ ક્રીધ રે;
તું તો ભોગી યોગી દાખિયો, સહજે સમતારસ સિદ્ધ રે. સુ૦ ૪
વિણ તેહ્યો નિત્ય સહાય છે, તુજ લોકોત્તર આચાર રે;
કહે **જ્ઞાનવિમલ** ગુણ તાહરા, લહિયે ગણવે કિમ પાર રે. સુ૦ ૫

શ્રી શાંતિનાથ સ્તવન.

(૪)

જંબુદ્વીપે ભરતમાં હો લાલ, રત્નપુરી અભિરામરે,
દાનેસિરિ વંદો.
શ્રીષેણ રાજા તેહનો હો લાલ, યુદ્ધ કરતાં પુત્રને હો લાલ;
દેખી દુષ્ટ સંસાર રે દાનેસિરિ વંદો.
વિષકજ સુંઘીને ચવ્યા હો લાલ. ૧
દેવકુરા યુગલે થયા હો લાલ, સૌધર્મે સુર થાય રે; દાને૦
જંબુદ્વીપે ભરતમાં હો લાલ, વૈતાઢયે રથનુંપુરે હો લાલ;
અકી કીર્તિ નૃપ નામ હો, દાને૦ જયોતિમાલા રાણી તણા હો૦ ૨
અમિત તેજ સુત તે થયા હો લાલ,
સંયમ દિન છવીસ હો૦ દાને૦
અંતે અણુસણ આદરી હો લાલ, પ્રાણુતકલ્પે દેવતા હો લાલ;
નામે થયા મણિચુલરે. દાને૦ ૩
જંબુદ્વીપ વિદેહમાં હો લાલ, વિજ્યા રમણી શુભાપુરી હો લાલ,
પામ્યા પદ બલદેવ રે, આયુ ચોરાશી લખ વર્ષનું હો લાલ. દા૦ ૪
સોલ સહસ નૃપ સાથ શું હો લાલ,
લીએ સંયમ ધરી પ્રેમ રે. દાને૦
અચ્યુત કલ્પે સુર થયા હો લાલ, તિહાંથી જંબુ વિદેહમાં હો લાલ;
વિજ્યા મંગલાવતી નામ રે,
રત્ન સંચયા પુરી ભલી હો લાલ. ૫
ક્ષેમંકર તીર્થંકરૂ હો લાલ, રત્નમાલા તસ નાર રે;
તસ સુત વજાયુદ્ધ થયા હો લાલ, ચક્રી થઇ વ્રત આદરે હો લાલ,
પાદોપગમી હોયરે દાને૦ ત્રીજે ગ્રૈવેકે સુર થયા હો લાલ. ૬

તિહાંથી જંબુ વિદેહમાં હો લાલ, વિજ્યા પુષ્કલાવઈ નામે રે;
પુંડરીગિણી નયરી ભલી હો લાલ, ઘનરથ તીર્થંકર તિહાં હો લાલ;
પરીક્ષા સુરે કરી રૂપ રે, નિજ તનુ સાટે ઉગારીએ હો લાલ;
દાની બિરૂદ તિહાં લહ્યું હો લાલ, આયુ ચોરાશી લખ પૂર્વ રે દાને૦
એક લખ પૂર્વ સંયમી હો લાલ. દાને૦ ૭

જિનપદ સાધી રૂપડું હો લાલ, સર્વાથ થયા દેવ રે;
તિહાંથી ચવી હસ્થિણાઉરે હો લાલ,
વિશ્વસેન અચિરા તણો હો લાલ.
નંદન ગુણહ નિધાન રે; દાને૦
શાંતિ થઈ સવી ઇતિ તિહાં હો લાલ. ૮

શાંતિનામ તિણે કારણે હો લાલ, મૃગ લંછન મનોહારી રે. દા૦
એક ભવે પદવી બેહુ લહ્યા હો લાલ,
પંચમ ચક્રી સોલમા હો લાલ;
જિનવર જગે જયકાર રે, દાને૦
જ્ઞાનવિમલ ગુણથી સદા હો લાલ. ૯

શ્રી નેમનાથ સ્તવન.

(૫)

(તીર્થંકરપદ બાંધિયેા-એ દેશી)

ઇણ ભરતે અચલાપુરિ, નૃપ વિક્રમ ધન નામિરે લાલ,
સંયમ લઇ સુર થયા, સૌધર્મે શુભ કામરે લાલ;
જિનવરને કરી વંદના. એ આંકણી. ૧
વૈતાઢયે સૌરીપુરે, ચિત્ર ગતિ વિદ્યાધારિ, મેરે લાલ;
દીક્ષાગ્રહી મહેંદ્રમાં, સુર સુખ પામ્યા સાર મેરે લાલ. જિન૦ ૨

સિંહપુરે અપરાજિતે ભૂપતિ યમલા નામરે લાલ;
ઈગ્યારમાં સુર લોકમાં, સુરવર થયા ઉદાર મેરે લાલ. જિન૦ ૩
હસ્થિણારિ શંખ ભૂપતિ, સંયમ જિનપદ બાંધિ મેરે લાલ;
અપરાજિત સુરથી ચવી, સૌરીપુરે નીરાબાધ મેરે લાલ. જિન૦ ૪
સમુદ્રવિજય શિવાદેવીનો સુત, શંખ લંછન જિણંદ મેરે લાલ;
અંજન વર્ણ બાવીસમો, અરિષ્ટનેમી બાવીશમો;
જિનવર **જ્ઞાન** દિણંદ મેરે લાલ, જિનવરને કરૂવંદના. ૫

શ્રી નેમિનાથ જિન સ્તવન.

(૬)

(રાગ–આધા આમ પધારો પૂજ્ય–એ દેશી.)

નેમિ નિરંજન નાથ હમારો, અંજનવર્ણ શરીર,
પણ અજ્ઞાનતિમિરને ટાલે, જીત્યો મન્મથ વીર;
પ્રણમો પ્રેમ ધરીને પાય, પામો પરમાનંદા;
યદુકુલ ચંદા રાય માતશિવાદે નંદા. એ આંકણી. ૧
રાજિમતીશું પૂરવભવની, પ્રીત ભલી પેરે પાલી;
પાણિગ્રહણ સંકેતે આવી, તોરણથી રથ વાળી. પ્રણમો૦ ૨
અબલા સાથે નેહ ન જોડ્યો, તે પણ ધન્ય કહાણી;
એક રસે બિહુ પ્રીત થઈ તો, કીર્તિ કોડ ગવાણી. પ્રણમો૦ ૩
ચંદન પરિમલ જેમ જેમ ખીરે, ઘૃત એકરૂપ નવિ અલગાં;
એમ જે પ્રીત નિવાસે અહનિશ, તે ધનગુણ શું વિલગા. પ્ર૦ ૪
એમ એકંગી જે નર કરશે, તે ભવ સાયર તરશે;
જ્ઞાનવિમલ લીલા તે વરશે, શિવસુંદરી તસ વરશે. પ્રણમો૦ ૫

શ્રી પાર્શ્વનાથ સ્તવન.

(૭)

જંબૂદ્વીપે પોતનપુરમાં, અરવિંદ નામે રાજા રે;
તાસુ પુરોહિત વિશ્વભૂત દ્વિજ, સુત મરૂભૂતિ ગુણ તાજા રે. ૧
પાસ જિનેશ્વર પુરિસાદાણી, એ આંકણી.
શ્રાવક-ધર્મ આરાધે, અંતે કમઠિ શિલાતલે ચાપ્યેા રે,
કુંજર હેા એ સ્ત્રીતસ વરણા, કરણી મેાહે વ્યાપ્યેા રી. પાસ૦ ૨
અરવિંદ રાજઋષી દેખીને, જાતિસ્મરણ પામ્યેા રી;
કમઠ કુકડ અહિડંસ્યેા, સહસારે સુખ કામ્યેા રી. પાસ૦ ૩
મહાવિદેહ વિદ્યુતગતિ નૃપ, તિલકાવતી તસરાણી રે;
કિરણ વેગ સુત સંયમ લઇ, લહે અચ્યુત સુખખાણી રે. પાસ૦ ૪
પૂર્વ વિદેહે વિદ્યાધરવર, સંયમ મારગ સાધારે;
કમઠ જીવ સિંહે તે હણીએા, મધ્ય ગ્રેવૈયકે સુખ લાધારે. પા૦ ૫
સુવર્ણ બાહુ ચક્રી સુવિદેહે, સંયમ જિનપદ બાંધે રે;
કમઠ જીવ વ્યાધે તે હણીએા, પ્રાણુ તિ સુરસુ સમાધિ રે. પા૦ ૬
અશ્વસેન નૃપ વામા નંદન, નયરી વણારસી જેહની રે;
નીલ વરણ અહિલંછન દીપે, આણુ વહું હું તેહની રે. પાસ૦ ૭
પાસ જિનેશ્વર તેવીસમેા જિન, **જ્ઞાનવિમલ** ગુણ ભરીએા રે;
બાંહિ ગ્રહિને સેવક તારે, અપરંપર ભવદરીએા રે. પાસ૦ ૮

શ્રી પાર્શ્વજિન સ્તવન.

(૮)

(રાગ-ત્રિભુવન તારણ તીરથ પાસ ચિંતામણી રે કે-એ દેશી.)

પુરિસાદાણી પાસ કે આસ સફળ કરો કે આસ૦,
દાસતણી અરદાસ સદા દિલમેં ધરો રે કે સદા૦;

બપઈયો જેમ જલધર વિણું જાચે નહીં રે કે વિણું૰,
તેમ તુમ વિણ હું ઓર ન જાચું એ સહિરે કે જાયું૰ ૧
તુમ ઉપર એક તારી કરીને હું રહ્યો રે કે કરીને૰,
સાહબ તુમ મુજ એક મેં અવર ન સંગ્રહ્યો રે કે અવર૰;
સેવાની પણ ચૂક કદા પડતી નથી રે કે કદા૰,
ઋદ્ધિ અનંત ખજાને ખોટ પણ કો નથી રે કે ખોટ૰ ૨
ભવિતવ્યતા પણ ભવ્ય અછે પ્રભુ માહરી રે કે અછે૰,
તે જાણ્યું નિરધાર કૃપા લહી તાહરી રે કે કૃપા લહી૰;
ભવસ્થિતિનો પરિપાક વિલંબ વિચે કરે રે કે વિલંબ૰,
સંઘયણાદિક દોષ તણો અંતર ધરે રે કે તણો૰ ૩
પણ તે નાવે કામ એ વાત નિવાત છે રે કે વાત૰,
સેવક કેમ હોયે દૂર જે ખાના જાતિ છે રે કે ખાના૰;
ભોલવિયા નવિ જાય કે જે તુમ શિખવ્યા રે કે જે૰,
પહેલા હેજ દેખાડી જેહને હેલવ્યા રે કે જેહને૰ ૪
તે અલગા કેમ જાય નજર ધરો નેહની રે કે નજર૰,
વંછિત આપી આસ સફળ કરો તેહની રે કે સફળ૰;
જ્ઞાનવિમલ પ્રભુ ચરણસેવા નિતુ દીજીએ રે કે સેવા૰,
સહજે ઉદય બહુમાન અધિક હવે કીજીએ રે કે અધિક૰ ૫

શ્રી મહાવીર જિન સ્તવન.

(૯)

(રાગ—આદર જીવ! ક્ષમા ગુણ આદર-એ દેશી)

વર્દ્ધમાન જિનવરને ધ્યાને, વર્દ્ધમાન સમ થાવે જી;
વર્દ્ધમાન વિદ્યા સુપસાયે, વર્દ્ધમાન સુખ પાવે જી. વર્દ્ધમાન૰ ૧

તું ગતિ મતિ છતિ થિતિ છે માહરો, જીવન પ્રાણ આધાર જી;
જયવંતુ જગમાં જસ શાસન, કરતું બહુ ઉપગાર જી. વર્દ્ધમાન૦ ૨

જે અજ્ઞાની તુમ મત સરિખો, પરમતને કરી જાણે જી;
કહો કોણ અમૃતને વિષ સરીખું, મંદમતિ વિષ જાણે જી.
વર્દ્ધમાન૦ ૩

જે તુમ આગમ સરસ સુધારસે, સીંચ્યો શીતલ થાય જી;
તાસ જન્મ સુકૃતારથ જાણો, સુર નર તસ ગુણ ગાય જી.
વર્દ્ધમાન૦ ૪

સાહિબ તુમ પદ પંકજ સેવા, નિતુ નિતુ એહજ કયાચું જી;
શ્રી જ્ઞાનવિમલસૂરીશ્વર ભાખે, પ્રભુને ધ્યાને માચું જી.
વર્દ્ધમાન૦ ૫.

શ્રી મહાવીર જિન સ્તવન.

(૧૦)

(હમચડીની દેશી)

જંબૂદ્વીપે અપરવિ દેહે, ગ્રામાધિપ નયરસાર;
શ્રાવક ધર્મ આરાધિ સોહમે, એકપલ્ય સુર સારરે. હમચડી૦ ૧

નામ મરીચિ ભરત તણો સુત, મુનિ થઈ થયો ત્રિદંડી;
લખ ચોરાશીપૂર્વ આયુષો, બંભલોકે સુર માંડીરે. હમચડી૦ ૨

એંશીલાખ પૂરનું જીવી, કૌશિક દ્વિજ સુત થયો દેવી,
સૌધમે સુર પુષ્પમિત્ર દ્વિજ, બહોત્તરી પૂર્વલખ જીવીરે.
હમચડી૦ ૩

સૌધર્મે સુર અગ્નિદ્યોત દ્વિજ, ચોસઠ લખ પૂર્વ આય;
ઈશાને અગ્નિ ભૂત દ્વિજ લિંગિં, છપન્નપૂર્વ લખ આય રે.
હમચડી૦ ૪

સનત કુમારે ભારદ્વાજ, ચુમાલીસ લખ પૂર્વ લખ આય;
માહેન્દ્રે સુર તિહાંથી બહુભવ, અંતે ત્રીદંડી થાયરે. હમ૦ ૫

રાજ ગ્રહે વિશ્વભૂતિ નૃપતિ થઈ, વર્ષ કોટિનું આય;
વર્ષ સહસ ચારિત્ર નિયાણું કરી, મહાશુકે થાયરે. હમ૦ ૬

ત્રિપૃષ્ઠ નામ હરિ પોતન પુરિમા, ચુલશ વર્ષ લાખ આય;
સાતમી નરકે સીંહચતુ નરકે, ભવભ્રમહિ બહુ થાય. હમ૦ ૭

મહાવિદેહે પ્રીયમિત્ર ચક્રી, કોટિ વર્ષ તપ કરતો;
શુકે સુરવર તિહાંથી ભરતે, છત્રાપુરી અવતરતો. હમ૦ ૮

ચંદન નામે લાખ વરસનો, પાલી સંયમ ભાર;
લાખ ઈગ્યાર અસી સહસમાં, સહસણું, છ સય પણુયાલ
સંસાર રે. હમ૦ ૯

માસખમણથી સ્થાનક સાધે, બાંધિ જિનપદ કર્મ;
પ્રાણિતસુર તિહાંથી કુંડનપુર, ગર્ભે બહુ સંક્રમે રે. હમ૦ ૧૦

ક્ષત્રિય કુંડ પુરિ સિદ્ધારથ, નૃપ ત્રિશલા માય;
હરિલંછન કંચનવનિકાય, ઈમિસગવીસભવ થાય રે. હમ૦ ૧૧

વર્ધમાન મહાવીર શ્રમણુએ, નામ ત્રિણે સુખદાઈ;
જ્ઞાનવિમલથી જસ શાસન મહિમા, અવિચલ ઉદય સવાઈરે.
હમચડી૦ ૧૨.

(૧૧)

વૈરાગ્ય-પદ

વાલમીયારે વિરથા જનમ ગમાયા,
પર સંગત કર દર વિસિ ભટકા, પરસે પ્રેમ લગાયા,
પરસેં જાયા પરરંગ ભાયા, પરકું ભોગ લગાયા૦ ૧
—વિરથા જનમ ગમાયા.
માટી ખાના માટી પીના માટીમેં રમ જાના,
માટી ચીવર માટી ભૂષણ માટી રંગસો ભીના૦ ૨
—વિરથા જનમ ગમાયા.
પરદેશીસે નાતરા કીના, માયામેં લપટાના;
નિધિ સંયમ જ્ઞાનાનન્દ અનુભવ, ગુરુ વિન નહી તરાના રે૦ ૩
વાલમિયા વિરથા જનમ ગમાયા.

તીર્થયાત્રા સ્તવન પ્રશસ્તિ.

(૧૨)

રચના સં ૧૭૫૫

અનુક્રમે ધરા ભણી ચાલતાં સુણિ સુંદરિ,
વાંદ્યા તીર્થ વિવેક સાહેલડી.
મહિસાણે રાજનગર પ્રમુખે સુણ સુંદરિ,
શ્રી જિનકેરાં ઠામ સાહેલડી.
પ્રણમિ પ્રેમઈ પોહતલાં સુણ સુંદરિ,
સુરત બંદર નામ સાહેલડી૦ ૭૭
વિધિસ્યું છ'રી પાલતાં સુણ સુંદરિ,
ષટ્ માસે કરી યાંત્ર સાહેલડી.

જ્ઞાનવિમલસૂરિ સાથસ્યું સુણ સુંદરિ,
વંદી સફલ કરે ગાત્ર સાહેલડી૦ ૭૮
સાત ખેત્રઈ વિત્ત વાવતાં સુણ સુંદરિ,
ઉચિત પ્રમુખ કરે ગાત્ર દાન સાહેલડી.
શાસન શોભા દાખવી સુણ સુંદરિ,
નિજ વચનનું રાખ્યું માન સાહેલડી૦ ૭૯
ઠામિ ઠામિ પૂરી ભાવના સુણ સુંદરિ,
પૂજા સત્તર પ્રકાર સાહેલડી.
દેવદ્રવ્ય વૃદ્ધિ દાખતા સુણ સુંદરિ,
સફલ કર્યો અવતાર સાહેલડી૦ ૮૦
સંવત **૧૭-સત્તર પંચાવને ૫૫** સુણ સુંદરિ,
સફલ મનોરથ સિદ્ધ સાહેલડી.
જ્યેષ્ઠ શુકલ દશમી દિને સુણ સુંદરિ,
એ તીરથ રચના કીધ સાહેલડી૦ ૮૧

શ્રી અશોક રોહિણી-રાસ.

(૧૩)

(રચના સં૦ ૧૭૭૪ સુરત.)

આદિ—

જીમ અંજન નિર્મળ થકી, વાધે નયણે તેજ;
તિમ મતિ દીપે દેખી ઇ, સકલ વસ્તુ ગુરુ હેજ. ૫
ગુણ મણિ રોહિણ રોહણા, ચલ ભૂમિકા સમાન;
રોહિણી નામે જે થઈ, તાસ પ્રબન્ધ કહું આન. ૬
સુણતાં શ્રવણે સુખ હોઈ, ભણતાં નાવે શોક;
આપન હિતને કારણે, સદા કાલ બિહું લોક૦ ૭
ધર્મ ધર્મ ભાખે સહુ, પણ પરમાર્થ ધર્મ;
આતમભાવિ આચરણ કરે, દૂર કરઈ સવિ કર્મ૦ ૮

અન્તે—

હવે શ્રી **આનંદવિમલસૂરિ** તણા,
વડસીસ જેરે ધરમસિંહ અણુગાર રે.
વયરાગી ગીતારથ ગુરુ ગુણ રાગીઆરે, સંવેગી સિણગાર રે. ૬
—ધન ધન સુવિહિત તપગચ્છ સાધુ પરંપરા રે,
તસ સીસ ગણિ **જયવિમલ** નામે ભલારે,
કીર્તિવિમલ કવિ શિસરે.
શ્રીનયવિમલ કવિ તેહના સીસ સોભાગીઆરે,
શ્રીધીર વિમલ વિશેષ રે. ૭
ધન ધન.....
સીસ તેહનો **નયવિમલ** નામે કવિરે, વિનયી વહે ગુરૂ આણરે.
ઊપ સંપદથી તેણે આચારી જ પદ લીધું રે,
લહી શ્રી વિજય પ્રભસૂરિ આણે રે. ૮
ધન ધન.....
નામ લહ્યું તેણે **જ્ઞાનવિમલસૂરિ** ઇસ્યું રે,
તેણે એ રચિયો રાસ રે,
ઢાલ બંધ એ ભવિ જણને ભણવા ભણી રે,
જેહથી હોઇ બુદ્ધિ પ્રકાશ રે. (૯) ધન ધન...
૪ ૭ ૭ ૧
સંવત યુગ–મુનિ–મુનિ–વિધુ વર્ષ નામથી રે,
સૂરતિ બંદર પાસ રે,
સૈયદપુરામાં તિલકને સરિખું રે, તિહાં રહી ચોમાસ રે. ૧૦
ધન ધન.....
વિમલ શાન્તિ જિન ચરણ સેવા સુપસાયથી રે,
સંપૂરણ એ કીધરે,
માગસર સુદિ જ્ઞાન પંચમી દીન સોહામણો રે, મનહ
મનોરથ સિદ્ધરે. ૧૧. ધન ધન.....

(૨૩)

શ્રી કેશરવિમલ

(ચોવીસી રચના-સં. ૧૭૫૦-માંગરોળ.)

શ્રી તપગચ્છમાં શ્રી શાંતિવિમળના શિષ્ય આ મુનિ થઇ ગયા છે. તેમની ચોવીસી ભાવવાહી ને સુંદર છે. તેઓશ્રીની બીજી ગ્રંથ-રચનામાં બે ગુજરાતી કૃતિઓ જણાય છે. તેમાં સૂકિતમાલાના પદો મોંદે કરવા લાયક છે. આ સાથે તેમનાં પાંચ સ્તવનો તથા સૂકિતમાલાના બે શ્લોકો આપવામાં આવ્યા છે.

૧ ચોવીસી સંવત ૧૭૫૦ ૨ સૂકિતમાલા સંવત ૧૭૫૪
૩ વંકચૂલરાસ ,, ૧૭૫૬

શ્રી ઋષભજિન સ્તવન.

(૧)

(લાડીલેા લાખેણી લાડી વંખાણેા આયેા-એ દેશી.)

સહીયાં **ઋષભજીણું દશું** મન લાગ્યું,
ચેાલ તણી પરે રંગ લાગે હે.
મેારૂં મન રાતું એ પ્રભુ રાગે, જેહવું હીર કીરમજી રાગે હે;
રાત દિવસ જે પ્રભુ મુખ આગે, મીન જ્યું રમે નીર અથાગે હે.
૧ સહીયાં૦

મેાહે મેારા ચંદ ચકેારા, જીમ કેાયલ વલી સહકારા હે;
તિમ પ્રગટે બહુનેહા મેરા, એહ મૂરતિ શું અધિ કેરાહે.
૨ સહીયાં૦

શોભા દેખી પ્રભુ મુખ કેરી, આંખલડી ઉલ્લસે અધિ કેરી હે;
જાણું જે કીજે સેવા ભલેરી, ટાળે દૂર ભવની ફેરી હે.
૩ સહીયાં૦

મોહનમૂરતિ મોહનગારી, એ સમ નહી જગ ઉપગારી હે;
એ હીજ સાચી કામણુગારી, જિણે વશ કરી મુગતિ ઠગારી હે.
૪ સહીયાં૦

જીમ જીમ દેખું મન નિહારી, તિમ મુજ મન લાગે પ્યારી હે;
એહ મૂરતિ દેખો મનોહારી, હરીસણુની જાઉં બલિહારી હે.
૫ સહીયાં૦

નાભિ નરેસર કુલ અવતારી, મરૂદેવી માતા જેણે તારી હે;
સુનંદા સુમંગલા વરી જેણે મારી, યુગલા ધર્મ નિવારી હે.
૬ સહીયાં૦

રાજ્યની રીતિ જેણે વિસ્તારી, નિરમલ વર કેવલ ધારી હે;
શેત્રુંજાગિરિવર પ્રભુ પાઉ ધારી, મહિમા અનંત વધારી હે.
૭ સહીયાં૦

રૂષભ જીનેસર મૂરતિ સારી, શેત્રુંજા ગિરિવર શોભાકારી હે;
કેસરવિમલ કહે જે નર-નારી, પ્રણમે તે જગ જયકારી હે.
૮ સહીયાં૦

શ્રી શાંતિનાથ સ્તવન.

(૨)

(દીઠી હો પ્રભુ દીઠી જગ ગુરૂ તુજ-એ દેશી,)

સાંભલ હો પ્રભુ સાંભલ શાંતિ જિણુંદ,
વિનતિ હો પ્રભુ વિનતિ મ્હારા મનતણીજી;

પૂરણ હો પ્રભુ પૂરણ મનની આશ,
પામ્યો હો પ્રભુ પામ્યો મેં તું સુરમણિજી. ૧

તુજ શું હો પ્રભુ તુજ શું લાગ્યું મન્ન,
નેહી હો પ્રભુ નેહી મેહા મોર જયું જી;
લોચન હો પ્રભુ લોચન તુજ મુખ દેખી,
હરખે હો પ્રભુ હરખે ચંદ ચકોર જયું જી. ૨

તુજશું હો પ્રભુ તુજશું સાચો પ્રેમ,
પંકજ હો પ્રભુ પંકજ રવિ જયું ઉલ્લસ્યોજી;
તું પણ હો પ્રભુ તું પણ સુપસન્ન થાય,
સુખકર હો પ્રભુ સુખકર જો મુજ મન વસ્યોજી. ૩

કીજે હો પ્રભુ કીજે મુજશું હેત,
સાચી હો પ્રભુ સાચી પ્રીત મનમાં ધરીજી;
સેવા હો પ્રભુ સેવા તો પરમાણુ,
જાણું હો પ્રભુ જાણું તેં જાણી ખરીજી. ૪

હે જે હો પ્રભુ હે જે હૈયે, ધરી આપ,
દીજે હો પ્રભુ દીજે વાંછિત સુખ ઘણાંજી;
દરસણ હો પ્રભુ દરસણ દેઈ દેવ,
પૂરો હો પ્રભુ પૂરો મનોરથ મન તણોજી. ૫

અચિરા હો પ્રભુ અચિરાનંદન દેવ,
જાણી હો પ્રભુ જાણી વિનતિ જગધણીજી;
કેસર હો પ્રભુ કેસર કહે જિનરાય,
દીજે હો પ્રભુ દીજે દરીસણ મુજ ભણીજી ૬

શ્રી નેમિનાથ સ્તવન.

(૩)

(વર્ધમાન જિનવર વરદાયી–એ દેશી)

સાંભલ સ્વામી ચિત્ત સુખકારી, નરભવ કેરી હું તુજ નારી;
પ્રીતિ વિસારી કાં પ્રભુ મોરી, કયું રથ ફેરી જાએ છોરી. ૧
તોરણ આવી શું મન જાણી, પરિહરી માહરી પ્રીતિ પુરાણી;
કિમ વન સાધે વ્રત લીયે આધે, વિણ અપરાધે રયે પ્રતિબંધે. ૨
પ્રીતિ કરી જે કિમ તોડી જે, જેણે જસ લીજે તે પ્રભુ કીજે;
જાણ સુજાણજ તે જાણીજે, વાત જે કીજે તે નિવહી જે. ૩
ઉત્તમ હી જે આદરી છંડે, મેરૂ મહીધર તો કિમ મંડે;
જે તુમ સરીખા સયણજ ચૂકે, તો કિમ જલધર ધારા મૂકે. ૪
નિગુણા ભૂલે તે તો ત્યાગે, ગુણ વિણ નિવહી પ્રીતિ ન જાયે;
પણ સુગુણા જે ભૂલી જાયે, તો જગમાં કુણને કહેવાયે. ૫
એક પખી પણ પ્રીતિ નિવાહે, ધનધન તે અવતાર આરાહે;
ઇમ કહી **નેમશું** મલી એકતારે, રાજુલ નારી જઇ ગિરનારેરે. ૬
પૂરણ મનમાં ભાવ ધરેઇ, સંયમી હોઈ શિવસુખ લેઇ;
નેમશું મલીયાં રંગે રલીયાં, **કેસર** જંપે વંછિત ફલીયાં. ૭

શ્રી પાર્શ્વનાથ સ્તવન.

(૪)

(નમો રે નમો શ્રી શેત્રુંજા ગિરિવર—એ દેશી)

સુણ સાહેબ પ્રભુ **પાસ** જિનેસર, નેહ નજરથી નિહાલ રે;
તુજ સાનિધ્યથી હેલાં લહીયે, દિનદિન મંગલ માલ રે. સુણ૦ ૧

કારણ મહીયલે શિવસુખ કેરો, એક તું હીજ જિનરાજ રે;
જયું વ્યવહાર સદા જગજનનો, વરતાવણ દિનરાજ રે. સુણ૦ ૨
મોહ વશે તુમ છંડી જે જન, અવર સુદેવકરી જાણે રે;
સજલ સરોવર છંડી તે મન, મૃગજલશું સુખ માણે રે. સુણ૦ ૩
દર્શન ભેદે તું બહુ રૂપી, પરમારથ એક રૂપ રે;
સ્ફટિક મણિ જયું વરણ ઉપાધે, આભાસે બહુ રૂપ રે. સુણ૦ ૪
ભવ દુઃખ ભંજન તું જગરંજન, તુંહી નિરંજનદેવ રે;
કહે કેસર પ્રભુ પાસ જિનેસર, દીજે તુમ પદ સેવ રે. સુણ૦ ૫

શ્રી મહાવીર જિન સ્તવન.

(સાંભળજો મુનિ સંજમ રાગે, ઉપશમશ્રેણે ચડીયા રે—એ દેશી)

વીર જીનેસર સુણમુજ સ્વામી, વિનવીયે શિરનામી રે;
તું પ્રભુ પૂરણ મનહિત કામી, તું મુજ અંતરજામી રે.
વીરજીનેસર સુણ મુજ સ્વામી૦ ૧

એક જ તું શિર સાહિબ કીજે, તુમ સમ કોણ કહીજે રે;
ભગતિ કરતાં જો તું રીઝે, તો મનવાંછિત સીઝે રે.
વીર જીનેસર૦ ૨

તુજ હિતથી સુખસંપદ આવે, દારિદ્ર દૂર ગમાવે રે;
જગબંધવ જીન તુંહી કહાવે, સુરનર તુજગુણ ગાવે રે.
વીર જીનેસર૦ ૩

તું પ્રભુ પ્રીતિ ન હેત જણાવે, પણ સેવક સુખ પાવે રે;
ગિરૂઆ સેવા ફલ નવિ જાવે, સેવી જે ઈણભાવે રે.
વીર જીનેસર૦ ૪

ત્રિશલા નંદન વીર જીનેસર, વિનતડી અવધારીરે;
કેસર જંપે દરિસણ દીજે, દુરગતિ દૂર નિવારી રે.
વીર જીનેસર સુણ મુજ સ્વામી૦ ૫

કલશ

(૫)

(આજ માહરે આંગણે કાંઇ, જાણું સૂરતરૂ ફલીઓ રી—એ દેશી)

(રાગ-ધનાશ્રી)

સેવોને રે ભવિ સેવોને, ચોવીસે જીનરાયા બે;
ભવ ભયવારક શિવસુખ દાયક, ત્રિભુવન માંહિ સુહાયા બે.
સેવોને રે ભવિ સેવોને૦ ૧
પૂરવ પુણ્ય લહી અવતરીયા, ચૌદ સુપન કહી જાયા બે;
ચોસઠ ઇંદ્ર મિલી બહુ ભગતે, મેરૂ શિખર નવરાયા બે.
સેવોને રે૦ ૨
અનુક્રમે પૂરવ પુણ્ય વશે કરી, રાજલીલા વરનારી બે;
ભોગ ભોગવી વરદાને વરસી વ્રત લીલા અવધારી બે.
સેવોને રે૦ ૩
તપ કરી ઘન ઘાતિ મલ ટાળી, ઉજ્જવલ કેવલ પાયા બે;
સમ વસરણે બેઠા પ્રભુ શોભે, ચોવીસે જીનરાયા બે.
સેવોને રે૦ ૪
ચોત્રીશ અતિશય જે પ્રભુ રાજે, પાંત્રીસ વચન વિરાજે બે;
મધુર ધ્વનિ પ્રભુ દેશના ગાજે, પ્રભુતા અધિકી છાજે બે.
સેવોને રે૦ ૫

પૂજે પ્રણમે જે પ્રભુ સમરે, ધ્યાવે ધ્યાવે જુગતે એ;
દુઃખ દોહગ તસ દૂર પણાસે, જો સેવે જીન ભગતે એ.
સેવોને રે૦ ૬

ઇણિ પરે ચોવીસે જીન ગાયા, ભાવ ભગતિ પરસંગે એ;
સતર પચાસે રહી ચોમાસે, **માંગરોલ** મનરંગ એ.
સેવોને રે૦ ૭

તપગચ્છ સિંધુ સુધાકર સરીસા, **શ્રી વિજયપ્રભસૂરિંદા** એ;
તસપટ્ટ ગયણ પ્રભાકર ઊદયા, **શ્રી વિજયરત્નમુણિંદા** એ.
સેવોને રે૦ ૮

તેહતણે રાજે પંડિત વર, **શાંતિવિમલ ગુરૂરાયા** એ;
તસ બાંધવ બુધ **કનકવિમલગુરૂ**, સુરગુરૂ બુદ્ધિસવાયા એ.
સેવોને રે૦ ૯

તાસચરણ પંકજ સુપસાયે, **કેસરવિમલ** ગુણ ગાયે એ;
ભણે ગુણે જે જીનવરનાં ગુણ, જન્મ સફલ તસ થાયે એ.
સેવોને રે ભવિ સેવોને૦ ૧૦

—o—

ઇમ વિશ્વનાયક જુગતિદાયક, થુણ્યા ચોવીસ જીનવરા,
જીનરૂપ રતિવર સયલયતિવર, શ્રી **વિજયરત્નસૂરિશ્વરા;**
તસ તણે રાજે કવિ વિરાજે, **શાંતિવિમલ બુધ સિંધુરા,**
તાસ સીસ **કેસરવિમલ** કહે જીના, **સર્વ** સંઘ મંગલકરા.

સૂક્તિમાલાના **૩૭ છંદો**માંના બે છંદો.

(૧) સકલ કર્મ વારી, મોક્ષ કર્માધિકારી,

ત્રિભુવન ઉપકારી, કેવલજ્ઞાન ધારી;
ભવિજન નિત સેવે, દેવ તે ભક્તિ ભાવે,
ઈહજ જીન ભજંતાં, સર્વ સંપત્તિ આવે.

(૩૭) ભવ વિષય તણાં જે, ચંચલા સૌખ્ય જાણી,
પ્રિયતમ પ્રિય યોગા, ભંગુરા ચિત્ત આણી;
કરમ દલ ખપેઈ, કેવલજ્ઞાન લેઇ,
ધન ધન નર તેઇ, મોક્ષ સાધે જી કોઈ.

(૨૪)

શ્રી માણિક્યવિજયજી.

ચોવીસી-૧૭૫૦-આસપાસ.

વાચક શ્રી શાંતિવિજયજી શિષ્ય શ્રી ખિમાવિજયજીના શિષ્ય શ્રી માણિક્યવિજયજી થયા. તેમનો જન્મ સમય વગેરે મલતો નથી.

તેઓશ્રીની બે કૃતિઓ જાણવામાં આવી છે. આ સાથે તેમનાં પાંચ સ્તવનો સુંદર રાગોમાં રચાયેલા આપ્યાં છે.

૧ શ્રી નેમરાજુલ બારમાસા. સં. ૧૭૪૨ વૈશાખ સુદ ૩ રવિવાર.
૨ પર્યુંષણપર્વ વ્યાખ્યાનની સજ્ઝાય. ૩ ચોવીસી.

શ્રી ઋષભદેવ સ્તવન.

(૧)

(માનતિ કાગલ મોકલે એ—દેશી.)

પ્રથમ જિણેસર પ્રાહુણા, જગ વાલ્હા વારૂ;
આવો અમહિઅ ગેહરે, જ૦,
ભકતિ કરૂં ભલી ભાતસ્યું જગ૦
સાહિબજી સસનેહ રે. જગવાલહા વારૂ.
મોહિ રહ્યો મનડો દેખવા હો રાજિ. (આંકણી) ॥ ૧ ॥
આંખજીઆં અલજ્યે ઘણો જ૦, દેખણ તુમ દીદાર રે. જ૦;
ઘડીય ઘડી નિતસાંભરો જ૦, સાસમાં સો વાર. જ૦ મો૦ ॥ ૨ ॥
મૂરત મોહન વેલડી, જ૦, સોહે અધિક સનૂર રે. જ૦;

ભવિજન વંછિત પૂરવા જ૦; કલ્પતરૂ અંકુર રે જ૦ મો૦ ॥ ૩ ॥
ટેક ધરી એક તારસુ જ૦, કરતા તુમસ્યું પ્રીત રે જ૦;
નિરમલ હોવેં આતમા જ૦, લહિઇંસું યશ સુરી તરે જ૦ મો૦ ॥૪॥
પરમ પુરૂષ પરમેસરૂ જ૦, જગ બંધુ જગનાથ રે જ૦;
કહે **માણિક્ય** કરજોડીને જ૦, જયજય જિનવર સાથ રે જ૦
મો૦ ॥ ૫ ॥

શ્રી શાંતિનાથ સ્તવન.

(૨)

(કાંમલી મેહલે। ને કાન જી રે—એ દેશી.)

શાંતિ જિણેસર સેવતાં રે રાજિ, ઘરમાં હુઈ શુભ શાંતિ;
ભાતભ આરાધતા રે, અશિવ તણી ઉપશાંતિકે.
સહિજ સલૂણા સાંત જીરે. રાજિ૦ ૧ (આંકણી)
ગજ પુર નયર નરેસરૂરે, અચિરા માત મલારકે;
વિસ્વસેન નૃપ કુલ તિલેારે, વિસ્વર મા ભરતાર કે. સહિ૦ ૨
નયણ કમલ દલ સારિખાં રે, કેશર વરણી કાયકે;
મુખ મટકે મન મેાહિઉંરે, સુરત અજબ સોહાયકે. સહિ૦ ૩
મસ્તક મુગટ સોહામણેા રે, કાંને કુંડલ સારકે;
કર કડલી રતને જડી રે, ગલે મુગતાફલ હાર કે. સહિ૦ ૪
જિનવર ચક્રી સંપદારે, ભેાગવિનેં ભગવંત કે;
મુગતિ મેાહલ પધારીયા રે, **માણિક્યમુનિ** પ્રણમંત કે. સહ૦ ૫

શ્રી નેમિનાથ સ્તવન.

(૩)

(બાદરિયાની બેટી કાગલ મોકલિ જો—એ દેશી.)

સોરિપુર નગર સોહામણો જો, તિહાં સમુદ્રવિજય નૃપ સાર જો;
શિવા દેવિ રાણી તેહને જો, રૂડી રંભ તણિં અણુ હાર જો.
નેમ નગીનો મુઝ નિવાલ હો જો. (આંકણી) ૧
તાસ કુખે કમલા હંસલો જો, અવતિરિઆ નેમિકુમાર જો;
બ્રહ્મચારિ સિર સેહરો જો, તસવંતમાં સિરદાર જો. નેમ૦ ૨
કેલ કરતાં કૃષ્ણગોપીકાં જો, કમુલાવ્યો પ્રભુ ઘર ભારજો;
ઉગ્રસેન રાય બેટડિ જો, કીયો તેહસ્યું લગન વિચાર જો. નેમ૦ ૩
જાન લઇ સબલઇં સાજસ્યું જો, પ્રભુ આવ્યો તોરણ બારજો;
પશુઅ પોકાર સુણી ચાલિયા જો, લીધો સંજમ ભાર જો. નેમ૦ ૪
રાજુલ રાણી પૂંઠે સંચરી જો, જઈ પોહતિ ગઢ ગિરનારિ જો;
મુગતિ મહોલમાં મોકલ્યાંજો, પ્રભુ **માણિક** મોહનગારજો. નેમ૦ ૫

શ્રી પાર્શ્વનાથ સ્તવન.

(૪)

(મુહતો તે મુધા સહિરનો રે—એ દેશી.)

પુરીસા દાણી **પાસજી**, પ્રભુ પાયનમું નિત મેવો રે;
પરતખ્ખ પરતા પુરવે, સુરનાયક સારે સેવરે. પુરીસા દા૦ ૧
પુરવ પુન્ય પસાઉલે, તુમ દુરલભ દરિસણ દીહું રે;
હિયડા કુપલ ઉલસ્યાં, મુઝ લોચન અમીય પઇહું રે. પુરી૦ ૨

રોગ સોગ ચિંતા સહુ, દુઃખ દારિદ્ર સંકટ નીહું રે;
ઈત ઊપદ્રવ આપદા, ગયું અશુભ કરમ અતિ ધીહું રે. પુ૦ ૩
અમૃતપાન થકી ભલું, પ્રભુ દરીસણ લાગે મીહું રે;
પુણ્ય દસા પ્રગટી હવે, કયું પાતિક ચૂરી પીહું રે. પુ૦ ૪
વંછિત કમલા મઇ વરી, એ તો પામી મંગલ માલ રે;
સંખેસર પ્રભુ ભેટતાં, મણિ **માણિક** રંગ રસાલો રે. પુ૦ ૫

શ્રી વીર જિન સ્તવન.

(૫)

(ગોરી માહરી પાણીડો જાએ પાલીખેતરાણો ઉતર્યા—એ દેશી.)

પ્રભુ માહરા પર્મકૃપાલ, મહિર કરી મુઝરો લીએ;
સમરથ દિન દયાલ, અરજ સુણી દરિસણ દિએ. ૧
રાય સિદ્ધારથ નંદ, મુખ દેખી આણંદાઈ;
ચરણ કમલ સુખ કંદ, પેખી પાપ નિકંદઇ. ૨
કેશરિ લંછન જાસ, કેસર વરણો વિરાજ તો;
મંગલ લછિ નિવાસ, સેવક નિરે નિવાજ તો. ૩
ત્રિશલાસુત વડવીર, ધીર ગુણે સુરગિરિ જિસ્યો;
જલનિધિજિમ ગંભિર, મુનિજનનિ મનમેં વસ્યો. ૪
સંપ્રતિ શાસન ઈસ, **ચરમ જિનેસર** વાદિઇ;
શ્રી **ખીમાવિજય** બુધ સિસ, કહે **માણિક** ચિત નંદિઇ. ૫

(૨૫)

શ્રી સૌભાગ્યવિજયજી.

*

(ચોવીસી રચના–૧૭૫૦ આસપાસ.)

શ્રી સૌભાગ્યવિજયજીની ગુરૂપરંપરા જાણવામાં નથી. તેઓશ્રીની બીજી સાહિત્ય-રચના પણ જણાતી નથી. તેઓશ્રીની ચોવીસી રચના સારી છે. આ સાથે તેમનાં પાંચ સ્તવનો લીધાં છેઃ—

શ્રી ઋષભજિન સ્તવન.

(૧)

ઋષભાજન ગજપુર પધાર્યા, સુર કરઈં મહોચ્છવ સાર રે;
દેવદુંદુહિ નાદ વાજઈં, હોઈં જય જયકાર રે. ઋષભ૦
લેઈ સંજમ પુહવી વિચરઈ, ગામ નગર પુર ઠામરે,
કેઈ હય–ગય–રયણ સુખાસણ, આપઈ કન્યા અભિરામરે.
૧ ઋષભ૦

કતક રયણ ભરી થાલ દિઈં, નહીં તેહનું કામ રે;
બાહુબલ પુત્ર સોમયશા સુત, શ્રેયાંસરાય તસ નામ રે.
૨ ઋષભ૦

જાતિ–સ્મરણ દાન જાણું, પધારવઈં જિન નિજ ધામ રે;
સેલડી રસ સુધ વિહરાવઈં, પારણું પ્રથમ હુઉં સામિ રે.
૩ ઋષભ૦

સાઢી બાર કોડિ રયણ વુઠી, પંચ દિવ્ય દુંદુહિ નાદ રે;
અહો દાન જ મહોદાન જ, સુર કહઈં સર લઈં સાદ રે.
૪ ઋષભ૦

જિનરાય સમ નહી પાત્ર જ, શ્રેયાંસ પ્રથમ દાતાર રે,
સૌભાગ્યવિજય પ્રભુ વંછિત દાઈ, તારિઉં પ્રભુ તારિ રે.
૫ ઋષભ૦

શ્રી શાંતિજિન સ્તવન.

(૨)

(પ્યારો રી સાંઇકો હરિસણ પ્યારો, અજબ અનોપમ સુંદર સૂરતિ મૂરતિ મનડું મોહ્યરી સાંઇકો આંકણી.)

વિશ્વસેન નૃપ અચિરા રાણી, કૂખિ જબ અવતરિઓ;
મારિ મરગી રોગ સોગ નાઠા, શાન્ત ખેમ ત્રિભુવન વરીઓ રી.
૧ સાંઇકો૦

તિણથી **શાન્તિકુમાર** નામ ઠંવીઓ,
યશ કીરતિ મહિમા વિસ્તરીઓ;
ષટ્‌ખંડ પ્રભુતાનો પ્રભુત્યાગી, સુર-અસુરનું વીનવીઓ રી.
૨ સાંઇકો૦

કેસર-ચંદન ભરી કટોરી, પૂજત ભવિજન લોગા;
રયણ જડિત આંગિ અનોપમ, કરઇ ગર ભોગી રી.
૩ સાંઇકો૦

તુજ પદ કમલ મુજ મન મધુકર, રમલિ કરઇં નિસદીસ;
ગરિબ નિવાજ દોલતિ દિઓ,
અપણિ કામિત પૂરણ તું જગદીસો રી.
૪ સાંઇકો૦

જગદાણંદણ તું પરમેસર અચિન્ત્ય ચિન્તામણિ મિલીઓ;
સૌભાગ્યવિજયપ્રભુ શાંતિજિન સેવા સકલ મનોરથ ફલીઓ રી.
૫ સાંઇકો૦

શ્રી નેમિજિન સ્તવન.

(૩)

(રાગ-નટ નારાયણ)

તમ્હ રહો રહો પિયુડા મ જાઓ નાસી,
ઈણી વાતિં કછુ મા મન રહિગી, લોક કરઈંગો હાંસી રી.
તમ્હ. આંકણી
તોરણ આએ બહુત દવાજઈં, સબ જન હર્ષ ઉલ્હસીરી;
પશુ પોકાર ચિત્તમાહિં અવધારી બહુત હુઉઈ ઉદાસી.
૧ તમ્હ૦
યાદવકુલ વિભૂષણ તુમહો, અસિ કાહેવિ માસી હું;
અનિઠ મુગતિ ભયી પ્યારી છોરી ચલો વનવાસીરી.
૨ તમ્હ૦
જો કોઈ પ્રિયકું પીછો બોહરઈં, તે હું હોઉં દાસી;
સોહગ કે પ્રભુ નેમિ-રાજીમતી, શિવપુર લીલ-વિલાસીરી.
૩ તમ્હ૦

(રાગ-માલિની)

જીવન યાદવપતિ મેરા જીઉ વસઈં, મિલનકું અધિક ઉમાહારે;
લાખ વધામણિ તાસ દિઉં, મનાઈ લાવઈં મેરા નાહારે.
જીવન૦ આંકણી
નીલ કમલ દલ જલધર સામલ, મોહન મન દીપાવઈં રે.
સબ યદુ પતિકું ગયલ ચલાઈ, હમ ધરિ પરિણુન આવઈ રે.
૨ જીવન૦
કોકિલ વદતિ મનોહર, જલધર મોર કિંગાવઈંરી;

સારદ ચન્દન વસન્ત મિલે અબ હમ મદન જગાવઇં રે.

૩ જીવન૦

રાજીમતી નિજ ચિત્તસ્યું, શિવાદેવી નંદનકું ધ્યાવઇં રે.
સૌભાગ્યવિજય પ્રભુ **નેમિજિન** મિલઇં પરમાણંદ પાવઇં રે.

૪ જીવન૦

શ્રી પાર્શ્વજિન સ્તવન.

(૪)

(રાગ–શ્રીરાગ)

પાસ ચિન્તામણિ ચરણ નમો, મહિયલિ મહિમા અધિક વિરાજઇ, અવરદેવ નહી તુજ સમો પાસ. આંકણી.
છયલ છબીલી મોહન મૂરતિ, તેજ પુંજ રાજઇ રવિ કિરણો;
વદન કમલ સારદ શશિ સોભઇં, નાગલાંછણ જન ચિત્ત હરણો.

૧ પાસ૦

અજબ આંગિ જિમ અંગિ વિરાજઇં,
ભાલ તિલક સિર મુકુટ બણો;
કુસુમ મહાલ માંહિ જિનવર બઇઠે,
ધન ધન સો નિરખઇ નયણે. ૨ પાસ૦

સુર–અસુર–નર દ્વારઇં બઇઠે ભગતિ કરઇં તુજ ચિતલીણો;
સોહગ કે પ્રભુ પાસ ચિન્તામણિ સકલ મન વંછિત કરણો.

૩ પાસ૦

શ્રી મહાવીરજિન સ્તવન.

(૫)

આયેા કુમર લાડલે એહ, કહતિ ત્રિશલા માય;
અંગિ કરૂં ઉયારણાં તેરી, છયલછબીલી કાય આયેા,
વદન કમલ સેામ જીતીએા, નાસિકા લંક સુચંગ;
પંકજ નયણ સેાહામણાં, અધર પ્રવાલી તેારંગ. ૧ આયેા૦
સસ્તકિ ટેાપી હીરે જડી, કંઠિ નવસર હાર,
કાંનિ કુંડલ ઝગમગઈ, ભાલ તિલક વિસાર. ૨ આયેા૦
લાલ જરદટકેાચિઆ, વિવિધ રયણની ભાતિ બાજુબંધ;
આહિંબના અંગિ કુસુમ બહુ જાતિ. ૩ આયેા૦
કયડિ કંદેારેા દીપતેા, પાયે ઘૂઘરી જમકાર;
ચૂયા ચંદન તન મહ મહઈ, મહમહઇ મૃગમદ ઘનસાર.
૪ આયેા૦

નંદનકું હુલરાવતી ગાવતી ગીત ગુણ ગ્યાન,
સૌભાગ્યવિજય પ્રભુ ચિરંજયેા, ખેલતિ **શ્રીવર્દ્ધમાન.**
૫ આયેા૦

(૨૬)

શ્રી સુખસાગરજી.

શ્રી સુખસાગરજી સં. ૧૭૫૦ ની આસપાસ.

શ્રી જ્ઞાનવિમલસૂરિના સમયે શ્રી દીપસાગર કવિના શિષ્ય શ્રી સુખસાગરજી તપગચ્છમાં થયા છે. તેઓશ્રીની એક જ કૃતિ જાણવામાં છે. તેઓશ્રીએ શ્રી જ્ઞાનવિમલસૂરિની ઘણી પ્રતો લખી જણાય છે. તેઓશ્રીની ચોવીસી–સાદી અને સરળ છે. તથા સ્તવનો સુંદર રાગોમાં બનાવ્યા છે. આ સાથે તેમનાં પાંચ સ્તવનો લીધા છે.

૧ શ્રી જિનસુંદર રચિત ૧૪૮૩ શ્રી કલ્પસૂત્ર પર બોલાવબોધ. સં. ૧૭૬૩

શ્રી ઋષભદેવ સ્તવન.

(૧)

(રાગ-સામેરા મુનિરયું મનમાન્યો—એ દેશી.)

પ્રથમ જિણેસર પ્રણમીઇં, મરૂદેવીનો નંદરે; જિનસ્યું મનમાન્યો;
નાભિ નૃપતિ કુલમંડણો, વૃષભ લંછન જિનચંદરે. જિ૦ ॥૧॥
લક્ષણ લક્ષિત વરતનું, પંચસયાં ધનુ માનરે જિ૦;
લાખ ચઉરાસી પૂર્વનું, જીવિત જસ પરિમાણ રે. જિ૦ ॥૨॥
નયરી વિનીતાનો ધણી, કંચન વાનિ ઉદાર રે જિ૦;
ગો મુખ જક્ષ ચકેસરી, શાસન સાનિધિકાર રે. જિ૦ ॥૩॥
શત સાખાયે વિસ્તર્યો, જેહનો વંશ ઇખાગરે. જિ૦;
ઋષભદેવ યુગ આદિનો, કારક જેહ મહાભાગરે. જિ૦ ॥૪॥

ચોરાસી ગણી ગુણ નિલા, સહસ ચોરાસી સાધરે, જિ૦;
તીન લાખ જસ સાધવી, સુખ સંયમ નિરાબાંધરે. જિ૦ ॥૫॥
સુરતરૂથી અધિકી ગણું, તુજ સેવા જગદાસરે; જિ૦;
દીપસાગર કવિ રાયનો, **સુખસાગર** કહે સીસરે. જિ૦ ॥૬॥

શ્રી શાંતિનાથ જિન સ્તવન.

(૨)

રાગ—કાફી.

પ્રણમું **શાંતિજિણુંદને** મનમોહના લાલ,
પંચમો ચક્રી એહ હો જગ સોહના લાલ;
કંચન વનિ જિન સોલમો મન૦
ચાલીસ ધનુ તનુ દેહ હો જગ૦ ૧

ગજપુર નયરનો રાજીઓ, મન૦ વિશ્વસેન નૃપ તાયહો જગ૦
અચિરાનંદન ગુણ નિલો મન૦ એક લખ વરિસનું આયહો.
જગ૦ ૨

ગુરૂડ જખ્ખ સેવા કરિ મન૦ નિર્વાણી સુખદાયહો જગ૦;
મૃગ લંછન મનોહર ગુણી મન૦ નામે નવનિધિ થાય હો.
જગ૦ ૩

છત્રીસ ગણધર ગુણ ભર્યા મન૦ બાસઠિ સહસ મુણીંદ હો જ૦
એક સઠિ સહસ ષટ્ આગલી મન૦ સાધવી સવિગુણવંદ મ૦
દાની શિર ચૂડામણિ મન૦ ઉપગારી અરિહંત હો જગિ૦
ઇતિ ઉપદ્રવ [illegible] મન૦ ભય ભંજન ભગવંત હો.
જગિ૦ ૪

સુખસાગર નિતુઉલ્લસ્યો મ૦ જનમ સમે જગમાહિ જ૦
શાંતિનાથથી ઉપજે મન૦ આનંદ અધિક અઘાહ હો.
જગિ૦ ૫

શ્રી નેમનાથ સ્તવન.

(૩)

દેશી—રસીયાની.

નેમિજિણુંદને નમીઈ નેહસ્યું જનમ થકી બ્રહ્મચારી
વયરાગિ સમુદ્રવિજય યાદવ કુલ દિનમણી
માત શિવાદે મલ્હાર વેરાગી ને૦ ૧

નયર સોરીપુર જેહનું જાણીઇં, એકસહસ વરિસનું આય સોભાગી
શંખ લંછન અંજન વનિ દસધનુ, તોરણથી ફિરી જાય વૈરાગી;
નેમિ૦ ૨

સાર ઇગ્યાર અછૈ જસ ગણધરૂ સહસ અઢાર અણગાર સોભાગી;
ચાલીસ સહસ કહિજસ સાધવી, પામ્યા ભવતણુ પાર સોભા.
નેમિ૦ ૩

ગોમેધસુર અંબા શાસન સુરી, રાજીમતી ભરતાર સો૦
આઠ ભવાંતર કેરો નેહલો રાખ્યો, એહુ નિરધાર વયરાગી. ને૦
જીવદયા મનમાંહિ ચિંતવી, દાખી પશુ તણાં દુઃખ સોભા૦
પરસુખ દીધાથી જે એ પામીયા, આપઈ અવિચલ સુખસો. ને૦
ભોગકર મનો ઉદયન જાણીયેા, અણુપરણે વ્રત લીધ વય૦
અહનિસ અનુભવ રસ **સુખસાગરે**, મગન થઈથિયા સિદ્ધ સોભા.
નેમિ૦ ૫

શ્રી પાર્શ્વનાથ સ્તવન.

(૪)

(ફલ વર્દ્ધિપાસ સદા સુખદાર્ય—એ દેશી.)

પાસજિનેસર પુરિસાદાણી તેવીસમો જિનરાયો રે;
અશ્વસેન નૃપ વંશ વિભૂષણ વામા માતા જાયો. રે પા૦ ૧
વાણારસી નયરી નો રાજા, નવકર તનું નીલવરણે રે;
અહિ લંછંજિન પાસ નામે ચરણે રે. પા૦ ૨
દશ ગણધર ગિરૂયા છે જેહને, સોલસહસ મુનિરાયા રે;
સાહૂણી અડતીસ સહસ કહીજે, હસ્ત દિખિત સમુદાયારે. પા૦ ૩
એક સત વરસ તણું જસ જીવિત, વંછિત આસપુરે રે;
ધરણરાય પદમાવતીદેવી, સંકટ સઘળાં ચુરે રે. પા૦ ૪
કમઠ થકી અહી જલણિ જલંતો, ઉગારી કયો ઈંદો રે;
તિમ મુઝને ભવદવથી રાખો, જિમ હોઇ પરમાનંદો રે. પા૦ ૫
તેહને સમકિતનું ફલ લીધ, જે તુમ્હને આરાધે રે;
જ્ઞાન ગુણે **સુખસાગર** વાધે, સહજે શિવ સુખ સાધેરે. પા૦ ૬

શ્રી વીરજિન સ્તવન.

(૫)

(આદર જીવખિમા ગુણ આદરિ—એ દેશી.)

શ્રી મહાવીર મનોહર મૂરતિ, નયણે દીઠી જિહારેજી
કાલ અનાદિ ભવભવિ સંચ્યાં, નાઠાં દુરિ તિહારેજી. શ્રી૦ ૧
શ્રી સિદ્ધારથ નૃપ તિસલાનંદન, કંચન કોમલ કાયાજી;
સાત હાથ તનુ કેસરિ લંછન, બહોતરિ વરસનું આયજી. શ્રી૦ ૨

ગોતમ પ્રમુખ ઇગ્યારે ગણધર, ચઉદસહસ મુનિવર સોહેજી;
સાહુણી છત્રીસ સહસ કહી જઇં, ભવિજન નઇં પડિ મોહઇંજી.
શ્રી૦ ૩

શ્રી માતંગ સુરસિદ્ધાઇ દેવી, સેવે જેહના પાયજી;
ક્ષત્રીયકુંડ નયર છે જેહનું, વર્દ્ધમાન જિનરાયજી. શ્રી૦ ૪
ચોવીસમો જિન ચોગતિ કેરા, દુઃખ દોહગ સવિ ટાલેજી;
દુઃખમાં જલધિ પ્રવહણ સરિખું, જસ શાસન સુવિસાલજી.
શ્રી૦ ૫

સમતા **સુખસાગરની** લીલા, જિણિ પરિ પ્રભુ તુમ્હે તરીયાજી;
તિણિ પરિ સેવકને હવે તારો, જે તુમ્હ છો ગુણના દરિયાજી.
શ્રી૦ ૬

કલશ.

શ્રી સુખસાગર કૃત.

(માર્ગ ધન સુપનનું ધનજીવી-એ દેશી.)

ચોવીસ જિણેસર કેસર ચર ચિતકાય
જેહના પદ સેવે ચોવિધ દેવ નિકાય
અકલંક અમોહી અતિશયના ભંડાર
જસ બાઇક ભાવે ગુણ અનંતુ અપાર. ૧

ભવિભવિ હું એહની આણ વહું નિસદીસ,
એ માહરો સાહિબ સેવું વિસવા વીસ;
લલિ લલિ પાયલાગું માગું એહની સેવ,
સમકિત ગુણ જેહથી વાધઇ છઇ નિતમેવ. ૨

તેર બોલે સ્તવીયા ભાવ ભગતિ મનિ આણી,
મનિ સારૂ ગુંથી એ મે પ્રાકૃતિ વાણી;
જે બાલિક બોલે કાલી ગેહિલી વાણી,
માય તાય તણે મનિ લાગિ અમી સમાણી. ૩

એ જિનવર કેરા ગુણ અભિધાને ધ્યાવે,
તે ભવિ પ્રાણીના ભવ ભવના ભય જાવે;
સુખ સંપદ સઘળી સહજ સભાવે આવે,
શુદ્ધ સમકિત કેરો લાભ અતુલ તસ થાવે. ૪

સંવેગી ગચ્છપતિ **જ્ઞાન વિમલસુરિયાયા**,
જ્ઞાનાદિક ગુણનો પામી તાસ પસાય;
તપગ-છ શોભાકર **દીપસાગર** કવિરાય,
તેહનો લઘુ બાલક **સુખસાગર** ગુણ ગાય. ૫

(૨૭)

શ્રી ૠષભસાગરજી.

ચોવીસી રચના ૧૭૫૦ આસપાસ.

તપગચ્છમાં પંડિત શ્રી ઋદ્ધિસાગરના શિષ્ય શ્રી ૠષભસાગરજી સંબંધી જન્મ. દીક્ષા તથા સ્વર્ગવાસ વગેરેની હકીકત મળતી નથી.

તેઓશ્રીએ ગુજરાતી પદ્યમાં **શ્રી વિદ્યાવિલાસરાસની** રચના કરી છે તથા સંવત. ૧૭૪૮ માં આગ્રામાં **શ્રી ગુણમંજરી વરદત્ત ચોપાઈ** બનાવી છે. તેઓશ્રીની ચોવીસી રચના સરળ ભાષામાં છે. આ સાથે તેઓશ્રીના પાંચ સ્તવનો લીધા છે.

શ્રી ઋષભ જિન સ્તવન.

(૧)

કાંઈ રિસહેસર મઈ પાયેા, હેા રાજિ જિનનાયકજી;
કાંઈ ઈંદ્ર ચંદ્ર નાગિંદ ભલાથેં, પાયા હેા ગુણલાયકજી. ॥૧॥
કાંઈ પરસન દરસન તુમચૈ, ત્રિભુવન પ્યાસી હેા રાજિ સુખદાયકજી;
હું નામ જપું નિસદીસ ઈસી તુમ, આસી હેા આજિજિ
મનભાયકજી ॥૨॥
કાંઈ બિરૂદ ગરીબ નવાજ ભલાથેં, પાયા હેા રાજિ જગનાયકજી;
કાંઈ દેવ વન સેવું ન દુજે, કરી ધણુ કાયા હેા બેાલ લાયકજી. ॥૩॥
કાંઈ કરૂણ કરતું વયકુંઠ તુઠેા, હેા રાજિ સબલાયકજી;
કાંઈ ઈણ વિધિ તું હી અચિંતિત, અવરાં તુઠેા હેા આજિ
મનમાયકજી. ॥૪॥

કાંઇ દીનાનાથ તું બાથાં દે ઘણી, હો રાજિ દુખથાયકજી;
કાંઈ અલસાણા અલવેસર અરિહંત, મોં ભણી હો રાજિ
જસલાયકજી. ॥૫॥

કાંઈ ઋષભનાથ જગનાથના સનાથનો, હું થયો હો રાજિ
ગુણગાયકજી;
કાંઈ તીરથ તું પ્રિયમેલક પરગટ, જગિ જયો હો રાજિ
પેમલાયકજી. ॥૬॥

કાંઇ ઇણ સંસારમેં અસાર સાર તોં, તું હી હો રાજિ મનલાયકજી;
કાંઈ રાખજો **ઋષભ** સું રંગ કૈ હું, હુંકમી હો આજિ
ગુણગાયકજી. ॥૭॥

શ્રી શાંતિનાથ સ્તવન.

(૨)

કામિત પૂરણ ચૂરણ ચિંતા, વિહરંતા અરિહંતા હો,
સાહિબ **શાંતિ** જિનેસર, કેવલગ્યાંન દિનેસર કાયા ચરચિતિકેસર;
એક જ તું હી અલ વેસર, પ્યારા પરમ પરમેસર પ્રભુજી,
પરસન હોજ્યો એહવા સખત નવી હો જૈ હો;
જનની અચિરાના જાયા, નર સુર નાગિંદા ગાયા સારી ભાતિ સુહાયા,
ભારી મુજ મન ભાયા પરગટ દરસન પાયા, પ્રભુજી. પ્ર૦ ૧

શ્રી વિશ્વસેન સુત થે છો વદીતા, પવન વાહન પપનીતા હો.
સાહિબ કેવલ૦ કાયા એક જ પ્યારા પ્રભુજી.
દિલભરી દિલ કરિ દરસન દેતા, મહુલો માહરો લેતા હો.
જનની૦ નર૦ સારી૦ ભારી૦ પરગટ૦ પ્રભુજી. ૨

ગુણ સંભારૂં પ્રભુજીના કેતા, તિણ વિધિ હુંતા તેતા હો. સા૦
કેવ૦ કાયા૦ એક જ પ્યારા૦ પ્રભુજી.
વિધિકરે આગે કિરિયા સહુ અવતાઈ, ઇણ વિધિ ઢોલી લાઇ હો.
જનની૦ નર૦ સારી૦ ભારી૦ પરગટ૦ પ્રભુજી. ૩
કરો અછો અબ કયું કઠિણાઈ, યા કુણશી ચતુરાઈ હો. સા૦ કે૦
કાયા૦ એક જ૦ પ્યારા૦ પ્રભુજી.
ભગત અભગત થાંહરે એકણ ભાવૈ, યા મનમે અતિ આવૈ હો.
જન૦ નર૦ સારી૦ ભારી૦ પરગટ૦ પ્રભુજી. ૪
સેવકની અબ બબરિ મનાવૈ, દીનાનાથ કહાવૈ હો,
સાહિ૦ કેવ૦ કાયા૦ એક જ પ્યારા૦ પ્રભુજી.
પ્રગટ હોતા આગે અણુગુણગાતા રીઝંતા લખવાતાં હો.
જન૦ નર૦ સારી૦ ભારી૦ પ્રગટ૦ પ્રભુજી. ૫
હાથી પ્રભુજીને વાત વણુતાં, અવર વાતાંરી વાતાં હો.
સા૦ કેવ૦ કાયા૦ એક પ્યારા૦
ભગત નવાની કાંઈ ભાવરી ભાઈ, કે કલિયુગ વાય લગાઈ હો.
જન૦ નર૦ સારી૦ ભારી૦ ૬
પ્રભુ પ્રકાશો ચૂકિજ કાંઈ કહો કયસી આસાતના પાઈ.
સા૦ કે૦ કાયા૦ એક૦ પ્યારા૦
સોવત જાગત તોરો ધ્યાન જ ધ્યાવું ગાયો તુજ હું ગાવું હો.
જનની૦ નર૦ સારી૦ ભારી૦ ૭
અબકી વેર પ્રભુ મોજ ન પાઉં, કહો કુણ જાંચણ જાવું હો.
સાહિબ૦ કેવ૦ કાયા૦
કુડ કપટ ધુતારા તારો, અમને કાંય વિસારો હો.
જનની૦ નર૦ સારી૦ ભારી૦ પરગટ૦ પ્રભુજી૦ ૮

તારક બિરૂદ મન મૈ સંભારો, તાર્યા છૈ ફિરિ તારો હો.
સાહિ૰ કેવ૰ કાયા૰ એક જ૰ પ્યારા૰ પ્રભુજી૰
ઋદ્ધિસાગર સુશીશ સુખદાઇ, વચ્ચૈ નહી વરદાઇ હો. જ૰ ન૰
ઋષભસાગર કહૈ સહુ સુખ પાવું, ચરણે લાગિ મનાવું હો.
સાહિ૰ કેવ૰ કાયા૰ એક જ૰ પ્યારા૰ પ્રભુજી૰ ૯

શ્રી નેમનાથ સ્તવન.

(૩)

(જાણું હું જિણ ગુણ ભર્યા હો સાંવલીયા સ્વામી)

તો શું કયુ પતિ આવું હો રાજિ;
સઘલી પરિ છાજૈ તો નૈ હો સાવલીયા સ્વામી,
દખિ દખિ કાંઈ દિખાવું હો રાજી. ૧
યાદું પતિ જુજૂઈ જુજૂઈ જુગતિ તું જાણૌ હો રાજિ,
નેમજી નવનવલી નવનવલી, નિજ રિમૈ આણૌ હો રાજિ;
પ્રભુજી મારા ઈમ કિમ મનડો માણૌ હો રાજિ. ૨
જગ જન મનતું રંજવૈ હો સાંવલીયા,
અનૈ નિરંજન કહાવૈ હો રાજિ;
સોવન ધરિ નિગ્રંથ તું હો સાંવલીયા૰
યામનમૈ અતિ આવૈ હો રાજિ. યા૰ ને૰ પ્ર૰ ઈ૰ ૩
બાલ બ્રહ્મચારી તો નૈ હો સાંવ૰ કહિયે કિમ સરદહિજૈ હો રાજિ;
ત્રિભુવન પ્રભુતા ભોગીયો હો સાંવ૰,
તો હી જોગીસર કહીજૈ હો રાજિ યા૰ ને૰ પ્ર૰ ઈ૰ ૪
પ્રભુજી નવનવલી નવનવલી ભગતિ હું ભાખું હો રજિ;
પ્રભુજી નિજ સુખ સુખ લવ ઈકિ ચાખું રાજિ;

ભગવંત તાહરે બહુ ભંગઇ હો સાવ૦
અંગઇ રાગ ઉમંગે હો રાજી; કથન નમાને મૂલથી હો સાંવ૦
આપ મતિ એક રંગી હો રાજિ. યા૦ નેમ૦ પ્ર૦ મ૦ ૫

તું દાતાર શિરોમણિ હો સાંવ૦
નવિ દીધી ભય કોડી હો રાજિ;
પાસો પિણ રાખૈ નહી હો સાંવ૦
ગતિ મતિ તાહરી ઉંડી હો રાજિ. યા૦ નેમ૦ પ્ર૦ ઈ૦ ૬

તોને કોધ નહી સુપનંતરે હો સાંવ૦
તો કયું કરિ અરિ દલ દલિ દલિયા હો રાજિ;
અભિમાની સિર સેહરો હો સાંવ૦
તું તારે ભવોદધિ કલિયા હો રાજિ. યા૦ ને૦ પ્ર૦ ઈ૦ ૭

સાહું દેખું હો રાજિ તાહરે પરિ છાજે તો નૈ હો સાંવ૦
ન લહે અવર છ માસો હો રાજિ;
ઋષભ મનોરથ પૂરવો હો સાંવ૦
મોહ્યો તાહર તમાસૈ હો રાજિ. યા૦ નેમ૦ પ્રભુ૦ ઈ૦ ૮

શ્રી પાર્શ્વનાથ સ્તવન.

(૪)

તારક જિન તેવીસમા, પ્રભુ મારા તો સું અનંત સુખ પાઉંજી;
અવલંબ્યો મન આપશું, પ્રભુ મારા કહિ કહિ કાંઇ બતલાવું જી.
તારણ તરણ, દુઃખ દલિદ્ર હરણ અસપાસજી, પ્રભુ મારા
આતમના આધારજી. ॥૧॥
એક દેવ તું માહરે, પ્રભુ મારા, ચિત્તમેં અવર ન ચાહું જી,

અબ હું તમારો કહાયનૈ, પ્રભુ મારા, કૌણ તણો કહવાઉંજી;
સકેલ સંકટ ભાજે, છવિતો અનેક છાજે પાસજી. પ્રભુ૦
આત૦ ॥૨॥

અવરદેવ ધરિ ધરિ ફિરિ, પ્રભુ મારા, તુજનૈ કેમ લજાઉંજી,
ચોસીસ નમાવી થાં પ્રતૈ, પ્રભુ મારા અવર ન કેમ જમાવું જી;
સરણા સરણ કાંઈ, કરૂણા કરણ પ્રભુ પાસજી પ્રભુ મારા,
સરણાઈ સાધાણુજી, પ્રભુ મારા આતમના આધારજી. ॥૩॥

કુમકુમૈ મજજન કરી, પ્રભુ મારા કાદવ કયું મુખિ લાવું જી;
ઉતરિ કરી ગજબંધથી, પ્રભુ મારા વેસર ચઢિ કયું ધાવું જી;
આત૦ તારણ તરણ, દુઃખ દલિદ હરણ અસ પાસ જી.
પ્રભુ મારા આ૦ ॥૪॥

તિણસૂં સોભા નીહાંનિ હૈં, પ્રભુ મારા સ્થાને જાગત હસાઉં જી,
કામ ગવીને છોડિને, પ્રભુ મારા ઘરમૈ અજા લૈ વસાઉંજી. તા૦
તરણ પ્રભુ આતમના આધાર જી. ॥૫॥

વખત સંયેાગે તું મિલ્યેા, પ્ર૦ ભાવભગતિ મનિ ભાવું જી;
ઋષભસાગર કહૈ ઋદ્ધિ મિલૈ, પ્ર૦ ગુણતો અહનિસિ
ગાઉંજી. તારણ૦ ॥૬॥

શ્રી મહાવીર સ્તવન.

(૫)

સિદ્ધિ શિરેામણિ સુરતિ સુંદર, સેવઇ સુર સુરરાય;
ગુણ સમુદ્ર મહિમા અતિ મેાટો, જયવંતો જયવંતો જગદીસ
વસંત વધાવો વીરજી હો. ॥૧॥

સમકિત તેલ કુલેલ સરસ અતિ, ભાવ ગુલાબ અબીર;
વયરાગ રૂપૈ વિસતર્યો હો, ઉપસમ ઉપસમ રસ તે નીર. ॥૨॥

મન પિચકારી ક્રિયા કુમકુમા, સુરતિ અખંડિત ધાર;
ગ્યાંન પોટલી ગાયનો હો, કીજૈ કીજૈ અશુભ કરમ વેમાર. ॥૩॥

અષ્ટ પ્રકારી પૂજા રચાવો, આંણી આણુંદપૂર;
સંસાર તણા સંતાપ મિટાવો, દેખિકે પ્રભુ મૂખ નૂર. વ૦ ॥૪॥

ડભ ઝાંઝ પખાવજ આવજ, વાવજ તાલ કંસાલ;
નૃત્ય કરી જૈ નવ નવા હો, તત્ત થૈ તત્ત થૈ તાન રસાલ. વ૦ ॥૫॥

ત્રિશલાનંદન ત્રિહું જગવંદન, આનંદકારી ઐન;
સાચો સિધારથ સેવન્યો હો, નિરખિત નિર્મલ નૈન. વ૦ ॥૬॥

સકલ સામગ્રી લઇ ઇણ પરિ, મિલજ્યો સાચૈ ભાવ;
ઋદ્ધિસાગર શીસ **ઋષભ** કહે, જો હુવૈ અવિચલ
પદનો ચાવ. વ૦ ॥૭॥

(૨૮)

શ્રી વિનયકુશળ.

ચોવીસી રચના-૧૭૫૦ આસપાસ.

શ્રી તપગચ્છમાં શ્રી **લક્ષ્મીસાગરસૂરિ**ના શિષ્ય શ્રી **વિબુધકુશલ**ના શિષ્ય શ્રી વિનયકુશળજીની ચોવીસીની આખી પ્રત મલી નથી. તેમનું એક જ સ્તવન શ્રી પાર્શ્વનાથનું મલ્યું તે આપ્યું છે.

શ્રી પાર્શ્વનાથ જિન સ્તવન.

(૧)

(થે તે પિંગલ દેશેં જાજ્યો, થે તો પિંગલ દેસરી પદ્મણી લાજ્યો હો,
માહરા ગુહીર ગુંમાની ઢોલા—એ દેશી.)

કાશી દેશ મંડણ સુવિસેસ, તિહાં વિચરેં જિન જગદીશ હો
માહરા પરમ સનેહી જિનજી;
વાણારસી નયર નિવાસ, જિહાં પાપ નિહું પરવેસ હો
માહરા પરમ સનેહી જિનજી. ૧

જગ ત્રિલોવન દીપકવંશ, તુઝ સુરવર કરે પરસંસ હો માહરા૦;
નૃપ અશ્વસેન કુલેં અવતંસ, વામારાણી કુખેં હંસ હો મા૦ ૨

નાગલંછન જિન જયકારિ, નીલવરણેં તનું મનોહારિ હો મા૦;
સુર દિન મણીસમ અધિકારી, તુઝ સુરતિ ચિત્ત હિત કારિ હો
માહરા૦ ૩

શુભ મુહુરતિ, મોહનગારિ, વટવૃક્ષેં કાઉસ્સગ્ગ ધારિ હો મા૦;
તિહાં કમઠા ભવભયવારિ, સુર તાયો પ્રભુ બલિહારી હો મા૦ ૪

જિન કેવલ વર્યું સુખકંદ, તિહાં સાંનિધ કરેં ધરણેંદા હો મા૦
જિન મુખ દિઠે પુણમચંદા, ભવી અનુભવ પ્રગટઈ દિણંદા હો
માહરા૦ ૫

ગુરુ પ્રણમીત ભવિજનવૃંદા, શ્રી લક્ષ્મીસાગર સૂરિંદા હો મા૦;
સુવિહિત કુસલ મુનિદાહો, વિનય સું પ્રેમ આણંદા હો મા૦ ૬

(૨૯)

પં. શ્રી કાંતિવિજયજી.

ચોવીસી રચના-સં. ૧૭૫૫.

શ્રી તપગચ્છમાં **શ્રી કીર્તિવિજયજી** ઉપાધ્યાયના શિષ્ય પ્રખ્યાત સુજસવેલીભાસના કર્તા શ્રી કાંતિવિજયજી ગણીએ ચોવીસી સંવત ૧૭૫૫ માં બનાવી છે. તેઓશ્રીની બીજી રચના શ્રી સંવેગ રસાયન ભાવની છે. એ સિવાય બીજી સજ્ઝાયો પણ રચી છે.

આ કવિ શ્રી કાંતિવિજયજી માટે શ્રી વિનયવિજયજી ઉપાધ્યાયે, (ગુરુભાઇ) **હૈમલઘુપ્રક્રિયાવ્યાકરણ** બનાવ્યું છે. એની પ્રશસ્તિમાં સં. ૧૭૧૨ની લખેલી પ્રત જે પાટણના ભંડારમાં છે, તેમાં આ હકીકત છે.

તેઓની સુજસસવેલીભાસ ચાર ઢાલમાં છે. તે ઉપરથી **શ્રી ઉ. યશોવિજયજી**ના જીવનની રૂપરેખા મળી રહે છે. તેઓની આખી પ્રત મળી નથી, તૂટક રત્નો છે. તે આપ્યાં છે.

સાહિત્ય-રચના.

(૧) સુજસવેલીભાસ ૧૭૪૫ આસ.પાસ, પાટણમાં. (૨) ચોવીસી.
(૩) પંચ મહાવ્રત સજ્ઝાય ઢા. ૪ (૪) રાત્રિભોજન ત્યાગ સજ્ઝાય.
(૫) સંવેગ રસાયન ભાવના. (૬) શીલ પચવીસી.

સુજસવેલીની ૪ થી ઢાલ.

( )

(અજ અમારે અગણીએ-એ દેશી)

શ્રી યશોવિજયવાચક તણા, હું તો ન લહું ગુણ વિસ્તારો રે;
ગંગાજલ કણિકા થકી, એહના અધિક અછે ઉપગારો રે.

૧ શ્રી યશો૦

વચન-રચન-સ્યાદ્વાદનાં, નય-નિગમ-અગમ ગંભીરા રે,
ઋષભનિષદાજિમ વેદની, જસ કઠિન લહે કોઇ ધીરા રે.
૨ શ્રી યશો૦

શીતલ પરમાનંદિની, શુચિ વિમલ-સ્વરૂપા સાચી રે;
જેહની રચના ચંદ્રિકા, રસિયા જન સેવે રાચી રે.
૩ શ્રી યશો૦

લઘુ બાંધવ હરિભદ્રનો, કલિયુગમાં એ થયો બીજો રે;
છતા યથારથ ગુણ સુણી, કવિયણ બુધ કો મત બીજો રે.
૪ શ્રી યશો૦

સતરત્રયાલિ ચોમાસું રહ્યા, પાઠક નગર હલોઇ રે;
તિહાં સુરપદવી અણુસરી, અણસણ કરિ પાતક ધોઇ રે.
૫ શ્રી યશો૦

સીત તલાઇ પાખની, તિહાં થુભ અછે સસનૂરા રે;
તેમાંહિથી ધ્વનિ ન્યાયની, પ્રગટે નિજ દિવસિં પડુરા રે.
૬ શ્રી યશો૦

સંવેગી શિર-શહેરા, ગુરૂ ગ્યાન-રયણનો દરિયો રે;
પરમત તિમિર ઊછેદિવા, એ તો બાલ રૂણ દિનકરિયો રે.
૭ શ્રી યશો૦

શ્રી પાટણના સંઘનો લહી, અતિ આગ્રહ સુવિશેષિ રે;
સોભાવિ ગુણ ફૂલડિં, ઇમ સુજસવેલી મ્હે લેખિ રે.
૮ શ્રી યશો૦

ઉત્તમ ગુણ ઉદભાવતાં, મ્હે પાવન કીધી જીહા રે;
કાંતિ કહે જસવેલડી, સુગુતાં હુઇ ધન ધન દીહા રે.
૯ શ્રી યશો૦

શ્રી ઋષભજિન સ્તવન.

(૨)

(રાગ-કાફી)

(અલી અલી કરેં કબ આવેંગો-એ દેશી)

આજ અધિક ભાવેં કરી મેં તો, ભેટયા ઋષભ જિણુંદ હો;
શેત્રુંજા ગઢ કેરો રાજીઓ, માત મરૂદેવીનો નંદ હો.
૧ આજ૦

કીર્તિવિજય ઊવજ્ઝાયનો ઇમ, કાંતિવિજય ગુણ ગાય હો.
૫ આજ૦

શ્રી મહાવીર જિન સ્તવન.

(૩)

(વટપત્ર તણો શિણગાર-એ દેશી)

સોલ સજી સિણગાર, સુંદર નારિ સવિમિલી જિરેજી;
ગાયસ્યું મધુરે સાદિ, વીર જીણેસર લળી લળી. ૧.

કાંતિવિજય કહે દેવ, દરિસણ દેજ્યો દેજ્યો વળી વળી. ૫.

સંવેગ રસાયણ ભાવનીની પ્રશસ્તિ.

(૪)

શ્રી ગુરૂ હીરસૂરિંદના, શ્રી કીર્તિવિજય ઉવજ્ઝાય;
તેહ તણા સુપસાયથી, મેં કીધી એહ સઝાય.
રંગીલે આત્મા૦ ૫૧

ગુરૂ ભ્રાતા ગુરૂ સરિખા, શ્રી વિનયવિજય ઉવઝાય;
ગ્રંથ લાખ બે, જેહણે કર્યા, વાદી મદ ભંજણહાર.
રંગીલે આત્મા૦ ૫૨

સંવેગ રસાયન ભાવની, જે સુણે નરને નાર;
કાંતિવિજય કહે તસ ઘરે, નિત નિત મંગલમાલ.
રંગીલે આત્મા૦ ૫૩

(૩૦)

શ્રી હંસરત્ન

ચોવીસી રચના સં. ૧૭૫૫

શ્રી તપમચ્છમાં શ્રી વિજયરાજસૂરિની પરંપરામાં તેઓ થયા. તેઓશ્રીના પિતાનું નામ વર્દ્ધમાન ને માતાનું નામ માનબાઇ હતું. તેઓશ્રીનું નામ હેમરાજ. તેમણે ચોવીસી રચના સંવત ૧૭૫૫માં કરી છે બીજી ગ્રંથ-રચના શિક્ષાશત દોધકા છે. આમાં સો ઉપર દુહાઓ છે. ૧૭૮૬માં બનાવ્યા છે ઊના બંદરે. તેઓશ્રીનો સ્વર્ગવાસ મીઆગામમાં સં. ૧૭૯૮ ચૈત્ર સુદ ૧૦ ને દિવસે થયો છે.

શ્રી ઉદયરત્નવાચકે તેઓશ્રી ઉપર બનાવેલી સજ્ઝાય.

(પુનઃ કીહાં મરૂવર કીહાં મેવાડ, પાંચવટું કીહાં, પોરવાડ હો-દેશી)

અવસર જોર ભજ્યો સંયમ લોભી
એ તો પ્રવચન માતાનો મોભી હો. અવ૦ ૧

વરધાસુત માનબાઇ જાયા, હેમરાજ કહી હુલરાયા હો;
કીહાં રાજવિજયસૂરિગચ્છ, **હંસરતન** થયાજ હંસવચ્છ હો.
અવ૦ ૨

કીહાં ગૂજર કીહાં કાંનમ ધરતી, ચોફેર ફરસી જેણે ફરતી હો;
સઘળા મેહલી સહવાસ, **મીયાંમાં** પુયો જેણે વાસ હો.
અવ૦ ૩

કાનનમેં ગીતારથ કીધો, મીયાં માહે માહાજસ લીધો હો;
વાંચ્યું જીહાં **ભગવતીસૂત્ર**, સઘલે શતકે સસૂત્ર હો. અવ૦ ૪

સતરમે અઠાણુઆ વરસે, ચઈતર સુદ શુકર હરષેં હો;
નવમીએ થયું નિવારણ, દસમીએ જાણ્યું કલ્યાણ હો. અવ૰ ૫
નવકાર ઓલી તપ આદિ, આપ્યાં બહુ વાદોવાદ હો;
વંનદ્વર માંનપરને પેંખું, લખું ન આલખું હો. અવ૰ ૬
સોના રૂપાના ફૂલે, વધાવે બહુ અમૂલ હો;
પઈસાનો ન લહું પાર. જાણે વુઠો જલધાર હો. અવ૰ ૭
માંડવીઇં મનડું મોહું, સઘળાં કરજે ઘણું સોહા હો;
શુભની રચના થીર થાપી, શુકનેં જણુ સુભ આપી હો. અવ૰ ૮
સ્નાત્ર વાધે રંગરોલ, વાંગા જીહાં જાગી ઢોલ હો;
ઊદયરતન વાચક ઈમ બોલે,
ના આવે કોઇ હંસને તોલે હો૰ ૯

આ સાથે તેમનાં પાંચ સ્તવનો તથા કળશ આપ્યાં છે. જે સુંદર રાગોમાં ગાઇ શકાય એવાં છે.

શ્રી ઋષભજિન સ્તવન.

(૧)

(અજબ રંગાવો સાહેબા ચૂનડી-એ દેશી)

સકલ વંછિત સુખ આપવા, જંગમ સુરતરુ જેહ છિદિવારુ;
નાભિ નરિંદકુલ કેસરી, ત્રિવિધે સેવો તેહ છિદિ૰
જે મરુદેવીનો જાત છિદિ૰ જે ભરતબ્રાહ્મીનો તાત છિદિ૰
જે વિશ્વમાંહે વિખ્યાત છિદિ૰
પુરવ પુણ્યે મેં લહ્યો ભાંગી ભગની ભ્રાંત છિદિ૰
પુરવ પુણ્યે મેં લહ્યો ૧

જુગલાધર્મ જેણે ઉદ્ધર્યો, પ્રથમ જેહ રાજન છિદિ૦;
વિશ્વરચના સઘળી દાખીને, ટાળ્યું જિણે અજ્ઞાન. છિદિ૦ ૨
પ્રગટ કરીને સહુને શીખવ્યા, સકલ સંસાર સૂત્ર છિદિ૦;
ભરત પ્રમુખ થાપ્યા રાજવી, સો દેશે સો પુત્ર. છિદિ૦ ૩
દાન દેઇને દીક્ષા આદરી, ત્રિભુવન જન હિત કાજ છિદિ૦;
ધર્મતીર્થ ચક્રી એહવું, બિરુદ ધર્યું મહારાજ. છિદિ૦ ૪
ઈન્દ્ર ચોસઠ ઉભો ઉલગે, જુગતે જોડી પાણ છિદિ૦;
સમવસરણે સહુ સાંભળે, દેસના મધુરી વાણ. છિદિ૦ ૫
લાખ ચોરાશી પુરવ અનુક્રમે, પાળીને પરમાય છિદિ૦;
જન્મ-મરણ બંધન તોડીને, પામ્યા પંચમ ઠાય. છિદિ૦ ૬
હંસ-રત્ન કર જોડી કહે, સાહિબ ઋષભ જિણંદ છિદિ;
ચરણ યુગલ સેવા ભવો ભવે, આપો અધિક આણંદ. છિદિ ૭

શ્રી શાંતિનાથ સ્તવન.

(૨)

(ગેડુમાની-દેશી)

શ્રી શાંતિ જિણેસર સોલમોરે,
હોજી સાહેબ શરણાગત આધાર તે રૂડો;
ગુણનો આવાસ, તે રૂડો ઉપગારી ખાસ તે રૂડો. આંગણી.
ભવ ભવ તાપ નિવારવા રે, હોજી જગમાં જંગમ જે જલધાર.
તે રૂડો ગુણનો૦ ૧
મેઘ રથ રાજાને ભવે રે, હાંજી દૃઢ સમકિત દેખી સુરરાજ તે રૂડો;
કરે પ્રશંસા જેહની રે, હાંજી સુર સાખી પ્રણમી શુભ સાજ.
તે રૂડો૦ ૨

ઇંદ્ર વચન અણુ માનતો રે, હાંજી એક અમર આવ્યો તેણે ઠામ;
સૈન્ય પારાપતિને છુલે રે, હાંજી પારખવા નૃપનો પરિણામ.
તે રૂડો૦ ૩

મનકૂડો નરપતિનો પાસ, મનકૂડો અમરખ આવાસ મનકૂડો,
આંકણી.
પોસામાં પારેવડો રે, હાંજી તન સાઠે રાખે તે તામ; તે રૂડો.
તીર્થંકર ચક્રી તણી રે, હાંજી પદવી દોય બાંધી અભિરામ.
તે રૂડો૦ ૪

પ્રગટ થઈ તે દેવતા રે, હાંજી પાપ પ્રણમી પહોતો નિજઠામ;
તિહાંથી પ્રભુ ત્રીજે ભવે રે,
હાંજી અચિરા ઉરે લીધો અવતાર. ૫

પાલીને ચક્રીપણું રે, હાંજી ષટ્‌ખંડ પૃથ્વી રાજ્ય પડુર; તે૦
દાન દેઈ દીક્ષા ગ્રહી રે, હાંજી પામ્યા કેવલ નાણ સનૂર.
તે રૂડો૦ ૬

કીધી સંઘની થાપના રે, હાંજી શાંતિસર સાહેબ સુખદાય; તે૦
પંચમગતિ પામ્યા પ્રભુ રે,
હાંજી હંસરતન હરખી ગુણ ગાય. ૭

શ્રી નેમનાથ સ્તવન.

(૩)

(થેં કાંતિ નાવો મહારામો હલમાં હો રાજિ થેં કાંને નાવો મહારી સેજેરે હું વારિ રંગ ઢોલણા–એ દેશી)

તોરણથી રથ ફેરીને હો રાજ, છટકી ઈમ કિમ દેજે છેહ રે;
હું વારી માહારા મોહના.
આઠ ભવાંતર પ્રીતડી હો રાજ, તેહનો ન આવ્યો તુમ નેહ રે.
હું વારી૦ ૧

તેહને તે કિમ તરછોડીએ હો રાજ, પહેલે પાલવ વલગા જે હરે;
બાંહિ ગ્રહ્યાની લાજ છે હો રાજ, વાહલા શે ન વિમાસો તેહ રે.
હું વારી૦ ૨

પ્રીત ભલી પંખેરૂઆં હો રાજ, જાઉં હું બલિહારી તાસ રે; હું૦
રાત-દિવસ રહે એકઠાં હો રાજ, એક પલક ન છોડે પાસ રે.
હું વારી૦ ૩

વિસાયો તે ન વીસરે હો રાજ, સહિજે એક ઘડીનો સંગરે; હું૦
તો કિમ ટાલ્યો નવિ ટલે હો રાજ, જેહશું સજડ જડ્યો મનરંગ રે;
હું વારી૦ ૪

જન્માંતર વિહડે નહિ હો રાજ, જે કીધી સુગુણ સાથે પ્રીતરે; હું૦
ટેક ગ્રહી તે તિરવહે હો રાજ, જગમાં એજ ઉત્તમ રીત રે.
હું વારી૦ ૫

શિવા દેવી સુત **નેમને** હો રાજ, કહે રાજિમતી કર જોડી રે; હું૦
વાલ્હા વેગે રથ વાલીને હો રાજ, આવી પૂરો મુજ મન કોડ રે.
હું વારી૦ ૬

નેમરાજુલ મુગતે મલ્યા હો રાજ, પ્રભુએ પાલ્યો પૂરવ પ્રેમ રે;
ચરણ શરણ દીજે સાહિબ હો રાજ, હેજે **હંસરત્ન** કહે ઈમ રે.
હું વારી૦ ૭

શ્રી પાર્શ્વનાથ સ્તવન.

(૪)

(દાસી દોદાસીરામ તુમારી-એ દેશી)

સુણો **પાસ** જિણેસર સ્વામી, અલવેસર અંતરજામી;
હું તો અરજ કરૂં શિરનામી, પ્રભુ આથે અવસર પામી.
સ્વામી તારો તારો પ્રભુજી. ૧

મુજને ભવસાગર તારો, ચિંહું ગતિના ફેરા વારો;
કરૂણ કરી પાર ઉતારો, એ વીનતી મનમાં ધારો હો. સ્વામી૦ ૨
સંસારે સાર ન કાંઇ, સાચો એક તુંહિ સખાઈ;
તે માટે કરી થિરતાઇ, મેં તુજ ચરણે લય લાઈ હો. સ્વામી૦ ૩
તારક તું જગત પ્રસિદ્ધો, પહેલે પણ તેં જસ લીધો;
સેવકને શિવસુખ દીધો, એક મુજ શું અંતર કીધો હો.
સ્વામી૦ ૪
ઈમ અંતર તે ન કરેવો, સેવકને શિવ સુખ દેવો;
અવગુણ પણ ગુણ કરી લેવો, હેત આણી બાંહે ગ્રહેવો.
સ્વામી૦ ૫
સેવક ચૂકે કોઈ ટાણે, પણ સાહિબ મનમાં ન આણે;
નિજ અંગીકૃત પરમાણે, પોતાનો કરીને જાણે હો. સ્વામી૦ ૬
તું ત્રિભુવન નાથ કહેવાયે, ઈમ જાણીને જિનરાય;
પ્રો ચરણ સેવા સુપસાય, જિમ **હંસરતન** સુખ થાય હો.
સ્વામી૦ ૭

શ્રી મહાવીર જિન સ્તવન.

(૫)

(આજ અસાઢો ઉન્હયોજી—એ દેશી.)

સફળ ફળ્યા સહી માહરાજી, મનના મનોરથ આજ;
વીર જિનેસર તું મળ્યોજી, હવે સિધ્યાં હો
હવે સિધ્યાં વંછિત કાજ
પ્રભુજી અરજ સુણીજે, માંહકી અરજ સુણીજે
માંહકો મુજરો લ્યો મહારાજ. ૧

દિન એતા ભૂલ્યો ભમ્યો જી, તુઝ દરિસણ વિણ દેવ;
હવે મનમ ડંટિકેસ્યું જી, તુમ સેવા હો તુમ સેવા કરૂં નિતમેવ.
પ્રભુ૦ ૨

તુઝ દીઠે આવે નહીં જી, દેવ અવર કોઇ દાય;
સુરતરૂશાખા છાંડીને જી, કુણ બેસે હો કુણ બેસે બાઉલ છાંહ.
પ્રભુ૦ ૩

ગુણ અવગુણ જાણ્યા, પછે જી, મન ન રહે એકતાર;
પ્રગટ પટંતર દેખીને જી, કુણ સેવે હો કુણ સેવે વસ્તુ અસાર.
પ્રભુ૦ ૪

તુંગતિ મતિ તું સાહિબો જી, તું મુઝ જીવન પ્રાણ;
નિરવહીએ શિર ઉપરે જી, ભવોભવ હો ભવોભવ તુમચી આણ.
પ્રભુ૦ ૫

જીતું તુમ સેવાબળે જી, કુમતિ કદાગ્રહ ફોજ;
નિત નિત નવન્ની તાહરી જી, મનઇચ્છિત હો મનઇચ્છિત પામું
મોજ. પ્રભુ૦ ૬


નાથ વસો મુજ ચિત્તમાં જી, આજ અધિક સુખપુર;
હંસરતન કહે માહરો જી, હવે પ્રગટયો હો હવે પ્રગટયો
પુણ્ય પડુર. પ્રભુ૦ ૭

ચોવીસી કળશ.

(દીકી દીઠા રે વામાકા નંદન દીઠા—એ દેશી.)

મેં ગાયા રે ઈમ **જીન ચોવીસે** ગાયા.
સંવત **સત્તર પંચાવન** વરસે, અધિક ઊમંગ બઢાયા,
માધ અસ્તિત તૃત્તિયા, કુંજવાસરે, ઊદ્યમ સિદ્ધ ચઢાયારે. ૫
તપ ગણુગગન વિભાન દિનકર, શ્રી **રાજયવિજયસૂરિરાયા;**
શિષ્ય તેસ તસુ અન્યય ગણિવર, **ગ્યાનરત્ન** મન ભાયારે. ૬
તસ્ય અનુચર **મુનિહંસ** કહે ઈમ, આજ અધિક સુખ પાયા;
જીન ગુણ જ્ઞાને બોધે ગાવે, લાભ અનંત ઉપાયારે. ૭

(૩૧)



ચોવીસી રચના ૧૭૫૫–આસો સુદ ૧૦ રાજનગર.

શ્રી ખરતરગચ્છમાં શ્રી જીનચંદ્રસૂરિની પરંપરામાં આ મુનિવર થયા છે. ચેવીસી ઉપરાંત બીજી સાહિત્ય–રચના જાણવામાં નથી. તેઓશ્રીએ અમદાવાદમાં ચોવીસી બનાવી છે. આ સાથે તેમનાં પાંચ સ્તવન તથા કલશ લીધા છે. જેમાં કાવ્ય રચના સુંદર છે તથા મારવાડી ભાષા વિશેષ છે. ઉપમા પણ સુંદર આપી છે.

શ્રી ઋષભદેવ સ્તવન.

(૧)

(ઢાલ—મહિંદી રંગ લાગો એહજી–દેશી)

આજ જનમ સું કિયા રથઉ રે ભેટયા શ્રી જિનરાય;
પ્રભુ સું મન લાગો ખિણ ઈક દૂરિ ન થાય. પ્રભુ૦
સુગુણ સહેજા માણસા રે, જો રઈ મિલિયઈ જાય. પ્રભુ૦ ૧
નયણે નયણ મિલાનઈ રે, જિનમુખ રહિયઈ જોય;
તઉ હી નૃપાત પામિયઈ રે, મનસા વિવણી હોય. પ્રભુ૦ ૨
માનસરોવર હંસલઉ રે, જેમ કરઈ જ કલ્લોલ;
તિમ સાહિબસું મન મિલ્યઉ રે, કરઈ સદા કલ્લોલ. પ્રભુ૦ ૩
હિયડા માંહિ જે વસઈ રે, વાલ્હા લ ગઈ જેહ;
જઉ બીજા રૂપઈ રુડા રે, ન ગમઈ તાંસુ નેહ. પ્રભુ૦ ૪

રસ લ્યૈ ગુણ મકરંદ નઉ રે, ચતુર ભમર તજિ સ્વેધ;
જે જણ ધણુ સરિખા હુવઈ રે, સ્યું જાણઈ તસુ વેધ. પ્રભુ૦ ૫
એહ વઉ મેહ નિશ્ચય કિયઉ રે, પ્રલસન મેલ્હૂં પાસ;
આખિર સેવામાં રહ્યા રે, ફલસ્યઈ મનની આસ. પ્રભુ૦ ૬
મીણુ અમૃતની પરઇ રે, ઋષભ જિનેશ્વર સંગ;
વિનયચન્દ્ર પામી કરી રે, રાખઉ રસ ભરિ રંગ. પ્રભુ૦ ૭

શ્રી શાંતિજિન સ્તવન.

(૨)

॥ ઢાલ વીછીયાની ॥

હાં રે લાલ શાંતિ જિનેશ્વર સાંભલ ઉ,
માહરઇ મન આવઇ ખ્યાલ રે લાલ,
હું તુઝ ચરણે આવીયેઇ, તું ન સરઇ કેમ નિહાલ રે લાલ. ॥૧॥
માહરૂ મન તુઝ મઇં વસિ રહ્યું, એ આંકણી.
જિન ગોપી મન ગોવિંદ રે લાલ,
ગૌરી મન શંકર વસઇ, વલી જેમ કુમુદિની ચંદ રે લાલ. ॥૨॥
બાત કહી જઇ જેહનઇ, જે મન નઉ હુઇ થિરથોભ રે લાલ;
જિન તિગ આગલિ ભાવતાં, વાલ્હેસર નચઇ શોભરે લાલ. ॥૩॥
તિગ કારની જાઈ માહરી, સહુ બાત કહી તાજિ લાજરે લાલ;
તું મુખથી બોલઈ નહી, કિમ સરિ સ્યઇ મન કાજ રે લાલ. ॥૪॥
હાંરે લાલા તું રસિયઉ બાતાં તણૌ, સુનિને નવિ કેાં જવાબ રે;
મન મિલિયા તિન પ્રીતડી કહેા, તઈ કિમ ચાલિસ્યઇ અબ રે
લાલ૦ ॥૫॥

હાંરે લાલ નિજ ફલ તરૂવર નવિ ભરખઈ,
સરવર ન પિયઇ જલ જેમ રે લાલ.
પર ઉપગાર ઇં થાય તે તું બિન જિનજી હુઈ તેમ રે લાલ૦ ॥૬॥
ઘણું ઘણું કહિયે કિસું, કરિ જે મુઝ આપ સમાન રે લાલ.
રયણ દિવસ તાહરઉ ધરઈ, કવિ **વિનયચંદ** મન ધ્યાન રે. ॥૭॥

શ્રી નેમિનાથ સ્તવન.

(૩)

(ઢાલ-અભી રાજુલ દેરાણી અરજ કરે છે એ હજી.)

થાહરી તો મૂરતિ જિનવર રાજે છઈ નીકી શિવ સુંદરી સિર ટીકીઈ
રાણી શિવાદેવી જીરા જાયા, **નેમજી** અરજ સુણી જે
અરજ સુણી જે કાંઇ કરૂણા કીજે, મ્હાંનઈ મુજરો દીજે હો. ૧
તે દિન વાલ્હા મુજને કઇયંઇ આસ્યૈ, તુમથી મૈલો થાસ્યઈ હો
અંતર તુમ્હારાઉ માહરઉ દૂરઇ, વ્રજસ્યઈ અંગઇ સુખ
ઉપજસ્યઈ હો. ૧
હિવણાતઉ તુમનઈ હિયડામાંહે ધારૂં, ઇણભાંતઇ દિલ ઠારૂં હો;
આખર થૈ પિણ સમઝણ દારસને, હા નવિ દાખવિસ્યો છેહા હો. ૩
જે તુમ સેતી પ્રેમ પ્રયાંસઈ જી, વિલગા તે કિમ રહસ્યૈ અલગા;
પ્રીતિ લગાસઈ તે તઉ જિમ રંગ, અકીકી પડ નહીં જે ફીકી હો. ૪
પ્રાણપિયારા સાહિબ થૈ છઠજી મ્હાંરે, મુઝ નઇ છઈ તુમ્હ સારે હો;
ઇમ જાણીનઈ પ્રત્યુપકાર કરંતા, રાખો છો સી ચિન્તા હો. ૫
સ્યું કહું કીરતિ રાજ તુમ્હારી, તુમે છઉ બાલ બ્રહ્મચારી હો;
રાજુલ નારી તે વિરહાગર કયારી, પોતાની કારિતારી હો. ૬
કહિયઉ જી મ્હારો અલવેસર અનધારઉ, હું છૂં દાસ તુમ્હારો હો;
વિનયચન્દ્ર પ્રભુ તુમે વરદાઇ, મઉજ સવાઈ ધઉકાઇ હો. ૭

શ્રી પાર્શ્વજિન સ્તવન.

(૪)

(ઢાળ-ઇણ રીતિ મોહ નહીં વસ સાંમોજી)

જિનવર જલધર ઉલટયો સખિ નયણે નરસે મેહ,
જેહનઈ આગમનઈ કરી સખિ ઊપન્યો પ્રેમ અછેહ રે;
નરનારી વાંદયઉનેહરે ઠાદી થઇ સહુની દેહ રે,
પસર્યો ચિત્ત ભુઈ મઇત્રેહરે ઉપસ્યઉ ખલકંદલ ખેહ રે,
એહવા મહારે **પાસજી** મનવસઇ—એ આંકણી. ૧

વાણી તેહિજ જિણ સજી સખિ ગુહિર ઘટા ઘનઘોર,
જ્યોતિ ઝબૂકે બીજલી સખિ, એ આડંબર કોઈ એર રે;
પ્રમુદિત ભવિજન મન ચોર રે પિણ નહી કિહાં કુમતિ ચોર રે,
કંદર્પતણો નહીં જોર રે અંધકાર ન કિણ હી કોર રે. એહવા૦ ૨

મહિર કરઇ સહુ ઉપરઈ સખિ લહિર પવનની તેહ,
સુર અસુરાદિક આવતાં સખિ, પીલી થઈ દિશિ જેહ રે;
જાણે કુટજ કુસુમ રજરેહ રે, જિહાં ધર્મધ્વજા ગુણગેહ રે,
તે તઉ ઈન્દ્રધનુષ વણેહ રે, અભિનવ કોઈ પાનસ એહ રે,
ઇમ નિરખો સહુ નયણેહ રે. એહવા૦ ૩

ચતુર પુરૂષ ચાતક તણી સખિ, મિટ ગઈ તિરસતુરંત,
હરિહર રૂપ નક્ષત્ર નઉ સખિ, નાઠઉ તેજ નિતંત રે;
થયઉ દુરિત જવાસક અંતરે, મુનિવર મંડુક હરખંત રે,
જિહાં વિજય માન ભગવંત રે વિકસિત ત્રય ભુવન વનંત.
એહવા૦ ૪

સુર મધુકર આલંબિયા સખિ, પદ્દિક દિંબ અરવિન્દ,
વિરહી જેહ કુદર્શનો સખિ, પાવઇ દુખનઇ દંદ રે;
શુદ્ધથી વિરમ્યા રાજિન્દ રે, હરિયા થયા સુગુન ગિરિન્દ રે,
વિસૂતિ મતિ રતિ અમંદ રે, પલ્લવિત વેલિ સુખકંદ રે,
ફેડયા સગલાઇ ફંદ રે. એહવા૦ ૫

ઝિર મિર ઝિર મિર ઝટ કરઇ, સખિ નાવઇ કિમ હી થાહ,
પ્રતિબોધિત જહ જેહવા સખિ, લ્યઇ વગિ જિણમાં લાહ રે;
હંસ સર સાંભરિયાહ રે, તેજન ધરે મુગતિની ચાહ રે,
તિહાં દીસઈ રતન ઘણુ હ રે, જાણે નવલ મમોલા વાહ રે.
એહવા૦ ૬

જીવદયા જિહાં જાણિયઇ સખિ, નીલી હરી ભરપૂર
નીજતણઈ રૂપઇ ભલો સખિ, પ્રગટતઉ પુણ્યઅંકુર રે
દુઃખદે હગ ગયા સહુ દૂર રે, ઇમ વર્ષા ભવાઇ ભૂરિ રે
પ્રભુના ગુણ પ્રમલ પડુર રે, કહે **વિનયચન્દ્ર** સતુહિ રે.
એહવા૦ ૭

શ્રી મહાવીર જિન સ્તવન.

(૫)

(ઢલ-લાડાની)

મનમોહન મહાવીર રે ત્રિસલા રા જાયા,
તાહરા ગુણ ગાયા મનડા મેં ધ્યાયા;
તોહી રે તાહરા ખાતર મૈં નહીં રે ઇવડીસી,
તકસીર રે ત્રિ૦ આજ્ઞાકારી રે હું સેવક સહી રે. ૧

તુઝસું પૂરવઈ જેહ રે ત્રિ૦ રંગલાયો ચોલ મજીઠ જ્યું રે;
દિન દિન બાધઉ તેહરે ત્રિ૦ ભલારે વ્યવહારી કેરી પીઠ જ્યું રે. ૨
નિશિ દિન મંઈ કહ જોડ રે ત્રિ૦ ઓલગ કીધી સ્વામી તાહરી રે;
ભવસંકટથી છોડિ રે ત્રિ૦ કહો રે નિરાસી કિમ જાઈયઈ રે. ૩
ધીણુઉ હુવઈ ઘરમાંહિ રે ત્રિ૦ લૂખો રે તો સ્યા માટે ખાઈયા રે. ૪
તાર્યા તેં સુરનર કોડિ રે ત્રિ૦ પોતે તરી રે શિવ સુખ અનુભવેઈ રે;
મુઝમાં કેહી ખોડ રે ત્રિ૦ તારૈ નહીં સ્યેાં મુઝ નઈ હિવઈ રે. ૫
ઓછા તણુઉ સનેહી રે ત્રિ૦ જાણૈ રે પર્વતકેરા વાહલા રે;
બહતાં બહૈ એક રેહ રે ત્રિ૦ પછઈ બિછડઈ જ્યું તરૂડાહલા રે. ૬
તિણુપરિ નેહની રીતિ રે ત્રિ૦ નહીં છૈ રે ચરમ જિનેસર આપણી રે;
વિનયચન્દ્ર પ્રભુની નીતિ રે ત્રિ૦ રાખઉ સ્વામીનઇ સેવકતણી રે. ૭

કલશ

(૬)

(શાંતિજિન ભામણુઇ ચાઇ એહની)

ઇણુ પરિ મઈ ચોવીસી કીધી, સદ્‌ભાવૈ કરિ સીધીજી;
કુમતિ નિકેતન આગલ દાંધી, સુમતિસુધા બહુ પીધીજી. ઇણુ૦ ૧
ઇણિ મેં ભેદ તણી છઇ દઢતા, ગુણ ઇંક ઇંકથી ચઢતા જી;
સજ્જન પંડિત થાસ્યઈ પઢતા, દુર્જન રહસ્યઈ કુઢતા જી. ઇણુ૦ ૨
પૂરણ જ્ઞાન દશા મન આણી, વેધક વાણી વખાણી જી;
વિબુધ ભણી અબોધ સમાણી, મૂરખ મતિ મુઝાણી જી. ઇણુ૦ ૩
બોધબીજ નિર્મલ મુઝ હુઓ, દિયો દુરતિ નહ દૂઓજી;

સ્તવના નો મારગ છઈ જૂઅઉ, જાણૈ તે કોઇ ગિરૂઓ જી. ઇણ૰ ૪
સંવત **સત્તર પંચાવન** વરસઇ, વિજયદસમી દિન હરખઇજી;
રાજનગરમાં નિજઉતસરખઇ, એ રચી ભક્તિ અમરખઇજી.
ઇણ૰ ૫

શ્રી ખરતર ગુણ સુગુણ વિરાજઇ, અંબર ઉપમા છાજઇ જી;
તિહાં જિનચંદ્ર સૂરીશ્વર ગાજઇ, ગચ્છપતિ ચન્દ્ર દિવાજઇજી.
ઇણ૰ ૬

પાઠક હર્ષ નિધાન સવાઇ, જ્ઞાન તિલક સુખદાઇ જી;
વિનયચન્દ્ર તસુ પ્રતિમા પાઇ, એ ચોવીસી ગાઇ જી. ઇણ૰ ૭

सामायिकं च मोक्षांगं, परं सर्वज्ञभाषितम् ।
वासी चन्दन कल्पाना-मुक्तमेतन् महात्मनाम् ॥

અર્થ:—સામાયિક એ મોક્ષનું સર્વજ્ઞ ભાષિત પરમ સાધન છે. વાંસલાનું છેદન અને ચંદનનું વિલેપન એ બન્ને પ્રત્યે સમાન વૃત્તિવાળા મહા-પુરુષોને તે હોય છે.

(૩૨)

પંડિત મેરુવિજયજીના શિષ્ય **શ્રી વિનોતવિજયજી.**

ચોવીસી રચના-**૧૭૫૫** આસપાસ.

પંડિત **મેરુવિજયજી**ના શિષ્ય શ્રી **વિનીતવિજયજી**ની ચોવીસીની ભાષા-રચના હૃદયંગમ અને લાલિત્યમય છે અને સુંદર રાગ-રાગણીમાં બનાવી છે. તેમની બીજી સાહિત્ય-રચના જાણવામાં નથી. આ સાથે તેમનાં પાંચ સ્તવન આપ્યા છે.

શ્રી ઋષભજિન સ્તવન.

(૧)

સુંદર મૂરતિ સાહિબ સેવીએ, **ઋષભ** જિણેસર રંગ સુગુણનર;
પરતક્ષ પરતાપુરે મુઝ પ્રભુ, દીઠે ઉલટ અંગ વાલેસર.
સુંદર મૂરતિ સાહિબ સેવીએ. ૧

અંતરજામી આદિ જિણેસરુ, અવધારો અરદાસ સુ૦;
નેહ નજર કરી નીરખો સેવક, પૂરો મનતણી આસ વા૦ સું૦ ૨

ત્રિભુવન તારણ શિવસુખ કારણ, દુઃખહર દીનદયાળ સુ૦;
મહેર કરી નિજ સેવક મન રમો, કોકિલ જેમ રસાળ વા૦ સું૦ ૩

આજ સવે મનવંછિત મુજ ફળ્યાં, નાઠાં ભવદુઃખ દૂર સુ૦;
આજ અમી મેહ વૂઠયો આંગણે, પ્રગટયો પુણ્ય અંકુર વા૦
સુંદર૦ ૪

આજ થકી દિન વલીઓ માહરો, ફલીઓ ઘર સહકાર સુ૦;

ભાવઠભંજણ ભેટયો જગધણી, મરુદેવી માત મલ્હાર વા૦
સુંદર૦ ૫

બહુ ફળદાયક હોવે દિનદિને, તુઝ સેવા સુરવેલ સુ૦;
સીંચી જે પ્રભુ જો નિજ સેવકે, ભગતિ અમીરસ રેલ વા૦
સુંદર૦ ૬

સોળ કળા સંપૂર્ણ ચંદ્રમા, સુંદર તુઝ મુખ જોય સુ૦;
અંગે આણંદ ઊપજે માહરે, ઠરીઆ લોચન દોય. વા૦ સું૦ ૭

ઇક્ષ્વાગવંશે વિમલ વિભૂષણ, વિમલાચલ તુઝ વાસ સુ૦;
શિવસુંદરી સ્યું પ્રભુ મુજ આપજો, અવિહડ સુખ વિલાસ. વા૦
સુંદર૦ ૮

સકલ પંડિત સુંદર સિર સેહરો, **લાવણ્યવિજય** ગુરુરાય સુ૦;
પંડિત **મેરુવિજય** ગુરુ સેવક, **વિનીતવિજય** ગુણ ગાય. વા૦
સુંદર૦ ૯

શ્રી શાંતિનાથ સ્તવન.

(૨)

સકલ મનોરથ સુરમણિ રે, **સોલસમો** જિન ભાણ રે મનવસીઓ;
વિશ્વસેન નરરાયનો રે, વંશ વિભૂષણ જાણ રે. શિવરસીઓ. ૧
અચિરા રાણી જનમિઓરે, ચઉદ સુપન સુવિચાર; મન૦
છપ્પન દિગકુમરી મિલીરે, ગાયો ગુણ નિધિ સારરે. શિવ૦ ૨
ચઉવિધ દેવ નિકાયના રે, નાયક ચોસઠ ઇંદ રે; મન૦
જનમ મહોત્સવ બહુ પરે રે, કીધો મેરૂ ગિરીંદ રે. શિવ૦ ૩
ષટ્‌ખંડ પૃથવી વશ કરી રે, વયરી તણા મદ મોડિ રે. મન૦
બત્રીશ સહસ નરેશ્વરૂ રે, સેવકરે કર જોડી રે. શિવ૦ ૪
ઇમ રાજ સિરી વર ભોગવીરે, થયો કેવલ કમલા કંતરે; મન૦
મેરુવિજય શિષ્ય ઇમ ભણેરે, સેવો એ અરિહંતરે. શિવ૦ ૫

શ્રી નેમનાથ સ્તવન.

(૩)

(આપે સડાની-દેશી)

મન મોહનીયા પિઉ સુણ રે શામલીયા નાહક,
હું સસનેહી રે;
મન મોહનીયા પિઉ અષ્ટભવાંતર પ્રીતિ કે,
નવમે ભવ કિમ પરહરી રે. મન૦ ૧
પિઉ તું છે ચતુર સુજાણ કે, હું ગોરી ગુણ આગલી રે; મન૦
પિઉ બોલે રાજુલ નાર કે, વાલિમ વિરહે આકલી રે. મ૦ ૨
પિઉ જોબનના દિન જાય કે, અવસર લાહો લીજીયે રે; મ૦
પિઉ અવસર ઉચિત અજાણ કે, પશુ ઉપમ તસ દીજીયે રે.
મન૦ ૩
પિઉ કુલમાલા સુકુમાલ કે, કુમલાયે તુજ કામિની રે; મ૦
પિઉ દિન જાયે જન વાત કે, પણ નવિ જાયે યામિની રે.
મન૦ ૪
પિઉ શિવાદેવી માત મલ્હાર કે, સાર કરો અબલા તણી રે; મ૦
પિઉ યદુપતિ **નેમિકુમાર** કે, આવો મંદિર અમ ભણી રે.
મન૦ ૫
પિઉ બોલ્યા શ્રી જગદીશ કે, વીશ વિસવા તુમે ભાવજો રે; મ૦
પિયા એ સંસાર અસાર કે, મુગતિ મંદિરમાં આવજો રે.
મન૦ ૬
પિયા રાજુલ **નેમિજિણુંદ** કે, અવિહડ શિવ સુખ દીઠડાં રે;
મન૦
પિઉ **મેરુવિજય** ગુરુ શિષ્ય કે, **વિનીતવિજય** મન મીઠડાં રે.
મન૦ ૭

શ્રી પાર્શ્વનાથ સ્તવન.

(૪)

(માહરી સહીરે સમાણી–એ દેશી)

નિરમલ નીરે અંગ પખાલી, પહેરો ખીરોદક સાડી રે.
માહરી સહીરે સમાણી.
ભાવના ચંદન ભરીય કચોલી, પાસ પૂજે ભંભર ભોલી રે.
મા૦ ૧

ચંપક કેતકી માલતી મોગર, માંહિ બોલસિરી સુખકારી રે; મા૦
લાખીણાં ટોડર કરી જિનવર, કંઠે ઠવો જયકારી રે. મા૦ ૨
કર ગ્રહી વીણા વેણુ મૃદંગા, હાથે દીએા એક તાલી રે; મા૦
નવ નવ રાગ મિલાવત ગાવત, જિનગુણ રંગ રસાલી રે.
મા૦ ૩

મન વાંછિત સુખ સુરતરૂ કંદો, વામા નંદન વંદો રે; મા૦
નિરખત નેહ અમીરસ વરષત, જસ મુખ પુનમચંદો રે.
મા૦ ૪

પ્રાણ પિયારે મોહનગારે, માહરૂં મનડું મોહીને લીધું રે; મા૦
દેખતહી નયણે નેહ લાગો, જાણું કામણડું કાંઇ કીધું રે.
મા૦ ૫

અંતરજામી સાહિબ સેતી, જાણું ખિણ એક દૂર ન થાઉં રે; મા૦
અહનિશિ ચરણ કમલ આરાધું, બલિ જાઉં તો સુખ પાઉં રે.
મા૦ ૬

શ્રી લાવણ્યવિજય ગુરૂરાયા, પાસ પરમેસર ધ્યાયા રે; મા૦
પંડિત મેરૂવિજય ગુરૂ શિષ્યે, વિનીતવિજય ગુણ ગાયા રે.
મા૦ ૭

શ્રી મહાવીરજિન સ્તવન.

(૫)

આજ માહરે સુરતરુ ફળીઓ સાર,
ઘર આંગણિ શોભાકરુ જી રે જી;
આજ મેં **ત્રિશલાનંદન દેવ**, દીઠો દેવ દયાકરુ જી રે જી. ૧
જિનજી તાહરા ગુણ અવદાત, ગંગતરંગ પરે નિરમલા જી રેજી;
જિનજી સંભારું દિનરાત, મૂકી મનના આંબલા જી રેજી. ૨
જિનજી ઉત્તમ જનસ્યું રંગ, ચોલ મજીઠ તણી પરે જી રેજી;
તુમસ્યું અવિહડ નેહ, નિરવહ જો રુડી પરે જી રે જી. ૩
જિનજી તાહરી ગુણમણિમાળ, કંઠે જે ભવિ ધારસે જી રેજી;
જિનજી ધનધન તસ અવતાર, જે તાહરું નામ સંભારશે
જી રે જી. ૪
જિનજી **મેરુવિજય** ગુરુ સીસ,
વિનીતવિજયનાં વયણડાં જી રે જી;
જિનજી જે ચિત્ત ધરશે નિત, તસ ઘર રંગ વધામણાં
જી રે જી. ૫

निरवद्यमिदं ज्ञेयं, एकान्तेनैव तत्त्वतः ।
कुशलाशयरूपत्वात्, सर्वयोग-विशुद्धितः ॥

અર્થ:—તત્ત્વથી આ સામાયિક એકાન્તપણે નિરવદ્ય છે. કારણ કે તે કુશલાશયરૂપ છે, એટલું જ નહિ પણ સર્વયોગોની વિશુદ્ધિરૂપ છે.

(૬૩)

શ્રી ન્યાયસાગરજી.

ચોવીસી–૧૭૬૦ આસપાસ.

શ્રી તપગચ્છમાં સાગર શાખામાં તેઓશ્રી થયા છે. મારવાડમાં ભિન્નમાળ ગામમાં ઓસવાળ જ્ઞાતિમાં શ હ મોટાને ત્યાં ભાર્યારૂપ ને ત્યાં સંવત ૧૭૨૮ માં જન્મ થયો. નામ નેમિદાસ. શ્રી ઉત્તમસાગર પાસે દીક્ષા લીધી શ્રી કેશરીઆજી તીર્થમાં દિગમ્બર નરેન્દ્રકીર્તિ સાથે વાદ–વિવાદ કરી જીત મેળવી. સંવત ૧૭૬૭માં અમદાવાદમાં લુહારની પોળમાં સ્વર્ગવાસ પામ્યા. તેમનો રતૂપ કદમપુરાની વાડીમાં કરવામાં આવ્યો.

તેઓશ્રીએ બે ચોવીસી બનાવી છે. સાદી ને સરળ ભાષામાં જુદા જુદા રાગો ને દેશીઓમાં સ્તવનો બનાવ્યા છે. તેઓશ્રીએ સુરતમાં બિરાજમાન શ્રી **સૂરજમંડણ પાર્શ્વનાથનું** સ્તવન બનાવ્યું છે, જે આ સાથે મુકવામાં આવ્યું છે. શ્રી સુરત બંદર પાસે રાંદેર ગામમાં શ્રી **મહાવીર રાગમાલા**ની રચના છત્રીસ રાગોમાં કરી છે. જેની પ્રશસ્તિ આ સાથે છે. તે સિવાય તેમના દસ સ્તવનો આપ્યા છે.

સાહિત્ય-રચના

૧ શ્રી સમ્યક્ત્વ વિચાર ગર્ભિત મહાવીર સ્તવન ૧૭૬૬ (સતાવીસ ભવનું) ૨ પિંડદોષ વિચાર સજ્ઝાય ૧૭૮૧ ભરૂચ
૩ નિગોદ વિચાર ગર્ભિત સ્તવન.
૪ મહાવીર રાગમાલા ૧૭૮૪–સુરત પાસે રાંદેર.

શ્રી આદિજિન સ્તવન.

(૧)

(માહરૂં મન મોહ્યું રે શ્રી વિમળાચળે રે—એ દેશી.)

જગઉપકારી રે સાહિબ માહરો રે, અતિશય ગુણમણિધામ;
આદિ જિણેસર અતિ અલવેસરૂ રે, અહનિસિ ધ્યાઉં રે નામ
માહરૂં મન મોહ્યું રે મરૂદેવી નંદસ્યું રે૦ ૧
દોય કર જોડી તુમ સેવા કરે રે, સુરનર કિન્નર કોડ;
પ્રાતિહારિજ આઠે અહનિસિ રે, કવણ કરે તુમ્હ કોડ. મા૦ ૨
ચારે રૂપે રે ચૌવિધ દેશના રે, દેતા ભવિજન કાજ;
માનું એ ચઉ ગતિના જન તારવા રે, છાજે જ્યું જલધર ગાજ.
માહરૂં૦ ૩
તે ધન પ્રાણી રે જિણે તુમ દેશના રે, સમયે નિરખ્યું નૂર;
કર્ણકચોળે રે વાણીની સુધા રે, પીધી જેણે ભરપૂર. માહરૂં૦ ૪
હું તો તરસ્યું રે તુમચા ધ્યાનથી રે, અનોપમ એહ ઉપાય;
ન્યાયસાગર ગુણ આગર સાહિબા રે, ળળીળળી નમે નિતુ પાય.
માહરૂં૦ ૫

શ્રી આદિજિન સ્તવન.

(૨)

ઋષભલંછન જિન વનીતાવાસી, પંચશત ધનુ તનુમાનમાં;
પ્રભુ તાહરી સુરતી મેં ધરી ધ્યાનમાં. પ્રભુ૦ ૧
જગ ઉરણ સવિ કીધો તે તો, ધન વરસી વરસીદાનમાં;
નાભિરાયા કુલમંડન ગાઉ, મરુદેવી સુત ગાનમાં. પ્રભુ૦ ૨

ચરણોત્સવ ઇન્દ્રાદિક સારે, શ્રી જિન બેસે જાનમાં;
ગીત જ્ઞાન પ્રભુ આગે નાચે, સાચે રાચે તાનમાં. પ્રભુ૦ ૩
પંચમહાવ્રત લેવા અવસર, સમજાવે સુર સાનમાં;
ન્યાયસાગર પ્રભુસેવક માચે, વાણી અમૃતપાનમાં. પ્રભુ૦ ૪

શ્રી શાંતિનાથ સ્તવન.

(૩)

(આ જિમ કબ મિલે પરદેશી માતા હો, આ૦ એ દેશી)

સાહિબ કબ મિલે સસનેહી, પ્યારા હો, સાહિબ૦
કાયા કામિનિ જીઉસેં ન્યારા, ઐસા કરત વિચારા હો. સા૦ ૧
સુન સાંઈ જબ આન મિલાવે, નવહુમ મોહનગારા હો. સા૦ ૨
મેં તો તુમારી ખિજમતગારી, જૂઠ નહિ જે લારા હો, સા૦ ૩
શ્રમન કહે સુન બૈન હમારા, ટારો વિષય વિકારા હો. સા૦ ૪
સંયમ પાલો નિજ તન ગાલો, લેઇ અનુભવ લારા હો સા૦. ૫
પિઉ કે સાચે હમ મન સાચે, ઘટમેં હોત ઉજારા હો સા૦. ૬
કહિના કીના સંયમ લીના, ન રહ્યા કરન ઉધારા હો. સા૦ ૭
વેદ ઉચ્છેદી જાતિ અભેદી, મેલે શાંતિ સુધારા હો. સા૦ ૮
અચિરાનંદન શીતલ ચંદન, **ન્યાયસાગર** સુખકારા હો.
સાહિબ૦ ૯

શ્રી શાંતિનાથ સ્તવન.

(૪)

શાંતિ જિનેસર દેવ દયાલ શિરોમણી રે, કે દયાળ શિરોમણિ;
સોલમો જિનવર પંચમ ચક્રી જગ ધણી રે. કે ચક્રી૦ ૧

પારેવા શું પ્રીતિ કરી તિણિ પેરે કરેા રે; કે તિણિ૦
જનમ જરા ભય મરણ સીંચાણાથી ઉદ્ધરો રે. કે સીંચા૦ ૨
તિણેં કાંઇ કીધું હોયે તે મુજને કહેા રે; કે તે મુજ૦
જો શરણ કર્યાની લાજ તેા મુજને નિરવહેા રે. કે મુજ૦ ૩
પારેવા પરે હરણ કરે તુજ સેવના રે; કે કરે૦
સિંહિકેય સુત ભીતિ નિવારણ કામના રે. કે નિવારણ૦ ૪
તિણે કારણ હું સેવક સ્વામી તું માહરો રે; કે સ્વામી૦
તેહથી હું છું અધિક સેવા પર તાહરો રે. કે સેવા૦ ૫
શાંતિ નામ ગુણ રહસ્યે મુજને તારતાં રે; કે મુજને૦
ન્યાયસાગર કહે ઇષ્ટ પ્રભુ દિલ ધારતાં રે. કે દિલ૦ ૬

શ્રી નેમિનાથ જિન સ્તવન.

(૫)

(સેાલ સહસ ગેાપીમાં પટરાણી કાગળ લખ્યેા કેઇને રે સીદ્દ જાએા છેા દીલાસા દેઇને રે દેશી)

આઠ ભવની તુમે પ્રીત જ પાલીજી, તમને ભવ સાથે લઇને રે,
કાં જાએા છેા દિલાસેા દેઇને રે. કાં૦ ૧
અમને મૂકીને તુમે રૈવત પધારીયાજી, સંયમ સુંદરી લઇને રે.
કાં૦ ૨
પરણ્યા વિણ અમ્હે પ્રીત જ પાલુજી, એ તેા વરે છે કેઇને રે.
કાં૦ ૩
એતેા કૃતિકા સિદ્ધ વધૂનીજી, તુમે આદર ઘો છે બેઇને રે.
કાં૦ ૪
શેાકલડીરે મને દીઠી ન સુહાવેજી, તુમે આદર કરશેા કેઇને રે.
કાં૦ ૫

અનુભવ મિત્રે મન મેલ કરાવ્યો જી, અનુભવ ઘરમાં લેઇને રે.
કાં૦ ૬

તેમ રાજુલ શિવમંદિર પધાર્યાજી,
ન્યાયસાગર સુખ દેઇને રે. કાં૦ ૭

શ્રી નેમનાથ સ્તવન.

(૬)

(ધણગઢેલા–એ દેશી)

નેમ નિરંજન સાહિબારે, નિરૂપાધિક ગુણ ખાણિ;
મનના માન્યા.
જન્મ થકી જેણે તજ્યા રે, રાજ રાજિમતી રાણી.
મનના માન્યા. ૧

આવો આવો હો પ્રીતમ વાતાં કીજે,
પ્રીતમ લાહો લીજે હો; મન૦
પ્રીતમ રસ પીજે હો પ્રીતમ, આપણ કીજે જનમ પ્રમાણ.
મન૦ ૨

વિણ પરણ્યો પણ તાહરી રે, નારી કહે સહુ લોક; મન૦
સાચી હું છું પતિવ્રતા રે, ગાયો થોકે થોક. મન૦ ૩

સમુદ્રવિજય શિવાદેવીનો રે, નંદન યદુકુલચંદ; મન૦
શંખ લંછન અંજન વને રે, બાવીસમો જિનચંદ. મન૦ ૪

સંબંધને સંકેતવા રે, આવી તોરણ બાર; મન૦
ફિર પાછાં વ્રત સંહિઉ રે, ચઢીયા ગઢ ગિરનાર. મન૦ ૫

રાજુલ પણ અનુલહે રે, સંયમ કેવલ સાર; મન૦
દંપતિ દોઉ એકણિ વિલિ રે, અખય પણે એક તાર. મન૦ ૬

અષ્ટ ભવાંતર પ્રીતડી રે, પાલી પૂરણ પ્રેમ; મન૦
ન્યાયસાગર સુખ સંપદા રે, પ્રગટે સકલ સુખ ખેમ. મન૦ ૭

શ્રી પાર્શ્વજિન સ્તવન.

(૭)

(કાનુડા માર કાં કરડી મીહડા પુઢરયે ગાગરડી એ-દેશી.)

ચિંતામણિ પાસજી ગમે રે, પાસજી ગમે રે;
પ્રહ ઉઠી પ્રભુ મુખડું દીઠે, દુઃખડું શમે રે. ચિં૦ ૧
ચિંતામણિ પરે કામિત પૂરે, દુઃખ ઝમે રે, ચિં૦ ૨
ત્રિભુવન નાયક સુરપતિ પાયક, કામ દમે રે. ચિં૦ ૩
પામી અમૃત ભોજન કુકસ, કોણ જમે રે, ચિં૦ ૪
સાહિબ સમરથ સમકિત પામી, કોણ વમે રે. ચિં૦ ૫
મિથ્યા મૂકી મુજ મન રાચે, શુદ્ધ ધરમે રે, ચિં૦ ૬
અધિકું ઓછું સેવક ભાખે, સ્વામી ખમે રે, ચિં૦ ૭
ન્યાયસાગર પ્રભુ અહનિશી ચરણે, શીશ નમે રે. ચિં૦ ૮

શ્રી પાર્શ્વનાથ સ્તવન.

(૮)

(દેશી–માધવીયાની)

મનનો માનીતો મિત્રો જો મિલે, હાંરે સાહિબ જો મિલે,
તો કહું મનની વાત જો;
દુઃખ ભંજન જિન આગલે જી, સુખીણી સાતે ધાન જો. મ૦ ૧
મનમોહન મુજ વાલ હોજી, સ્વામી શ્રી પાસ જિણંદ જો;

હોજી હો જસ સાનિધેજી, તુરત થયો ધરણેન્દ્ર જો. મ૦ ૨
મન મિલીયા શું વાતડીજી, તે અમૃતથી પણ મીઠ જો;
જેહથી તન મન બાંધીઉંજી, તસ દરિશન સહુથી ઉક્કિઠ જો. મ૦ ૩
લંછન મિસી કરે વીનતીજી, ફણધરી રહીએ નાગ જો;
વિષધર પણું દૂરે કરોજી, માહરૂં પ્રભુ વડભાગ જો. મ૦ ૪
શ્રી અશ્વસેન સુત સુંદરૂજી, વામા માત મલ્હાર જો;
નીલવરણ ચરણે રહું જી, સેવક કરીશ સંભાલ જો. મ૦ ૫
ભવિમનવંછિત પૂરવાજી, કલિ કલ્પદ્રુમ સમાન જો;
ન્યાયસાગર કહે માહરેજી, પ્રભુ ધ્યાને વધતો વાન જો. મ૦ ૬

શ્રી મહાવીર જિન સ્તવન.

(૯)

વંદું **વીરજિનેસર** રાયા, વર્ધમાન સુખદાયા જી;
શાસન નાયક જેહ કહાયા, જગ જસ વાદ સવાયા જી. વં૦ ૧
હરિલંછન કંચનવન કાયા, સિદ્ધારથ નૃપ તાયા જી;
સિદ્ધારથ થયા કર્મ ખપાયા, ત્રિસલા રાણી માયા જી. વં૦ ૨
લઘુવયથી જેણે મેરુ ચલાયા, વીરવેતાલ હરાયા જી;
દુર્દ્ધર મોહ જોહ જીતીને, જ્યોતિમેં જ્યોતિ મિલાયા જી. વં૦ ૩
જસ શાસનથી ખટ દ્રવ્ય પાયા, સ્યાદ્વાદ સમઝાયા જી;
અભિનવનંદન વનની છાયા, દર્શન જ્ઞાન ઉપાયા જી. વં૦ ૪
જાસ વજીર છે ગૌતમ રાયા, લબ્ધિનિધાન મન ભાયા જી;
ન્યાયસાગર પ્રભુના ગુણ ગાયા, સુજસ સુબોધ સવાયા જી.
વંદું૦ ૫

શ્રી મહાવીર જિન સ્તવન.

(૧૦)

(જરી જરી જરક સીટી દોરિ હજ ટીકાભલકા હો રાજ પ્યારે લાગો–એ દેશી)

નિરખી નિરખી સાહિબકી સુરતી, લોચનકે રે લટકે;
હો રાજ પ્યારા લાગો.
માને બાવાજી રી આણ પ્યારા લાગો,
માને દાદાજી રી આણ પ્યારા લાગો. ૧

તુમ વાણી મોયેં અમીય સમાની, મન મોહ્યું મુખ મટકે;
મુઝ મન ભમરિ પરિમલ સમરી, ચરણ કમળ જઇ અટકે;
હો રાજ૦ ૨

સુરતી દીઠી મુઝ મન મીઠી, પર સુર કિમ નવિ ખટકે;
જૈન ઉવેખી ગુણીના દ્વેષી, ત્યાંથી મુઝ મન છટકે.
હો રાજ૦ ૩

ત્રિશલાનંદન તુમ પયવંદન, શીતલતા હુઇ ઘટકે;
ઉત્તમ સીસે ન્યાય જગીસે, ગુણ ગાયા રંગ રહું કે.
હો રાજ૦ ૪

(૧૧)

કલશ.

ચોવીસ જિનવર ભવિક હિતકર, સકલ મગલ સુરતરૂ,
વિવિધ દેશી બંધિ ગાયા, ભક્તિ વશથી સુંદરૂ;
તપગચ્છ શોભાકરણ કવિવર, ઉત્તમસાગર પદ કજે;
રસિક મધુકર ન્યાયસાગર, શિષ્ય જીન ગુણને ભજે.

(૧૨)

શ્રી સૂર્યમંડન પાર્શ્વનાથ સ્તવન.

સુરતિ મંડન પૂરતિપ્યારી, મેા મનિં અતિ હિં સુહાય
નયના દર્શન ઊમ્હટે, મિલવેકું ચાહે કાય. (૧)
સનેહી સાહિબ મેરા બે, અરે હાં હાં સલૂનેં બંદા તેરા બે.
અરે હાં હાં મે છોરૂં ન કેરા બે,
અરે હાં હેા હારો ભવ ફેરા બે. **આંકણી**
તુંહી સાજન જન મનરંજન, મેાં મનકુલન બાગ;
તુમ્હ ગુણ પરિમલ મહમહે, ગુન રસિક ભમર પર ભાગ.
(૨) સનેહી૦
મેા મન ભિતર તુંહિ બિરાજે, ઓર ન આવે દાય;
તુઝ મુખ પંકજ મેાહિયેા, મન ભમર રહિયેા લેાભાય.
(૩) સનેહી૦
તું નીરાગી હું તુમ્હ ગુણરાગી, ઈમ કિમ વાધે હેત;
પ્રીત દુરાઈ ન દૂરેં, હુમ્હ નયન અયન કહ દેત (૪) સનેહી૦
તુંહિ જ લચ્છી તુંહિ જ સાહિબ, **સૂરતિમંડન પાસ;**
ન્યાયસાગર પ્રભુ આગલિં, એ સેવકની અરદાસ. (૫) સનેહી૦

શ્રી મહાવીર રાગમાલા પ્રશસ્તિ.

(૧૩)

(રચના-સં૦ ૧૭૮૪-રાંદેર-સુરત.)

અંતે—ઘર ઘર મંગલ માલ આજ મારે, ઘર ઘર મંગલ માલ;
વીર નિર્વાણને કેવલ ઉત્સવ, ઇંદ્ર કરે તત્કાલ. ૧
આજ મારે ઘર ઘર મંગલ માલ.

ઘરિ ઘરિ રંગ વધાઈ મંડન, શોભા ઝાક ઝમાલ;
રહી **રાંદેર** નયર ચોમાસુ, જિહો જિનભુવન વિશાલ. ૨
આજ મારે૦

વેદ વસુ મુનિ (૪ ૮ ૭) **વિધુ** (૧) મિત, હર્ષે એ રંગ માલ;
ધનતેરસ દિનિ પૂરણ કીધી, છત્રીસ રાગરસાલ. ૩
આજ મારે૦

સોમચંદ શાહ જયચંદ હોત ઇં, એ ઉત્તમ ગુણ ભાલ;
પંડિત **ઉત્તમસાગર** સેવક, **ન્યાયસાગર** સુરસાલ. ૪
આજ મારે૦

મહાવીર સ્તવ્યા મેં પુજી થુઈ, ગુણ મણિ ભરિથાલ;
ઘર ઘર મંગલ માલ આજ, મારે ઘર ઘર મંગલ પાલ. ૫

કલશ.

જય જગત લોચન તમ વિરોચન, **મહાવીર** જીનેસરો,
મેં થુણ્યો આગઈ ભક્તિ રાગઈ, જાગતઈ જગ અઘહરો;
તપગચ્છ મંડન દુરિત ખંડન, **ઉત્તમસાગર** સુખ વરો.
તસ સીસ ભાસઈ પુણ્ય આશય, **ન્યાયસાગર** જય કરો.



(૩૪)

મહોપાધ્યાય શ્રી લાવણ્યવિજયજી ગણિ.

ચોવીસી-રચના સંવત ૧૭૬૧ ખંભાત.

પંડિત **ભાનુવિજયજી**ના શિષ્ય **શ્રી મહોપાધ્યાય શ્રી લાવણ્યવિજયજી**એ ખંભાતમાં આ ચોવીસી રચના કરી છે. તેની પ્રત સુરત **શ્રી દેવચંદ લાલભાઇ** ભંડારમાંથી મળી પણ અધુરી છે. તેમની બીજી સાહિત્ય રચના-જાણવામાં આવી નથી.

શ્રી ઋષભજિન સ્તવન.

(૧)

(મહાવિદેહ ક્ષેત્ર સોહામણું-એ દેશી.)

આદિ જિનેસર સાહિબા, જન મન પૂરે આશ લાલ રે;
કરીય કૃપા કરુણા કરો, મન મંદિર કરો વાસ લાલ રે. આ૦ ૧
મહિમાવંત મહંત છે, જાણી કીધો નેહ લાલ રે;
આવિહડ તે નિત પાલીઇં, ચાતક જિમ મનિ મેહ લાલ રે.
આદિ૦ ૨
નિસનેહીસ્યું નેહલો, હૃદય દહે ભાંતિ લાલ રે;
ઉંધ વેચી ઉજાગરો, લીધો તેણિ બહુ ખંતિ લાલ રે. આ૦ ૩
તુજસ્યું મુજ મન જે મિલ્યું, તે જાણે તું દેવ લાલ રે;
તુજ ચિત્તમેં કિમ જાણીઇં, વિનતિ કરૂં નિત મેવ લાલ રે.
આદિ૦ ૪

વિનતીઈં તુઠા પ્રભુ, કીધો જ્યોતિ પ્રકાશ લાલ રે;
પંડિત **જ્ઞાનુવિજય** તણો, **લાવણ્ય** મન ઉલ્હાસ લાલ રે.
આદિ૦ ૫

શ્રી મહાવીર સ્તવન.

(૨)

(એહવી આવી રે ઈંદ્રાણી પોતપોતા એ-દેશી.)

સંગમ સુર પ્રેરિત સુર શ્યામા, મનમથ સેના આવી,
સન્મુખ પ્રભુ સ્યું છલવાહે નેં, બોલે નેહ જગાવી;
પ્રીતમ લીજેરે આ યૌવનયો લાહો-આંચલી. ૧

.....

દિન દિન પરમાણંદ બહુ વિલસે, **વીર જીનેસર** રાય;
કોવિદ **જ્ઞાનુવિજય** પય સેવી, **લાવણ્યકે** મનભાયા. ૮
પ્રીતમ લીજેરે આ યૌવનયો લાહો.

सामायिक विशुद्धात्मा, सर्वथा घाति कर्मणः।
क्षयात्केवलमाप्नोति, लोकालोक प्रकाशकम् ॥

અર્થ:-આવા સામાયિકથી વિશુદ્ધ થયેલો આત્મા સર્વ પ્રકારે ઘાતી કર્મનો ક્ષય કરીને લોકાલોક પ્રકાશક કેવળજ્ઞાનને મેળવે છે.

(૩૫)

શ્રી રામવિજયજી શ્રી સુમતિવિજયજીના શિષ્ય.

ચોવીસી રચના ૧૭૬૦ આસપાસ. મ્હેસાણા.

લેખન કાળ ૧૭૬૦ થી ૧૭૯૦.

શ્રી તપગચ્છમાં **શ્રી હિરવિજયસૂરિ**ની પરંપરામાં **શ્રી સુમતિવિજયજી**ના શિષ્ય શ્રી રામવિજયજી ઉપાધ્યાય શ્રી યશોવિજયજીના સમકાલીન હતા. તેઓશ્રીની ચોવીસી સુંદર અને ભક્તિરસ તથા યોગના વિષયોથી ભરપુર છે. તેમજ તેઓએ શ્રી શાંતિજીન રાસ બહુ જ સુંદર બનાવ્યો છે. તેઓશ્રીએ સાત નય ઉપર મોટી સજ્ઝાયો લખી છે. એમ કહેવાય છે કે તેઓશ્રીની વ્યાખ્યાન શૈલી એટલી બધી લોકપ્રીય હતી કે એક વખતે સમર્થ વિદ્વાન ઉપાધ્યાય **શ્રી યશોવિજયજી**ને તે સાંભળવાની ઇચ્છા થતાં, તેઓશ્રી ત્યાં ગયા, અને તેમની લોકપ્રિય ભાષા તથા દૃષ્ટાંતોથી સમજાવવાની શૈલી જોતાં શ્રી યશોવિજયજી છક થઇ ગયા. તેમનાં વ્યાખ્યાનમાં લોકોની મોટી સંખ્યા હાજર રહેતી. આવા સમર્થ વ્યાખ્યાતાની ચોવીસીના સ્તવનો અવશ્ય મોઢે કરવા જેવાં છે.

સાહિત્ય-રચના.

ગુજરાતી.

૧. શ્રી તેજપાલ રાસ. સં૰ ૧૭૬૦. ૨. શ્રી ચોવીસી મ્હેસાણા. સં. ૧૭૬૦ આસપાસ ૩. ધર્મદત્ત ઋષિ રાસ. સં. ૧૭૬૬. ૪. શ્રી શાંતિજીન રાસ. સં. ૧૭૮૫ ખંડ ૬, ગાથા ૬૯૫૧ અમદાવાદ. ૫. શ્રી લક્ષ્મીસાગરસૂરિ નિર્વાણ રાસ. ૧૭૮૮. ૬. ૨૦ વિહરમાન સ્તવનો,

સંસ્કૃત.

૧. ઉપદેશ માળા ટીકા.

શ્રી ઋષભ જિન સ્તવન.

(૧)

(યોગમાયા ગરબે રમે રે જો–એ દેશી.)

ઓળગડી આદિનાથની જો, કાંઇ કીજીએ મનને કોડ જો;
હોડ કરે કુણ નાથની જો, જેહના પાય નમે સુર કોડ જો.
ઓળ૦ ૧

વાહતો મરુદેવીનો લાડલો જો, રાણી સુનંદા હઇડાનો હાર જો;
ત્રણ ભુવનનો નાહલો જો, માહરા પ્રાણતણા આધાર જો.
ઓળ૦ ૨

વાહલે વીસ પુરવ લખ ભોગવ્યું જો, રુડું કુમરપણું રંગરોળ જો;
મનડું મોહ્યું રે જિનરુપસું જો, જાણે જગમાં મોહનવેલ જો.
ઓળ૦ ૩

પાંચસે ધનુષની દેહડી જો, લાખ પુરવ ત્રેસઠ રાજ જો;
લાખ પુરવ સમતા વર્યા જો, થયા શિવ સુંદરી વરરાજ જો.
ઓળ૦ ૪

એહના નામથી નવનિધ સંપજે જો,
વળી અલિયવિઘન સવિ જાય જો;
શ્રી સુમતિવિજય કવિરાયનો જો, ઇમ **રામવિજય** ગુણ ગાય જો.
ઓળ૦ ૫

શ્રી શાંતિનાથ સ્તવન.

(૨)

અંબા વિરાજે છે–એ દેશી.

સુંદર **શાંતિજિણુંદની**, છબી રાજે છે;
પ્રભુ ગંગાજલ ગંભીર, કીરતિ ગાજે છે. ૧

ગજપુર નયર સોહામણું, ઘણું દીપે છે;
વિશ્વસેન નરિંદનો નંદ, કંદ્રપ જીપે છે. ૨
અચિરા માતાયેં ઉર ધર્યો, મન રંજે છે;
મૃગ લંછન કંચનવાન, ભાવઠ ભંજે છે. ૩
પ્રભુ લાખ વરસ ચઉભાગે, વ્રત લીધું છે;
પ્રભુ પામ્યા કેવલજ્ઞાન, કારજ સિધું છે. ૪
ધનુષ ચાલીશની દેહડી, તનુ સોહે છે;
પ્રભુ દેશના ધ્વનિ વરસંત, ભવિ પડિબોહે છે. ૫
ભગત વછલ પ્રભુતા ભણી, જન તારે છે;
બૂડંતાં ભવજલ માંહિ, પાર ઉતારે છે. ૬
શ્રી **સુમતિવિજે** ગુરૂનામથી, દુઃખ નાસે છે;
કહે **રામવિજે** જિન ધ્યાન, નવનિધિ પાસે છે. ૭

શ્રી નેમનાથ સ્તવન.

(૩)

॥ દેશી–તુમે તમારા ઘુરડાના ગુણ માનો કે ના ॥

રાજુલ કહે પિઉ નેમજી, ગુણ માનો છો કે ના;
કિમ છોડી ચાલ્યા નિરધાર, હે ગુણ જાણો છો કે ના.
પુરૂષ અનંતે ભોગવી ગુ૦ પિઉ શું મોહ્યા તિણ નાર.
હે ગુણ૦ ॥૧॥
કોડી ગમે જેહને ચાહે ગુ૦ શો તે નારીથી સંગ; હે૦
પણ જગ ઉખાણો કહ્યો ગુ૦ હોવે સરીસા સરસો રંગ.
હે ગુણ૦ ॥૨॥
હું ગુણવંતી ગોરડી ગુ૦ તે નિગુણ નહેજી નાર; હે૦
હું સેવક છું રાવલી ગુ૦ તે સામું ન જુવે લગાર. હે ગુણ૦ ॥૩॥

જગમાં તે ગુણ આગલી ગુ૰ જેણે વશ કીધો ભરતાર; હે૰
મન વૈરાગે વાલીયો ગુ૰ લીએ રાજુલ સંયમ ભાર. હે ગુણ૰ ॥૪॥
બહેનીને મલવા ભણી (મુ૰) ગુ૰ પિઉ પહેલી તે જાય; હે૰
સંધ લહી તે નારીનો ગુ૰ રહી અનુભવ શું લય લાય.
હે ગુણ૰ ॥૫॥
સમુદ્ર વિજે કુલચંદલો ગુ૰ શિવાદેવી માત મલ્હાર; હે૰
વરસ સહસ એક આઉખું ગુ૰ શોરીપુર શિણગાર. હે ગુણ૰ ॥૬॥
દેહ ધનુષ દશ દીપતી ગુ૰ પ્રભુ બ્રહ્મચારી ભગવંત; હે૰
રાજુલ વર મને વાલહો ગુ૰ **રામવિજય** જયવંત. હે ગુણ૰ ॥૭॥

શ્રી પાર્શ્વનાથ તસ્વન.

(૪)

॥ પાટણના ગીતની દેશી–છે. ॥

સેવો ભવિજન જિન ત્રેવીશમો, લંછન નાગ વિખ્યાત;
જલધર સુંદર પ્રભુજીની દેહડી, વામા રાણીનો જાત સેવો૰ ૧
ચઉદિશે ઘોર ઘટા ઘન શું મલ્યો, કમઠે રચ્યો જલધાર;
મૂસલ ધારે જલ વરસે ઘણું, જલ થલનો ન લહું પાર. સેવો૰ ૨
વડ હેઠલ વ્હાલો કાઉસગ્ગ રહ્યો, મેરૂ તણી પરે ધીર;
ધ્યાન તણી ધારા વધે તિહાં, ચડીયાં ઊંચાજી નીર. સેવો૰ ૩
અચલ ન ચલીયો પ્રભુજી માહરો, પામ્યો કેવલ નાણ;
સમોવસરજ સુર કોડ મિલ્યા તિહાં, વાજ્યાં જિત નિશાન.
સેવો૰ ૪
નવકર ઊંચ પણે પ્રભુ શોભતા, અશ્વસેન રાયના નંદ;
પ્રગટ પરચા પૂરણ પાસજી, દીઠે હોવે પરમાણંદ. સેવો૰ ૫
એક શત વરસનું આઉખું ભોગવી, પામ્યા અવિચલ રિદ્ધ;
બુધ શ્રી સુમતિવિજે ગુરૂ નામથી, **રામ** લહે વર સિદ્ધ. સેવો૰ ૬

શ્રી મહાવીર જિન સ્તવન.

(૫)

(ગરબી પૂછે રે મારા ગરવડા રે-એ દેશી.)

ચરણ નમી જિનરાજના રે, માંગું એક પસાય,
મારા લાખેણા સ્વામી રે તુંને વીનવું રે;
મેહેર કરો મારા નાથજી રે, દાસ ધરો દીલ માંહે. મારા૦ ૧
પતિત ઘણા તે ઉદ્ધર્યા રે, બીરૂદ ગરીબ નીવાજ મારા૦;
એક મુઝને વિસારતાં રે સેં ના'વે પ્રભુ લાજ. મારા૦ ૨
ઉત્તમ જિન ધન સારીખો રે, નવી જોવે ઠામકુઠામ મારા૦;
પ્રભુ સુ નજર કરુણા થકી રે, લહીએ અવિચલ ધામ. મારા૦ ૩
સુત સિદ્ધારથ રાયનો રે, ત્રિસલાનંદન વીર મારા૦;
વરસ બહુતેર આઉખું રે, કંચનવાન શરીર. મારા૦ ૪
મુખ દેખી પ્રભુ તાહરું રે, પામ્યો પરમાણંદ. મારા૦;
હૃદય-કમળનો હંસલો રે, મુનિજન કેરવચંદ મારા૦ ૫
તું સમરથ સીરનાહલો રે, તો વાધે જસપૂર મારા૦;
જીત નિશાનના નાદથી રે, નાઠા દુશમન દૂર. મારા૦ ૬
શ્રી સુમતિ સુગુરુપદ સેવના રે, કલ્પતરુની છાંહ મારા૦;
રામ પ્રભુ જિન વીરજી રે, છે અવલંબન બાંહ. મારા૦ ૭

—: ચોવીસીનો કળશ :—

ઈમ ભૂવન ભાસત દૂરિતનાસન વિમળશાસન જીનવરા,
ભવભીતિ ચૂરણ આસપૂરણ, સુગતિ કારણ શંકરા;
મેં થુણ્યા ભગતેં વિવિધ જુગતે, નગર **મહિસાણે** રહી,
શ્રીસુમતિવિજય ચરણસાનિધિ, **રામવિજયજય** સીરી લહી.

(૩૬)

શ્રી રંગવિજય શિષ્ય શ્રી અમૃતવિજયજી.

શ્રી વિજયપ્રભસૂરિની પરંપરામાં શ્રી રંગવિજયજીના શિષ્ય શ્રી અમૃતવિજયજી થયા છે, તેઓશ્રીની બીજી કૃતિઓ જાણવામાં નથી

ઋષભજિન સ્તવન.

(૧)

(એ છંડી કિહાં રાખી રે કુમતી કાં પ્રતિમા રે ઉથાપી. એ-દેશી.)

જગજીવન જગજન ઉપગારી, શ્રી ઋષભ જિનેશ્વર દેવા;
સયલ સંતાપ ટલેંય સધ્યાને માતાશ્રી મરૂદેવા રે,
જિનજી સુખકર સાહિબ મોરા. ૧
હું ભવભવ સેવક તોરા રે, જિ૦ આં૦
એક સહસ અધિક અડલક્ષણ.
લક્ષણ કંચન વરણે સમચોર સંસ્થાંની,
સાહિબ ધારી લંછન ચરણે. જિ૦ ૨
ઇંદ ચંદ રવિ સાગર મહીધર ગુણ લઈ તુઝ તનું કીધ,
પ્રભુતા સૌમ્ય પ્રતાપી ગંભીરતા ધીરયતા સુપ્રસિધ રે. જિ૦ ૩
ભવિજન બોધક આશ્રવરોધક, શૌચ સદા જસનામ,
સકલ સુરાસુર સેવિત પદકજ, નિત નિત કરૂં પ્રણામ રે. જિ૦ ૪
કેવલજ્ઞાન નેં કેવલ દરસન ચરણ વિરય અનંત,
ચ્યાર અનંતા જેહને છાજે પ્રણમું તે ભગવંત રે. જિ૦ ૫
નિવડ બંધ કરમના તોડી, મોડી મોહની જાલ;
સિદ્ધિ વરી ગુણ ખાંણી અનંતી, પરમાનંદી દયાલ રે. જિ૦ ૬

પુન્યે જિનવર સાર જગતમાં, સેવા લહિઇં તુઝ,
રંગવિજય બુધ **અમૃત** જંપે, ચરણે રાખો મુઝ રે. જિ૦ ૭
જીનજી સુખકર સાહેબ મોરા.

શ્રી શાંતિનાથજી સ્તવન.

(૨)

(શીલ સુરંગી મયણ રેહા સતી એ-દેશી.)

શાંતિ જિણેસર સાહિબ માહરા, શાંતિ તણો દાતારજી;
જગ હિતકારી જગ ગુરૂ જગધણી, ભવિજનનો આધારજી. ૧
ભાવે વંદુ રે સોલમો જિન વરૂ, દાયક પરમાણંદજી;
અચિરાનંદન નિત કરૂં વંદના, પૂજિત ઇંદ નરિંદજી. ભાવે૦ ૨
વિશ્વસેન ભૂપતિ સુત સુખકરૂ, મંગલ છન ધરે પાયજી;
સકલ અવાય તે દૂર નિવારતા, ભવિજનના જિનરાયજી. ભા૦ ૩
વલી વલી લલી લલી પ્રભુજી વિનવું, ટાલો મિથ્યાતનો પાસજી;
શાંતિ સુધારસે મુઝ મન થાપિઇં, કાપીઇં ભવની રાસજી. ભ૦ ૪
તારો સેવક જાંણી આપણો, વારો મોહાદિક વૈરી રે;
પુન્ય પ્રભાકર **રંગે** દીજીઇં, **અમૃત** પદની સેવ રે. ભા૦ ૫

શ્રી નેમનાથ સ્તવન.

(૩)

(જીરેજી-ની દેશી.)

જીરે મ્હારે જંબૂ ભરતમ-ઝાર, નયરી સોરીપૂર સોહિઇં જીરેજી;
જીરે૦ સમુદ્રવિજય તિહાંરાય, રાણી શિવા મન મોહિઇ.
જીરે૦ ૧

જી૦ ચૌદસુપનસ્યું દેવ, ઉયરે, આવી અવતર્યા જી૦;
જી૦ જનમ થકી જિનરાય, ત્રિણ જ્ઞાનસ્યું પરિવર્યા. જી૦ ૨
જી૦ જનમ મહોચ્છવ સાર, સુરગિરિઇં સુરવરકરેં જી૦;
જી૦ કરી જનમ અભિષેક, નિજ આતમ નિરમલકરે. જી૦ ૩
જી૦ અતિ અદ્‌ભૂત તનુ રૂપ મનમથ ભાવને જે ભજે જી૦;
જી૦ એહવું યોવન પામિ કંદર્પ ન (દૂરે) ભજે. જી૦ ૪
જી૦ સુખીયા કીધા લોક, દાન સંવચ્છરી દેઇને જી૦;
જી૦ લિઇં દીક્ષા જિનરાજ સહસ પુરૂષ સાથે લેઇને જી૦ ૫
જી૦ ચોપન દિન છદ્મસ્થ-પણું પાલી કેવલ લહ્યું જી૦;
જી૦ કરિ ભવિક ઉપગાર, રેવતાચલ શિવ પદ લહ્યું. જી૦ ૬
જી૦ પામી પૂરવ પુન્ય, પ્રભુ આણા આરાધીઇં જી૦;
જી૦ રંગવિજય કવિ શીસ, અમૃત કહે શિવ સાધીઇં. જી૦ ૭

શ્રી પાર્શ્વનાથજી સ્તવન.

(૪)

(હો મતવાલા સાહેબા-એ દેશી.)

શ્રી પાસ જિનેસર જય કરૂં, પ્રણમો ભવિજન ધરિ નેહરે;
ચિત્ત નિરમલ કરી શુભ વાવસું, એ તો અનંતાનો ગેહોરે. શ્રી૦ ૧
એ તારવા ભવજલ નિધિ થકી, પ્રભુ કારક મંગલ માલરે;
તું તો વારક મોહમિથ્યાતનો, દુઃખ ટાલક દેવ દયાલ રે. શ્રી૦ ૨
રાગાદિક અરિને જીતીનેં, લીધું સ્વાતમ કેરૂં રાજ્ય રે;
નિત્ય ચિદાનંદ મયી તુમેં, પ્રભુ સારો સેવક કાજ રે. શ્રી૦ ૩

પુરૂષોત્તમ પ્રભુ શ્રી પાસજી, ટાલો મુજ ભવનો પાસ રે;
લલી લલી તુમ ચરણે નમુ, વલી વલી કરૂં અરદાસ રે. શ્રી૦ ૪
નૃપ અશ્વસેન કુલ દિન મણિ રે, માતા વામા કેરો નંદ રે;
રાણી પ્રભાવતી વાલહો, મુખ સોહે સારદ ચંદ રે. શ્રી૦ ૫
તુમે દયા નિધિ મહારાજ છો, દયા કરી જિનરાજ રે;
શ્રી રંગવિજય કવિરાયનો, અમૃત નેં ઘો શિવરાજ રે. શ્રી૦ ૬

શ્રી વીરજિન સ્તવન.

(૫)

(ધ્રુડર આંબા આંબલી રે—એ દેશી.)

પરમ જ્યોતિમય દયાઈ યે રે, વિશ્વ પ્રકાશક ઈસ;
સ્વાતમની સંપદવરીરે, કેવલ કમલા ધીસ.
ભવિક જન પ્રણમો જિનરાય. ૧
સકલ ગુણકર સાહેબો રે, પ્રણુમત નાગર કોડિ;
સાગર પરે ગંભીરતા રે, જ્યોરે નાવે જગજસ જોડિ. ભવિ૦ ૨
અલખ નિરંજન નાથજી રે, કરૂણા રસ ભંડાર;
સમરથ જગજન તારવારે, શિવગામી સિરદાર. ભવિ૦ ૩
દાયક-જિન શિવ સર્મનો રે, ત્રાયક પરમ પવિત્ર;
સકલ પદારથ પૂરણો રે, ચૂરણો દુઃખ વિચિત્ર. ભવિ૦ ૪
સુકૃત લતા વન સિંચવા, પસર્યો ઘન પસમાન;
ભવિજનમનતરૂ વિસ્તર્યો રે, હિતકારી જિનવાણી. ભવિ૦ ૫
સુરનર કિંનર રાજિયો રે, વિદ્યાધર નર જેહ;
પૂજિત પય અરવિંદ સ્યું રે, જગદાનંદના તેહ. ભવિ૦ ૬
પુન્યે જિનવર વીરનો રે, શાસન લહિ સુખકાર;
રંગધરી આરાધતાં રે, હોવે અમૃત પદ સાર. ભવિ૦ ૭

કલશ.

(૬)

(દીઠો દીઠો રે વામાકો નંદન દીઠો, એ-દેશી.)

વંદો વંદો રે ભવિ ચોવીસે જિન વંદો;
ઋષભ અજિત સંભવ સુખદાયક, **અભિનંદ** આણંદોરે.
ભવિ ચો૦ ૧
શ્રી **સુમતિ** સુમતિ સુખદાયક **પદ્મ પ્રભ** ધર વંદો;
શ્રી **સુપાસ ચંદ્રપ્રભ સુવિધિ શીતલ** સમરસકંદોરે.
ભવિ ચો૦ ૨
શ્રી **શ્રેયાંસ** વંદો **વાસુપૂજ્ય, વિમલ** વિમલ ગુણચંદો;
અનંત ધર્મ જિનેસર **શાંતિ કુંથુ અરદિણુંદો**રે.
ભવિ ચો૦ ૩
મલ્લિ મુનિસુવ્રત સુવ્રત, સુખદાયક **નમિજિણુંદો**;
નેમિ પાસ વીરજિન પ્રણમી ભવભવ દુઃખનિકંદોરે.
ભવિ ચો૦ ૪
તપગછ પાટ પરંપર ઉદયો, શ્રી **વિજયદેવસૂરીંદો**;
તાસ પાટ પૂર્વાચલ દિનકર, **વિજયપ્રભ** મુનીંદોરે.
ભાવિ ચો૦ ૫
તાસ સીસ વર પ્રવર પ્રતાપી શીતલ પુનિમ ચંદો;
ઉપગારી આચારી ગીતારથ, શ્રી **પુણ્યવિજય** ગુ૦
(પાઠભુટે છે.)

(૩૭)

ઉપાધ્યાય શ્રી ઉદયરત્ન.

લેખન કાળ—૧૭૪૯ થી ૧૭૬૯.

શ્રી તપગચ્છમાં શ્રી વિજયરાજસૂરિની પરંપરામાં શ્રી શિવ-રત્નના શિષ્ય પ્રખ્યાત કવિ **શ્રી ઉદયરત્ન** થઇ ગયા છે. તેઓશ્રીની ચોવીસીના સ્તવનો ટૂંકા પણ સાદી અને સરળ ભાષામાં છે. તેઓશ્રીએ ઘણા પ્રભાતિઆ, છંદો, સજ્ઝાયો તથા ૨સો લખ્યા છે ને સ્તવનો પણ ઘણા સુંદર અને ભાવવાહી બનાવ્યા છે. તેમાં સિદ્ધાચલજીના સ્તવનો ઘણા લોક-પ્રિય બન્યા છે.

તેઓશ્રીનો જન્મ અને સ્વર્ગવાસ કયા વરસમાં થયો એ સંબંધી કંઇ માહિતી મળતી નથી. પણ શ્રીમદ્ બુદ્ધિસાગરજીના કહેવા પ્રમાણે તેઓ **ખેડાના** રહીશ હતા અને **મીયાગામમાં** કાળધર્મ પામ્યા હતા તેઓશ્રીએ શ્રી સ્થૂલિભદ્રના નવરસો લખ્યા હતા અને તેથી આચાર્યશ્રીએ કપકો આપવાથી બ્રહ્મચર્યની નવ-વાડનાં કાવ્યો રચ્યા હતા. **ખેડામાં** ત્રણ નદીઓ વચ્ચે ચાર માસ સુધી કાઉસ્સગ્ગ ધ્યાનમાં સ્થિર રહ્યા હતા, તેથી ત્યાં **બેટડું** થયું. અને ત્યાં ૫૦૦ ઘર ભાવસાર આદિના હતા તેમને જૈનધર્મના રાગી કર્યા. તેઓશ્રીએ ૧૭૮૯માં શ્રી શત્રુંજયની યાત્રા કરતાં સ્તવન બનાવ્યું છે.

શ્રીમાન્ ઉદયરત્ન એક વખતે સં. ૧૭૫૦માં શ્રી સંઘ સાથે શ્રી શંખેશ્વર પાર્શ્વનાથની યાત્રાએ જતાં ત્યાં દેરાસર મંગલિક હતું; એટલે મહારાજશ્રીએ દર્શન કર્યા સિવાય અન્નાદિક ન લેવું એવો અભિગ્રહ કર્યો હતો. પૂજારીએ દેરાસર ઉઘડવાની ના પાડી. તે વખતે પ્રભાતિઉ રચ્યું અને હર્ષિક ભાવથી સ્તુતિ કરતાં વીજલીના

કડાકા સાથે જિનમંદિરનાં દ્વાર ખુલ્યાં અને શ્રી સંઘને શ્રી શંખેશ્વર પાર્શ્વનાથજીના દર્શન થયાં તેથી કવીશ્વરની શ્રદ્ધા અને પ્રભુના પ્રભાવની પ્રશંસા થવા લાગી આ સાથે તેમનાં પાંચ સ્તવનો તથા બીજા દસ મલી કુલ પંદર કાવ્યો લીધા છે.

શ્રી ઋષભજિન સ્તવન.

(૧)

(વાર વાર રે વીહલ વંશ મુને તો ન ગમે રે–એ દેશી.)

મરુ દેવીનો નંદ માહરો સ્વામી સાચો રે;
શિવવધૂની ચાહ ધરો તો, એહને યાચો રે. મરુ૦ ૧
કેવલ કાચના કુંપા જેહવો, પિંડ કાચો રે;
સત્ય સરૂપી સાહિબો એહને, રંગે રાચો રે. મરુ૦ ૨
યમરાજાના મુખડા ઉપર, દેઇ તમાચો રે;
અમર થઇ **ઉદયરત્ન** પ્રભુસ્યું, મિલી માચો રે. મરુ૦ ૩

શ્રી શાંતિનાથ સ્તવન.

(૨)

પોસહમાં પારેવડો રાખ્યો, શરણે લેઇ રે;
તન સારે જીવાડયો અભય–દાન દેઈ રે. પોસહ૦ ૧
અનાથ જીવનો નાથ કહાવે, ગુણનો ગેહી રે;
તો મુજને પ્રભુ તારતાં કહો, એ વાત કેહી રે. પોસહ૦ ૨
ગરીબ નિવાજ તું ગિરૂઓ સાહિબ, **શાંતિ** સનેહી રે;
ઉદયરત્ન પ્રભુ તુજ શું બાંધી, પ્રીત અછેહી રે. પોસહ૦ ૩

શ્રી નેમનાથ સ્તવન.

(૩)

બોલ બોલ રે પ્રીતમ મુજ શું બોલ મેલ આંટો રે;
પગલે પગલે પીડે મુજને, પ્રેમનો કાંટો રે. બોલ૦ ॥૧॥
રાજેમતી કહે છોડ છબીલા, મનની ગાંઠો રે;
જિહાં ગાંઠો તિહાં રસ નહિ જિમ, શેલડી સાંઠો રે. બોલ૦ ॥૨॥
નવ ભવનો મુને આપને **નેમજી**, નેહનો આંટો રે;
ઘોયો કિમ ઘોવાય **યાદવજી**, પ્રીતનો છાંટો રે. બોલ૦ ॥૩॥
નેમ રાજુલ બે મુગતિ પહોતાં, વિરહના ઠોરે;
ઉદયરત્ન કહે આપને સ્વામી, ભવનો કાંઠો રે. બોલ૦ ॥૪॥

શ્રી પાર્શ્વનાથ સ્તવન.

(૪)

ચાલ ચાલ રે કુંવર ચાલ તાહરી, ચાલ ગમે રે;
તુજ દીઠડા વિના મીઠડા માહરા, પ્રાણ ભમે રે. ચાલ૦ ॥૧॥
ઓલા માંહિ પડતું મેહલે, રીસે દમે રે;
માવડી વિના આવડું ખુંદ્યું, કુણ ખમે રે. ચાલ૦ ॥૨॥
માતા વામા કહે મુખડું જોતાં, દુઃખડાં શમે રે;
લલિ લલિ **ઉદયરત્ન** પ્રભુ, તુજને નમે રે. ચાલ૦ ॥૩॥

શ્રી મહાવીર જિન સ્તવન.

(૫)

આવ આવ રે માહરા મનડા માંહે, તું છે પ્યારો રે;
હરિહરાદિક દેવ હું તી હું છું ન્યારો રે. આવ૦ ૧

અહો **મહાવીર** ગંભીર તું તો, નાથ માહરો રે;
હું નમું તુહને ગમે મુહને, સાથ તાહરો રે. આવ૦ ૨
સાહી સાહી રે મીઠડા હાથ માહરા, વૈરી વારો રે;
દૈ દૈ રે દર્શન દેવ મુને, દેને લારો રે. આવ૦ ૩
તું વિના ત્રિલોક મેં કેહનો, નથી ચારો રે;
સંસાર પારાવારનો સ્વામી, આપને આરો રે. આવ૦ ૪
ઉદયરત્ન પ્રભુ જગમેં જોતાં, તું છે તારો રે;
તાર તાર રે મુને તાર, તું સંસારો રે. આવ૦ ૫

ગ્રન્થ-રચના.

૧ શ્રી જંબૂસ્વામિરાસ ઢાલ ૬૬. ૧૭૪૯. સ્થળ:-ખેડા હરિયાલા.
૨ શ્રી અષ્ટ પ્રકારી પૂજા ૧૭૫૫ અણહીલપુર પાટણ. પોસ સુદ ૧૦
૩ શ્રી સ્થૂલિભદ્ર રાસ ૧૭૫૯ ઊના બંદર. માગસર સુદ ૧૧
૪ શ્રી શંખેશ્વર પાર્શ્વનાથનો સલોકો. ૧૭૫૯ વૈશાખ વદ ૬
૫ રાજસિંહ રાસ-નવકાર રાસ ૧૭૬૨ અમદાવાદ માગસર સુદ ૭
૬ બ્રહ્મચર્યની નવ વાડ સજ્ઝાય ઢાલ ૧૦, ૧૭૬૩ ખંભાત શ્રવણ વદ ૧૦
૭ બાર વ્રત રાસ ૧૭૬૫
૮ શ્રી મલયસુંદરીરાસ અથવા વિનોદ-વિલાસરાસ ઢા. ૧૩૩. ૧૭૬૬ ખેડા
૯ શ્રી યશોધર રાસ ઢાલ ૮૧, ૧૭૬૭ પાટણ પોસ સુદ ૫
૧૦ શ્રી લીલાવતી સુમતિ-વિલાસરાસ ઢા. ૨૧, ૧૭૬૭ પાટણ ઊનાઉ આસો વદ ૬
૧૧ ધર્મબુદ્ધિ-પાપબુદ્ધિનો રાસ. ગા. ૩૯૬, ૧૭૬૮ પાટણ માગસર વદ ૧૦
૧૨ શ્રી ભુવનભાનુ કેવલીનો રાસ ઢા. ૯૭, ૧૭૬૯ પાટણ ઊનાઉ પોસ વદ ૧૩
૧૩ શ્રી નેમનાથ સલોકો. ૧૪ શ્રી શાલીભદ્ર સલોકો. ૧૭૭૦ આદ્રજ
૧૫ શ્રી ભરત બાહુબલ સલોકો. ૧૬ શ્રી વિમલ મહેતાનો ૧૭૯૯.
૧૭ શ્રી સૂર્યયશાનો રાસ. ૧૮ શ્રી ભા.ભા પારસનાથ સ્તવન ૧૭૭૯ ભાદરવા સુદ ૧૫

૧૯ મહિપતિરાજા અને મતિસાગર પ્રબંધરાસ.

૨૦ શ્રી હરિવંશરાસ-રસરત્નાકર રાસ-૧૭૯૫ ખેડા-હરિયાલા

જેઠ સુદ ૮

પારેખ પ્રેમજીના સંઘમાં ગયા ત્યારે ૧૭૭૭ માં શ્રી સિદ્ધાચલ મંડન સ્તવન.

ઢાલ ચોથી.

(૬)

માહરા રે ભાઈ **સુહલ્લા!** ગુણમાનું લાલ.
મને આપજ્યો થાહરી પાંખ, થારો ગુણ માનું લાખ;
હું એલંઘું ઊજાડ, ગુણ માનું લાલ.
માને **શત્રુંજો** દેખાડ, થારો ગુણ માનું લાખ;
આદિસરને ભેટું ઊડીને ગુણ, ભાંજુ માહરા મનની ભ્રાંત.
થારો ગુણ૦ (૧)

વૈશાખ જેઠની **વાદળી!** ગુણ માનું લાખ,
માહરા સંઘ ઉપર કર છાંહિ, થારો ગુણ માનું લાખ;
પવન લાગું પાઉલે, ગુણ માનું લાખ,
તું તો સંઘ ઉપર કર, થારો ગુણ માનું લાખ. (૨)
જલધરને જાઉં ભાંમણે, ગુણ માનું લાખ,
તું તો જાણી જાણી વિરસ્યે બુંદ, થારો ગુણ માનું લાખ;
માલીડા લાવ્યે ફૂલડાં, ગુણ માનું લાખ,
માંહિ માલતીને મુચુકંદ, થારો ગુણ માનું લાખ. (૩)
પારેખ પ્રેમજી સંઘવી, ગુણ માનું લાખ,
ભણશાલી કપૂર, થારો ગુણ માનું લાખ;
મજલૂં જે નાની કરો, ગુણ માનું લાખ;

તો સંતાપે નહીં સૂર, થારો ગુણ માનું લાખ. (૪)
શ્રી આદિસર સાહિબા, ગુણ ચિત્તમાં ધરન્યેા;
ઉદયરતન ઈમ ઉચ્ચરે ગુણ, માને દરસણ દેજે રેાજ.
થારેા૦ (૫)

નવમી ઢાલ.

(૭)

સૂરતિ બિંદર સહિરનેા વાસી, પારેખ પ્રેમજી પેાતે;
સંઘ લઇ શત્રુંજે આયેા, જય પાયેા ગિર જોતે રે.
ભણશાલી કપુરે ભલી પરે, સંઘની સાનિધ કીધી;
કાઠી લેાકને લાગેા કરડેા, સખર શાખ્યાસી લીધી રે.
સંવત **સત્તર સીતેરા** વર્ષે, વદિ સાતમ ગુરૂવારે;
ઉદય વદે **આદિપતિ** ભેટયેા, સંઘ ચતુર્વિધ સાથે રે.

કલશ

શ્રી હીરરત્નસૂરિશ વંશે, જ્ઞાન રત્ન ગુણિ ગુણનીલેા,
તિણ સાત ઠાણે સંઘ સાથે, ભેટીએા ત્રિભુવન તિલેા;
જે જિન આરાધે મન સાધે, સાધે તે સુખ સંપદા,
ઉદયરત્ન ભાખે અનેક ભવની, તેહુ ટાલે આપદા.

શ્રી સિદ્ધાચલ-સ્તવન.

(૮)

રચના સં૦ ૧૭૮૯

તે દિન કયારે આવશે, **શ્રી સિદ્ધાચલ** જાશું;
ઋષભ જિણંદને પૂજવા, સૂરજકુંડમાં ન્હાશું.

—તે દિન કયારે આવશે૦ ૧

સમવસરણમાં બેસીને, જિનવરની વાણી;
સાંભળશું સાચે મને, પરમારથ જાણી.
—તે દિન કયારે આવશે૦ ૨

સમકિત વ્રત સુધાં કરી, સદ્‌ગુરુને વંદી;
પાપ સરવ આલોઈને, નિજ આતમનિંદી. —તે૦ ૩

પડિક્કમણા દોય ટંકના, કરશું મન કોડે;
વિષય કષાય વિસારીને, તપ કરશું હોડે. —તે૦ ૪

વ્હાલાને વૈરી વચ્ચે, નવિ કરવો વહેરો;
પરના અવગુણ દેખીને, નવિ કરશું ચહેરો. —તે૦ ૫

ધર્મસ્થાનક ધન વાવરી, છક્કાયને હેતે;
પંચ મહાવ્રત લઈને, પાળશું મન પ્રીતે. —તે૦ ૬

કાયાની માયા મેલીને, પરિસહને સહેશું;
સુખ-દુઃખ સઘળાં વિસારીને, સમભાવે રહેશું. —તે૦ ૭

અરિહંત દેવને ઓળખી, ગુણ તેહના ગાશું;
ઉદયરત્ન એમ ઉચ્ચરે, ત્યારે નિર્મળ થાશું. —તે૦ ૮

ક્રોધની સજ્ઝાય.

(૯)

કડવાં ફળ છે ક્રોધનાં, જ્ઞાની એમ બોલે;
રીસતણો રસ જાણીએ, હલાહલ તોલે. કડવાં૦ ૧

ક્રોધે ક્રોડ પૂરવ તણું, સંજમફળ જાય;
ક્રોધ સહિત તપ જે કરે, તો તો લેખે ન થાય. ૨

સાધુ ઘણો તપીઓ હતો, ધરતો મન વૈરાગ્ય;

શિષ્યના ક્રોધ થકી થયો, ચંડકોસિયો નાગ. ૩
આગ ઉઠે જે ઘર થકી, તે પહેલું ઘર બાળે;
જળનો જોગ જો નવિ મળે, તો પાસેનું પરજાળે. ૪
ક્રોધ તણી ગતિ એહવી, કહે કેવલ–નાણી;
હાણ કરે જે હેતની, જાળવજો એમ જાણી. ૫
ઉદયરત્ન કહે ક્રોધને, કાઢજો ગળે સાહી;
કાયા કરજો નિર્મળી, ઉપશમ રસે નાહી. ૬

માનની સજ્ઝાય.

(૧૦)

રે જીવ! માન ન કીજીએ, માને વિનય ન આવે રે;
વિનય વિના વિદ્યા નહિ, તો કિમ સમકિત પાવે રે? ૧
સમકિત વિણ ચારિત્ર નહિ, ચારિત્ર વિણ નહિ મુક્તિ રે;
મુક્તિનાં સુખ છે શાશ્વતાં, તે કિમ લહીએ જુક્તિ રે. ૨
વિનય વડો સંસારમાં, ગુણમાં અધિકારી રે;
માને ગુણ જાયે ગળી, પ્રાણી જો જો વિચારી રે. ૩
માન કર્યું જો રાવણે, તો તે રામે માર્યો રે;
દુર્યોધન ગર્વે કરી, અન્તે સવિ હાર્યો રે. ૪
સૂકાં લાકડાં સારીએ, દુઃખદાયી એ ખોટો રે;
ઉદયરત્ન કહે માનને, દેજો દેશવટો રે. ૫

માયાની સજ્ઝાય.

(૧૧)

સમકિતનું મૂળ જાણીએજી, સત્ય વચન સાક્ષાત્;
સાચામાં સમકિત વસેજી, માયામાં મિથ્યાત્વ રે;

પ્રાણી! મ કરીશ માયા લગાર. ૧
મુખ મીઠો જૂઠો મને જી રે! કૂડ-કપટનો રે! કોટ;
જીભે તો જી જી કરે જી રે! ચિત્તમાં તાકે ચોટ રે;
પ્રાણી! મ કરીશ માયા લગાર. ૨
આપ ગરજે આધો પડે જી રે! પણ ન ધરે રે! વિશ્વાસ;
મનશું રાખે આંતરો જી રે! એ માયાનો પાસ રે;
પ્રાણી! મ કરીશ માયા લગાર. ૩
જેહશું બાંધે પ્રીતડી જી રે! તેહશું રહે પ્રતિકૂળ;
મેલ ન છંડે મન તણો જી રે! એ માયાનું મૂળ રે;
પ્રાણી! મ કરીશ માયા લગાર. ૪
તપ કીધો માયા કરી જી રે! મિત્ર શું રાખ્યો ભેદ;
મલ્લિ જિનેશ્વર જાણુને જી રે! તો પામ્યા સ્ત્રીવેદ રે;
પ્રાણી! મ કરીશ માયા લગાર. ૫
ઉદયરત્ન કહે સાંભળો જી રે! મેલો માયાની બુદ્ધ;
મુક્તિપુરી જાવા તણો જી રે! એ મારગ છે શુદ્ધ રે;
પ્રાણી! મ કરીશ માયા લગાર. ૬

લોભની સજ્ઝાય.

(૧૨)

તુમે લક્ષણ જો જો લોભનાં રે! લોભે મુનિ જન પામે ક્ષોભ નારે!
લોભે ડાહ્યા-મન ડોલ્યા કરે રે! લોભે દુર્ઘટ પંથે સંચરે રે!
તુમે લક્ષણ૦ ૧
તજે લોભ તેનાં લઉં ભામણા રે! વળી પાય નમી કરું ખામણા રે;
લોભે મર્યાદા ન રહે કેહની રે! તુમે સંગત મેલો તેહની રે!
તુમે લક્ષણ૦ ૨

લોભે ઘર મેલી રણમાં મરે રે! લોભ ઉચ્ચ તે નીચું આદરે રે!
લોભે પાપ ભણી પગલાં ભરે રે! લોભ અકારજ કરતાં ન
ઓસરે રે! તુમે લક્ષણ૦ ૩
લોભે મનડું ન રહે નિર્મળું રે! લોભે સગપણ નાસે વેગળું રે!
લોભે ન રહે પ્રીતિ ને પાવડું રે! લોભે ધન મેલે બહુ એકડું રે!
તુમે લક્ષણ૦ ૪
લોભે પુત્ર પોતે પિતા હણે રે! લોભે હત્યા-પાતક નવિ ગણે રે!
તે તો દામતણા લોભે કરી રે! ઉપર મણિધર થાએ મરી રે!
તુમે લક્ષણ૦ ૫
જોતાં લોભનો થોભ દિસે નહિ રે! એવું સૂત્ર-સિદ્ધાંતે કહ્યું સહી રે!
લોભ ચક્રી સુભૂમ નામે જુઓ રે! તે તો સમુદ્રમાં ડૂબી મૂઓ રે!
તુમે લક્ષણ૦ ૬
એમ જાણીને લોભને છંડજો રે! એક ધર્મ શું મમતા મંડજો રે!
કવિ **ઉદયરત્ન** ભાખે મુદા રે! વંદુ લોભ તજે તેહને સદા રે!
તુમે લક્ષણ૦ ૭

શ્રી ગોતમસ્વામિનો છંદ.

(૧૩)

માતપૃથ્વી સુત પ્રાત ઉઠી નમો, ગણધર ગૌતમ નામ ગેલેં;
પ્રહસમે પ્રેમશું જેહ ધ્યાતાં સદા, ચઢતી કળા હોય વંશ વેલે.
માતપૃથ્વી સુત-૧
વસુભૂતિ નંદન વિશ્વજન વંદન, દુરતિ નિકંદન નામ જેહનું;
અભેદ બુધ્ધે કરી ભવિજન જે ભજે, પૂર્ણ પહોંચે સહી ભાગ્ય
તેહનું. માતપૃથ્વી સુત-૨

સુરમણિ જેહ ચિન્તામણિ સુરતરૂ, કામિત પૂરણ કામધેનુ;
એહજ ગૌતમતણું ધ્યાન હૃદય ધરો, જેહ થકી અધિક નહી
માહાત્મ્ય કેહનું. માતપૃથ્વી સુત–૩

જ્ઞાન–બલ તેજને સકલ સુખ સંપદા, ગૌતમ નામથી સિદ્ધિ પામે;
અખંડ-પ્રચંડ પ્રતાપ હોય અવનિમાં, સુર-નર જેહને શીશ નામે.
માતપૃથ્વી સુત–૪

પ્રણવ આદે ધરી માયા બીજે કરી, સ્વમુખે ગૌતમનામ ધ્યાયે;
કોડિ–મન–કામના સકલ વેગે ફલે, વિઘ્ન–વૈરી સવે દૂર જાયે.
માતપૃથ્વી સુત–૫

દુષ્ટ દૂરે ટલે સ્વજન મેલો મળે, આધિ ઉપાધિને વ્યાધિ નાસે;
ભૂતનાં પ્રેતનાં જોર ભાંજે વળી, ગૌતમ નામ જપતાં ઉલ્લાસે.
માતપૃથ્વી સુત–૬

તીર્થ અષ્ટાપદે આપ લબ્ધે જઈ, પન્નરસેં ત્રણુને દિક્ષ દીધી;
અઠ્ઠમને પારણે તાપસ કારણે, ક્ષીર લબ્ધે કરી અખૂટ કીધી.
માતપૃથ્વી સુત–૭

વરસ પચ્ચાસ લગે ગૃહવાસે વસ્યા,
વરસ વલી ત્રીશ કરી વીર સેવા;
બાર વરસાં લગે કેવલ ભોગવ્યું, ભકિત જેહની કરે નિત્ય દેવા.
માતપૃથ્વી સુત–૮

મહિયલ ગૌતમ ગોત્ર મહિમાનિધિ, ઋદ્ધિ ને સિદ્ધિ દાઇ;
ઉદય જસ નામથી અધિક લીલા લહે, સુજસ સૌભાગ્ય
દોલત સવાઈ. માતપૃથ્વી સુત–૯

સોળ સતીનો છંદ.

(૧૪)

આદિનાથ આદે જિનવર વંદી, સફળ મનોરથ કીજિએજી;
પ્રભાત ઊઠી મંગલિક કામે, સોળે સતીનાં નામ લીજિએ એ.
આદિ૦ ૧

બાળ કુમારી જગહિતકારી, બ્રાહ્મી ભરતની બહેનડી એ;
ઘટ ઘટ વ્યાપક અક્ષર રૂપે, સોળે સતીમાં જે વડી એ. આ૦ ૨

બાહુબળ-ભગિની સતીય શિરોમણિ, સુંદરી નામે ઋષભ સુતાએ.
અંક સ્વરૂપી ત્રિભુવન માંહે, જેહ અનુપમ ગુણ જુતાએ. આ૦ ૩

ચંદનબાળા બાળપણાથી, શિયળવતી શુદ્ધ શ્રાવિકાએ;
અડદના બાકુળે વીર પ્રતિલાભ્યા, કેવળ-લહીવ્રત-ભાવિકાએ.
આદિ૦ ૪

ઉગ્રસેન-ધુઆ-ધારિણી-નંદિની, રાજિમતી નેમ વલ્લભાએ;
જોબન-વેશે કામને જીત્યો, સંયમ લઈ દેવ દુલ્લભા એ. આ૦ ૫

પંચ-ભરતારી પાંડવ-નારી, દ્રુપદ-તનયા વખાણીએ;
એકસો આઠે ચીર પુરાણા, શિયળ-મહિમા તસ જાણીએ એ.
આદિ૦ ૬

દશરથ નૃપની નારી નિરુપમ, કૌશલ્યા કુલ ચન્દ્રિકા એ;
શિયળ-સલૂણી રામ જનેતા, પુણ્ય તણી પરનાલિકા એ. આ૦ ૭

કૌશાંબિક ઠામે શતાનિક નામે, રાજ્ય કરે રંગ રાજીઓ એ;
તસ ઘર ઘરણી મૃગાવતી સતી, સુર ભુવને જસ ગાજીઓ એ.
આદિ૦ ૮

સુલસા સાચી શિયળે ન કાચી, રાચી નહિ વિષયા રસે એ;
મુખડું જોતાં પાપ પલાયે, નામ લેતાં મન ઉલ્લસે એ. આ૦ ૯

રામ રઘુવંશી તેહની કામિની, જનક-સુતા સીતા સતી એ;
જગ સહુ જાણે ધીજ કરંતા, અનલ શીતલ થયો શિયળથી એ.
આદિ૦ ૧૦

કાચે તાંતણે ચાલણી બાંધી, કૂવા થકી જળ કાઢિયું એ;
કલંક ઊતારવા સતી સુભદ્રાએ, ચંપા-બાર ઉઘાડિયું એ.
આદિ૦ ૧૧

સુર-નર-વંદિત શિયલ અખંડિત, શિવા શિવપદ-ગામિની એ;
જેહને નામે નિર્મળ થઇએ, બલિહારી તસ નામની એ. આ૦ ૧૨

હસ્તિનાગપુરે પાંડુરાયની, કુંતા નામની કામિની એ;
પાંડવ માતા દ્રશે દ્રશાર્હની, બ્રહ્મ પતિવ્રતા પદ્મિની એ. આ૦ ૧૩

શીલવતી નામે શીલવ્રત ધારિણી, ત્રિવિધે તેહને વંદીએ એ;
નામ જપંતા પાતક જાએ, દરિસણ દુરિત નિકંદીએ એ.
આદિ૦ ૧૪

નિષધા નગરી નલહ નરિંદની, દમયંતી તસ જેહની એ;
સંકટ પડતાં શિયળ જ રાખ્યું, ત્રિભુવન કીર્તિ જેહની એ.
આદિ૦ ૧૫

અનંગ-અજિતા જગ-જન-પૂજિતા, પુષ્પચૂલાને પ્રભાવતી એ;
વિશ્વ-વિખ્યાતા કામિત-દાતા, સોળમી સતી પદ્માવતી એ.
આદિ૦ ૧૬

વીરે ભાખી શાસ્ત્રે સાખી, **ઉદયરત્ન** ભાખે મુદાએ;
વહાણું વાતાં જે નર ભણશે, તે લહેશે સુખ-સંપદાએ. આ૦ ૧૭

શ્રી શંખેશ્વર પાર્શ્વનાથ જિન છંદ.

(૧૫)

પાસ શંખેશ્વરા સાર કર સેવકા, દેવકાં એવડી વાર લાગે!
કોડી કરજોડી દરબાર આગે ખડા, ઠાકુરા ચાકુરા માન માગે. ૧
પ્રગટ'થા પાસજી મેલી ચડદો પરો, મોડ અસુરાણને આપ છોડો;
મુજ મહિરાણુ મંજૂષમાં પેસીને, ખલકના નાથજી બંધ ખોલો. ૨
જગતમાં દેવ જગદીશ તું જાગતો,
એમ શું આજ જિનરાજ ઊંઘે,
મોટા દાનેશ્વરી તેહને દાખીએ, દાન દે જેહ જગકાળ મોંઘે. ૩
ભીડ પડી જાદવા જોર લાગી જરા,
તિણ સમે ત્રિકમે તુજ સંભાર્યો;
પ્રગટ પાતાળથી પલકમાં તેં પ્રભુ,
ભકતજન તેહનો ભય નિવાર્યો. પા૦ ૪
આદિ અનાદિ અરિહંત તું એક છે, દીન દયાળ છે કોણ દુજો;
ઉદયરત્ન કહે પ્રગટ પ્રભુ પાસજી,
પામી ભયભંજનો એહ પૂજો. પા૦ ૫

વૈરાગ્યની સજઝાય.

(૧૬)

(મન ભમરાની-દેશી.)

ઊંચા મંદિર માલીયાં, સોડ વાલીને સુતો;
કાઢો કાઢો એને સહુ કહે, જાણે જન્મ્યો જ નો'તો. ૧
એક રે દિવસ એવો આવશે, મને સબલોજી સાલે;

મંત્રી મલ્યાં સર્વે કારમા, તેનું કાંઇ ન ચાલે. એક૦ ૨

સાવ સોનાના રે સાંકલાં, પહેરણ નવનવ વાધા;
ધોલુરે વસ્ત્ર એના કર્મનું, તે તો શોધવા લાગ્યા. એક૦ ૩

ચરૂ કઢાઇયા અતિ ઘણા, બીજાનું નહિ લેખું;
ખોખરી હાંડી એના કર્મની, તે તો આગલ દેખું. એક૦ ૪

કેનાં છોરૂ ને કેનાં વાછરૂ, કેનાં માયને બાપ;
અંત કાલે જાવું જીવને એકલું, સાથે પુણ્યને પાપ. એક૦ ૫

સગી રે નારી એની કામિની, ઊભી ટગમગ જોવે;
તેનું પણ કાંઇ ચાલે નહિ, બેઠી ઘૂસકે રૂવે. એક૦ ૬

વહાલાં તે વહાલાં શું કરો, વહાલાં વોલાવી વલશે;
વહાલાં તે વનનાં લાકડાં, તે તો સાથેજી બલશે. એક૦ ૭

નહિ તાપી નહિ તુંબડી, નથી તરવાનો આરો;
ઉદયરત્ન પ્રભુ ધ્યમ ભણે, મને પાર ઉતારો. એક ૨૦ ૮

(૩૮)

શ્રી પ્રેમવિજયજી.

શ્રી ધર્મવિજયજીના શિષ્ય શ્રી શાંતિવિજયજીના શિષ્ય શ્રી પ્રેમવિજયજીએ સં૦ ૧૭૬૨માં મેસાણામાં ચોવીસી બનાવી છે. આ સાથે તેમનાં પાંચ સ્તવનો તથા કલશ લીધો છે.

શ્રી આદિ જિન સ્તવન.

(૧)

(મહાવિદેહ ક્ષેત્ર સોહામણો એ-દેશી.)

શ્રી સરસતી શુભમતી વિનવું, શ્રી ગુરુ પ્રણમી પાય લાલ રે;
મરુદેવીનંદન ગાયતાં, મ્હારું તનમન નિર્મલ થાય લાલરે. ૧
શ્રી નાભિનંદન જિન વંદીઇ, પ્રય ઉગમત ઇ સૂરિ લાલ રે;
ભય ભાવિઠ દૂરઇ ગઇ, લક્ષ્મી આવી ભરપૂર લાલ રે. આંચલી૦ ૨
આંખડી ઇ જગ મોહિયું, વયણે તે મોહ્યા ઇંદ્ર લાલ રે;
સોલ કલાઇ શોભતો, મુખ જીત્યો પુનઇમ ચંદ લાલ રે.
શ્રી નાભિ૦ ૩
તુજ ધ્યાનઇથી સુખ સંપજઇ, રસ રાજઇ હોઇ હેમ લાલ રે;
ભમરી હુઇ ઇલકા, એ તો પ્રાણી પામે તેમ લાલ રે. શ્રી નાભિ૦ ૪
રૂપ અનોપમ જોવતાં, ગાતાં ગુણ હજૂર લાલ રે;
હરખઇ સહેજી સાહેબે, આપ્યાં સુખ ભરપૂર લાલરે. શ્રી૦ ૫
આજ સફલ દિન માહરો, મઇ ભલે ભેટ્યા ભગવંત લાલ રે;

શ્રી શેત્રુંજા કેરો રાજિયો, શ્રી આદીશ્વર અરિહંત લાલ રે.
શ્રી નાભિ૰ ૬
શ્રી ધર્મવિજય કવિરાજનો, શ્રી શાંતિવિજય સુકવીશ લાલ રે;
તસ બાલક ભાવે ભણે, પ્રેમઈ પાંમી સુજગીશ લાલ રે. શ્રી૰ ૭
શ્રી નાભિનંદન જિન વંદિઇ, સુખ સંપત્તિરો દાતાર લાલ રે;
આજ અપૂરવ અમ ઘરે, સુરતરુ ફલીઓ સાર લાલરે. ૮

શ્રી શાંતિજિન સ્તવન.

(૨)

શ્રી શાંતિજિનેશ્વર સોલમારે, તે તો સોહે સોવન વાંનરે–
વાલ્હેસર જિનજી;
પય પ્રણમી નઈ હું પ્રારથું રે, તુજ વિણ કોણ ધરઈ કાંન રે. ૧
વાલ્હેસર જિનજી, તારો તુમ્હે ત્રિભુવન ધણી રે....ટેક.
તું છે માહરો સાહિબોરે, તેણી કરૂં તુજ અરદાસરે–વાલ્હે૰
પ્રેમ ધરી નઈ હું પ્રારથું રે, દીજઈ અવિચલ વાસરે. ૨
વાલ્હે૰ તારો૰
હૃદય કમલ માંહઈ તું વસ્યો રે, દિન રયણી ધરૂં ધ્યાન રે-વા૰
સુનજરઈ સાહમું જુઓ રે, જેણે વાધી મુજ વાંન રે. વા૰ ૩
વિનતિ તે વાલહે સાંભળી રે, દીધું તે સમકિત દાનરે–વાલ્હે૰
રૂપે તે પ્રભુ રળીઆમણોરે, ઇન્દ્ર ઇન્દ્રાણી કરે ગાન રે.
વાલ્હે૰ તારો૰ ૪
શ્રીય ધરમ વિજય કવિરાજનોરે, શિષ્ય શાંતિવિ૰ સુકવીશરે-વા૰
તસ સેવક ભાવિ ભણેરે, પ્રેમઈ પાંમી સુજગીશરે.
વાલ્હેસર જિનજી, તારો તુમ્હે ત્રિભુવન ધણી રે.... ૫

શ્રી નેમિજિન સ્તવન.

(૩)

(સહિજ સલુણેા હેા આજુનેા દીસઈ પાસજી—એ દેશી.)

શ્રી શ્રી નેમીશ્વર હેા, સાહિબ તુમ્હનઈ વંદીઈ,
હીયડે આણી બહુ ભાવ;
સિવાદેવી કેરેા હેાય; નંદન મુજનઈ વાલહેા,
ભવેાદધિ તારણ નાવ. ૧
શ્રી શ્રી નેમીશ્વર૦

તેારણથી આવીહેા પ્રભુજીથેં પાછા વલ્યા,
પશુઆનઈ દેઇ દેાષ;
નવભવનેા નેહ હેા. પ્રભુજીથેં નવી રાખિયેા,
એહવેા સેાજેઉં જોશ. ૨
શ્રી શ્રી નેમિશ્વર હેા૦

પ્રીત પનેાતા હેા પૂરવલીતે પાંલીઇ. રાખીજઇ ઘણું હિત;
*ઉતારી હું ચિત્તથી હેા સુણ સાહિબાજી,
તુમ્હે મુગતિ ધૂતારીસું પ્રીત. ૩
શ્રી શ્રી નેમિશ્વર હેા૦

સિદ્ધ અનંતાહેા તેહનારી સું મલ્યા,
તેહશું શું મલેા સ્વામિ;

* સુણ સાહિબાજી હેા ઉતારી હું ચિત્તથી લિયું. જોશ–બળ–વેગ (મેાહ જોશ)

તુહારી હું નારી હો સુણો પ્રભુજી સામલા,
હું બલિહારી તુજ નામી. ૪
શ્રી શ્રી નેમીશ્વર હો૦

વિવાહને ઉચ્છવે હો હાથોહાથ મલ્યો નહીં,
તુજરૂપે મોહી હું આજ;
ગિરનારઈ જઈને હો પ્રભુ પાસી ચારિત્ર લીઉં,
શરિયાં રાજુલ તણાં કાજ. ૫
શ્રી શ્રી નેમીશ્વર હો૦

ધર્મ વિજય હો પંડિત કવિરાજનોરે,
શાંતિવિજય વંદિત સુપાય;
તસ બાલક હો હે જેસું ભણઈ,
પ્રેમવિજય ગુણગાય. ૬
શ્રી શ્રી નેમીશ્વર હો૦

શ્રી પાર્શ્વજિન સ્તવન.

(૪)

(ગિરુઆરે ગુણ તુમતણા—એ દેશી.)

શ્રીય વામાનંદન મન વસ્યો, શ્રી પાર્શ્વજિણેસર રાયરે;
જિનવાણી શ્રવણે સુણી, મુજ નિર્મલ હુઇ કાયરે. શ્રીય. ૧

નદીય માંહઇ ગંગાવડી, ફૂલમાંહી અરવિંદરે;
ભૂપમાંહિ ભરતેસરૂ, દેવમાંહિ યું ઇંદરે. શ્રીય૦ ૨

જ્ઞાન માંહઈ કેવલ વડું, ધ્યાન માંહઈ શુકલ વખાણુંરે;
રતનમાંહિ જયું સૂરમણિ, મંત્રમાંહઈ નવકાર જાણુંરે. શ્રીય ૩

તિમ નીલવરણ સ્વામી સોભતા, નવ હાથતે કાયનું માનરે;
રૂપ અનોપમ નિરખતાં, સેવકનું વાધે વાનરે. શ્રીય૦ ૪

શ્રી શંખેશ્વર પાસજી, મુઝ વિનતડી અવધારોરે;
દુશ્મન દૂરઇ કીજઇ, ભવિયણ નઈ પાર ઉતારોરે. શ્રીય૦ ૫

ધરણેન્દ્ર પદ્માવતી, ધરઈ પ્રભુજીનું ધ્યાનરે;
ભણે ગુણે જે શાંભલઈ, તસ ઘરઈ નવઈ નિધાનરે. શ્રીય૦ ૬

પંડિત શ્રી ધર્મ વિજયતણો, શિષ્ય શાંતિ વિજય સુકવીશરે;
તસપદ પંકજ પ્રણમતાં, પ્રેમ પામઇ સુજગીશરે. શ્રીય૦ ૭

શ્રી વીરજિન સ્તવન.

(૫)

(તુમ મનિ માન્યોરે વીરજી. એ દેશી.)

શ્રી વીર જિણેસર વંદીઈ, પ્રહ ઉગમતે રે સૂર;
પૂજઈ પ્રણમઇરે ભાવસું, નવનિધ હુઈ ભરપૂર. શ્રી વીર૦ ૧

જિનવાણી ચેાજનગામિની, ઝીલી નિર્મલ થાઉંરે;
મિથ્યા મતનઈ રે દૂરી કરી, જિનજીના ગુણ ગાઉં. શ્રી વીર૦ ૨

ગંગા જલમાં જે ઝીલિયા, તે છીલર પીસઈ રે કેમ;
કાચ કથીર તે પરિહરી, રતને રાચેરે તેમ. શ્રી વીર૦ ૩

માલતી ફૂલે જે મોહિયેા, બાઉલ નાવીરે ચિત્ત; (ચીત્ત)
તુમ્હ વચન તણી ગુણ ગેાઠડી, અવરસું નકરુંરે પ્રીત.
શ્રી વીર૦ ૪

જિનજીનઈ રૂપઈ મહુ મોહિયા, વચન સુધારસ સાર;
ચેાવીશઇ જિન વિનવ્યા, સેવકજન જયકાર. શ્રી વીર૦ ૫

ત્રિશલાનંદન વીરજી, વંદુ બે કર જોડી;
તુજ વયણ હીયડઇ ધરઇ, તો હોઇ સંપત્તિ કોડી.
શ્રી વીર૦ ૬

ગચ્છ ચોરાસીમાં દીપતી, હોઢી પોસાલ જાણી;
શ્રી શાંતિજિય કવિરાજનો, **પ્રેમવિજય** એહ વાંણી.
શ્રી વીર૦ ૭

(૬)

સંવત **સત્તરબાસઠા** વરસઈ, માઘસુદિ બીજ દિન સારી
મહિસાણે ચોમસ રહીને, જિન સ્તવના વિસ્તારીરે ભવિયા ૬
પંડિત શ્રી **ધર્મવિજય** વિબુધવર સેવક, **શાંતિવિજય**
શુભ સીસ,
તસ ચરણ કમલ પાય પ્રણમતાં, **પ્રેમ** પામી સુજગીસરે.
ભવિયા ૭.

(૩૯)

શ્રીજિનસૂખસૂરિ
અથવા
જિનસૌખ્યસૂરિ
સંવત ૧૭૩૯ થી ૧૭૮૦

શ્રીખરતરગચ્છમાં શ્રી જીનચંદ્રની પાટે ૬૬ માં શ્રી જીનસૂખસૂરિ નો જન્મ સંવત ૧૭૩૯માં માગસર સુદ ૧૫ મે વાસ ફોગપત્તનમાં થયો. તેઓશ્રીના પિતાનું નામ શાહરૂપસી તથા માતા સુરૂપા. તેઓની દિક્ષા પુણ્ય પાલસર ગામમાં સં. ૧૭૫૧માં માહ સુદ ૫ ને દિને થઈ. દિક્ષા નામસુખકીર્તિ સૂરિપદ સંવત ૧૭૬૩ ના અષાડ સુદ ૧૧ સ્વર્ગવાસ રિણીમાં સં. ૧૭૮૦ના જેઠ વદ ૧૦ થયો. આ સાથે તેમનાં પાંચ સ્તવનો તથા કલશ લીધા છે.

શ્રી. ઋષભજિન સ્તવન.

(૧)

(મુઝ હિયડે એહની દેશી)

આદિકરણ આદૈ નમું આદીસર અહિંત
દુખવારણ વારણ હરિ જગગરૂઓ જયવન્ત ૧
રિષભ અમ્હારી વિનતિ રાખે જ્યો સુંભરૂંસ
સેવકેનૈ સંભારી નૈ હિવ પૂરો મનહૂંસ ૨
ભમિયો હું ભવસાયરે કેઈ કોડા કોડિ
પ્રભુજી હિવ મૈં પામીયો કરૂં અરજ કર જોડિ ૩

દુસમ સેમે દુખમૈં સહાયકહાર કે તાકંત
સરણો હિવ સાહિબ તણો પામ્યો મૈં પુણ્યવંત ૪

નંદન નાભિનરિંદનો મરૂદેવી ઘન માય
પ્રગટ થઈ વિનીતા પુરી વૃષલંછણ વરદાય ૫

આપદહિવ અલગી ગઈ લાધી કોડિ કલ્યાણ
કરમ અસુભ અલગા કિયા ભેટયા જિમ જમ જગભાણ ૬

ઉદય થયો પરકાસ એ પામ્યા જ્ઞાનનોપૂર
તુમ્હા ચા ગુણ ગયા તેરે કહે શ્રી જિનસુખસૂરી ૭

શ્રી શાંતિનાથ સ્તવન

(૨)

(ઢાલ–આદર જીવની)

શાંતિ કરણ સામી **શાંતિ** સર, સોલમ જિન સંસારજી;
કાઉન રવડૈ જેહની કોઈ રિજે જગ આધારજી. શાંતિ૦ ૧

વિશ્વસેન સુત વિશ્વ વંદિતો, જીતો જિણ કામ જંગજી,
સેવો આનંદ સું સયણા, રાગધરી મનરંગજી શાંતિ૦ ૨

હરષ કરણ હથિનાઉર પુરનો, અચિરા ઉદર ઉપન્નજી;
નિસિ દિન તુઝ ચરણે જંગ નાયક, મોહિ રહ્યો મુઝમનજી
શાંતિ૦ ૩

દુર્જન દુઃખસું મૃગલો ડરતો, તે સેવે તુમ્હ પાયજી;
શ્રી **જિનસુખ** સદા સુખ પામે; સાહિબને સુપસાવજી ૪

શ્રી. નેમિનાથ સ્તવન

(૩)

(ઢાળ સૂઅરની)

હો જી નમિયે નિતિ શ્રી નેમિ પ્રેમ ધરી પ્રહસેમે સદા હો લાલ;
હોજી જગયામી જ જેમ સંસારે સિવસુખ સંપદા હો લાલ ૧

હોજી સમુદ્રવિજયનૌ સુત સહુનૈ નામ સુહામણો હો લાલ;
હોજી પ્રભુ શિવાદેવી પુત્ત સામી સૌરીપુર તણો હો લાલ ૨

હોજી પંચમ સલદૌ પરિસિદ્ધ લંછણ લખિયે લોકમેં હો લાલ;
હોજી સહુ સુખપૂરણસિદ્ધ વાજૌ સહુનૈ મન ગમૈ હો લાલ ૩

હોજી કો નહીં ઈણકલિકાલ જોતાં એ જોગીસરૂ હો લાલ;
હોજી ત્રિકરણ નમૈ ત્રિકાલ શ્રી જિનસુખસૂરિસરૂ હો લાલ ૪

શ્રી પાર્શ્વજિન સ્તવત

(૪)

(મલ્હાર સમવસરણ બેઠા ભગવંત)

નયરી વણારસીય નિવાસ અસુસેન સુત સાંભલિ અરદાસ;
બિજ મતિ મુઝ કાંઈ આપૌ ખાસ પરતા પૂરણ તું પ્રભુ પાસ ૧

પરગટ કેવલજ્ઞાન પ્રકાસ તમઅજ્ઞાન ગયો સહુ નાસ;
કીધા ભવિજન કમલ વિકાસ પરતા૦ ૨

સાહિબ તું મુઝ હું છું તુઝદાસ એ અવિહડ રાખો ધંક ભાસ;
વલિ કેહાં કેહાં કરિસ્યૂં વેપાસ પરતા૦ ૩

વામા ઉદરૈં હંસ વિલાસ અહિ લંછણ પગનમય ઉલ્હાસ
વધતી આપૈ લીલવિલાસ પરતા૦ ૪

અવર દેવની નકરૂં આસ વીસ વિસ્વાતા હેરો વૈસાસ;
જિનસુખસૂરિ કે હે જસુસાસ પરતા૦ ૫

શ્રી મહાવીર જિન સ્તવન

(૫)

આજ ઈણ સમય પંચમ અરૈજી સાસન તાહરો સામ;
વીરજિન તુમ્હ તણી વિનતિજી, અધિક ઉધાર હુવે આમ
આજ૦ ૧

ભગવંત વચન તૈ ભાખિયાજી ગણુધરૈ તેં રચ્યાં ગ્રંથ;
તિણુથકી ભવ્ય પામૈ તિકેજી પંચમી ગતિતણૌ પંથ
આજ૦ ૨

ક્ષત્તિય ક્ષત્તિય કુંડનોજી ન્યાય સિદ્ધારથ નામ;
પુત્ર તું તેહનો પરગડોજી સકલ અકલંકિત સામ
આજ૦ ૪

ઉયર ત્રિસલાતણૈ અવતર્યાઈજી ત્રિભુવન થયો ઉદ્યોત;
સુરનરા રાય રીઝયા સહુજી ખિજિયા કુમતિ ખદ્યોત
આજ૦ ૩

સિંહનૈ લંછણ મિસ સહીજી સિંહ કરૈ તુઝ સેવ;
શાસન તુમ્હ જિનસુખ ભણીજી મુઝ હૂજ્યો એ નિતમેવ
આજ૦ ૫

કલસ

(૬)

(ઢાલ આયેા આયેા રી સમરતા દાદા)

ગાવૌ ગાવોરી ચૌવીસે જિણુવર ગાવૌ,
આરત રૌદ્ર ધ્યાન કરી અલગા ધર્મ ધ્યાન નિત ધ્યાવૌરી
ચૌવીસે જિણુવર ગાવૌ ૧

ભાખીરે વર્તમાન ચૌવીસી પ્રણુમતાં સુખ પાવૌ;
કલિ મૈં ભવજલ તારણ કારણ ભાવન મન સુધ ભાવૌ રી. ૨

સતરૈસે ચોસઠૈ સંવત વાદિ અષાઢ વદીજૈ;
સમકિત બીજતીજ તિથિ વાયૌ તિમ જિણ રાજત વીજૈરી. ૩

શ્રી જિનરતન ચિંતામણિ સારિખૌ દિનદિન સબસુખદાઈ;
શ્રી જિનચંદ ચંદ જ્યું વાયૌ પ્રસિદ્ધ અધિક પ્રભુતાઈ રી. ૪

મલય સુજલ ખરતર ભટ્ટારક અંભાઇત સુભ ખેતૈ;
ગુણ જિનસુખસૂરિ ઈમ ગાયા હરખ ધરી બહુ હેતૈ રી. ૫

卐

(૪૦)

શ્રી લક્ષ્મિવલ્લભગણિ (રાજકવિ)

ચોવીસી રચના ૧૭૬૫ આસપાસ

ખરતરગચ્છમાં શ્રી સોમહર્ષગણિના શિષ્ય શ્રી લક્ષ્મિવલ્લભનો જન્મ સમય તથા દિક્ષાકાળ તથા સ્વર્ગવાસ વિગેરેની સાલવાર હકીકત મલતી નથી. તેઓશ્રીની ચોવીસી ૧૭૬૫ પહેલાં રચી હોય તેમ લાગે છે, તેઓ રાજકવિનું બિરૂદ ધરાવતા હતા આ સાથે તેમનાં પાંચ સ્તવનો તથા કળશ લેવામાં આવ્યા છે.

૧ રતનહાસચોપાઈ ૧૭૨૫ ૨ અમરકુમાર ચરિત્ર ૧૭૨૫
૩ વિક્રમાદિત્ય પંચદંડરાસ ૧૭૨૭ ૪ રાત્રિભોજન ચોપાઈ ૧૭૩૮

શ્રી ઋષભજિન સ્તવન.

(૧)

(રાગ વેલાઉલ)

અજ સકલ મંગલ મિલે આજ પરમાનંદા;
પરમ પુનિત જનમ ભયો, પેખે પ્રથમ જિનંદા ૧
ફટે પટલ અજ્ઞાનકે જાગી જ્યોત ઉદારા;
અંતરજામી મઈ લખ્યો આતમ અવિકાર આજ૦ ૨
તું કરતા સુખ સંગ કો વંછિત ફલદાતા;
ઔર ઠૌર રાચૈ ન તે, જ્યે તુહ રંગ રાતા આજ૦ ૩
અકલ આદિ અનંત તૂં, ભવભય તઈ ન્યારા;
મૂરખભાવ ન જાનહી, સજ્જન સો પ્યારા આજ૦ ૪
પરમાતમ પ્રતિ બિંબ સીં, જિન સૂરતી જાણૈ;
તે પૂજત જિનરાજકૂં અનુભવ રસ માનઈ આજ૦ ૫

શ્રી શાંતિનાથ સ્તવન

(૨)

(રાગ અડાણુ)

કિતે દિને પ્રભુ સમરન બિનુ એ,
પરનિંદા મૈ પરી રસના વિષયા રસ મન મેા એ. ॥૧॥

મચ્છર માયા પંકમે અપને, દુરલભજ્ઞાન સુ ગેાએ;
કાલ અનાદિ અસંખ્ય નિરંતર મેાહ નીંદમેં સેાએ, ॥૨॥

અવ ઈમ **શાંતિ** ભજને ગંગાજળ અંતર આતમ ધેાએ;
શ્રી જિનરાજ હૃદય મંદિરમાં જ્ઞાન દીપ સુ જોએ. ॥૩॥

શ્રી નેમિનાથ સ્તવન

(૩)

(રાગ કાલંગડો કાલહરો)

હું તૌ તેા પરિ વારિ હેા સામલિયા નેમિસામિ;

તેારા ચરણ નમું સિરિનામીરે હું
મેાહણ મેાહમદન ભઉનો બલ બલવંત પ્રભુ હું નામી રે ૧.

કાયા છાયા જિમ નિજ માયાનેા પરિહારી રે;
સમુદ્રવિજય સિવાદેવી નંદનબાલ થકી બ્રહ્મચારી રે ૨.

જગતગુરુ બાવીસમા જિણવર નંદ નય વિવહારી રે
એકરૂપ સહૂ નિશ્ચયરૂપ કરિ રાજ નમેા સુવિચારી રે ૩.

શ્રીપાર્શ્વજિન સ્તવન

(૪)

(રાગ સારંગ)

હું તો રંજ્યો રંજ્યો રંજ્યો હો સામલિયા તેરો
રૂપ દેખી રંજ્યો.
અતિ નિરમલ પૂરણ અકલંકિત વદન સરદ સસિ ગંજ્યો.
ગંજ્યો ૧

સામલવદન સલૂણિ મૂરતિ, માન મદનકો રંજ્યો
જલતૈ રૂપ અનુપમ નિરખ્યો મેરે નયન અમિરસ
પંજ્યો ૨

ધ્યાનુ ભાનુ ઉદય ઉર અંતર મિથ્યા તિમિર સુવંજ્યો વંજ્યો.
તેવીસમા જિનરાજ રાજ પ્રભુ ભેટટલવિ દુઃખ ભંજ્યો ૩

શ્રી મહાવીરજિન સ્તવન

(૫)

(રાગ જયતસિરી)

ભવિજન નયન ચકોર કું અતિ આણંદ પ્રેમકારી
માનું જું જુન્હું ધ્યા શરદકી શશધર તૈ (યાઇ) ઉઘારી
ભગતિ જિનેશકી તુમ્હે કરહુ ભાવિક તજી ભ્રાન્તિ
માનત હૈ પ્રતિ સંતવાની વીરકી ૧

તારવ કુંભવ જલધી કૈ, અતિ ઉત્તમ સુદ્રિઢ તરી
સુખ સુરતરૂકી મંજરી સમક્તિ નૃપકી નગરી ૨

દુરિત દવાનલ સમનકું મન મેઘ ઘટા ઉલહરી
કુમતિકમલિની દહનકું હિમવૃષ્ટિ અનિષ્ટ સરી ૩

સુકૃત મહાસુખ સિંધુકી પ્રકટી ઉપટી લહરી
હિત સુખમોક્ષ કી હેતુ હૈ, જિનરાજ સુમુખી ઉચરી ૪

(૬)

કલશ

(રાગ–ધન્યાશ્રી)

નિત નિત પ્રણમી ચૌવીસે જિનવર;
સેવક જનમન વંછિત પૂરણ સંપ્રતિ પરતી સુરિતર નિત ૧

ઋષભ અજિત સંભવ અભિનંદન, સુમતિનાથ પદ્મપ્રભુ
સુપાસ ચન્દ્રપ્રભુ સુવિધિ સીતલજિન,
શ્રેયાંસ કુનિ વાસુપૂજ્ય વિભુ. ૨

વિમલ અનંત ધર્મ શાંતિ કુંથુજિન, મલ્લિમુનિસુવ્રત દેવા,
નમિ નેમિ પાસ મહાવીરસામી ત્રિભુવન કરત સુસૈવા. ૩

દરસણ જ્ઞાન ચરણ ગુણકરિ સમએ ચૌવીસ તીર્થંકર,
રાજ્ય **શ્રી લક્ષ્મીવલ્લભ** પ્રભુ નામ જપત ભવ ભયહર. ૪

ઇતિ શ્રી ચૌવિસ તીર્થંકર રાગબંધ ગીત સમાપ્ત મગમત્ ।

સંવત ૧૭૬૫ વર્ષે મિતિ માહ શુદિ અષ્ટમ્યાં તિથૌ શનિવારે પટણા મધ્યે તિલકોદયમુનિના લેંખિ । શુભમસ્તુ ॥

(૪૧)

પં. શ્રી મોહનવિજયજી

ચોવીસી રચના

સંવત ૧૭૬૫ આસપાસ

શ્રી તપગચ્છમાં શ્રી **વિજયસેનસૂરિની** પરંપરામાં પંડિત રૂપવિજયજીના શિષ્ય આ મુનિશ્રી થઈ ગયા તેઓની ચોવીસીની દેશીઓ ઘણી રસીક અને સ્તવનો ભાવવાહી છે. તેઓશ્રીએ ગુજરાતીમાં ઘણા રાસો રચ્યા છે. રચનાકાળ ૧૭૫૪ થી ૧૭૮૩ સુધીનો જણાય છે. તેઓના જીવન વિષે વિશેષ માહિતી મલી નથી. તેઓશ્રીના હાથે લખેલી પ્રત શ્રી પ્રશ્નોત્તર સમુચ્ચય (હીરપ્રશ્ન)ની ૧૭૮૨ વૈ. સુ. ૧૫ ની શ્રી અનંતનાથજીના ભંડારમાં છે. શ્રી જ્ઞાનસારજી જેઓએ આનંદઘનજી ચોવીસી પર બાળાવબોધ રચ્યો છે તેઓશ્રીએ "શ્રી મોહનવિજયજી પન્યાસ તે લટકાલા" તરીકે ઓળખાણ આપી છે. તેમની વ્યાખ્યાન શૈલી તેમજ કાવ્ય ચાતુરીની કુશળતા પરથી તે લટકાળા ગણાયા હોય એમ લાગે છે, આ સાથે તેમનાં પાંચ સ્તવનો લીધાં છે.

ગ્રંથરચના

૧ નર્મદા સુંદરીનો રાસ ૧૭૫૪ સમીગામ ઢાળ ૬૩
૨ હરિવાહન રાજાનો રાસ ૧૭૫૫ મેસાણા
૩ રત્નપાલ રાજાનો રાસ ૧૭૬૦ પાટણ ઢાલ ૬૬
૪ માનતુંગ માનવતી રાસ ૧૭૬૮ પાટણ ઢાલ ૪૭
૫ પુણ્યપાલ ગુણસુંદરી રાસ ૧૭૬૩ ગુરૂપતન
૬ ચંદરાજાનો રાસ ૧૭૮૩ રાજનગર
૭ શીલતરંગણી રાસ ૮ પ્રશ્નોત્તર સમુચ્ચય ૧૭૮૨

શ્રી ઋષભદેવનું સ્તવન

(૧)

બાળપણે આપણ સસનેહી, રમતા નવનવ વેસે;
આજ તમે પામ્યા પ્રભુતાઈ, અમે તો સંસાર નિવેસે.
હો પ્રભુજી ! ઓલંભડે મત ખીજો. ૧
જો તુમ ધ્યાતાં શિવસુખ લહીએ, તો તુમને કેઇ ધ્યાયે;
પણ ભવસ્થિતિ પરિપાક થયા વિણ, કોઇ ન મુગતિ જાયે.
હો પ્રભુજી૦ ૨
સિદ્ધનિવાસ લહે ભવિ સિદ્ધિ, તેહમાં શો પાડ તુમ્હારો;
તો ઉપગાર તુમારો વહીએ, અભવ્યસિદ્ધને તારો.
હો પ્રભુજી૦ ૩
નાણુરયણ પામી એ કંતે, થઇ બેઠા મેવાસિ;
તે માંહેલો એક અંશ જો આપો, તે વાતે શાબાશી.
હો પ્રભુજી૦ ૪
અક્ષયપદ દેતાં ભવિજનને, સંકીર્ણતા નવિ થાય;
શિવપદ દેવા જો સમરથ છો, તો જસ લેતાં શું જાય.
હો પ્રભુજી૦ ૫
સેવાગુણ રંજ્યો ભવિજનને, જો તુમે કરો વડભાગી;
તો તુમે સ્વામી કેમ કહાવો, નિરમમ ને નિરાગી.
હો પ્રભુજી૦ ૬
નાભિનંદન જનવંદન પ્યારો, જગગુરુ જગજયકારી;
રુપવિબુધનો **મોહન** પભણે, ઋષભલંછન બલિહારી.
હો પ્રભુજી૦ ૭

શ્રી શાંતિનાથ સ્તવન

(૨)

(ઈણે સરવરીયાની પા૦ એ દેશી)

સોલમા શ્રી જિનરાજ ઓલગ સુણો અમ તણી લલના;
ભગતથી એવડી કેમકરો છો ભોલામણી લલના,
ચરણે વલગ્યો જેહ આવીને થઈ ખરો ભલના,
નિપટ જ તેહથી કોણ રાખે રસ આતરો લલના. ૧

મેં તુજ કારણ સ્વામી ઉવેખ્યા સુરઘણા લલના,
મહારી દિશાથી મેં તો ન રાખી કાંઇ મણા લલના;
તો તુમે મુજથી કેમ અપુંઠાં થઈ રહો લલના;
ચૂક હો જો કોય સુખે મુખતી કહો લલના. ૨

તુજથી અવર ન કોય અધિક જગતી તલે લલના,
જેહાથી ચિત્તની વૃત્તિ એકાંગી જઈ મલે લલના;
દીજે દરશણ વાર ઘણી ન લગાવીએ લલના,
વાતલડી અતિ મીઠી તે કિમ વિરમાવીએ લલના. ૩

તું જો જલ તો હું કમલ કમલ તો હું વાસના લલના.
વાસના તો હું ભમર ન ચૂકું આસના લલના;
તું છોડે પણ હું કેમ છોડું તુજ ભણી લલના,
લોકોત્તર કોઈ પ્રીત આવી તુજથી બની લલના.
ધુરથી સ્યાને સમકિત દઈને ભોલવ્યો લલના,
ઓટે હવે કિમ જાઉં દિલાસે ઓલવ્યો લલના; ૪

જાણી આસો દાસ વિસામો છો કિશું લલના,
અમે પણ ખિજમત માંહિ ખોટા કિમ થાયસ્યું લલના, ૫
બીજી ખોટી વાત અમે રાચું નહિ લલના,
મેં તુજ આગળ માહરા મનવાલી કહી લલના;
પૂરણ રાખો પ્રેમ વિમાસો શું તમે લલના,
અવસર લહી એકાંત વિનવીએ છીએ અમે લલના. ૬
અંતરજામી સ્વામી અચિરાનંદના લલના,
શાંતિકરણ **શ્રી શાંતિજી** માનજ્યો વંદન લલના;
તુજ સ્તવનાથી તન મન આણંદ ઉપજ્યો લલના,
કહે **મોહન** મન રંગ પંડિત કવિ રૂપનો લલના. ૭

શ્રી નેમનાથ સ્તવન

(૩)

(અંબરીઓનેં ગાજે હો ભટિયાણિબડચૂએ–એ દેશી)

રાજુલ કહે રથ વાળો હો નણદીરા વીરા
હઠ તજો કાંઈ પાળો પૂરવ પ્રીત;
મુકો વિણ ગુનહે હો નણદીરા વીરા
વિલપતાં કાંઈ એ શી શીખ્યા રીત.
રાજુલ કહે રથ વાળો હો. ૧
હું તો તુમ ચરણારી હો નણદીરા વીરા
મોજડી કાંઈ સાંભળો આતમરામ;
તો મુજને ઉવેખો હો નણદીરા વીરા
સ્યાવતી નહી એ સુગણોરા કામ. રાજુલ૦ ૨
પશુઆને કરી કરુણા હો નણદીરા વીરા
મુકીયા તો મેં સી ચોરી કીધ;

પશુઆંથી સ્યું હિણી હો નણદીરા વીરા
ત્રેવડી જે મુજને વિછો હો દીધ. રાજુલ૦ ૩
એહવું જો મન ખોટું હો નણદીરા વીરા
જો હતું તો પાડી કાં નેહ ને કંદ;
ઉલઝું તે નવી સુલઝે હો નણદીરા વીરા
મનડું કાંઈ કોડિ મિલે જો ઇંદ્ર રાજુલ૦ ૪
મેં તો કહો કિણ વાતે હો નણદીરા વીરા
ન દુહવ્યા શ્યાને રાખો છો રોષ;
માહરે તો તુમ સાથે હો નણદીરા વીરા
અલેહણું તો કેહને દાખું રે દોષ. રાજુલ૦ ૫
તાંત તુટ્યાની પરે હો નણદીરા વીરા
જોડીયે કતુ આરીના જેમ;
ઠેલીજે નહિ પાખે હો નણદીરા વીરા
લગતાં કાંઈ નેહ ન ચાલે એમ. રાજુલ૦ ૬
ઈમ કહેતી વ્રત લેતી હો નણદીરા વીરા
નેમજી કાંઈ શિવ પહિલે કીએ વાસ;
ધન ધન તે જગમાંહે હો નણદીરા વીરા
પ્રીતડી કાંઈ **મોહન** કહે સ્યાબાસ. રાજુલ૦ ૭

શ્રી પાર્શ્વજિન સ્તવન

(૪)

(કાનુડો વેણુ વજાવે રે કાલી નદીને કાંઠે–એ દેશી)

વામા નંદન હો પ્રાણ થકી છો પ્યારા,
નાંહી કીજે હો નયણ થકી પીણ ન્યારા. એ આંકણી

પુરસાદાણી સામલવરણેા, સુધ સમકિતને ભાસે;
શુદ્ધ પુંજ કીધેા તેહને, ઉજ્જવલ વરસ પ્રકાસે.
વામા. ૧

તુમ ચરણે વિષધર પિણ નિરવિષ, દંસણે થાએ વીડેાળા;
જોતા અમ શુધ સ્વાભાવિકા ન હૂવે, એહ અમે શ્રદ્ધા છેા જી.
વામા૦ ૨

કમઠ રાય મદ કીણ ગણતીમાં, મોહ તણા મદ જોતાં;
તાહરી શક્તિ અનંતી આગલ કેઈ કેઈ મર ગયા ગોતા.
વામા૦ ૩

તે જિમ તાર્યા તિમ કુણ તારે, કુણ તારક કહું એહવેા;
સાયરમાન તે સાયર સરિખેા, તિમ તું પિણ તું જેહવેા.
વામા૦ ૪

કિમપિ ન બેસેા કરૂણા કરતે, પિણ મુજ પ્રાપ્તિ અનંતી;
જેમ પડે કણ કુંજર મુખથી, કીડી બહુ ધનવંતી.
વામા૦ ૫

એક આવે એક મેાજાં પાવે, એક કરે ઓલગડી;
નિજગુણ અનુભવ દેવા આગળ, પડખે નહીં તું બે ઘડી.
વામા૦ ૬

જેહવી તુમથી માહરી માયા, તેહવી તુમ પીણ ધરજ્યેા;
મોહનવિજય કહે કવિ રૂપનેા, પરતક્ષ કરૂણા કરજ્યેા.
વામા૦ ૭

શ્રી મહાવીરસ્વામી સ્તવન

(પછેડાની દેશી)

દુર્લભ ભવ લહી દોહલો રે, કહો તરીએ કેણ ઉપાય રે.
પ્રભુજીને વીનવું રે,
સમકિત સાચો સાચવું રે,
કેમ કરણી કિમ થાય રે. પ્રભુ૦; ૧
અશુભ મોહ જો ભેટીએ રે.
કાંઈ શુભ પ્રભુને જાય રે. પ્રભુ૦:
નિરાગે પ્રભુ ધ્યાઈએ રે,
કાંઈ તો પીણ રાગ કહા થાય રે. પ્રભુ૦ ૨
નામ ધ્યાતા જો ધ્યાઈએ રે;
કાંઈ પ્રેમ વિના નવી તાન. પ્રભુ૦;
મોહવિકાર જિહાં તિહાં રે,
કાંઈ કિમ તરીએ ગુણધામ રે. પ્રભુ૦ ૩
મોહબંધજ બંધીઓ . રે,
કાંઈ બંધ જિહાં નહી સોય રે પ્રભુ૦;
કર્મબંધન કીજીએ રે,
કર્મબંધન ગયે જોય રે. પ્રભુ૦ ૪
તેહમાં શો પાડ ચઢાવીએ રે,
કાંઈ તુમે શ્રી મહારાજ રે પ્રભુ૦,
વીણ કરણી જો તારશો રે,
કાંઈ સાચા શ્રી જિનરાજ રે. પ્રભુ૦ ૫
પ્રેમ મગનની ભાવના રે,
કાંઈ ભાવ તિહાં ભવ નાશ રે પ્રભુ૦;

ભાવ તિહાં ભગવંત છે રે,
કાંઈ ઉદયે આતમ સાર રે. પ્રભુ૦ ૬
પૂરણ ઘટાભ્યંતર ભર્યો રે,
કાંઈ અનુભવ આહાર રે પ્રભુ૦
આતમધ્યાને ઓળખી રે,
કાંઈ તરસ્યું ભવનો પાર રે. પ્રભુ૦ ૭
વર્ધમાન મુજ વિનતી રે,
કાંઈ માનજો નિશદિશ રે પ્રભુ;
મોહન કહે મનમંદિરે રે,
કાંઈ વસીયો તું વીસવાવીસ રે પ્રભુ૦ ૮

(૪૨)

શ્રી રામવિજયજી (વિમળવિજય શિષ્ય) ચોવીસી રચના સં. ૧૭૭૦ આસપાસ

શ્રી તપગચ્છમાં વિમળવિજયજી ઉપાધ્યાયના શિષ્ય હતા તેઓની ચોવીસી સુંદર રાગ રાગણીમાં રચાયેલી છે અવશ્ય મોઢે કરવા જેવી છે તેઓની બીજી ગ્રંથરચનામાં સઝાયો-સ્તવનો વીગેરે છે તેઓશ્રીએ સુરતમાં સંવત ૧૭૭૩માં ચોમાસું કર્યું હતું. ત્યારે વીરજીન પંચ કલ્યાણુક તથા ૨૪ જીન આંતરાનું સ્તવન રચ્યાં છે. આ સાથે તેમનાં પાંચ સ્તવનો તથા બીજા બે કાવ્ય મલી સાત લીધાં છે.

૧. બાહુબલ સ્વાધ્યાય સં. ૧૭૫૧ ૨. ગોડીપાસ સ્તવન સં. ૧૭૭૨
૩. વીરજીન પંચકલ્યાણુક ૧૭૭૩ ૪. વિજયરત્ન સૂરિરાસ ૧૭૭૩

શ્રી ઋષભજિન સ્તવન

(૧)

(હાંરે મ્હારે પોવનિયાનો લટકો દહાડા ચારજો—એ દેશી)

હાંરે આજ મલિયો મુજને તીન ભવનનો નાથ જો,
ઉદયો સુખસુરતરુ મુજ ઘર આંગણે રે જો;
હાંરે આજ અષ્ટ મહાસિદ્ધિ આવી માહરે હાથ જો,
નાઠા માઠા દાહઠા દરિસણ પ્રતુ તણે રે જો. ૧
હાંરે મ્હારે હિયડે ઉલટી ઉલટરસની રાશિ જો,
નેહ સલુણી નજર નિહાળી તાહરી રે જો;
હાંરે હુંતો જાણું નિશદિન એસી રહું તુજ પાસ જો,
તાહરે નેહે ભેટી મીજી માહરી રે જો ૨

હાંરે મ્હારી પૂગી પૂરણ રીતે મનની હુંસ જો,
દુરજનિયા તે દુઃખભરિઆ વટસ્યે પડયા રે જો;
હાંરે પ્રભુ તું તો સુરતરુ બીજા જાણ્યા તુસ જો,
તુજ ગુણ હીરો મુજ હિયડા ઘાટે જડયો રે જો ૩
હાંરે પ્રભુ તુજસ્યું મ્હારે ચોલમજીઠો રંગ જો,
લાગ્યો એહવો તે છે કુણ ટાળી શકે રે જો;
હાંરે પ્રભુ પલટે તે તો કાચો રંગ પતંગ જો,
લાગ ન લાગે દુરજનનો કો મુજ થકે રે જો ૪
હાંરે પ્રભુ તાહરી મુદ્રા સાચી મોહનવેલ જો,
મોહ્યા તીન ભુવન જન દાસ થઈ રહ્યા રે જો;
હાંરે પ્રભુ જે નવિ રંજ્યા સુરતરુને ઠેલી જો'
દુઃખવિષવેલી આદર કરવા ઉમહ્યા રે જો ૫
હાંરે પ્રભુ તાહરી ભક્તિ ભીનું માહરું ચિત્ત જો,
તલ જિમ તેલે તેલે જેમ સુવાસના રે જો;
હાંરે પ્રભુ તાહરી દીઠી જગમેં મોટી રીત જો
સુફળ ફળ્યા અરદાસ વચન મુજ દાસના રે જો ૬
હાંરે મ્હારે પ્રથમ પ્રભુજી પૂરણ ગુણનો ઈસ જો,
ગાતાં ઋષભ જિણેસર હુંસે મનતણી રે જો
હાંરે મ્હારે વિમલ વિજય વર વાચકને શુભ સીસ જો,
રામે પામી દિન દિન દોલત અતિઘણી રે જો. ૭

શ્રી શાંતિનાથ સ્તવન.

(૨)

(એહલે ભાર ઘણો છેરાજ વાતાં કેમ કરો છો એ દેશી.)

મારો મુજરો લ્યોને રાજ સાહિબ શાંતિ સલુણા આંચલી.

અચિરાજિના નંદન તોરે દરશણ હેતે આવ્યો;
સમકિત રિદ્ધે કરીને સ્વામી, ભગતિ ભેટણું લાવ્યો મારો૦ ૧
દુઃખ ભંજન છે બિરૂદ તુમારો, અમને આસ તુમારી;
તુમે નિરાગી થઈને છુટો, શીગતિ હોશે અમારી મારો૦ ૨
કહસ્યે લોકન તાણી કહેવું, એવડું સ્વામી આગે;
પણ બાલકને બોલી નજાણે, તો કિમ વાહલો લાગે. મારો૦ ૩
માહરે તો તુ સમરથ સાહિબ તો કિમ ઓછું માનું;
ચિંતામણિ જિણે ગાંઠે બાંધ્યું, તેહને કામ કિસ્યાનું મારો૦ ૪
અધ્યાતમ રવિ ઉગ્યો મુઝ ઘટ, મોહ તિમિર હર્યો જૂગતે;
વિમલ વિજય વાચકનો સેવક **રામ** કહે શુભ ભગતે મારો૦ ૫

શ્રી નેમનાથ સ્તવન.

(૩)

(પરણ્યાથી માહરે પાડોસી સુજાણજો જાતાંને વલતાં
મનડું રીઝવેજો એ—દેશી)

સહિયાં મોરી સાહિબો નેમ મનાવો જો,
દિલડું તે દાઝે પિઉ વિણ દિઠડે જો;
દિલ મેલીને કીધો દુશમન દાવો જો,
અબલાને બાલી યાદવ મીઠડે જો. ॥૧॥
કરતાં શું તો જાણી પ્રીતિ સોહલી જો,
દોહિલી તેં નિરવહતાં દીઠી નયણુડે જો;
સામલીયો સાંભલતાં હિયડે સાલે જો,
દુઃખતે કહેતાં ન આવે વયણુડે જો. ॥૨॥
રહેશે દુનિયા માંહિ વાત વિદિતી જો,
વાહલેજી કીધી છે એહવી રીતડી જો;

શું જાણ્યું વીસરશે કિણ અવતાર જો,
તોડી જે યદુનાથે કાચી પ્રીતડી જો. ॥૩॥
મન કેાઈને છાનો વૈરી નેહ જો,
લાગીને દુઃખ દેતો કહિયે એહવો જો;
નેહ તણાં દુઃખ જાણે તેહજ છાતી જો,
જે માંહિ વિચરે અવર ન તેહવો જો. ॥૪॥
નેમીસરને ધ્યાને રાજુલ નારી જો,
મેલેા તે મનગમતો લહે શિવમંદિરે જો;
વિમલવિનય ઉવઝાય તણા શુભ શિષ્યે જો,
રામવિનય સુખસંપત્તિ પામી શુભ પરે જો. ॥૫॥

શ્રી પાર્શ્વનાથ સ્તવન.

(૪)

(ગાયેારે સિદ્ધાચલ મંડણ ધણીરે એ દેશી)

પ્રભુજી પાસ જિણુંદ તહારીરે તહારીરે
મુદ્રા અભિનવ મોહિની રે;
એહવી દુનિયામાંહિ બીજી રે બીજી રે
દીઠી મેં નહિ કેાઈની રે ॥૧॥
કામણુગારી તુજ કીકી રે, કીકી રે
નીકી પરિ હિયડે વસી રે;
નેણાં લંપટ મુજ ચાહરે, ચાહ રે
જોવા ખિણુ ખિણુ ઉલ્લસી રે ॥૨॥
તુજ દીઠે સુખ હેાય તે કુણ રે, કુણ રે
જાણે કહેા વિણ કેવલી રે;

એ હજ મુજ અરદાસ ચરણે રે, ચરણે રે
રાખો શું કહીયે વલી રે. ॥૩॥
શરણે રાખી નાગ તેને રે તેને રે
કીધો નાગ તણો ધણી રે;
કમઠ તણો અપરાધ બહુલા રે બહુલા રે
તું રૂઠ્યો નહિ તે ભણી રે. ॥૪॥
દઈ વરસીદાન જગના રે જગના રે
જન સઘલા સુખીયા કર્યા રે;
એહવા બહુ અવદાત તાહરા રે તાહરા રે
ત્રિતુવન માંહિ વીસ્તર્યો રે. ॥૫॥
તો મુજને પરવાહ શાની રે શાની રે
જે પોતે બાંહિ ગ્રહ્યો રે;
તુજ ભગતિ લય લિન એહજ રે એ હજ રે
શિવ મારગ મેં સદ્દહ્યો રે; ॥૬॥
ધન ધન વામા માત જેહની રે, જે હની રે
કુખે તું પ્રભો અવતર્યો રે;
વિમલવિજય ઉવઝાય, શિષ્યે રે શિષ્યે રે
રામે જનમ સફલ કર્યો રે. ॥૭॥

શ્રી મહાવીર સ્તવન

(૫)

(ભરત નૃપ ભાવસ્યું—એ દેશી)

આજ સફળદિન માહરો એ, ભેટયો **વીરજિણુંદ** કે
ત્રિભુવનનો ધણી એ.

ત્રિસલારાણીનો નંદ કે જગચિંતામણી એ;
દુઃખદોહગ દૂરે ટળ્યાં એ, પેખી પ્રભુમુખ ચંદ કે ત્રિ૦ ૧
રિદ્ધિવૃદ્ધિ સુખ સંપદા એ, ઉલટ અંગે ન માય કે,
આણી મુઝ ઘર આંગણેએ, સૂરગવિહેજ સવાય કે. ત્રિ૦ ૨
ચિંતામણિ મુઝ કર ચઢયું એ, પાયો ત્રિભુવન રાજ કે,
મુહમાગ્યા પાસા ઢળ્યા એ, સિધ્યાં વંછિત કાજ કે. ત્રિ૦ ૩
ચિતસાહ્યા સાજન મિલ્યા એ, દુરજન ઉડયા વાયકે,
સોમનજર પ્રભુની લહીએ, જેહવી સુરતરુ છાંય કે. ત્રિ૦ ૪
તેજ ઝલામલ દીપતો એ, ઉગ્યો સમકિત સૂર કે,
વિમલવિજય ઉવજઝાયનો એ, **રામ** લહે સુખપૂર કે. ત્રિ૦ ૫

શ્રી વિજયરત્નસૂરિ રાસ

(૬)

આદિ—

સુપ્રસન્ન આલ્હાદકર, સદાજાસ મુળચંદ;
વંછિત પૂરણ કલ્પતરૂ, સેવક શ્રી જીનચંદ.
શ્રી વામા રાણી તણો, નંદન નિરૂપમ રૂપ;
સૂરતિમંડણુપાસની, ત્રિભૂવન તણા ભૂપ.
દોલતિદાઈ તેહના, પ્રણમી પય અરવિંદ;
ગાસ્યું ગિરૂઆગછપતિ, **શ્રી રત્નવિજયસૂરીંદ.**

ગોડીપાસ સ્તવન ૧૭૭૨ વિજયાદશમી

(૭)

નયણાં પુનિ પુનિ ચંદ વરસે વિજે દસમી દિને;
રચિઓ રંગે છંદ કમલા કીર્તિ સંનિધિ.

વિમલવિજય ઊવઝાય, સુભસીસે **રામે** મુદા
પાયા પરમપસાય, ગાયા **ગોડિ પાસ ગુણ.**

કળશ

વિજય રત્ન સૂરિંદસુંદર ગચ્છગપણ દિવા કરો;
જગચિત્તરંજન કુમતિ ભંજન, કુલપયોજ કલાધરો.
સંપતિદાતા સુખ વિધાતા, કુસલવલ્લિ પયો હરો;
તસ ચરણ સેવક **રામ વિજયે**, ગાયો ગુરૂગુરૂ જયકરો.

जीवो पमाय बहुलो, बहुसो वि अबहुविहेसु अत्थेसु ।
ए पण कारणेणं, बहुसो सामाइयं कुज्जा ॥

અર્થ—જીવ પ્રમાદથી ભરેલો છે, બહુ પ્રકારના અર્થમાં વારંવાર વ્યાપેલો છે, એ કારણે વારંવાર સામાયિક કરવું જોઈએ.

(૪૩)

શ્રી કિર્તીવિમલ

ચોવીસી રચના ૧૭૭૦ આસપાસ

તપગચ્છમાં શ્રી રૂદ્ધિવિમલજીના શિષ્ય આ મુનિશ્રી થઈ ગયા છે તેઓશ્રીએ ચોવીસી સાદી ભાષામાં અને સુંદર રાગોમાં બનાવી છે બીજી કૃતિઓ શ્રી ભાભા પાર્શ્વનાથ સ્તવન તથા શ્રી કોકા પાર્શ્વનાથ સ્તવનો છે.

ઋષભદેવ સ્તવત

(૧)

(મહાવિદેહ ક્ષેત્ર સોહામણું–એ દેશી)

મનમોહન તું સાહિબો, મરૂદેવી માત મલ્હાર લાલ રે ।
નાભિરાયા કુલ ચંદલો, ભરતાદિક સુત સાર લાલરે ।।
મનમોહનકું ૧

યુગલા ધર્મ નિવારણો, તું મોટો મહારાજ લાલરે ।
જગત દારિદ્ર ચૂરણો, સારે હવે મુજ કામ લાલરે ।।
મનમોહન. ૨

ઋષભ લંછન સોહામણો, તું જગનો આધાર લાલરે ।
ભવભયભીતા પ્રાણીને, શિવ સુખનો દાતાર લાલરે ।।
મનમોહન. ૩

અનંતગુણ મણિઆગરૂ, તું પ્રભુ દીન દયાલ લાલરે ।
સેવક જનની વીનતિ, જન્મમરણ દુઃખ ટાલ લાલરે ।।
મનમોહન. ૪

સુરતરૂ ચિંતામણી સમો, જે તુમ સેવે પાય લાલરે।
ઋદ્ધિ અનંતી તે લહે, વળી કીર્તિ અનંતી થાય લાલરે॥
મનમોહન તું સાહિબો. ૫

શાંતિનાથ સ્તવન

(૨)

જીરે મારે **શાંતિ જિનેસરદેવ,**
સુણો પ્રભુ માહરી જીરે જી;
જીરે મારે ભવમાં ભમતાં સાર,
સેવા પામી તાહરી જીરે જી. ૧

જીરે મારે માનું સાર હું તેહ,
હરિહર દીઠા લોયને જીરે જી;
જીરે મારે દીઠે લાગ્યો રંગ,
તુમ્હ ઉપર એકે મને જીરે જી. ૨

જીરે મારે જિમ પંથિ મન ધામ,
સીતાનું મન રામ શું જીરે જી;
જીરે મારે નિધનીને મન કામ,
લોભીનું ચિત્ત દામશું જીરે જી. ૩

જીરે મારે એવો પ્રભુ શું રંગ,
તે તો તુમ્હ કૃપા થકી જીરે જી,
જીરે મારે નિરવેદ અત્યંત,
નિત્યે જ્ઞાન દિશા થકી જીરે જી. ૪

જીરે મારે શાંતિ કેરો શાંતિનાથ,
શાંતિ તણો અરથી સહી જીરે જી;
જીરે મારે **ઋદ્ધિ કીર્તિ** તુમ પાસ,
અમૃત પદ આપો વહી જીરે જી. ૫

નેમિનાથજીનું સ્તવન

(૩)

નેમિ જનેસર વાલ્હેા રે,
રાજુલ કહે ઈમ વાણુરે મન વસીયા;
એહજ મેં નિશ્ચય કીયેા રે,
સુખદાયક ગુણ ખાણ રે શિવ રસીયા. ૧

કૃપાવંત શિરેામણિ રે,
મે સુણ્યેા ભગવંત રે મનવ૦;
હરિણ શશાદિક જીવન રે,
જિવીત આણું સંત રે શિવવ૦ ૨

મુજ કૃપાતે નવિ કરી રે,
જાણું સહી વીતરાગ રે મનવ૦;
યાચક દુઃખીયા દીનને રે,
દીધું ધન મહાભાગ્ય રે શિવવ૦ ૩

માણું હું પ્રભુ એટલું રે,
હાથ ઉપર દ્યો હાથ રે મનવ૦;
તે આપી તુમ નવિ શકેા રે,
આપેા ચારિત્ર હાથ રે શિવવ૦ ૪

ચારિત્ર એાથ આપી કરી રે,
રાજુલ નિજ સમ કીધ રે મનવ૦;
ઋદ્ધિ કીર્તિ પામી કરી રે,
અમૃત પદવી લીધ રે શિવવ૦ ૫

પાર્શ્વજિન સ્તવન

(૪)

વામાનંદન પાસ જિણુંદ,
પામ્યેા પૂણ્યે આણુંદ પ્રભુ એ ભલેા;
પામી નરભવ જે જપે પાસ,
પહેાંચે સઘલી તેહની આશ. પ્રભુ૦ ૧

રેાગ શેાગ ન હેાય મારિ,
હરિ નવિ આવે પાસે કુનારિ; પ્ર૦
પાસ પ્રભુનેા જે કરે જાપ,
ના આવે પાસે અરિકરિ સાપ. પ્ર૦ ૨

આધિ વ્યાધિ ન થાય દુકાલ,
જે પાસ જાપ કરે ત્રિકાલ. પ્ર૦
શાકણુ ડાકણુ ભૂત પ્રેત,
જાયે નાઠા દુષ્ટ સંકેત. પ્ર૦ ૩

કામ કુંભને જે સુરનર,
વશ થાય પાસ ધ્યાને તત્કાલ પ્ર૦
વિદ્યાદેવી વશ પાસને નામ,
રાય રાણી સવિ કરે પ્રણામ પ્ર૦ ૪

ત્રેવીશમેા શ્રી પાર્શ્વનાથ,
સાચેા લહ્યો મેં મુક્તિનેા સાથ, પ્ર૦
ઋદ્ધિને કીર્તિ પ્રભુથી થાય,
અમૃત પદનેા એહ ઉપાય. પ્ર૦ ૫

શ્રી મહાવીર સ્તવન

(૫)

(દીઠો દીઠો રે મેં વામાનંદન દીઠો–એ દેશી)

ગાયો ગાયો રે મેં **ત્રિશલાનંદન** ગાયો;
હર્ષ બહુમાન આનંદ પામી, એ સમકિતને ઉપાયો રે ॥
મેં ત્રિશલા. ૧

તું કૃપાનિધિ તું સમતાનિધિ, તું મુજ માત ને ભ્રાતા ।
જ્ઞાતા ત્રાતા શાતા કરતાં, મુજ ભવભયનો હરનાર રે ॥
મેં ત્રિશલા૦ ૨

શૂલપાણિને સમકિત દીધું, ચંડકૌશિક તાર્યો ।
સેવક પ્રભુ કાંઈ વિસારો, અબ પ્રભુ મુજને તારો રે ॥
મેં ત્રિશલા. ૩

તુમ સરિખો શિર સાહિબ પામી, જે કરશે પરમાદો ।
તે દુખીયા થાશે નહી સંશય, ભવમાં પામી વિખવાદો રે ॥
મેં ત્રિશલા. ૪

મુકી પ્રમાદને પ્રભુ પદ સેવો, એ નરભવનો મેલો ।
ઋદ્ધિ **કીર્તિ** દેવે વીર દેવો, અમૃત પદ હર્ષે લેવો રે.
મેં ત્રિશલા નંદન ગાયો. ૫

(૪૪)

શ્રી ધર્મવર્ધ્ધન (ધર્મસિંહ)

ચોવીસી રચના સં. ૧૭૭૧ જેસલમેર

શ્રી ખરતરગચ્છમાં શ્રી વિજયહર્ષ મુની શિષ્ય શ્રી. ઊ. ધર્મ-વર્હ્ધન થયા. તેઓશ્રીનો જન્મ સં. ૧૭૦૦ માં થયો આ વિદ્વાન મુનિએ ઓગણીસ વર્ષની ઊમરે ૧લો ગ્રંથ શ્રી શ્રેણીક ચોપાઈ ૧૯૧૯માં બનાવી **શ્રી વીરભક્તામર** સંસ્કૃતમાં રચ્યું જે શ્રી ભક્તામર સ્તોત્રની દરેક ગાથામાંથી છેલ્લું ચરણ લઈ બનાવ્યું છે. સંવત ૧૭૩૬ માં બનાવ્યું છે. શ્રી વસંતતિલકામાં રચેલ છે. ને :તેના ઉપર સ્વોપજ્ઞ સંસ્કૃત વૃત્તિ રચી છે. આ સ્તવનશ્રી **આગમોદય સમિતિ** તરફથી ૧૯૮૨ માં ગુજરાતી ભાષાંતર સાથે છપાયું છે.

ગ્રંથ રચના

૧ શ્રેણીક ચોપાઇ ૧૭૧૯
૨ ધર્મભાવની ૧૭૨૫
૩ અમરસેન વૈરસેન ચોપાઈ ૧૭૨૪
૪ પ્રાસ્તાવિક કુંડલીઓ ૧૭૩૪
૫ સુરસુંદરી અમર કુમાર રાસ રચ્યો ૧૭૩૬ બેનાતટપુર
૬ સવાસો શીલકડી ૧૩૬
૭ પ્રાસ્તાવિક છપ્પન ભાવની ૧૭૫૩
૮ દશાર્ણભદ્ર ચોપાઈ ગાથા ૯૭ ૧૭૫૭
૯ ગુણસ્થાન સ્તવન જેસલમેર ૧૭૨૯
૧૦ અઢીદીપ વિસવિહરમાન સ્તવન જેસલમેર ૧૭૨૯
૧૧ આલોયણા સ્તવન ૧૭૫૪ ફલોધી
૧૨ શનિશ્ચર વિક્રમ ચોપાઈ રાધનપુર
૧૩ લબ્ધિ સ્તવન ૧૭૨૨ લુણકરસર
૧૪ સમવસરણ વિચારગર્ભિત સ્તવન.
૧૫ ચોવીસી ૧૭૭૧
૧૬ શ્રી વીર ભક્તામર ૧૭૩૬
૧૭ શ્રી શ્રેણીક ચરિત્ર ૧૦૦૦ શ્લોક

શ્રી ઋષભ જિન સ્તવન

૧

(રાગ ભૈરવ)

આજ સુ દિન મેરી આશ ફળી રી આજ૦
આદિજિણુંદ દિણુંદ સેા દેખ્યેા હરખ્યેા હૃદય જ્યું કમલ
કલી રી આજ૦ ૧
ચરણ યુગલ જિન કે ચિંતામણી મૂરતિ સેાહ સુર ધેનું મિલી રી
નાભિનરિંદ કેા નંદન નમતાં દુરિત દશા સબદૂર
દલી રી આજ૦ ૨
પ્રભુ ગુન ગાન પાન અમૃત કેા ભગતિ સુ સાકર માંહિ
મિલી રી
શ્રી જિન સેવા સાંઈ ધર્મ લીલા ઋષિ પાઈ સાઈ રંગ
રલી રી આજ૦ ૩

શ્રી શાંતિનાથ સ્તવન

૨

(રાગ વેલાઉલ લહીએા)

શ્રી શાંતિ જિનેશ્વર સેાલમેાજી, શાંતિ કરણ સુખ દાઇ,
નામ પ્રસિદ્ધ જસ નિર્મલેા, પૂજે સુરનર પાય હેા.
શ્રી શાંતિ૦ ૧
આપ શરણુ ઉગરિયેાજી, પારેવા ધરી પ્યાર;
દાન દિયેા નિજ દેહનેા, ઇમ મેાટાના ઉપગાર હેા.
શ્રી શાંતિ૦ ૨
ઉદરે આવી અવતર્યાજી, અધિકાર કરી એહ,
મરકી ઉપદ્રવ મેટિયેા તાર્યેા સહુ દેશ અચ્છેહ હેા.
શ્રી શાંતિ૦ ૩

ભવ એકે હિજ ભોગવીજી, દીપત પદવી દોય;
યાનો ચક્રવર્તી પાંચમો, સોલમ જિનવર સોય હો.
શ્રી શાંતિ૦ ૪

સમરથ એ લહ્યો સાહિબોજી, કમલા નહીં હિવે કાય,
સેવ્યા વાંછિત હુવે સદા, ઇમ કહે ધર્મશી ઉવઝાય હો.
શ્રી શાંતિ૦ ૫

શ્રી નેમનાથ જિન સ્તવન

૩

(રાગ-વસંત)

કરણી નેમિકી કાહૂ ઔર ન કીની જાય.
કરણી નેમિકી તરુણવય પરણી નહીં હો રાજિમતિ
યદુરાય કરણી૦ ૧

જીવપુકાર સુણી જિણે હો કરૂણ મન પરિણાય ક૦
ગજ રથ તજ કે પ્રતિ ગ્રયો હો શિલાંગ રથ સુખદાય ક૦ ૨
મમતા બાંદી મૂકી કહો સુમતા લી સમઝાય ક૦
સિદ્ધ વધુ વિલસે સદા હો પુણ મેં ધર્મશી પાય ક૦ ૩

પાર્શ્વજિન સ્તવન

(૪)

(રાગ-રામગિરિ)

મેરે મન માની સાહિબ લેવા
મીઠી ઔર ન કોઈ મિઠાઈ મીઠા ઔર ન મેવા મેરે૦ ૧
આતમરામ કલી જ્યોં ઉલસે દેખત દિનપતિ દેવા
લગ હુમારી યાસું લાગી રાગી જ્યું ગજરેવા મેરે૦ ૨
દૂરનકાર હું પલભર દિલતે સ્થિર જ્યું મુદરી થેવા
શ્રી ધર્મશી પ્રભુ પારસ પરસે લોહ કનક કર લેવા મેરે૦ ૩

શ્રી મહાવીર જિન સ્તવન

(૫)

(રાગ–વેલાઉલ)

પ્રભુ તેરે વયણ સુખિયા રે સરસ સુધા હુંતે સારે પ્રભુ૦
સમવસરણ મધિ સુણી મધુર ધ્વની બુઝતી પર્ષદા બારે
સુનત સુનત સબ જન્તુ જન્મ કે વૈર વિરોધ વિસારૈ પ્રભુ૦ ૧
અહો પૈતીલ વચન કે અતિશય અચરજ રૂપ અપારે
પ્રવચન વચન કી રચના પસરત અબહી પંચમ આરે પ્રભુ૦ ૨
વીર કી વાણી સબહિ સુહાણી આવત બહુ ઉપકારે
ધન ધન સાચી એહ **ધર્મશી** સબકે કાજ સુધારે પ્રભુ૦ ૩

કળશ

(૬)

ચિતધર શ્રી જિનવર ચોવીશી
પ્રભુ શુભ નામમંત્ર પરસાદે કામિત કામ ગવીસી ચિત૦ ૧
રાગબંધ ધ્રુપદ રચના પૈ માંહૈ ઢાલ મિલી સી
રોટલી ગહુ કી સબ રાજી માંગે સ્વાદ કું મિસી ચિત૦ ૨
સતર સૈ ઈકિહુત્તર ગઢ જેસલ ભોરી યહ સુજગીશ
શ્રી સંઘવિજય હર્ષ સુખ સાતા શ્રી **ધર્મશી** જાસ સીસ
ચિત૦ ૩

★

(૪૫)

શ્રી રાજસુંદર (ભાગચંદ)
ચોવીશી રચના ૧૭૭૨

શ્રી ખરતગચ્છમાં શ્રી જીનસૂખસૂરિની પરંપરામાં શ્રી રાજલાભના તેઓશ્રી શિષ્ય છે તેઓશ્રીની બીજી ગ્રંથરચના જાણવામાં નથી.

શ્રી આદિજિન સ્તવન

(૧)

(ઢાળ ઝૂખડાજી)

સરસ વચન દો સરસ્વતી ગાયશું શ્રી જિનરાજ
સનેહી સાહિબા
આદે આદિ જિનેશ્વર તારણ તરણ જિહાજ. સનેહી૦ ૧

ભ્રમન મધુકર મોહિયો તુમ્હ ગુણ કમલ સુવાસ સ૦
ગુણ દેખી રાચે સદા હિયડે હોય ઉલ્લાસ. સ૦ ૨

ગુણ રૂપી માલા જિકે કંઠે રાખે જેહ સ૦
વિવિધ પ્રકારે પૂજતાં સફલ કરે ભવિ તેહ. સ૦ ૩

મરૂદેવીકો નંદન શત્રુંજય ગિરિશણગાર સ૦
સોવણ વર્ણ સુહામણો વૃષભ લંછન ઉદાર સ૦ ૪

સખિય સહેલી સવિ મિલી પૂજે પ્રથમ જિણંદ સ૦
રાજ લીલા અવિચલ સદા ગાવો ગુણ ભાગચંદ સ૦ ૫

શ્રી શાંતિનાથ સ્તવન

(૨)

(ઢાલ વીછીયાની)

કર જોડી વિનતી કરૂ, શાંતિ સુખ કારરે લાલજી,
શરણે હું આયો સાહિબા, પાલો પ્રભુ પ્રીતિ ઉદારરે લાલ.
વાલ્હા જિન ચિત્ત મે વસ્યો. ૧
હાંરે લાલ કંચન વર્ણ સોહામણો,
છવિ દીપે તેજ દિનંદરે લાલ.
ઇતિ ભીતિ અલગા રહે, ઉત્તમ સેવ કરે નર ઇંદરે લાલ. ૨
હાંરે ભાવ શાંતિ જન્મ જગમે હુઈ,
રોગ સોગ ગયા દુઃખ દૂરરે, લાલ;
ત્રિભુવન માંહે તાહરો જસ વિસતરીયો, ભરપૂર રે લાલ. ૩
હાંરે લાલ પ્રીતિ પારેવાની પરે,
પાલો પ્રભુદીન દયાલરે લાલ;
અમૃત નયન નિહાલતાં, તન મન ઉલ્લસે તત્કાલરે લાલ. ૪
હાંરે લાલ શરણ ચરણ છોડું નહી,
હિવે મયાકરો મહારાજ રે લાલ;
ભાગચંદ્ર વિધિ ભેટતાં, આરત જાયે સવિ ભાજરે લાલ. ૫

શ્રી નેમિજિન સ્તવન

(૩)

(ઇડર આંબા આંબલીની ઢાળ)

સામલવરણ સુહામણો રે યાદવ કુલ સિણગાર;
બ્રહ્મચારી બાવીસમો રે નમીએ નેમિકુમાર.

હરખ ધરી પૂજો જિનવર પાય, થિર મનના વાંછિત થાય.
પાતિક દૂર પલાય. હરખ૦ ૧
રાજુલ તજી રૈવત ભજ્યો રે, ભૂંજ્યો મદન વિકાર.
ગંજ્યો મોહ ગરૂરતા રે, રંજ્યો તું શિવનાર. હરખ૦ ૨
રુનક અગર ઉત્તમ સહી રે, ઈખિ ગુણે અધિકાર;
ચાવા જગ ચચારે કહ્યા રે, આવઈ પર ઉપગાર. હરખ૦ ૩
ગરૂઆ સહેજે ગુણ કરે રે, સારો રહે સંસાર;
ચરણ ન છોડું તાહરા રે, એક તો સું ઈકતાર. હરખ૦ ૪
દીન દયાળ કૃપા કરો રે, તાર ઉતારો પાર;
ભાગચંદ નઈઅવો ભવેરે, બોધબીજ દાતાર. હરખ૦ ૫

શ્રી પાર્શ્વજિન સ્તવન

(૪)

(ઢાળ–કેશરિયા રાજ સાલૂ લાવ જો)

પરતિખ પસ્યા પુખઇજી પુરૂષા દેય પ્રધાનજી
વામાના નંદન મ્હોંને મૌજ હૈ જો જી
કર જોડી વિનતિ કરૂં જી આપો વંછિત દાન જી વામા૦ ૧

મૂરતિ મનનની મોહનીજી સુંદર અતિ સુખદાયજી
ચરણ કમલ તાહરઈ સદાજી
મન ભમર રહે લપટાય જી વામા૦ ૨

દીઠા દેવધણું ઘણાજી નાવૈ થાહરી જોડ જી
ચૌવિહ સુર ઓલગ કરે જી
હરખે હોડાહોડ જી વામા૦ ૨

વાલ્હા લાગેા છેા મેા ભણી જી હીયડાનાથે હારજી
વિસાર્યા નવિ વિસર્યો જી
થે મુજ પ્રાણ આધાર જી વામા ૪
મનરા તનરા દુખહરેા જી વિનતિ કરૂં વારંવાર જી
ભાગચંદ ને દિને દિને જી
સુખસંપત્તિ દાતાર જી વામા ૫

શ્રી મહાવીર જિન સ્તવન

(૫)

(ઢાળ–આવઈ લેા–એદેશી)

શ્રી સિદ્ધારથ કુલતિલો ત્રિશલાદેવી માત
ગુણ ગાતાં જિનવરતણા સફળ હુવે દિનરાત
મન શુદ્ધ ભાવસું ભેટેા શ્રી મહાવીર
મેખ તણી પર ધીર
કંચન વરણ શરીર
મન શુદ્ધ ભાવ સું ભેટેા શ્રી મહાવીર એ આંકણી ૧
ચૌસઠ ઈન્દ્ર મિલિ કરી ઉચ્છવ હરખ અપાર
પાંચ કલ્યાણુક પરગડા
નિજ નિજ અવસર સાર મન૦ ૨
અનુક્રમે શિવસમંદ કરી સકલ કર્મ કરી અંત
અજર અમર પદવી લહી
ભયભંજન ભગવંત મન૦ ૩
ગુણ અનંત જિનવર તણા કહેતાં ન આવે પાર
સહસ મુખે સુરપતિ કરે
નવા નવા ભાવ ઉદાર મન૦ ૪

શાસન નાયક સેવતાં પામીએ વંછિત કોડી
પ્રહસમે ભાગચંદ સદા
પ્રણમે બે કર જોડી મન૦ ૫

ચોવીસી કલશ

(૬)

(રાગ–સુણિ બેની પિઉડો પરદેશ)

ભાવભગતિ ઇણિપરિ ગુણ ગાયા, મનવંછિત ફલપાયા જી;
ચોસઠ ઈન્દ્ર પ્રણમે વરરાયા, કંચન કોમલ કાયા જી.
ભાવ ભગતિ. ૧

નૈન[૨] સાયર[૭] મુનિ[૭] ચન્દ્ર[૧] કહી જે, સુદિ માગસર સલહીજે,
અજીતનાથ જીન આણ વરિજે, અરિતિ દુખ દૂર વરિજે.
ભાવ ભગતિ. ૨

શ્રી ખરતર જીનસુખસૂરિંદા, પ્રતાપો જીમ રવિચંદા;
વાચક હીર કીર્તિ ગુણ વૃંદા, રાજહર્ષ સુખકંદાજી.
ભાવ ભગતિ. ૩

તાસુ શિષ્ય વાચક પદ ધારી, રાજલાભ હિતકારી જી,
તાસુ ચરણકમલ અનુચારી, રાજસુંદર સુવિચારી જી.
ભાવ ભગતિ. ૪

ગુરૂ મુખ ઢાળ સુણી જે ભાવૈ, તે પરમારથ પાવૈ જી;
ભણતાં સુણતાં વધતે ભાવૈ, આરત દુરે જાવે જી.
ભાવ ભવતિ ઇણિપરિ ગુણ ગાયા. ૫

(૪૬)

વાચક શ્રી દેવચન્દ્રજી
(ચોવીસી રચના સંવત ૧૭૭૫ આસપાસ)
લેખનકાળ ૧૭૬૬ થી

મહાન્ અધ્યાત્મ જ્ઞાની યોગી શ્રી જિનપ્રતિમાના અથાગપ્રેમી શ્રી દેવચન્દ્રજીનો જન્મ સં. ૧૭૪૬ માં ચંગ ગામમાં થયો હતો. તેઓની **ચોવીસી** તત્ત્વજ્ઞાન અને ભક્તિરસથી ભરપૂર છે. અને ખાસ મનન કરવા યોગ્ય છે. તેઓશ્રીને પાટણમાં શ્રીજ્ઞાનવિમલસૂરિ સાથે મેળાપ થયો હતો અને સૂરિજીને તેમની વિદ્વતાથી ઘણોજ આનંદ થયો હતો, અને પાટણમાં **શાહની** પોળમાં ચોમુખવાડી પાસે જિનાલયમાં સહસ્રકુટ જિનના નામ સૂરિજીને સંભળાવે છે. અને નગરશેઠ **તેજસિંહ દોસી** આશ્ચર્ય-ચકિત થાય છે.

તેઓશ્રીએ બેલાડા ગામમાં રમ્ય વેણા તટે ભૂમિગૃહમાં સરસ્વતીની આરાધના કરી શાસ્ત્રાભ્યાસ કર્યો. ષડાવસ્યક સૂત્ર, નૈષધાદિ, પંચકાવ્ય નાટક, જ્યોતિષ, કોષ, કૌમુદી, મહાભાષ્યાદિ વ્યાકરણો, પિંગળ, સ્વરોદય, તત્ત્વાર્થસૂત્ર, આવસ્યક બૃહદ્વૃત્તિ, સિશેષાવસ્યક. શ્રી હરિભદ્રસૂરિ, શ્રીહેમચન્દ્રાચાર્ય અને શ્રીયશોવિજયજીના ગ્રન્થો, છ કર્મગ્રંથ, આદિ અનેક શાસ્ત્રોની જૈન-આમ્નાયથી સુગન્ધ લઈ મતિજ્ઞાનને શ્રુતજ્ઞાનમાં પરિણમાવ્યું. સં. ૧૭૬૬માં મુલતાનમાં ધ્યાનદીપિકા લખી. ૧૭૬૭ માં દ્રવ્ય-પ્રકાશ રચ્યો. સં. ૧૭૭૬ માં મરોડમાં આગમસારોદ્ધાર ગ્રંથ બનાવ્યો. ત્યાંથી ૧૭૭૭માં પાટણ આવ્યા. આ અરસામાં તેઓએ ક્રિયોદ્ધાર કર્યો અને પછી અપરિગ્રહ ઉપર ભાર મૂકયો. સં. ૧૭૭૯ માં ખંભાતમાં ચોમાસું કર્યું. પછી શ્રી શત્રુંજય ઉપર જીર્ણોદ્ધારનું કામ કરાવ્યું. સં. ૧૭૮૬-૮૨-૮૩-૮૪ અમદાવાદમાં રહ્યા. સં. ૧૭૮૫-૮૬-૮૭ માં પાલીતાણામાં પ્રતિષ્ઠા કરી

રાજનગરમાં ચોમાસુ રહ્યા. ત્યાં દિલ્હીના શાસનવતી ગુજરાતના નાયબ મુખ્ય તરીકે **રત્નસિંહ ભંડારી** સં. ૧૭૮૯ થી ૧૭૯૩ સુધી શાસન કરતા હતા. તે સમયે ભંડારીજી શ્રી દેવચન્દ્રજી પાસે આવતા. એક વખત શ્રીમદ્ દેવચન્દ્રજીએ ભંડારીજી તથા મહાજનની વિનંતિથી મૃગીનો ઉપદ્રવ શાન્ત કર્યો. ત્યાંથી સં. ૧૭૯૫ પાલીતાણામાં સં. ૧૭૯૬-૯૭ માં નવાનગર (જામનગર) માં ચોમાસું કર્યું, અને ત્યાં જ્ઞાનસાર ઉપર જ્ઞાનમંજરી ટીકા રચી. નવાનગરમાં ચૈત્યોની પૂજા બંધ હતી તે ફરી ચાલુ કરાવી. ત્યાંના ઢાકોરને પ્રતિબોધ કરી પાલીતાણા ગયા. સં. ૧૮૦૨માં રાણાવાવમાં રહી ત્યાંથી ૧૮૦૩ માં સુરતમાં ચોમાસું કરી ત્યાંથી શેઠ શ્રી કચરા કીકાના સંઘમાં પાલીતાણા ગયા અને ત્યાં શ્રી સિદ્ધાચલજીનું સ્તવન બનાવ્યું જે અન્યત્ર આપેલું છે.

પાલીતાણાથી પાછા વિહાર કરી સં. ૧૮૦૫-૬ માં લીંબડી, ધાંગધ્રા, ચૂડા વગેરે સ્થળે ચાતુર્માસ કરી પ્રતિષ્ઠાઓ કરાવી. સં. ૧૮૧૦ માં ફરીવાર સુરતથી શેઠ કચરા કીકાએ તેમના ઉપદેશથી પાલીતાણાનો સંઘ કાઢ્યો ને તેઓશ્રી સાથે પધાર્યા. શત્રુંજય પર્વત ઉપર સાઠ હજાર સદ્દવ્યય કરી જિનોબિંબોની પ્રતિષ્ઠા કરી. ત્યાંથી ૧૮૧૧ માં લીંબડી આવી પ્રતિષ્ઠા કરી. ત્યાંથી સં. ૧૮૧૨ માં રાજનગર આવ્યા. અને ત્યાંના શ્રી સંઘે **વાચક** પદવી આપી. તેજ વર્ષે ૬૬ વર્ષની ઉમરે ભાદરવા વદિ ૦)) ને દિવસે સ્વર્ગવાસી થયા.

શ્રી તપગચ્છના શ્રી ખિમાવિજયજીના શિષ્ય શ્રી જિનવિજયજીએ શ્રી દેવચન્દ્રજી પાસે વિશેષાવશ્યક તથા બીજા સૂત્રો અવધાર્યા હતા. તેમના વિદ્વાન્ શિષ્ય **શ્રી ઉત્તમવિજયજી** એ પણ તેમની પાસે અભ્યાસ કર્યો હતો. આ બધી હકીકત શ્રી ઉત્તમવિજય નિર્વાણ રાસ તથા શ્રી જિનવિજય રાસમાં છે.

તેઓએ શ્રી સિદ્ધાચલજીમાં અનેક પ્રતિષ્ઠાઓ કરાવી છે તથા અમદાવાદમાં સહસ્રફણાની, પાટણમાં તગરશેઠે સહસ્રકુટની રચના કરાવી તેની પ્રતિષ્ઠા કરાવી. નવાનગરમાં ઢુંઢકોને પ્રતિમા પૂજક બનાવ્યા.

તેઓના પદો ભક્તિરસ તથા વૈરાગ્યરસથી ભરેલા અને ખાસ અભ્યાસ કરવા યોગ્ય છે. તેઓની **સ્નાત્ર પૂજા** પ્રખ્યાત છે. તેઓએ પોતાની ચોવીસી ઉપર સ્વોપજ્ઞ ઢબ્બો–બાલાવબોધ રચ્યો છે. તેમના શિષ્ય **શ્રી રાયચંદ્રજીના** કહેવાથી કવિ એ શ્રી **દેવવિલાસ** રાસ સં. ૧૮૨૫માં રચ્યો છે. તેમાં તેમનું સવિસ્તર જીવન–ચરિત્ર છે. શ્રીમદ્ બુદ્ધિસાગરજીની પ્રેરણાથી શ્રી મણિલાલ મોહનલાલ પાદરાકરે લખ્યું છે કે—

" આ સંક્ષિપ્ત જીવન–ચરિત્ર સમાપ્ત કરતાં પહેલાં ઇચ્છું કે શ્રીમદ્ દેવચન્દ્રજી મહારાજ જેવા પ્રખર વિદ્વાન્, ઉત્કૃષ્ટ કવિરાજ, અનન્ય આત્મજ્ઞાની, દ્રવ્યાનુયોગના મહાન્ ઉપદેષ્ટા–જ્ઞાતા, જિનશાસનના પૂર્ણ પ્રેમી, પ્રભુ પ્રતિમાના રસીલા અનેક સાધુ મુનિરાજો અમારા ભારત–વર્ષની જૈન કોમમાં પ્રકટો અને જૈન–ધર્મની જ્યોત ઝળહળતી રહી સમસ્ત વિશ્વમાં પ્રસરો."

તેમનો સ્વર્ગવાસ સં. ૧૮૧૧ ભાદરવા વદ ૦)) ના દિને અમદાવાદમાં થયો આ સાથે પાંચ સ્તવનો તથા બીજા પાંચ મળી કુલ ૧૦ કાવ્યો લીધાં છે.

તેઓશ્રીની ગ્રન્થ રચના :

૧ દ્રવ્ય–પ્રકાશ ૧૭૬૭ બીકાનેર
૨ આગમ–સાર ૧૭૭૬
૩ નયચક્ર
૪ વિચાર સાર ૧૭૯૬
૫ જ્ઞાનમંજરી ટીકા ૧૭૯૬
૬ અધ્યાત્મ ગીતા
૭ ધ્યાન દીપીકા ચતુષ્પદી ૧૭૬૬
૮ વિચાર રત્નસાર
૯ સ્નાત્ર પંચાશિકા ૧૮૦૪ પાલીતાણા
૧૦ ચોવીસી તથા વીસી
૧૧ સહસ્રકૂટ સ્તવન
૧૨ સ્નાત્રપૂજા
૧૩ વીર નિર્વાણ સ્તવનની ઢાળો
૧૪ સિદ્ધાચલ સ્તવનો.

તે સિવાય ઘણાં સ્તવનો–સજ્ઝાયો અને પદો વગેરે રચ્યાં છે.

શ્રી ઋષભજિન સ્તવન

(૧)

ઋષભ જિણુંદ સ્યું પ્રીતડી કિમ કીજે હો કહો ચતુર વિચાર;
પ્રભુજી જઇ અળગા વસ્યા. તિહાં કિણુ નવિ હો કેા વચન ઉચાર
ઋષભ૦ ૧

કાગળ પણુ પહુંચે નહિ, નવિ પહુંચે હો તિહાં કેા પરધાન;
જે પહુંચે તે તુમ્હ સમેા. નવિ ભાખે હો કેા નેા વ્યવધાન
ઋષભ૦ ૨

પ્રીત કરે તે રાગિયા, જિનવરજી હો તુમ્હે તેા વીતરાગ;
પ્રીતડી જેહ અરાગીથી, ભેળવવી હો લેાકેાત્તર માગ
ઋષભ૦ ૩

પ્રીતિ અનાદિની વિષભરી. તે રીતે હો કરવા મુજબ ભાવ;
કરવી નિરવિષ પ્રીતડી, કિણુ ભાંતે હો કહો બને બનાવ
ઋષભ૦ ૪

પ્રીતિ અનંતી પરથકી, જેતેાડે હો તે જોડે એહ;
પરમ પુરુષથી રાગતા, એકત્વતા હો દાખી ગુણગેહ
ઋષભ૦ ૫

પ્રભુજીને અવલંબતા, નિજ પ્રભુતા હો પ્રગટે ગુણરાશ;
દેવચંદ્રની સેવના, આપે મુઝ હો અવિચળ સુખવાસ
ઋષભ૦ ૬

શ્રી શાંતિનાથ સ્તવન

(૨)

(માલા કિહાં છે રે—એ દેશી)

જગત દિવાકર જગત કૃપાનિધિ,
વાલ્હા મારા સમવસરણમાં બેઠા;

ચોમુખ ચૌવિહ ધર્મ પ્રકાશે, તે મેં નયણે દીઠારે,
ભવિક જન હરખોરે, નિરખી શાંતિ જિણુંદ ભવિ૦
ઉપસમ રસનો કંદ નહિ ઈને સરખોરે. ભવિ૦ ૧
પ્રાતિહાર્ય અતિશય શોભા, વાલ્હા૦ તેતો કહિય ન જાવે,
ઘૂક બાલકથી રવિકર ભરનો, વર્ણન કિણ પરે થાવે રે.
ભવિ૦ ૨
વાણી ગુણ પાંત્રીશ અનોપમ, વાલ્હા૦ અવિસંવાદ સરૂપે;
ભવદુઃખ વારણ શિવસુખ કારણ, શુદ્ધ ધર્મ પ્રરૂપે રે.
ભવિ૦ ૩
દક્ષિણ પશ્ચિમ ઉત્તર દિશિમુખ, વા૦ ઠવણા જિન ઉપગારી;
તસુ આલંબન લહિય અનોપમ, તિહાં થયા સમકિતધારી.
ભવિ૦ ૪
ઋટનય કાર્ય રૂપે ઠવણા, વા૦ સગનય કારણ ઠાણી;
નિમિત્ત સમાન થાપણા જિનજી, એ આગમની વાણી.
ભવિ૦ ૫
સાધક તીન નિક્ષેપા મુખ્યે, વા૦ જે વિણ ભાવ ન લહિયે;
ઉપગારી દુગભાખ્યે ભાખ્યા, ભાવ વંદકનો ગહિયે રે.
ભવિ૦ ૬
ઠવણા સમવસરણ જિન સેતી, વા૦ જો અભેદતા વાધી;
એ આતમાના સ્વભાવ ગુણ, વ્યક્ત યોગ્યતા સાધી.
ભવિ૦ ૭
ભલું થયું મેં પ્રભુ ગુણ ગાયા, વા૦ રસનાનો રસ લીધો;
દેવચંદ્ર કહે માહરા મનનો, સકલ મનોરથ સિધ્યો.
ભવિ૦ ૮

શ્રી નેમનાથ સ્તવન

(૩)

(પદ્મ પ્રભુ જિન જઈ અલગા રહ્યા—એ દેશી)

નેમિ જિનેસર નિજ કારજ કર્યો, છાંડ્યો સર્વ વિભાવોજી;
આતમશક્તિ સકલ પ્રગટ કરી, આસ્વાદ્યો નિજ ભાવોજી.
નેમિ૦ ૧

રાજુલ નારીરે સારી મતિધારી, અવલંબ્યા અરિહંતોજી;
ઉત્તમ સંગેરે ઉત્તમતા વધે, સધે આનંદ અનંતોજી.
નેમિ૦ ૨

ધર્મ અધર્મ આકાશ અચેતના, તે વીજાતી અગ્રાહ્યોજી;
પુદ્ગલગ્રહવે રે કર્મ કલંકતા, વાધે બાધક બાહ્યોજી.
નેમિ૦ ૩

રાગી સંગેરે રાગ દશા વધે, થાયે તિણે સંસારોજી;
નીરાગીથીરે રાગને જોડવો, લહીયે ભવનો પારોજી.
નેમિ૦ ૪

અપ્રશસ્તતારે ટાલી પ્રશસ્તતા, કરતાં આશ્રવ નાસેજી;
સંવર વાધે રે સાથે નિર્જરા, આતમ ભાવ પ્રકાશેજી.
નેમિ૦ ૫

નેમિ પ્રભુ ધ્યાને એકત્વતા, નિજ તત્ત્વે ઈક તાનોજી;
શુકલ ધ્યાને રે સાધી સુસિદ્ધતા, લહીયે મુક્તિ નિદાનોજી.
નેમિ૦ ૬

અગમ અરૂપીરે અલખ અગોચરૂ, પરમાતમ પરમીશોજી,
દેવચંદ્ર જિનવરની સેવના, કરતાં વાધે જગીશોજી.
નેમિ૦ ૭

શ્રી પાર્શ્વનાથ સ્તવન.

(૪)

કડખાની દેશી

સહજ ગુણ આગરો, સ્વામી સુખ સાગરો,
જ્ઞાન વઈરાગરો પ્રભુ સવાયો;
સુદ્ધતા એકતા તીક્ષ્ણતા ભાવથી,
મોહે રિપુ જિતી પડહ વજાયો. સ૦ ॥૧॥
વસ્તુ નિજ ભાવ અવભાસ નિઃકલંકતા,
પરિણતિ વૃત્તિતા કરી અભેદે;
ભાવ તાદાત્મ્યતા શક્તિ ઉલ્લાસથી,
સંતતિ યોગને તું છેદે. સહ૦ ॥૨॥
દોષ ગુણ વસ્તુની લખીય યથાર્થ્યતા,
લહી ઉદાસીનતા આપ સ્વભાવો,
ધ્વંસિ તજજન્યતા ભાવ કર્તા પણો,
પરમ પ્રભુ તું રમ્યો નિજ ભાવે. સ૦ ॥૩॥
શુભ અશુભ ભાવ અવભાસ તહકીકથી,
શુભ અશુભ નિહાં પ્રભુ ન કીધો;
શુદ્ધ પરણમતા વીર્ય કર્તા થઈ,
પરમ અકીયતા અમૃત પીધો. સ૦ ॥૪॥
શુદ્ધતા પ્રભુ તણી આત્મ ભાવે રમે,
પરમ પરમાત્મતા તાસુ થાયે;
મિશ્ર ભાવે અછે ત્રિગુણની ભિન્નતા,
ત્રિગુણ એકત્વ તુજ ચરણ આપે. સ૦ ॥૫॥

ઉપશમ રસ ભરી સર્વજન સંકરી,
મૂર્તિ જિનરાજની આજ ભેટી;
કારણે કાર્ય નિષ્પત્તિ શ્રદ્ધાન છે,
તિણે ભવ ભ્રમણની ભીડ મેટી. સ૦ ॥૬॥
નયર ખંભાયતે પાર્શ્વ પ્રભુ દરશને,
વિકસતે હર્ષ ઉત્સાહ વાધ્યો;
હેતુ એકત્વતા રમણ પરણામથી,
સિદ્ધિ સાધક પણો આજ સાધ્યો. સ૦ ॥૭॥
આજ કૃત પુન્ય ધન્ય દીહ માહરો થયો,
આજ નરજનમમેં સફલ ભાવ્યો;
દેવચંદ્ર સ્વામી ત્રેવીસમો વંદીયે,
ભક્તિ ભર ચિત્ત તુજ રમાવ્યો. સ૦ ॥૮॥

શ્રી મહાવીર જિન સ્તવન

(૫)

(કડકાની દેશી)

તાર હો તાર પ્રભુ મુજ સેવક ભણી,
જગતમેં એટલો સુયશ લીજે,
દાસ અવગુણ ભર્યો જાણી પોતા તણો,
દયાનિધિ દીનપર દયા કીજે તાર૦ ૧
રાગદ્વેષે ભર્યો મોહ વૈરી નડ્યો,
લોકની રીતિમેં ઘણું રાતો;
ક્રોધવશ ધમ ધમ્યો શુદ્ધ ગુણ નવિ રમ્યો,
ભમ્યો ભવમાંહિ હું વિષય માતો તાર૦ ૨

આદર્યો આચરણ લોક ઉપચારથી,
શાસ્ત્ર અભ્યાસ પણ કાંઈ કીધો;
શુદ્ધ શ્રદ્ધાન વળી આત્મ અવલંબીનુ,
તેહવો કાર્ય તિણે કો ન સિદ્ધો તા૨૦ ૩
સ્વામી દરિસણ સમો નિમિત્ત લહી નિર્મળે,
જો ઉપાદાન એ શુચિ ન થાસ્યે;
દોષ કો વસ્તુનો અહવા ઉદ્યમતણો,
સ્વામી સેવા સહી નિકટ લાસ્યે તા૨૦ ૪
સ્વામી ગુણ ઓળખી સ્વામીને જે ભજે,
દરિસણ શુદ્ધતા તેહ પામે;
જ્ઞાન ચારિત્ર તપ, વીર્ય ઉલ્લાસથી,
કર્મ જીપી વસે મુક્તિ ધામે તા૨૦ ૫
જગત વછલ **મહાવીર જિનવર** સુણી,
ચિત્ત પ્રભુ ચરણને શરણ વાસ્યો;
તારજ્યો બાપજી બિરુદ નિજ રાખવા,
દાસની સેવના રખે જોસ્યો તા૨૦ ૬
વિનતિ માનજો શક્તિ એ આપજો,
ભાવ સ્યાદતા શુદ્ધ ભાસે;
સાધી સાધક દશા સિદ્ધતા અનુભવી,
દેવચંદ્ર વિમળ પ્રભુતા પ્રકાશે તા૨૦ ૭

ચોવીશી કલસ

(૬)

ચોવીસે જિન ગુણગાઇયે, ધ્યાઈએ તત્ત્વ સરૂપોજી,
પરમાનંદ પદ પાઈએ, અક્ષય જ્ઞાન અનૂપોજી. ૧.

ચવદહસે બાવન ભલા, ગણુધર ગુણ ભંડારોજી,
સમતામયી સાહુ સાહુણી, સાવય સાવઈ સારોજી. ૨.
વર્દ્ધમાન જિનવર તણો, શાસન અતિ સુખકારોજી,
ચઉવિહ સંઘ વિરાજતાં, દુસમ કાલ આધારોજી, ૩.
જીન સેવનથી જ્ઞાનતા, લહે હિતાહિત બોધોજી,
અહિત ત્યાગ-હિત આદરે, સંયમ તપની શોધોજી. ૪.
અભિનવ કર્મ અગ્રહણુતા, જીર્ણ કર્મ અભાવોજી,
નિઃકર્મીને આબાધતા, અવેદન અનાકુળ ભાવોજી. ૫.
ભાવરોગના વિગમથી, અચલ અક્ષય નિરાબાધોજી,
પૂર્ણાનંદ દશા લહી, વિલસે સિદ્ધ સમાધોજી. ૬.
શ્રીજીનચંદ્રની સેવના, પ્રગટે પુણ્ય પ્રધાનોજી,
સુમતિસાગર અતિ ઉલ્લસે, સાધુ રંગ પ્રભુ ધ્યાનોજી. ૭.
સુવિહિતગચ્છ ખરતરવરૂ, **રાજસાગર** ઊવઝાયોજી,
ઇતિ ધર્મ પાઠક તણો, શિષ્ય સુજસ સુખ દાયોજી. ૮.
દીપચંદ્ર પાઠક તણો, શિષ્ય સ્તવે જીનરાજોજી,
દેવચંદ્ર પદ સેવતાં, પૂર્ણાનંદ સમાજોજી. ૯.

શ્રી સિદ્ધાચલજીનું સ્તવન

(૭)

સંવત **અઢાર ચિડોતેર વરસે**, સિત મૃગસિર તેરસિયે;
શ્રી સુરતથી ભક્તિ હરખથી, સંઘ સહિત ઉલ્લસીએરે. ૧
કચરા કીકા જિનવર ભક્તિ, રૂપચંદ ગુણવંતજીએ;
શ્રીસંઘને પ્રભુજી ભેટાવ્યા, જગપતિ પ્રથમ જિણુંદએ. ૨
જ્ઞાનાનન્દિત ત્રિભુવન વન્દિત, પરમેશ્વર ગુણભીના;
દેવચંદ્ર પામે અદ્‌ભુત, પરમ મંગળ લય લીના. ૩

સ્નાત્રપૂજા-કલશ

(૮)

ઈમ પૂજા ભગતે કરો, આતમ હિત કાજ;
તજીય વિભાવ નિજ ભાવમેં, રમતાં શિવરાજ. ૧
કાલ અનંતે જે હુઆ, હોશે જેહ જિણંદ;
સંપય સીમંધર પ્રભુ, કેવલનાણ દિણંદ. ૨
જન્મ મહોત્સવ એણીપરે, શ્રાવક રૂચિવંત;
વિરચે જિન-પ્રતિમા તણો, અનુમોદન ખંત; ૩
દેવચંદ્ર જિન પૂજના, કરતાં ભવપાર;
જિન-પડિમા જિન-સારિખી, કહી સૂત્ર મોઝાર. ૪

શ્રીમદ્ બુદ્ધિસાગરજીની પ્રશસ્તિમાંથી ત્રણ શ્લોકો

(૯)

आत्मोद्धारामृतं यस्य, स्तवनेषु प्रदृश्यते ।
त्रिविधतापतप्तानां, पूर्णशान्तिप्रदायकम् ॥ (૩)
आत्मशमामृतास्वादी, शास्त्रोद्यानविहारवान् ।
यत्कृतशास्त्रपाथोधौ, स्नानं कुर्वन्ति सज्जनाः ॥ (૫)
देवचन्द्रकृतग्रन्थान्, स्तुवेऽहं भक्ति भावतः ।
अमृतसागरा यत्र, विद्यन्ते सुखकारकाः ॥ (૨૩)

(૧૦)

(સમકિત ઉપર સજ્ઝાય)

સમકિત નવિ લહ્યુરે, એતો રૂલ્યો ચતુર્ગતિ માંહિ;
ત્રસથાવરકિ કરૂણા કીની, જીવ ન એક વિરાધ્યો.
ત્રિનકાલ સામાયિક કરતાં, શુદ્ધ ઉપયોગ ન સાધ્યો.

જુઠ બોલવાકો વ્રત લીનો, ચોરીકો પણ ત્યાગી;
વ્યવહારિક મહાનિપુણ ભયો, પણ અંતર દૃષ્ટિ ન જાગી.
સમ૦ ૨

ઉર્ધ્વ બાહુ કરી ઉધો લટકે, ભસ્મ લગા ધુમ ઘટકે;
જટા જૂટ શિર મૂંડે જૂઠો, વિણ શ્રદ્ધા ભવ ભટકે.
સમ૦ ૩

નિજ પરનારી ત્યાગજ કરકે, બ્રહ્મચારી વ્રત લીનો;
સ્વર્ગાદિકે યાકો ફલ પામી, નિજ કારજ નવિ સિધ્યો.
સમ૦ ૪

બાહ્ય ક્રિયા સબ ત્યાગ પરિગ્રહ, દ્રવ્ય લિંગધર લીનો;
દેવચંદ કહે યાવિધ તો હમ, બહુત વાર કર લીનો.
સમ૦ ૫

પાંચ સમિતિ અને ત્રણ ગુપ્તિ

(૧૧)

પરિણતિ દોષ ભણી જે નિંદના, કહેતા પરિણતિ ધર્મ;
યોગગ્રંથના ભાવ પ્રકાશતા, તેહ વિદારે હો કર્મ.
સગુણ નર૦

અલ્પક્રિયા પણ ઉપકારીપણે, જ્ઞાની સાધે હો સિદ્ધ;
દેવચંદ્ર સુવિહિત મુનિ-વંદને, પ્રણમ્યા સયલ સમૃદ્ધિ.
સગુણ નર૦

તે તિરિયારે ભાઈ તે તરિયા, જે જિન શાસન અનુસરિયાજી;
જેહ કરે સુવિહિત મુનિ કિરિયા, જ્ઞાનામૃત રસ ઝરિયાજી.
—તેત૦

વિષય કષાય સહુ પરિહરિયા, ઉત્તમ સમતા વરિયાજી;
શીલ સનાહ થકી પાખરિયા, ભવસમુદ્ર જલ તરિયાજી.
—તેત૦

સમિતિ ગુપતિશું જે પરવરિયા, આતમાનંદે ભરિયાજી;
આસ્રવદ્વાર સકલ આવરિયા, વર સંવર સંવરિયાજી.
—તેત૦



तुभ्यं नमस्त्रिभुवनार्तिहराय नाथ!,
तुभ्यं नमः क्षितितलामल भूषणाय ।
तुभ्यं नमस्त्रिजगतः परमेश्वराय,
तुभ्यं नमो जिन! भवोदधिशोषणाय ॥
—भक्तामरस्तोत्र श्लोक २६

અર્થ—ત્રણ ભુવનની પીડાને હરણ કરનાર હે નાથ! તમને નમસ્કાર હો, પૃથ્વીતલ પર નિર્મળ આભૂષણ સમાન તમને નમસ્કાર હો, ત્રણ જગતના પરમેશ્વર તમને નમસ્કાર હો, અને સંસારસમુદ્રને સુકાવી નાખનાર એવા હે જિન! તમને નમસ્કાર હો.

(૪૭)

શ્રી જિનવિજયજી

ચોવીસી રચના ૧૭૭૫ આસપાસ

શ્રી તપગચ્છમાં શ્રી સત્યવિજય પંન્યાસની પરંપરામાં શ્રી ક્ષમા-વિજયજીના શિષ્ય આ મુનિવર થયા છે. અમદાવાદના શ્રીમાળી વંશમાં તેઓનો જન્મ સંવત ૧૭૫૨માં પિતા ધર્મદાસને ત્યાં માતા લાડકુવરની કુક્ષિએ થયો હતો. તેઓના શિષ્ય **ઉત્તમવિજયજી** તથા તેમના શિષ્યો **પદ્મવિજયજી** તથા **રતનવિજયજી**એ પણ ચોવીસી સ્તવનો રચ્યાં છે તથા અનેક સઝાયો બનાવી છે.

શ્રીજીનવિજયજીએ બે ચોવીશીઓ બનાવી છે સુંદર રાગ તથા દેશીઓમાં છે ને પઠન–મનન કરવા યોગ્ય છે તેઓશ્રીનો સ્વર્ગવાસ સં. ૧૭૯૯માં પાદરામાં થયો છે. આ સાથે તેમનાં દસ સ્તવનો લીધાં છે.

ગ્રંથરચના

૧ કપૂરવિજયગણિનોરાસ ૧૭૭૯ વડનગર, ૨ ક્ષમાવિજયનિર્વા-ણરાસ ૧૭૮૬, ૩ ચોવીસી, ૪ વીસી ૧૭૮૯ રાજનગર, ૫ જ્ઞાન-પંચમી સ્તવન ૧૭૯૩ પાટણ, ૬ એકાદશી સ્તવન ૧૭૮૫ રાજનગર, ૭ મહાવ્રતભાવના સઝાય ૫.

શ્રી ઋષભજિન સ્તવન.

(૧)

(શ્રી દેશી–વારિરંગ ઢોલણા)

નાભિનરેસર નંદના હો રાજ ચંદન શીતળ વાણી
વારી માહરા સાહિબા;
દેવદ્યણુવ વિદ્યાધરા હો રાજ, સેવે જોડી પાણિ વારી૦ ૧
શુદ્ધાતમ બળયોગરે હો રાજ, મોહમદન કરી ઘાત વારી૦,
રાજ લીયો તે આપણો હો રાજ, પરમાનંદ વિજ્ઞાન વારી૦ ૨

ધર્મચક્રી વિચરે જિહાં હો રાજ, કનક કમળ ઠવે પાય વારી૦;
નેયણ સવાસો મંડળે હો રાજ, રોગાદિક નલિ થાય વારી૦; ૩
ચરણ નૃપતિનિ નંદની હો રાજ, કેવળ કમળા નાર વારી૦;
વીતરાગતા મહેલમાં હો રાજ, વિલસે જગદાધાર વારી૦ ૪
ઇમ ચઉ અતિશય અલંકર્યો હો રાજ,
સાહિબ જગ સુલતાન વારી૦;
ખિમા વિજય કવિ જિન કહે હો રાજ,
દીજે સમકિત દાન વારી૦ ૫

શ્રી. ઋષભજિન સ્તવન.

(૨)

(હારરો હીરો—એ દેશી)

પ્રથમ જિણેસર પૂજવા સહીયર મ્હારી
અંગ ઉલટ ધરી આવી હો;
કેસર ચંદન મૃગ મદે સ૦ સુંદર આંગી બનાવી હો
સહજ સલુણો માહરો, સમસુખ લીનો માહરો
જ્ઞાનમાં ભીનો મ્હારો સાહિબો
સહીયર મ્હારી જયો જયો પ્રથમ જિણંદ હો ૧
ધન્ય મરુદેવી-કુખને સ૦ વારી જાઉં વાર હજાર હો;
સર્ગ શિરોમણિને તજી સ૦
જિહાં પ્રભુ લીએ અવતાર હો સહજ૦ ૨
દાયક નાયક જન્મથી સ૦ લાજ્યો સુરતરુવૃંદ હો;
યુગલા ધર્મ નિવારણો સ૦
જે થયો પ્રથમ નરિંદ હો સહજ૦ ૩

લોકનીતિ સહુ શીખવી સ૦ દાખવા મુક્તિનો રાહ હો;
રાજ્ય ભળાવી પુત્રને સ૦
થાપ્યો ધર્મ પ્રવાહ હો સહજ૦ ૪
સંયમ લેઈ સંચર્યો સ૦ વરસ લગે વિણહાર હો;
સેલડી રસ સાંઠે દીયે સ૦
શ્રેયાંસને સુખસાર હો. સહજ૦ ૫
મોટા મહંતની ચાકરી સ૦ નીફળ કદિય ન થાય હો;
મુનિપણે નમિવિનમિ કર્યા,
સ૦ ખિણમાં ખેચરરાય હો. સહજ૦ ૬
જનનીને કીધો ભેટણો સ૦ કેવળરત્ન અનુપ હો;
પહિલી માતા મોકલી,
સ૦ જોવા શિવવહુ રુપ હો. સહજ૦ ૭
પુત્ર નવાણું પરવર્યો સ૦ ભરતના નંદન આઠ હો;
આઠ કરમ અષ્ટાપદે
સ૦ યોગનિરોધે નેઠ હો૦ સહજ૦ ૮
તેહનો બિંબ સિદ્ધાચળે સ૦ પૂજે પાવન અંગ હો;
ક્ષમાવિજય જિન નિરખતાં
સ૦ ઉછળે હરખ તરંગ હો. અહજ૦ ૯

શાંતિનાથ સ્તવન

(૩)

(વીર માતા પ્રતિ કારણી—એ દેશી)

શ્રી શાંત જિન ચરણકજ સેવના, પાવના ગુણ ધામરે;
પાપના તાપ શમાવવા, ભાવનાચંદન કાપરે. શ્રીશાંતિ૦ ૧
નિસિહિ ત્રિક તિન્નિ પરદક્ષણા,
પૂયા તિમ ત્રિવિધ પરણામ રે;

તિન્નિ મુદ્રા અવસ્થા તિગ,
ભાવ વિસદ પરિણામ રે. શ્રીશાંતિ૦ ૨

ભૂમિકા વારત્રય પુંજવી,
તિન્નિ અવલંબના તાન રે;
દક્ષિણ વામ પશ્ચિમ દિશે,
જોવું નહિ ત્રિવિધ નિધાન રે. શ્રીશાંતિ૦ ૩

પાંચ અહિગમ પ્રણિધાન તિમ,
અવગ્રહ તિન્નિ દશ હોય રે;
વંદના તિગ દશ આશાતના,
છંડી નિજ કર્મ મલ ધોય રે. શ્રીશાંતિ૦ ૪

તામસિ રાજસી, પરિહરી,
સાત્ત્વિકી ભક્તિ સુખ હેતુ રે;
શુદ્ધિ સગ અટ્ઠગુણે શોભતી,
રોપતી સમકિત કેતુ રે. શ્રીશાંતિ૦ ૫

પીઠીકા ધર્મપ્રાસાદની,
પાંચ અડ સત્તર એકવીશ રે;
એકસો આઠ ઇત્યાદિકા,
કહ્યા ભેદ યોગીશ રે. શ્રીશાંતિ૦ ૬

ભાવથી સેવા સાધુને,
જ્ઞાન દંસણ ચરણ રૂપ રે;
અમૃત અનુષ્ઠાનરયું આદરે,
હોય જિનપદ ભૂપ રે. શ્રીશાંતિ૦ ૭

શ્રી શાંતિનાથ સ્તવન.

(૪)

તાહરી આંખડીયે ઘરઘાલ્યું ગહ જાંગિરધારી–એ દેશી

તું પારંગત તું પરમેસર,
વાલા માલા મારા તું પરમારથ વેદ્દી;
તું પરમાતમ તું પુરૂષોત્તમ,
તું અછેદ્દી અવેદ્દી રે,
મનના મોહનીયા,
તાહરી કીકી કામણગારી રે જગના સોહનીયા. ૧

યોગી અયોગી ભોગી અલોગી,
વાલા૦ તુંહીજ કામી અકામી;
તુંહી અનાથ નાથ સહુ જગનો,
આતમ સંપદ રામી રે. મન૦ ૨

એક અસંખ્ય અનંત અનૂચર,
વાલા૦ અકલ સકલ અવિનાશી,
અરસ અવર્ણ અગંધ અફરસી,
તુંહિ અપાસિ અનાશી રે. મન૦ ૩

મુખ પંકજ ભમરી પરે અમરી,
વાલા૦ તુંહી સદા બ્રહ્મચારી;
સમોસરણ લીલા અધિકારી,
તુંહી જ સંયમ ધારી રે. મન૦ ૪

અચિરાનંદન અચરિજ એહી,
વાલા૦ કહણી માંહિ ન આવે.
ક્ષમાવિજય જિન વયણ સુધારસ,
પીવે તેહિ જ પાવે રે૦ મન. ૫

શ્રી નેમનાથ સ્તવન.

(૫)

॥ જો હરિ નહિ મિલે રે જોરે મારા પાપી પ્રાણુ–એ દેશી ॥

નિરૂપમ નેમજી રે, વાલમ મૂકી કાં જાવો;
તોરણ આવીને રે, ઈમ કાંઈ વિરહ જગાવો. ॥૧॥

કરૂણા પશુ તણી રે, કરતાં અબલા ઉવેખો;
દુર્જન વયણથી રે, એ નહિ સાજન લેખો. ॥૨॥

શશિ લંછન કીધો રે, સીતા રામ વિયોગો;
વિબુધ જને કહ્યો રે, ન્યાયે નામ કુરંગો. ॥૩॥

ગુનહ કો કીધો રે, જો રડતી એકલડી છંડી;
ગણિકા સિદ્ધ વધૂ રે, તેહશું પ્રીતડી મંડી. ॥૪॥

અડ ભવ નેહલો રે, નવમેં છેહ મ દાખો;
દાસી રાઉલી રે, સાહિબ ગેહમાં રાખો. ॥૫॥

પુણ્યે પરવડો રે, મુજથી યાચક લોગા;
દાનસંવત્સરે રે, પામ્યા વંછિત ભોગા. ॥૬॥

વિવાહ અવસરે રે, જિમણો હાથ ન પામી;
દીક્ષા અવસરે રે, દીજે અંતરજામી. ॥૭॥

માતા શિવા તણો રે, નંદન ગુણમણી ખાણી;
સંયમ આપીને રે, તારી રાજુલ નારી. ॥૮॥

મુગતિ મહેલે મલ્યાં રે, દંપતી અવિચલ ભાવે;
ક્ષમાવિજય તણો રે, સેવક જિન ગુણ ગાવે. ॥૯॥

શ્રી નેમનાથ સ્તવન

(૬)

।। અંતરથી અમ્હને આજ ગરવે ગીરધારી એ દેશી ।।

તોરણ આવી કંત, પાછા વલીયારે;
મુજ કુરકે દાહિણ અંગ, તિણે અટ કલીયા રે. ।।૧।।
કુણ જોશી જોયા જોશ, યુગલ કુંણ મિલિયારે;
કુણ અવગુણ દીઠા આજ, જિણથી ટલિયારે. ।।૨।।
જાઓ જાઓ રે સહિરો દૂર, શાને છેડો રે,
પાતલીઓ શામલ વાન, વાલિમ તેડો રે૦ ।।૩।।
યાદવ કુલ તિલક સમાન એમ નકી જે રે;
એક હાંસુ બીજી હાણી, કેમ ખમી જે રે. ।।૪।।
ઈહાં વાયે ઝાંઝ સમીર, વીજલી ઝબકે રે;
બાપીઓ પીઉ પુકારે, હિયડું ચમકે રે. ।।૫।।
ડરપાવે દાદુર સોર, નદીઓ માતી રે;
ઘન ગર્જારવને જોર, ફાટે છાતી રે. ।।૬।।
હરિતાંશ્રક પહરિયાં ભૂમિ, નવરસ રંગે રે;
બાવલીયા નવસર હાર, પ્રીતમ સંગે રે. ।।૭।।
મેં પૂરવ કીધાં પાપ, તાપે દાધી રે;
પડે આંસુ ધાર સંવિધાખ, વેલડી વાધી રે. ।।૮।।
મુને ચઢાવી શિશ, પાડી હેઠી રે;
કિમ સહવાયે મહારાય, વિરહ અંગીઠી રે. ।।૯।।
મને પરણી પ્રાણા આધાર, સંયમ લેજો રે;
હું પતિ વ્રતા છું સ્વામી, સાથે વસજો રે. ।।૧૦।।

એમ આઠભવાંરી પ્રીત, પીઉડા પલશે રે;
મુજ મનહ મનોરથ નાથ, પૂરણ ફલશે રે. ॥૧૧॥

હિવે ચાર મહાવ્રત સાર, ચુંદડી દીધી રે;
રંગીલી રાજુલ નારી, પ્રેમે લીધી રે ॥૧૨॥

મૈત્રાદિક ભાવના ચાર, ચોરી બાંધી રે;
દહી ધ્યાનાનલ સલગાયા, કર્મ ઉપાધિ રે. ॥૧૩॥

થયો રત્ન ત્રયી કંસાર, એકા ભાવે રે;
આરોગે વરને નારી, શુદ્ધ સ્વભાવે રે. ॥૧૪॥

તજી ચંચલતા ત્રિક યોગ, દંપતિ મિલિયા રે;
શ્રી ક્ષમાવિજય જિન નેમ, અનુભવ કલિયા રે. ॥૧૫॥

પાર્શ્વજિન સ્તવન

(૭)

માહરી સહીરે સમાણી એ દેશી

વામા નંદન પાસ જિણુંકા, મુજ મન કમલ દિણુંદારે;
શમ સુરતરૂ કંદા. ॥૧॥

ભીમ ભવોદધિ તરણા તરંડા,
જોર કર્યા ત્રિકદંડા રે નહિ ચીડા રે. ॥૨॥

ક્રોધ માન માયા ને લોભા,
કરી ઘાત થયા થીર થોભારે લહિ જગ માંહિ શોભા. ॥૩॥

નિજ ગુણ ભોગી કર્મ વિયોગી,
આતમ અનુભવ યોગીરે; નહિ પુદ્ગલ રોગી. ॥૪॥

મન વચનના ત્રિક યોગને રૂંધી,
સિદ્ધ વિલાસને સાધીરે; ટાલી સકલ ઉપાધી. ॥૫॥

યથાખ્યાત ચારિત્ર ગુણ લીણો,
કેવલ સંપદ પીનોરે; યોગીશ નગીનો. ॥૬॥

સિદ્ધ વધુ અરિહંત નિરંજન,
પરમેસર ગતલંછનરે; સાહિબ સહુ સજ્જન. ॥૭॥

પંડિત ગુરૂ શ્રી ક્ષમાવિજયનો,
જિન પદપંકજ લીનોરે; છોડી મન કીનો૦ ॥૮॥

શ્રી પાર્શ્વજિન સ્તવત

(૮)

(ધોડીજી આઈ થારા દેશમાં મારજી એ દેશી)

પરમ પુરૂષ પરમાતમા સાહિબજી, પુરીસાદાણી પાસ હો
શિવ સુખરા ભમર, થાંસે વિનતી સાહિબજી.
અવસર પામી ઓલગું સા૦
સફલ કરો અરદાસ હો શિવ૦ ॥ ૧ ॥

દોય નંદન મોહ ભૂપરા સા૦
તિણ કર્યો જગ ધંધોલ હો; શિવ૦
દ્વેષ કીર રાગ કેશરી સા૦
તેહના રાણા સોલ હો શિવ૦ ॥ ૨ ॥

મિથ્યા મુહતો આગલો સા૦
કામ કટક સિરદાર હો; શિવ૦

ત્રણ રૂપ ધરી તેહ રમે સા૦
હાસ્યાદિક પરિવાર હો. શિવ૦ ॥ ૩ ॥
મોહ પહીપરા જોરથી સા૦
જગ સઘલો થયો જેર હો, શિવ૦
હરિહર સુરનર સહુ નમ્યા, સા૦
જકડી કર્મની ઘેર હો, શિવ૦ ॥ ૪ ॥
ભવથિતિ ચૌગતિ ચોકમાં, સા૦
લોક કરે પોકાર હો, શિવ૦
આપ ઉદાસ થઈ રહ્યા સા૦
ઇમ કીમ રહેશે કાર હો. શિવ૦ ॥ ૫ ॥
ક્ષપક શ્રેણિરી ગજઘટા સા૦
હલકારો અરિહંત હો શિવ૦
નાણ ખડગ મુજ કર દીયો સા૦
ક્ષણમાં કરૂં અરિહંત હો, શિવ૦ ॥૬॥
કરૂણા નયણ કટાક્ષથી સા૦
રિપુદલ હોવે વિસરાલ હો; શિવ૦
ક્ષમાવિજય જિન સંપદા સા૦
પ્રગટે ઝાક ઝમાલ હો. શિવ૦ ॥ ૭ ॥

શ્રી મહાવીરજિન સ્તવન

(૯)

(ઇમ ધન્નો ધણીને પરિચાવે એ દેશી)

વીરજિણુંદ જગત ઉપકારી, મિથ્યાધામ નિવારી જી,
દેશના અમૃતધારા વરસી,
ભવપરિણતિ સવિ વારી જી વીર૦ ૧

પંચમ આરે જેહનો શાસન, દોય હજારને ચ્યાર જી;
યુગ પ્રધાન સૂરીશ્વર વહેશે;
સુવિહિત મુનિ આધારજી વીર૦ ૨

ઉત્તમ અચારજ મુનિ અજ્જા, શ્રાવકશ્રાવિકા અ છ જી,
લવણ જલધિમાંહિ;
મીઠો જલ પીવે સીંગી મછ જી વીર૦ ૩

દશ અચ્છેરે દુખિત ભરતે, બહુમત ભેદ કરાળ જી;
જિન-કેવળ-પૂરવધર-વિરહે,
ફણિસમ પંચમ કાળ જી વીર૦ ૪

તેહનો ઝહર નિવારણ મણિ સમ, તુમ્હ આગમ તુઝ બિંબજી
નિશિ દીપક પ્રવહણ જિમ દરીએ,
મરુમાં સુરતરુ લુંબજી વીર૦ ૫

જૈનાગમ વકતાને શ્રોતા સ્યાદ્વાદે શુચિબોધ જી;
કલિકાળે પણ પ્રભુ તુમ્હ શાસન,
વરતે છે અવિરોધજી વીર૦ ૬

મ્હારે તો સુષમા થી દુષમા, અવસર પુણ્યનિધાન જી,
ક્ષમાવિજય જિન વીર સદાગમ,
પામ્યો સિદ્ધિ નિદાન જી વીર૦ ૭

શ્રી મહાવીર જિન સ્તવન

(૧૦)

(રાગ–ધન્યાસી તેરીયાની દેસી)

વંદો વીરજિનેશ્વર રાયા, ત્રિસલા દેવી જાયા રે,
હરિલંછન કંચનવન કાયા, અમરવધૂ હુસરાયા રે વંદો૦ ૧

બાળપણે સુરગિરિ ડોલયા, અહિવેતાલ હરાયા રે,
ઈન્દ્રકહણ વ્યાકરણ નીપાયા, પંડિત વિસ્મય પાયા રે વંદો૦ ૨

ત્રીસ વરસ ઘરવાસ રહાયા, સંયમસ્યું લય લાયા રે,
બાર વરસ તપ કર્મ ખપાયા, કેવળનાણ ઉપાયા રે વંદો૦ ૩

ખાયકરિદ્ધિ અનંતી પાયા, અતિશય અધિક સુહાયા રે
ચાર રૂપ કરી ધર્મ બતાયા; ચઉવિહ સુર ગુણ ગાયારે વંદો૦ ૪

તીન ભુવનમેં આણ મનાયા, દિશદોય છત્ર ધરાયા રે,
રૂપ કનકમણિ ગઢ વિરચાયા, નિગ્રંથ નામ ધરાયા રે વંદો૦ ૫

રયણ સિંહાસન બેસન ઠાયા, દુંદુહિનાદ બજાયા રે;
દાનવ માનવ વાસ વસાયા, ભક્તિે શિશ નમાયા રે વંદો૦ ૬

પ્રભુ ગુણગણ ગંગાજળ નાહ્યા, પાવન તેહની કાયારે,
પંડિત ક્ષમાવિજય સુપસાયા, સેવક જિન સુખદાયા રે
વંદો૦ ૭

(૪૮)

શ્રી કાંતિવિજયજી ૨ જા
(પ્રેમવિબુધ શિષ્ય)

શ્રી વિજયપ્રભસૂરિના શિષ્ય પ્રેમવિજયના શિષ્ય શ્રી કાંતિવિજયજીની ચોવીસી ૧૭૭૮ પહેલાં બનાવી છે. તેઓની ચોવીસી સિવાય બીજી ગ્રંથ રચના નીચે મુજબ છે·

૧ એકાદશી સ્તવન ૧૭૬૯ ડભોઈ. ૨ મહાબલ મલયાસુંદરી રાસ. ૧૭૭૫ પાટણ. ૩. હીરાવેધ બત્રીશી. ૪. સૌભાગ્ય પંચમી મહાત્મ્ય શ્રી નેમિજીન સ્તવન ૧૭૯૯ પાલણપુર. ૫ અષ્ટમી સ્તવન. ૬ શ્રી ગોડીપાર્શ્વનાથ છંદ (૫૧ ગાથા) ૩-૧૩ બી. ડી. ૨૦૯ રા. એ. સોમું નં. ૧૯૯૧)

શ્રી ઋષભજિન સ્તવન

(૧)

(અરજ અરજ સુણોને રુડા રાજીયા હો જી–એ દેશી)

સુગુણ સુગુણ સોભાગી સાચો સાહિબો હો જી,
મીઠડો આદિ જિણુંદ;
મોહન મોહન સૂરતી રુડી દેખતાં હો જી,
વાધે પરમ આણંદ. સુગુણ૦ ૧

સુંદર સુંદર જિન ચિત્તડે ચડયો હો જી,
ચોકસ પદ ઠહરાય;
વેધક વેધક તન મનનો થયો હો જી,
ઉતાર્યો કિમ જાય. સુગુણ૦ ૨

તુજ ગુણ ગુણ કહીવા મુજ જીભડી હો જી,
રાતી રંગે રહંત;
અંતર અંતરગતની જે વાતડી હો જી,
તે મુખે આવી ચડંત. સુગુણ૦ ૩
કામણ કામણગારો પ્યારો પ્રાણથી હો જી,
ભેટણને જમ અંગ;
ચંદન ચંદનથી અતિશીયલો હો જી,
જગમાં ઉત્તમ સંગ. સુગુણ૦ ૪
ત્રિકરણ ત્રિકરણસ્યું તુજથી કર્યો હો જી,
નવલો પ્રેમ પ્રકાશ;
દીલ ભરી ભરી કાંતિવિજયતણા હો જી,
પૂરો પ્રેમ પ્રકાશ. સુગુણ૦ ૫

શ્રી શાંતિનાથ સ્તવન

(૨)

મેરા શાંતિ જિણુંદ થાસ્યું રે રંગ છેજી રાજ,
પ્રભુ ચરણકમલ સેવામાં રંગ છેજી રાજ;
થારિ ખિજમત માંહિ ઉમંગ છેજી રાજ. મેરા૦
પ્રભુજી વિરાજે સહજ મહેલમેં,
કરી દૃઢ જ્ઞાન હુરંગ છે જી રાજ. મેરા૦ ૧
અલેખ અવેધ્યને કીધો પ્રસંગી,
તું પ્રભુ અદ્યપિ અનંગ છે જી રાજ. મેરા૦
ધ્યાન ધારા તુજ જ્યોતિ દીપકની;
તિહાં પાતિક પંક્તિ પતંગ છે જી રાજ. મેરા૦ ૨

અમ મન લોભી ભ્રંગ સમાનો,
પ્રભુ ગુણ કુલ્યો કુડંગ છે જી રાજ. મેરા૦
ભગત વછલ તું કરૂણા સિંધુ,
ભક્તિનિ ભક્તિ સુગંધ છે જી રાજ. મેરા૦ ૩
જગત જનેતા શરણે રાખો,
જિમ રાખ્યો ચરણે કુરંગ છે જી રાજ મેરા૦
પ્રેમ પ્રસન્ન પ્રભુ કાંતિ કહે,
શિશ ધર્યો એ ઉછંગ છે જી રાજ. મેરા૦ ૪

શ્રી નેમનાથ જિન સ્તવન

(૩)

॥ સાહીબા રે માહરારાજિદકમ ઘરિ આવે રે–એ દેશી ॥

કાલી ને પીલી વાદલી રાજિંદ, વરસે મેહલા શર લાગ;
રાજુલ ભીજે નેહલે રાજિંદ, પિઉ ભીજે વેરાગ,
બાપીડારે મારો પ્રીતમ ચિત્ત ચઢી આવે રે, મોડે શું મોલી.
બાપીડારે૦ ૧
જલઘર પીઉને સંગમે રાજિંદ, વિજ ઝકોલા ખાય;
ઈણ રત મારો સાહિબો રાજિંદ, મુજને છોડી જાય.
બાપીડારે૦ ૨
મોહલ ચૂવે નદીયાં વહે, રાજિંદ મોર કરે કકલાટ;
ભર પાઉસમાં પદમનિ રા૦ જોવે જોવે પિઉની વાટ.
બાપીડારે૦ ૩
અવગુણ વિણ નાહે કર્યો રા૦ અબલા માથે રોષ,
તોરણથી પાછાં વલ્યા રા૦ પશુઆં ચઢાવી દોષ.
બાપીડારે૦ ૪

મૂલ થકી જો જાણતી રા૦ પિઉ લૂખો મન માંહિ;
લાજ તજીને રાખતી રા૦ પ્રીતમનો કર સાહિ.
આપીડારે૦ ૫

નાહ સલૂણો ભોલવ્યો રા૦ મુગતિ ધૂતારી નાર;
ફીરી પાછો જોવે નહિ રા૦ મૂકી મુજને વીસાર.
આપીડારે ૬

રાજુલ રાતી પ્રેમ શું રા૦ પહોતી ગઢ ગિરનાર,
સંયમ લેઈ મુગતે ગઈ રા૦ કાંતિ નમે વારંવાર.
આપીડારે ૭

શ્રી પાર્શ્વનાથ સ્તવન.

(૪)

॥ કાંઈ પાજ્યો પાજ્યો રે ગુસાઇ માને
તુંહીનો રામરસ પાજ્યો એ દેશી ॥
કાંઈ જોજ્યો કાંઈ જોજ્યો રે સ્વામીડા મુને નેહ ભર જોજ્યો
મુજરો લ્યો કે પાસ જિણુંદા,
ટાલી જે ભવ ફેરો રે. સ્વામી૦ ॥૧॥
મોહન મોહ રસે લલચાણો,
જ્યું મૃગ રાગ શું ઘેર્યો રે. સ્વામી૦ ॥૨॥
સાચી સેવા રંગી, આયો જ્યું ગજ નેડો રે, સ્વામી૦ ॥૩॥
મેં મન દીધો હાથ નિહારે,
પે નહિ દિલ પ્રભુ કેરો રે સ્વામી૦ ॥૪॥
જીવન સૂરતી દેખી રસીલી,
મન હરખિત હોય મેરો રે, સ્વા૦ ॥૫॥

આઠે કરમકી ગાંઠ છિનકમેં,
ચુંપે ચતુર ઉધ્ધેરો રે. સ્વા૦ ॥૬॥
પ્રેમ વિબુધનો કાંતિ કહે હું,
ભવ ભવ સેવક તેરો રે. સ્વા૦ ॥૭॥

શ્રી મહાવીર જિન સ્તવન

(૫)

(સાલુઆની—એ દેશી)

વીરજી ઉલો મદ મોઢી, બે કર જોડી અરજ કરું રે લો.
મ્હારા વીર પીઆરા રે લો;
વીરજી રાજેસર રાણા,
આણા તાહરી શિર ધરું રે લો મ્હારા૦ ૧
વીરજી મીઠલડે વયણે, નયણે ઈણ રાચી રહું રે લો મ્હારા૦;
વીરજી વાતો મનરુષની,
સુખની તુજ આગે કહું રે લો મ્હારા૦ ૨
વીરજી પીત્ર પરલોકે ગયા, તીણ સોકે દીહા ગમુરે લો મ્હારા૦,
ચિંતાતુર નીત મો ચિત્તમાં,
જિમ સૂનો ભમુ રે લો મ્હારા૦ ૩
વીરજી તુજ વિરહે મોટિકા, વળી છેહ દઈ રે લો મ્હારા૦;
સંજમ જો લેસ્યો દેસ્યો,
ગુંબડ ખાર તે ઇ રે લો મ્હારા૦ ૪
વીરજી ભોજન નવિ ભાવે,
થાવે અતિ આ સંગલો રે લો મ્હારા૦,
નીદરડી ના'વે ધ્યાવે, મન ઉધાધલો રે લો મ્હારા૦ ૫

વીરજી છાતીમાં ઘાતી કાતી, જેણે સારની રે લેા મ્હારા૦,
પીડા વિણ વાગે લાગે, મેાટી મારની રે લેા મ્હારા૦ ૬

વીરજી વેદન નવિ જાણે,
ટાણે આણે કઠીન હિયેા રે લેા મ્હારા૦;
થાયેા કરુણાળા વાલા, વ્રતના મૂકી દિયેા રે લેા મ્હારા૦ ૭

વીરજી વીનવ્યા ઇમ આઈ ભાઈ,
ભાઈ નંદીવર્ધને રે લેા મ્હારા૦ ૮

વીરજી ચારિત્ર લેસ્યું મેં પામી,
અવસર આપણેા રે લેા મ્હારા૦;
કેવળ લહી સીધેા લીધેા શાશ્વત સુખ ઘણેા રે લેા મ્હારા૦ ૯

વીરજી પ્રેમ જે ધ્યાવે ગાવે,
જિન ગુણ આદરી રે લેા મ્હારા૦;
કાંતિવિજય જય બાલા માળાને વરી રે લેા મ્હારા૦ ૧૦

(૪૯)

વાચક શ્રી દેવવિજયજી
ચોવીસી રચના ૧૭૭૮ સુરત

શ્રી તપગચ્છમાં શ્રી વિજયરત્નસૂરિના શિષ્ય વાચક શ્રી દેવવિજયજી થયા તેઓશ્રીએ ચોવીસી સુરતમાં સં. ૧૭૭૮ માં રચિ છે. તેઓશ્રીની બીજી સાહિત્ય કૃતિઓ ૧૭૬૦માં શ્રી નેમરાજુલ બાર માસનું સ્તવન તથા ૧૭૬૯ માં શ્રી શીતલનાથ સ્તવન માંડવીમાં રચ્યું તથા બીજું બાર માસ સ્તવન ૧૭૬૯ માં પોરબંદરમાં બનાવ્યું. સંવત ૧૭૭૮ માં શ્રી રૂપસેનકુમાર રાસ કડીમાં રચ્યું.

શ્રી ઋષભદેવનું સ્તવન [ચંદ્રાઉલા]

(૧)

શ્રી સરસતી ચરણે નમીરે, ગાશું હું જિનરાય;
ઋષભજિણુંદને ભેટવારે, મુજ મન હર્ષ ન માય,
મુજમન હર્ષ ન માય જિણુંદા, દીઠે તુમે શિવસુખ કંદા'
આપો પ્રભુ સુખ સંપત્તિ સ્વામી, ભવ ભવ હો જો યું મુજ સાંમી
જી વાલેસરજી રે ॥ ૧ ॥

તુઝ વિરહો ન ખમી શકું રે, રાતિ દિવસ ન વિજાય,
દૂર રહ્યા જે સજનારે, તે દુઃખ મે ન ખમાય
જિમ જિમ સાંભરે, તિમ દુઃખ સહી ઈ,
વહલી કરયો સેવક સાર, તુઝ વિણ કો નહી બીજો આધાર;
જી વાલેસરજીરે ॥ ૨ ॥

શ્રી શાંતિનાથ સ્તવન [ચંદ્રાઉલા]

(૨)

શાંતિજિણંદએ સોલમારે, શાંતિકરણ સુખદાય;
નામ જપંતાં જેહનુંરે, જગ સુખ બહુ થાય,
જગમા સુખ બહુ થાય રે સયણો,
સાચા માનજો જિનતણાં વયણો,
ભુલો મત તુંમે માયાને દેખી, પતંગ રંગપરે રીઝો પેખી.
રીધ્યુ જ ન રે કેહની રે નંદ વિચારી જોય,
રાવણ સરીખા રાજવી રે, લંકા કે ગયા ખોય,
લંકા તે ગયા ખોઈ રે દીઠા, સૂન્ય મુકી મત થાઓ ધીઠા.
વલિ વલિ નહિ પામો તુમેં એહવું,
સુપન તણી પરે છે સહુ તેહવું. જી વાલેસર જીરે

શ્રી નેમનાથ ચંદ્રાઉલા

(૩)

જાદવ કુલમાં ઊપનારે **નેમ** જીણેસર નામ,
તોરણથી પાછા વલ્યા રે.
રાજુલ છોડી તામસગાઈ, ગીરનારે ચાલ્યો નિજ ધાઇ
તિહાં જઇને પ્રભુસંજમ લીધો, નેમે આપણો કારજ કીધો
જી વાલેસરજી રે ૧
રાજીમતિ તિહાંચિંતવેરે, કંતે છોડી કેમ ?
પશુઅ પુકાર સુણી કરી રે,
દયાવિચારી એમ સંસારે, લેશું સંજમ હું નિરધારે
વિરહ તણો દુઃખ કેમ ખમાયે.
પીઉ દીઠા વીણ મુજ જીવ જાએ. જી વાલેસરજી રે ૨

શ્રી પાર્શ્વજિન ચંદ્રાઉલા

(૪)

અશ્વસેન સુત જાણીઇરે, વામાદેવીનો નંદ,
નયરી વાણારસી ઉપનોરે, પાસકુમાર સુખ કંદ,
પાસકુમાર સુખ કંદરે સેવો, માનવ ભવનો ફલ એ લેવો,
ધરણી ધર પદ્માવતી દેવા, સુરનર સારે પ્રભુની સેવા.
જી વાલેસરજી રે. ૧

કીરત તાહરી ચિંહુ દીસેરે, દેશ વિદેસે નામ,
તું તો ઠાકુર માહરોરે, વંછિત પૂરે કામ;
વંછિત પૂરે કામચે દીઠો, મુજમનમેં તું હિજ ઘણું મીઠો,
રાત દિવસ હું તુંમ ગુણ ગાઉં,
સમય સમય પ્રભુ હું તુમ ધ્યાઉં. જી વાલેસરજી રે ૨

શ્રી વીરજિન ચંદ્રાઉલા

(૫)

જિન શાસનનો જે ધણી રે, ચોવીસમો એ જિણંદ,
વર્ધમાન નામે ભલો રે, ટાલે કર્મના ફંદા.
ટાલે કર્મના ફંદા સ્વામી તેં તો બહુલી રીધજ પામી;
ભવ ભવ દેજ્યો તુમ પાસે સેવા, કરજોડી માગું છું દેવા.
જીવાલેસર જી રે. ૧

કરજોડી કહવું ખરં રે આપણા સ્વામીને તેહ;
ચાહુ છું તુમચી પ્રભુ રે,
હું તો અવિહડનેહ સદાઈ, મે તુઝદીઠે સંપત્તિ પાઈ।
ચોવીસે જિનવર ભવિ વંદો; ચીરકાલનાં તુંમે પાપનીકંદો;
જીવાલેસર જી રે. ૨

સંવત સત્તર અઠ્ઠોત્તરેરે રહી સૂરત ચોમાસ;
ચોવીસ જિનવર મે સ્તવ્યા રે, પુંગી મુજ મન આસ,
પુંગી મુજ મન આસરે નેહી. ફાગુણ વિદિ પાંચિમ રવિતે સહિં,
શ્રી વિજયરત્નસૂરિ સર રાયા, વાચિક દેવે બહુ સુખ પાયા.
જીવાલેસરજી રે. ૩



તેષાં કર્મક્ષયોત્થૈરતનુમુણગણૈર્નિર્મલાત્મસ્વભાવૈ—,
ર્ગાયં ગાયં પુનીમઃ સ્તવનં પરિણતૈરષ્ટવર્ણાસ્પદાનિ ।
ધન્યાં મન્યે રસજ્ઞાં જગતિ ભગવતઃ સ્તોત્રવાણીરસજ્ઞા—
મજ્ઞાં મન્યે તદન્યાં વિતથજનકથાં કાર્યમૌખર્ય મગ્નામ્ ॥૧॥
—શાન્તસુધારસ પ્રમોદભાવના

અર્થાત્—કર્મના નાશથી ઉત્પન્ન થયેલા મહાન્ ગુણોના સમૂહ વડે અને નિર્મલ આત્મ સ્વભાવ વડે સ્તુતિ કરવામાં મગ્ન બનેલા વર્ણોના આઠે સ્થાનોને તેઓનું (તીર્થંકરોનું) વારંવાર ગાન કરીને અમે પવિત્ર બનાવીએ છીએ. પરમાત્માના સ્તોત્રનો વાણીના સ્વાદને જાણનારી તે જીભને સંસારમાં હું ધન્ય માનું છું. બાકી વ્યર્થ લોક-નિંદ્ય અને વાચાળપણાના કાર્યમાં ડૂબેલી જીભને હું ખરા સ્વાદથી અજાણ જાણું છું.

(૫૦)

શ્રી જ્ઞાનવિજયજી
ચોવીસી રચના સં. ૧૭૮૦ અમદાવાદ

શ્રી તપગચ્છમાં શ્રી વિજય ઋદ્ધિસૂરિના શિષ્ય શ્રી હરિનવિજયજીના શિષ્ય શ્રી જ્ઞાનવિજયજી થયા છે. તેઓશ્રીએ અમદાવાદમાં ૧૭૮૦ માં ચોવીસી રચના કરી છે. બીજી ગ્રંથરચના **શ્રી મલયચરિત્ર** ૧૭૦૧માં રચ્યું છે. તેઓશ્રીનો જન્મ સંવત, સ્થળ, વિગેરે મળ્યાં નથી તેમની આખી પ્રત ન મલવાથી એક સ્તવન આ સાથે લીધું છે.

શ્રી મહાવીરસ્વામી સ્તવન

(૧)

ચોવીસમો ચિત્તધરોરે, નામે **શ્રી મહાવીર** રે,
જિન જાઉં બલિહારી૦

રાજનગર રલીઆમણું રે,
જાં ભલાં જિન આવાસરે. જિન૦

શ્રી વિજયઋદ્ધિ સૂરિશ્વરરે,
રૂડા રહ્યાં ચોમાસરે. જિન૦ ૮

દેવગુરૂ મહિમા થકીરે,
ઊપનો એહ ઉલ્લાસ રે,

સ્તવન રચ્યાં મન મોદસ્યું રે,
પોહતી પોહતી મન આસરે. જિન૦ ૯

સંવત ૧૭૮૦ સીધંરે,
આછો તે આસો માસરે,
દીવાલી દીન રૂયડો રે;
તે દિન મનને ઉલ્લાસરે. જિન૦ ૧૦

મનના મનોરથ માહરાં રે,
પૂરે શ્રી ભાલો પાસ રે,
તાસ પસાય પુરી કરી રે,
ચોવીસી અતિ ખાસરે. જિન૦ ૧૧

ભણે ગણે જે સાંભલે રે,
તસ ઘરે લખમીનો વાસ રે,
રોગ સોગ દૂરે ટલેં રે,
કુશલ મંગલ હોવે તાસ રે. જિન૦ ૧૨

શ્રી વિજયરૂદ્ધિ સૂરિસરૂ રે,
ગચ્છપતિ ગુરૂ ગુણધામ રે,
હસ્તિ જ્ઞાન સુખ પામસે રે.
સાશ્વતાં શિવ સુખ ઠામ રે. જિન૦ ૧૩

卐

(૫૧)

શ્રી નિત્યલાભ
ચોવીશી રચના ૧૭૮૧ સુરત

તેઓશ્રીના પિતાનું નામ કર્મસી હતું ને માતાનું નામ કમલાદે હતું. **શ્રી અંચલગચ્છમાં** શ્રી સહજસુંદર મુનિના શિષ્ય શ્રી નિત્યલાભ થયા તેઓની દરેક કૃતિઓમાં **શ્રી ગોડીપાર્શ્વનાથની** સ્તુતિ પ્રારંભમાં કરી છે. ને કાવ્યો તથા રાસોમાં વર્ણન શૈલી સુંદર છે તેઓની કૃતિમાં **સદેવંત સાવલિંગા** રાસ ૧૭૮૨માં સુરતમાં બનાવ્યો છે. જેની વાર્તા જૈનેતરોમાં પ્રસિદ્ધ છે. તેઓએ સુરતમાં ઘણા ચાતુર્માસ કર્યા હોય એમ જણાય છે.

ગ્રંથરચના

(૧) મહાવીરના પંચકલ્યાણકનું ચોઢાળીઉ ૧૭૮૧ સુરત. (૨) શ્રી ચંદનબાલા રાસ. ૧૭૮૨ સુરત. (૩) શ્રી ચોવીસી ૧૭૮૧ સુરત. (૪) સદેવંત સાવલિંગા રાસ. ૧૭૮૨ સુરત. (૫) શ્રી વાસુપૂજ્ય સ્તવન ૧૭૭૬ કચ્છ અંજાર. (૬) શ્રી વિદ્યાસાગર સૂરિરાસ ૧૭૯૮ અંજાર.

શ્રી ઋષભ જિન સ્તવન

(૧)

(ઢાલ-વૃંદાવનમાં કાન કુમરજી રાધાને મન ભાવે રે—એ દેશી)

આદિ જિણેસર વીનતિ અમારી સાંભલી મોરા સ્વામીરે;
મરૂદેવીના નંદન વાહલા અરજ કરૂં શિર નામીરે.

આદિ૦ ૧

નાભિ રાયા કુલ હંસલોરે, નયરી વિનીતાનો રાજરે;
વંશ ઇક્ષ્વાગે સોભતોરે, સેવે સુરપતિ ગાજરે.
આદિ૦ ૨

મૂરતિ રૂપ અનોપમ નિરખી, ભગતે બાંધ્યો પ્રેમરે;
આ સાંગા પ્રભુજી સું માંડયા, જલધર ચાતુક જેમરે.
આદિ૦ ૩

પ્રભુજી શ્રી અલગા ન રહીસું, વંછિત માંગી લેસું રે;
જનમ મરણ ભવ દૂરે નિવારી, શિવસુખ તાલી દેસું રે;
આદિ૦ ૪

પ્રભુજી વિનાં કુણ લાડ લડાવે, ભવના તાપ સમાવેરે;
સહેજે સુંદર ગુણ પ્રભુજીના, નિત્યલાભ પંડિત ગાવેરે.
આદિ૦ ૫

સદેવંત સાવલિંગા

(૨)

સકલ સુખ સંપત્તિકરણ, ગુણ નિધિ ગોડિપાસ,
પદકજ પણમું તેહના, પ્રેમ ધરિ સુવિચાર. ૧

ત્રિન ભુવન રંગે રમે, સરસતિ સાચું રૂપ,
ધ્યાન ધરૂં મન તેહનું, આપે વચન અનૂપ. ૨

વલિ પ્રણમું ગુરૂ દેવના, જ્ઞાન તણા દાતાર,
મુરખથી પંડિત કરે, એ મોટો ઉપકાર. ૩

રસિયા વિણ શૃંગાર રસ નવરસ વિના વખાણ,
લવણ વિના જીમ રસવતી, તિમ ગુરૂ વિના પુરૂષ અજાણ. ૪

સાર વસી સંસારમાં, સિદ્ધિ બુદ્ધિ ગુણધામ,
તે પ્રસાદ સુગુરૂતણો, ભગતે કરૂં પ્રણામ. ૫
ચ્યાર પદાર્થ ધર્મના, **દાન, શિયલ, તપ, ભાવ,**
વીર જીણુંદ વખાણીઆ, ભવજલ તારણ નાવ. ૬
એ ચ્યારે સરિખાએ છે, પણ **શિયલ** સમ નહિ કોય,
લોકોત્તર લોકિક સુખ, જસ પરસાદે હોય. ૭
સદેવચ્છની વારતા, સરસ ઘણી શ્રીકાર,
કવિ ચતુરાઈ કેલવે, રસના રસ સુવિચાર. ૮

(૩)

અંતે—

અંચલગચ્છ પતિ અધિક પ્રતાપી, **વિદ્યાસાગરસૂરિ** રાયારે,
જગવલ્લભ ગુરૂ જ્ઞાન સવાયા, હિતવચ્છલ સુખ દાયારે. ૧૦.
આણુ વહિ શિરે નિશદિન તેહનિ, પાટ ભક્તિ વરદાઈ રે,
મેરૂ લાભ વાચક પદ ધારી, જગજસ કિરતિ સોહાઈ રે. ૧૧.
શિષ્ય તેહના સુખકારી, **વાચક સહેજ સુંદર** ગુરૂ રાયારે,
તાસ કૃપાથી રાસ એ ગાયો,
નિત્યલાભ પંડિત સુખ પાવોરે. ૧૨.
નગર માંહે **સુરતિ** રંગીલો, શ્રાવક વસે નગીનારે,
દેવગુરૂ રાગી દૃઢ ધરમી, જિનવર ભક્તિએ ભીનારે. ૧૩.
તે સંઘના આગ્રહથી મેં, રાસ રચ્યો ઉલ્લાસેરે.
દેશીની ચતુરાઈ આણી, અનુભવને અભ્યાસેરે. ૧૪.
સંવત **સરતસે** ક્યાસી ઇ, સુંદર માધવ માસેરે,
સુદ સાતમ બુધવાર અનોપમ, પૂરણ થયો સુવિસાવરે. ૧૫.
ચોવીસેં ઢાલે કરીને, રાસ એ રસિક પ્રમાણોરે,
તે સુણતાં નિત્ય હોજો સહુને, ઘરઘર કોડિ કલ્યાણોરે. ૧૬.

ચોવીસી કલશ

(૪)

સંવત **સતર** એકયાસીએજી, **સૂરતિ** રહિચોમાસ,
ગુણ ગાતાં જિનજિ તણાંજી, પહુતી મનની આશ.
વિદ્યાસાગર સૂરિ સરૂજી, અંચલ ગછ સિણગાર,
વાચક **સહજ સુંદર** તણોજી, **નિત્યલાભ** જયજયકાર.

卐

चिर-संचिअ-पाव-पणासणीइ,
भव-सय-सहस्स-महणीए ।
चउवीस-जिणु-विणिग्गय-,
कहाइ वोलंतु मे दिअहा ।।

—શ્રી વંદિતા સૂત્ર ગાથા ૪૬

અર્થ—લાંબા કાળથી સંચિત થયેલાં પાપોને નાશ કરનારી, લાખો ભવોનો અન્ત કરનારી એવી ચોવીશ જિનેશ્વરોનાં મુખમાંથી નીકળેલા ધર્મ કથાઓના સ્વાધ્યાય દ્વારા મારા દિવસો પસાર થાઓ. ૪૬

(૫૨)

શ્રી ભાવપ્રભસૂરિ

ચોવીસી રચના સંવત ૧૭૮૩

(પૌર્ણમિક) પુનમીઆગચ્છમાં શ્રી વિદ્યાપ્રભસૂરિની પાટે શ્રી મહિમાપ્રભ સૂરિના શિષ્ય ભાવપ્રભસૂરિ થઈ ગયા. પિતાનું નામ માંડણ અને માતાનું નામ બાદલા હતું. તેમનો સૂરિપદ મહોત્સવ પાટણમાં શ્રેષ્ઠી જેતસીના પુત્ર તેજસી શેઠે કર્યો હતો. (જેમણે પાટણમાં સહસ્રકુટ મંદિર બંધાવ્યું) તેઓ શ્રી દેવચંદ્રજીના સમકાલીન હતા. ને તેઓ પાટણમાં ઢંઢેરવાડાના અપાસરામાં રહેતા. જેથી ઢંઢેરશાખા નામ પડ્યું તેઓએ પાટણમાં સહસ્રકુટ મંદિરની પ્રતિષ્ઠા કરી હતિ. (વાંચો સ્તવન શ્રી દેવચંદ્રજીએ બનાવેલું) જેની પ્રશસ્તિ આ સાથે આપી છે. તેઓની પ્રત ન મલવાથી બે કાવ્યો લીધાં છે.

ગૂજરાતી

૧. હરિબલમચ્છી રાસ ૧૭૬૯. ૨. ચોવીસી રૂપપુર ૧૭૮૩. ૩. સુભદ્રા સતી રાસ ૧૭૯૭. પાટણ ૪. બુદ્ધિમલ વિમલાસતી રાસ પાટણ, ૧૭૯૯ ૫. શ્રી અંબડરાસ ૧૮૦૦. ૬. શ્રી નવવાડ સજ્ઝાય ૧૮૦૦. ૭. ૧૩ કાઠીયા સજ્ઝાય. ૮. અધ્યાત્મ થુઈ.

સંસ્કૃત

૧. શ્રી યશોવિજયજી કૃત પ્રતિમા શતકપરસંસ્કૃત ટીકા ૧૭૯૩
૨. શ્રી કાલીદાસકૃત જ્યોત્તિર્વિદ્યાભરણ પર સુખબોધિકા ટીકા.

શ્રી અધ્યાત્મ સ્તુતિ (થુઈ)

(૧)

ઊઠી સવેરે સામાયિક લીધું, પણ બારણું નવિ દીધું જી
કાળો કુતરો ઘરમાં પેઠો, ઘી સઘળું તેણે પીધું જી;

ઊઠોને વહૂઅર આળસ મુકી, એ ઘર આપ સંભાળોજી,
નિજ પતિને કહો વીરજીને પૂજી,
સમકિતને અજુઆળોજી. ૧

અળે બિલાડે ઝડપ ઝડપાવી, ઊંદરોડ સર્વે ફોડીજી,
ચંચળ છૈયાં વાર્યા ન રહે, ત્રાક ભાંગી માળ તોડીજી,
તે વિના રેંટીયો નવિ ચાલે, મૌન ભલું કેને કહીએજી.
ઋષભાદિક ચોવીસ તીર્થંકર, જપીએ તો સુખ લહીએજી ૨

ઘર વાશીદું કરોને વહુઅર, રાળો ઓજી સાળુંજી;
ચોરટો એક કરે છે હેરૂં, ઓરડે ઘોને તાળુંજી,
લબકે પ્રાહુણા ચાર આવ્યા છે, તે ઊભા નવિ રાખોજી,
શિવપદ સુખ અનંતા લહીએ, જો જિનવાણી ચાખોજી. ૩

ઘરનો ખુણો કોણ ખણે છે? વહુ તમે મનમાં લાવોજી,
પહોળે પલંગે પ્રીતમ પોઢયા, પ્રેમ ધરીને જગાવોજી;
ભાવપ્રભસૂરિ કહે નહિં એ કથલો, અધ્યાત્મ ઊપયોગીજી,
સિદ્ધાયિકા દેવી સાન્નિદ્ધ કરેવી,
સાધે તે શિવપદ ભોગીજી. ૪

(૨)

સહસ્રકુટ સિદ્ધાચલ ઊપરેં તિમહિજ ધરણી વિહાર,
તેથી અદ્‌ભૂત એ છે સ્થાપના, પાટણ નગર મઝાર. ૯
તીર્થ સકલ વળી તીર્થંકર સહુ, એણેં પૂજતે પૂજાય.
એક જીહથી મહિમા એહનો, કિણભાતે કહેવાય. ૧૦
શ્રીમાળી કુણ દીપક **જેતસી**, શેઠ સુગુણ ભંડાર,
તસસુત શેઠ શિરોમણી **તેજસી**, **પાટણ** નગરમેં દાતાર. ૧૧
તેણે એ બિંબ ભરાવ્યા ભાવશું, સહસ અધીકચોવીસ,
કીધી પ્રતિષ્ઠા **પુનમગચ્છ** ધરૂ, **ભાવપ્રભસૂરીસ**. ૧૨

(૫૩)

શ્રી જસવિજયજી

ચોવીસી રચના સંવત ૧૭૮૪ પાટણ

તપગચ્છમાં શ્રી સત્યવિજયજી પન્યાસ પરંપરામાં શ્રી ખીમાવિજયજીના શિષ્ય થઈ ગયા છે. તેઓશ્રીની ચોવીસી સાદી ભાષામાં અને સુંદર દેશીઓમાં બનાવેલી છે તેઓની બીજી કૃતિઓ ખાસ જાણવામાં આવી નથી આ સાથે તેમનાં ચાર સ્તવનો તથા કલશ મલી કુલ પાંચ કાવ્યો લીધા છે.

શ્રી શાંતિનાથ સ્તવન

(૧)

સુણો શાંતિજિણુંદારે, તુમ દીઠે આણુંદારે,
દૂરટલે ભવકૂંદા દરીસણ દેખતાં રે. ૧
મુદ્રા મનો હારીરે, ત્રિભુવન ઉપકારી રે,
પ્યારી વલી લાગે સહુને પેખતાં રે. ૨
સૌમ્યતાએ શશી તાસીરે, ભમે ઉદ્દાસી રે,
આવ્યો મૃગ પાસે અધિકાઈ જોવતો રે. ૩
તેજે ભાણ ભાગોરે, આકાશે જઇ લાગો રે,
ઘરે વજડી રાગો રૂપે મોહતો રે ૪
પરમાણુ જે શાંત રે, નિપની તુમ કાંત રે,
ટલી મન ભ્રાંત પરમાણું એટલા રે ૫

દેવ જોતાં કોડીરે, નાવે તુમ હોડીરે,
નમે કર જોડી સુર જે ભલા રે. ૬

જનમે ઇતિ વારી રે, ખડખંડ ભોગ ધારીરે,
થયા વ્રત ધારી નારી પરિ હરી રે. ૭

વરસી દાન વરસી રે સંજમ શ્રેણી ફરસીરે,
કરી કરમ રાશિ નરસી તે થર હરીરે. ૮

ધ્યાના નલ જોગરે, આતમ ગુણ ભોગે રે,
રોગેને સોગેથી તું દૂર રહે રે. ૯

પ્રણમે પ્રભુ પયારે, **શિમાવિજય** ગુરૂ રાયા યે;
તુમ ગુણ પ્રતિભાયા **જશ** તે લહે રે. ૧૦

શ્રી. નેમિનાથ સ્તવન

(૨)

(કુંથુજિનેસર જાણુજો રે–એ દેશી)

સૌરિપુર સોહામણું રે લાલ, સમુદ્રવિજય નૃપનંદ રે–સોભાગી;
શીવાદેવી માતા જનમીયો રે લાલ, દરિસણ પરમાણંદ રે–સો૦
નેમિજિનેસર વંદિયે રે. લાલ. ૧

જોબન વય જબ જિન હુઆ રે લાલ,
આયુધશાલા આય રે–સો૦
શંખ શબ્દ પૂર્યો જદારે લાલ,
ભય ભ્રાંત સહુ તિહાં થાય રે સો૦ નેમિ૦ ૨

હરિ હઈડે એમ ચિંતવે રે લાલ,
એ બલિયો નિર ધાર રે–સો૦;

દેવ વાણી તબ ઈમ હુઈ રે લાલ,
બ્રહ્મચારી વ્રત ધાર રે–સો૦ નેમિ૦ ૩
અંતે ઉરી સહુ ભેલી થઇ રે લાલ,
જલશ્રૃંગી કરલી ધરે–સો૦;
મૌનપણે જબ જિન રહ્યા રે લાલ,
(માન્યું માન્યું) એમ કીધ રે–સો૦ નેમિ૦ ૪
ઉગ્રસેનરાય તણીસુતારે લાલ, જેહનું રાજુલ નામ રે–સો૦;
જાન લઈ જિનવર ગયા રે લાલ,
ફલ્યો મનોરથ તામ રે–સો૦ નેમિ૦ ૫
પશુય પોકાર સુણી કરી રે લાલ,
ચિત્ત ચિંત્તે જિનરાય રે–સો;
ધિગ ? વિષયા સુખ કારણે રે લાલ,
બહુ જીવનો વધ થાય રે–સો૦ નેમિ૦ ૬
તોરણથી રથ ફેરીયો રે લાલ, દેઈ વરસી દાન રે–સો૦;
સંજમ મારગ આદર્યો રે લાલ,
પામ્યા કેવલ જ્ઞાન રે–સો૦ નેમિ૦ ૭
(અવર ન ઇચ્છું ઈણ ભવે) રે લાલ,
રાજુલે અભિગ્રહ લીધ રે–સો૦;
પ્રભુ પાસે વ્રત આદરી રે લાલ,
પામી અવિચલ રિદ્ધ રે–સો૦ નેમિ૦ ૮
ગિરનાર ગિરિવર ઉપરે લાલ, ત્રણ કલ્યાણક જોય રે–સો૦;
શ્રી ગુરૂ ખિમાવિજય તણો રે લાલ,
જસ જગ અધિકો હોય રે–સો૦ નેમિ૦ ૯

(૩)

(શ્રી અરજિન ભવજલનો તારૂ—એ દેશી.)

પાસ જિનેસર પુન્યે મલીયેા, સ્હેજે સુરતરૂ ફલીયેા રે;
પ્રભુ પુરીસાદાણી અનંત ગુણમણિ ખાણી, પ્રભુ પુરીસાદાણી રે
ધન્ય દિવસ મુજ આજથી વલીયેા,
જિન શાસનમાં ભલીયેા રે. પ્ર૦ ૧
સમર્યો સંકટ સહુનાં ચૂરે, સાચેા વંછિત પૂરે રે પ્ર૦,
પ્રભુ પદ પામી જે રહે દૂરે તેતેા પરભવ ઝૂરે રે પ્ર૦ ૨
કષ્ટ કરંતા કમઠને વારી, નાગને થયા ઉપગારી રે પ્ર૦,
અંત સમય પદ પંચ દાતારી,
તિણે હુએા સુર અવતારી રે પ્ર૦ ૩
છાંડી ભેાગ સંજોગ અસાર, આદરે મહા વ્રત ભાર રે પ્ર૦,
કમઠ કેાપે મૂકે જલધાર, ધ્યાનથી ન ચલ્યા લગાર રે. પ્ર૦ ૪
ઘાતી કર્મ તણેા કરી નાશ, કેવલ લહી ઉલ્લાસ રે પ્ર૦;
અણ હુંતે કેાડી એક પાસે, દેવ કરે અરદાસ રે પ્ર૦ ૫
આઠ મહા પ્રાતિહાર્ય બિહાજે, ઉપમા અવર ન છાજે રે પ્ર૦;
પાંત્રીશ ગુણ વાણીયે ગાજે, ભવિના સંશય ભાંજે રે પ્ર૦ ૬
અનેક જીવને પાર ઉતારી, આપ વર્યા શિવ નારી રે પ્ર૦;
શ્રી **ખિમાવિજય** પય સેવા સારી,
જસ લેવા દિલ ધારી રે. પ્ર૦ ૭

શ્રી વીર જિન સ્તવન

(૪)

(તાર હેા તાર પ્રભુ મુજ સેવક ભણી—એ દેશી.)

વીર વડ ધીર **મહાવીર** મેાટેા પ્રભુ, પેખતા પાપ સંતાપ નાસે;

જેહના નામ ગુણ ધામ બહુ માનથી,
અવિચલ લીલ હૈયે ઉલ્લાસે. વીર૦ ૧
કર્મ અરિ જીપતો દીપતો વીરતું, ધીર પરિષહ સહે મેરૂ તોલે;
સુરે બલ પરખીયે રમત કરી નિરખીયે,
હરખીયે નામ મહાવીર બોલે. વી૦ ૨
સાપ ચંડ કોશીયે જે મહારોષીયે
પોષીયે તે સુધા નયન પૂરે;
એવડા અવગુણ શા પ્રભુ મેં કર્યા ?
તાહરા ચરણથી રાખે દૂરે. વી૦ ૩
શૂલ પાણિ સુરને પ્રતિ બોધીયે
ચંદના ચિત્ત ચિંતા નિવારી;
મહેર ધરી ઘેર પહોતા પ્રભુ જેહને,
તેહ પામ્યા ભવ દુઃખ વારી. વી૦ ૪
ગૌતમાદિકને જઈ પ્રભુ તારયા, વારવા યજ્ઞ મિથ્યાત્વ ખોટો;
તેહ અગીઆર પરિવાર શું બૂઝવી
રૂઝવી રોગ અજ્ઞાન મોટો વી૦ ૫
હવે પ્રભુ મુજ ભણી તું ત્રિભુવન ધણી,
દાસ અરદાસ સુણી સામું જોવે;
આપ પદ આપતાં આપદા કાપતાં,
તાહરે અંશ ઓછું ન હોવે. વી૦ ૬
ગુરૂ ગુણે રાજતા અધિક દિવાજતા,
છાજતા જેહ કલિકાલ માંહે;
શ્રી ખિમાવિજય પયસેવા નિત્યમેવલહી,
પામીયે શમરસ સુજસ તાહે. વી૦ ૭

(૫)

કલશ

જીન ભગતિ જાણી ગુણખાણી, હરખઆણી જે ગાવશે;
સિદ્ધિ રિદ્ધિ સુલદ્ધિ લીલા, તે જગ જસ પાવશે. (૧)

તપગચ્છ તિલક સમાન સોહે, **સત્યવિજય** ગુરૂ ગુણનીલો,
તસ સીસ સોહે **વિજયકપુર**,
કપુર પરે જગ જસ ભલો. (૨)

તસચરણ સેવી નિત્ય મેવી, **ખિમાવિજય** ગુરૂ રાજીયો;
શ્રી **નારંગપાસ** પસાય ગાતાં,
જસ મહિમા જગ છાજીયો. (૩)

(૧૭) સંજમ ભેદે સંવત જાણી, (૮) પ્રવચન આંકજ જાણીયે;
(૪) ધરમ ભેદ જુગતે જોડી, વરસ સંખ્યા વખાણીયે. (૪)

અલ્પમતિ યથા શક્તિ, રહી **પાટણ** રચી જીન સ્તુતિ;
ભાદરવા વદી પાંચત દીને, ગુરૂવારે હુઈ પ્રાપતિ. (૫)

૧૭૮૪ પાટણ.



(૫૪)

શ્રી લક્ષ્મીવિમલ
ચોવીસી રચના સં. ૧૭૮૬

શ્રી તપગચ્છમાં શ્રી કીર્તિવિમલજીના શિષ્ય શ્રી લક્ષ્મિવિમલજી થઈ ગયા છે તેઓ અઢારમી સદીમાં થયા છે પણ ચોકસ સંવત તેઓ સંબંધી મળતો નથી તેઓની ચોવીસીની ભાષા સાદી તથા જુદા જુદા રેગોમાં બનાવેલી છે. ૧૭૮૦ માં તેઓશ્રીએ વીસ વિહરમાનના સ્તવનો બનાવ્યા છે આ સાથે તેઓના પાંચ સ્તવનો લીધાં છે.

શ્રી ઋષભજિન સ્તવન

(૧)

(સાહિબ બહુ જિનેસર વીનવું-એ દેશી)

તારક **ઋષભજિનેસર** તું મિલ્યો પ્રત્યક્ષ પોત સમાન હો;
તારક તુજને અવલંબીયા, તેણે લહુ ઉત્તમ સ્થાન હો.
તારક ઋષભ જિનેસર તું મિલ્યો ૧

તારક તુજ વંદન પૂજન કરી, પવિત્ર કરૂં નિજ દેહ હો,
તારક તુજ ગુણ સ્તવનાએ સ્તવી, જિહાં કરૂં અમૃત લેહ હો,
તારક ઋ૦ ૨

તારક ગુણ અનંતા તાહરા, કુણ કહી લહશે પાર હો,
તારક કેવલી કોડિ મિલે કદા. જાણે ન કહે નિરધાર હો
તારક ઋ૦ ૩

તારક ગણધર મુનિવરે સ્તવ્યો, સ્તવીયો દેવની કોડ હો,
તારક તો પણ હું તુજને સ્તવું, ભક્તિ કરૂં તસ હોડ હો
તારક ઋ૦ ૪

તારક મરૂદેવી માતાને નમું, રત્નકુક્ષિ ધરનાર હો;
તારક નાભિરાયા કુળચંદલો, સકલજંતુ આધાર હો;
તારક ઋ૦ ૫
તારક સુમંગલા સુનંદા તણો, પ્રીતમ પ્રભુ વિખ્યાત હો;
તારક શ્રી પુંડરીક ગણધર તણો, પિતા મહ જગતાત હો
તારક ઋ૦ ૬
તારક તુઝ નામે રિદ્ધિ સંપજે, વાધે કીર્તિ અપાર હો;
તારક શિવલચ્છી સહજે મળે, સફળ થાએ અવતાર હો
તારક ઋ૦ ૭

શ્રી શાંતિનાથ સ્તવન

(૨)

(ઇડર દાહિમ દ્રાખ.–એ દેશી)

શાંતિ નાથ સોહામણો રે, સોલમો જિનરાય;
શાંતિ કરો ભવચક્રની રે, ચક્રધર કહેવાય,
મુનીસરતું જગજીવન સાર ૧
ભવોદધિ મથતાં મેં લહ્યો રે, અમૂલખ રત્ન ઉદાર,
લક્ષ્મી પામી સાયર મથી રે, જિમ હર્ષે મુરાર, મુનીસ૦ ૨
રજની અટતાં થકાં રે, પૂર્ણ માસે પૂર્ણ ચંદ્ર,
તિમ મેં સાહિબ પામિયો રે, ભવમાં નયણાનંદ, મુનીસ૦ ૩
ભોજન કરતાં અનુદિને રે, બહુ લહે ઘૃત પૂર;
તિમ મુજને તું હિ મિલ્યો રે,આતમ રૂપ સનૂર મુનીસ૦ ૪
દરિદ્રતા રીસે બલી રે, નાસી ગઈ પાતાલ,
શેષ નાગ કાલો થઈ રે, ભૂ ભાર ઉપાડે બાલ, મુનીસ૦ ૫

યોગીસર જોતાં થકાંરે, સમરે યોગ સુજાણ.
અયોગિ ના વાંછિયે રે, યોગ્યા લોક નિદાન, મુનીસ૦ ૬
અચિરાનંદન તું જયો રે, જય જય તું જગનાથ,
કીર્તિ લક્ષ્મી મુજ ઘણી રે, જો તું ચઢિઓ હાથ મુનીસ૦ ૭

શ્રી નેમિજિન સ્તવન.

(૩)

(આંખો મોહરીઓ–એ દેશી)

શ્રી નેમિ તમને શું કહીયે, એ કહેવાનો નહિ વ્યવહાર;
ગુહ્ય મોટાનું ભાખતાં, ઉપજે મનમાં વિચાર.
શ્રીનેમિ૦ ॥ ૧ ॥

નામ નિરાગી સહુ કેા કહે, બ્રહ્મચારી શિરદાર,
રાગ રાખેા છેા એવડેા, રાજુલ ઉપર તમે નિરધાર.
શ્રી૦ ॥ ૨ ॥

ચેામાસે ચાલી ગયા, શ્રી ઉગ્રસેન દરબાર,
આઠ ભવાંતર નેહલેા, તુમે પાલ્યેા પ્રેમ પ્રકાર.
શ્રી૦ ॥ ૩ ॥

આતમ સુખ વાંછા અછે, તું આવજે માહરે પાસ,
પહેલાં તુજ પછે મુજની, સંકેત કર્યો ગુણવાસ,
શ્રી૦ ॥ ૪ ॥

ઇમ કહી વ્રત આદર્યું, રાજુલને આપી આસ,
સંયમ સાડી પહેરણે, નાણ દંસણ ચરણ વિલાસ.
શ્રી૦ ॥ ૫ ॥

સિદ્ધિ શિરેામણી, ઉપરે, ભુંજે ચિદાનંદ ભેાગ,
આપ સમી વસા કરી, સાદિ અનંત સંયેાગ
શ્રી૦ ॥ ૬ ॥

અનંત ભવ માહરે, તુમ સાથે સંબંધ;
વિસ્મૃત તુજને કિમ ઘટે, સંભારો નહિ તસ ગંધ
શ્રી૦ ॥ ૭ ॥

એ ગુરૂને ચરણે ધરે, હું બોલું તુમ જસ વાદ,
કીર્તિ તુમારી છે ઘણી, **લક્ષ્મી** સેવે તુમ પાદ.
શ્રી૦ ॥ ૮ ॥

શ્રી પાર્શ્વજિન સ્તવન

(૪)

(ચિતોડા રાજરે–એ દેશી)

વામા રાણી જાયારે, સુરનર મુનિ ભાયા રે,
મુજ મન આયા, હુઆ શુભ વધામણું રે, ॥ ૧ ॥
આરતિ સવિ ભાગી રે, તુમ શું લય લાગી રે,
રૂચિ જાગી ઘન પૂરાં, આવ્યાં આપણું રે. ॥ ૨ ॥
તુજ સંગે સોભાગી રે, બહુ શર્મ વિભાગી રે,
પશુ ભોગ થયો ધરણીંદરો રે. ॥ ૩ ॥
આશાતના કારીરે, દોષી મહા ભારી રે,
દેશણધારી અસુર કમઠો, તર્યો રે. ॥ ૪ ॥
શ્રી પાસ જિણંદારે, મુખ પુનિમ ચંદા રે,
પરમાનંદ કારી એ પ્રભુ જાણીયે રે. ॥ ૫ ॥
તુજ નામ સંભારી રે નિજ ગુણ વિચારી રે.
કીર્તિ તાહરી જગ વખાણીયે રે. ॥ ૬ ॥
તુંહી તુંહી હમારો રે, હું ભેદ નિવારો રે,
ઇમ કહે **લક્ષ્મી વાચક** પ્રમાણીયે રે. ॥ ૭ ॥

શ્રી મહાવીર સ્તવન

(૫)

(થુણિએા થુણિએા રે પ્રભુ સુરપતિ જે થુણિએા રે-એ દેશી)

ત્રિસલા નંદન ચંદન શીતલ, સરિસ સેાહે શરીર;
ગુણ મણિ સાગર નાગર ગાવે, રાગ ધન્યાસી ગંભીર રે
પ્રભુ વીર જિનેસર પામેા ૧

શાસન વાસિત બેાધે ભવિકને, તારે સયલ સંસાર;
પાવન ભાવના ભાવ તિ કી જે, અમેા પણ આતમ સાર રે
પ્રભુ૦ ૨

નાયક લાયક તુમ વિણ બીજો નવિ મલિયેા આકાળ,
તારક પારક ભવભય કેરેા, તું જગદીન દયાળ રે
પ્રભુ૦ ૩

અકલ અમાય અમલ પ્રભુ તાહરેા, રુપાતીત વિલાસ,
ધ્યાવત લાવત અનુભવ મંદિર, યેાગીસર શુભ ભાસ રે
પ્રભુ૦ ૪

વીર ધીર સાસનપતિ સાધેા, ગાતાં કેાડિ કલ્યાણ;
કીર્તિવિમલ પ્રભુ પરમસેાભાગી, લક્ષ્મી વાણી પ્રમાણ રે
પ્રભુ૦ ૫

(૫૫)

શ્રી જયસૌભાગ્ય

ચોવીસી રચના સં. ૧૭૮૭ ખંભાત

શ્રીતપગચ્છના શ્રી વિનિત સૌભાગ્યના શિષ્ય શ્રી જયસૌભાગ્યની ચોવીસી સાદી ને સરળ ભાષામાં છે. આ સાથે તેઓના ચાર સ્તવનો તથા કલશ મળી પાંચ કાવ્યો લીધાં છે.

શ્રી શાંતિનાથ સ્તવન

(૧)

(ગોકુલ વહેલા પધારજો રે રાધાજી જોઈ છે વાટ વાલ્હા—એ દેશી)

સમરથ સાહિબ સેવીંઈ રે, સાચો **શાંતિજિણુંદ** વાલ્હા,
દેખત તન મન ઉલ્હસેરે, મોહન વલ્લીનો કંદ વાલ્હા.
અરજ સુણો એક મ્હારીરે. ૧

મુખ મટકે કરી મોહી ઉરે, અટકયું માહરૂં મન વાલ્હા,
નયણ સલૂણાં સોભતાંરે, સોભે જાણે રતન વાલ્હા.
અરજ૦ ૨

તુમ્યો (મો) પણિ દૂર જઇ રહ્યારે, અમ્યો (મો) પણિ
કરસ્યું સેવ વાલ્હા;
તુમ મન ખેંચસ્યું ષાતિસ્યુરે, મુખ જોસ્યુ નિતમેવ વાલ્હા.
અરજ૦ ૩

મુજ મન ઈછા પૂરવારે લાયક છો ગુણ ગેહ વાલ્હા;
રઢિ કરસ્યું રઢિઆલડારે, ત્યારે જાણસ્યો મુજમન વાલ્હા.
અરજ૦ ૪

મૃગ લંછન શોભે ભલું રે, અચરા રાણી માત વાલ્હા;
જયસૌભાગ્ય પ્રભુ સેવતાં રે, વાધે સુયશ વિખ્યાત વાલ્હા.
અરજ૦ ૫

શ્રી નેમિનાથ સ્તવન

(૨)

વિરહિણી રાજુલરાણી બોલી, મીઠડી વાણી પૂરવપ્રીતિ બંધાણી
મધુકર નેમિ જિને કહજ્યો. ૧

તોરણથી પાછા ચાલ્યા, પૂરવનેહ ન પાલ્યા, મંદિર સ્યેં
નવિમાલ્યા મ૦ ૨

સૂનાં મંદિર સેજ નયણે નદીસેહેજ નકર્યો ઉત્તમનેજ મ૦ ૩

જીવન યાદવ રામ કહઈ ગોદિ બિછાય અમલા આકુલી
થાય. મ૦ ૪

મુખથી નિશાસા છૂટે કંચુક કસ બંધ ત્રુટે હીયડું હેજ
વીલૂટે. મ૦ ૫

મુખ જોવા મુઝ જીવતરસે આંબિં આંસૂડાં વરસેં આવો
મંદિર હરસેં. મ૦ ૬

પ્રભુ તુમ આંખિને લટકે મોહી રહી મન ચટકે, જીવડો
તિહાં જઈ અટકે. મ૦ ૭

જીવન જીવ આધારા, પ્રાણથી અધિકા છો પ્યારા મોરા
મોહન ગારા. મ૦ ૮

ઘણું કયું કહું સામી તુહિજ અંતરયામી, કહે જયસૌભાગ્ય
સિરનામી. મ૦ ૯

શ્રી પાર્શ્વજિન સ્તવન

(૩)

(કરજોડી આગલી રહી એ દેશી.)

પાર્શ્વનાથ ત્રેવીસમા, સેવો ભકિત ભાવિરે,
અંગ પૂજા પહિલ કરો જિમશિવ લીલા થાવિરે પારશ્વ૦ ૧

અગ્ર પૂજા બીજી કહી, નિવેદ ફલ મુંકીજે રે;
પ્રભુજીના મુખ આગલિં, માનવભવ ફલલીજેરે, પાર૦ ૨

ભાવ પૂજા ત્રીજી કરો, તિહાં ગુણ ભગવંતના ગાવોરે
ત્રણ્ય પ્રકારી પૂજા રચો, જો હોઈ શિવપુર જાવોરે, પાર૦ ૩

ઈમ વલી અષ્ટ પ્રકારની, શ્રી જિન જીઈ ભાષીરે,
સૂત્ર સિદ્ધાંત માંહિ કહી, તિહાં રાય પસેણી,
તે સાખીરે. પાર૦ ૪

નાટિક કીજે રંગસ્યું, વાજે તાલ મૃદંગરે,
જિમ સમકિત ઉજવલ કરો, જયસૌભાગ્ય
વધે રંગરે. પાર૦ ૫

શ્રી મહાવીર સ્તવન

(૪)

(એહલેં ભાર ઘણો છે રાજિ વાતાં કેમ કરો છો એ દેશી)

મુજ મન આન્યું જિનજી તુમસ્યું; તું નવિ મનમાં આણી
એ એકંગી પ્રીતિ બની તે, કિમ ચઢશે પરમાણી ૧

પ્રભુજી મહિર કરો ભગવાન. અરજ ધરો દિલ સેતી,
મનમાં આણો રાજિ, વાત કહું હવિ કેતી. ૨

નિરાગી પ્રભુ સકલ સોભાગી, મુઝ મનમાં રઢ લાગી,
ભાગ્યદશા મુજ અધિકી જાગી, પ્રભુચરણે લય લાગી.
પ્રભુજી૦ ૩

પિંડ પદસ્થને ધ્યાને લીનો ચરણ કમલ હું વલગેા,
રૂપ દેખી મનમાંહિ હરખ્યેા. હવિ નવિ થાઉં અળગેા.
પ્રભુજી૦ ૪

રૂપાતીતતા મુજ મનિ ભાવી, ચરણ કમલનો રસીઉં,
ઘણા દિવસનો અલજો હું તેા, આજ તે મનમાં વસીઉં.
પ્રભુજી૦ ૫

ત્રિશલા માતાનંદ આનંદન, ચેાવીસમેા જિનરાજે;
સિંહને લંછને લંછિત જિનજી, મહી મંડલમાં ગાજે.
પ્રભુજી૦ ૬

વર્ધમાનજિન નામ નિરૂપમ, શુભ ઉપમા તુજ છાજઈ,
જયસૌભાગ્ય પ્રભુ ગુણ મણિમાતાં, યશ પડહેા જગિ
વાજઈ પ્રભુજી૦ ૭

કલશ

(૫)

(એ પાંચે નયવાદ કરંતા આવ્યા વીરને ચરણે—એ દેશી.)

ઈણિ પરિ **ચેાવીસ તીર્થંકરની** ગુણમાલા મેં કીધી;
જે ભવિયણ નિજ કંઠે ધરશે. તે લહશે શિવ સીધી રે ૧
જિનજી તુમ આણામાં રહીઈ, કાંઈ જુદેા ભેદ ન કહીઈ રે,
સ્વામી તુમ આણા સિર વહીઇ ૨

વાચક ચક્ર ચૂડામણિ, સરીખા, દીપતા **સત્ય સૌભાગ્ય,**
તાસ સીસ ઘણું વિનયી રૂડા, પંડિત **વિનયસૌભાગ્ય** રે
જિનજી૦ ૩

તાસ સીસ વિદ્યાઇ ભરીઆ, ક્ષમા તણા ભંડાર.
વિનીત સૌભાગ્ય મુજ ગુરૂ સુપસાઇ, લહીઈ જયજયકાર રે,
જિનજી. ૪

તે ગુરૂને સુપસાય કરીને, પ્રથમ અભ્યાસ એ કીધો,
ત્રંબાવતી નગરીમાં ચોમાસે, **જયસૌભાગ્ય** યશ લીધોરે.
જિનજી૦ ૫

ઈતિશ્રી ચોવીસ તિર્થંકરાણા ગુણમાલા સંઘણ લિખિતાય સંવત ૧૭૮૭ વર્ષે વૈશાખ વદિ ૭ સોમે થી અંભાત બિંદર શા શાંતિદાસ તત્ પુત્ર શા સૌભાગ્યચંદ પઠનાર્થ પુણ્યાર્થ મિતિ લેખક પાઠકયો કલ્યાણ કોટયો ભવંતુ ઇત્યાશીર્વચનમસ્તિ.



(૫૬)

શ્રી ગુણવિલાસ
ચોવીશી રચના ૧૭૯૭ જેસલમેર

આ કવિશ્રીએ ચોવીસી શિવાય બીજી રચના કરી હોય એમ જણાયું નથી. ચોવીસી રચના હિંદિમાં છે ને સુંદર રાગ રાગણીમાં બનાવી છે, દરેક સ્તવનો ત્રણ ગાથામાં છે—આ સાથે તેમનાં પાંચ સ્તવનો તથા કળશ લીધા છે.

ઋષભદેવજિન સ્તવન

(૧)

(રાગ દેવગંધાર)

અબ મોહીગે તારો દિનદયાળ સબ હીમતમેં દેખે
જીતતીત તુમહિ નામ રસાળ અબ૦ ૧
આદિઅનાદિ પુરૂષ હો તુમ્હી વિષ્ણુ ગોપાલ;
શિવ બ્રહ્મા તુમ્હીમેં સરજે, ભાજી ગયો ભ્રમજાલ અબ૦ ૨
મોહવિકલ ભૂલ્યો ભવમાંહિ, ફર્યો અનંતો કાળ,
ગુણવિલાસ શ્રીઋષભ જિનેસર, મેરીકરો પ્રતિપાળ
અબ૦ ૩

શ્રી શાંતિનાથ સ્તવન

(૨)

ભવિજન સેવો શાંતિ જિણંદ,
કંચન બરન મનોહર મૂરતિ, દીપત તેજ દિનંદ ભવિ૦ ૧
પંચમ ચક્રધર, સોલમ જિણવર, વિશ્વસેન નૃપ કુલ ચંદ.
ભવિ૦ ૨

ભવ દુઃખ ભંજન જનમનરંજન, લંછન મૃગ સુખ કંદ. ભવિ૦ ૩
ગુણ વિલાસ પદપંકજ ભેટત, પાયો પરમાનંદ. ભવિ૦ ૪

શ્રી નેમિજિન સ્તવન

(૩)

(રાગ મારૂ)

નેમિ મોહે આરત તેરી હો,
તુમ દરસન બિનુ ચિહુગતે, સહી પીડ ઘનેરી હો. નેમિ૦ ૧
કરમ અરિ મિલી એકઠે, રાખ્યો હું ઘેરી હો,
બહુ વિધ નાચ નચાવીયો, મન દુવિધા ઘેરીહો. નેમિ૦ ૨
અનંત પરાવર્તન કીયો, ભમતે ભવ ફેરી હો;
ગુનવિલાસ જિન સામજી અબ ખબરલો મેરી હો, નેમિ૦ ૩

શ્રીપાર્શ્વજિન સ્તવન

(૪)

(રાગ કેદારો)

પ્રભુ મેરે કર ઐસી બકસીસ,
દ્વાર દ્વાર પર ના ભટકું, નાઉં કીસહીન સીસ; પ્રભુ૦ ૧
સુધ આતમ કલા પ્રગટે, ઘટે રાગ અરૂ રીસ,
મોહ ફાટક ખુલે છીનમેં, રમે જ્ઞાન અધીસ, પ્રભુ૦ ૨
તુજ અન્નયબ **પાસ** સાહિબ, જગપતિ જગદીશ,
ગુણવિલાસકી આસ પૂરો, કરોઆપ સરીસ. પ્રભુ૦ ૩

શ્રી મહાવીર જિન સ્તવન

(૫)

(રાગ જૈતસીરી)

મનમેં નિરમલ ભાવ ગહી,
સુરનર કિન્નર કોટી નિસેવિત, સોજીન સેઊં સહી.
મનમેં૦ ૧

અદ્‌ભૂત કાંતિ શાંતિ રસ રાજીત, વસુ રસ સંગ નહી,
નિરદૂષણ ભૂષણ વિનુ ભુષીત, રવી છબી લાજ તહી
મન૦ ૨

ભવિજન તારક શાસન જા કેા, જાને સકલ મહી,
ગુણવિલાસ મહાવીરકી મહિમા, કીસપેં જાય કહી.
મન૦ ૩

કલશ

(૬)

(રાગ ધન્યાસી)

સંવત **સત્તર** સતાણુવે વરસે, માધ સુકલ દુતીયાએ,
જેસલમેર નયરમેં હરખે, કરી પુરન સુખ પાયે. ૧
પાઠક શ્રી સિદ્ધિવરધન સદગુરૂ, જીહિ વિધિ રાગ બતાએ.
ગુણ વિલાસ પાઠક તિહિ વિધિ સૈ, શ્રી જિનરાજ
મલ્હારે ૨
ઈહિ વિધિ ચઉવિસે જિનગાએ.

(૫૭)

શ્રી પ્રમોદસાગરજી

તેઓશ્રીની ચોવીસીમાં પ્રભુજી માતપિતા જન્મ સ્થાન લંછન, આયુષ્ય, યક્ષ, યક્ષણી, સાધુ, સાધ્વી પરિવાર વીગેરે હકીકતનું વર્ણન આપવામાં આવ્યું છે.

દેશીઓ પણ ઘણી સુંદર છે આ સાથે તેમનાં પાંચ સ્તવનો લીધાં છે.

શ્રી ઋષભજિન સ્તવન

(૧)

(શ્રેયાંસ જિનવર વંદીએ રે લો—એ દેખી)

પ્રથમ જિનેશ્વર પૂજીએ રે લો,
પૂજ્યે પાપ પુલાય રે રંગીલા
વૃષભ વંછન પદ શોભતું રે લો,
કંચન વરણી કાય રે રંગીલા પ્રથમ૦ ૧
શુભ વનીતા નગરી પતિ રે લો,
નાભિ નૃપતિ જસ તાત રે રં૦;
પાંચસે ધનુ દેહનું કે લો,
માન કહ્યું વિખ્યાત રે રં૦ પ્રથમ૦ ૨
પાળ્યું પુરણ આઉખું રે લો, પુરવ ચોરાશી લાખ રે રં૦;
ચતુર ચોરાશી ગણધરા રે લો,
એહ સિદ્ધાંતની સાખ રે રં૦ પ્રથમ૦ ૩

સોહે ત્રિણ લાખ સાધવી રે લો,
સહસ ચોરાસી મુણિંદ રે રં૦;
ગોમુખ જક્ષ ચક્રેશ્વરી રે લો,
જિન સાસન આણંદ રે રં૦ પ્રથમ૦ ૪
વંશ ઈક્ષાગ વખાણીયે રે લો, મરુદેવી જસ માય રે રં૦;
ઋષભ જિનેશ્વર સેવતાં રે લો,
પ્રમોદસાગર સુખ થાય રે રં૦ પ્રથમ૦ ૫

શ્રી શાંતિનાથ સ્તવન

(૨)

શાંતિ જિનાધિપ સોલમોરે, પુણ્ય તણો અંકુર;
ધ્યાનાનલ બલ ટાલીને રે, પ્રગડયો આતમ નૂર.
ચતુર જિન પ્રગટયો અનુભવ પૂર,
મોહતિમિર દૂરે કરી રે, ઉગ્યો સમકિત સૂર. થતુર૦ ૧
ગજપુરનગર સોહામણો રે, વિશ્વસેન નરપતિ તાત;
અચિરા જનની દેવની રે, હરણુલંછન અતિકાંત. ચતુ૦ ૨
જીવીત વરસ એક લાખનું રે, ચ્યાલીસ ધનુષનું માન
છત્રીશ ગણધર ગુણ નિલા રે, ધરતા પ્રભુનું ધ્યાન. ચતુ૦ ૩
જસ સહસ સાધુવા રે, તીન રયણ આધાર;
એકસઠ સહસ સાધવી રે, અધિકી ખટ અવધાર. ચતુ૦ ૪
સેવે ગુરૂ યક્ષેશ્વરૂ રે, નિરવાણી તસનાર;
શાંતિકરણો જગ શાંતિજી
પ્રમોદ સાગર જયકાર. ચતુ૦ ૫

શ્રી નેમનાથ જિન સ્તવન

(૩)

(મકર જીવ પરતાતિ દીન રાતિનું એ દેશી)

નેમિ જિન સાંભલો વીનતી મુજ તણી,
આશ નિજ દાસની સફલ કીજે;
બ્રહ્મચારી શિર સેહરો તું પ્રભો,
તાત મુજ વાત ચિત્ત ધરી જે. નેમિ ॥૧॥
નગર શોરીપુર નામ રલીઆમણું,
સમુદ્ર વિજ્યાભિધો ભૂપ દીપે;
શ્રી શિવા દેવી નંદન કરૂં વંદના,
અંજન વાન રતિનાથજીપે. નેમિ૦ ॥૨॥
શંખ ઉજવલ ગુણ શંખ લંછન થકી,
સાર અગ્યાર ગણધર સોહાવે;
આઉ એક સહસ વરસ માને કહ્યું,
અંગ દસ ધનુષ માને કહાવે. નેમિ૦ ॥૩॥
યક્ષ ગોમેધ ને અંબિકા યક્ષણી,
જૈન શાસન સદા સૌખ્યકારી,
અઢાર હજાર અણગાર શ્રુત સાગરા,
સહસ ચાલીસ અજ્જા વિચારી. નેમિ૦ ॥૪॥
કાંચનાદિક બહુ વસ્તુ જગકારમી,
સાર સંસારમાં તુંહી દીઠો;
પ્રમોદ સાગ પ્રભુ હરખથી નિરખતાં,
પાતિક પૂર સવિ દૂર નીઠો નેમિ૦ ॥૫॥

શ્રી પાર્શ્વનાથ સ્તવન.

(૪)

(થારા મોહલાં ઉપર મેહ જરૂયેં વીજલી) એ દેશી

પુરૂસાદાણી પાસ જિનેશ્વર પૂજીયેં હો લાલ, જિને૦
ત્રેવીસમો જિનરાય દેખી મનરંજીયેં હો લાલ દે૦
ચરણા સરોરૂહ યમલ પ્રણામીયેં સ્વામીના હો લાલ પ્રા૫૦
કમઠાસૂર હઠ ચૂરત પુરી મન કામના હો લાલ પુરી ॥૧॥

અશ્વસેન નરપતિ વંશ કુમુદ ચંદલો હો લાલ કુ૦
વામા માતા કુખ સરોવર હંસલો હો લાલ. સ૦
નીલ વરણ તનુ કાંતિ સુભાંતિ રાજતી હો લાલ સુ૦
નવકર માંને કાયા અનોપમ છાજતી હો લાલ અનો૦ ॥૨॥

નગરી વાણારસી જેહની ધનદપુરી જિસી હો લાલ ધ૦
સરપ લંછન શિવ કારણ ચરણો સેવો હસી હો લાલ યુ૦
દશ ગણધર મનોહાર મનો ભાવ ટાલતા હો લાલ. મ૦
સોલ સહસ મુનિ આણ જિણંદની
પાલતા હો લાલ જિણં૦ ॥૩॥

ધરણેંદ્ર ને પદ્માવતી કરે જિન ચાકરી હો લાલ. ક૦
સાધવી અડત્રીશ સહસ અતીવ કૃપા કરી હો લાલ અ૦
એક શત વરસનું જીવિત જેહનું જાણીયે હો લાલ જે૦
જગજીવન જિનરાજ એવા ચિત
આંણિયે હો લાલ સેવા૦ ॥૪॥

સંસાર સાગર તીરથી ભવિજન તારીયે હો લાવ ભવિ૦
અધર્મ અકીર્તિ અનીતિ અંગ નિવારીયે હો લાલ અંગ૦

ઉત્તમ સરસી પ્રીત કરે તે સુખ લહે હો લાલ કરે૦
પ્રમોદ સાગર પ્રભુ નિસદિન આજ્ઞા
શિર વધુ હો લાલ. આજ્ઞા૦ ॥૫॥

શ્રી મહાવીર જિન સ્તવન

(૫)

(મુજરો છે જીરે—એ દેશી)

વંદો ભવિકા **વીર જિણેસર,** ચોવીશમો જિન તાતા;
કેસરી લંછન કેસરી સરખો, ત્રિશલારાણી માતા
મુજરો લ્યોજી૦

સિદ્ધારથદારક મુજ૦ સેવકસુખકારક મુજ૦
ત્રિભોવન જિનતારક મુજ૦ જિનશાસન ધારક મુજ૦ ૧

જીવિત વરસ બહોતેર અનોપમ, સોવન કાંતિ ઉદાર;
ક્ષત્રિયકુંડ નગર અતિ શોભે, એકાદશ ગણુધાર. મુજ૦ ૨

માતંગસુર સિદ્ધાઈ દેવી, પૂજે જિનવર પાયા;
સાતહાથ તુજ દેહ પ્રમાણ, ચઉદ સહસ મુનિરાયા. મુજ. ૩

સાધવી સહસ છત્રીસ વિરાજે, ચરમ જિનેશ્વર દેવા;
તેર પદે મેં જિનવર ગાયા, સુરપતિ કરતા સેવા. મુજ૦ ૪

ભણશે ગણશે જે જન સુણશે, તસ ઘર રિદ્ધિ વિશાલા;
પ્રમોદસાગર જંપે પ્રભુજીને, હોલે મંગલમાલા. મુજ૦ ૫

(૫૮)

શ્રી અમૃતવિજયજી

તેઓશ્રીની ચોવીસી હિંદી ભાષામાં છે ને સુંદર રાગો ને દેશીમાં છે. તેઓની બીજી કૃતિઓ જાણવામાં નથી આ સાથે તેમનાં પાંચ સ્તવનો લીધાં છે.

શ્રી ઋષભ જિન સ્તવન

(૧)

(રાગ-દેવગંધાર)

તેરો દરસ ભલે પાયો, ઋષભજી મેં તેરો દરસ પાયો.
કાલ અનંત હિ ભટકત. પુણ્ય અનંતે મિલાયો
ઋષભજી મેં તેરો દરસ પાયો ૧
જિનપતિ નરપતિ મુનિપતિ પહેલો, એસો બિરૂદ ધરાયો,
માનુ તું હી નમી મયા અવતારી,
જગત ઉધરાણુ આયો ઋ૦ ૨
તે પ્રભુ જગકી આદિ નિવારી, સબ વ્યવહાર સિખાયો;
લિખન શિલપશત ગણિત બતાયો,
તાથે જગ ચલાયો ઋ૦ ૩
યા જુગમે તુમ નહીંઓ રે, અવસર પનીયે કહાયો,
અઢાર કોડાકોડિ સાગર અંતર,
તે પ્રભુ ધર્મ દીખાયો ઋ૦ ૪

લાખ પંચાશત કોડી સાગર લગ, સુખકર શાસન ઠાયો;
તુજ રત્નાકર વંશ વિભૂષણ, એસો કો ન સુનાયો ઋ૦ ૫
કરૂણાકર ઠાકુર તું મેરો, હું તુમ ચરણે આયો;
દો પદ સેવા અમૃત મેવા, ઈતને નવનિધ પાયો ઋ૦ ૬

શ્રી શાંતિનાથ સ્તવન

(૨)

મિલવો મન મંદિર મેરા, હો સલૂણા સાહિબ મેરા મિલવો
કાલ અનંત યોંહી તેરે દરશ બિન, ચારોં ગતિ દેવત જીય ફેરા મિ૦ ૧
પાંચો ઇંદ્રિકે સુખરાચો, ઘુમ રહ્યા મદમેં અતિ ઘેરા મિ૦ ૨
આય અરૂપી અકલ સરૂપી, કૈસેં પાઉં જિન દરસન તેરા મિ૦ ૩
સમકિત જ્ઞાન પાઉં અબ તેરા, સબ મિટે મોહ મિથ્યાત અંધેરા, મિ૦ ૪
કહત અમૃત મુજ શાંતિ સયાને આય મિલે મન મંદિર મેરા મિ૦ ૫

નેમિનાથજીનું સ્તવન

(૩)

(રાગ–અરગજે)

કોન મનાવોરે રૂઠડા નેમ સોં, કોન૦
બહુઅત મામ સોં તોરન આએ, ફેરચલ રથ કેમ સો, કોન૦ ૧

આઠ ભવાંતર નેહ નિવાહી, નવમે ભવ કરી એમ સો,
કેાન૦ ૨

છેારી દીની છિનમે વાલમ, બિગર્યો પાન જ્યૌં ચેાલિકસો.
કેાન૦ ૩

રે મૃગનયની ચંદાવદની, અરજ કરેા જઇ સેન સોં,
વિરહ દિવાની રાજુલ રાની, પેાહેાતી પ્રિય સંગ પ્રેમસોં.
કેાન ૦ ૫

સંજમ આપી પદ સેાં થાપી, શિવ સુખ અમૃત બેનસોં
કેાન૦ ૬

શ્રી પાર્શ્વજિન ચંદ્રાઉલ

(૪)

વારી જાઉરે ચિંતામન પાસકી. વારી૦ ૧

નરક નિગેાદમેં બહુ દુઃખ પાયેા, ખબર લીની નહિ દાસકી
વારી૦ ૨

ભ્રમત ભ્રમત તેારે ચરને આયેા, દ્યો સેવા પદ આપકી
વારી૦ ૩

અબહી ઠેડી ગતિ ન છેાડું, લાગી સુરત પર આશકી.
વારી૦ ૪

દિલકે રમન તું દિલકી જાને, કયા કહું બચન વિલાસકી
વારી૦ ૫

અખય ચિદાનંદ અમૃત લીલા, દેઈ ગુન પદ રાસકી
વારી૦ ૬

શ્રી મહાવીર જિન સ્તવન

(૫)

(રાગ જંગલેા—નયન જમાકડો—એ દેશી)

શાસન નાયક સેાં અબ મેરી; અરજ કરણકું આયેા,
હેાજી સાહેબા અબ મુજ વાલયેા શા૦ ૧
કાલ અનંતે પુદ્ગલ, આવર્તનસેા બહાયેા હેાજી૦ ૨
ભમત ભમત સરિતાપલ ન્યાયે, તુમ શાસન હું પાયો
હેાજી૦ ૩
અબ સેવકકું વંછિત દીજે, લીજે જરા હું સવાયેા હેાજી૦ ૪
જો તુમ તારે સેાઇહું જાનું, તિણે કહાદિનેા બતાએા હેાજી૦ ૫
યેા કરને સામી કેા ન રહે, તારક બિરૂદ ધરાયો હેાજી૦ ૬
આગે પીછે કુછ ન વિચારેા, પારસ અયજો મિલાયેા હેાજી૦ ૭
તુમ પદ સેવા અમૃત ક્રિયા સેા, દીજે હું નવનિધિપાયેા
હેાજી૦ ૮

卐

(૫૬)

શ્રી ક્ષેમવિજયજી

શ્રી પંડિત વિનયવિજયજીના શિષ્ય શ્રી ખેમવિજયજીની ચોવીસી અધુરી છે બે સ્તવનો મલ્યાં છે. બન્નેના રાગો અતિ સુંદર છે.

શ્રી ઋષભદેવનું સ્તવન

(૧)

(હાંરે ઢોલા હાયણીરે આવે મલપંતી, હાંરે ઢોલા ના કેશો)

નાની છે નાથ સંદેશો સુણીજે જુગના ધણી.

હાંરે ઢોલા સાવ સોનાનારે ધુંધરા,
હાંરે ઢોલા લટકતી મલકતી ચાલ.
સંદેશો સુણીજે જગના ધણી—એ દેશી.

હાંરે સાહેબ **પ્રથમ જિણેસર** પ્રભુમો,
પ્રભુજી નાસે સવી દુખ દૂર, સંદેશો સુણી જે મોરાનાથજી.
સાહેબ મરૂદેવી નંદન સાંભલો, પ્રભુજી શીરનામી કરૂ
અરદાસ. સંદેશો સુણી જે જગતના ધણી.
સા. નાભી કુલહંસ સારીખો, પ્ર. વીનીતા નયરીનો રાજ;
સા. ઇક્ષુગે વંશ સ્થાપન કર્યો, પ્ર. સેવે સુરનર કોડ. સં. ૨
સા. રૂપ અનોપમ છાજતી, પ્ર. મોહ્યાજી ચઉદ રાજ સં.
સા. પ્રીતી લગીરે તારા પ્રેમકી, પ્ર. જીમ ચાતુક જલધાર, સં.૩
સા. તુમ થકી અમે ન વેગલો, પ્ર. માગીસું વંછીત દાન. સં.
સા. જનમ મરણ સહુ હરો, પ્ર. સિવસુખ આપો ભવપાર. સં.૪

સા નાથ વિના કુણ ગ્રહેગો, પ્ર. પ્રસન થાવોરે એકવાર. સં.
સા. પંડિત વિનયવિજયનો, પ્ર. એમ ગાવેરે ઉલ્લાસ.
સં. ૫

શ્રી શાંતિનાથ સ્તવન.

(૨)

રસીયાની દેશી

શાંતિ જિણેસર મુઝને તુમે મલ્યા,
અચીરા માતા નંદ વાલ્હેસર,
મુઝ મનનેહ સાહેબ સોભાગી,
જેહ માહે સુખકંદ વાલેસર. શાંતિ૦ ૧

સોલમો સાહેબ, ચક્રી પાંચમો,
તરણ તારણ ભગવાન, વાલે૦
ની ગુણો પણ શરણે આવી રહ્યો,
સ્નેહ લગાવી નેં મોય તારવા. શાંતિ૦ ૨

સાહેબ તીર્થપતિ થયા પોતે,
ગણ ધર પુત્ર છે ખાસ વા૦
આપ જસ ઘણો વ્યાપીને રહ્યો સહું,
તુઝ ગુણનો નહી પાર વા૦ શાંતિ૦ ૩

ચ્યાર પદ ભોગવી મોક્ષને પામ્યા,
શિવરમણી સુખલેહ વા૦
તુમે તો નીરાગી સાહેબ થઈ રહ્યા,
અમને કરો સનાથ વા૦ શાંતિ૦ ૪

સાહેબ અલગા જઈને વસીયા,
સેવક મનમેં ધ્યાય, વા૦
વિનયવિજયનો એમને, મનવસ્યા,
પ્રગટે મંગલ માલ. વા૦ શાંતિ૦ ૫

ઇતિ પ્રથમ ભાગ સમાપ્ત.

શેઠ નગીનભાઇ મચ્છુભાઇ જૈન સાહિત્યોદ્ધાર ફંડના પુસ્તકોનું સૂચીપત્ર.

ગ્રથાંક	પુસ્તકનું નામ	કિંમત
+ ૧	અભયકુમાર ચરિત્ર ભાષાંતર ભા. ૧લો	૧–૦–૦
+ ૨	” ” ” ભા. ૨જો	૦–૧૪–૦
+ ૩	વિવિધ પ્રશ્નોત્તર ભા. ૧લો	૦–૧૨–૦
૪	અભયકુમાર ચરિત્ર ભાષાંતર ભા. ૩જો	૦–૧૨–૦
૫	વૈરાગ્ય રસમંજરી ભાષાંતરસહ	૧–૪–૦
+ ૬	શ્રાવક વિધિપાઠ હિન્દી	ભેટ.
÷ ૭	આનંદ સુધાસિન્ધુ ભા. ૧લો	૧–૦–૦
૮	” ” ભા. ૨જો	૩–૦–૦
૯	કુમારપાલ ભૂપાલ ચરિત્ર ભાષાંતર ભા.૧લો.	૨–૮–૦
૧૦	” ” ” ભા. ૨જો.	૨–૦–૦
૧૧	શ્રી સંભવનાથ સ્તવનાવલી	૦–૧૨–૦
૧૨	જૈન ગૂર્જર સાહિત્ય રત્નો અને તેમની કાવ્ય પ્રસાદી. ભા. ૧લો. પ્રેસમાં	

પોસ્ટેજ તથા પેકીંગ ચાર્જ જુદો.

લખો:—

શેઠ નગીનભાઇ મચ્છુભાઈ

જૈન સાહિત્યોદ્ધાર ફંડ : ગોપીપુરા ગેટ સામે–સુરત.

+ આ ગ્રંથો સિલકમાં નથી.

સમજૂતી

શ્રી પંચપરમેશ્વરા સ્તવન

અલવેશ્વરા–અત્યંત સુંદર; ઉદ્ધરી–ઉદ્ધાર કરી; વૃષભાંકિત–જેનું લાંછન–ચિહ્ન વૃષભ એટલે બળદ છે; નંદનીકા–પુત્રને; તાત–પિતા; –પારાપત–કબૂતર; શ્યેન–બાજ પક્ષી; કાન્તિ–તેજ; અંગજ–પુત્ર; રણવટ–રણમેદાન; મોહભટ–મોહરૂપી સૈનિક; અવદાત–વૃત્તાન્ત–થુણતા–સ્તુતિ કરતાં; ઉદયપદ–ઉચ્ચગતિ થાય એવું મોક્ષપદ.

આ સ્તવનમાં કવિ ઉદયરત્ને શ્રી ઋષભદેવ, શ્રી શાંતિનાથ, શ્રી નેમિનાથ, શ્રીપાર્શ્વનાથ અને શ્રીમહાવીર સ્વામી એ મુખ્ય પાંચ તીર્થંકરોની સ્તુતિ કરી છે. આખું સ્તવન ઝૂલણા છંદમાં લખાયેલું છે અને શબ્દોની ઉચિત પસંદગી, પ્રાસની સંકલના અને લયબદ્ધતાને લીધે એક મધુર કાવ્યકૃતિ બન્યું છે.

કવિ કહે છે, 'આ પાંચ પરમેશ્વરો અત્યંત સુંદર, અલબેલા છે; તેઓ આખા વિશ્વમાં વ્યાપેલા છે અને આખા વિશ્વને તેઓ અત્યંત વહાલા છે. ભક્ત તરફ વત્સલતા પ્રેમલતા દાખવનાર આવા પ્રભુ ભકતજનનો ઉદ્ધાર કરી, એનાં કર્મ કાપીને મુકિતપદ અપાવે છે. નાભિનાથ અને મરૂદેવી માતાના પુત્ર ઋષભદેવ જેમનું લંછન વૃષભ છે, જેઓ ભરત અને બ્રાહ્મીના પિતા છે અને જેઓ મોહ પદને ભાંગી મુકિત આપનારા છે તેમને આપણે પ્રથમ વંદન કરીએ.

બાજ પક્ષીના શિકારમાંથી કબુતરને બચાવી લઈને સાચા અર્થમાં જગતપતિ બનનાર અદ્‌ભુત દેહકાન્તિ ધરાવનાર શ્રીશાંતિનાથ ભગવાન સાચે જ શાન્તિનું વરદાન આપવા માટે અને શાન્તિ સ્થાપવા માટે સમર્થ છે.

બાવીસમા નેમિનાથ ભગવાન જેમનું લંછન શંખ છે અને જેઓ સમુદ્રવિજયના પુત્ર છે તેમણે કામદેવ પર વિજય મેળવી રાજકન્યા રાજુલને તજી, સાધુમાર્ગ ગ્રહણ કર્યો અને જગતજાણીતી જીત મેળવી મોક્ષપદ પ્રાપ્ત કર્યું.

અશ્વસેન રાજાના કુલમાં જન્મેલા અને વામારાણીના પુત્ર એવા ખેટકપુરના શ્રી ભીડભંજન પાર્શ્વનાથના સ્મરણથી સર્વ કાર્ય સિદ્ધ થાય છે.

શ્રીમહાવીર સ્વામી સર્વ વીરોમાં શિરોમણિ સમાન છે. મુક્તિરૂપી ગઢના વાસી અને જગત જેમની ઉપાસના કરે છે તે વીર પ્રભુએ મોહરૂપી સુભટનું રણયુદ્ધમાં માન તોડી નાખ્યું. મતલબ કે મોહને તેમણે પરાજિત કર્યો, એવા પ્રભુને હંમેશાં હાથ જોડીને આપણે વંદન કરીએ. છેલ્લી કડીમાં કવિ ઉદયરત્ન કહે છે કે જિનેશ્વર ભગવાન અને એમનાં માતાપિતા, ગામ, ગોત્ર વગેરેનું ભાવથી સ્તવન કરતાં આપણે ઉદયરૂપીરત્ન પામીએ.

શ્રીગૌતમ સ્વામીનો રાસ

છેલ્લા તીર્થંકર શ્રીમહાવીર સ્વામીના પહેલા ગણધર તે શ્રી ગૌતમ સ્વામી. શ્રીમહાવીર સ્વામી દિવાળીને દિવસે :નિર્વાણપદ પામ્યા અને બેસતા વર્ષને દિવસે ગૌતમ સ્વામીને કેવળજ્ઞાન પ્રાપ્ત થયું. એ રીતે દિવાળી અને નૂતન વર્ષના પવિત્ર દિવસો સાથે શ્રીમહાવીર સ્વામી અને શ્રીગૌતમ સ્વામીનું નામ સંકળાયેલું છે. આથી જ દર બેસતા વરસે સવારમાં શ્રીગૌતમ સ્વામીનું સ્મરણ કરવામાં આવે છે. આજે છેલ્લાં સો કરતાં યે વધારે વરસથી બેસતા વર્ષના દિવસે સવારમાં ગૌતમ સ્વામીનો આ રાસ મુનિમહારાજ લોકોને સંભળાવે એવો રિવાજ છે. શ્રીવિનયપ્રભ ઉપાધ્યાયે સં. ૧૪૧૨માં લખેલો ગૌતમસ્વામી વિષેનો જૂની ગુજરાતીમાં આ સૌથી પહેલો રાસ છે. વળી કવિત્વની દૃષ્ટિએ પણ આ એક ગણનાપાત્ર કૃતિ છે. ઢાલમાં લખાયેલા એ રાસનું ઢાલવાર અર્થવિવરણ અહીં આપવામાં આવ્યું છે. એકાદબે સ્થળે જ્યાં અર્થ બરાબર બેઠો નથી ત્યાં સંભવિત અર્થ બેસાડ્યો છે.

ઢાલ પહેલી

કમલાકર–સરોવર, પ્રણમવિ–પ્રણામ કરીને, પભણિસુ–કહીશું,

સામિ–સ્વામી; ગોયમ–ગૌતમ; મણુ–મન; તણુ–શરીર; વયણે–વચન; નિસુણો–સાંભળો; ભવિયા–ભવિકજનો; દેહ ગેહ–દેહરૂપી ગૃહમાં; દીવ–દ્વીપ; સિરિ ભરહખિત્ત–શ્રીભરતક્ષેત્ર; ખોણી–ક્ષોણી, પૃથ્વી; મંડન–શોભા; સેણિય–શ્રેણિક; નરેસ–રાજા; રિઉદલ–રિપુદલ, દુશ્મનોનું સૈન્ય; બલખંડણ–બળને ભાંગનાર. ધણવર–ધન્યવર, શ્રેષ્ઠ; સજ્જા–શય્યા, પથારી; વિપ્પ–વિપ્ર, બ્રાહ્મણ; વસઈ–વસે છે; તસુ–તેની; પૃહવી–પૃથ્વી ભજ્જા–ભાર્યા, પત્ની, તાણુ–તેનો, પુત્ત–પુત્ર, ઇંદભૂઈ–ઇન્દ્રભૂતિ, ભૂવલય–પૃથ્વીમાં, વિજ્જા–વિદ્યા, વિવિદ્ધ–વિવિધ, રૂપ–રૂપ, રંભાવર–રંભાના પતિ, ઇન્દ્ર, કરચરણુ–હાથપગ, જણુવિ–જેણે, પકંજ–કમળ, રૂવે–રૂપથી, મયણુ–મદન, કામદેવ, અનંગ–કામદેવ, નિરધાડીય–નિર્ધારિત, નિશ્ચય કરીને; ધીરમેં–ધૈર્યમાં, ચંગિમ–સુંદર; પેખ્ખવિ–જોઈને; નિરૂવમ–નિરૂપમ, અત્યંત સુંદર, જાસ–જેનું; કલિભીત–કલિયુગથી ભય પામીને, અહવા–અથવા; પૂવ્વ–પૂર્વ; જમ્મ–જન્મ; ઇણુ–એણે; અંચિય–અર્ચિત, પૂજ્યા, રંભા પઉમા ગૌરી ગંગારતિ–રંભા, પદ્મા, ગૌરી (પાર્વતી). ગંગા અને રતિ (કામદેવની પત્ની); વિધિ–વિધાતા; વંચિય–વંચિત; પંચસયા–પાંચસો; છાત્ર–શિષ્યો; પરવરિઓ–વીંટળાયેલો; ચરણુ–ચારિત્ર્ય; નાણુ–જ્ઞાન; દેસણુહ–દર્શન; વિસોહીય–વિશુદ્ધ કરીને; સયલ–સકલ, બધા, નિહાણુ–નિધાન, ભંડાર; નીલો–ઝળકતો; અતિહિ–અત્યંત; સુજ્જાણુ–સુપરિચિત.

ભાવર્થ...મુકિતરૂપી સરોવરમાં જેમનાં ચરણકમલનો વાસ છે એવા શ્રીવીર જિનેશ્વર ભગવાનનાં ચરણોને પ્રણામ કરી શ્રી ગુરુ ગૌતમ સ્વામીનો રાસ કહીશું. માટે હે ભવિકજનો ! મન, વચન અને કાયા એકાગ્ર કરી આ રાસ સાંભળો જેથી તમારા દેહરૂપી ગૃહમાં ઉત્તમ ગુણોનો સમૂહ આવીને વસે. શ્રીજંબૂદ્વીપના ભરતક્ષેત્રમાં પૃથ્વીતલની શોભારૂપ મગધ દેશ છે જ્યાં દુશ્મનોના દળના બળનું ખંડન કરનાર એવા શ્રીશ્રેણિક રાજા રાજ્ય કરે છે. તે રાજ્યમાં શ્રેષ્ઠ એવું ગુબ્બર નામનું ગામ છે જ્યાં ગુણોના સમૂહના સ્થાન જેવા શ્રી વસુ-

ભૂતિ રહે છે. તેમની પત્નીનું નામ પૃથ્વી છે. તેમનો પુત્ર શ્રીઇન્દ્રભૂતિ છે, જે ચૌદ વિદ્યાના જાણકાર અને વિવિધરૂપવાળી સ્ત્રીઓ જેની સ્પૃહા કરે છે એવા છે તે આખા વિશ્વમાં સુપ્રસિદ્ધ છે. વિનય, વિવેક, વિચાર વગેરે ઉત્તમ ગુણોના સમૂહથી મનોહર, સાત હાથના પ્રમાણનો દેહ ધરાવનાર અને રૂપમાં જાણે બીજા ઇન્દ્ર હોય એવા શ્રીગૌતમ સ્વામી શોભે છે. એમણે પોતાનાં નયન, વાણી અને હાથપગ રૂપી કમળો વડે કમળોને પાણીમાં નાખી દીધાં છે. એમનું તેજ એટલું બધું ચડિયાતું છે કે એ વડે એમણે તારા, ચન્દ્ર અને સૂરજને આકાશમાં ભમતા કરી દીધા છે. પોતાના રૂપ વડે એમણે કામદેવને શરીર રહિત કરી નાખ્યો છે; ધીરતામાં મેરૂ પર્વતની અને ગાંભીર્યની બાબતમાં સિન્ધુની સુંદરતાને ઓછી કરી નાખી છે. એમનું રૂપ જોઈને લોકો કંઈક બોલે છે કે જાણે કલિની બીકથી બધા ગુણોને એકઠા કરીને એમનામાં ન મૂક્યા હોય! એટલે કે એમનામાં બધા ગુણોનો સમૂહ એકત્ર થયો હતો. કવિ કહે છે કે અથવા પૂર્વજન્મમાં એમણે ચોક્કસ જિનેશ્વર ભગવાનની પૂજા કરી હશે. રંભા, પદ્મા, પાર્વતી, ગંગા, રતિ એ બધાં ઉજળાં મને મનોહર લાગે છે. પણ હકીકતમાં તો વિધાતાએ એમને છેતર્યાં છે. ખરેખર ઉજ્જવળ તો જિનેશ્વર ભગવંત જ છે. ઇન્દ્રભૂતિની વિદ્યાનું તે જ એટલું બધું કે એની આગળ કોઈ વિદ્વાન, દેવોના ગુરુ બૃહસ્પતિ કે અસુરોના ગુરુ કવિ શુક્રાચાર્ય ટકી ન શકતા. તેઓ પોતાના પાંચસો ગુણવાન શિષ્યોના પરિવાર સાથે ચાલે છે. ઇન્દ્રભૂતિ હંમેશાં પોતાની મિથ્યા બુદ્ધિથી મોહિત થઈ યજ્ઞકાર્ય કરે છે, પણ ભવિષ્યમાં એમની આ મિથ્યાપ્રવૃત્તિ દૂર થશે અને એ નિમિત્તે એ જ્ઞાન, દર્શન અને ચારિત્ર્યને વિશુદ્ધ કરનાર થશે.

વસ્તુછંદ

પહેલી પાંચ ઢાલને અંતે આપેલ વસ્તુછંદમાં કવિએ જે ધટ-

નાએો ઢાલમાં વર્ણવી હોય છે તે જ વસ્તુ ટૂંકમાં છતાં ભાવવાહી ગદ્યમાં મૂકી છે, છેલ્લી છઠ્ઠી ઢાલને અંતે કવિએ વસ્તુછંદ આપેલ નથી. આ પહેલી ઢાલના વસ્તુછંદનો અર્થ આ પ્રમાણે છેઃ–જંબૂદ્વીપમાં ભરતક્ષેત્રમાં પૃથ્વીની શોભારૂપ મગધદેશમાં શ્રેણિક નામના રાજા છે. ત્યાં શ્રેષ્ઠ એવું ગુબ્બર નામનું ગામ છે જ્યાં સુંદર બ્રાહ્મણ વસુભૂતિ રહે છે. એની પત્ની પૃથ્વી બધા ગુણોનો સમૂહ ધરાવતી, રૂપના ભંડાર જેવી છે. તેના પુત્ર, વિદ્યના તેજથી ઝળકતા એવા ગૌતમ અત્યંત જાણીતા છે.

ઢાલ બીજી

ચઉવિહ–ચતુર્વિધ; દેવનિકાય–દેવોનો સમુદાય; ભુવનપતિ, વ્યંતર જ્યોતિષી અને વૈમાનિક એ ચાર પ્રકારના દેવોનો સમુદાય. સમવસરણુ–તીર્થંકરની પધરામણી વખતે પરિષદરૂપે એકત્ર થયેલો સમુદાય; જુત્તો–યુકત; તતખિણુ–તતક્ષણ; વિરચે–રચે છે; વખાણુ–વ્યાખ્યાન; શિરોવહિ–માથા ઉપર; ગયણુ–ગગન, આકાશ; તરંડક–વહાણ; વિમાણે–વિમાનથી; પેખવિ–જોઈ.

ભાવાર્થ—છેલ્લા કેવળજ્ઞાની તીર્થંકર શ્રી મહાવીર સ્વામીએ ચાર પ્રકારના દેવોની સાથે સમવસરણમાં ચતુર્વિધ સંઘમાં પ્રવેશ કર્યો. દેવોએ ત્યાં સમવસરણની રચના કરી તે જોઈ મિથ્યદૃષ્ટિવાળા રોષ કરવા લાગ્યા. ત્રણે ભુવનના ગુરુ સમાન શ્રી મહાવીર સ્વામી જ્યારે એ સમવસરણમાં સિંહાસન પર બેઠા ત્યારે તે જ ક્ષણે મોહ જાણે અદૃશ્ય થઈ ગયો અને દિવસ ઊગતાં ચોર લોકો આમતેમ નાસી જાય તેમ તેઓ ચાલ્યા ગયા. શ્રી મહાવીર પ્રભુ પધાર્યા એ વખતે આકાશમાં દેવદુંદુભિ વાગ્યાં, દેવોએ ત્યાં ફૂલની વૃષ્ટિ કરી અને ચામર છત્ર શોભવા લાગ્યાં. જિનેશ્વર ભગવાનના રૂપ પ્રત્યે જાણે આખું જગત મોહ્યું હતું. એ સમયે પ્રભુએ જે વ્યાખ્યાન આપ્યું તે જોજન સુધી સંભળાતું હતું અને સૌને શાંતિ પમાડનારી

એમની ઉપશમ રસથી ભરેલી વાણીની અમીવર્ષા ચારે બાજુ થવા લાગી હતી. જિનેશ્વર ભગવાનની આ વાણી સાંભળવા માટે દેવો, મનુષ્યો, કિન્નરો અને રાજાઓ આવવા લાગ્યા. એમનું તેજ ઝળકતું હતું અને એમના વિમાનના આગમનથી આકાશ રણકવા લાગ્યું હતું. એ જોઈને ઇન્દ્રભૂતિ મનમાં વિચાર કરવા લાગ્યો કે આ દેવતાઓ જે આકાશમાંથી આવી રહ્યા છે તે મારા યજ્ઞમાં આવી રહ્યા છે, પરંતુ તીર કે વહાણની જેમ વેગથી વહેતા તેઓ સમવસરણમાં પહોંચ્યા. આથી ગૌતમ અભિમાનથી બોલવા લાગ્યા અને ક્રોધથી તેમનું શરીર ધ્રુજવા લાગ્યું. તેઓ બોલ્યા કે મૂર્ખ અને અજ્ઞાન લોકો અજાણતાં બોલે તો તે હજુ સમજી શકાય, પરંતુ દેવો જે જાણકારો છે તેઓ આમ કેમ ડોલી ગયા? કોઈ જાણકાર મારી આગળ આમ બોલી જ કેમ શકે? અને મેરુ જેવી એમને (મહાવીર સ્વામીને) ઉપમા જ કેમ આપી શકાય?

વસ્તુ છંદ

નાણુ-જ્ઞાન; સુરમહિય-દેવથી પૂજાયેલા; પત્ત-પ્રાપ્ત, પામ્યા; નાહ-નાથ; તિહિં-ત્યાં દેવેહિં-દેવોથી; નિમ્મવિય-નિર્મિત, બનાવેલું; ઉજ્જોય કરે-પ્રકાશિત કરે છે.

જ્ઞાનસંપન્ન, દેવોથી પૂજાયેલા, સંસારમાંથી તારનાર નાથ એવા શ્રીવીર જિનેશ્વર ભગવાન પાવાપુરીમાં પધાર્યા તે વખતે દેવોએ ત્યાં ઘણું સુખ આપનાર એવા સમવસરણની રચના કરી. જિનેશ્વર ભગવાન, સૂર્યની જેમ, જગતને પ્રકાશિત કરે છે. સિંહાસને સ્વામી રહ્યા અને ત્યાં જયજયકાર થયો.

ઢાલ ત્રીજી

ભૂદેવ-બ્રાહ્મણ, વિબુધ વધૂ-દેવોની પત્નીઓ; પ્રતિહારજ-પ્રતિહાર્ય, વિવર્જિત-છોડીને; સુરરંભ-દેવાંગનાઓ; કોસીસ (કપિશીર્ષ)-કાંગરા; નામેણ-નામથી; સહસકિરણ-સૂર્ય; વેદપએણ-વેદનાં પદોથી; દૂરે-દૂર

કરે; સવે–સર્વે; ભગતે–ભક્તિથી; સીસ–શિષ્ય; પંચસયાસું–પાંચસો સાથે; અગનિભૂઈ–અગ્નિભૂતિ; ગણુહર–ગણધર; રયણ–રત્ન; અગિયાર ગણધર રત્નો તે ઇન્દ્રભૂતિ, અગ્નિભૂતિ, વાયુભૂતિ, વ્યક્ત, સુધર્મા, મંડિત, મૌર્યપુત્ર, અકંપિત, અચલભ્રાતા, મેતાર્ય અને પ્રભાસ; જગ-સયલ–સકળ જગતમાં.

ભાવાર્થ—ત્યાર પછી ઇન્દ્રભૂતિ બ્રાહ્મણ ઘણા અભિમાનથી ગર્જના કરતા, હુંકારો કરતો જિનેશ્વર કોણ છે એ જોવા સમવસરણ તરફ આવવા લાગ્યા. પ્રથમ તો એણે જોજનભૂમિ સુધીનું સમવસરણ જોયું. દશે દિશામાંથી એણે સમવસરણ તરફ દેવોને અને દેવોની પત્નીઓને આવતાં જોઈ. એણે મણિમય તોરણ, દંડ, ધ્વજ અને ગઢના નવા નવા કાંગરા વગેરે નિહાળ્યાં. સમવસરણમાં બેઠેલાં પ્રાણીઓ એક બીજા પ્રત્યેનું નૈસર્ગિક વેર ભૂલીને બેઠાં હતાં. એ સમયે દેવોએ રચેલ અનેક પ્રાતિહર્ય પણ દેખાતાં હતાં. સમવસરણ વખતે જે આઠ પ્રાતિહાર્ય જિનેશ્વર ભગવાન માટે રચાય છે તે આ પ્રમાણે છે :—
(૧) અશોક વૃક્ષ (૨) દેવોની પુષ્પ વૃષ્ટિ (૩) દિવ્ય ધ્વનિ (૪) ચામર (૫) આસન (૬) ભામણ્ડલ (૭) દુંદુભિ (૮) આતપત્ર.

अशोकवृक्षं सुरपुष्पवृष्टिः दिव्यध्वनिश्चामरमासनं च ।
भामण्डलं दूंदुभिरातपत्रं सत् प्रातिहार्याणि जिनेश्वराणां ।।

ઇન્દ્રભૂતિ જ્યારે સમવસરણમાં આવે છે ત્યારે વિચાર કરે છે કે અહીં તો દેવો, મનુષ્યો, કિન્નરો, શ્રેષ્ઠ અસુરો, ઇન્દ્ર, ઇન્દ્રાણી, રાજાઓ વગેરે પ્રભુનાં ચરણની સેવા કરે છે. એણે વીર જિનેશ્વરનું સૂર્ય જેવું તેજસ્વી સ્વરૂપ જોયું અને મનમાં વિચાર કરવા લાગ્યો કે ખરેખર આ બધું અસંભવિત શું સંભવિત જણાય છે? કે પછી ઇન્દ્રજાળની આ રચના છે? મને તો આ શું છે તે સમજાતું નથી, તે વખતે ત્રિભુવન ગુરુ શ્રી મહાવીર સ્વામીએ ઇન્દ્રભૂતિને એનું નામ દઈને બોલાવ્યો. એ પછી ઇન્દ્રભૂતિએ પોતાના મનમાં જે કંઈ શંકાઓ હતી તે પૂછી. ઇન્દ્રભૂતિ એ બ્રાહ્મણ હતો અને વેદનો જાણકાર હતો

એટલે પ્રભુએ વેદનાં પદો વડે એની શંકા દૂર કરી. એથી ઇન્દ્રભૂતિ પ્રભાવિત થયો. પોતાનું માન મૂકી, અભિમાન મૂકી પ્રભુના ચરણમાં એણે ભક્તિથી પોતાનું માથું નમાવ્યું. એણે પોતાના પાંચસો શિષ્યો સાથે પ્રભુ પાસે વ્રત લીધું અને તેમાં પોતે પહેલો શિષ્ય ગૌતમ બન્યો. પોતાના ભાઈ ઇન્દ્રભૂતિએ મહાવીર સ્વામી પાસે વ્રત લઈ સંયમ ધારણ કર્યો છે એવી વાત સાંભળીને અગ્નિભૂતિ પણ ત્યાં આવ્યો. પ્રભુએ અગ્નિભૂતિને પણ એનું નામ દઈ બોલાવી એને આશ્ચર્યચકિત કર્યો અને એને પણ ઉપદેશ આપ્યો. આમ અનુક્રમે વીર પ્રભુએ અગિયાર ગણધરો સ્થાપ્યા. અને સંયમ સાથેના બાર વ્રતનો લોકોને ઉપદેશ આપવા લાગ્યા. પછી એ રીતે તપશ્ચર્યા કરતા ગૌતમ સ્વામી પોતે વિહાર કરવા લાગ્યા. અને સકળ જગતમાં સંયમ ધર્મનો જય જયકાર કરવા લાગ્યા.

વસ્તુ છંદ

પહોતો–પહોંચ્યો, સંસા–સંશય, ચરમનાહ–છેલ્લા પ્રભુ મહાવીર સ્વામી; ફેડે–દૂર કરે; ભવહ–ભવથી; વિરત્ત વિરક્ત; બોધિ બીજ–સમ્યક્ત્વનું બીજ; સિક્ખા–શિક્ષા ઉપદેશ; ગણહરપય–ગણધરપદ; સંપત્ત –પામ્યા.

ઇન્દ્રભૂતિ અભિમાન પૂર્વક હુંકારો કરી, ક્રોધથી કંપતો સમવસરણમાં તુરત આવી પહોંચ્યો. ત્યાં મહાવીર સ્વામી, છેલ્લા તીર્થંકર એના મનના બધા સંશય દૂર કરવા લાગ્યા. અને એથી એના મનમાં સમ્યક્ત્વનું શુદ્ધ બીજ જન્મવા લાગ્યું. ગૌતમ સ્વામી એ રીતે ભવથી વિરક્ત બન્યા. તેમણે દીક્ષા લીધી અને પ્રભુ પાસે ઉપદેશ ગ્રહણ કરી તેઓ ગણધરપદ પામ્યા.

ઢાલ ચોથી

સુવિહાણ–સુપ્રભાત; પચ્ચેલિમ–પરિપક્વ, બરાબર પુષ્ટ થયેલું; અમિય સરો–અમૃતનું સરોવર; નિયનયણે–પોતાની આંખે; ભવિયાંજણ

ભાવિકજનો; પડિબોહ–પ્રતિબોધ; મેજ્જર–માં; સંસા–સંશય; મુનિપવરો–મુનિપ્રવર, શ્રેષ્ઠ મુનિ; સંઠિય–રહેલા, દિક્ખા-દીક્ષા.

ભાવાર્થ—આજનો દિવસ સારો ઊગ્યો છે; આજ પુણ્ય પ્રાપ્ત કરી લો. આજે અમૃતના સરોવર સમાન શ્રી ગૌતમ સ્વામીને જોવા મળ્યા.

શ્રી ગૌતમ સ્વામી ગણધર પોતાના પાંચસો મુનિઓ સાથે સ્થળે સ્થળે વિહાર કરવા લાગ્યા અને ભાવિક જનોને ઉપદેશ આપવા લાગ્યા. સમવસરણમાં બીજાઓને જે કંઈ શંકા થાય તે પોતે અવધિજ્ઞાનથી જાણી લઈને બીજા ઉપર ઉપકાર કરવાને તે શંકા તેઓ મહાવીર સ્વામીને પૂછતા. આથી બીજા મુનિઓનો સંશય ગૌતમ સ્વામી અને મહાવીર સ્વામીના પ્રશ્નોત્તરથી ટળી જતો. ગૌતમ સ્વામી જ્યાં જ્યાં જેને જેને દીક્ષા આપતા તેને તેને કેવળ જ્ઞાન ઉત્પન્ન થતું. પોતાની પાસે તો કંઈ નહોતું, છતાં આ રીતે ગૌતમ સ્વામી બીજાઓને દાન આપતા હતા. ગૌતમ સ્વામીને પોતાના ગુરુ ઉપર ભક્તિ થઈ હતી, અનુરાગ થયો હતો. તેઓ મહાવીર સ્વામી પ્રત્યે રાગ ધરાવતા હતા તેથી તેમને કેવળજ્ઞાન પ્રાપ્ત થતું નહોતું. જો મુનિ અષ્ટાપદ પર્વત પર ચઢી ચોવીસે જિનેશ્વરોની પ્રતિમાને વંદન કરે તો તે પોતાની આત્મલબ્ધિના બળે કેવળજ્ઞાન પ્રાપ્ત કરી મોક્ષે જાય એટલે કે એ તેના છેલ્લા ભવમાં તેને છેલ્લી જ વાર દેહ ધારણ કરવાનો રહે. પ્રભુની આવી દેશના સાંભળીને ગૌતમ મુનિ અષ્ટાપદ તીર્થ તરફ ગયા. ત્યાં આગળ પંદરસો તાપસોએ એમને આવતા જોયા. તેઓ વિચાર કરવા લાગ્યા કે અમે ઉગ્ર તપશ્ચર્યા કરી કરીને અમારા શરીરને ક્ષીણ કરી નાંખ્યાં છે છતાં અમારામાં એ શક્તિ નથી ઉપજી તો આ તો ભારે શરીરવાળા, હાથીની જેમ ગાજતા જણાય છે. તેઓ અષ્ટાપદ ઉપર કેમ કરીને ચડશે? છતાં પોતે ઉપર ચડી જશે એવું મોટું અભિમાન ધરાવનારા એ લાગે છે. એમ તાપસો વિચાર કરવા લાગ્યા. પણ એટલામાં તો ગૌતમમુનિ આવ્યા અને સૂર્યનાં કિરણોનો ટેકો લઇ તેઓ અષ્ટાપદ પર્વત ઉપર ચડી

ગયા. ત્યાં તેમણે ભરત મહારાજે રચેલી સુવર્ણ અને રત્નની જિનેશ્વર ભગવાનની પ્રતિઓ જોઈ અત્યંત આનંદ થયો, પોતપોતાની કાયાના માપ પ્રમાણે રચેલી ચોવીસે તીર્થંકરોની પ્રતિમાને ચાર દિશામાં સ્થાપવામાં આવી હતી. તેને પ્રણામ કરી ગૌતમ સ્વામી ઘણો આનંદોલ્લાસ અનુભવવા લાગ્યા અને તેઓ ત્યાં રહેવા લાગ્યા. ત્યાં આગળ એમણે, વજ્ર સ્વામીનો જીવ, જે તે સમયે તિર્યકૃજ્રાંભક દેવ હતો તેને પ્રતિબોધ આપવા માટે શાસ્ત્રમાંથી પુંડરીક કંડરીકનું પ્રકરણ ભણાવ્યું. અષ્ટાપદ તીર્થ પરથી પાછા ફરતાં ગૌતમ સ્વામીએ બધા તાપસોને પ્રતિબોધ કર્યો. એથી બધા તેમને અનુસરવા લાગ્યા, જાણે કે તેઓ એ બધા તાપસોના જુથના અધિપતિ ન હોય! ગૌતમ સ્વામીએ ખીર, ખાંડ અને ઘી આણીને એમાં પોતાનો અમૃત ઝરતો અંગૂઠો રાખી એક જ પાત્રમાંથી બધા તાપસોને પારણું કરાવ્યું, કારણ કે અમી ઝરતા અંગૂઠાથી એમનું પાત્ર અક્ષયપાત્ર બની ગયું હતું. બધા તાપસોને આ રીતે ખીર મળી એ નિમિત્તે તાપસોના મનમાં શુભભાવ ઉત્પન્ન થયો. આ રીતે પાંચસોને તો ત્યાંને ત્યાં જ સાચા ગુરુ તરીકે ગૌતમ સ્વામીનો ભેટો થયો ગૌતમ સ્વામીએ તેમને પારણું કરવા નિમિત્તે જે કવલ એટલે કોળિયો આપ્યો તે તાપસોને માટે કેવળજ્ઞાનરૂપી કોળિયો બની ગયો. બીજા પાંચસો તાપસોને જિનેશ્વર ભગવાનની મેઘની જેમ ગાજતી અમૃત જેવી વાણી સાંભળીને કેવળજ્ઞાન ઉત્પન્ન થયું.

વસ્તુ છંદ

આમ અનુક્રમે જ્ઞાન સંપન્ન એવા, પંદરસો શિષ્યોથી વીંટળાયેલા, જેમનાં પાપ દૂર થયાં છે તેવા ગૌતમ સ્વામી જિનેશ્વર ભગવાનને વંદન કરે છે. જગગુરુનાં વચન જાણી પોતાની જાતને નિંદતા જાણી શ્રી મહાવીર સ્વામીએ કહ્યું "હે ગૌતમ! ખેદ ન કર. કારણ કે છેવટે તો આપણે બંને સરખા જ થવાના છીએ."

ઢાલ પાંચમી

કણયપઉમેસુ-સુવર્ણ કમળમાં; ઉમાહિઓ—આનંદમાં આવ્યો, સંવસિય-રહીને.

ભાવાર્થ—આમ પૂનમના ચંદ્રની જેમ શોભતા મહાવીર સ્વામી બહોતેર વર્ષ સુધીના પોતાના આયુષ્ય દરમિયાન ભારત વર્ષમાં વિહાર કર્યો. પોતાના સંઘની સાથે સુવર્ણના પદ્મમા પોતાના ચરણકમળ રાખતા એવા તેઓ પાવાપુરી નગરીમાં આવી પહોંચ્યા. એમણે જ્યારે જોયું કે ગૌતમ સ્વામી દેવ શર્માને પ્રતિબોધ કરે છે ત્યારે મહાવીર સ્વામી પરમપદે એટલે કે મોક્ષે સિધાવ્યા. એ વખતે દેવને પ્રતિબોધ આપી પાછા ફરતા ગૌતમ સ્વામીએ આ જાણ્યું. એથી એમના મનમાં વિષાદ ઉત્પન્ન થયો. એમને લાગ્યું કે પોતાનો અંત સમય પાસે આવેલો જાણી પ્રભુએ મને જાણી જોઈને પોતાની પાસે ન રાખ્યો. ખરેખર ત્રિભુવનના એ નાથ જાણતા હોવા છતાં લોક વ્યવહાર બરાબર ન પાળ્યો, ગૌતમ સ્વામી ખિન્ન થઈને કહે છે, " મારું બહુ ભલું કર્યું પ્રભુ ! તમારા મનમાં એમ કે હું કેવળજ્ઞાન પામીશ અથવા તમે મનમાં વિચાર્યું હશે કે હું બાળકની જેમ તમારી પાછળ ચાલવાની હઠ લઈશ. માટે તમે મને આવી રીતે ભક્તિમાં ભોળવ્યો ને ? આપણો જે એકધારો સ્નેહ હતો તે પણ હે નાથ ! તમે સાચવ્યો નહિ ? આમ શરૂઆતમાં ગૌતમ સ્વામીને આવા આવા વિચારો આવે છે. પરંતુ પછી એમને સમજાય છે કે મહાવીર સ્વામી સાચા વિતરાગ હતા. અને માટે જ એમણે સ્નેહનું લાલન પાલન ન કર્યું. આ પ્રમાણે વિચાર કરી તે સમયે ગૌતમ સ્વામીનું ચિત્ત જે રાગવાળું હતું તે વૈરાગ્ય તરફ વળ્યું. આથી આટલા વખત સુધી જે કેવળજ્ઞાન તેમની પાસે ઉલટ ભેર આવતું હતું, પરંતુ તેમના મહાવીર સ્વામી પ્રત્યેના રાગને લીધે અટકી જતું હતું તે કેવળજ્ઞાન એમને ઉત્પન્ન થયું. એમના આ કેવળજ્ઞાન પ્રાપ્તિના પ્રસંગના મહિમાને જયજયકાર દેવો ત્રણે ભુવનમાં ફરે છે. ગૌતમ સ્વામી ગણધર વ્યાખ્યાન આપે છે કે જેથી ભાવિકજનો ભવ તરી જાય.

વસ્તુછંદ

પ્રથમ ગુણધર ભગવાન પચાસ વર્ષ ગૃહસ્થામમાં રહીને, ત્રીસ વર્ષ સંયમને શોભાવીને. બાર વર્ષ શ્રી કેવળીપર્યાયમાં રહ્યા. ત્રણે ભુવનના લોકોથી વંદાયેલા, રાજગૃહ નગરીમાં રહેલા, બાણુ વર્ષના આયુષ્યવાળા, ગુણના ભંડાર જેવા શ્રી ગૌતમસ્વામી મોક્ષે જશે.

ઢાલ છઠ્ઠી

સહકાર-આંબો; પરિમલ-સુગંધ; કણયાચલ-કનકાચલ-સોનાનો પર્વત; ગોતમ-ગૌતમ; નિવસે-વસે છે; મહુયર-ભમરાઓ; રાજીવ-કમળ; રયણાયર-રત્નાકર; રયણ-રત્ન; અંબર-આકાશ; નિશિ-રાત્રિ; શશિહર-ચન્દ્ર; સુરતરુ-કલ્પતરૂ; સહસકર-સૂર્ય; પૂરવ-પૂર્વ; દિસિ-દિશામાં; પંચાનન-સિંહ; મયગલ-હાથી; ભુયબલ-ભુજબલ; સામીય-સ્વામી; થુણીજે-સ્તુતિ કરીએ; સમગ્ગહ-સમગ્ર, બધાં; સય-સો; સીઝે-સિદ્ધ થાય; ગણહર-ગણધર; લબ્ભે-પામે; સાસય-શાશ્વત; ચઉવિહ સંઘ-ચતુર્વિધ સંઘ, એટલે સાધુ, સાધ્વી, શ્રાવક, શ્રાવિકા; તતખણ-તત્ક્ષણ; કામગવી-કામધેનું; પ્રણવ-ૐ, પણવક્ખર-ૐનો અક્ષર, માયાબીજ-હ્રીં; ધુરિ-શરૂઆતમાં; શ્રીમતિ-લક્ષ્મી.

આ ઢાલમાં કવિ ગૌતમ સ્વામીની સિદ્ધિને અવનવી ઉપમાઓ આપી વર્ણવે છે અને એ સિદ્ધિનો મહિમા બતાવે છે. કવિ કહે છે કે જેમ આંબાડાળે કોયલ ટહુકે, જેમ ફૂલોના વનમાં સુગંધ મહેકતી હોય છે, જેમ ગંગાજળમાં લહરીઓ ઊઠતી હોય છે, જેમ કનકાચલ તેજથી ઝળકતો હોય છે તેવી રીતે ગૌતમ સ્વામીનો સૌભાગ્યનિધિ શોભે છે. જેમ માનસરોવરમાં હંસો રહે છે, જેમ દેવોને માથે સુવર્ણના મુગટ શોભે છે, જેમ કમલના વનમાં ભમરાઓ શોભે છે, જેમ રત્નાકર રત્નોથી વિલસે છે, જેમ આકાશ તારાઓથી વિકસે છે તેમ ગૌતમના ગુણો વિકાસ પામે છે. જેમ પૂનમની રાતે ચન્દ્ર શોભે છે, જેમ કલ્પવૃક્ષનો મહિમા જગતમાં જાણીતો છે, જેમ પૂર્વ દિશામાં

સૂર્ય પ્રકાશે છે, જેમ પર્વત પર સિંહ ગર્જના કરે છે, જેમ શ્રેષ્ઠ પુરુષોને ધરે હાથી શોભે છે તેમ જિનશાસનમાં આ શ્રેષ્ઠ મુનિ શોભે છે.

જેમ કલ્પવૃક્ષની શાખાઓ શોભે છે, જેમ ઉત્તમ માણસોના મુખમાં ભાષા મધુરી લાગે છે, જેમ વનમાં કેતકી પોતાનો મઘમઘાટ ફેલાવે છે, જેમ રાજાનું ભુજબળ ચમકે છે, જેમ જિનમંદિરમાં ઘંટનો અવાજ રણકે છે, તેમ ગૌતમસ્વામીની લબ્ધિની કીર્તિ ચારે બાજુ પ્રસરેલી છે. જેના હાથમાં ચિંતામણિ મળ્યો હોય તેમ, જેમ કલ્પવૃક્ષ મનની કામનાઓ પૂર્ણ કરે છે, જેમ કામકુંભ આખો વશ થયો હોય તેમ, મનની ઇચ્છા બધી પરિપૂર્ણ થતી હોય, અષ્ટ મહાસિદ્ધિ બધી દોડતી આવીને મળતી હોય તેમ–આ બધાને માટે ગૌતમ સ્વામીને અનુસરો.

પ્રણવ અક્ષર એટલે કે ૐ પહેલાં ભણવો. પછી માયાબીજ એટલે હ્રીં સાંભળવો, શ્રીમતિ એટલે શ્રીની શોભા થાય છે. દેવોમાં પહેલાં અરિહંત પ્રભુને નમવું અને પછી વિનયમાં પ્રભુત્વ ધરાવનાર ઉપાધ્યાયની સ્તુતિ કરવી. આ મંત્ર પ્રમાણે ગૌતમ સ્વામીને વંદન કરવાં. ગૌતમ સ્વામીની સ્તુતિ કરવાનો મંત્ર આ પ્રમાણે છેઃ—

ૐ હ્રીં શ્રી અરિહંત ઉવજ્ઝાય ગૌતમાય નમઃ ।

કવિએ આ મંત્ર આ કડીમાં ગોઠવી દીધો છે અને દરેક લીટીમાં એનો ક્રમ બતાવ્યો છે.

કેટલાક માણસોને ગામેગામ વસીને કંઈ કંઈ કાર્યો કરવાં પડે છે, દેશાંતરમાં ભમવું પડે છે. પરંતુ સવારના પહોરમાં ઊઠીને જે માણસ ગૌતમ સ્વામીનું સ્મરણ કરે છે તેના સર્વ કાર્યો તત્ક્ષણ સિદ્ધ થાય છે અને તેને ધરે સમૃદ્ધિના ભંડાર ભરાય છે. સંવત ૧૪૧૨ના વરસે, ગૌતમ સ્વામી ગણધરના કેવળજ્ઞાન પ્રાપ્તિના દિવસે આ મોટો ઉપકાર થયો છે. એ દિવસે આ મંગળ ભણીને, પર્વનો ઉત્સવ કરીને ઋદ્ધિ, વૃદ્ધિ અને કલ્યાણની પ્રાપ્તિ કરો.

ધન્ય એ માતાને જેણે ગૌતમ સ્વામીને જન્મ આપ્યો, ધન્ય એ પિતાને જેના કુલમાં એ અવતર્યા અને ધન્ય એ સદ્‌ગુરુને જેમની પાસે એમણે દીક્ષા લીધી. એવા વિનયવંત વિદ્યાના ભંડાર જેવા, જેમના ગુણોનો પાર કોઈ ન પામી શકે એવા ગુરુ શ્રી ગૌતમસ્વામીને વંદન કરીએ.

ગૌતમસ્વામીનો આ રાસ જે કોઇ ભણુશે, સાંભળશે, તેને શાશ્વત સુખની પ્રાપ્તિ થશે. માટે આ રાસ ભણીને ચતુર્વિધ સંઘને રળિયાત કરો અને ઋદ્ધિ, વૃદ્ધિ અને કલ્યાણની પ્રાપ્તિ કરો.

૨. જયસાગર ઉપાધ્યાય

શ્રી ઋષભજિન સ્તવન (પૃ.૧૬)

સુવિહાણુઉ—સુપ્રભાતમાં; જઈ–જે, જ્યારે; રિસહજિણેસ–ઋષભ જિનેશ્વર, ઉલ્હસઈ–ઉલ્લસે; આનંદ પામે; ભલઈ–ભલો, સુંદર; દિણેસ–સૂર્ય, હિયડઈ–હૈયામાં; માયતાય–માતાપિતા; અવરુ–બીજો; મહ–મારો; સુઠાણિહિ–સુસ્થાને; સય–શત, સો.

કવિ આ સ્તવનમાં કહે છે કે આજ મેં વહેલી પરોઢમાં શ્રી ઋષભ જિનેશ્વરને જ્યારે જોયા ત્યારે જેમ સૂર્યના ઉદયથી કમળને આનંદ થાય તેમ મારા નયનકમળને આનંદ થયો. મારા રોમેરોમ ઉલ્લાસ અનુભવવા લાગ્યાં. હૈયામાં અપાર આનંદ થવા લાગ્યો. આદિ જિનેશ્વરને જોઈ જાણે હું નયનથી અમૃતરસ ઝીલવા લાગ્યો. પ્રભુનાં દર્શનથી હું દીનતા અને શરણાગતિનો ભાવ અનુભવવા લાગ્યો. મેં કહ્યું: હે પ્રભુ! તમે મારા માતાપિતા છો; તમે જ મારા આધાર છો; આ સંસારમાં મારે તમારા સિવાય બીજું કોઈ નથી.

છેલ્લી કડીમાં કવિ કહે છે, "શ્રી જયસાગર ઉપાધ્યાયે આ પદની રચના કરી છે. મધુર વાણીથી જે કોઈ યોગ્ય અવસરે એ ગાશે એ ઘણું સુખ પામશે." કવિએ આ અર્થની કડી દરેક તીર્થંકરના સ્તવનને અંતે આપી છે.

શ્રી શાંતિનાથ સ્તવન (પૃ. ૧૬)

સંતિ-શાંતિ; દુહ-દુઃખ; જિણેસર-જિનેશ્વર; સંતિકર-શાંતિકર, શાંતિ આપનાર; ભાવિહિ-ભાવથી; સુહ-સુખ; નટ્ઠ-નષ્ટ; સિરિ-શ્રી; વયણુ-વચન; મારી-મરકી; ટલી-ચાલી ગઈ;

આ સ્તવનમાં કવિ કહે છે કે શ્રી શાંતિનાથ ભગવાન ખરેખર શાંતિ આપનાર છે, ભવદુઃખમાંથી પાર ઉતારનાર છે. માટે તમે તેમની સારી ભક્તિથી અને ભાવથી સેવા કરો. બીજી અને ત્રીજી કડીના કેટલાક શબ્દો ખંડિત હોવાથી તેનો શબ્દાર્થ અસ્પષ્ટ છે, પરંતુ તેનો ભાવાર્થ એ છે કે મરકીના રોગને શાંત કરનાર એવા શ્રી શાંતિનાથ પ્રભુની સેવાથી દુઃખ નષ્ટ થાય છે અને સુખની પ્રાપ્તિ થાય છે. એવા પ્રભુની વાણીરૂપી અમૃતની વર્ષાથી દુઃખરૂપી દાવાનળ હોલવાઈ જાય છે અને સુખરૂપી વેલી પ્રાપ્ત થાય છે.

શ્રી નેમિનાથ સ્તવન (પૃ. ૧૭)

રયણુ-રત્ન; મયણુ-મદન, કામદેવ; ભવતીર-મોક્ષ; મરગય-મરકત મણિ;

કામદેવની વિડંબના કરનાર, ગિરનાર પર્વત પર મોક્ષ-સુખ પામનાર એવા શ્રી નેમિનાથ જિનેશ્વરને હું વંદન કરું છું. ગિરનાર તીર્થોમાં એક વિશિષ્ટ તીર્થ છે, જે પર્વત પર શ્રી નેમિકુમાર મરકતના રત્ન સમાન શોભે છે. નેમિનાથના દર્શનથી સદ્કાર્યોનો ભંડાર ભરાય છે, અને હૃદયનું દારિદ્રય અને ચિત્તના વિકાર શમી જાય છે.

શ્રીપાર્શ્વનાથ જિન સ્તવન (પૃ. ૧૭)

પાસ-પાશ, જાળ; નમિહિં-નમીને; પુરિહિ-નગરમાં; નિજ્જણિય હણી નાંખને.

આપ એક જ આશારૂપી વૃક્ષ સમાન છો, માટે હે પાર્શ્વપ્રભુ મારી આશા પૂરી કરો. તમારા ચરણકમળના નમસ્કારથી ભવ્ય જનોનાં ભવરૂપી દુઃખની જાળ તૂટી જાય છે. જીરાવલા અને થંભણ

(સ્તંભન પાર્શ્વનાથ, ખંભાત) નગરીના પાર્શ્વનાથ ભગવાન જયવંત છે. એમના દર્શન કરી એમને ભેટવાની મારી ઇચ્છા છે કે જેથી મારા ભવરૂપી આ ભયનો અંત આવે. આઠ કર્મને જેમણે ખપાવી દીધાં છે અને મોક્ષસિદ્ધિનું જેમણે સુખ મેળવ્યું છે એવા પાર્શ્વનાથ પ્રભુનો જગતમાં જય થાવ અને મારા મનની આશા તેઓ પૂર્ણ કરો.

શ્રીવીર જિન સ્તવન (પૃ. ૧૮)

જમ્મ-જન્મ; સહલ-સફળ; જીવિય-જીવન; મણોરહ-મનોરથ; અચ્ચે-પૂજને; પમાય-પ્રમાદ; ઈણિ-આ; અહવા-અથવા; અન્ન-અન્ય; સઘઈ-સિદ્ધ થાય; રહતણુએ-એકાંતમાં; કજ્જ-કાર્ય.

સરલ જન્મ, સફળ જીવન, સરલ મનોરથ હોય અને એકાંતમાં પ્રભુના ચરણની પૂજા કરી હોય તો કેમ કાર્ય સિદ્ધ ન થાય? મતલબ કે કાર્ય સિદ્ધ થાય જ. આ પહેલી કડીની બીજી લીટીમાં છાપભૂલ છે. એનો ઉપર પ્રમાણે અર્થ બેસાડયો છે. મૂળ હસ્તપ્રતમાં કદાચ શબ્દ ફેર હોય તો બીજો અર્થ પણ સંભવિત થાય. બીજી કડીમાં કવિ કહે છે કે રાગદ્વેષથી વશ થઈ, મન વચન કે કાયાથી જે કંઈ પ્રણ પ્રમાદ મેં કર્યો હોય તો તે માટે હું ક્ષમા માગી શ્રીવીર જિનેશ્વરના ચરણમાં માથુ નમાવું છું. આ ભવમાં અથવા અન્ય ભવમાં હું તમારી સેવા કરું એ માટે હે પ્રભુ! તમે મારા પર કૃપા કરો.

૨. શ્રીલાવણ્યસમય

શ્રીનેમનાથ સ્તવન (પૃ. ૨૨)

પાયક-પાયદળ; સોવત-સોનાનાં; પન્હુતઉ-પનોતું; થાકલ-થાક લગાડનારી; માંચી-જોવા માટે બેસવાની પગથિયાંવાળી રચના.

આ સ્તવનમાં કવિએ રાજુલની નેમિનાથ પ્રત્યેની ઉક્તિ રજૂ કરી છે. રાજુલ કહે છે, 'હે નાથ! હું તમારી નવ ભવની સ્ત્રી છું. મને મૂકીને તમે તોરણે આવેલા પાછા કેમ ચાલ્યા જાવ છો? સંખ્યાબંધ ઘોડા, હાથી વાળી તમારી જાન જોતાં અપાર આનંદ થાય છે.

તમારે કાને સોનાના કુંડલ છે અને કંઠમાં નવસેરનો હાર છે. શ્રેષ્ઠ હાથી પર બેઠેલા તમે સર્વ શણગાર સાથે શોભી રહ્યા છો. મોટો મંડપ તૈયાર કરાવ્યો છે. નવી માંચી કરાવેલી છે. સ્થળે સ્થળે શોભતી તમારી જાન ખરેખર જોવા જેવી છે.

બલભદ્ર અને કૃષ્ણ તથા મોટા રાજાઓ તમને માને છે અને બધા દેવો તમારા અવર્ણનીય સ્વરૂપની સેવા કરે છે. સાસરું સ્વાભાવિક રીતે મનને ગમે એવું છે અને પિયર પણ પનોતું છે. જો પ્રિયતમ યૌવનમાં ચાલ્યા જાય તો હું શું કરું ? કર્મની ગતિને કોઈ પહોંચી શકતું નથી.'

સ્વામી (નેમિનાથે) એ સારથિને પૂછ્યું કે ' આ બંને વાડમાં શું ભર્યું છે ?' સારથિએ કહ્યું કે 'એમાં પશુઓ તમારા સત્કારમાં ભોજન માટે રાખવામાં આવ્યાં છે.' એ વખતે હરણી હરણને કહે છે, ' તેં પોકાર કર્યા ? જો નેમિકુમાર આવ્યા.' એ પ્રમાણે સાંભર સાંભરીને અને રોઝ રોઝડીને કહે છે. પછી નેમિનાથ ભગવાન સારથિને કહી પશુઓને છોડાવી મૂકે છે. તેઓ લગ્ન કર્યા વિના તોરણેથી પાછા ફરે છે અને સંયમ ધારણ કરે છે. તેમણે દીક્ષા લેતી વખતે વરસીદાન એટલું બધું આપ્યું કે જેથી આખી પૃથ્વી ભરાઈ ગઈ. ચારિત્ર લઈ ગિરનાર પર તેઓ ગયા. રાજુલ કહે છે કે ' હે નાથ ! તમે કારણ વગર મારા પર આટલો બધો રોષ શાને કર્યો ? ગિરનાર પર વીજળી, ગર્જના ને વૃષ્ટિ થઈ. સહસ્રાવનમાં સરોવર ભરાયું, પણ તમારી સ્ત્રી તો તરસી જ રહી. એણે સંસારનું કંઈ સુખ જોયું નહિ. મારી સાથે આપે ભોગ ભોગવ્યા નહિ. આપે પહેલાં મને હૃદયમાં સ્થાપી અને પછી મને જીવનભરને માટે ઉવેખી માટે જરૂર પૂર્વભવમાં મેં કંઈક પાપ કર્યાં હશે ! આકાશમાં વાદળાંની ગર્જના થાય છે અને વૃષ્ટિ થાય છે અને મારી વિરહની વેદના વધતી ગઈ છે. તમને રોકવા માટે માતાએ અને મામાએ પ્રયત્ન કર્યા છતાં તમે રાખ્યા છતાં રહેતા નથી. બીજા

કેટકેટલા રાજાઓએ તમને પાછા જતા અટકાવ્યા; બલભદ્ર તો તમને બાથ ભીડીને અટકાવવા લાગ્યા, પણ તમે માન્યા નહિ.

કવિ કહે છે કે પ્રભુએ ગિરનાર પર સહસાવનમાં પ્રવેશ કર્યો અને શુકલ ધ્યાન ઊપજતાં તરત એમને પાંચમું જ્ઞાન કેવળજ્ઞાન, ત્રણે ભુવનની શોભા વધારતું, ઉત્પન્ન થયું. એ વખતે રૂપું, સોનું અને મણિ એ ત્રણના ત્રણ ગઢની રચના-એટલે કે સમવસરણની રચના થઈ; દેવો, અસુરો, માનવો ત્યાં આનંદથી ઊલટયા અને દુંદુભિનો જય જયકાર થવા લાગ્યો. શ્રીનેમિનાથ ભગવાન અને રાજુલ બંનેનો મેળાપ મોક્ષ ધામમાં થયો.

આ સ્તવનમાં કવિએ નેમિનાથની જાનનું, એમને જોઈ ને માંહોમાંહે વાત કરતાં પશુઓનું, રાજુલની વિરહવેદનાનું, નેમિનાથની દીક્ષાનું, અને એમને કેવળજ્ઞાન ઉત્પન્ન થયું તેનું મનોહર વર્ણન કર્યું છે.

શ્રી નેમિનાથ સ્તવન-બીજુ (પૃ. ૨૪)

વિછાહી-બિછાવી, વાલીઉ-વાળ્યો; વાલિભ-વલ્લભ, પતિ; દાદુરાં, દેડકાં; પાવસિ-વરસાદમાં; સરંગટો-લાજ કાઢવી; દેઉરીએ-દિયરે; નાહુલીએ-નાથે, પીહર-પિયર; મુહસાલ-મોસાળ; જમલિ-યમલ, યુગ્મ; ઉજ્જલિ ગિરિ-ઉજ્જવલ ગિરિ-ગિરનાર.

આ સ્તવનમાં રાજુલ કહે છે, 'હે નાથ આજ હું શું કરું? મારું હૃદય જાણે બળું બળું થાય છે. હે કંથ! તમે પાછળની પ્રીત-આગલાભવની પ્રીતિ શું ભૂલી ગયા?

રાજુલ કહે છે કે નેમિનાથે જનમના અબોલા લીધા છે. બારણે આવીને એમણે રથ વાળી લીધો. રાજુલના ચંદનના ઓરડામાં ફૂલ પાથર્યાં છે. અષાઢ મહિનો આવતાં આકાશમાં વીજળી ઝબૂકે છે, મેઘ ગર્જના કરે છે. એ વખતે નગરમાં પરદેશ ગયેલાં બધા પંથીઓ પાછા ફરી ગયા હોય છે, પણ નેમિનાથ હજુ આવ્યા નથી. રાજુલ

એની વાટ જુએ છે. હંસ વિના જેવી હંસણી લાગે, પાણી વિના જેમ કમલિની લાગે, ચંદ્ર વિના જેવી ચાંદની લાગે તેવી નેમિનાથ વિના રાજુલ લાગે છે.

રાજુલ કહે છે કે હે મોર ! તું મારા મંદિરે આવીને શું કામ ગાય છે ? મારી તો બંને આંખો રડી રડીને લાલ થઈ ગઈ છે. પેલો બપૈયો પણ જ્યારે અવાજ કરે છે ત્યારે પાપી લાગે છે, કારણ કે મને મારા પ્રિયતમનું વિરહ દુઃખ સાલે છે.

આકાશમાંથી ઝરમર ઝરમર વરસાદ વરસે છે. દેડકાં પાણીમાં અવાજ કરે છે. શ્રાવણ મહિનો આવે છે. વરસાદનાં સરવડાં લહેરાતાં જાય છે. ભાદરવા મહિનામાં પણ રાજુલને તો એ જ વિરહ સતાવે છે. આસો મહિનો આવે છે. દિવાળીના પર્વના દિવસોમાં સ્ત્રીઓ શણગાર સજે છે. ઘરે ઘરે દીવાઓ થાય છે અને વાતાવરણ મંગલ બને છે. રાજુલના મનમાં કંઈ કંઈ આકાંક્ષાઓ જન્મે છે, પરણીને સાસરે જવા મળતું નથી એથી સાસુ, સસરા અને, દિયર પોતાના નાથને આનંદિત કરવાની આકાંક્ષા અધૂરી જ રહે છે, એ કહે છે સાસરાએ મને લાજ કાઢેલી જોઈ નહિ. સાસુએ મારો પુત્ર જોયો નહિ, દિયરે મારા હાથની રસોઈ ખાધી નહિ અને મારા નાથે મારી દેહાકૃતિ જોઈ નહિ.

રાજુલ ચંદ્રને કહે છે કે તું મારા નાથને સંદેશો કહેજે કે ઘરે સ્ત્રી યૌવનમાં આવેલી હોય ત્યારે તમે ડુંગર પર દોહિલું જીવન કાં વિતાવો ? આકડો અને ધતુરાનાં ફૂલ શંકરના માથે ચડાવાય છે, એમને ગળે વિષની જ્વાલા રહેલી છે અને વળી એમના માથા પર સર્પ છે, છતાં ઉત્તમ પુરુષ પોતાનું ઉપાડેલું કર્તવ્ય છોડતા નથી, તો તમે મને મૂકીને કેમ જાવો છો ?

હે યાદવ નાથ, પેલી બીજોરીને ઘણાં ફળ આવ્યાં છે. તો તેનો લ્હાવો લેવો જોઈએ. વૃક્ષ પર ફળ આવ્યાં હોય ત્યારે જો લ્હાવો

ન લઈએ તો કયારે લઈએ ? કેસૂડાં દાડમ વગેરેને રાતાં ફૂલ આવ્યા હોય છે. તો આપણે પણ આ અવસર કેમ જવા દેવો ? આથમેલો સૂરજ પણ પાછો ઊગે છે, પણ ગયેલો પિયુ પાછો કેમ ન આવ્યો ? પિયું વિના પિયર અને સાસરું બંને સૂનાં લાગે છે. મા વગરનું મોસાળ સૂનું લાગે છે. કંથ વિના જાત પર કલંક ચડે છે. માટે હે રાજન્ ! તમારો રથ પાછો વાળો.

હે નાથ ! મારી સાથે રિસામણાં ન કરો. મારા કોડ પૂરા કરો. આંબો અને નારંગીની જોડીની જેમ આપણા બેની સરખી જોડી છે. હું ઉગ્રસેનની પુત્રી છું. સમુદ્ર વિજય તમારા પિતા છે. શિવાદેવી તમારી માતા છે અને ધારણી મારી માતા છે. હે નાથ મારી સાથે રિસામણાં ન લ્યો.

અંતે કવિ કહે છે કે રાજુલ ઉજ્જવલગિરિ-ગિરનાર પર રહેનાર પોતા પ્રિયતમ નેમિનાથને મળી અને પોતાના પ્રિયતમ સાથે મોક્ષ માર્ગે ચાલી અને એ રીતે તેના જન્મના અબોલા મટી ગયા.

પંચઈન્દ્રિય ગીત (પૃ. ૨૮)

પાયાલિ-પાતાલમા; પણી-પણ; ગિરુઆ-મોટા; મડાન; વેલડીઇ-વેલડીમાં; વીંઝાચલ-વિંધ્યાચલ; મયગલ-હાથી; પરિભવ્યો-પરાભવ થયો; હિયડા-હૈયા;

આ ગીતમાં કવિ કહે છે કે જે માણસો વિષયને સેવતા નથી તે ખરખર મહાન છે. કવિએ જુદી જુદી ઇંન્દ્રિયોની વાસનાના લીધે પ્રાણીઓને કેવું કષ્ટ પડે છે. તેનાં દૃષ્ટાંતો આપ્યાં છે. નાગ જે પાતાલમાં નિશ્ચિંતપણે વસતો હતો તે મહુવરના સંગીતથી ડોલવા લાગે છે પણ એથી તો એ ઊલટો કરંડિયામાં પુરાય છે. પતંગિયું દીવો દેખીને તેના તરફ આકર્ષાય છે પરંતુ તેમાં પડવા જતાં પોતાનો પ્રાણ ગુમાવે છે. ભમરો વેલડીઓમાં સુગંધ મેળવવા માટે ભમવા લાગે છે, પણ એથી તો કેતકીમાં તે ફસાય છે. માછલી પાણીમાં ફરતાં ફરતાં

ખાદ્ય પદાર્થ જોઈ તે ખાવા જાય છે, પરંતુ તેથી તે પોતાના પ્રાણ ગુમાવે છે. વિંધ્યાચલનો હાથી પોતાની સ્પર્શેન્દ્રિય ખાતર પોતાનું રથળ છોડી જાય છે અને અંતે એ સપડાય છે. આમ, એક એક ઈન્દ્રિય માટે નરકનાં દુઃખ જોવાં પડે છે તો જેની પાંચે ઇન્દ્રિયો વશ ન હોય તેની શી ગતિ થાય તે કલ્પી શકાય. માટે વિષયનું સુખ ૨ જેવું છે એમ બરાબર જાણીને હે પ્રાણી, તું વિષયમાં રાચતો નહિ.

લોભ વિષે (પૃ. ૨૯)

સવારથ–સ્વાર્થ; દુલ્લહ–દુર્લભ; પાસિ–પાસે; રાઉલિ–રાજાએ; નલવટિ–કપાળમાં; જોયણ–જોજન; બિહુ ઘડિ–બે ઘડી એટલે ૪૮ મિનિટ.

હે જીવ! ધર્મ અને વિનય તું ચૂકતો નહિ, કુડાં કર્મ બાંધતો નહિ અને રીસ આણીને કોઈની ગુપ્ત વાત બોલતો નહિ. માનવ ભવ અત્યંત દુર્લભ છે. માટે હે જીવ! તું આત્મ કલ્યાણ કરી લે.

માણસ ધન મેળવવા માટે સો જોજનનો પ્રવાસ ખેડતો હોય છે, પરંતુ પોતાના ઘરની પાસે જ પોષધ શાળામાં જતાં એ અચકાય છે. રાજાએ એને ભૂખ્યો તરસ્યો બેસાડી રાખ્યો હોય, ઉપરથી એને માર મારવામાં આવે તો તે એનાથી સહન થાય છે, પરંતુ બે ઘડીનું પચ્ચખાણ એનાથી થતું નથી.

હિસાબ કરવા બેઠો હોય ત્યારે લોભનો માર્યો રાતના ચાર પહોર સુધી એ જાગે છે, પરંતુ બે વખતના પ્રતિક્રમણ વખતે એનું ચિત્ત લાગતું નથી.

કીર્તિને માટે એ લાખો લોકો આગળ પોતાનું ધન લૂંટાવી દે છે, પણ પુણ્યકાર્ય માટે એની પાસેથી એક પાઈ પણ છૂટતી નથી.

પુણ્યને માટે જ્યારે તેઓ ઉપાશ્રયે જઈ ગુરુવાણી સાંભળે છે ત્યારે એક જણ વાત કરતો હોય છે, બીજો કોઈ બગાસાં ખાતો હોય છે. છેલ્લી કડીમાં

વાંકા અક્ષર, માથે મીડું અને અર્ધચન્દ્રકારથી કવિ ૐકાર સૂચવે છે અને તેની ઉપાસના કરવાનો બોધ આપે છે.

પદ (પૃ. ૩૦)

ભૂર-પુષ્કળ; અસૂર વેલા-સાંજ પડી જવી ને મોડું થવું, સૂજતાં -ખપે એવાં; દક્ષિણિ-જમણા.

આ પદમાં કવિએ ગામમાં સંઘ આવ્યો હોય ત્યારે તેને સારી રીતે જમાડવા માટે ઉપદેશ આપ્યો છે. કવિ કહે છે કે હે શ્રાવિકા, મોટો સંઘ મળ્યો છે, ચેલાઓ ભૂખ્યા થયા છે. અને મોડું થવા આવ્યું છે માટે સુખડી તથા બીજી વાનગીઓ આપવા લાગો. કવિએ બીજી, ત્રીજી અને ચોથી કડીમાં જુદી જુદી વાનગીઓ જણાવી છે. પછી કવિ કહે છે કે ગાડામાંથી ભાતાના કરંડિયા જલદી ઉતારો કારણ કે તરસ્યા બળદનો ભાર ઓછો થાય. અંતે તેઓ કહે છે કે આ અમૂલ્ય અવસરનો લ્હાવો લઈ છૂટે હાથે ભાતુ દઈ પુણ્યનો ભંડાર ભરી લેવો જોઈએ. જે કોઈ જમણા હાથે આપશે તેને મોક્ષ રૂપી રમણીનો સાથ મળશે.

કાંકસાની ભાસ (પૃ. ૩૦)

પડસાલઇ-પરસાળમાં; કાંકસો-કાંસકો; કુડા ઉતર પાડીયા-ખોટા જવાબ માંડ્યા; માણુકાં-માણસો; પીયારો-પ્યારો; જમવારે-જન્મારે.

આ ભાસમાં કવિએ સં. ૧૫૫૦ માં ઉજ્જૈનમાં પોષધશાળા પાસે બનેલા એક પ્રસંગનું વર્ણન કર્યું છે અને એનો ભાવાર્થ ઘણો ગૂઢ છે એમ ભાસ વાંચતાં લાગે છે. કોઇક મહાત્મા પોષધશાળાએ જતાં કુંવરીને માથે કાંસકો જુએ છે અને તે માગે છે. જો કુંવરી તે ન આપે તો પોતે અન્ન પાણીનો ત્યાગ કરશે એમ જણાવે છે. કુંવરીએ કાંસકો પોતાની સોડમાં સંતાડ્યો અને પછી પોતાની સાસુ તરફ નાખ્યો. સાસુ તે આપતાં નથી અને આસપાસના લોકોને એકઠા કરે છે અને મહાત્માને અટકાવવા માટે કહે છે. મહાત્મા કહે છે કે ઉત્તમ જ્ઞાતમાં અવતરી તું કાંસકો કેમ લે છે? કાંસકાથી

જુ લીખ મરે છે. તને છોકરાં નથી થતાં તે આજ કારણને લીધે! કવિ કહે છે કે અંતે કુંવરી બાઇ સમજ્યાં અને આખો બ્રાહ્મણ-વાડો સમજ્યો.

આ ભાસનો આ તો માત્ર વાચ્યાર્થ છે. એનો ગૂઢ અર્થ શો છે તે સ્પષ્ટ નથી. વળી મહાત્મા તે કોણ? અને એણે કુંવરી પાસે કાંસકો માગવાની જરૂર શી? આવા પ્રશ્નો થાય છે. વિશેષ જાણકારો આના પર વધારે પ્રકાશ પાડશે?

દૃઢપ્રહાર મહામુનિ સઝઝાય (પૃ. ૩૨)

પ્રણમીઅ–પ્રણમીને; સંજમ–સંયમ; કવણ–કોણ; પુર–નગર; મઝાહિં–માં; વિપ્ર–બ્રાહ્મણ; સુત–પુત્ર; રાઉ–રાજા; અસમંજસ–અયોગ્ય વર્તન; તતખિણિ–તત્ક્ષણ; ભોગળ–જૂના વખતમાં બારણું બંધ કરવા માટે વપરાતી લાકડાની અથવા લોખંડની ગોળ લાંબી વસ્તુ; બંભણ–બ્રાહ્મણ; ઉદર–પેટ; પરતખિ–પ્રત્યક્ષ; પાતિક–પાપ; ખિમા–ક્ષમા; પરજાલી–પ્રજાલી–ગાળી નાખી; ભૂક–નષ્ટ; કેવલનાણ–કેવળજ્ઞાન.

આ સજ્ઝાયમાં કવિએ દૃઢપ્રહાર મુનિની કથા વર્ણવી છે. દૃઢપ્રહાર મુનિરાજે સિંહની જેમ સંયમ ધર્મ પાળી કેવલજ્ઞાન પ્રાપ્ત કર્યું હતું. એમનો જન્મ કયા નગરમાં થયો હતો, એમનાં માતા-પિતા કોણ હતા અને એમનું આવું નામ કેમ કેમ પડ્યું તે ભાવ ધરીને સાંભળજો એમ કવિ કહે છે.

જંબૂદ્વીપમાં માકંદી નામના નગરમાં સમુદ્ર નામનો એક બ્રાહ્મણ હતો. તેની પત્નીનું નામ સમુદ્રા હતું. નારી સમુદ્રા નિર્મળ સ્વભાવની, વિનય વિવેક વાળી, ઉદાર શીલવતી અને કુલીન હતી. તેણે એક પુત્રને જન્મ આપ્યો. પરંતુ પુત્ર જેમ જેમ મોટો થતો ગયો તેમ તેમ તે માતાપિતાને ઉવેખતો ગયો. દિવસે દિવસે તે નગરના લોકોને ત્રાસ આપવા લાગ્યો એટલે રાજાએ તેને નગર બહાર કાઢ્યો નગર બહાર તે નાના ગામડામાં ચોરોના સમુદાય સાથે રહેવા લાગ્યો. ગામના

મુખ્ય સરદારે એને સારો આવકાર આપ્યો. કુંવર સખત પ્રહાર કરીને પ્રાણીઓને મારી નાખતો હતો એટલે લોકોએ તેનું નામ 'દૃઢપ્રહાર' પાડ્યું હતું.

તે ચોરો ચારે બાજુ જઈ ચોરી કરતા. એક દિવસ તેઓ એક નગરમાં દેવશર્મા નામના એક બ્રાહ્મણને ઘરે આવ્યા. બ્રાહ્મણને ઘણા મનોરથથી ઘરમાં ખીર રંધાવી હતી. તે જ્યારે સ્નાન કરવા ગયો ત્યારે ચોરે તે ખીરની હાંડલી ઉપાડી લીધી. તે જોઈ બાળકો રડવા લાગ્યાં. તેમણે પોતાના પિતાને વાત કરી. તે સાંભળી બ્રાહ્મણ ક્રોધે ભરાયો અને ધસમસતો ઘરમાં આવ્યો. તે ભોગળ લઈને ચોરને મારવા ગયો, પરંતુ બારણાંમાં દૃઢપ્રહારે એના પર પ્રહાર કર્યો અને એને મારી નાખ્યો. એ વખતે પોતાના સ્વામીની આવી દશા જોઈ ઘરની ગાય વચ્ચે દોડતી આવી. દૃઢપ્રહારે એને પણ મારી નાખી, પોતાનો પતિ મૃત્યુ પામ્યો જાણી તેની ગર્ભવતી સ્ત્રી રડતી રડતી આવી. દૃઢ પ્રહારે તલવાર વડે એનાં પેટ પર ઘા કર્યો, જેથી તેના પેટમાંથી ગર્ભ ફડફડતો બહાર પડ્યો.

દૃઢપ્રહારને સંતાપ થયો. એના મનમાં દયા ઊપજી. વના કારણ પોતાને લાગેલા મોટા પાપથી એને દુઃખ થયું. માતાપિતા વિના એનાં બાળકો હવે ટળવળી મરશે અને એનું પાતક પણ પોતાને લાગશે એમ એને લાગ્યું. આમ વિચાર કરતો તે નગર બહાર નીકળ્યો. ત્યાં રસ્તામાં એને એક મુનિ મળ્યા. એણે મુનિ પાસે પોતાનાં પાપનો એકરાર કર્યો. મુનિએ એને જૈન ધર્મનો ઉપદેશ આપ્યો. દૃઢપ્રહાર પોતાના પાપના પશ્ચાત્તાપ રૂપે મુનિ પદ ધારણ કરી, અન્ન પાણીનો ત્યાગ કરી પોતે પોતે કાઉસગ્ગધ્યાને રહ્યો. પરંતુ પોતાના લોકો એનાં પાપ સંભારી એને પથરા મારવા લાગ્યા. તો પણ મુનિએ તેમની સામે માત્ર ક્ષમારૂપી શસ્ત્ર જ ધારણ કર્યું. એમ કરતાં છ માસ વીત્યા છતાં પણ તે પોતાના ધ્યાનમાંથી ચલિત ન થયો. આ રીતે એણે પોતાને માથે ચડેલાં ચાર હત્યાનાં કર્મ છેદી કેવળજ્ઞાન પ્રાપ્ત કર્યું.

૩. શ્રી સમયસુંદર ગણિ

શ્રી ઋષભદેવ જિન સ્તવન (પૃ. ૪૨)

આ સરળ અને નાની રચનામાં કવિ કહે છે કે 'હે પ્રભુ! ચોરાશી લાખ ભવના ફેરા ફરી પુણ્યના પ્રભાવથી હું તમારાં દર્શન પામ્યો છું. એ ચોરાશી લાખ ભવમાં ઘણાં ઘણાં દુઃખ હું પામ્યો છું. માટે હે સ્વામી! હવેથી હું તમારાં ચરણ છોડવાનો નથી. તમારાથી વધારે સારું, ભલું જગતમાં બીજું કોણ છે?

શ્રી શાંતિનાથ જિન સ્તવન (પૃ. ૪૨)

તિણહ–તેથી; આવાગમના–જન્મ જન્માંતરના ફેરા :

શાંતિનાથ ભગવાનની સ્તુતિ કરતાં કવિ કહે છે કે "હે પ્રભુ! તમે શરણે આવેલાંનું રક્ષણ કરો છો. તેથી હું પણ તમારે શરણે આવ્યો છું. માટે હે પ્રભુ! મારી સામે આપની કૃપાદૃષ્ટિ કરો. મારા મારા આવાગમનને–જન્મજન્માંતરના ફેરાને અટકાવો. હું તમારો સેવક છું અને તમે મારા સ્વામી છો. પૂર્વ ભવમાં આપે જેવી રીતે પારેવડાને શરણ આપ્યું હતું તેવી રીતે મને પણ તમારું શરણ આપો.

શ્રી નેમિનાથનું સ્તવન (પૃ ૪૩)

પ્રમુદિત–આનંદિત; વરીસ–વર્ષ; કીની–કીધી; અંગજ–પુત્ર.

આ સ્તવનમાં કવિએ કલ્પના કરી છે કે નેમિનાથ ભગવાને પોતાના લગ્ન નિમિત્તે ભોજનાર્થે થતી જીવહિંસા અટકાવી અને પોતાનો રથ તોરણેથી પાછો ફેરવાવ્યો તેથી આકાશમાં ઊડતાં પક્ષીઓ આનંદમાં આવી જઈને યાદવરાય–નેમિનાથ ભગવાન પર આશીષ વરસાવતાં કહે છે કે 'તમે અમારા પર અટલી બધી કરુણા દાખવી છે, માટે હે પ્રભુ! તમારું આયુષ્ય કરોડ વર્ષનું થાય.'

શ્રી પાર્શ્વનાથજી સ્તવન (પૃ. ૪૩)

ધરણિંદા–ધરણેન્દ્ર; પાય અરવિંદા–ચરણરૂપી કમળ;

આ સ્તવનમાં કવિ સમયસુંદરે પાર્શ્વનાથ ભગવાને જે નાગને બચાવ્યો હતો એ ધરણેન્દ્ર અને એની દેવી પદ્માવતીના હૃદયની ઊર્મિઓ આલેખી છે. પાર્શ્વનાથ પ્રભુની ધરણેન્દ્ર ભક્તિ કરે છે અને સંગીત શાસ્ત્રની જાણકાર પદ્માવતી નવનવા છંદમાં પ્રભુ આગળ નૃત્ય કરે છે. પ્રભુનાં ચરણ કમળને પ્રણામ કરી તેઓ પોતાનો અવતાર સફળ કરે છે.

શ્રી મહાવીર જિન સ્તવન (પૃ. ૪૬)

દ્વિજ-બ્રાહ્મણ; મીન-માછલી; કનક-સોનું; કોટિ; કોડિ-કરોડ; દેવદુષ્ય-વસ્ત્ર; અર્દ્ધ-અડધું; નિધાન-ભંડાર.

આ સ્તવનમાં કવિએ ભિક્ષુક બ્રાહ્મણની ઉક્તિ મૂકી છે. તે બ્રાહ્મણ મહાવીર સ્વામીને પ્રાર્થે છે કે 'હે સ્વામી! મને કંઈક દાન આપો. તમે મુખ્ય મોટા દાતા છો અને હું દાન ગ્રહણ કરનાર બ્રાહ્મણ છું. તમે તો અઢળક સોનાનું દાન કર્યું, પરંતુ અરેરે! પુણ્યના મોટા ભંડારમાંથી હું કશું જ નથી મેળવી શકયો.' આ સાંભળીને પ્રભુએ બાકીનું અડધું વસ્ત્ર આપી દીધું. પ્રભુનાં ગુણ ગાતાં સમય-સુંદર કહે છે કે ખરેખર, પ્રભુ સમાન કોઈ નથી.

સઝઝાય : કવિવર સમયસુંદરની આ સુપ્રસિદ્ધ સઝઝાયમાં બાહુ બલીજીની તપશ્ચર્યાનો પ્રસંગ વર્ણવવાળાં આવ્યો છે.

પોતાના મોટાભાઈ ભરત ચક્રવર્તી સાથેના યુદ્ધ પ્રસંગ પછી બાહુબલીજીએ ઉગ્ર તપશ્ચર્યા કરી. પોતાના કેશનો લોચ કરી એમણે ચારિત્ર્ય લીધું. પરંતુ અભિમાન ધારણ કરી પોતાના નાના ભાઈને વંદન ન કરવાનો એમણે વિચાર કર્યો. એમણે આમ વરસો સુધી કાઉસગ્ગ ધ્યાને રહી ઘણી ઉગ્ર તપશ્ચર્યા કરી, પણ અહંકારને લીધે જ્ઞાન મળ્યું નહિ. એમની બહેનો સાધ્વી બ્રાહ્મી અને સુંદરીનાં વચનથી બાહુબલીની આંખ ઊઘડી. તરત તેમણે અભિમાન મૂકી દીધું. પોતાના લઘુબંધુને વાંદવા પગ ઉપાડયો કે એમને કેવળ જ્ઞાન પ્રાપ્ત થયું.

પદ્ય : આ પદ્યમાં કવિએ નિદ્રાનું સ્વરૂપ વર્ણવ્યું છે. નિદ્રા કહે છે કે 'હું તો ભલીભોળી છું, પણ ભલભલા મોટામોટા મુનિજનને હું ડોલાવી નાખી શકું એમ છું. હું તો જમની દાસી છું. મારા એક હાથમાં મુક્તિ છે તો બીજા હાથમાં ફાંસી પણ છે.' કવિ કહે છે કે પોતાના મર્યા પછી આખી દુનિયા ડૂબી જાય છે, એટલે મરનાર વ્યક્તિને મૃત્યુ પછી જગત સાથે કંઈ જ સંબંધ રહેતો નથી.

તીર્થમાલા સ્તવન (પૃ. ૪૬)

આ સ્તવનમાં કવિવર સમયસુંદરે શ્રી શત્રુંજય, ગિરનાર, અષ્ટાપદ, આબુ, સમેતશિખર, ચંપા નગરી, પાવાપુરી, વગેરે તીર્થો કે જ્યાં તીર્થંકરો અને અન્ય મહાપુરુષો મોક્ષે ગયા છે અને જેસલમેર, બિકાનેર, સેરિસા, સંખેશ્વર, પંચાસર, ફલોધી, સ્થંભણ પાર્શ્વનાથ, અંતરિક્ષ પાર્શ્વનાથ, અજાવરા, અબિઝરા, જીરાવલા, નાડુલા, વરકાણા, નંદીશ્વર વગેરે તીર્થસ્થળો કે જ્યાં પ્રાચીન ભવ્ય જિન મંદિરો આવેલાં છે તેની સ્તુતિ કરી છે.

છેલ્લી કડીમાં કવિ કહે છે કે 'હે પ્રભુ! આ બધાં તીર્થોની યાત્રાના ફલનો લાભ મને થજો. અત્રે એટલું યાદ રાખવું જરૂરી છે કે સમયસુંદરે લગભગ સાડાત્રણસો-પોણાચારસો વર્ષ પહેલાં આ સ્તવનની રચના કરી છે. એટલે એમના સમયનાં સુપ્રસિદ્ધ તીર્થોનાં નામોનો ઉલ્લેખ થયો છે. એમના સમય પછી તીર્થ તરીકે પ્રસિદ્ધ થયેલાં એવાં કેટલાંક તીર્થોનો ઉલ્લેખ આમાં સ્વાભાવિક રીતે જ ન આવી શકે.

સઝઝાય (પૃ. ૪૭)

આ એક સુંદર રૂપકરચના છે. આ સઝઝાયમાં કવિએ મનને ધોતિયા સાથે સરખાવ્યું છે. એ ધોતિયાને ધોવા માટે જિનશાસન રૂપી સોહામણું સરોવર છે. સમકિત એ એની પાળ છે. દાન વગેરે એના ચાર દરવાજા છે. સરોવરમાં નવ તત્ત્વ રૂપી વિશાળ કમળો

ખીલ્યાં છે. ત્યાં મુનિવરો આત્મારૂપી હંસને પકડે છે, તપ અને જપ રૂપી પાણીનું પાન કરે છે અને શમ, દમ, તપ વડે પોતાના આત્મા-રૂપી વસ્ત્રને ધોવે છે. એ કપડાને તપરૂપી તડકામાં સૂકવવાની જરૂર છે. શીલ કે બ્રહ્મચર્યની નવ વાડને જાળવનાર અને અઢાર પાપના ડાઘા દૂર કરનાર પોતાના વસ્ત્રને ઊજળું તરત કરી શકે છે. એ વસ્ત્રને માયારૂપી સેવાળથી દૂર રાખીને અને પ્રાયશ્ચિત્તરૂપી સાબુથી ધોઈને તેનું પવિત્રપણું સાચવવું. એ મનરૂપી વસ્ત્રને ધોયા પછી ગમે તેમ છૂટું નાખી રાખવાથી તે મેલું થઇ જાય છે. એને ગડ વાળીને સંકેલી લેવાની જરૂર છે. તો જ સુખરૂપી અમૃત પામી શકાય છે.

સ્થૂલભદ્ર સજઝાય (પૃ. ૪૮)

ખિણુ ખિણુ-ક્ષણ ક્ષણુ; વિછડિયાં-વિછોડેલો, વિખૂટો પડેલો; દોહિલો-મુશ્કેલ; બુઝવી-ઉપદેશ આપ્યો; સીયલ-શિયળ; રયણુ-રત્ન; વયરીડા-વેરી.

આ નાની સજઝાયમાં કવિ બતાવે છે તે પ્રમાણે સ્થૂલિભદ્રે કોશાને ઉપદેશ આપતાં કહ્યું કે 'હે સ્ત્રી! પરદેશી સાથે પ્રીત ન કર. એથી ક્ષણે ક્ષણે વિરહ વ્યથા દેહને દઝાડે છે કારણ કે એક વખત છોડીને ગયેલો પ્રિયતમ પાછો મળવો મુશ્કેલ છે. અને એથી ઉત્તરોત્તર સ્નેહ વધારે ને વધારે સાલતો હોય છે. પરદેશી પ્રીતમ તો ભમતા ભમરા જેવો હોય છે. એના પાછા ફરવાની આશા રાખવી વ્યર્થ છે. પ્રિયજનને વળાવીને પાછાં ફરતાં ધરતી ભારે લાગે છે. પ્રિયજન પાછો ન આવતાં મનના મનોરથ મનમાં જ રહી જાય છે. આંસુભીનો કાગળ લખતાં તો વેરીના હાથે ચડે છે. આ પ્રમાણે કોશાને ઉપદેશ આપતાં સમયસુંદર કહે છે શિયળરૂપી રત્ન એજ દેહનો સાચો શણગાર છે. શિયાળરૂપી સુરંગી ચુંદડી પહેરનાર સાચું સુખ પામે છે.

શ્રી શત્રુંજય મંડન આદિનાથ સ્તવન (પૃ. ૪૮)

દુસ્તર-સહેલાઈથી ન તરી શકાય એવા; જુઈ જુઈ-જુદાં જુદાં;

ઉત્સૂત્ર–શાસ્ત્ર વિરુદ્ધ; રૂલઈ–રખડે છે. સંવેગ–વૈરાગ્ય; સરદ્દહણા–શ્રદ્ધા; ગજપાખર–અંબાડી; રૂષી–રુકિમણી; નિટોલ–નક્કી; પરૂપ્યું–કહેલું. બતાવેલું; અણહુતાં–પોતાનામાં ન હોય તેવાં; મરકટ–વાનર; ત્રિવિધ–મન, વચન અને કાયાથી કરવું, કરાવવું કે અનુમોદવું;

આ સ્તવનમાં કવિ શ્રી શત્રુંજય તીર્થની યાત્રા કરતો વખતે શ્રી આદિનાથ પ્રભુ આગળ પોતાનાં પાપોની આલોચના કરે છે. કવિ કહે છે કે હે સ્વામી! હું બે હાથ જોડી આપની સમક્ષ જરા પણ કૂડકપટ વિના મારી આપવીતી કહું છું, તો હે કૃપાળુ! મારી વિનંતી આપ સાંભળો. તમે ત્રિભુવનના સમર્થ ધણી છો. મને તારીને મારો ઉદ્ધાર કરો; ભવ સાગર ભમતાં ભમતાં મેં અનંત દુઃખ જોયાં છે. પરંતુ ભાગ્ય સંજોગે તમારા જેવા, ભય ટાળનાર ભગવાનનો ભેટો થઈ ગયો છે. જે માણસ આપણાં દુઃખ દૂર કરી શકે એમ હોય તેની આગળ આપણે દુઃખ કહેવું જોઈએ. તમે પરદુઃખભંજન છો. તો તમારા આ સેવકને સુખ આપો. આલોચના લીધા વિના આ જીવ સંસારમાં રખડ્યા જ કરે છે. કવિએ અહીં મહા સતી રુકિમણી અને લક્ષ્મણાનું દૃષ્ટાન્ત આપ્યું છે. મહા સતી લક્ષ્મણાને અને રુકિમણીને પાપની આલોચના ન લેવાને કારણે ભવાટવીમાં ઘણું રખડવું પડ્યું હતું. આ પાંચમા આરામાં સાચા ગુરુનો સંયોગ પણ દુર્લભ હોય છે, અને લોકો પણ સાચો પરમાર્થનો માર્ગ ન ઓળખતાં ગાડરિયા પ્રવાહની જેમ જતા હોય છે. માટે હે પ્રભુ! આપની આગળ મારાં પાપનો એકરાર અને પશ્ચાતાપ હું વ્યક્ત કરું છું. માબાપ આગળ બાળકને લાજ ન હોય તેમ તમારી આગળ બોલતાં મને સંકોચ નથી થતો. સહુ કોઈ જિન ધર્મની વાતો કરે છે પણ અંતે તો પોતાની વાતને જ સાચી મનાવવા આગ્રહ કરે છે, અને બીજાનો આચાર જરાક જુદો પડતાં તેમાં શંકા લાવીને તેના પર મિથ્યાત્વનો આરોપ મૂકે છે.

જાણતાં અજાણતાં મેં પણ કેટલીક શાસ્ત્ર વિરુદ્ધ વાત કરી હશે ! જેમ મૂર્ખ માણસ કાગડો ઉડાડવા માટે રત્ન ફેંકી દે છે તેમ નજીવી વાત પાછળ મેં મારો આખો જન્મ ખોયો છે. જે ધર્મ ભગવંતોએ ભાખ્યો છે તે કયાં ? અને હું જે કરણી કરું છું તે કયાં ? ગધેડો પોતાની પીઠ પર હાથીની અંબાડી કયાં સહન કરી શકે ?

આપે જે ઉપદેશ આપ્યો છે તે પ્રમાણે આચરણ કરવું અઘરું છે એમ લોકો જાણે છે, પણ હું માત્ર મારા પ્રમાદીપણાને લીધે જ તેમ નથી કરતો. કવિએ અહીં માસાતુસનું દૃષ્ટાન્ત આપ્યું છે.

અનેક ભવના ફેરા ફરતાં ફરતાં મેં જે ત્રણ રત્નો મેળવ્યાં તે પણ મારા પ્રમાદને લીધે મેં કયાંક પાડી નાખ્યાં છે. હવે હું કયાં જઈને એને માટે પોકાર કરું ? હું ઉત્કૃષ્ટ ક્રિયા કરું છું. ઉગ્ર વિહાર કરું છું. પરંતુ મારો જીવ ધીરજ ધારણ કરતો નથી. એ તો સંસારની વાસનાઓમાં જ રચ્યોપચ્યો રહે છે,

મને મારી કોઈ ખરાબ વાત કરે તે ગમતું નથી, પરંતુ પારકાંની નિંદા કરવામાં મારાં રાત દિવસ પસાર થઈ જાય છે. ધર્મક્રિયા કરતાં આળસ આવે છે. પરંતુ ધર્મ વિના પ્રવૃત્તિઓમાં રચ્યો પચ્યો રહીને અંતે નરકમાં ચીસાચીસ કરવા લાગીશ. મારામાં ન હોય તેવા ગુણ જો કોઈ મને કહે છે તો હું ખૂબ હરખાઉં છું, પરંતુ કોઈ એ સાચી શિખામણ આપી હોય તો મને રીસ ચડે છે.

મેં જે કંઈ જ્ઞાન મેળવ્યું તેનો ઉપયોગ વાદવિવાદમાં અને ઉપદેશ આપવા માટે કર્યો, પરંતુ મને પોતાને એ જ્ઞાનથી વૈરાગ્ય ન થયો, તો હવે હું કેમ કરીને ભવસાગર તરી શકીશ ? સૂત્ર સિદ્ધાંત વખાણતાં અને કર્મનું રહસ્ય સાંભળતાં મારા વાનર જેવા મનમાં ક્ષણેક વૈરાગ્ય ઊપજે છે. હે ભગવંત, તમારી હાજરીમાં હવે હું મન વચન અને કાયા એ એમ ત્રિવિધ રીતે વ્રત લઉં છું. એમાં હવે કોઈ જાતની છટકબારી રાખતો નથી.

મેં મારા સુખને માટે ઘણા ઘણા ઉપાયો કર્યા, પરંતુ અન્ય જીવની રક્ષા ન કરી અને તેમને દેવાની દયા પર છોડી દીધા. વાચન દોષ, અસત્ય વચન, અનર્થ દંડ વગેરે આચરીને મેં વ્રત ભાંગ્યાં. વગર આપ્યું લઈને અદત્તાદાનના દોષ મેં એટલા બધા વહોરી લીધા છે કે જે ગણતાં પાર ન આવે. વળી આપ તો જાણો છો કે મારો ચંચળ જીવ રમણીના રૂપમાં અને કામવાસનામાં રાચે છે, માયામાં સપડાયો છે, અધિક લોભ કરે છે પરિગ્રહ મૂકતો નથી. રાત્રિભોજનની લાલચને લીધે એ દોષ પણ મને લાગ્યો છે. મેં મારૂં મન મોકળું; છૂટું મૂકી દીધું છે. ધર્મમાં સંતોષ માન્યો નથી, અને આ ભવ અને પરભવમાં ચોરાસી લાખ જીવોને દુભવ્યા છે, એ મારાં દુષ્કૃત્યો માટે ક્ષમા માગું છું. પંદર કર્માદાન અને અઢાર પાપસ્થાન જે મેં સેવ્યાં છે તે હે માબાપ! માફ કરો.

હે ભગવાન! મારી શ્રદ્ધા છે એ મારો મોટામાં મોટો આધાર છે. જિનધર્મ મને દૂધમાં સાકરની જેમ મનથી ગમે છે. હે ઋષભદેવ! શત્રુંજય ગિરિના શણગાર! મેં મારાં પાપની આલોચના કરી છે. જિનધર્મનો એ મર્મ છે કે પાપની આલોચનાથી અને તે માટે ક્ષમા માગવાથી તે પાપ દૂર થાય છે. હે પ્રભુ! તમે જ મારા સર્વસ્વ છો. એક તમારો જ મને આધાર છે. તમારી આજ્ઞા હું માથે ધરું છું અને ભવોભવ તમારી જ સેવા કરવા ઇચ્છું છું.

અંતમાં કલશની પંક્તિઓમાં પોતાના ગુરુ જિનચન્દ્રસૂરિ અને સકલચન્દ્ર ગણિનું સ્મરણ કરી કવિ કહે છે કે આ રીતે શત્રુંજય તીર્થ ચઢી નાભિનંદન જિનેશ્વરનાં ચરણને અમે ભેટ્યા અને એમની સમક્ષ હાથ જોડી અમારાં પાપની આલોચના કરી.

૪. નન્નસૂરિ

શ્રી ઋષભદેવ સ્તવત (પૃ. ૫૨)

સુરતરુ–કલ્પતરુ; **ભર**–સમૂહ રૂખ–વૃક્ષ; **પેખીય**–જોઈને; **સાસય**–શાશ્વત; **ઉમાહો**–ઉમંગ; **પુહતલાં**–પૃથ્વીતલને વિશે;

શ્રી શત્રુંજય તીર્થ મોટું અને રળિયામણું તીર્થ છે. એ તીર્થના રાજા શ્રી આદિનાથ ભગવાન પાપનો નાશ કરવામાં મોટા ભડવીર છે. ઘણા દિવસથી મારા મનમાં એ તીર્થની યાત્રા કરી ભવનો લ્હાવો લેવાની ઈચ્છા હતી. શ્રી આદેશ્વર ભગવાન નવ્વાણુ વખત આ શત્રુંજય તીર્થ પર આવેલા. ત્યાં મને પણ પાંખ વડે જાણે ઊડીને જાઉં એવી ઈચ્છા થાય છે. કલ્પતરુની જેમ રાયણનાં પગલાં મનની બધી આશા પૂર્ણ કરે છે અને એ પગલાં જોઈને મારાં બધાં દુઃખ ચાલ્યાં ગયાં છે. શ્રી આદીશ્વર ભગવાનનું જીવન જોતાં હૈયામાં ઘણો આનંદ થાય છે. હે પ્રભુ! મારું મન બધે ભમી ભમીને હવે તમારામાં લીન થયું છે.

શ્રી ઋષભદેવ પ્રભુના ગણધર પુંકરીક સ્વામી પાંચ કરોડ મુનિવરો સાથે આ તીર્થ પર ચૈત્રી પૂનમને દિવસે મોક્ષે ગયા હતા માટે તે પુંડરીકગિરિ કહેવાય છે. શ્રી નાભિનાથ અને મરૂદેવી માતાના પુત્ર શ્રી આદિનાથ ભગવાનની કરોડો દેવો સેવા કરે છે. કવિ નન્નસૂરિ કહે છે કે એ આપણા પિતાની પાસે બાળકની જેમ આપણે શાશ્વત સુખની સુખડી મનના ઉલ્લાસથી માંગીએ.

શ્રી શાંતિનાથ સ્તવન (પૃ. ૫૩)

તિહું અણુ-ત્રિભુવન, ત્રણે ભુવનમાં; ચક્કા હિવ તણી-ચક્રવર્તીની; તૃણુ-ઘાસ;

આ સ્તવનમાં કવિ દહીઊદ્રાપુરના શ્રી શાંતિનાથ તીર્થંકરની પ્રતિમાની સ્તુતિ કરે છે. કવિ કહે છે, શ્રી શાંતિ જિનેશ્વરની મૂર્તિ જોતાં નયન ધરાતાં નથી. એવા સ્વામીને હું શિર નમાવીને વંદન કરું છું. એમનો આજે જગતમાં ઘણો મોટો મહિમા ગાજે છે. એમના નામથી બધાં વિઘ્નો ભાગે છે. એમનો ડંકો ત્રણે જગતમાં વાગે છે. ચક્રવર્તીપદ ભોગવનાર શાંતિનાથ ભગવાને ઉત્તમ ભોગ ભોગવી ત્યાર પછી તેને તણખલાની જેમ છોડી દઈ, મોહના બન્ધનું ખંડન કરી,

તીર્થંકરની પદવી પ્રાપ્ત કરી અને યોગ્ય સમયે તેઓ મોક્ષે સિધાવ્યા. એવા સોલમા જિનેશ્વર શાંતિનાથને દરેક ભાવિક જણ પ્રણામ કરો. એમને હું પાયે લાગું છું અને બીજું કંઈ ન માગતાં એમની સેવા જ માગું છું.

શ્રી નેમનાથ સ્તવન (પૃ. ૫૪)

ઉજ્જલિગિરિ–ગિરનાર; નિમ્મલ–નિર્મળ; સાંમલો–શ્યામલ વર્ણના; દૂમે–ચૂરા કરે, દૂર કરે; રાયમઈ–રાજિમતી–રાજુલ; મનમથ–કામદેવ; પંજરૂ–પિંજર; સાયર–સાગર.

આ સ્તવનમાં કવિ નન્નસૂરિએ શ્રી ગિરનાર પરના શ્રી નેમિનાથ ભગવાનની સ્તુતિ કરી છે. કવિ કહે છે અમે ગિરનાર જઈશું અને એ તીર્થ પર જઈને નિર્મળ થઈશું. બાવીસમા નેમિજિણુંદ મારા હૈયાનો વીસામો છે. જે માણસ નિર્મળ પ્રેમથી નેમિજિનેશ્વરને પૂજે છે તે પોતાના કર્મના મળનો ચૂરો કરે છે અને મુક્તિ રૂપી રમણીને પ્રાપ્ત કરે છે. પ્રભુએ રાજિમતીને છોડીને કામદેવને જીતી ઉજ્જવલગિરિ પર જઈને એક મનથી ચારિત્ર્ય લીધું છે. તેમણે પશુઓના જીવોને ઉગાર્યા છે અને અનેક ભવિજનોને તાર્યા છે. એમની પાસે શરણાગતિ લેનાર માટે તેઓ વજ્રના પિંજર સમાન બને છે. એટલે કે પછી કોઈ શરણાગતને બહારના દુશ્મન તરફથી કશી આંચ આવતી નથી. માટે હે પ્રભુ! તમારી સેવા કદી હું મૂકીશ નહિ. કરુણાના સાગર, તમે મારા પર કૃપા કરી મારો ઉદ્ધાર કરો!

શ્રી પાર્શ્વનાથ સ્તવન (પૃ. ૫૪)

પાસ–પાર્શ્વનાથ.

આ સ્તવનમાં કવિ ખંભાતના સ્થંભન પાર્શ્વનાથ પ્રભુની સ્તુતિ કરે છે. કવિ કહે છે કે ખંભાત નગરની શોભારૂપ ત્રેવીસમા જિનેશ્વર શ્રી પાર્શ્વનાથનું સ્મરણ કરતાં નવ નિધાન પામીએ છીએ. એ પ્રભુનું સ્મરણ કરનારને ધરણેન્દ્ર અને પદ્માવતી હાજરાહજૂર થાય છે. અને

એને મનભાવતી અખૂટ રિદ્ધિસિદ્ધિ મળે છે. આ કળિયુગમાં બીજા દેવતાઓનો મહિમા ઓછો જણાય છે. આ જગતમાં અઢારે વર્ણે સ્તંભન પાર્શ્વનાથને માને છે. એવા પાર્શ્વજિણંદ સેવકનો ઉદ્ધાર કરો.

શ્રી વીર જિન સ્તવન (પૃ. ૫૫)

પુરવર-ઉત્તમ નગર; અવદાત-વૃતાન્ત :

આ સ્તવનમાં કવિએ સાચોરના શ્રી મહાવીર પ્રભુની સ્તુતિ કરી છે. કવિ કહે છે કે સાચોર ઉત્તમ નગર છે અને જેના યશનો વૃત્તાંત ઘણો મોટો છે. જેણે બાવન વાર હમીરને જીત્યા છે એ સાચોરના ચોવીસમા તીર્થંકર મહાવીર સ્વામીને હું નમન કરું છું. હે પ્રભુ! તમે ગુણના ભંડાર છો. હું તમારા ગુણનો પાર કેવી રીતે પામી શકું? પ્રભુ! હમણાં તમારું શાસન ચાલે છે, જે વડે ભવની તૃષા છીપે છે. જે નરે ઈન્દ્રિય રૂપી એટલે કે સદ્ક્રિયારૂપી કચોલા વડે એ જલ નથી પીધું તેનો માણસ ભવ એળે ગયો છે. હે પ્રભુ! અમારા પર રહેમ નજર રાખી અમીના છાંટણાં છાંટો કે જેથી અમારું કાર્ય સિદ્ધ થાય.

હું તમારી પાસે વારંવાર એક જ વસ્તુની યાચના કરું છું કે તમારી હું સેવા કરું અને એ સેવા મારા મનને ઉલ્લાસ આપે.

આમ, કવિ નન્નસૂરિએ પાંચે તીર્થના જિનેશ્વરોની આ પ્રમાણે સ્તુતિ કરી છે.

૫. શ્રી જિનરાજસૂરિ

શ્રી ઋષભજિન સ્તવન (પૃ. ૫૭)

મધુકર-ભમરો; મકરંદ-મધ; અરવિંદ-કમળ; તીખા-તીક્ષ્ણ; કંટક-કાંટા; અલવિ-ભમરો; આવેદાય-સહન કરે; બિકાયે-વેચાય; અણહુતે-સ્વાભાવિક.

કવિ આ સ્તવનમાં કહે છે કે મારો મનરૂપી ભમરો ઋષભ-

નાથના ચરણરૂપી કમળને મોહી રહ્યો છે. એણે એક વખત પ્રભુનાં ગુણરૂપી મધ ચાખ્યું છે માટે તે હવે ઉડાવવા છતાં ઊડતો નથી. રૂપમાં રૂડાં હોય, સુંદર હોય, ત્યાંથી ભમરો ઊડી જતો નથી; એ તો તીક્ષ્ણ કાંટાવાળા કેતકીના છોડ પાસે પણ જાય છે. કવિ કહે છે કે જેનો રંગ બદલાતો નથી એટલે કે જે એકવચની છે તેની પાસે સામેથી દોડીને જવું. પણ જે કામને વખતે જ કરમાય છે એટલે કે કામ પ્રસંગે જ છટકી જાય છે તેનો સંગ ન કરવો ને પારકાના બંધનમાં પડ્યા તે લોકોના હાથે વેચાય છે. જે ધરધરના મહેમાન હોય છે તેને વેઠ જ મળતી હોય છે. છેલ્લી કડીમાં કવિ કહે છે કે એક કરોડ દેવો જિનેશ્વર ભગવાનનાં ચરણ કમળની સેવા કરે છે.

શ્રી શાંતિનાથ સ્તવન (પૃ. ૫૮)

વેદન–વેદના; અવદાત–વૃત્તાન્ત; મહિર–મહેર, કૃપા.

અનંત કાળ સુધી ભવોભવમાં રખડતાં જે વેદના સહન કરી તેની શી વાત કરવી ? બ્રાહ્મણ પણ ગયેલી તિથિ વાંચતો નથી એટલે કે ભૂતકાળને ઉખેડતો નથી. હે પ્રભુ ! તમે પૂર્વ ભવમાં જે રીતે પારેવા પ્રતિ પ્રીતિ દાખવી એ તો તમે જ કરી શકો ! અને માટે જ તમારી એ વાત સાંભળી સહુ કોઈ સેવક તમારી આશા રાખે છે. હું પણ તમારી પાસે એ જ આશાએ આવ્યો છું, માટે મારા પર કૃપા કરો. હે અંતર્યામી, તમે જો મારા અંતરની પીડા ન સમજો તો તમે અંતર્યામી શાના ? જો તમને દુઃખી લોકોને દેખીને તેમના પર દયા ન આવે તો તમે દીનદયાલ શાના ? તમે શરણાગત આવેલા પર માયા ન કરો તો પછી તમારી સેવા કોણ કરશે ? હે પ્રભુ ! જે કોઈ તમારી સેવા કરે છે તેને ત્રિભુવનનું રાજ્ય મળે છે અને વૃક્ષ પ્રમાણે જેમ વેલો વધે તેમ સેવક તમારી સેવા કરી તમારા જેવો બને છે. આ સ્તવનમાં કવિએ પ્રભુને મીઠો ઉપાલંભ આપી પ્રશ્નો કરી સેવકનો ઉદ્ધાર કરવાનું કહ્યું છે.

શ્રી નેમનાથ સ્તવન (પૃ. ૫૮)

તિલ માત્ર-તલ માત્ર.

આ સ્તવનમાં પ્રભુને કવિ પ્રશ્નો કરે છે અને ઉપાલંભ પણ આપે છે. પ્રેમલક્ષણા ભક્તિના કવિઓ નરસિંહ, મીરાં કે દયારામની ઉપાલંભના પ્રકારની કૃતિઓની યાદ અપાવે એવી આ રચના છે. તેમાંયે આ સ્તવનમાં કવિએ નેમિનાથ માટે 'શામળીઆ' શબ્દ વાપર્યો છે જે કૃષ્ણને માટે પણ વપરાય છે. આ આખું સ્તવન કૃષ્ણની પ્રેમલક્ષણા ભક્તિની એક કૃતિ તરીકે મૂકી દીધું હોય તો ખબર ન પડે કે આ એક જૈન કવિના હાથે સરજાયેલી સ્તવનના પ્રકારની કૃતિ છે. કવિ કહે છે, "હે પ્રભુ! હું તમને વંદન કરીને કહું છું કે તમે જો યોગ્ય અવસરે અમારી ખબર અંતર ન પૂછો તો તમે અંતરયામી શાના કહેવાવ? અમે તમારી આગળ ઊભા રહીને સેવા કરીએ છીએ, પણ તમે કેમે કરીને પ્રસન્ન થતા નથી. અમે રાતદિવસ તમારાં ગાન ગાઈએ છીએ, પણ તમે તલમાત્ર પણ ભીંજાતા નથી. જો તમે મને ભવસાગરમાંથી તારો તો તેમાં તમારું શું જાય છે? તમારે ભવ-સાગરમાંથી તારવાનું તમારું બિરુદ સંભાળવા ઝાઝો વિચાર કરવાની જરૂર રહેતી નથી. તમે 'હું તે શું તારી શકું? હું તે વળી કોણ મોટો તારક?' એવો એવો વિચાર કરીને છટકી શકશો નહિ. જો તમે મને છોડશો તો લોકોમાં તમારી વાત થશે.

શ્રી પાર્શ્વનાથ સ્તવન (પૃ. ૫૯)

પુરિસાદાણી-આદરણીય વ્યકિત જેમનું વચન ગ્રહણ કરવા યોગ્ય હોય છે. પાસન-પાર્શ્વનાથ; પરતક્ષ-પ્રત્યક્ષ.

કવિ કહે છે કે 'મને મનગમતા એવા પ્રત્યક્ષ પરચો બતાવનાર પુરુષાદાની પાર્શ્વનાથ મળ્યા છે જે મારી વિનંતી જરૂર સફળ કરશે! હે ભકતજનો, તમે પરિવાર સાથે પ્રભુને ભેટો. આ પાંચમા આરાના કઠિન સમયમાં પ્રભુ કલ્પવૃક્ષ સમાન છે. જો મારા જેવા માનવી

મનમાં સંશય આણે છે તો તેઓ સેવકને સ્નેહ સાથે સમજાવે છે. જે સેવક એમનું યોગ્ય વિચારપૂર્વક સાચા મનથી સ્મરણ કરશે તેને પ્રભુ હાજરાહજૂર થશે. માટે ચોલ મજીઠના પાકા રંગની માફક પરમાત્મા સાથે પ્રીતિ કરો.

શ્રી મહાવીર જિન સ્તવન (પૃ. ૬૦)

ચરમ–છેલ્લા; પડિબોહતો–પ્રતિબોધતો; પરતક્ષ–પ્રત્યક્ષ; મેલવ્યો–મેલ્યો, મોકલ્યો; આપ સમાનો–તમારા જેવો.

આ સ્તવનમાં કવિ જિનરાજસૂરિ કહે છે કે ભાવિકજનોને ઉપદેશ આપતા અને સાધુઓના પરિવાર સાથે ગામેગામ વિચરતા છેલ્લા તીર્થંકર શ્રી મહાવીર સ્વામી મોક્ષધામ તરફ સિધાવ્યા. અને મને તો ક્ષણવાર માટે પણ મળ્યા નહિ એટલે હવે હું એમને કેમ કરીને વિનતિ કરું એની મને મોટી વિમાસણ થાય છે. હવે તેઓ દૂર જઈને રહ્યા છે. ત્યાં આગળ કેમ કરીને જવાય? અને ત્યાં જનાર કોઈ મળતું નથી, કે જેથી એની સાથે કાગળ મોકલી શકાય. હું જે વાત કહું તે તો વીરપ્રભુ દૂરથી પણ સાંભળતા હશે, પણ પાછા તેઓ એનો ઉત્તર નથી આપતા એથી મારા મનમાં હું ઘણો દિલગીર છું. આમ વિચાર કરતાં મારા મનમાં જે શુભ ભાવ પ્રગટ થયો તેથી તમે મને મળ્યા. માટે હવે તમે મને તમારા જેવો બનાવો.

ચોવીસી કળશ (પૃ. ૬૦)

રસના–જીભ; પરત–પ્રત, હસ્તપ્રત; દઉલતિ–દૌલત, સંપત્તિ, સમૃદ્ધિ; પાવઊ–પાવો, પાઓ, મેળવો.

આ પ્રમાણે હૃદયમાં ભાવની ગતિ આણીને અને શુદ્ધ સમ્યકત્વના ભાવથી શ્રી જિનરાજસૂરિએ વર્તમાન જિનેશ્વરોની ચોવીસીની રચના કરી છે. પરમાત્માની મૂર્તિના દર્શન કરીને અને સ્વહસ્તે એમની પૂજા કરીને તથા જીહવાએ કરી એમનાં ગુણગાન ગાઈને નરભવનો લહાવો લઈ લો. પછીની ત્રણ કડીમાં કવિએ પોતાના ગુરુઓની માહિતી

આપી છે અને એમાં આ ચોવીસીની પ્રત પોતાના ગુરુને વંચાવ્યાનો ઉલ્લેખ કર્યો છે.

બાહુબલી સજ્ઝાય (પૃ. ૬૧)

પ્રતિબૂઝવો–પ્રતિબોધ કરવો; મચ્છર–મત્સર; આલોચ–વિચાર, ચિંતન; પ્રાણુ–માન; ડાભ–દર્ભ ઘાસ; ચિડીએ–પંખીએ; નીડ–માળો; તાવડ–તાવ; બિહું–બંને; અલીક–જૂઠું; આરૂઢ–ચઢીને બેઠેલા; ઝૂઝ્યો–યુદ્ધ કર્યું.

પોતાના ભાઈને પ્રતિબોધ આપવા માટે બ્રાહ્મી અને સુંદરી એ બે બહેનો વનમાં આવી ઋષભદેવ પ્રભુનાં વચન બાહુબળીને સંભળાવે છે. તેઓ બાહુબળીને કહે છે કે તમે ગજ પરથી ઊતરો; ગજ પર બેઠાં કેવળ જ્ઞાન પ્રાપ્ત ન થાય. આ સજ્ઝાયમાં પહેલી કડી રાટચાત્મક રીતે શરૂ કરી કવિ પછીની કડીઓમાં બાહુબલીનો આખો પ્રસંગ વર્ણવે છે. બાહુબલીએ ભરતને મારવા માટે મૂઠી ઉગામી હતી તે વખતે એકાએક એમના હૃદયમાં ઉપશમ જન્મતાં, મદ, મત્સર, માયા વગેરે ત્યજતાં તેમણે તે જ વખતે એ જ મુઠ્ઠી વડે માથાના વાળનો લોચ કર્યો. તેઓ કાઉસગ્ગમાં રહ્યા, પણ મનમાં એક વિચાર આવ્યો કે પોતાનું માન છોડીને નાના બંધુઓને કેવી રીતે વંદન કરાશે? તેમણે કાઉસગ્ગ ધ્યાને રહી ઉગ્ર તપ કર્યું તેમાં શરીરે વેલાઓ વીંટાયા, કાનમાં પંખીઓએ માળા ઘાલ્યા, પગમાં દર્ભ ઘાસની અણી વાગવા લાગી, પણ તેઓ ધ્યાનમાંથી જરા પણ ચલિત ન થયા. આમ એક વર્ષ તેમણે ખૂબ તાપ અને ભૂખ સહન કર્યાં. તે વખતે બ્રાહ્મી-સુંદરીનાં વચન કાને પડે છે અને તેમને સમજાય છે કે પોતે દ્રવ્ય ગજનો ત્યાગ કર્યો છે પણ ભાવગજ ઉપર તો હજી બેઠેલા જ છે. માટે અભિમાન ત્યજી લઘુબંધુઓને પણ વંદન કરવાં જોઈએ. આ વિચાર સ્ફુરતાં જ બાહુબલીને કેવળજ્ઞાન પ્રાપ્ત થયું. અહીં કવિએ કલ્પના કરી છે

આટલા દિવસ સુધી કેવળજ્ઞાન ઊપજ્યું નહિ કારણ કે તે બાહુબલીના પગ નીચે હતું. તે પગ ઊંચો થતાં તે પ્રગટ થયું. આમ પ્રથમ યુદ્ધ કરી પછી પ્રતિબોધ પામી કેવળજ્ઞાન મેળવનાર એવા શ્રી સોભાગી બાહુબલીનાં ગુણગાન ગાતાં શ્રી જિનરાજસૂરિ પોતાને મોટા ભાગ્યશાળી માને છે.

૬. શ્રી ભાવવિજય ઉપાધ્યાય

શ્રી ઋષભજિન સ્તવન (પૃ. ૬૪)

આ સ્તવનમાં કવિએ શ્રી ઋષભનાથ ભગવાનનાં માતાપિતા, લાંછન, આયુષ્ય, દેહ, નગરી, વંશ, ગોત્ર, રાણી, પુત્રો, યક્ષ, દેવી વગેરેનો પરિચય આપ્યો છે. કવિ કહે છે કે ઋષભદેવ ભિક્ષા માગનાર પ્રથમ મુનિવર હતા, કેવળજ્ઞાન પામનાર પણ તેઓ જ પહેલા હતા. આ અવસરપિણિ કાળમાં તીર્થંકર પદ પામનાર પણ તેઓ જ પહેલા હતા. એવા તીર્થંકર, ત્રણે ભુવનના રાજવીના ચરણની દેવો અને મનુષ્યો બધાં જ સેવા કરે છે. એવા પ્રભુનું શરણ સ્વીકારીને એમની સેવા કરનારની એ કામધેનુની જેમ મનકામના પૂરી કરે છે.

શ્રી શાંતિનાથ જિન સ્તવન (પૃ. ૬૫)

અસરાલા–મોટું; જીપે-જીતે; સચરાચર–જગત.

આ સ્તવનમાં કવિશ્રી ભાવવિજયજી ઉપાધ્યાય શ્રી શાંતિનાથ જિનેશ્વરનાં માતાપિતા, લંછન, વંશ આયુષ્ય, દેહમાપ, યક્ષ, દેવી વગેરેનો પરિચય આપી, એમનું માહાત્મ્ય વર્ણવતાં કહે છે કે એવા પ્રભુની સેવા કરતાં આપણે વિશાળ લબ્ધિ પામીએ છીએ.

શ્રી નેમનાથ સ્તવન (પૃ. ૬૬)

વરણ–વર્ણ, વાન; તુંગ–ઊંચું, ઊંચો; મંડન–શોભા; નંદનવન–સ્વર્ગનું ઉપવન; સહસ–સહસ્ત્ર, હજાર; સંવત્સર–વર્ષ; જીવિત–આયુષ્ય; મનમથ–કામદેવ; અણગાર–સાધુ; દિવાકર–સૂર્ય.

બાવીસા તીર્થંકર શ્રી નેમિનાથની સ્તુતિ કરતાં કવિ કહે છે,

" નેમિનાથ મારા મનમાં, અરે મારા આખા જીવનમાં વસેલા છે. તેઓ તો હરિવંશ રૂપી મેરૂ પર્વતની શોભા જેવા યદુવંશના નંદન-વનમાં ઊગેલા કલ્પવૃક્ષ સમાન છે, જેની પ્રશંસા દેવો અને મનુષ્યો પણ કરે છે. કવિ બીજી અને ત્રીજી કડીમાં નેમિનાથનાં માતાપિતા, ગામ, દેહ, વાન, આયુષ્ય, લંછન, યક્ષ, દેવી વગેરેનો પરિચય આપે છે. વિશેષમાં કવિ કહે છે કે આ નેમિનાથ જિનેશ્વરે, જેમ હિમ સૂર્યના તાપને ઘટાડે છે તેમ શ્રીકૃષ્ણના બલનો મદ ઉતાર્યો હતો. પ્રભુએ કામદેવનાં બાણને તોડી કરોડો ભાવિકજનોને પ્રતિબોધ આપ્યો હતો. અંતમાં કવિ પ્રાર્થે છે કે રાજિમતિના મનરૂપી કમળને વિકસાવનાર સૂર્ય જેવા કરુણા રસના ભંડાર શ્રી નેમિજિનેશ્વર આપણને મનવાંછિત ફળ આપો.

શ્રી પાર્શ્વનાથજી સ્તવન (પૃ. ૬૭)

સાયર–સાગર; સિનગારે–શોભાવે; વરન–વર્ણ, વાન.

તેત્રીસમા તીર્થંકર પાર્શ્વનાથ પ્રભુની સ્તુતિ કરતાં કવિ કહે છે કે ભક્તજનના આધાર રૂપ પુરુષાદાની પ્રભુ પાર્શ્વનાથ આપણને ભવસાગરની પાર ઉતારનાર છે. અશ્વસેન રાજા અને વામાદેવીના પુત્ર એવા પ્રભુ કુલને શોભાવનાર તથા ઈક્ષ્વાકુકુલ વંશના ઉદયગિરિ પર સૂર્યની જેમ પ્રગટી અવગુણ રૂપી અંધકારનો નાશ કરનાર છે. ત્રીજી અને ચોથી કડીમાં કવિએ એમનાં દેહવર્ણ, દેહની ઊંચાઈ, લંછન, આયુષ્ય, જન્મનગરી, યક્ષ, દેવી વગેરેનો પરિચય આપ્યો છે. છેલ્લી કડીમાં કવિ કહે છે કે કમઠના અભિમાન રૂપી દાવાનલને શમાવી દેનાર વાદળ જેવા અને સુખની સમૃદ્ધિ કરનારા એવા પ્રભુની અમી-દૃષ્ટિને ભાવવિજય કવિ મોર રૂપે ઝીલે છે.

શ્રી મહાવીર જિન સ્તવન (પૃ. ૬૭)

અકલ–ન કળી શકાય એવા; અબીહ–બીક રહિત.

આ સ્તવનમાં કવિ શ્રી મહાવીર પ્રભુની સ્તુતિ કરતાં પ્રભુનાં

માતાપિતા, જન્મસ્થળ, વંશ, આયુષ્ય, દેહ, લંછન, યક્ષ, દેવી વગેરેનો પરિચય આપીને કહે છે કે ઇક્ષ્વાકુ વંશના સરોવરમાં પ્રભુ હંસ સમાન છે. એમના દેહ–વર્ણ વડે એમણે કનક અને કમળ બંનેને જીતી લીધાં હતાં, મતલબ કે એમના દેહનો વર્ણ એટલો બધો સરસ હતો કે જેની આગળ કમળનો કે સોનાનો રંગ ઝાંખો લાગે. આવા વર્તમાન શાસનના નાયકના ચરણની દેવો અને મનુષ્યો સેવા કરે છે.

આમ કવિનાં પાંચે સ્તવનોની રચનાની એક તરી આવતી વિશિષ્ટતા એ છે કે કવિ પોતે દરેક તીર્થંકરનાં લંછન, વર્ણ, માતા-પિતા ઇત્યાદિનો ઉલ્લેખ કરવાનું ખાસ લક્ષ રાખે છે. કળશની પંક્તિઓમાં પણ કવિએ પહેલી ત્રણ પંક્તિમાં આજ વસ્તુઓ ગણાવી છે એ જોતાં માત્ર આ પાંચ જ તીર્થંકર નહિ, પણ ચોવીસે ચોવીસ તીર્થંકરનાં એમણે નામ, ગોત્ર, નગર, વંશ વગેરેનો જ મુખ્ય પરિચય સ્તવનોમાં આપ્યો છે.

શ્રી આનંદવર્ધન

શ્રી ઋષભદેવ જિન સ્તવન (પૃ. ૬૯)

નેહા–સ્નેહ; રયણ–રાત્રી; મેહા–મેઘ.

આ સ્તવનમાં કવિએ પ્રભુ પ્રત્યેની પોતાની શરણાગતિનો ભાવ રજૂ કર્યો છે. કવિ કહે છે, " હે આદિ જિનેશ્વર ! મારે તમારી સાથે સ્નેહ લાગ્યો છે. જેમ ચાતકના ચિત્તમાં મેઘ સદા વસે છે તેમ દિવસ અને રાત તમે મારા દિલમાં વસ્યા છો, માટે મારા પર કૃપા કરો ! હે મરૂદેવી માતાના પુત્ર! જેમ તરસ્યા માણસની તરસ પાણી છિપાવે છે તેમ મારી તરસી આંખોને તમારી નવલ મૂર્તિ શાંત કરે છે. તમે મારા સાહેબ છો, અને હું તમારો દાસ છું. માટે મને દિલાસો આપવા બધું જ કરશો કારણ કે મને તમારી આશા છે.

શ્રી શાંતિનાથ સ્તવન (પૃ. ૯૦)

જલધર–વાદળ; ઓલંબે–ઉપાલંભથી, ઠપકાથી; હેલવ્યા–હેળવ્યા.

આ સ્તવનમાં કવિ કહે છે, "હે પ્રભુ! તમે ભગતવત્સલ છો! મને છોડવાનો તમે વિચાર કરશો, પણ કેમ કરી છૂટાશે? તમારા જેવા સાહેબની સેવા જો નિષ્ફળ જાય તો તેમાં પ્રભુ! તમે જ કહો કે લાજ કોની જાય? એમાં સેવકનું શું જવાનું હતું? તમે તમારા ગુણ દર્શાવીને અમને તમારા તરફ વાળ્યા છે, એટલે અમે તમારો કેડો કેમ કરીને છોડવાના? જ્યાં વાદળ હોય ત્યાં બપૈયો 'પિયુ પિયુ' કરીને મુખ માંડવાનો જ. જો તમારે મને તમારો પોતાનો ગણવો હોય તો હવે બીજો વિચાર ન કરો. સો વાતની એક જ વાત કે તમે મારી ભવોભવની પીડા દૂર કરો. જેની સેવા કરી શકાય એવો તમારા જેવો બીજો કોઈ નથી.

શ્રી નેમનાથસ્તવન (પૃ. ૭૦)

યોવન-યૌવન; પાહુન-પરોણો; થિર-સ્થિર; જયાન્યો-જાણ્યો; સંગાતી-સંગાથી; ઘરી ઘરી-ઘડી ઘડી, ફરી, ફરી; અલપ-અલ્પ.

કવિ આ સ્તવનમાં કહે છે કે યૌવનરૂપી પરોણાને જતાં વાર લાગતી નથી. ચંચલ યૌવન સ્થિર રહેતું નથી એ શ્રી નેમિજિનેશ્વરે બરાબર જાણ્યું હતું. આ સંસારમાં રહીને જાગૃતાવસ્થા કેળવવી જોઇશે. કારણ કે અંતે તો બધાને મરવાનું જ છે. જે આપણા બાલસંગાથી હતા તે બધા કયાં ગયા? આપણું બાલપણ કયાં ગયું? એ બધું જતાં કેટલી ઓછી વાર લાગી? તેવી રીતે નવો વેશ અને નવું યૌવન મળ્યું હોવાથી બધું નવું નવું લાગે છે, પરંતુ તે બધું ભ્રમને લીધે લાગે છે એ સમજી લેવું જોઈએ. આ દુનિયા પતંગના રંગ જેવી ચંચલ છે. અને માટે જ સંસાર અસાર કહેવાયો છે. સંસાર સ્વપ્ના જેવો મિથ્યા છે માટે માણસે હમેશાં સાવધ રહીને એ સ્વપ્નાનો ભ્રમ સમજવો જોઈએ. છેલ્લી કડીમાં કવિ કહે છે કે તોરણથી પાછા ફરેલા એવા, શ્રી સમુદ્રવિજયના પુત્ર શ્રી નેમિજિનેશ્વરને મારાં વારંવાર વંદન હજો!

શ્રી પાર્શ્વનાથ સ્તવન (પૃ. ૭૧)

આસ–આશા; પાસ–પાર્શ્વનાથ; એકતાર–તલ્લીન; સનેહ–સ્નેહ; મહેર–કૃપા, મહેરબાની.

કવિ આ સ્તવનમાં પોતાના હૃદયનો ભાવ રજૂ કરતાં કહે છે, "મને જીવનમાં હવે આશા લાગી છે, માટે હવે હું પાર્શ્વપ્રભુને એક ક્ષણ પણ છોડવાનો નથી. જ્યાં રાખશો ત્યાં હું તમારું સ્મરણ કરીશ, કારણ કે હું તમારા ચરણનો દાસ છું. મારું દિલ તમારી સાથે એકતાર બની ગયું છે. મારી અંતરની ગતિ માત્ર તમે જ જાણો છો. બીજું કોઇ જાણતું નથી, માટે કોઈ લોક મને દિવાનો ગણશે! હે પ્રભુ! મારે તમારી મહેરબાની જોઈએ છે. કારણ કે મારે તમારી સાથે સ્નેહ છે. બસ, આ જ મારી આપને અરજ છે.

શ્રી મહાવીર જિન સ્તવન (પૃ. ૭૧)

કુંપળ–ખીલતી કળી; આદિત–સૂર્ય.

આ સ્તવનમાં કવિ કહે છે, "હે ત્રિસલામાતાના પુત્ર, મહાવીર સ્વામી! તમે ભવોભવમાં મારા સાહેબ થજો અને હું તમારી સેવા કરીશ. તમારાં વચન સંભારતાં મારો ધર્મ પ્રત્યેનો સ્નેહ વધે છે, તમારાં વચન મારી ધર્મશ્રદ્ધારૂપી વેલને જલસિંચન સમાન બન્યાં છે. જેવી રીતે કુંપળનું પાલન કરવાથી તેનો દેહ પ્રફુલ્લિત થાય છે તેવી રીતે જો તમારાં વચન પ્રમાણે અમે ચાલીએ છીએ તો અમને સારું લાગે છે, અમને લાભ થાય છે, અને અનંત સુખ પામીએ છીએ. માટે તમારી સાથે પ્રીત કરીશું. ચોથી કડીમાં કવિએ ચોવીસીની રચના-સાલ આદિત, કુલગિર, ચન્દ્રમા એ શબ્દો વડે આપી છે. અને છેલ્લી કડીમાં પાતાના ગુરુનો પરિચય આપ્યો છે. આદિત એટલે સૂર્ય એ બાર ગણાવવામાં આવે છે, કુલગિરિ છ ગણાવવામાં આવે છે અને ચન્દ્ર એક ગણવામાં આવે છે: કેટલીક વાર કવિ સીધા ક્રમમાં તો કેટલીક વાર ઊંધા ક્રમમાં આ સંવત લખે છે અહીં છેલ્લેથી લેવાનું

છે. તે પ્રમાણે ચન્દ્ર (૧) કુલગિરિ (૬) અને આદિત (૧૨) બરાબર ૧૬૧૨ થાય છે. એટલે આ ચોવીસીની રચનાસાલ ૧૬૧૨ છે. કવિના પરિચયમાં ચોવીસી રચનાની સંવત ૧૭૧૨ આપી છે તે ભૂલ લાગે છે.

શ્રી અંતરિક્ષ પાર્શ્વનાથ છંદ (પૃ. ૭૨)

તિહું લોક–ત્રણે લોક–વિલોયો–વલોવ્યું; ભમરલો–ભમરોઃ શુક–પોપટ; જંબુ–જાંબુડું; વિષય–કામ વાસના;

કવિ આ સ્તવનમાં શ્રી અંતરિક્ષ પાર્શ્વનાથને ઉદ્દેશીને કહે છે, "હે પ્રભુ! તમારું નામ કેટલું મનોહર, કેટલું મીઠું છે! ત્રણે ભુવનમાં એ સારરૂપ લાગે છે. તમારા નામનું સ્મરણ કરતાં હંમેશાં પાપ નષ્ટ થાય છે માટે મને એનું જ ધ્યાન ધરવાનું ગમે છે. મારું મન દિવસ રાત તમારી પાસે જ વસે છે. તમારા મુખરૂપી કમળ જોવા માટે મારા મનરૂપી હંસ સતત આતુરતા ધરાવી અવાજ કરે છે. જે ઘડીએ તમારાં નયણ નીરખવા મળે છે એ ઘડી ધન્ય બને છે.

અહો, આ સંસાર દુઃખની દોરી જેવો છે. સંસારની ઠગારી ઇન્દ્ર જાલમાં મન મગ્ન બની જાય છે. માટે હે પ્રભુ! મારી તમને વિનતિ છે કે તમે મને એમાંથી ભવપાર તારો, ઉતારો. હું સ્વપ્નની જંજાળમાં મોહી રહ્યો હતો અને એને લીધે મને સમયનું ભાન રહ્યું નહોતું. મેં કેટલો કીમતી કાળ આમ વેડફી નાખ્યો. આમ, સંસારમાં મેં જન્મ ખોયો. ઘીને મેળવવા માટે મેં તો અત્યાર સુધી પાણી જ વલોવ્યા કર્યું. જેમ ભમરો કેસુડાંના ફૂલના ભ્રમથી પોપટની ચાંચ તરફ ઊડ્યો, પરંતુ એથી તો ઊલટું, પોપટે એને જાંબુડું ધારીને ચાંચમાં લીધું અને ગળામાં ઉતારવા જતાં એને દુઃખ થયું. આ રીતે સંસારમાં લાલચમાં પડેલા જીવો ફસાય છે. કવિએ ભમરો અને પોપટનું આ એક ઘણું જ સુંદર અને કવિત્વમય કલ્પનાવાળું ઉદાહરણ આપ્યું છે.

હે પ્રભુ! હું આ ભવમાં સાચો માર્ગ ભૂલીને ખૂબ ભમ્યો છું અને મેં ઘણાં કર્મો બાંધ્યાં છે. દયા ધર્મનો મેં જરા પણ વિચાર કર્યો નથી. મેં તમારી પરમ સુખકારી, નમ્ર વાણીને પણ કદી સંભારી નથી. વિષયરૂપી વેલડીને મેં મીઠી શેલડી સમજીને ખાધી છે, અને તમારી અમૃતમય વાણી ત્યજીને સાંસારિક મોહ તૃષ્ણાનો આશ્રય લીધો છે.

હે પ્રભુ! ભલે કે ભૂંડો એવો હું અંતે તો તમારો દાસ જ છું એમ સમજી મને તમારા રક્ષણ હેઠળ મૂકો. હું કબૂલ કરું છું કે મેં મોટિ અપરાધ કર્યા છે. પરંતુ હવે તમારે શરણે આવ્યો છું માટે શરણાગતની લાજ રાખી મારો અપરાધ ક્ષમા કરજો. આમ, હું આપને વારંવાર વિનતિ કરું છું. હે સ્વામી! આપ મારા જીવન-રૂપી માનસ–સરોવરમાં પરમ હંસ બનીને રહો, અને એ રીતે મારા આત્માને ઉન્નત માર્ગે લઈ જાવ.

પ્રશસ્તિની છેલ્લી કડીમાં કવિ કહે છે કે શ્રી અંતરિક્ષ પાર્શ્વનાથની મૂર્તિનું ભક્તિભાવે ધ્યાન ધરવાથી વિપત્તિ દૂર થાય છે અને સંપત્તિ પામીએ છીએ. જે કોઈ અંતરિક્ષ પાર્શ્વનાથનું સ્તવન કરશે તે હંમેશાં આનંદ મંગલ પામશે.

આ સ્તવન, આ સંગ્રહનાં સ્તવનોમાંનું એક ઉત્તમ સ્તવન છે. કવિની ઊંચી કવિતાશક્તિનું આમાં આપણને સુરેખ દર્શન થાય છે.

૮. જિનહર્ષસૂરિ

જિનહર્ષસૂરિની રચનાઓ ગુજરાતી ભાષામાં નહિ પણ જૂની રાજસ્થાની ભાષામાં છે. એ ભાષાનાં જોમ અને માર્દવ બંનેનું દર્શન એમનાં આ સ્તવનોમાં આપણને થાય છે. આ કવિની રચનાઓ અન્ય કવિઓની સ્તવન–રચનાઓ કરતાં જુદી જ છાપ આપણા મન પર પાડે છે.

શ્રી ઋષભદેવ જિન સ્તવન (પૃ. ૭૪)

સુતારિયે–તારીએ;

કવિ જીવને સંબોધીને કહે છે કે " હે અજ્ઞાની ! તું મિથ્યાત્વમાં શા માટે મોહે છે ? સાચો રસ્તો એ છે કે તું પ્રથમ જિનેશ્વરને ભજ કે જે મોક્ષ સુખ આપનાર છે. ફકત વિષયી કે અભિમાની લોકો જ બીજા દેવોની સેવા કરે છે. પરંતુ જે દેવો પોતે તરી શકતા નથી તે બીજાને કયાંથી તારવાના હતા ? વસ્તુતઃ એ દુર્ગતિની જ નિશાની છે. તરનાર અને બીજાને તારનાર એવા જહાજ જેવા તો મારા પ્રભુ ઋષભદેવ છે એવું જાણીને, હે જીવ ! તું ભવસિંધુ તરી જા.

શ્રી ઋષભદેવ સ્તવન (બીજું પૃ. ૭૫)

પાતિય-પાતક-પાપ; કીરતિ સાર-ઉત્તમ કીર્તિ; જાકી-જેનો; અનૂપ-અનુપમ; ભૂપ-રાજા.

શ્રી ઋષભ જિનેશ્વરનાં દર્શન કરવાથી જ તારાં પાપ દૂર થઈ ગયાં. પ્રથમ જિનેશ્વર રૂપી ચન્દ્ર આ કળિયુગમાં કલ્પવૃક્ષ સમાન છે. દેવો અને ચક્રવર્તીઓ પણ એનો આશ્રય લઈને આનંદ અનુભવે છે. એ પ્રભુનો મહિમા અને એમની ઉત્તમ કીર્તિ એ બંને સંસારમાં ખૂબ વધ્યાં છે. જગતમાં એનો પાર કોઈ પામી શકતું નથી. પાંચમા આરાનાં ભવસાગરમાં જીવનરૂપી જહાજને યોગ્ય સ્થળે આણનાર આ જિનરાજરૂપી દીવાદાંડી આજે પ્રગટ થઈ છે. તેઓ ધર્મની આજ્ઞા પ્રવર્તાવનાર સાચા રાજવી જેવા છે. એમના અદ્‌ભુત રૂપની મનોહર અને અનુપમ છબીને નયણ ભરી ભરીને નીરખવાથી સુખની વર્ષા થાય છે.

શ્રી શાંતિનાથ સ્તવન (પૃ. ૭૬)

દેસન-દેશમાં, નિવસૈ-વસે છે; સોલમ-સોળમા; વિષમ-વિકટ; જાઉનકે-જઈને; મન પેસ-મનપ્રવેશ.

કવિ કહે છે કે જે દેશમાં સોળમા તીર્થંકર વસે છે એ દેશમાં જઈને હું કેવી રીતે સંદેશો પહોચાડું ? કારણ કે ત્યાંનો માર્ગ વિકટ છે, વાંકોચૂંકો છે. જો લાખ ઉપાયે પણ એ દેશમાં હું ચિત્તથી પ્રવેશ [illegible] દર્શન થાય.

શ્રી નેમિજિન સ્તવન (પૃ. ૭૭)

તરણો–હોડી; યદુપતિ નેમિનાથ.

આ સ્તવનમાં કવિ કહે છે કે હે પ્રભુ તમારા નામની બલિહારી હો ! તમારા સિવાય બીજા કોઈનું નામ લેવાની મને ઇચ્છા થતી નથી. તમે આ ભવસાગર તરાવવામાં હોડીરૂપ છો. જે માણસો તમારું નામ લે છે તેઓ જીતે છે. કારણ કે બધામાં તમારું નામ જ મહત્ત્વનું છે. કવિ કહે છે કે શ્રી નેમિનાથ ભગવાનનું નામ લેતાં મારું હૃદય આનંદથી ઊભરાય છે.

શ્રી પાર્શ્વજિન સ્તવન (પૃ. ૭૭)

ભોર ભયો–સવાર થઈ; પરી–પડી; પૂરબ–પૂર્વ; છોરત–છોડે છે; પાસ–પાર્શ્વનાથ; સહસ–સહસ્ર, હજાર; પસરી–પ્રસરી; આસ–કોળિયો; આસ ગ્રહણહું–ચણવા માટે.

આ સ્તવનમાં કવિએ શ્રી પાર્શ્વનાથ પ્રભુની પરિચયાત્મક વિગતો ન આપતાં વહેલી પરોઢમાં પાર્શ્વનાથ પ્રભુનું સ્મરણ કરવાનું કહ્યું છે. સાથે સાથે કવિએ પ્રભાતનું અત્યંત મનોહર, કવિત્વમય વર્ણન કર્યું છે. આ સંગ્રહમાં સાચા કવિત્વની દૃષ્ટિએ જે કેટલીક ઉત્તમ રચનાઓ જોવા મળે છે તેમાં આ કવિનાં સ્તવનોને અને તેમાં પણ વિશેષતઃ આ સ્તવનને અવશ્ય સ્થાન આપી શકાય.

કવિ કહે છે, "જો તું સુખી જીવનની ઇચ્છા ધરાવતો હોય તો સવારમાં વહેલો ઊઠી શ્રી પાર્શ્વનાથ પ્રભુનું સ્મરણ કર. વહેલી પ્રભાતે ચંદ્રનાં કિરણની છબી મંદ પડી છે અને પૂર્વ દિશામાં રવિ કિરણો પ્રકાશવા લાગે છે. ચન્દ્રનાં કિરણો મંદ થવાથી આકાશના તારાઓ અને રાત્રિ પણ ચાલ્યાં જવા લાગ્યાં કારણ કે તેમનો સ્વામી ચંદ્ર આકાશ છોડી રહ્યો છે, એ સમયે સૂર્યનાં સહસ્ર કિરણો ચારે દિશામાં પ્રગટવા લાગ્યાં અને એની સાથે કમળો વિકાસવા લાગ્યાં. પંખીઓ સવાર થતાં ચણવા માટે માળો છોડી ઊડવા લાગ્યાં. કવિ કહે છે કે

તું પણ આળસ છોડી સાહેબને ભજવા લાગ કે જેથી આશા, મનવાંછના ફળીભૂત થાય.

શ્રી મહાવીર જિન સ્તવન (પૃ. ૭૮)

મહિર–કૃપા; આરતી–દુખ.

આ સ્તવનમાં કવિ કહે છે, ' હે પ્રભુ ! આપ મારા પર મહેર કરો અને મારાં દુઃખ દૂર કરો. મને તમારો સેવક જાણી મારા ઉપર પ્રેમ રાખો. તમે તો કૃપા કરવામાં લોભી થઈને બેઠા છો, પરંતુ હું તો ખરેખર ખૂબ લાલચુ છું. તમે લોભ કદાચ છોડશો પણ મારી લાલચ હું નહિ છોડું. માટે હે પ્રભુ ! ગરીબનો ઉદ્ધાર કરો.

શ્રી મહાવીર જિન સ્તવન બીજું (પૃ. ૭૮)

એસો–એવો; ખુનો–ખૂંચી રહ્યો; નિજ–પોતાનો; અશુચિ–ગંદકી, અપવિત્રતા, અશુદ્ધિ; સહેવો–સહન કરવું; સોઈ–એ, છુરાઈ–છોડાવી; સરભરિયો–પુષ્કળ, સરોવર ભરાય એટલું; લોઇ–લોક; હિયામેં–હૈયામાં;

હે પ્રભુ! મેં જાણ્યું નહિ કે ભવદુઃખ આવું હોય છે. અત્યાર સુધી હું મોહમાયામાં મગ્ન બની ખુંચી રહ્યો હતો, અને એ રીતે હું મારો આ ભવ હારી ગયો. મેં મારો ભવ એળે ગુમાવ્યો. હવે તો ફરીથી જન્મ, મરણ અને ગર્ભવાસની એ જ ગંદકી મારે સહન કરવાની આવી. ભૂખ, તરસ અને પારકાને વશ રહેવાનું બંધન–બધું જ કષ્ટ ફરીથી ભોગવવાનું આવ્યું.

હે પ્રભુ ! આ દુઃખમાંથી મને કોઈજ છોડાવી શકયું નહિ. એ જાણીને હું તો પુષ્કળ રડ્યો છું. જગતની બધી સગાઈ તો માત્ર દગાઇ છે. બધા જ લોકો સ્વાર્થી અને જૂઠા છે, માટે મેં એક આપનું જ શરણ હૈયામાં સ્વીકાર્યું છે.

કળશની પંકિતઓમાં કવિ કહે છે કે ચોવિસે જિનેશ્વરો સુખ-

દાતા છે. એમની કીર્તિ માં ભાવ ધરીને, મનને સ્થિર અને શુદ્ધ કરીને ગાઈ છે. એ જિનેશ્વર પ્રભુનાં નામ કલ્પવૃક્ષ બરાબર છે એથી સુખનાં ભંડાર પામી શકાય છે. એ ચોવીસે પ્રભુનાં સ્તવન ભિન્ન ભિન્ન રાગમાં લખ્યાં છે તે ચતુરાઈથી સૌ ગાએા. શ્રી સોમગણિ ગુરુની કૃપા પામીને, નિર્મળ મતિ હૃદયમાં રાખીને જિનહર્ષસૂરિએ આ રચના કરી છે તે પ્રભુના વરદાનરૂપ બની છે.

૯. શ્રી જિનરત્નસૂરિ

શ્રી ઋષભજિન (પૃ. ૮૦)

સુમરી–સ્મરીને, સ્મરણ કરીને; યુગલા ધરમ–યુગલિક કાળનો ધર્મ; સામી–સ્વામી; ઉપસમ–ઉપશમ, શાંત; પાતક–પાપ; પદનલિન–પદપંકજ, ચરણરૂપી કમળ.

આ લઘુ રચનામાં કવિ કહે છે કે યુગલિક ધર્મના અંતે નવા યુગનો આરંભ કરનાર એવા ઋષભદેવ ભગવાનનું સ્મરણ કરવાથી, એમનું દર્શન કરવાથી દિવસ સફળ થાય છે. તેઓ ઉપશમરૂપી રસના સાગર જેવા હોવાથી આપણા પાપરૂપી મલને દૂર કરે છે. કવિ કહે છે કે ભમરા માટે જેમ કમળપુષ્પ રસિક બને છે તેમ આપણને પ્રભુના ચરણરૂપી કમળ હંમેશાં રસિક લાગે છે.

શ્રી શાંતિનાથજી ગીત (પૃ. ૮૦)

મોરઈ–મારા; જસુ–જેનો; સોહઈ–શોભે છે. કસવટ્ટ–કસોટીનો પત્થર; કસિયઉ–કસેલું. ઉછરંગ–ઉમંગ; ઉલસિયઉ–ઉલ્લાસ અનુભવાય છે.

આ લઘુ ગીતમાં કવિ કહે છે કે વિતરાગ પ્રભુ મારા મનમાં વસેલા છે. એવા સોલમા તીર્થંકર શાંતિનાથ પ્રભુનો અનુપમ દેહ કસોટીના પત્થર ઉપર જેમ સુવર્ણનો લિસોટો શોભે તેમ શોભે છે અને તે જોઈ, એવા પરમ ઉપકારી પ્રભુનું સ્મરણ થતાં અમે

અંગમાં ઉલ્લાસ વ્યાપી જાય છે. કવિ કહે છે કે એવા તીર્થંકરની મન, વચન અને કાયાએ કરી સેવા કરવાનો રસ જામે છે.

શ્રી નેમિનાથ ગીત (પૃ. ૮૧)

સોહણુ-શોભિતા. જલ લિયઉ-વ્રત લીધું; આપણુ-આપ, તમે; નિરબંધન હૂંયઉ-બંધન મુક્ત થયા એટલે કે મોક્ષે સિધાવ્યા; પરિયણુ-પરિવાર; સોહમ્-આત્મા.

આ ગીતમાં કવિ નેમિનાથ ભગવાનને વંદન કરીને તેમના શ્યામ, મનોહર દેહનું વર્ણન કરે છે અને કહે છે કે 'હે પ્રભુ! આપે પશુઓને બંધનમાંથી છોડાવ્યાં એટલું જ નહિ આપ પોતે પણ સંસારરૂપી બંધનમાંથી મુક્ત થયા. આપે પરિવારને સમજાવી, વરસીદાન આપી સંયમ વ્રત લીધું. અને રાજિમતીનો ત્યાગ કરી કેવલજ્ઞાનરૂપી લક્ષ્મી પામ્યા. અને એ રીતે આપે પરમ સુખ આપનાર અવિચલ પદ પ્રાપ્ત કર્યું.

શ્રી પાર્શ્વનાથ ગીત (પૃ. ૮૨)

કીનઉ-કર્યું; તિલ ભરિ-તલ ભાર પણુ; પ્રવહણુ-વહાણુ;

આ ગીતમાં કવિ શ્રી પાર્શ્વનાથ પ્રભુને ઉદ્દેશીને કહે છે, "હે પ્રભુ! તમારી આજ્ઞા માથે ચડાવી હું મનવાંછિત સુખ પામું છું અને સદ્કાર્યોનો ભંડાર ભરું છું. અશરણના શરણ એવા તમારું શરણ મળવાથી અને આપની કૃપાદૃષ્ટિ મળવાથી હવે મને પાપ કે નરકની તલભાર પણ બીક લાગતી નથી. આપની કૃપાથી જાણે ભવસાગર તરવાને નાવ મને મળી હોય એમ લાગે છે. હે પ્રભુ! હું હવે તમારું શરણ છોડીને બીજાને નાથ નહિ કરું."

શ્રી મહાવીર ગીત (પૃ. ૮૨)

મેરઈ સામી-મારા સ્વામી; હીયડઉ-હૈયું; હેજઈ-હેતથી; સતી-સાથે; અવિહડ-અભગ્ન, અખંડિત, સતત; જગીસઈ-જગીશ. સુપસાય-સુપ્રસાદ-કૃપા; આરતિ-આર્ત ધ્યાન; દુઈ-બે; પરિહરિ-છોડી.

કવિ કહે છે કે વીર પ્રભુનાં જ્યારે દર્શન થાય છે ત્યારે હૈયું હેતથી ભરેલું જ દેખાય છે. પ્રભુ સાથે મારે પરમ વિશ્વસાથી ધર્મ-પ્રીતિ લાગી છે. શાસન નાયક હે વીર પ્રભુ! હું તમારી આણ માથે ધારણ કરું છું.

કલશની પંક્તિઓમાં કવિ કહે છે કે જે માણસો ચોવીસે જિનવરોની સ્તુતિ ભાવથી ગાય છે તેઓ પોતાનાં મનવાંછિત ફલ પ્રાપ્ત કરે છે. ખરતર ગચ્છના શ્રી જિનરાજસૂરિ ગુરુની કૃપાથી હે પ્રભુ! રાત અને દિવસ તમારા ગુણ ગાવાનું મનને ગમે છે. હે સ્વામી! દિવસે દિવસે તમારા સાંનિધ્યનો અધિક લાભ મળે છે અને તેથી આર્ત અને રૌદ્ર એ બે ધ્યાન છોડીને નિત્ય ધર્મધ્યાનમાં મગ્ન બની જાઉં છું.

૧૦ વિનયવિનય જી

શ્રી ઋષભદેવનું સ્તવન (પૃ. ૮૭)

સેહર–શેખર, મુગટ; નિવાજિયા–પ્રતિબોધ આપ્યો;

આ સ્તવનમાં કવિએ સકળ કળા શીખવનાર, વ્યવહાર પ્રવર્તાવનાર, યુગલા ધર્મ નિવારનાર; નમિ-વિનમિને વિદ્યાવંત કરનાર, બાહુબલીને પ્રતિબોધ આપનાર મરૂદેવી માતાના પુત્ર અને શત્રુંજય તીર્થના શિખરની શોભારૂપ એવા આદિનાથ પ્રભુની સેવા કરવાનો ઉપદેશ આપ્યો છે.

શ્રી ઋષભદેવ જિન સ્તવન (પૃ. ૮૭)

સુત–પુત્ર; સમરણે–સ્મરણે;

આ સ્તવનમાં પણ કવિ કહે છે કે વિમલગિરિ (શ્રી શત્રુંજય) પર બિરાજતા શ્રી આદિનાથ ભગવાનનું સ્મરણ પ્રાતઃ સમયે કરતાં સર્વ પાપ નાશ પામે છે અને મનવાંછિત રિદ્ધિસિદ્ધિની પ્રાપ્તિ થાય છે.

શ્રી શાંતિનાથ સ્તવન (પૃ. ૮૮)

ઘન–વાદળ; સહસ્ર–હજાર; પરચંડ–પ્રચંડ, મોટો; સમીર–પવન; જલધર–વાદળ. અવિહડ–મોટું.

આ સ્તવનમાં કવિએ સોળમા તીર્થંકર અને પાંચમા ચક્રવર્તી શ્રી શાંતિનાથ ભગવાનની સ્તુતિ કરી છે. કવિ ઉપમા આપે છે કે જેમ મોટા પવનથી ઘોર વાદળાંઓ હટી જાય છે અથવા જેમ વાદળનાં પાણીથી દાવાનલ શમી જાય છે તેમ શ્રી શાંતિનાથ પ્રભુની સેવાથી વિઘ્ન રૂપી વાદળ દૂર હટી જાય છે અને દુઃખરૂપી દાવાનલ શમી જાય છે.

શ્રી નેમનાથ સ્તવન (પૃ. ૮૮)

પહોતાં–પહોંચતાં; નિરવાણી–નિર્વાણ, મોક્ષ; પસાય–કૃપા; નાણી–જ્ઞાની; વરાંસો–વિચાર કરો; તરાંસો–ત્રાસ; મામ–આબરૂ; ઉજાણી–ઉર્જ્જયલગિરિ;

આ સ્તવનમાં રાજુલ કહે છે, હે નેમનાથ, હું તમારી દાસી છું. માટે તમે વાત વિચારી જુઓ. મને છોડીને ચાલી જવાથી જગતમાં તમારી હાંસી થશે.' આમ કહેતી રાજુલને જ્ઞાની નેમનાથનો મેળાપ થાય છે અને બંને મોક્ષગામી બને છે.

શ્રી નેમનાથ સ્તવન–બીજું (પૃ. ૮૯)

છેહ–અંત; પરવાલડી–પરવાળુ; ચિગટ–તેલ, ઘીના અર્થમાં; આછિ–છાશ; લાછાં–હથેળીમાં કે પગને તળિયે લીમડાના પાનથી છાશ છાંટી પછી તાવેતાથી ડામ પાડી ચિકિત્સા કરવી તે.

શ્રી વિનય વિજયજીનું આ ખરેખર એક ઉત્તમ સ્તવન છે, કારણ કે કવિએ આમાં પોતાની કલ્પનાથી કેટલાંક સરસ મૌલિક દૃષ્ટાન્તો આપ્યાં છે. રાજુલ કહે છે, 'હે સ્વામી! તમારો રથ ફેરવવાનું માંડી વાળીને આ બાજુ પધારો. જો તમારે એમ પાછા જ

ચાલ્યા જવું હતું તો મને શું કામ આવડી આશા આપી? હે સ્વામી! ભોજનથાળ પોરસીને પાછી ન ખેંચી લઈએ. છોડને પાણી સિંચીને પછી એનું મૂળ ન ઉખાડી લેવાય. માણસને ખભે ચડાવીએ પછી એને ભૂમિ પર ન નાખી દેવાય એને તેવી રીતે કોઈ વસ્તુને ઘોઈએ તો પછી એને ધૂળથી ન ભરાય.' ચીકાશવાળા પદાર્થ એટલે કે ઘી, તેલ વગર કેવી રીતે કોઈ વસ્તું તળી શકાય?

'હે સ્વામી! જેનો આદિ-આરંભ ન હોય તેનો અંત કયાંથી હોય? જે પરણેલાં ન હોય તેને વૈધવ્ય કયાંથી હોય? પ્રેમ વિના રોષ કયાંથી હોય? પાણી વિના પરવાળું કેવી રીતે વિંધાય? લુગડાં ભીનાં ન હોય તો તાપમાં કેવી રીને મુકાય? છાશ ન હોય તો ડામ વડે ચિકિત્સા કયાંથી થાય? તો પછી પ્રેમ સુધા ચખાડ્યા વિના આવડો સંતાપ શાને કરાવો છો? માત્ર મિષ્ટાન્નનાં દર્શનથી ભૂખ ન ભાંગે. લુખાં લાડુ ન થઈ શકે. માત્ર તમારા આવી ગયાથી પ્રીત થતી નથી, એ તો સિંચ્યા વગરના ઝાડના જેવી વાત થઈ. જેમ વૃક્ષને મોટું કરવા માટે એને સિંચવાની જરૂર છે તેમ પ્રીતિને પણ સિંચનની જરૂર છે.'

અંતે કવિ કહે છે કે રાજુલનાં આવાં વચનથી પ્રભુનું ચિત્ત ચળ્યું નહિ. અને શ્રી નેમિનાથે રાજુલને ઉપદેશીને દીક્ષા આપી.

શ્રી પાર્શ્વજિન સ્તવન (પૃ. ૯૦)

ભેહ-ભેજ; રયણ-રત્ન તાવડ-તાપ; ખેહ ખેત, ખેતી.

શ્રી પાર્શ્વનાથ પ્રભુની કીર્તિ જગમાં ઘણી મોટી છે. એમનાં દર્શનથી સર્વ પાપ દૂર થઈ જાય છે. જેમ મેઘથી ખેતી થાય છે તેમ આવા, સર્વ કષ્ટોના નિવારનાર, મુક્તિરૂપી રમણીને વરનાર, મુક્તિનો માર્ગ બતાવનાર સેવક ને સંકટમાંથી બચાવી લેનાર પ્રભુનું નામ મનમાં જે માણસો ભાવથી ધરે છે તેની આબરૂ જગતમાં વધે છે માટે કવિ શ્રી પાર્શ્વ પ્રભુનું ધ્યાન ધરવાનું ઉદ્બોધન કરે છે.

શ્રી પાર્શ્વજિન સ્તવન-બીજુ (પૃ. ૯૧)

ભીમ-ભયંકરના અર્થમાં; પુત-પુત્ર; આગર-સ્થાન,

કવિ કહે છે " શ્રી પાર્શ્વનાથ પ્રભુ કે જેમની દેવતાઓ હંમેશાં દાસની જેમ સેવા કરે છે તેઓ હંમેશાં આશાના પૂરનાર છે. ભયંકર ભવસાગરમાંથી તેઓ વહાણની જેમ લોકોના મોટા સમુદાયને તારે છે. શ્રી પાર્શ્વનાથની માતા વામાદેવી પોતાના પુત્રને રોજ નવાં નવાં હાલરડાં ગાઈને હીંચોળે છે અને પોતાના પુત્રનું અદ્‌ભુત તેજ જોઈ અત્યંત આનંદ અનુભવે છે. શ્રી પદ્માવતી દેવી ભક્તજનોની વાંછના પૂર્ણ કરે છે માટે કવિ પોતાના ચિત્તમાં શ્રી પાર્શ્વનાથનું ધ્યાન ધરે છે.

શ્રી મહાવીર જિન સ્તવન (પૃ. ૯૧)

સાસણુ-શાસન; રત્તન-રત્ન; વસાય-કૃપા; કેસિર-કસર; કરકસ.

આ સ્તવનમાં સિદ્ધાર્થ અને ત્રિશલાદેવીના પુત્ર, પગના અંગુઠા વડે મેરૂ પર્વત ડોલાવનાર પોતાનાં કર્મો ખપાવી તેના પર વિજય મેળવનાર એવા મહાવીર પ્રભુની સ્તુતિ કરીને કવિ એમની પાસે રત્ન-ત્રયી માગે છે કે જેથી બીજે કંઈ સંતાપ આવે નહિ.

મનની અસ્થિરતા ઉપર પદ (પૃ. ૯૨)

થિર-સ્થિર; પાઊંરી-મેળવું, પામું; બેર બેર-વારંવાર; વરજ્યા ત્યાગ કર્યો; કુંજર-હાથી; છિન-ક્ષણ.

આ પદમાં કવિ કહે છે કે જ્યાં મારું પોતાનું મન જ સ્થિર નથી ત્યાં પ્રભુની પ્રાપ્તિની આશા કઈ રીતે રાખી શકું ? દિવસ આખો મેં વાતોમાં ગુમાવ્યો અને રાત ઊંઘીને પૂરી કરી, વારંવાર મેં દિલને સંયમમાં રાખવાનો પ્રયત્ન કર્યો, પણ તે રહેતું નથી. મન એ મદોન્મત્ત હાથી જેવું છે. ઘડીકમાં તે ગરમ થઈ જાય છે, ઘડીકમાં ઠંડું; ઘડીકમાં તે હસે છે, ઘડીકમાં રડે છે; ઘડીકમાં તે બધો સંપત્તિ જોઈ હરખાય છે અને ઘડીકમાં તે બધું ગુમાવીને ઝૂરે છે. આ બધી મિથ્યા પ્રવૃત્તિ

છે. ભાગ્યમાં જે લખ્યું હોય છે તે મટતું નથી. મેં આ કર્યું અને હું આ કરું છું એમ કહેવું એ માત્ર પાણી વલોવવા જેવી નિરર્થક વાત છે. પિયુના–પ્રભુના ગુણ રૂપી મોતીમાં મારા મનરૂપી દોરીને પરોવી હું હાર બનાવું છું, મતલબ કે હું મારું બધું જ મન પ્રભુની ભક્તિમાં કેન્દ્રિત કરવા માગું છું, માટે હે પ્રભુ ! મારા તરફ કૃપાની નજરથી જુવો !

સૂર્યપૂર ચૈત્યપરિપાટિ—સં. ૧૬૮૯ માં સૂરત શહેરમાં જિન મંદિરોનું દર્શન કર્યાનું વર્ણન આ ઐતિહાસિક સ્તવનમાં કવિશ્રીએ કર્યું છે.

શ્રી ધર્મનાથ આત્મજ્ઞાન પ્રકાશ સ્તવન—કવિએ સંવત ૧૭૧૬ માં સૂરતમાં ચોમાસુ રહી શ્રી ધર્મનાથની સ્તુતિ કરતું આ સ્તવન રચ્યું હતું.

શ્રી પુણ્યપ્રકાશ સ્તવન (પૃ. ૯૪)

આ સ્તવનમાં અહીં આપેલી છઠ્ઠી ઢાલમાં સાચા શ્રાવકની કૃતાર્થતા કઈ હોઈ શકે એ કવિએ બતાવ્યું છે અને ધર્મ કાર્યની અનુમોદના કેવી રીતે કરવી તેનું વર્ણન આપ્યું છે. જે દિવસે એણે દાન, શીલ, તપ વગેરે કરી, શત્રુંજય તીર્થની યાત્રા કરી પોતાનાં કર્મ ટાળ્યાં હોય, પુસ્તકો લખાવ્યાં હોય, સાત ક્ષેત્રને સાચવ્યાં હોય, પ્રતિક્રમણ કર્યાં હોય, સાધુ ઉપાધ્યાયને બહુમાન આપ્યું હોય, તે દિવસે એ ધન્યતા અનુભવી શકે. કવિ કહે છે દરેક કરેલાં કર્મ ભોગવવાં જ પડતાં હોય છે. માટે સમતા રાખી પુણ્યની પ્રવૃત્તિ કરવી અને સારા ભાવની ભાવના કરવી એ જ સાચો ધર્મ છે.

૧૧. શ્રી આનંદઘનજી

શ્રી ઋષભદેવસ્વામીનું સ્તવન (પૃ. ૧૦૩)

કાષ્ઠભક્ષણ–અગ્નિપ્રવેશ; સોપાધિક–ઉપાધિવાળી; સાદિ–આદિવાળી;

આ સ્તવનમાં કવિએ શુદ્ધ ચેતનાની ઉક્તિ રજૂ કરી છે. ચેતના કહે છે કે ઋષભદેવ મારા પ્રિયતમ છે. એમના સિવાય બીજા કોઈને હું ચાહતી નથી. તે મારા ઉપર રીઝ રાખે અને મારો સંગ ન છોડી દે તો હું મુક્તિ પામું. જગતમાં બધા લોકો પ્રીતિની સગાઈ કરે છે. પણ એ કંઈ સાચી પ્રીતિની સગાઈ નથી. પ્રીતિની સગાઈ તો એવી હોય કે જેમાં કોઈ જાતની ઉપાધિ રહે નહિ. જે સગાઈમાં ઉપાધિ હોય તેની કશી કિંમત નથી. એથી તો જ્ઞાનાદિ રૂપી ધનનો નાશ જ થાય છે.

કોઈક પોતાના પતિને મેળવવાને કારણે અગ્નિપ્રવેશ કરે છે, મનમાં એમ માનીને કે દોડીને પતિને મળીશું, પરંતુ એ રીતે સ્વામીની પ્રાપ્તિ થતી નથી. કોઈક પતિના રંજન અર્થે ઘણું તપ કરે છે, પણ એથી પતિને રંજન થતું નથી. આવું પતિરંજન મેં મારા ચિત્તમાં વિચાર્યું નથી. પરમાત્મારૂપી સ્વામી સાથે અંતરથી મેળાપ કરી શકાય છે. પરમાત્માના શુદ્ધ સ્વરૂપ સાથે આત્માનું તન્મય બની જવું એ જ સાચું રંજન છે. એ જ સાચું પ્રભુમિલન છે.

કોઈક કહે છે કે આ જગત એ પરમાત્માની લીલા છે. પરમાત્માએ લીલા અર્થે જગતની રચના કરી છે. એની ભક્તિ કરીએ તો આપણા મનની આશાઓ પૂર્ણ થાય. પરંતુ આ યોગ્ય નથી, કારણ કે રાગદ્વેષરૂપી દોષથી રહિત એવા પરમાત્માને જગત રચવાની લીલા ઘટતી નથી, કારણ કે જ્યાં લીલા છે ત્યાં રાગદ્વેષરૂપી દોષનો વિલાસ છે.

પરમાત્મા શ્રી ઋષભદેવ એ જ સાચા પ્રિયતમ છે. એમના પૂજનથી ચિત્તની પ્રસન્નતા થાય છે. એમની પૂજા એ જ અખંડિત પૂજા હોવી ઘટે. સર્વ પ્રકારનાં કપટોનો ત્યાગ કરીને પરમાત્મારૂપી સ્વામીને સર્વસ્વ અર્પણ કરવું એ જ પ્રભુમિલનનો સાચો ઉપાય છે.

શ્રી શાંતિનાથસ્તવન (પૃ. ૧૦૪)

આ સ્તવનમાં કવિએ 'શાંતિ'નો સાચો અર્થ શો છે તે સમજાવ્યું છે. પહેલી કડીમાં 'શાંતિનું સ્વરૂપ' સમજાવવા માટે આત્માએ પ્રભુને પ્રશ્ન કર્યો છે અને એ પછીની કડીથી શાંતિનું સ્વરૂપ સમજાવવામાં આવ્યું છે. પ્રભુ કહે છે, હૃદયમાં વિશુદ્ધ ભાવ ધારણ કરવા એ પહેલું શાંતિપદ છે. એ પછી આગમોના જાણકાર, સમ્યકત્વના જાણકાર એવા ગુરુનું, બીજી જંજાળો છોડી દઈને આલંબન સ્વીકારે, તામસી વૃત્તિ છોડી દઈને સાત્વિક વૃત્તિ ધારણ કરે, દુષ્ટજનોની સંગતિ છોડી સુજનોની સંગતિ સ્વીકારે, ચિત્તમાં સાચા યોગીનો ભાવ ધારણ કરે અને મોક્ષનું લક્ષ્ય રાખે, માનઅપમાન, સોનું અને પથ્થર, વંદક અને નિંદક, ઘાસ અને મણિ, મોક્ષ અને સંસાર એ બધા પ્રત્યે જો સમ્યકૃદૃષ્ટિ રાખે એ શાંતિના સાચા સ્વરૂપને પામી શકે છે. પ્રભુની આવી વાણી સાંભળી આત્મા કહે છે કે હે પ્રભુ! તમારા દર્શનથી મારાં બધાં કાર્યો સિદ્ધ થઈ ગયાં છે, મારું જીવન ખરેખર ધન્ય થયું છે.

શ્રી નેમનાથ સ્તવન (પૃ. ૧૦૫)

પખો–વિનાનો; રચ્યો–શો; કરુણા–દયા.

આ સ્તવનમાં કવિએ રાજુલની નેમિનાથ પ્રત્યેની ઉક્તિ મૂકી છે. રાજુલ કહે છે કે આઠ ભવની આપણી પ્રીત છે. આઠ ભવની હું તમારી નારી છું અને તમે મારા કંથ છો. મુક્તિરૂપી નારી સાથે આપણને કંઈ કામ નથી. હે નાથ! તમ મારે ઘરે પધારો. તમારો રથ પાછો ફેરવો. સ્ત્રી વિનાનો પ્રેમ તે શો હોઈ શકે? હે નાથ, તમે પશુઓ ઉપર દયા આણી, પરંતુ મારા ઉપર–માણસ ઉપર કરુણા ન આણી એ કોના ઘરનો આચાર? પ્રેમરૂપી કલ્પતરૂને તમે છેદી નાખ્યું અને યોગ રૂપી ધતૂરાને તમે ધારણ કર્યો. હે રાજન્ તમે મને

મૂકીને જાઓ છો તેમાં મારી બદનામી જરા પણ નથી, પણ તમે પોતે જ વિચાર કરો કે રાજસભામાં બેસતાં તમને કેટલી બધી શરમ આવશે ?

જગતમાં પ્રેમ તો બધા કરે છે, પરંતુ તે નિભાવનારા તો ઘણા ઓછા છે. જે પ્રીત કરીને છોડી દે તેની આગળ આપણું શું ચાલે ? જો તમારા મનમા આવું જ હતું તો મારી સાથે પ્રીતિ શું કામ લીધી ? પ્રીતિ બાંધીને પછી છાંડતાં માણસને નુકસાન થાય છે. રાગી માણસની સાથે સહુ રાગ-પ્રેમ બાંધતાં હોય છે. વૈરાગી માણસ સાથે રાગ કયાંથી હોય ? રાગ વિના તમે મુકિતસુંદરીનો માર્ગ કયાંથી દાખવો ?

હે સ્વામી જે યોગે હું તમને જોઉં છું તે યોગે તમે મને જુઓ. એક વાર તમે મારા તરફ જુઓ તો મારાં કાર્ય સિદ્ધ થાય.

શ્રી પાર્શ્વનાથ સ્તવન (પૃ. ૧૦૮)

ધ્રુવપદ-મોક્ષપદ; રામી-રમણહાર; નિઃકામી-કામવાસના રહિત; પરપરિણમન-પર દ્રવ્યમાં રમણ કરવું તે; જલભાજન-પાણી ભરેલું પાત્ર; રવિ-સૂર્ય; ખેમ-ક્ષેમ, કલ્યાણ; જ્ઞેય-જેનું જ્ઞાન મેળવવાનું હોય તે, અહીં સર્વ દ્રવ્ય; વિનિશ્ચરુ-વિનાશક.

સિદ્ધપણાના રમણહાર જે પ્રભુ છે તે કામરહિત છે, ગુણવાન છે અને સુજ્ઞાની છે. તેવા પરમાત્માને પામીને સમ્યકૃદૃષ્ટિ જીવ પણ મોક્ષપદને પામે છે. હે પ્રભુ ! આપ સર્વજ્ઞ છો માટે સર્વવ્યાપી છો. પરંતુ આપનું આ પરપરિણમન સ્વરૂપ સૂક્ષ્મ અર્થમાં સમજવાનું છે, કારણ કે દ્રવ્ય અસ્થિર સ્વભાવનું હોઈ પરરૂપમાં રમણ કરવું એમાં ખરું તત્ત્વ નથી. પણ ખરું તત્ત્વ તો આત્મરમણમાં જ છે. દ્રવ્યો અનેક છે અને એનું જ્ઞાન પણ પાણીના વાસણમાં સૂર્યના પ્રતિબિંબની જેમ, અનેક છે. પરંતુ જીવ દ્રવ્યમાં રહેલું આત્મસ્વરૂપ એક છે માટે ગુણનું એકપણું જાણવું. માટે પોતાના પદમાં રમવામાં જ કલ્યાણ છે. જ્ઞેય એટલે કે દ્રવ્ય વિનાશક છે માટે તેનું જ્ઞાન પણ વિનાશક છે

એવું કહેવામાં આવે, પરંતુ આત્મસ્વરૂપ નિત્ય છે માટે તેનું જ્ઞાન વિનાશક નથી. દ્રવ્ય, ક્ષેત્ર, કાલ અને સ્વભાવ–એ ચતુષ્કમથી આત્માનો પોતાનો ધર્મ છે. તે ધર્મ બીજામાં ન પામી શકીએ. તો પછી જ્ઞાનથી સ્વપર દ્રવ્યનું જાણુપણું કેમ થાય? તેનો ખુલાસો કરતાં કવિ સાતમી કડીમાં કહે છે કે જેમ અરીસામાં સર્વનું પ્રતિબિંબ પડે છે, પણ જેનું પ્રતિબિંબ અરીસામાં પડે છે તે વસ્તુમાં અરીસો પ્રવેશ કરતો નથી અને તે વસ્તુ પણ અરીસામાં જતી નથી, તેવી રીતે જ્ઞાન જ્ઞેયમાં પરિણમતું નથી અને જ્ઞેય જ્ઞાનમાં પરિણમતું નથી.

છેલ્લી કડીમાં કવિ કહે છે કે શ્રી પાર્શ્વનાથ ભગવાન પારસ છે એટલે કે જેમ પારસના સ્પર્શથી લોઢું સોનું થઈ જાય છે તેમ પાર્શ્વનાથ પ્રભુના યોગથી જીવ પરમાત્મસ્વરૂપ પામે છે.

શ્રી મહાવીર જિન સ્તવન (પૃ. ૨૦૯)

છઉમથ્ય–છદ્મસ્થ. છૂપું; વીરય–વીર્ય; સૂરપણું–શૌર્યપણું; ઠાણે–સ્થાને, વિણાન–વિજ્ઞાન.

આ સ્તવનમાં કવિ કહે છે કે હું શ્રી મહાવીર ભગવાનને પગે લાગીને એમના જેવું વીર્યપણું માગું છું. જેમના વીર્યના ઉલ્લાસથી કુશ્રદ્ધારૂપ મિથ્યાત્વ અને મોહરૂપી અંધકારનો ભય દૂર થયો છે એવા હે પ્રભુ! તમે અનાદિ કર્મરૂપી શત્રુને જીતી લઈને જીતનું નગારું વગાડયું છે. આવું તમારું વીર્યપણું હું માગું છું કે જેથી હું પણ કર્મશત્રુને જીતી લઉં. જે મતિપૂર્વક અનેક કર્મ ગ્રહણ કરે તે અભિસંધિજવીર્ય કહેવાયઃ ભાવયોગ તથા દ્રવ્યયોગ રૂપ સૂક્ષ્મ તથા સ્થૂલ ક્રિયા કહેવાય. આવી ક્રિયામાં રંગાયેલો આત્મા સંસારમાં ઉમંગ પામી રહ્યા છે. આત્માના અસંખ્ય પ્રદેશો છે અને તે એક એક પ્રદેશે અસંખ્યાતા વીર્યવિભાગ છે. એવી રીતે જીવને યોગપણું અસંખ્યાત છે. જેવી યોગબલ શક્તિ તેવા કર્મના દલ જીવ લે છે, ઉત્કૃષ્ટ એટલે

કે અનંત અચલ વીર્ય હોય ત્યાં કર્મ ન લાગે અને જ્યાં ચલ વીર્ય હોય ત્યાં કર્મ લાગે. એટલે કે આત્માના આઠ રૂચક પ્રદેશમાં કર્મ-ગ્રહણરૂપ યોગક્રિયા નથી. જેમ કામવીર્યને વશ થઈ ભોગી પુરુષ સર્વ પર ભાવને વાંછે છે તેમ આત્મા પણ પરભાવનો ભોગી થાય છે. પરંતુ એજ આત્મા શરવીર બને તો અયોગીપણું પ્રગટ કરે. આવું વીરપણું આત્મામાં જ છે એમ મેં તમારી વાણીથી જ જાણ્યું. જેમ જેમ આત્માનું વીરપણું જાણીએ તેમ તેમ જીવ તેમાં રમીને પોતાનું ધ્રુવપદ ઓળખે છે. પરાલંબનપણું છોડતાં પરપરિણતીનો નાશ થાય છે અને એથી અક્ષય જ્ઞાન, દર્શન અને ચારિત્રમાં આત્મા લયલીન થાય છે અને એથી એની પરમ આનંદમય પ્રભુતા જાગે છે.

રામ કહો રહેમાન કહો

કાન-કહાન, કૃષ્ણ; સ્વયમેવ-પોતે; ભાજન-પાત્ર; મૃત્તિકા-માટી; નિ:કર્મરી-કર્મરહિત

આપણા પ્રાચીન પદ સાહિત્યમાં કવિવર આનંદઘનજીનો ફાળો ઘણો મોટો છે. એમનાં પદોમાં આપણને એક સાચા તત્ત્વદર્શી અવધૂતની વાણી સંભળાય છે. કવિતા તત્ત્વની દૃષ્ટિએ જોઈએ તો તેમાં આપણને શબ્દોનું લાલિત્ય, સંગીતનું માધુર્ય અને રચનાની પ્રાસાદિકતા તથા સચોટતા જોવા મળે છે. એમનાં કેટલાંક પદો તો ગુજરાતી સાહિત્યની ઉત્તમ કાવ્યકૃતિઓમાં સ્થાન પામે એવાં છે. અહીં નમૂના તરીકે એમનાં છ પદ લેવામાં આવ્યાં છે.

આ પદમાં કવિ કહે છે કે આ સંસારી લોકો પરમાત્માને જુદા જુદા નામથી ઓળખે છે અને એ નામોનો જુદો જુદો અર્થ કરીને અને એ બધાને પરસ્પર વિરુદ્ધ કલ્પીને માંહેમાંહે લડે છે. અને એક બીજાના દેવોને ઉતારી પાડવાનો પ્રયત્ન કરે છે અને પોતાના જ દેવ સાચા છે એવો મિથ્યા આગ્રહ રાખે છે. કોઈ પ્રભુને રામ કહે છે, કોઈ રહેમાન કહે છે, કોઈ કૃષ્ણ કહે છે, કોઈ મહાદેવ કહે છે,

કોઈ પાર્શ્વનાથ કહે છે, કોઈ બ્રહ્મા કહે છે. આમ બધા લોકો પરમાત્માને જુદા જુદા સ્વરૂપે ઓળખાવે છે અને લૌકિક કે વ્યાવહારિક દૃષ્ટિએ તેમાં કશું ખોટું નથી. પરંતુ સંસારના બધા જ જીવોમાં એકસરખું ચૈતન્ય યા બ્રહ્મત્વ વ્યાપી રહ્યું છે. જેમ માટી એકની એક છે, પણ એમાંથી જુદી જુદી વસ્તુ બનાવતાં કોઈને આપણે ઘડો કહીએ, કોઈને કોડિયું કહીએ, કોઈને ઈંટ કહીએ, પરંતુ તે બધામાં સમાન તત્ત્વ તે માટી છે તેવી જ રીતે જીવાત્મા અને પરમાત્મા સંબંધે સમજવાવું છે. અહીં આપણને કવિ નરસિંહ મહેતાની પંક્તિ યાદ આવે છે :–

ઘાટ ઘડિયા પછી નામરૂપ જૂજવાં અંતે તો હેમનું હેમ હોયે.

આમ, આકારની દૃષ્ટિએ વસ્તુઓ ભિન્નભિન્ન છે, પરંતુ મૂળ તત્ત્વની દૃષ્ટિએ તો તે એકરૂપ, અભેદરૂપ છે. આપણી જૈન પરિભાષામાં કહીએ તો વ્યવહાર નયની દૃષ્ટિએ જોઈએ તો આકૃતિભેદથી માટીની વસ્તુઓ અનેક છે અને સંગ્રહ નયની દૃષ્ટિએ જોઈએ તો તે બધી વસ્તુઓ અભેદરૂપ છે. તેવી જ રીતે વ્યાવહારિકનયથી જોતાં જીવાત્માઓ ભિન્ન ભિન્ન છે, પણ સંગ્રહનયથી જોતાં સર્વે આત્માઓ એકરૂપ છે.

ત્રીજી અને ચોથી કડીમાં કવિએ રામ, રહેમાન, કૃષ્ણ મહાદેવ વગેરે કયા અર્થમાં ઘટાવવા જોઈએ તે સમજાવ્યું છે. જે પોતાના શુદ્ધ સ્વરૂપમાં રમે તેને આપણે રામ કહીએ. જે જીવો ઉપર રહમ એટલે એટલે કે દયા રાખે તેને રહેમાન કહીએ; જે અનાસકત થઈ કર્મ કરે છે તેને આપણે કાન–કહાન–કૃષ્ણ કહીએ; જે રાગ દ્વેષને જીતી, કર્મોનો ક્ષય કરીને મુકિત પામ્યા છે તેને આપણે મહાદેવ કહીએ; જે પોતાના શુદ્ધ સ્વરૂપને સ્પર્શે છે એટલે કે પામે છે તેને આપણે પાર્શ્વનાથ કહીએ; જે પોતાનું શુદ્ધ બ્રહ્મસ્વરૂપ જાણે છે તેને આપણે બ્રહ્મા કહીએ. આવી રીતે આપણાં પોતાના કર્મરહિત, ચૈતન્યમય આત્મસ્વરૂપને ઓળખવાનો આનંદઘનજી ઉપદેશ આપે છે.

અમ હમ અમર ભયે

પ્રાની–પ્રાણી, પકડેંગે–પકડીશું, ગ્રહણ કરીશું, થિરવાસી–સ્થિરતાના વાસી; ચોખે વ્હૈ નિખરેંગે–ચોકખા નીકળીશું.

આ પદમાં શ્રી આનંદઘનજી કહે છે કે અત્યાર સુધી હું એમ જાણતો હતો કે હું મરું છું. પરંતુ હવે મેં મારા આત્માનું સ્વરૂપ ઓળખ્યું છે. મારો આત્મા અમર છે. કર્મને લીધે દેહનું મરણ છે. આત્માનું મરણ નથી. જન્મ મરણના મિથ્યાત્વબુદ્ધિના હેતુઓનો મેં હવે ત્યાગ કર્યો છે. તેથી અન્ય ભવમાં દેહ ધારણ કરવાનો અને મૃત્યુ પામવાનો હેતુ હવે રહેતો નથી. અમે આત્માનું અમરપણું ઓળખ્યું છે, માટે હવે અમે અમર થયા છીએ.

રાગ અને દ્વેષ એ બે જગતમાં બંધનકર્તા છે. પરંતુ એ બંધનોનો અમે હવે નાશ કરીશું. એને કારણે જીવ અનંતકાળથી દેહ ધારણ કરી મૃત્યુ પામે છે, ચોરાશી લાખ જીવયોનિમાં પરિભ્રમણ કરે છે. પરંતુ અમે હવે એ કાળનું જ હરણ કરીશું. એ કાળને વશ ન થતાં એને જીતી લઈશું. દેહ વિનાશી છે, હું આત્મા અવિનાશી છું. માટે અમે અમારી ગતિને જ પકડીશું. એટલે કે અમે અમારી શુદ્ધ ચેતનની ગતિને–આત્માના શુદ્ધ ચૈતન્યમય સ્વરૂપને જ ગ્રહણ કરીશું. જેથી આત્મ દ્રવ્યથી જે ભિન્ન છે તે નષ્ટ થશે, અને અમે આત્મસ્વરૂપ સ્થિરતામાં જ વાસ કરીશું. અમે મિથ્યાત્વ કષાય ઇત્યાદિનો, સઘળાં કર્મોનો ક્ષય કરીને ચોખ્ખા–સ્વચ્છ અને શુદ્ધ થઈને નીકળીશું એટલે કે પરમાત્મસ્વરૂપ થઈશું. અત્યાર સુધી આત્મા સમજ્યા વગર, મમતા અને અજ્ઞાન કારણે અનન્તવાર જન્મ પામી મૃત્યુ પામ્યો, પણ હવે આત્માનું શુદ્ધ સ્વરૂપ સમજવાથી સાંસારિક સુખ-દુઃખ ભૂલી જઈશું. અંતમાં કવિ કહે છે કે દેહમાં વારંવાર ઉત્પન્ન થતા અને તદ્દન નિકટના એવા આત્મા માટેના બે અક્ષર–હંસ-નું જો સ્મરણ નહિ કરો તો આ સંસારમાં અનંતવાર ભમવાનો વારો આવશે.

યા પુદ્ગલકા ક્યા વિસવાસા

સુપનેકા–સ્વપ્નનો; વાસા–રહેવાસ; શિવપુર–મોક્ષધામ.

આ પદમાં શ્રી આનંદઘનજી કહે છે આ શરીરરૂપી પુદ્ગલનો શો વિશ્વાસ કરવો? જેમ સ્વપ્નમાં કોઈ સરસ મહેલમાં રહેવાનું મળ્યું હોય પણ જ્યારે જાગીએ ત્યારે તેમાંનું કશું હોતું નથી તેવીજ રીતે આ શરીરરૂપી ઘરમાં આત્માને માટે સમજવું. જેવી રીતે વીજળી ક્ષણવાર ચમકી અદૃશ્ય થઈ જાય છે, જેવી રીતે પાણીમાં પતાસું ઘડીકમાં ઓગળી જાય છે, તેવી રીતે આ દેહનો ક્ષણવારમાં નાશ થવાનો છે. આવા ક્ષણભંગુર દેહનો ગર્વ ન કરવો જોઈએ. અંતે એ દેહનો નાશ જંગલમાં જ થવાનો છે, એટલે કે મૃત્યુ થતાં લોકો એને જંગલમાં સ્મશાનમાં બાળી આવશે. કવિ કહે છે કે આ સંસારની બધી વસ્તુઓ, તન, ધન, યૌવન, ઘરબાર–બધાં જ જુઠાં છે. સત્ય વસ્તુ જો કોઈ હોય તો તે આત્મતત્ત્વ છે. માટે આત્મસ્વરૂપને પામવું, મોક્ષ મેળવી મોક્ષધામમાં વાસ કરવો એજ સત્ય છે.

ક્યા સોવે, ઊઠ જાગ

બાઉ–ભોળા, મૂર્ખ; આયુ–આયુષ્ય; ઘરિય–ઘડિ પર; નાઉ–નાવ; ધ્યાઉ–ધ્યાન ધર.

આ પદમાં કવિ કહે છે, "હે મૂર્ખ, ભોળા, બહાવરા જીવ, તું શું મોહનિદ્રામાં પડી રહ્યો છે? અંજલિમાંથી પાણી જેમ ઝડપથી સરવા લાગે છે તેમ આ આયુષ્ય ઝડપથી ઘટી રહ્યું છે. પહેરેગીરો ઘડી પર ટકોરા મારે છે તે બતાવે છે કે આયુષ્ય ઘટી રહ્યું છે. ઈન્દ્ર, ચન્દ્ર, નાગેન્દ્ર અને મોટા મોટા મુનીન્દ્રો–આવા બધાઓનું આયુષ્ય પણ પૂરું થઈ ગયું ગયું અને તેઓ બધા ચાલ્યા ગયા. મૃત્યુ આગળ કોણ ટકી શકયું છે? મોટા મોટા રાજાઓ હોય, ચક્રવર્તી, બાદશાહ કે રાણા હોય, પણ તેથી મૃત્યુ આગળ તેમનું શું ચાલે?

આ સંસારમાં ભમતાં ભમતાં પ્રભુની ભક્તિરૂપી નાવ સંસારરૂપી સાગરનો પાર પામવા માટે મળી છે તો તું તેનો ઉપયોગ કરી લે. અરે ભોળા! તું શા માટે વિલંબ કરે છે. સંસાર સાગર તરવાનું તને હવે સાધન મળ્યું છે, તો તું હવે શાને કાજે પ્રમાદ કરે છે. હે જીવ, તું શુદ્ધ, નિરંજન, ચૈતન્યમય એવી જેની મૂર્તિ છે, તેનું ધ્યાન ધરી લે એટલે કે તું તારા શુદ્ધ આત્મસ્વરૂપને ઓળખીને એનું ધ્યાન ધરી લે.

આમ, આ પદમાં કવિએ ક્ષણે ક્ષણે ઘટતા જતા આયુષ્યનો, વહી જતા સમયનો સદુપયોગ કરવાનો, આત્મધ્યાનમાં લીન બનવાનો ઉપદેશ આપ્યો છે અને આ ક્ષણભંગુર દેહ તો મોટા મોટા માંધાતાઓનો પણ ટકયો નથી, માટે આ ભવસાગરને પાર પામવાનું સાધન પ્રભુભક્તિમાં રહેલું છે તેનું શરણ સ્વીકારવામાં વિલંબ કે પ્રમાદ ન કરવાનું ઉદ્‌બોધન કર્યું છે.

જગ આશા જંજીરકી

જંજીર–બંધન; ઝકયો–બાંધ્યો; પરતીત–વિશ્વાસ; હલચલ–ચપલતા; છિન છિન–ક્ષણ, ક્ષણ; સૂછમ–સૂક્ષ્મ;

આ પદમાં કવિ કહે છે કે આ જગતમાં પ્રાણીઓને અનેક વસ્તુઓની આશા લાગે છે, પરંતુ આશા એ જંજીર છે, બેડી છે. આ બેડીની ગતિ જગતની ગતિ કરતાં ઊલટા પ્રકારની છે. લોઢાની બેડીથી જકડાયેલો માણસ ખરેખર બંધનમાં મુકાય છે. એ કયાંય ગતિ કરી શકતો નથી, પણ એ બેડીમાંથી મુક્ત થતાં માણસ ચારે બાજુ ગતિ કરી શકે છે. પરંતુ આશારૂપી બેડીથી જકડાયેલો માણસ સંસારમાં દરેક વસ્તુ મેળવવા માટે દોડે છે અર્થાત્ સંસારમાં ચોરાસી લાખ જીવાયોનિમાં પરિભ્રમણ કર્યા કરે છે, પણ જે જીવ આ આશારૂપી બેડીમાંથી મુક્ત થાય છે તે એક મુક્તિરૂપી સ્થાનમાં સ્થિર થાય છે.

હે અવધૂત ! તું શરીરરૂપી મઠમાં હજી સુધી મોહનિદ્રામાં શું સૂઈ રહ્યો છે ? તું જાગીને તારા હૃદયમાં જો. તું તારા શુદ્ધ આત્મ-સ્વરૂપને જો. તું દેહરૂપી મઠનો વિશ્વાસ ન કરતો. એ તો એક પળમાં ઢળી પડશે, આયુષ્ય ખૂટતાં એક પળમાં એનો નાશ થશે.

તું હલચલ મિટાવી દે. એટલે કે રાગદ્વેષની ચંચલતા ભરી તારી બધી પ્રવૃત્તિઓ તું બંધ કરી દે અને તારા શુદ્ધ સ્વરૂપને સમજવાનો પ્રયત્ન કર. તું રાગદ્વેષ છોડી દઈશ એટલે તને સમતારૂપી જળમાં તારો આત્મા રમતો જણાશે. એ રીતે તું તારા આત્માને ઓળખી શકશે. દેહરૂપી મઠમાં પંચમહાભૂતોનો—પૃથ્વી, પાણી, તેજ, વાયુ અને આકાશ એ પાંચ મહાભૂતોનો વાસ છે અને વળી તેમાં શ્વાસોશ્વાસ-રૂપી ધૂર્ત ખવીસ તેમાં રહેલો છે અને તે તારા આત્માને ક્ષણે ક્ષણે છળવાની ઇચ્છા ધરાવે છે, આવો એ મઠ છે. માટે તારે તેમાં ઊંધવું ન જોઈએ. પરંતુ તનમનની આવી દશા હોવા છતાં મૂર્ખ શિષ્ય તે સમજી શકતો નથી અને તનમઠની મમતા રાખીને તેમાં સૂઈ રહ્યો છે.

ત્રીજી અને ચોથી કડીમાં કવિ કહે છે કે, હે અવધૂત ! તારા મસ્તક પર પંચ પરમેશ્વર વસે છે અને મસ્તકના મધ્યભાગમાં બ્રહ્મરંધ્રરૂપી સૂક્ષ્મ બારી છે. કોઈ વિરલા જ્ઞાનીઓ પોતાના શુદ્ધ આત્મા-ભ્યાસથી પોતાના આત્માને ત્યાં ધ્રુવના તારાની જેમ સ્થિર જોઈ શકે છે. જો કોઈ અવધૂતો આશાનો ત્યાગ કરીને પોતાના હૃદયરૂપી ઘરમાં આસન લગાવી આત્માના જાપ—અજપાજાપ જપે તો તે ચૈતન્યમય, નિરંજન એવા પરમાત્માનાં દર્શન કરે છે.

નિશદિન જોઉ તારી વાટડી

ઢોલા—પ્યારા, સ્વામી; અમોલા—અમૂલ્ય; લાલ—માણેક; જવહરી—ઝવેરી; પટંતર—અંતર, વેગળું; પય—પગ; નિહારત—જોઈ રહું છું; લોયણે—લોચનથી; દ્રગ—દૃષ્ટિ; અડોલા—નિશ્ચલ; ઝકોલા—મગ્ન રહેલા; ખોલા—હૃદય ખોલીને; ચોલા—અસ્થિરતા; સેજડી—પથારી.

સમતા અથવા ચેતના પોતાના સ્વામી ચેતન તત્ત્વ એટલે કે આત્મતત્ત્વને આ પદમાં સંબોધન કરતાં કહે છે, "હે સ્વામી હું તમારી દિવસરાત વાટ જોઉં છું, હવે તો તમે મારે ઘરે પધારો. તમારે મારા જેવી લાખો સ્ત્રીઓ છે, પરંતુ મારે તો જેનું મૂલ ન થાય એવા તમે એક જ છો. આત્મતત્ત્વ જેવું આ જગતમાં બીજું કંઈ નથી.

ઝવેરીઓ લાલ માણેકની કિંમત કરે છે, પરંતુ આત્મરૂપી લાલ માણેકની કદી કિંમત કરી શકતા નથી, માટે એ માણેક અમૂલ્ય છે. માણેક વગેરેનો આભૂષણ તરીકે ઉપયોગ થાય છે; તેને શરીર પર ધારણ કરવામાં આવે છે. કહો કે છાતી પર ધારણ કરવામાં આવે છે: પણ તેથી શું? એને હૃદયમાં તો ધારણ કરી શકાતું નથી. માટે તે હૃદયથી તો વેગળું જ છે. જ્યારે આત્મારૂપી માણેક તો હૃદયમાં ધારણ કરી શકાય છે. માટે તે બાહ્ય જગતના અનેક માણેક કરતાં ચઢિયાતો છે. જગતના બીજા માણેકનું તેજ એક સરખું નથી હોતું, અને તેથી તેમની કિંમત પણ એક સરખી નથી હોતી, પણ આત્મા-રૂપી માણેકના તેજનો કંઈ પાર નથી, વળી તે હૃદયથી ભિન્ન નથી માટે તેની કિંમત કોઈ આંકી શકતું નથી.

ચેતના કહે છે કે હે સ્વામી! હું તમારા જ પગ નિહાળતી બેઠી છું. મારી દૃષ્ટિ સતત તમારા જ ચરણનું દર્શન કરવામાં મગ્ન બની રહી છે. જેવી રીતે યોગી સમાધિ લગાવીને બેસે છે અને તેમાં જ તેનું મન સતત વળગેલું રહે છે તેવી જ રીતે મારી આંખોએ તમારા ચરણ માટે સમાધિ લગાવી છે.

હે સ્વામી! તમારા વિના મારી વાત કોણ સાંભળી શકે? હું બીજા કોની આગળ મારુ હૃદય ખોલીને વાત માંડી શકું? મારી વાત તમારા સિવાય બીજું કોઈ સાંભળી કે સમજી શકે એમ નથી. બીજા કોઈનો એ અધિકાર નથી. હે સ્વામી! તમારો પ્રભાવ એટલો બધો

છે કે તમારા મુખનું દર્શન થતાં જ મારા હૃદયની અસ્થિરતા-ડામાડોળ સ્થિતિ ટળી જાય છે.

છેલ્લી કડીમાં કવિ કહે છે કે સમતાના આવા શબ્દો સાંભળી મિત્ર વિવેકે એને કહ્યું કે 'હે સમતા! તું હવે ખેદ ન કર. આનંદના જેવા તારા સ્વામી આત્મા જરૂર તારા મંદિરમાં પધારશે અને તારી સાથે આનંદમાં રંગરોળ થશે.

આશા ઔરનકી કયા કીજે

ઔરનકી બીજાની; કૂકર-કૂતરો; જાયા-પુત્ર; કબહુ-કયારેય; અવટાઈ-ઉકાળીને.

આ પદમાં કવિ કહે છે કે હે ચેતન, તારે બીજાની આશા શી રાખવી? તારે તો જ્ઞાનરૂપી અમૃત રસ પીવો જોઈએ. કૂતરો રોટલાના ટુકડાની આશાએ લોકોના બારણે બારણે ભટકતો હોય છે. અને છતાં તેને કંઈ સંતોષ વળતો નથી તેવી રીતે તેં પણ આટલા આટલા ભવ સુધી કંઈ કંઈ આશાએ ભટકયા કર્યું છે. જે લોકોએ કંઈક ઐહિક સુખની આશાની ખુમારી અનુભવી હોય છે તે ખુમારી થોડા વખતમાં જ ચાલી જાય છે. પણ આત્માના અનુભવરૂપી અમૃતરસના પાનની ખુમારી જે રસિકોને ચડે છે તે તો કયારેય ઊતરતી નથી.

જે માણસો આશારૂપી દાસીના પુત્રો બને છે તે માણસો આખા જગતના દાસ બને છે. એટલે આશાથી વશ બનેલા માણસો લાચારીથી આખા જગતનું દાસત્વ સ્વીકારે છે અને જ્યાં ત્યાં કરગરતા ફરતા હોય છે. પરંતુ જેઓ આશાને પોતાની દાસી બનાવી પોતે એના નાયક બને છે, એટલે કે જેઓ આશાને પોતાને વશ રાખે છે તેવા આત્માનુભવીઓ જ અમૃતપાનના અધિકારી બને છે.

ત્રીજી કડીમાં કવિ વધુ એક રૂપક યોજીને કહે છે કે મનરૂપી પ્યાલામાં પ્રેમરૂપી મશાલો ભરીને એને તનરૂપી ભઠ્ઠીમાં બ્રહ્મરૂપી અગ્નિથી બાળીએ અને ઉકાળીએ અને તેનો કસ કાઢીને પીએ તો

અનુભવ-જ્ઞાનરૂપી લાલી આત્મામાં જાગ્રત થાય છે, એટલે કે જે માણસો બાહ્ય જગતની તૃષ્ણા કે લાલસાનો નાશ કરી આત્માનુભવમાં મગ્ન રહે છે અને તેની ખુમારી અનુભવે છે તેને સાચા આત્માનંદનો અનુભવ થતો હોય છે.

છેલ્લી કડીમાં કવિ કહે છે, "હે ચેતન! સામાન્ય માણસોને સમજાય નહિ એવો અગમ અનુભવનો પ્રેમરસનો પ્યાલો તું પીજા. અધ્યાત્મસ્વરૂપમાં વાસ કરીને તારે આ પ્રેમરસનો પ્યાલો પીવાનો છે. એમ કરવાથી અનુભવ રસની એટલી ખુમારી ચડશે કે આનંદનો સમૂહ એવો ચેતન ત્યાં પોતાના સ્વરૂપમાં ખેલવા લાગશે અને દુનિયાને તમાસારૂપે દેખવા લાગશે.

શ્રીમદ્ આનંદઘનજી મહારાજે આવાં ૧૦૮ પદો લખેલાં છે અને તે દરેકનો વિસ્તારથી અર્થ શ્રી બુદ્ધિસાગરજી મહારાજે પોતાના ગ્રંથમાં સમજાવેલો છે. તે માટે જિજ્ઞાસુઓએ 'આનંદઘન પદ સંગ્રહ' (અધ્યાત્મજ્ઞાન પ્રચારક મંડળ તરફથી પ્રકાશિત) જોવું.

૧૨ મહોપાધ્યાય શ્રી માનવિજયજી

અઢારમા શતકના આરંભની પહેલી પચીસીમાં સં ૧૭૨૫ આસપાસ પોતાની ચોવીસી રચનાર આ કવિશ્રીએ પરંપરા પ્રમાણે લખાતાં સ્તવનો કરતાં કંઈ નવો જ ભાવ કે વિચાર પોતાના સ્તવનોમાં વ્યકત કર્યો છે. એમની કેટલીક રચના ખરેખર ઉચ્ચ કવિતાની કોટિ સુધી પહોંચી શકે એવી છે.

શ્રી ઋષભદેવ જિન સ્તવન (પૃ. ૧૧૩)

મહેર-કૃપા; પરે-જેમ; નિવાહો-નિભાવ;

ઋષભદેવ ભગવાનની સ્તુતિ કરતાં કવિ કહે છે કે હે પ્રભુ! તમારા દર્શનથી મને પરમ આનંદ થાય છે. હું દિવસરાત તમારું જ ધ્યાન ધરું છું. તો મારા ઉપર હે પ્રભુ! કૃપા કરજો. આપણી પાછળ જે આપણને વળગેલા હોય એટલે કે જેમણે આપણો આશ્રય લીધો હોય

તેમને અળગા કરવાથી શો અર્થ સરવાનો છે? એમને અળગા કરવામાં આવે તો પણ તેઓ વળગેલા જ રહેવાના છે. મોરનાં પીછાંની જેમ તેઓ જુદા થવાના નથી. વળી તમારાથી અળગા થયે કેમ ચાલશે? કારણ કે રૂડી ભક્તિ તેઓને આકર્ષવાની જ છે. મારું મનડું અત્યંત ચંચલ સ્વભાવનું છે તો પણ તમારા પ્રત્યેની પ્રીતિમાં દૃઢ છે માટે તમે જો સમયે સમયે તમારું સ્વરૂપ બદલાવો તો એમ કેવી રીતે પ્રીતિનો નિભાવ થાય? માટે હે સ્વામી! આપણા આ સંબંધમાં ખામી ન આવે એ જોશો. કારણ કે તમે તો મારા ભવોભવના નાથ છો!

શ્રી શાંતિનાથ સ્તવન (પૃ ૧૧૪)

નિરાગી–રાગરહિતઃ કૃપાલ–કૃપાળું; ખુસિપાલ–ખુશ.

આ સ્તવનમાં પણ શ્રી ઋષભદેવના સ્તવનના જેવો જ ભાવ કવિએ વર્ણવ્યો છે. કવિ શ્રી શાંતિનાથ પ્રભુની સ્તુતિ કરતાં કહે છે. હે સ્વામી! મેં તમારો કેડો લીધો એટલે હવે તમારાથી છુટાવાનું નથી. તમારે પ્રસન્ન થવું જ જોઇએ, તમે વિતરાગપણું દાખવીને ભોળા માણસોને ભૂલાવો છો. પરંતુ મેં તો આપને રાગરહિતને પણ મારી ભક્તિ વડે આકર્ષ્યા છે. મેં મારા મનમાં તમને વસાવ્યા છે, તો હવે તમને કેમ જવા દેવાય? જો ભેદભાવ વિના તમે મને મળો એટલેકે તમારી અને મારી વચ્ચે ભિન્નતા ન રહે તોજ તમારાથી છૂટાશે. હવે તમે મારા કબજામાં છો તો તમારાથી હે કૃપાળું! મારા પર કઈ પણ ઉપકાર કર્યા વિના એમને એમ કેવી રીતે છૂટાશે? માટે જો આ પ્રમાણે જ સ્થિતિ છે તો શા માટે તમે હઠ કરી રહ્યા છો? હે પ્રભુ! તમે મારા પર પ્રસન્ન થાવ!

શ્રી નેમનાથ સ્તવન (પૃ. ૧૧૫)

નિરંજણો–નિરંજન, અલિપ્ત, સંસારનો રંગ જેમને લાગ્યો નથી તેવા; થળે–સ્થળે; કૃપાણ–કિરપાણ; વયણ–વચન, શબ્દ; વેણી–ચોટલો; ધૃતિ–ધૈર્ય, સંવેગ–વૈરાગ્ય; શર–બાણ

શ્રી માનવિજય કવિની આ એક રૂપકના પ્રકારની ઉત્તમ રચના છે કારણ કે બીજા કવિઓનાં સ્તવન કરતાં એમણે આ સ્તવનમાં નિરાળું આલેખન કર્યું છે. આ સ્તવનમાં એમણે નેમિનાથને મોહ નામના યોદ્ધા સામે લડતા અને અંતે એમાં વિજય પામતા બતાવ્યા છે. કવિ કહે છે કે મોહે આ સૃષ્ટિમાં બધે જ કેર વર્તાવ્યો પણ નેમિજિણંદ પર એ બધાની કંઈ જ અસર થઈ નથી, કામદેવે સ્ત્રીરૂપી પોતાના યોદ્ધાઓ મોકલ્યા તો એકલમલ્લે એ બધાને એકલે હાથે હરાવ્યા. ખરેખર! સ્વામીના બળની તુલના થઈ શકે એમ નથી. કોઈક સ્ત્રી નયન કટાક્ષરૂપી તીક્ષ્ણ બાણ છોડતી, તો કોઈકે પોતાનાં વેધક વચનરૂપી ગોળી, વાણીરૂપી ગોળી છોડતી કે જે વાગતાં અચૂક પ્રાણ નીકળી જાય; કોઈક સ્ત્રી પોતાની આંગળીરૂપી કટારી ઘોંચતી, કોઈક પોતાના ચોટલારૂપી કિરપાણ ઉછાળતી, કોઈક પોતાના સેંથારૂપી ભાલો ઉગામતી, કોઈકે ફૂલના દડારૂપી ગોળી સંયમરૂપી ગઢ પર છોડતી તો કોઈક પોતાના સ્તનરૂપી હાથીના કુંભસ્થળથી હૃદયરૂપી ગઢના બારણા પર પ્રહાર કરતી, તો પણ શીલરૂપી નાથ તો એ બધાથી પર જ રહ્યા. એ દુશ્મનોની એક પણ ગોળી એમને વાગી નહિ, એટલું જ નહિ મોહના એ બધા સુભટો પરાજય પામી દશેદિશામાં નાસી ગયા એ પછી નવજાતની પ્રીતિએ વિવાહ મંડપરૂપી કોટ સજીને એક નવું યુદ્ધ શરૂ કર્યું પણ પ્રભુએ તો એને પણ નિશાનથી બરાબર ચોટ દીધી. એટલે કે વિવાહરૂપી યુદ્ધમાં પણ નેમિનાથ અપરાજિત રહ્યા. પછી નેમિનાથે રાજુલ પાસે મોહની ચાકરી છોડાવી એને મોક્ષમાર્ગે વાળી અને પોતે પણ રેવતગિરિ (ગિરનાર) જઈને સંયમરૂપી ગઢની રચના કરી, પછી તેમણે શ્રમણ ધર્મ અંગીકાર કરી મોહની સામે યુદ્ધ માંડયું. પોતાનાં સંવેગરૂપી ખડ્ગ અને ધર્માંરૂપી ઢાલ લઈ, કેશરૂપી ભાલા ઉડાડયા, શુભ ભાવનારૂપી નાલ ગડગડાવી, ધ્યાનરૂપી બાણની ધારા વરસાવી મોહને નષ્ટ કર્યો અને એ રીતે તેઓ જગતના નાથ બન્યા. આમ, એકંદરે કવિએ એક સરસ રૂપકની યોજના કરી છે.

અંતમાં કવિ કહે છે કે મેં આવા પ્રભુનો સાથ લીધો છે.

શ્રી પાર્શ્વજિન સ્તવન (પૃ ૧૧૬)

સુરનર–દેવો અને માનવો; આપદ–આપત્તિ, સંકટ, ઉત્સંગે–ખોળામાં; વામા–સ્ત્રી; પરતક્ષ–પ્રત્યક્ષ; નિરૂપાધિ–ઉપાધિ વગરની; વીતરાગ–જેમાંથી રાગ ચાલ્યો ગયો છે એથી, અવલંબ્યા–આધાર લીધો છે; પાયા–પગ.

કવિ આ સ્તવનમાં શ્રી પાર્શ્વનાથ પ્રભુની પ્રતિમાની સ્તુતિ કરતાં કહે છે. હે સ્વામી ! આપની પ્રતિમા પ્રભાવશાળી છે મારા મનને એ અત્યંત ગમી ગઈ છે. જે દિવસથી મેં એ જોઈ છે તે દિવસથી મારી આપત્તિ દૂર થઈ ગઈ છે. આપનું પ્રસન્ન નયન જોતાં ભાવિક જનનું મન રીઝે છે આપનાં પ્રસન્ન નયન જોતાં જાણે તે સમતા રસનાં કચોળાં ન હોય ! એટલે કે આપની આંખમાં નથી. ઈર્ષ્યાનો ભાવ, ક્રોધનો ભાવ કે તિરસ્કાર કે ઘૃણાનો ભાવ આવતો. આખા જગત પ્રત્યે, જીવ માત્ર પ્રત્યે સહાનભૂતિ ધરાવો છો. આપની મૂર્તિ બીજા કેટલાંક દેવદેવીઓ જેવી નથી. આપના હાથમાં હથિયાર નથી, જપમાળાનો પ્રચાર નથી. આપના ખોળામાં સ્ત્રી નથી કે જેથી કામ વિકાર ઊપજે આપની મૂર્તિ નટની જેમ નૃત્યના ચાળા કરતી નથી. ગાતી બજાવતી નથી કે જીર્ણ કે નવાં વસ્ત્ર ધારણ કરતી નથી. એટલે કે આપની મૂર્તિ તદ્દન નિરૂપાધિક અને વીતરાગ દશાની છે. માટે જ મેં આપના ચરણનું શરણ સ્વીકાર્યું છે.

શ્રી મહાવીર જિન સ્તવન (પૃ ૧૧૭)

કરમ–કર્મ; અરિબલ–દુશ્મનોનું સૈન્ય; અનંતાનુબંધી–ઊંચસ્વરૂપના; વડયોધ્યા–ચારકષાયો

આ સ્તવનમાં કવિએ શ્રી મહાવીર સ્વામીને સાચા વીર અને અરિહંત તરીકે ઓળખાવ્યા છે. એમણે કર્મરૂપી દુશ્મનોના દળને

હરાવ્યું છે અને મોહને માર્યો છે. આ રીતે કેવલ પ્રાપ્તિથી શ્રી મહાવીર સ્વામી જગતમાં જીત્યા છે અને જગતમાં સાચું સુખ એમણે મેળવ્યું છે.

પહેલાં એમણે ચારે કષાયરૂપી મોટા મોટા યોદ્ધાઓને ચોટ મારીને હણી નાખ્યા, એ પછી મિથ્યાત્વરૂપી મંત્રીને, આયુષ્યને, હાસ્ય, રતિ, અરતિ, શોક ઇત્યાદિ યોદ્ધાઓને માર્યા, મોહરાયની પટરાણીઓને ગઢમાંથી બહાર કાઢી સંહારી; અંતરાય, જ્ઞાનાવરણીય, દર્શનાવરણીય ઇત્યાદિ કર્મોને માર્યા અને આ રીતે મોહનું સૈન્ય પરાજિત થતાં શ્રી મહાવીર સ્વામીનો વિજય થયો.

આપણા મધ્યકાલીન સ્તવન સાહિત્યમાં યુદ્ધના રૂપકની પરિભાષા યોજી લખાયેલાં આ કવિનાં સ્તવનો અન્ય સ્તવનોમાં એક જુદી જ ભાત પાડે છે.

૧૩. મહોપાધ્યાય શ્રી યશોવિજયજી

શ્રી ઋષભદેવ જિન સ્તવન—સ્તવન પહેલું.

સોવન્ન વન્ન-સુવર્ણનો વર્ણ; માન-માપ; વિઘન-વિઘ્ન; લક્ષ-લાખ; સહસ-હજાર; નિધાન-ભંડાર; રયણ-રત્ન;

આ સ્તવનમાં કવિ શ્રી મહોપાધ્યાય યશોવિજયજી મહારાજે શ્રી ઋષભદેવ ભગવાનનાં નામ માતા, પિતા, નગરી, લાંછન, કાયા, આયુષ્ય, સાધુ સાધ્વીનો પરિવાર, યક્ષ, દેવી વગેરેનો પરિચય આપ્યો છે. સ્તવનની ભાષા સરળ છે. સ્તવનમાં કેટલાક શબ્દો ઉપર આપેલા આંકડા જોતાં સમજાશે આ સ્તવનમાં નામ, માતાપિતા, લાંછન વગેરે ૧૪ વસ્તુનું નિરૂપણ કવિએ કર્યું છે.

શ્રી ઋષભદેવ જિન સ્તવન—સ્તવન બીજું

પાખલિ-વિના;

આ સ્તવનમાં કવિ કહે છે કે 'હે ઋષભ જિનેશ્વર! તમારી સાથે મારે સાચી પ્રીતિ લાગી છે. મારું મન તમારા ગુણમાં જ લાગેલું છે.

તમારા સિવાય બીજા કોઈ દેવમા મારું ચિત્ત લાગવાનું નથી. હે સ્વામી ! તમે કામણ કરીને અમારું ચિત્ત ચોરી લીધું છે. હવે મારી બાંહ્ય ગ્રહ્યાની તમને લાજ છે, એટલે કે હવે મારો ઉદ્ધાર નહિ કરો તો તેમાં તમારી જ આબરૂ જવાની છે. '

શ્રી ઋષભ જિન સ્તવન—સ્તવન ત્રીજું

અંબુજ–કમળ, અષ્ટમી શશિ–આઠમનો ચન્દ્ર; અડહિય–આઠ; અભ્યંતર–અંદરના; ઉતુંગ–મોટું; થુણ્યાં–સ્તવ્યો.

આ સ્તવનમાં કવિ કહે છે કે શ્રી મરૂદેવી માતાના પુત્ર ઋષભદેવ ભગવાનના મુખનું દર્શન કરવાથી સુખ ઉપજે છે. પ્રભુની આંખ કમળની પાંખ જેવી, કપાળ આઠમના ચન્દ્ર જેવું અને મુખ શરદ ઋતુના ચન્દ્ર જેવું છે. એમની વાણી અત્યંત રસાળ છે. પ્રભુના શરીર પર એક હજાર અને આઠ ઉદાર લક્ષણો શોભે છે. એમના હાથ અને પગમાં અનેક શુભ રેખાઓ છે અને અભ્યંતર શુભ લક્ષણો તો અનેક છે. પ્રભુનો દેહ ઇન્દ્ર, ચન્દ્ર, સૂર્ય અને પર્વતના ઉત્તમ ગુણો એકત્ર કરીને ઘડવામાં આવ્યો છે. પરંતુ પ્રભુનું જે અદ્‌ભુત ભાગ્ય છે તે કયાંથી આવ્યું તેનું ભારે આશ્ચર્ય છે. પ્રભુએ સઘળા ગુણોને સ્વાધીન કર્યા છે, અને દોષોને દૂર કર્યા છે. આવા પ્રભુની સ્તુતિ કરતાં કવિ કહે છે કે અમને સુખની પુષ્ટિ આપજો. આ સ્તવનમાં કવિએ વિવિધ ઉપમાઓ વડે પ્રભુનું બાહ્ય સ્વરૂપ દર્શાવ્યું છે.

શ્રી શાંતિનાથ જિન સ્તવન—સ્તવન પહેલું

અચિરારો–અચિરાના; અચરિજ–આશ્ચર્ય; અરૂપી પદ–મોક્ષ.

આ સ્તવનમાં કવિ કહે છે કે જે દિવસે શ્રી અચિરા દેવીના પુત્ર શ્રી શાંતિનાથ ભગવાનનું મુખ જોઈને સુખ પામીશું તે વખતે વિરહ–વ્યથાનાં બધાં દુખ દૂર થશે. હે પ્રભુ ! તમારામાં રહેલા ગુણો જેણે જરા પણ જાણ્યા છે તેને બીજી કોઈ વસ્તુમાં રસ ન રહે. જેણે

અમૃત રસ ચાખ્યો તેનું મન બીજા રસમાં લાગે નહિ. તમારા સમ્યક્ત્વરૂપી રસનો હું જાણવા વાળો છું, છતાં મેં ખાખ રૂપી ખરાબ ભોજન ઘણા વખત સુધી સેવ્યું પરંતુ ફરી કદાચ કર્મના યોગે તેને સેવવાનો વખત આવે તો પણ સમકિત ગુણ રૂપી અમૃતની ઇચ્છા તો તે જરૂર ફરીથી કરે. તમારું ધ્યાન તેજ સમકિત છે, એજ જ્ઞાન છે. અને એજ ચારિત્ર્ય છે. એથી સઘળાં પાપ નષ્ટ થાય છે અને ધ્યાન ધરનાર ધ્યેય સ્વરૂપને પામે છે. હે પ્રભુ! તમારું અદ્‌ભુત સ્વરૂપ નિહાળીને ભવ્ય જીવ અરૂપી પદ એટલે કે મોક્ષ મેળવે છે તે આશ્ચર્ય છે. તમારી કળા તમો જ જાણો છો. મારું મન ત્યાં પહોંચી શકતું નથી. આથી શ્રી યશોવિજય તમારું સ્મરણ અને ભજન કરે છે.

શ્રી શાંતિનાથ જિન સ્તવન—સ્તવન બીજું

નયર-નગર; પાતિક-પાપ; તનુ-શરીર; સાધ્વી-આદર્શી; તિહુઅણ-ત્રિભુવન; નિરવણી-યક્ષિણીનું નામ

આ સ્તવનમાં કવિએ શ્રી શાંતિનાથ ભગવાનનાં માતા-પિતા, નગર લાંછન, કાયા, આયુષ્ય, સાધુ સાધ્વીનો પરિવાર, યક્ષ, યક્ષિણી વગેરેનો પરિચય આપ્યો છે. સ્તવનની ભાષા સરળ અને સમજાય તેવી છે.

શ્રી શાંતિનાથ જિન સ્તવન—સ્તવન ત્રીજું

મનમથ-કામદેવ; અકિંચન-જેની પાસે કશું ન હોય તેવા; થિરતા-સ્થિરતા;

આ સ્તવનમાં શ્રી શાંતિનાથ ભગવાનનું સ્વરૂપ વર્ણવતાં કવિ યુક્તિથી કેટલોક વિરોધા ભાસ રજુ કરી સાચી વસ્તુ દર્શાવે છે. કવિ કહે કે 'હે પ્રભુ! તમે લોકોના મનનું રંજન કરનારા અને કામદેવના બળનું ખંડન કરનારા છો, છતાં તમારા ચિત્તમાં રાગદ્વેષ નથી. તમારે શિરે છત્ર છે અને દેવ દુંદુભિ વાગી રહ્યાં છે. આમ, તમારી ઠકુરાઈ શોભે છે, છતાં તમે તો તદ્દન અકિંચન છો. તમે

સમતા, સ્થિરતા, ધૃતિ ઇત્યાદિ સ્ત્રીઓને વરેલા છો છતાં તમે બ્રહ્મચારી છો. તમે સંસાર પ્રત્યે રાગ ધરાવનાર નથી, તમને દોષો પ્રત્યે આસકિત નથી, મૃગ એ તમારું લાંછન છે. હે પ્રભુ! કેવળી સિવાય તમારા ગુણોનું વર્ણન કોણ કરી શકે?

શ્રી નેમનાથ જિન સ્તવન—સ્તવન પહેલું

આ સ્તવનમાં કવિએ શ્રી નેમિનાથ ભગવાનનાં માતાપિતા, નગર, લંછન, ઇત્યાદિ વર્ણવી બીજીથી સાતમી કડી સુધીમાં નેમિનાથના જીવનના સુપ્રસિદ્ધ પ્રસંગો વર્ણવ્યા છે અને એ પછી છેલ્લી ત્રણ કડીમાં એમના સાધુ સાધ્વીના પરિવારનો અને એમના આયુષ્ય વગેરેનો પરિચય આપ્યો છે.

શ્રી નેમનાથ જિન સ્તવન—સ્તવન બીજું

કુરંગ–મૃગ; વયણુએ;–વચને; પતિ–પ્રતીતિ–વિશ્વાસ; વ્યાલ–સર્પ; વિલવતી–વિલાપ કરતી;

આ સ્તવનમાં કવિએ રાજુલની નેમિનાથ પ્રત્યેની ઉકિત રજૂ કરી છે. એ કહે છે કે હે સ્વામી! અનુકંપાને કારણે તમે તોરણેથી પાછા ફર્યા. તે વખતે તમને અનેક વડીલોએ વિનવ્યા, પરંતુ મારી સાથેના નવ ભવના સ્નેહને અવગણી તમે પાછા ચાલ્યા, તેમાં લગ્ન માટે જોષી પાસે યોગ્ય મુહૂર્ત જોવડાવવામાં તો કંઈ ફેર પડયો નથી ને!

હે નાથ! જે મૃગથી ચન્દ્ર કલંકિત બન્યો છે અને જે મૃગને કારણે રામ અને સીતાનો વિયોગ થયો તે મૃગનાં વચન સાંભળી એના પ્રત્યે અનુકંપા આણી તમે પાછા ચાલ્યા ગયા છો એની વાતની પ્રતીતિ કોને થાય? લોકો તો એમ જ માનવાના કે તમે મૃગની દયાનું માત્ર બહાનું કાઢયું. તમારા પાછા ચાલ્યા જવાનું કારણ કંઈક બીજું જ હોવું જોઈએ. હે નાથ! મને તો એમ જ લાગે છે કે જેને અનંત સિદ્ધોએ ભોગવી છે અને જે અનેક મુમુક્ષુઓને પોતાના તરફ આકર્ષે છે એવી ધૂતારી મુગતિ રૂપી સ્ત્રીએ તમને ભોળવ્યા હોવા જોઈએ, માટે તમે મારા કરથી હેત ઉતારી નાખ્યું છે. હે નાથ! પ્રીતિ વરવી સહેલી છે, પણ નિભાવવી અઘરી

છે. જેવી રીતે સાપને રમાડવો કે અગ્નિની ઝાળને પકડવી એ સહેલાં કામ નથી તેવી રીતે પ્રીતિ નિભાવવી એ પણ સહેલું કામ નથી.

છેવટે રાજુલ એટલી વિનંતી કરે છે. કે હે નાથ! લગ્ન વખતે આપે મારા હસ્ત પર આપનો હસ્ત મૂક્યો નહિ, પણ હવે હું જ્યારે આપની પાસે સંયમ લઉં ત્યારે મારા મસ્તક પર તો અવશ્ય હાથ ધરજો. આ રીતે વિલાપ કરતી રાજુલે નેમિનાથ પાસે દીક્ષા લીધી.

શ્રી નેમિનાથ જિન સ્તવન-સ્તવન ત્રીજું

તોરત-તોડત;

આ સ્તવનમાં પણ કવિએ રાજુલની નેમિનાથ પ્રત્યેની ઉક્તિ રજુ કરી છે. પરંતુ આગળના સ્તવન કરતાં આમાં મારવાડી ભાષાની છાંટ વધારે છે, એક બે સ્થળે આગળના સ્તવન કરતાં ભાવ કે વિચાર જુદા છે. રાજુલ કહે છે કે હે નાથ! તમે તોરણેથી પાછા ફરીને આ શું કર્યું? દિલમાં એક વખત સ્નેહ આણીને પછી છોડી દેવો ન જોઈએ. મૃગનું બહાનું કાઢી પ્રીતિ તોડતાં તમારા મનમાં લાજ કેમ નથી આવતી? જેના હૃદયમાં વિરહનું બાણ લાગ્યું હોય તેની પીડા તમે કયાંથી જાણો? તમારા વગર શરીરના શણગાર શોભતા નથી. પથારી સૂની લાગે છે, અને શરીરનું તેજ ચાલ્યું ગયું છે. હે સ્વામી! તમે મારે મંદિર પધારો. તમારે સાધુત્વનો અંગીકાર કરવો હોય તો વૃદ્ધાવસ્થામાં કરજો. હું તમારો સંગ કદાપિ નહિ છોડું. આમ વિલાપ કરતી રાજુલ અંતે નેમિનાથ પાછળ ગિરનાર ગઈ અને ત્યાં એણે નેમિનાથ પાસે દીક્ષા લીધી. બંનેને કેવળજ્ઞાન પ્રાપ્ત થયું અને મુક્તિ-રૂપી મહેલમાં બંને આનંદ કરી રહ્યાં છે.

શ્રી પાર્શ્વનાથ સ્તવન-સ્તવન પહેલું

મુર અરિ-મોરારી, કૃષ્ણ.

આ સ્તવનમાં શ્રી પાર્શ્વનાથ પ્રભુની સ્તુતિ કરતાં કવિએ એમનું ગૌરવ વિવિધ પ્રકારની ઉપમાઓ આપી દર્શાવ્યું છે; કવિ કહે છે કે

જેમ દેવોમાં ઇંદ્ર, પર્વતોમાં મેરૂ પર્વત, પશુઓમાં સિંહ, વૃક્ષોમાં ચંદન, સુભટોમાં કૃષ્ણ, નદીઓમાં ગંગા, રૂપવાનોમાં કામદેવ, ફૂલોમાં કમળ, રાજાઓમાં ભરત ચક્રવર્તી, વ્યાખ્યાનોમાં અને કથાઓમાં જિન કથા, મંત્રોમાં નવકાર મંત્ર, રત્નોમાં ચિંતામણિ રત્ન, સાગરોમાં સ્વયંભૂરમણ સમુદ્ર, ધ્યાનોમાં શુકલ ધ્યાન શોભે છે તેમ સમસ્ત મુનિઓમાં વામાદેવીના પુત્ર શ્રી પાર્શ્વનાથ પ્રભુ શોભે છે.

શ્રી પાર્શ્વજિન સ્તવન–સ્તવન બીજું

તિસના–તૃષ્ણા; સાયર–સાગર; તોરઈ–તારો, ઉદ્ધારો; વરવાનલ–વડવાનલ, સમુદ્ર નીચેનો અગ્નિ; તિમિંગલ–મોટામાં મોટો મગરમચ્છ.

આ સ્તવનમાં કવિએ સમુદ્રના તોફાનનું રૂપક પ્રયોજ્યું છે. શ્રી પાર્શ્વજિન પ્રભુને સંબોધીને કવિ કહે છે કે આ ભીષણ ભવસાગરમાં ચાર કષાય રૂપી પાતાળ, તૃષ્ણા રૂપી પ્રચંડ પવન, કામવાસનારૂપી વડવાનલ, વ્યસનરૂપી મગરમચ્છ, પ્રમાદરૂપી પિશાચ, અનીતિરૂપી વ્યંતરી વગેરે તોફાનો મચાવી ત્રાસ આપી રહ્યાં છે અને ધર્મરૂપી જહાજને વમળોમાં પ્રતિક્ષણે ડૂબવાની બીક છે ત્યાં, હે પ્રભુ! તમે અમારા આ ધર્મરૂપી જહાજને ચલાવી સામે પાર ઉતારો.

શ્રી પાર્શ્વજિન સ્તવન-સ્તવન ત્રીજું

આ સ્તવનમાં કવિએ શ્રી પાર્શ્વનાથ પ્રભુનાં માતાપિતા, નગર, લંછન, દેહવર્ણ, આયુષ્ય, સાધુસાધ્વીનો પરિવાર, વગેરેનો પરિચય આપ્યો છે.

શ્રી મહાવીર જિન સ્તવન—સ્તવન પહેલું

છીલ્લક જળ–છીછરા જળનું ખાબોચિયું; પરસુર–બીજા દેવો; ગિરૂઆ–મોટો.

આ સ્તવનમાં મહાવીર સ્વામી પ્રભુની સ્તુતિ કરતાં કવિ કહે છે કે હે પ્રભુ! આપના ગુણો ઘણા મોટા છે. એનું વર્ણન સાંભળીતાં મારા કાનમાં જાણે અમી ઝરે છે અને મારી કાયા પવિત્ર થાય છે.

તમારા ગુણ રૂપી ગંગામાં હું ન્હાઉં છું અને એથી નિર્મળ થાઉં છું. મને બીજી કશી પ્રવૃત્તિ ગમતી નથી. હું બસ, હંમેશાં તમારા જ ગુણ ગાયા કરું એમ થાય છે. જેઓ ગંગાજળમાં સ્નાન કરે છે તેઓ પછી ખાબોચિયાના છીછરા અને ગંદા પાણીમાં જતા નથી. જેઓ માલતીના ફૂલની સુગંધ લે છે તેનું મન પછી બાવલિયા તરફ કયાંથી મોહે? તેવી રીતે હે પ્રભુ! અમારું મન તમારા ગુણમાં લાગેલું છે, એથી જેઓ પરનારીમાં આસકત થયેલા છે એવા બીજા દેવો તરફ અમારું મન કયાંથી લાગે? હે પ્રભુ! તમે જ અમારી ગતિ છો, અમારી મતિ છો, અમારા આલંબનરૂપ છો, અમારા જીવનાધાર છો. એટલે કે અમારે મન તમે જ સર્વસ્વ છો.

શ્રી મહાવીર જિન સ્તવન-સ્તવન બીજું

તૂઠો-સંતુષ્ઠ થયો; કામઘટ-ઇચ્છાઓ પૂરી પાડનાર પાત્ર; માતંગ-હાથી.

આ સ્તવનમાં કવિ શ્રી મહાવીર પ્રભુની સ્તુતિ કરતાં કહે છે કે હે સ્વામી! તમે અમારે માટે કલ્પતરુ, કામધેનુ સમાન છો. તમારી કૃપાથી અમારે આંગણે અમીવૃષ્ટિ થવા લાગી છે. બીજી અને ત્રીજી કડીમાં કવિએ શ્રી મહાવીર સ્વામીનાં માતાપિતા, નગર, લંછન, વર્ણ, કાયા, આયુષ્ય વગેરે જણાવી એમના સંયમનાં ગુણગાન ગાયાં છે. એ પછી કવિ કહે છે કે હે પ્રભુ! તમારા વચન રૂપી સાગરે ઝીલતો એવો હું મિથ્યાત્વને અને મોહને દૂર કરી ધર્મના પંથ તરફ આવી રહ્યો છું. તમારા ગુણને કારણે કુમતિરૂપી માતંગની હવે મને જરા પણ બીક નથી.

શ્રી મહાવીર જિન સ્તવન—સ્તવન ત્રીજું

આ સ્તવનમાં કવિ કહે છે, "પ્રભુનાં દર્શનથી મારાં દુઃખ દૂર થયાં છે." પછી કવિ વિનતી કરે છે કે હે પ્રભુ! હવે તમે મારા મનમંદિરમાં પધારો. એ પછીની કડીઓમાં કવિ એ મંદિર એટલે કે

મહેલનું રૂપકશૈલીથી વર્ણન કરે છે. આ મહેલમાં સમ્યક્ત્વરૂપી વજ્રનો પીઠબંધ કર્યો છે. ભ્રાંતિરૂપી કચરો એમાંથી કાઢ્યો છે. ચારિત્રરૂપી ત્યાં ઊંચા ઊંચા ચંદરવા છે. સંવર રૂપી રૂડી ભીંતો છે. કર્મરૂપી ગોખમાં મોતીનાં ઝૂમણાં છે. આવા મહેલમાં હે પ્રભુ! તમે પધારો અને સમતારૂપી રાણીની સાથે આનંદ કરો. જો તમે એકવાર આવશો તો પછી અહીંથી તમને પાછા જવાનું મન નહિ થાય, છેલ્લી કડીમાં કવિ કહે છે કે પોતાની આ અરજ સાંભળી પ્રભુ મન મંદિરમાં પધાર્યા અને તુષ્ટ થયા.

અધ્યાત્મ પદ (પૃ. ૧૩૮)

આ પદમાં કવિ કહે છે કે જ્યાં સુધી મનને સંયમમાં રાખવામાં આવતું નથી ત્યાં સુધી બાહ્ય દૃષ્ટિએ ગમે તે કરો-જટા રાખો, ભસ્મ ચોપડો, મુખેથી રામનામનો જાપ કરો, બીજી ગમે તે ક્રિયા કરો પણ તે આકાશમાં ચિત્ર દોરવાની માફક વ્યર્થ છે.

પરમાત્મા દર્શન (પૃ. ૧૩૯)

આ પદમાં કવિ ચેતન તત્ત્વને-શુદ્ધ આત્મતત્ત્વને સંબોધી, એનું સ્વરૂપ વર્ણવી, એનો મહિમા દર્શાવી, પોતાને દર્શન આપવાની અરજ કરે છે. કવિ કહે છે તમારા દર્શન વિના તપ, સંયમ, ક્રિયા, જ્ઞાન વગેરેનો કંઈ અર્થ નથી. કેટલાક માત્ર ક્રિયાની રુચિવાળા હોય છે, કેટલાકને જ્ઞાન પ્યારું છે. પણ એ બંનેના સમન્વયનો રસ તેઓ જાણતા નથી. હે પ્રભુ! તમે એ બન્નેથી ન્યારા છો. હે પ્રભુ! યોગીઓ, સંન્યાસીઓ તમારી ખોજ કરે છે, પરંતુ તમે તો સહજ રૂપે સર્વવ્યાપી છો. આગમના અભ્યાસથી તમારું અગમ્યરૂપ હું વખાણું છું.

૧૪. મહોપાધ્યાય શ્રી મેઘવિજયજી

શ્રી ઋષભજિન સ્તવન (પૃ. ૧૪૨)

નરેસર-નરેશ્વર, રાજા; ભાણ-સૂર્ય; જસ-જેમની.

આ સ્તવનમાં કવિ કહે છે કે મરૂદેવી માતાના પુત્ર, જગતના આધાર સમા શ્રી ઋષભજિનેશ્વરની આજે આપણે સેવા કરીએ. શત્રુંજય પર્વતના છત્રસમાન, નાભિ રાજાના પુત્ર આજ સૂર્યના તેજની જેમ પ્રકાશી રહ્યાં છે. એમની પાસે હું સેવક બનીને આવ્યો છું. જિનેશ્વર ભગવાન સિવાય દાસને બીજા કોની આશા હોય ? પ્રભુના નયનપ્રસાદ માટે મારું મન આશા રાખે છે.

શ્રી શાંતિનાથ સ્તવન (પૃ. ૧૪૩)

ષટ્‌ખંડ–છ ખંડ; શિવપુર–મોક્ષ; સુરતરુ–કલ્પવૃક્ષ; બાઉલીયા–બાવળિયે; પરિજન–પોતાની આસપાસના માણસો; અરિજન–દુશ્મનો; ભાવઠ–ભવનાં દુઃખો; ભાંજે–ભાંગે.

આ સ્તવનમાં કવિ મેઘવિજયજી કહે છે કે શ્રી શાંતિનાથ પ્રભુ શાંત મહારસના સાગર જેવા બધા સેવકની આશા પૂરે તેવા છે માટે તેમનું શરણ સ્વીકારવું જોઈએ. જેઓ સમતા પ્રત્યે મમતા રાખે છે એટલે કે પોતાના જીવનમાં સમતા ધારણ કરે છે અને હૃદયમાં શાંતિ સંધરી રાખે છે. પ્રભુની સેવાથી તેઓનાં ભવનાં કષ્ટો બધાં દૂર થાય છે. શ્રી શાંતિનાથ પ્રભુએ પોતાના ગૃહવાસ દરમિયાન અઢળક ઋદ્ધિ ભોગવી અને મોક્ષસુખની સાથે તીર્થંકર પદની પણ સેવા કરવા લાગે છે તે કલ્પવૃક્ષની છાયા ત્યજીને બાવળિયા તરફ દોડતા હોય છે. પ્રભુને માટે તો સ્વજનો, દાસ અને દુશ્મનો બધા સરખાં છે. વળી તેમને માટે તો રાજા અને રંક પણ સરખા છે કારણ કે તેઓ તો વિતરાગ દશા ધરાવનારા અને મેઘની જેમ સમતા રસથી ભરપૂર છે;

શ્રી નેમનાથ સ્તવન (પૃ. ૧૪૪)

આ સ્તવનમાં કવિ શ્રી નેમિનાથ ભગવાનનો મહિમા બતાવે છે અને પોતાનો ઉદ્ધાર કરવા માટે પ્રભુને અરજ કરે છે. કવિ કહે છે ઘણા લોકો તમારા પ્રત્યે રાગ ધરાવનારા છે. પણ તમારી સેવાનો જોગ બધાને મળતો નથી.

શ્રી પાર્શ્વનાથ સ્તવન (પૃ. ૧૪૫)

આ સ્તવનમાં શ્રી પાર્શ્વનાથ પ્રભુનો મહિમા વર્ણવતાં કવિ કહે છે કે તમારી કૃપાથી સહુ કાર્ય સિદ્ધ થાય છે, ઘરમાં મંગલ થાય છે. તંત્રમંત્ર જપ્યા વગર સેવકને પ્રભુ સુલતાન કરે છે એટલે કે ઉચ્ચ સ્થાને પહોંચાડે છે.

શ્રી મહાવીર જિન સ્તવન (પૃ. ૧૪૫)

ઓળંભરે–ઉપાલંભથી, ઠપકાથી.

આ સ્તવનમાં કવિ વિનતી કરે છે કે મારા ગમે તેટલા ગુન્હા હોય અને મેં ગમે તેટલા ઉપાલંભ આપ્યા હોય તો પણ મનમાં રીસ ન આણી, મારા પર સ્નેહ, કૃપા વરસાવો. મારું મન હવે તમારામાં જ લાગેલું છે.

આ કવિની રચનાઓમાં ફારસી ભાષાની છાંટ સવિશેષ જોવા મળે છે.

૧૫. શ્રી વૃદ્ધિવિજયજી

શ્રી ઋષભદેવ જિન સ્તવન (પૃ. ૧૪૭)

હેજઇ–હેતથી, સ્નેહથી.

આ સ્તવનમાં કવિ નાભિનાથના પુત્ર, જીવનના જગદાધાર એવા, પોતાના અંતરયામી શ્રી ઋષભદેવને વિનતી કરતાં કહે છે, " હે પ્રભુ ! તમારું મુખ જોતાં મારું મન મોહ્યું છે. તમને મળવાને માટે મારું મન તલસે છે, વળી હેતથી હૈયું હર્ષ અનુભવે છે અને તમારું મિલન થતાં મારા સર્વ મનોરથ ફળ્યા છે અને સર્વ ભવકષ્ટ અને બંધન દૂર થયાં છે. હે પ્રભુ ! જો તમે પ્રીતિની રીતિ બરાબર પાળવા ચાહતા હો તો પ્રેમથી મારી સામે નજર કરો. મારી આ વિનતી ધ્યાનમાં લઈ મારાં વંછિત કાર્યો પાર પાડો. હે પ્રભુ ! જો તમે મને તમારા સેવક તરીકે સ્વીકારતા હો તો મારી વિનતિ દિલમાં આણીને મારા ઉપર કૃપા કરીને મને તમારી સહાય આપો.

શ્રી શાંતિનાથ સ્તવન (પૃ. ૧૪૮)

તિહું લોય ત્રલે લોક; અહનિસિ-દિવસરાત; હેજઈ-હેતથી.

આ સ્તવનમાં કવિ કહે છે કે શ્રી શાંતિનાથ પ્રભુ મનમાં આવીને વસેલા છે. સો વરસ થાય તો પણ એમને ભૂલ્યા ભૂલી શકાતા નથી. રાતદિવસ, સૂતાં જાગતાં આપણે આ ત્રણે લોકના તિલક સમાન આપણા અંતરયામીને દિલથી દૂર કરી શકતા નથી. એમના સ્વરૂપનું નયનથી દર્શન કરતાં હૈયું આનંદથી ઊભરાય છે. જ્યારે દૂર હોઉં છું ત્યારે તમારા દર્શનની ઇચ્છા થાય છે, પરંતુ હે પ્રભુ! તમે જો મારી બાંહ ઝાલો, એટલે કે મને તમારા શરણે લો તો મારા મનની બધી ઇચ્છા ફળીભૂત થાય. માટે હે પ્રભુ! મારા પર દયા લાવી દર્શન આપો.

શ્રી નેમિનાથ સ્તવન (પૃ. ૧૪૯)

સમય-સાજન; નાહલા-નાથ; ચૂક પડઈ-ભૂલ થાય ખાય; પિસુહા-પિશુન-ચાડી કરનાર; સહઈ-સહન કરે; પરઘર ભંજન-પારકાનું ઘર ભંગાવનાર; પરકજૂ-પરગજુ.

આ સ્તવનમાં કવિ શ્રી વૃદ્ધિવિજયે રાજુલની ઉક્તિ મૂકી છે. અન્ય સ્તવનોમાં જોવા મળતી રાજુલની ઉક્તિ કરતાં આ ઉક્તિ થોડી જુદી પડે છે કારણ કે આમાં રાજુલે સંસારના રાગદ્વેષ, ઈર્ષ્યા, ખટપટ વગેરેની વાત કરી છે. રાજુલ કહે છે, "હે નેમિનાથ પ્રભુ! હે સાજન! મારી વાત સાંભળો. હે પ્રભુ હું તમારા પર વારી ગઈ છું. પરંતુ તેમ કરવામાં મેં કંઈ ભૂલ કરી નથી, જે મુગ્ધજન હોય, ભોળાં હોય તે ભૂલ કરે. જે ચતુર માણસ હોય તે તો બીજાની ચાડી કરેલી વાતથી પ્રેરાઈને પણ ભૂલ કરી બેસે. ચાડી કરનાર દ્વેષવાળા માણસો બીજાનું ઘર ભાંગવા માટે ખોડખાંપણ બતાવતા હોય છે. આ જગતમાં પરગજુ માણસો બહુ જ વિરલ હોય છે પણ પારકાનું ઘર ભાંગનારા

તો કરોડો માણસો હોય છે. જે માણસોને પોતાને વિયોગ પીડતો હોય છે તે માણસો બીજાના સંયોગની અદેખાઈ કરતા હોય છે. આ કળિકાળમાં આવા અદેખા લોકો ઘણા હોય છે. પરંતુ હે પ્રભુ! જો ગુણ અને અવગુણનો આપ ચતુરાઈપૂર્વક વિચાર કરી જોશો તો તમે મારી વિનતી જરૂર માનશો.''

શ્રી પાર્શ્વનાથ સ્તવન (પૃ. ૧૫૦)

આ સ્તવનમાં કવિ કહે છે, ''હે પ્રભુ! આ દાસ જે અરજ કરે છે તે તમે સાંભળો. જો મને આપ આપના ચરણની સેવા કરવા માટે આપની પાસે રાખો તો હું પ્રેમથી તમારી સેવા કરું.

હે પ્રભુ! હું દિવસરાત મનમાં તમારી આશા રાખું છું કે જેથી મારે માથે બીજી કોઈ પરવા હોય નહિ. હે સાહેબ, મેં તમારું શરણ લીધું છે તેથી હવે બીજો કોઈ મારા મનમાં વસતો નથી. જેમ કલ્પવૃક્ષ મળ્યા પછી માણસને કચરો ગમતો નથી તેમ તમને સેવ્યા પછી બીજો કોઈ દીઠે પણ સારો લાગતો નથી. જેમણે ગંગાજળ મળ્યું છે તેમને વરસાદના પાણીથી સંતોષ કેમ થાય? મેં અનેક દેવો જોયા છે, પણ તેમાં તમે તો અનુપમ છો. તમારી તુલના બીજાની સાથે થઈ શકે તેમ નથી, માટે જ, હે પ્રભુ! મેં તમારા સત્યસ્વરૂપનો આશ્રય લીધો છે.

શ્રી વીરજિન સ્તવન (પૃ. ૧૫૦)

આ સ્તવનમાં કવિ શ્રી વૃદ્ધિવિજયજીએ શ્રી ગૌતમસ્વામીના શ્રી મહાવીર સ્વામી પ્રત્યેના અનુપમ રાગ અને વિરહવ્યથાનું વર્ણન કર્યું છે. શ્રી ગૌતમ સ્વામી કહે છે કે હે પ્રભુ! તમે મને ભોળાને ભોળવ્યો. અત્યાર સુધી મને કેવળજ્ઞાન પ્રાપ્ત ન થયું તે તમારા પ્રત્યેના અનુરાગને કારણે જ ને? હે પ્રભુ! અત્યાર સુધી તમે મારા પર મહેર કરી કરીને મારી તમારા પ્રત્યેની મમતા વધારી. પણ આ અવસરે જ તમે મારાથી અંતર રાખ્યું અને મારું કાર્ય સિદ્ધ ન કરી આપ્યું. તમે મારા ગુરુ હતા અને હું તમારો શિષ્ય હતો એ વાતનો હવે શો

અર્થ રહ્યો? તો પણ હે સ્વામી! જ્યાં સુધી તમે જવાબ નહિ આપો ત્યાં સુધી હું તમારો જ જાપ કર્યા કરવાનો.'

૧૬. શ્રી ચારિત્રકુશલ

શ્રી ઋષભજિન સ્તવન (પૃ. ૧૫૩)

અહિ-સાપ નાગ; સાયર-સાગર; સીપ;-છીપ; જલદ-વાદળ, વલ્લભ-પ્રિયતમ; રેવા-અહીં નદીના અર્થમાં;

આ સ્તવનમાં કવિને ઋષભદેવ ભગવાનની સ્તુતિ કરતાં કેટલીક સુંદર ઉપમાઓ આપી સ્તવનને અલંકૃત કર્યું છે. કવિ કહે છે નાગ અને ચંદન, શંકર અને ગંગા, કમળ અને ભમરો, સાગર અને ચન્દ્રમા, મોતી અને છીપ, વાદળ અને મોર, વૃક્ષ અને પંખી, વિરહિણી અને પ્રિયતમ, હાથી અને નદી ઇત્યાદિ વચ્ચે પરસ્પર પ્રેમને લીધે જેમ એકાત્મ ભાવ રહેલો છે તેમ હે પ્રભુ! તમારી અને અમારી વચ્ચે એકાત્મભાવ રહેલો છે, કારણ કે અમારું મનડું તમારા પ્રત્યે મોહ્યું છે. હે પ્રભુ! જગતના સકળ જીવોને તારણ કરવાને એક તમે જ સમર્થ છો! તમારા ગુણસંકીર્તનથી અમારી જીભ સફળ અને પવિત્ર થઇ છે. અને અમારાં પાપ ટળ્યાં છે.

શ્રી શાંતિનાથ સ્તવન (પૃ. ૧૫૪)

હરખિત-હર્ષિત, આનંદિત; પટ-વસ્ત્ર;

આ સ્તવનમાં કવિ કહે છે કે શ્રી શાંતિનાથ પ્રભુ સાથે ચિત્તડું અમારું વિંધાયું છે. તેમાં કંઈ ફેર થઈ શકે તેમ નથી. તેમનું સુકોમળ નિરૂપમ અંગ નીરખતાં લોચન આનંદ અને ધન્યતા અનુભવે છે. કવિ સરખામણી આપતાં કહે છે કે આંબાનું અમૃતફળ મૂકીને આકડો જેમ કોઈ ન ખાય, તેમ, હે પ્રભુ! આપની મનોહર મૂર્તિ છોડીને બીજાને કોણ ભજે? જેમ મજીઠના રંગનું વસ્ત્ર ગમે તેટલી વાર ધોવાં છતાં રંગ જતો નથી તેમ જેનું જ્યાં દિલ લાગ્યું હોય તે ગમે તેટલા

ઉપાય કરવાં છતાં ટળતું નથી. હે પ્રભુ! હું તમારી પાસે યાચક બનીને આવ્યો છું તો મને નિરાશ ન કરશો. પ્રેમથી દિલાસો આપીને મારી આશા પૂર્ણ કરો.

શ્રી નેમનાથ સ્તવન (પૃ ૧૫૫)

પાવસ–વર્ષા;

આ સ્તવનમાં કવિએ વિરહિણી રાજુલનું ચિત્ર દોર્યું છે. નેમિનાથ ભગવાન રથ ફેરવી ચાલ્યા ગયા એ સખી મારફત સાંભળતાં રાજુલ મૂર્છા પામી, ચેતનરહિત થઈ ધરણી પર ઢળી પડી. એની આંખમાંથી આંસુની ધારા ચાલવા લાગી. પછી વિલાપ કરતી તે કહેવા લાગી કે "હે વાલ્હા! તમે મારામાં એવા શા અવગુણ જોયા કે મને તરછોડીને ચાલ્યા ગયા? નિર્દોષ અબળાનો ત્યાગ કરવામાં તમારી શોભા નથી. હે નાથ! હું મનમાં એમ ધારતી હતી કે મારો હાથ ઝાલવાને એક તમે જ યોગ્ય છો! માટે હું તમારી આટલી બધી આશા રાખતી હતી. પરંતુ તમે મને છોડીને સાવ નિરાશ કરી દીધી છે. એથી સસરાજીને મારી ચાલ જોવા ન મળી. મને સાસુજીના પાસે પડવાનું ન મળ્યું અને દિયરોને મારા હાથની સુશ્રુડી ચાખવા ન મળી." અંતમાં કવિ કહે છે કે વિરહિણી રાજુલે વૈરાગ્ય ધારણ કર્યો અને પીયુ પહેલાં મોક્ષ સંચરી. આ સ્તવનમાં કવિએ રાજુલના મુખમાં મૂકેલી કલ્પના શ્રી લાવણ્યસમયના નેમિનાથ સ્તવન (બીજું) માં આવતી એ પ્રકારની કલ્પનાની આપણને યાદ અપાવે છે.

શ્રી પાર્શ્વનાથ સ્તવન (પૃ. ૧૫૬)

આ એક સાદી રચના છે. તેમા કવિ પાર્શ્વનાથ ભગવાનનાં માતાપિતાનાં નામ અને જન્મસ્થળનો પરિચય આપી કહે છે કે "હે પ્રભુ! તમારાં દર્શનથી આજનો દિવસ ધન્ય બન્યો છે. તમારા અનંત ગુણોને યાદ કરતા પાર આવે તેમ નથી. દિવસ, રાત, સૂતાં જાગતાં

તમારા જ ગુણો દિલમાં ગાઉં છું. હે સ્વામિ! હું બીજું કઈ જ માગતો નથી. મારી એટલીજ અરદાસ છે કે આપના જેવી પદવી મને પણ મળો!"

શ્રી મહાવિર સ્તવન (પૃ ૧૫૭)

પરષદા-પર્ષદા, સભા; જ્યોતિજ્જન ગામિણી-જ્યોજનો સુધી સંભાળતી પાણી; સુપસાય-સુપ્રસાદ કૃપા;

આ સ્તવનમાં આરંભની કડીઓમાં શ્રી મહાવીર પ્રભુ સમોવસરણમાં બેસી દેશના આપે છે તે પ્રસંગનું ચિત્ર કવિએ દોર્યું છે. દેવતાઓ કુસુમવૃષ્ટિ કરે છે. વાજિંત્રો વાગે છે. દેવાંગનાઓ સોળ શણગાર સજીને નાટક કરે છે. એ પ્રભુનું સ્મરણ કરતાં મનની ઇચ્છાઓ સિદ્ધ થાય છે, વિઘ્નો દૂર થાય છે. એવા પ્રભુને જન્મ આપનાર ત્રિશલા માતાને ખરેખર ધન્ય છે.

૧૭. શ્રી તત્ત્વવિજયજી

આ કવિની ચોવીસીની હસ્તપ્રત ન મળવાથી ઋષભદેવ સ્તવનની પહેલી અને મહાવીર સ્વામિ સ્તવનની છેલ્લી કડી, જે છપાએલા ગ્રંથમાંથી મળી છે., તે અહીં આપી છે.

૧૮. શ્રી જીવનવિજયજી

શ્રી આદિનાથ જિન સ્તવન (પૃ ૧૬૧)

મધુકર-ભમરો; અછે-છે; વિસાવાવીસ-વિશ્વાસ; નંદ-પુત્ર; આદિકરણુ-કેટલીક બાબતોમાં પહેલ કરનાર; સુત-પુત્ર.

આ સ્તવનમાં કવિએ પ્રભુની મૂર્તિની મોહકતાનું અને પ્રભુ પ્રત્યેના પોતાના પ્રેમનું આલેખન કર્યું છે. કવિ કહે છે-હે પ્રભુ! મારા મનરૂપી ભમરો આપના ગુણરૂપી ફૂલ તરફ મોહ્યો છે તે હવે બીજાઓ ઊડે તેમ નથી. હે પ્રભુ! આપની મૂર્તિ અમૂલ્ય છે, અને એને જોતાં નયન ઠરે છે. આપને મળવા મને ઘણી આશા છે, પરંતુ મારાં કર્મો વચ્ચે આવે છે અને મને અટકાવે છે તો પણ મને

પુરેપુરો વિશ્વાસ છે કે આપના પ્રતાપે મારામાં રહેલા અશુભ કર્મો દૂર થશે. કોઈ પૂર્વભવના સ્નેહથી દોરવાઈને હું તમારી સન્મુખ આવી રહ્યો છું. હું તમારો સેવક છું માટે મારાથી રખેને તમે અંતર રાખતા. મારી વાત તમે જાણો છો અને હેત ધરાવીને તમે એને તમારા હૈયામાં સ્થાન આપ્યું છે તો જ્યારે પણ મારો ઉદ્ધાર કરવાની વેળા આવી પહોંચે ત્યારે હે પ્રભુ! તમે જરા પણ વિલંબ ન કરતા. નાભિનાથ અને મરુદેવીના પુત્ર એવા આપ ખરેખર જગતમાં મારો જય કરનાર છો.

શ્રી શાંતિનાથ સ્તવન (પૃ. ૧૬૧)

સનમુખ–સામે.

આ સ્તવનમાં કવિ કહે છે–હે પ્રભુ! તમારાં દર્શન અમારાં નયનને આનંદ આપનારાં છે. આપને મળવાનો આજે એક અપૂર્વ અવસર મળ્યો છે તે કોણ ગુમાવે? વળી આપના સાન્નિધ્યથી અને આપણા ચરણની સેવાથી મારા તનના અને મનનાં બધાં દુઃખ દૂર થઈ જાય છે. માટે તમારા આ દાસને નિરાશ ન કરશો! તમારી પાસે આવવાથી જાણે ગંગાજળમાં નહાયો હોઉં એટલું સુખ હું અનુભવું છું. વળી આપ જ્યારે સન્મુખ હો છો ત્યારે અસદ્‌વૃત્તિઓ રૂપી દુશ્મનો પણ દૂર રહે છે, માટે આપને મળવા માટે એકચિત્તથી ધ્યાન ધરવાની જરૂર છે. હે પ્રભુ! આપ મારા તરફ કૃપા નજર રાખી મારી મોહની જંજાળ દૂર કરો. અંતમાં કવિ કહે છે કે શ્રી જિનેશ્વર ભગવાનનું ચિત્તમાં સ્મરણ કરીને આપણે મુક્તિપદ મેળવવાની તૈયારી કરવી જોઈએ.

શ્રી નેમિનાથ જિન સ્તવન (પૃ ૧૬૨)

નાહ–નાથ; આલોચિયા–વિચાર કર્યો; ઓલંભે–ઉપાલંભથી–ઠપકાથી; શિવપુર–મોક્ષ;

આ સ્તવનમાં શરૂઆતમાં કેટલીક પંક્તિ કવિએ રાજુલના મુખમાં મૂકી છે અને પછીની પંક્તિઓમાં રાજુલનું વર્ણન કર્યું છે.

રાજુલ કહે છે, મારો કંથ ઇચ્છેલાં સુખ અને આનંદ આપનારા કલ્પવૃક્ષ જેવો છે, કામણગારો છે ગુણવાળો છે. એમને સંબોધી રાજુલ કહે છે કે હે પ્રભુ! તમારો રથ પાછો વાળો. જો મને તજવાની જ તમારી વૃત્તિ હતી, અને જો શિવપદની તમને આટલી બધી હોંશ હતી તો પછી મારા જેવી એક બાલિકાની ઉપેક્ષા કરવાની ધુંસ તમે કેમ કરી? મતલબ કે તમારે સગપણ કરતાં પહેલાં પૂરતો વિચાર કરવો જોઈતો હતો તેને બદલે તમે તો પાણી પીધા પછી ઘર પૂછવા જેવું કરો છો, પરંતુ એ કંઈ કામ ન આવે.

કવિ કહે છે કે રાજુલે આપેલા આવા ઉપાલંભથી કંઈ એના ભરતાર ઘરે આવ્યા નહિ એટલે એમને વંદન કરવાની ઇચ્છા કરી રાજુલ પોતે ગિરનાર પર્વત પર ગઇ. ત્યાં એણે સંયમવ્રત ધારણ કર્યું અને એણે મોક્ષપદ મેળવી અનુપમ સુખ મેળવ્યું. જિનેશ્વર પ્રભુની સ્તુતિ કરતાં કરતાં એણે પોતાનાં સમ્યકત્વને ઉજવળ કર્યું.

શ્રી પાર્શ્વનાથ જિન સ્તવન (પૃ ૧૬૩)

નિધાન-ભંડાર; પાપનિકંદન પાપ નષ્ટ કરનાર, નંદન-પુત્ર; સુર-દેવો;

કવિએ આ સ્તવન પોતાના સમયની હિંદી ભાષામાં લખ્યું છે. એમાં તેમણે પાર્શ્વનાથ પ્રભુના જીવનની કેટલીક હકીકતો આપી કહ્યું છે કે પૂર્વ ભવના પુણ્યના પ્રભાવથી પાર્શ્વનાથ પ્રભુનાં દર્શન હું પામી શકયો છું. અશ્વસેન અને વામાદેવીના આ પનોતા પુત્રનું મનોહર સ્વરૂપ જોઇ દેવો પણ એના પ્રત્રે મોહી ગયા છે. નીલ રંગવાળા પ્રભુ જ્યાં બિરાજતા હોય છે ત્યાંથી ભય, શોક વગેરે હંમેશાં દૂર ભાગતાં હોય છે. કમઠના મદને ગાળી નાખનાર તથા કમઠના ક્રોધને દૂર કરનાર, એવા પ્રભુ ચાર કર્મ દૂર કરી કેવલ જ્ઞાનપામ્યા એવા શ્રી પાર્શ્વ પ્રભુના પ્રસાયથી મેં અનુભવ જ્ઞાનનો રસ પીધો.

શ્રી મહાવીર જિન સ્તવન (પૃ. ૧૬૪)

હેજે–હેતથી; વલ્લભ–નાથ; મચ્છર–મત્સર; ઈર્ષ્યા; તૂઠ–તુષ્ટ; રાજી થાય;

આ સ્તવનમાં કવિ કહે છે કે હવે મહાવીર પ્રભુ સાથે જેમ જેમ હું નિકટતા અનુભવું છું તેમ તેમ મારી જંજાળ, ઉપાધિઓ વગેરે દૂર થતી જાય છે. હે પ્રભુ! આપ મને મળ્યા એ મારું મોટું સૌભાગ્ય છે. હું આપની નિરંતર સેવા કરીશ. મારા ઉપર કૃપા કરી હે નાથ! તમારી જે સંપત્તિ છે તેવી મારી પણ સંપત્તિ થજો. એટલે કે સંયમ વ્રત ધારણ કરી, કેવલ જ્ઞાન પ્રાપ્ત કરી આપે જે સિદ્ધિ મેળવી છે તેવી સિદ્ધિ મને પણ મળે એવી મારી અભિલાષા છે. હે પ્રભુ! દિવસરાત, સૂતાં બેસતાં મને આપનું જ સ્મરણ થયા કરે છે. માટે મને ભૂલી જતા નહિ. મેં મદ, મત્સર વગેરે અસદ્ વૃત્તિઓનો ત્યાગ કરી આપનું સ્મરણ કર્યું છે અને આપને પ્રાર્થના કરી છે. તમે જો રીઝો તો મને ઘણી મોટી સંપત્તિ મળી છે એમ હું કહી શકું.

કળશની કડીઓમાં કવિએ પોતાના ગુરુઓનો ઉલ્લેખ કર્યો છે. અને શ્રી રાણકપુરમાં સંવત ૧૭૩૮માં પોતે ચોમાસુ રહ્યા ત્યારે આ ચોવીસીની રચના કરી હતી એમ જણાવ્યું છે. આપણા જૈન કવિઓમાં કૃતિને અંતે રચના સાલ સૂચક શબ્દોમાં લખવાની એક મૌલિક પદ્ધતિ છે તેનો ઉપયોગ આ કવિએ પણ કર્યો છે. એમણે ૧૭૩૮ ન લખતાં શશિ = ૧ : મુનિ = ૭; શંકરનાં લોચન = ૩ અને પર્વત = ૮ એમ શબ્દ દ્વારા રચના સાલ આપી છે.

૧૯. શ્રી મેઘવિજયજી

આ કવિની ચોવીસીની હસ્તપ્રત ન મળવાથી તેમની ચોવીસી અહીં આપી શકાઈ નથી. એ ચોવીસીની કળશની પંક્તિઓ બીજા ગ્રંથમાંથી મળવાથી તે અહીં આપી છે.

કળશ (પૃ. ૧૬૬)

ગાયતાં-ગાતાં; જિનરાગી-જિનેશ્વર ભગવાન પ્રત્યે અનુરાગ ધરાવનાર; ચઉમાસી-ચોમાસુ; રયા-રહ્યા; ગિરૂઆ-મોટા; સીસ-શિષ્ય, પંકજ-કમળ; મધુકર-ભમરો; દ્યો-આપો; સુષ-સુખ.

કળશની પંક્તિઓમાં કવિ આ સ્તવનોની રચના કયાં કરી તેની માહિતી આપે છે. કવિ કહે છે કે **વજીરપુર** નગરમાં પારેખ આસકરણના આગ્રહથી મેં જિનસ્તવનની રચના કરી છે. સંવત ૧૭૩૬ માં મેઘવિજયજી વજીરપુર નગરમાં ચોમાસુ રહ્યા ત્યારે તેમણે સકલ સંઘને સુખકર એવી આ ચોવીસીની રચના કરી જે સાંભળતાં અને ગાતાં જન્મ પાવન થાય છે અને પાતકો દૂર થાય છે. અંતની બે કડીમાં કવિએ પોતાના ગુરૂ શ્રી ગંગવિજય અને એમના ગુરૂ શ્રી લાભવિજયનો પરિચય આપ્યો છે અને કહ્યું છે કે આ ચોવીસ તીર્થંકરોની સ્તુતિ આપણને ઘણું માંગલિક સુખ આપો.

૨૦ શ્રી નયવિજયજી

શ્રી ઋષભજિન સ્તવન (પૃ. ૧૬૭)

આ સ્તવનમાં કવિ શ્રી નયવિજય શ્રી ઋષભદેવ ભગવાનની સ્તુતિ કરતાં કહે છે કે મોક્ષસુખ મેળવનાર પ્રભુને નીરખીને દેવો અને માનવો ખૂબ હર્ષ અનુભવી એમને પ્રણામ કરે છે અને એમનાં ગુણગાન ગાઈ, એમનું ધ્યાન ધરી આનંદથી રાસ ખેલે છે. કવિ કહે છે કે જેમણે પ્રભુનાં દર્શન થયાં છે અને જેમણે સ્વમુખે એમનું સ્તવન-સંકીર્તન કર્યું છે તેમનો અવતાર ખરેખર ધન્ય થઈ ગયો છે. ઋષભદેવ પ્રભુ તો મોક્ષ સુખના આપનારા, અનેક ગુણોના ભંડાર, અરે! સુખની ખાણ જ છે એમ જાણી ભાવિકજનોએ એમની સેવા કરવી.

શ્રી શાંતિનાથ સ્તવન (પૃ. ૧૬૮)

તસ–તેના; ચુઠા–પ્રસન્ન થયા; ખિણ–ક્ષણ;

આ સ્તવનમાં કવિ કહે છે કે શ્રી શાંતિનાથ પ્રભુની મનમાં ઉમંગ આણીને સેવા કરવી એ પણ એક લહાવો છે. જેઓ ક્ષણ માત્ર પણ પ્રભુની સેવા કરે છે તેમની ઇચ્છાઓ પાર પડે છે એવો પ્રભુનો મહિમા છે; પ્રભુની સેવા કરનાર પોતાના જન્મ સફળ બનાવી જાય છે માટે હંમેશાં પ્રભુની સેવા કરવી જોઈએ.

શ્રી નેમનાથ સ્તવન (પૃ. ૧૬૯)

આ સ્તવનમાં કવિ કહે છે કે 'હે ભવિકજનો! કામદેવરૂપી હાથીને હરાવનાર સિંહ જેવા, ધૈર્યમાં મેરૂ પર્વત જેવા, બ્રહ્મચારીઓના રત્ન જેવા, જેમનાં ગુણગાન કરતાં પાર ન આવે અને જેમનું દર્શન થતાં હૃદયમાં આનંદ પ્રગટે એવા, અને મનોકામનાઓ પૂરી કરવામાં કલ્પવૃક્ષ જેવા, યાદવ કુળના શણગાર શ્રી નેમિનાથ ભગવાનને હંમેશાં ભાવથી વંદન કરવાથી પરમ ઉચ્ચ આનંદ મળે છે.'

શ્રી પાર્શ્વનાથ સ્તવન (પૃ. ૧૭૦)

કામગવિ–કામધેનું; પરિ–જેમ; ભલો–સુંદર; સનૂર–તેજસ્વી.

આ સ્તવનમાં કવિ કહે છે કે 'હે ભવિકજનો! જેમનું શરીર ભૂરા કમળ જેવું શોભે છે. જેમનું તેજ સૂર્યની જેમ પ્રકાશે છે. જેમનાં કાનનાં કુંડળો અને માથાનો મુગટ સૂર્ય, ચન્દ્ર અને તારાઓના તેજની માફક ચળકે છે, જેમણે અનંત જ્ઞાન મેળવીને મોક્ષસુખ મેળવ્યું છે, જેમને જોતાં જ હૃદયમાં આનંદ થાય છે અને જેઓ આપણી ઇચ્છાઓને કલ્પવૃક્ષની જેમ પૂરી પાડે છે એવા, આપણાં પાપરૂપી અંધકારને દૂર કરનાર સૂર્ય જેવા શ્રી પાર્શ્વનાથ પ્રભુ અમારું કોટિ કલ્યાણ કરો.

શ્રી મહાવીર જિન સ્તવન (પૃ. ૧૭૧)

ચરણાંબુજ–ચરણરૂપી કમળ; સીસ–શિષ્ય; કલિમલ=કર્મ રૂપીમેલ

આ સ્તવનમાં કવિ શ્રીવીર જિનેશ્વરને સંબોધીને કહે છે, 'હે પ્રભુ તમારા દર્શનથી મને ઘણો ઘણો આનંદ થાય છે. તમારા ગુણ રૂપી ગંગાજળમાં મારા મનરૂપી હંસ સ્નાન કરી પોતાનાં મલિન કર્મ રૂપ મળનો નાશ કરી નિર્મળ થાય છે. હે પ્રભુ! કેવળ જ્ઞાનરૂપી લક્ષ્મીના કંથ બનીને મન વાંછિત અનંત સુખની તમને પ્રાપ્તિ થઈ તેથી તમારો માનવ ભવ સફળ થયો છે, મારી પણ એજ મનો કામનાઓ છે જે તમે જ પાર પાડી શકો એમ છો. હે પ્રભુ! તમારી સેવા કરતાં કરતાં હું તમારા મનમાં વસુ એ મોટી વાત છે પરંતુ હું ઇચ્છું છું કે તમે મારા મનમાં રાત દિવસ વસો હે સ્વામી! તમારા ચરણ રૂપી કમળની મારી સેવા જરૂર સફળ કરજો. મારી આશા પૂરી પાડજો.'

કળશની કડીઓમાં કવિ શ્રી નયવિજયજી કહે છે કે જિનેશ્વર પ્રભુનાં ગુણગાન કરતાં મન નિર્મળ થાય છે અને મન વાંછિત રિદ્ધિ સિદ્ધિની પ્રાપ્તિ થાય છે. સંવત ૧૭૪૬માં ઊન્નતપુરમાં (ઊના બંદર) આ ચોવીસીની રચના ગુરુના પસાયે કરી.

૨૧. શ્રી દાનવિજયજી

શ્રી આદિનાથ જિન સ્તવન (પૃ. ૧૭૩)

સુવિહાણુ–પ્રભાત; ભાણુ–સૂર્ય; સહકાર–આંબો; ગેહ–ઘરે.

આ સ્તવનમાં કવિએ આદીશ્વર ભગવાનનાં દર્શનથી પોતાને થયેલા અપૂર્વ આનંદને વ્યકત કર્યો છે, કવિ કહે છે, મંગલવેલી વધારવાને જે જિનેશ્વર મેઘ સમાન અથવા તો જલની ધારા સમાન છે એવા આદિનાથ પ્રભુનો આધાર મને સદ્‌ભાગ્યે મળ્યો છે જગતના બંધવરૂપ જિનેશ્વર પ્રભુ ત્રણે ભુવનનાં લોકોને તારનાર છે. આજ પ્રભુરૂપી સૂર્યનો ઉદય થવાથી આજનો દિવસ સફળ થયો છે. બીજી ઉપમા આપતાં કવિ કહેછે કે આજ મારે આંગણે આંબાનું વૃક્ષ

ફળ્યું છે. અથવા બીજી રીતે કહીએ તો આજ મારા પાસા સળવા પડયા છે, અને તેથી જગતમાં જયકાર વર્ત્યો છે, આગળ કવિ કહે છે કે આજે જાણે મારા ઘર પર મોતીડાંનો વરસાદ થયો છે. અથવા મારા હાથમાં ચિંતામણિ રત્ન આવ્યું છે જાણે મારે ઘેર બેઠાં ગંગા આવી છે આજ હૃદયમાં સમુદ્રની ભરતીની જેમ હર્ષની ભરતી થઈ છે. પ્રભુનું દર્શન કરતાં દુઃખનો દાહ દુર થઈ ગયો છે.

શ્રી શાંતિનાથજીન સ્તવન (પૃ. ૧૭૪)

દવ–અગ્નિ; પરવાહ–પ્રવાહ; બુધ–ડાહ્યા પંડિતો; પખે–વિના; વહ્નિ–અગ્નિ.

આ સ્તવનમાં કવિ શ્રી શાંતિનાથ જિનેશ્વરની મૂર્તિનો પ્રભાવ વર્ણવે છે. કવિ કહે છે, "હે પ્રભુ ! તમારી સુખકર, મીઠી મૂર્તિ અમૃતની જેમ દુઃખ હરનારી છે. એ જોતાં મનનો બધો જ સંતાપ મટી જાય છે, જેમ મેઘ વરસતાં વનનો દવ શમી જાય છે તેમ. જેમ ગંગાનો પ્રવાહ ગિરિ પરથી ઊતરી બધે જ પોતાનો લાભ આપે છે, તેમ પ્રભુનો સમતારસરૂપી અમૃતનો પ્રવાહ ચારે દિશામાં ઝરે છે. એ દેખી, સ્વભાવગત કે જાતિગત વેર પણ શમી જાય છે. એમાં રાગ કે દ્વેષનું ચિહ્ન સરખું પણ જોવા મળતું નથી, પ્રભુની મૂર્તિમાં રાગદ્વેષનો અભાવ છે તેથી ડાહ્યા, સુબુધ માણસો અટકળ કરે છે કે અગ્નિ વિના ધૂમાડો કયાંથી નીકળે. પ્રભુની મૂર્તિ દેવદેવાંગનાઓ પ્રેમથી નિહાળે છે પણ તેમનામાં તલભાર વિકાર પણ જન્મતો નથી એવી સમતાવાળી એ મૂર્તિ છે. આવી લોકોત્તર મહત્તાનું ચિત્તમાં ચિંતવન કરતાં મહારસ ઊછળે છે. આવી ચંદ્રકળા જેવી, અકલંકિત મૂર્તિનું દર્શન કરતાં નયન આનંદ અનુભવે છે.

શ્રી નેમનાથ જિન સ્તવન (પૃ. ૧૭૫)

અથિર–અસ્થિર; હરિચાપ–મેઘ ધનુષ્ય; ખિણમાંહે–ક્ષણમાં; સુપના–સ્વપ્ન; હય–ઘોડા; મઢ–કિલ્લો, ફારાં–સુંદર; કિંપાક–એક ઝેરી વૃક્ષ;–કટુક–કડવો; વિપાક–અહીં પરિણામના અર્થમાં; રિખી–ઋષિ,

નશ્વરતા પર ભાર મૂકી સંયમનું મહત્વ કવિએ સમજાવ્યું છે. કવિ કહે છે, " આ સંસાર અસ્થિર, અનિત્ય સ્વરૂપનો છે. પતંગનો રંગ જેમ ક્ષણે ક્ષણે પલટાય છે, એટલે કે એ જેમ સાચો નથી હોતો અથવા બાજીગરની બાજી જેમ જૂઠી હોય છે તેમ સંસારની માયા જૂઠી છે. આકાશમાં જેમ મેઘ ધનુષ્ય એક ક્ષણ દેખાય છે અને ક્ષણમાં જ અદૃશ્ય થઈ જાય છે તેમ આ જીવનનું રૂપ પણ ચંચલ છે. એનો ચટકો ચાર દિવસનો જ હોય છે. પછી તો એ પણ ચાલ્યું જાય છે. કવિ બીજી એક સરખામણી આપતાં કહે છે કે જેમ કોઈ માણસને સ્વપ્નમાં રાજ્ય કરવાનું મળે અને જેમાં હાથી, ઘોડા, કિલ્લો, મહેલ વગેરે બધું જોઈ આનંદ આનંદ અનુભવે, પણ પછી જ્યારે જાગે ત્યારે પોતે એકલો જ હોય તેવી રીતે ઋદ્ધિ કે સંપત્તિનો કે યૌવનનો ગર્વ કરવો નકામો છે. કિંપાકનાં ફળ દેખીતાં બહુ જ સરસ લાગે છે અને એનો સ્વાદ પણ બહુ જ મીઠો હોય છે. પરંતુ એ ઝેરી હોવાથી અંતે માણસનું મૃત્યુ થાય છે તેવી રીતે સ્ત્રી સાથેનો સંભોગ તરત સુખ આપનારો પણ અંતે કડવો દુઃખદ રસનો સ્વાદ ચખાડનારો છે. આ સંસારને આવો ઓળખી, શિવાદેવીના પુત્ર નેમિકુમાર રાજ્ય, સ્ત્રી અને ઋદ્ધિ છોડીને ચાલ્યા ગયા અને પોતે ઋષિ થયા. મુનિ થઈને એમણે પોતાનાં કર્મ ખપાવી શિવસુખ પ્રાપ્ત કર્યું. કવિ દાનવિજય કહે છે કે એ પ્રભુનું નામ લેતાં ભવસાગર તરી જવાય છે.

શ્રી પાર્શ્વનાથ જિન સ્તવન (પૃ. ૧૭૬)

તરુ–વૃક્ષ; જલધર–વાદળ; જલધિ–સમુદ્ર; સવિ સર્વ; સુરતરુ–કલ્પવૃક્ષ; સજલ–જલવાળા; જલદ–મેઘ; જસ–જેમની; સૌદામિની–વીજળી; રવ–અવાજ; પન્નગ–નાગ; પલાય–નાસી જાય; દિનરાય–સૂર્ય.

આ સ્તવનમાં કવિએ જિનેશ્વર પ્રભુને વૃક્ષનું પોષણ કરનાર જલધર તરીકે, જગતના ગુરુ તરીકે અને ભવસાગર પાર કરાવનાર જહાજ તરીકે ઓળખાવ્યા છે એવા પ્રભુનાં મને આજ દર્શન થયાં

અને એથી મારાં બધાં કાર્ય સફળ થયાં છે. મનવાંછિત સુખ મેળવવા માટે કલ્પવૃક્ષની જેમ જેમનો મહિમા છે તેવા પાર્શ્વનાથ પ્રભુની નીલ-વરણી કાયા જલ ભરેલા મેઘની જેમ શોભે છે. અને એમના શિર પર વીજળીની જેમ, નાગની ફણાનાં મણિના કિરણ ઝળકવા લાગે છે. કવિએ આ એક અત્યંત મનોહર ઉપમા આપી છે. એવી જ બીજી એક સુંદર ઉપમા આપતાં કવિ કહે છે કે ગરુડના મોટા અવાજથી જેમ નાગોનું જૂથ એકદમ નાસી જાય છે, તેમ પ્રભુના નામની કૃપાથી મોટાં મોટાં સંકટો બધાં નાસી જાય છે. જેમ સૂર્યના ઉદયથી કમળના તળાવમાં કમળો ખીલે છે તેમ પ્રભુચરણ નીરખી મારું હૈયું પ્રેમ અને હર્ષ અનુભવે છે. વામાદેવીના પુત્ર પાર્શ્વનાથ પ્રભુનાં ચરણની કૃપા પામીને દાનવિજય હંમેશાં સુખી છે.

શ્રી મહાવીર જિન સ્તવન (પૃ. ૧૭૭)

સાયર–સાયર–સાગર; જસ–જેમના; મોરા–મોર; જસ–યશ; અવદાત–વૃત્તાન્ત; અહનિશ–રાત દિવસ; રાતી–રક્ત–તલ્લીન; ધાતુ–ધાતુ; રાતા–અનુરક્ત.

સકલ સુખના સાગર રૂપ, શાસન નાયક વર્ધમાન જિનરાજના નામથી હંમેશાં નવનવાં મંગલ પ્રાપ્ત થાય છે. એમની સાથેનો ધર્મ-સ્નેહ મજીઠના રંગ જેવો પાકો છે. જેમ મોરના દિલમાં મેહ વસી રહેલો હોય તેમ મારા દિલમાં પ્રભુ રાતદિવસ વસેલા છે. મારી સાતે ધાતુ એટલે કે મારો આખો દેહ પ્રભુના ગુણ રાગમાં અનુરક્ત બન્યો છે. એ પ્રભુના યશનો વૃત્તાન્ત વિવિધ રીતે વખાણીએ છીએ. એવા એ ચોવીસમા જિનવર મારા ભવનું દુઃખ દૂર કરો. એ સાહેબના ગુણના રંગે જે દિવસ રાત અનુરક્ત છે તેને ઘરે સુખનાં, આનંદનાં વધામણાં હોય છે. શ્રી વિજયરાજસૂરિના શિષ્ય દાનવિજયે સુખસંપત્તિના દાતાર અને વર્ધમાન શાસનના નાયક એવા ચોવીસમા તીર્થંકર

મહાવીર સ્વામીને, પોતાના સકલ મનોરથ પૂરવા માટે આ વિનંતિ કરી છે.

૨૨. શ્રી જ્ઞાનવિમલસૂરી

શ્રી આદિ જિન સ્તવન-પહેલું (પૃ. ૧૮૨)

આ સ્તવનમાં શ્રી આદિનાથ ભગવાનની સ્તુતિ કરી છે અને એમનો મહિમા દર્શાવ્યો છે.

શ્રી આદિનાથ જિન સ્તવન-બીજું (પૃ ૧૮૨)

આ સ્તવનમાં કવિએ પહેલી ચાર કડીમાં પ્રભુના પૂર્વ ભવો ગણાવ્યા છે. (૧) ધન નામના સાર્થવાહ (૨) યુગલિક (૩) સૌધર્મ નામના પહેલા સ્વર્ગમાં દેવ (૪) મહાબળ નામે રાજા (૫) ઈશાન નામના બીજા દેવલોકમાં લલિતાંગ નામના દેવ (૬) વજ્રજંઘ નામે રાજા (૭) યુગલિક (૮) સૌધર્મ દેવલોકમાં દેવ (૯) વૈદ્ય (૧૦) અચ્યુત દેવલોકમાં દેવ (૧૧) વજ્રનાભ નામે ચક્રવર્તી (૧૨) સર્વાર્થસિદ્ધ નામના વિમાનમાં અને ત્યાંથી (૧૩) ઋષભદેવ તરીકે તેઓ અવતર્યા. પછીની કડીઓમાં કવિએ શ્રી ઋષભદેવ ભગવાનના સુપ્રસિદ્ધ પ્રસંગો વર્ણવ્યા છે તીર્થંકરોના પૂર્વ ભવો વિગતે જેમાં વર્ણવાયા હોય એવાં સ્તવન ભાગ્યે જ જોવા મળે છે. એ રીતે આ કવિનાં સ્તવનો એક જુદી જ ભાત પાડે છે. કવિએ તીર્થંકરોના પૂર્વ ભવો વર્ણવ્યા છે. તે અંગે વધારે માહિતી માટે જિજ્ઞાસુઓએ તે તે તીર્થંકરોનાં ચરિત્ર વાંચવાં.

શ્રી શાંતિનાથ સ્તવન-પહેલું (પૃ. ૧૮૩)

આ સ્તવનમાં કવિ શ્રી શાંતિનાથ પ્રભુનો મહિમા વર્ણવતાં કહે કે એમના નામથી અક્ષય સુખ મળે છે, શાંતિ મળે છે, દુખ દરિદ્રતા મટે છે, મિથ્યામતિ કે ભ્રાંતિ દૂર થાય છે. તેઓ રાગરહિત હોવા છતાં લોકોના ચિતને રીઝવે છે. પ્રભુ આમ અનેક રીતે સહાય થાય છે. એમના ગુણ ગણતાં પાર આવે એમ નથી.

શ્રી શાંતિનાથ સ્તવન–બીજું (પૃ. ૧૮૪)

આ સ્તવનમાં કવિએ પહેલી સાત કડીમાં શ્રી શાંતિનાથ ભગવાનના પૂર્વ ભવો વર્ણવ્યા છે. (૧) શ્રીષેણ રાજા (૨) યુગલિક (૩) સૌધર્મ દેવલોકમાં દેવ (૪) વૈતાઢય પર્વત ઉપર અમિતતેજ રાજા (૫) પ્રાણત દેવલોકમાં દેવ (૬) મહાવિદેહમાં અપરાજિત નામે બળદેવ (૭) અચ્યુત કલ્પમાં ઇન્દ્ર (૮) વજ્રયુધ નામના ચક્રવર્તી (૯) ત્રીજા ગ્રૈવેયકમાં દેવ (૧૦) મેઘરથ નામે રાજા (૧૧) સર્વાર્થ સિદ્ધિમાં દેવ અને ત્યાંથી (૧૨) તીર્થંકર શ્રી શાંતિનાથ. આમ એમના બાર ભવ કવિએ વર્ણવ્યા છે. પછીની કડીઓમાં કવિએ એમનો પરિચય આપ્યો છે.

શ્રી નેમિનાથ જિન સ્તવન–પહેલું (પૃ. ૧૮૫)

આ સ્તવનમાં કવિએ શ્રી નેમિનાથ ભગવાનના આગળના ભવો વર્ણવ્યા છે. (૧) ધન નામે રાજા (૨) સૌધર્મ દેવલોકમાં દેવ (૩) ચિત્રગતિ નામનો વિદ્યાધર રાજા (૪) માહેન્દ્ર દેવલોકમાં દેવ (૫) અપરાજિત નામે રાજા (૬) આરણ દેવલોકમાં દેવ (૭) શંખ નામે રાજા (૮) અપરાજિત વિમાનમાં દેવ અને નવમા ભવમા શ્રી નેમિનાથ તીર્થંકર. આગળના આઠે ભવમાં નેમિનાથ અને રાજુલ પતિ પત્ની હતાં. એથી એમની પ્રીતિ આઠ ભવથી ચાલી આવતી હતી. છેલ્લી કડીમાં કવિએ શ્રી નેમિનાથ ભગવાનનાં માતા પિતા, લાંછન વગેરેનો પરિચય આપ્યો છે.

શ્રી નેમિનાથ સ્તવન–બીજું (પૃ. ૧૮૬)

શિવસુંદરી–મુક્તિ રૂપી સુંદરી.

આ સ્તવનમાં કવિએ શ્રી નેમિનાથ ભગવાનનો મહિમા વર્ણવ્યો છે અને રાજુલ સાથેના એમના પ્રસંગનો નિર્દેશ કર્યો છે.

શ્રી પાર્શ્વનાથ સ્તવન પહેલું (પૃ. ૧૮૭)

આ સ્તવનમાં કવિએ શ્રી પાર્શ્વનાથ પ્રભુ અને કમઠના પૂર્વ

ભવો વર્ણવ્યા છે. (૧) પહેલા ભવમાં, જંબુદ્વીપમાં પોતનપુરમાં અરવિંદ નામે રાજાના પુરોહિતને કમઠ અને મરુભૂમિ નામે બે ભાઈઓ હતા. બીજા ભવમાં તેઓ અનુક્રમે કર્કુટ સર્પ અને હાથી થયા. (૩) ત્રીજા ભવમાં તેઓ અનુક્રમે પાંચમી નરકમાં અને સહસ્રાર દેવલોકમાં ઉત્પન્ન થયા. (૪) ચોથા ભવમાં પહેલો સર્પ અને બીજો કિરણવેગ નામનો વિદ્યાધર થયો (૫) પાંચમા ભવમાં પહેલો પાંચમી નરકે અને બીજો અચ્યુત કલ્પમાં દેવ થયો (૬) છઠ્ઠા ભવમાં પહેલો પશ્ચિમ મહાવિદેહમાં ભિલ્લ થયો અને બીજો વજ્રનાભ નામે રાજા થયો (૭) સાતમા ભવમાં પહેલો સાતમી નરકે ગયો અને બીજો મધ્ય ગ્રૈવેયકમાં દેવ થયો. (૮) આઠમા ભવમાં પહેલો પૂર્વ મહાવિદેહમાં સિંહ થયો અને બીજો સુવર્ણબાહુ નામે ચક્રવર્તી થયો (૯) નવમા ભવમાં પહેલો ચોથા નરકે ગયો અને બીજો પ્રાણત કલ્પમાં દેવ થયો અને (૧૦) દસમા ભવમાં પહેલો કમઠ થયો અને બીજા તીર્થંકર પાર્શ્વનાથ થયા. કમઠનો જીવ અગિયારમે ભવે મેઘકુમાર દેવ થયો. તેણે પાર્શ્વનાથ પ્રભુને વૃષ્ટિનું કષ્ટ આપ્યું અને એ રીતે વૈર રહિત થયો.

સાતમી કડીમાં કવિએ શ્રી પાર્શ્વનાથ પ્રભુનાં માતાપિતા, લાંછન, નગરી, દેહવર્ણ વગેરેનો ઉલ્લેખ કર્યો છે અને છેલ્લી કડીમાં ભવસમુદ્ર તારવા માટે તેમને અરજ કરી છે.

શ્રી પાર્શ્વનાથ સ્તવન-બીજું (પૃ. ૧૮૭)

આ સ્તવનમાં કવિ કહે છે, "હે પ્રભુ ! જેમ અપૈયો વાદળ વિના બીજા કશાને યાચના ન કરે, તેમ હું તમારા વિના બીજા કોઈ આગળ યાચના કરું નહિ." કવિ પ્રભુની કૃપાની યાચના કરે છે અને પોતાની વંછિત આશા સફળ કરવાની વિનતી કરે છે.

શ્રી મહાવીર જિન સ્તવન—પહેલું (પૃ. ૧૮૮)

આ સ્તવનનાં કવિ કહે છે કે શ્રી વર્દ્ધમાન જિનવરના ધ્યાનથી

વર્દ્ધમાન જેવા થવાય છે, સાચું સુખ પમાય છે. તેઓ જગતના પ્રાણાધાર છે. જેઓ તેમની કૃપાથી સુધારસ પામી શીતલતા અનુભવે છે તેઓનો જન્મ કૃતાર્થ થયો સમજવો. છેલ્લી કડીમાં કવિએ પ્રભુનાં ચરણ કમલની હંમેશાં સેવા કરવાની મળે એવા પ્રભુને યાચના કરી છે.

શ્રી મહાવિર જિન સ્તવન-બીજું (પૃ. ૧૮૯)

આ સ્તવનમાં કવિએ શ્રી મહાવીર સ્વામીના પૂર્વ ભવો વર્ણવ્યા છે. (૧) નયસાર નામે ગ્રામચિંતક (૨) સૌધર્મમાં દેવ (૩) મરીચિ (૪) પાંચમાં દેવલોકમાં દેવ (૫) કૌશિક નામે બ્રાહ્મણ (૬) સૌધર્મમાં દેવ (૭) પુષ્પમિત્ર નામે બ્રાહ્મણ (૮) પહેલા સૌધર્મ કલ્પમાં દેવ (૯) અગ્નિદ્યોત નામે બ્રાહ્મણ (૧૦) બીજા દેવલોકમાં દેવ (૧૧) અગ્નિ નામે બ્રાહ્મણ (૧૨) ત્રીજા દેવલોકમાં દેવ (૧૩) ભારદ્વાજ નામે બ્રાહ્મણ (૧૪) ચોથા દેવલોકમાં દેવ (૧૫) સ્થાવરક નામે બ્રાહ્મણ (૧૬) પાંચમા દેવલોકમાં દેવ (૧૭) વિશ્વભૂતિ નામે યુવરાજનો પુત્ર (૧૮) શુક્ર દેવલોકમાં દેવ (૧૯) ત્રિપુષ્ઠ નામે વાસુદેવ (૨૦) સાતમી નરકે નારકી (૨૧) સિંહ (૨૨) ચોથો નરક પૃથ્વીમાં નારકી (૨૩) પ્રિયમિત્ર નામે ચક્રવર્તી (૨૪) સાતમા દેવલોકમાં સર્વાર્થસિદ્ધ નામના વિમાનમાં દેવ (૨૫) નંદન નામે રાજપુત્ર (૨૬) પુષ્પોત્તર વિમાનમાં દેવ (૨૭) તીર્થંકર શ્રી મહાવીર સ્વામી. કવિએ આ દરેક ભવ કેટલા વરસનો હતો તે પણ સાથે સાથે જણાવ્યું છે.

અગિયારમી કડીમાં કવિએ શ્રી મહાવીર સ્વામીનાં માતા પિતા નગર, લંછન વગેરે જણાવ્યાં છે.

વૈરાગ્ય પદ

વિરથા-વૃથા, ગમાયા-ખોયા; ચીવર-વસ્ત્ર;

ગુરુ વિના જન્મ વૃથા નીવડે છે, માટીમાં મળી જાય છે એ આ સાદી અને ટૂકી છતાં અસરકારક રચનામાં કવિએ જણાયું છે.

૨૩. શ્રી કેશરવિમલ

શ્રી ઋષભજિન સ્તવન (પૃ.૧૯૪)

રાતુ-અનુરકત; મીન-માછલી; મેહ-મેઘ-વાદળ; ચકોરા-ચકોર પક્ષી; સહકાર-આંબો; ભલેરી-સારી; નિહારી-નિહાળી; મુગતિ-મુક્તિ; નરેસર-નરેશ્વર-રાજા;

આ સ્તવનમાં કવિ કહે છે, ઋષભ જિણુંદની સાથે મારું મન લાગ્યું છે. દિવસ રાત પ્રભુનું જ મુખ મારી આગળ રમ્યા કરે છે, જેવી રીતે માછલી પાણીમાં થાકયા વગર રમતી હોય છે તેવી રીતે. કવિ બીજી ઉપમાઓ આપે છે. જેમ મેહ-વાદળને જોઈ ને મોર આનંદમાં આવી જઈ નાચે છે, ચંદ્રને જોઈ ચકોર પક્ષી આનંદ અનુભવે છે, આંબાને જોઈ કોયલ આનંદ અનુભવે છે. તેમ પ્રભુની આ કીર્તિને જોતાં મને બહુ પ્રેમ અને હર્ષનો અનુભવ થાય છે. પ્રભુના મુખની શોભા દેખીને મારાં લોચન અધિક ઉલ્લાસ અનુભવે છે. અને એ જાણે કહેતાં હોય છે કે પ્રભુની સારી રીતે સેવા કરવાથી ભવનો ફેરો દૂર ટળી જાય છે. પ્રભુની મનોહર મૂર્તિ જેવી કામણગારી અને ઉપકારી મૂર્તિ જગમાં બીજી જોઈ નથી. એ મૂર્તિએ જ વારંવાર પાસે આવી આવીને છટકી જતી, ઠગી જતી મુકિતને વશ કરી છે. જેમ જેમ એ મૂર્તિને હું વધારે ને વધારે નિહાળું છું તેમ તેમ એ મને વધારે પ્યારી લાગે છે. આવી મનોહરી મૂર્તિનાં વારંવાર દર્શન કરવાનું મન થાય છે. જાણે એના પર વારી જાઉં છું.

સ્તવનની ઉપરનો કડીઓમાં પ્રભુના મુખની અને એમની મનોહર મૂર્તિની પ્રશંસા કરી કવિ હવે છઠ્ઠી કડીમાં ઋષભ દેવનો પરિચય આપતાં કહે છે, નાભિનંદન રાજાના કુલમાં અવતાર લેનાર, મરુદેવી માતાને તારનાર, સુનંદા અને સુમંગલાને વરનાર, રાજ્યની પ્રથા ચાલ કરનાર, નિર્મળ કેવળજ્ઞાન ધારણ કરનાર, શેત્રુંજય પર્વત પર પગલાં ધરનાર અને એ વડે ત્યાંનો મહિમા વધારનાર ઋષભ જિનેશ્વ-

રની પ્રતિમાને જે નરનારી વંદન કરે છે. તે જગતમાં જયવંતા થાય છે.

શ્રી શાંતિનાથ સ્તવન (પૃ. ૧૯૫)

પૂરણ–પૂર્ણ; મેહા–મેઘ–વાદળ; જયું જ–જેવી રીતે; નેહી–સ્નેહી સપસન્ન–સુપ્રસન્ન; પંકજ–કમળ; પરમાણ–પ્રમાણ; હેજે–હેતથી;

આ સ્તવનમાં કવિ શ્રી કેશરવિમલ શ્રી શાંતિનાથ જિનેશ્વરની સ્તુતિ કરતાં દર્શન આપવાની અને પોતાના પર હેત રાખવાની પ્રભુને વિનતિ કરે છે. આ સ્તવનમાં કવિએ દરેક પંકિતનો પહેલો શબ્દ વચ્ચે 'હો પ્રભુ' મૂકી લેવડાવ્યો છે, જેને લીધે કાવ્યની ગેયતા અને ચારૂતા વધી છે.

કવિ કહે છે, "હે પ્રભુ! મારા મનની વિનતિ સાંભળો અને મારા મનની આશા પૂર્ણ કરો, કારણ કે આપ મળતાં મને તો સુરમણિ મળ્યો છે. હે પ્રભુ! જેવી રીતે મેઘને જોતાં મોરનું મન હર્ષોલ્લાસ અનુભવે છે, જેવી રીતે ચન્દ્રને જોતાં ચકોર આનંદ અનુભવે છે તેવી રીતે આપનાં લોચન દેખી હું હર્ષ અનુભવું છું. જેવી રીતે સૂર્યના ઉદયથી કમળ ઉલ્લાસ અનુભવે છે તેવી રીતે હું તમારા પ્રત્યે સાચો પ્રેમ અનુભવું છું, માટે હે પ્રભુ! તમે મારા પર પ્રસન્ન થાવ અને મારા મનમાં વસો મને સુખ આપો; મારા પ્રત્યે સાચી પ્રીત ધરાવી મારા પર આપનો પ્રેમ વરસાવો. હે પ્રભુ! સાચી સેવા શું છે તે, આપ જાણો છો. હે પ્રભુ! મારા પર હેત ધરાવી મને વાંછિત સુખ આપો; મને દર્શન આપી મારા મનોરથ પૂર્ણ કરો, હે અચિરા માતાના પુત્ર, આપ જગતના ધણી છો એમ જાણી વિનતી કરી છે તો મને દર્શન દેજો.

શ્રી નેમિનાથ સ્તવન (પૃ. ૧૯૭)

વિસારી–ભૂલી; છોરી–છોડી; પરિહરી–છોડીને, સયણ–સજ્જન;

જલધર–વાદળ; મહીધર–પૃથ્વીને ધારણ કરનાર; નિગુણા–ગુણહીન; આરાહે–આરાધે; શિવ સુખ મોક્ષ સુખ.

ઋષભદેવ અને શાંતિનાથના સ્તવનમાં કવિએ પોતે પ્રભુને વિનતિ કરી છે, પરંતુ આ સ્તવનમાં કવિએ રાજુલને પ્રભુને વિનંતિ કરતાં વર્ણવી છે. રાજુલ કહે છે, 'હે સ્વામી! હું તો તમારી ભવોભવની નારી છું. તો તમે મારી પ્રીતિ વિસારીને, રથ ફેરવીને મને છોડીને કેમ ચાલ્યા જાઓ છો? મારી પુરાણી પ્રીત છોડીને તમે તોરણેથી કેમ પાછા ચાલ્યા? મારા અપરાધ વગર મને શિક્ષા કેમ કરો છો? અડધેથી વ્રત લઈ વનમાં જવાનો અર્થ શો? એક વાર પ્રીતિ કરી તે કેમ તોડી શકાય? જેની સાથે પ્રીતિ જોડી હોય તે છોડવાથી અપજશ મળે છે. જેનાથી જશ મળે તે, પ્રભુ! કરવું જોઈએ. એક વાર કહેલું કામ કરી જાણવું જોઇએ. જો ઉત્તમ પુરુષો જ આદરેલું કાર્ય છોડી દે તો પછી પૃથ્વીને ધારણ કરનાર મેરૂ પર્વતની પાળે અચલતાની કેવી રીતે અપેક્ષા રાખી શકાય? જો તમારા જેવા સજ્જનો પોતાના કર્તવ્યમાં ચૂકે તો પછી વાદળ પણ પૃથ્વી પર ધારા વર્ષાવવાનું પોતાનું કર્તવ્ય કેમ ન ચૂકે? જો નગુણા માણસો પોતાનો ધર્મ ભૂલે તો તેનો ત્યાગ કરી શકાય. નિર્ગુણ માણસો સાથે પ્રીતિ ન નભી શકે. પણ તમારા જેવા ગુણવાન માણસો જો ભૂલી જાય તો પછી જગતમાં હવે કોને જઈને કહેવું? એકપક્ષી પ્રીતિ જો કોઈ નિભાવે તો તેનો અવતાર પણ ધન્ય થાય છે. આમ કહી રાજુલ નેમિનાથને ગિરનાર પર મળી અને ત્યાં સંયમ વ્રત ધારણ કરી મોક્ષસુખ પામે છે. શ્રી કેશરવિજયજી કહે છે કે છેવટના મનના મનોરથ ફલ્યા.

શ્રી પાર્શ્વનાથ સ્તવન (પૃ. ૧૯૭)

નેહ–સ્નેહ, મહીલય–પૃથ્વી; વરતાવણ–પ્રવર્તાવનાર; દિનરાજ–સૂર્ય; વરણ–વર્ણ–રંગ; અવર–બીજા; સજલ–પાણીથી ભરેલું;

આ સ્તવનમાં કવિ પાર્શ્વનાથ પ્રભુને સંબોધીને કહે છે, "હે

પ્રભુ ! તમે અમારા તરફ સ્નેહની નજરથી નિહાળો કારણ કે તમારા સાંનિધ્યથી અમે મંગલ સુખ પામીએ છીએ, તેમ સકલ જગતનો વ્યવહાર પ્રવર્તાવનાર સૂર્ય છે તેમ પૃથ્વી પર શિવસુખનો માર્ગ દર્શાવનાર તમે જ છો, ને કેટલાક લોકો મોહથી અંધ બનીને બીજા દેવની આરાધના કરે છે તેઓ પાણીથી ભરેલા સરોવરને મૂકી મૃગજળની પાછળ ભમે છે, હે પ્રભુ ! મારું પરમાર્થ એટલે કે સાચું સ્વરૂપ તો એક જ છે, પણ દર્શન ભેદને કારણે તમે બહુ રૂપ ધારણ કર્યાં હોય એવા દેખાવ છો, જેમ સ્ફટિક મણિ જુદા જુદા રંગનાં મિશ્રણથી બહુ રંગી દેખાય છે તેમ ભવદુઃખનું ભંજન કરનારા એવા હે નિરંજન પ્રભુ ! અમને તમારા ચરણની સેવા કરવાની તક આપો.

શ્રી મહાવીર જિન સ્તવન (પૃ. ૧૯૮)

સીઝે–સિદ્ધ થાય; દાલિદ્ર–દરિદ્રતા; ગિરુઆ સેવા–મોટાની સેવા,

આ સ્તવનમાં કવિ શ્રી મહાવીર પ્રભુની સ્તુતિ કરતાં કહે છે કે 'હે પ્રભુ ! તમે જ મારા સાચા સ્વામી છો. તમે જ મારી મનોકામના પૂરી કરી શકો એમ છો. તમારી કૃપાથી અમે દરિદ્રતા દૂર કરી સાચું સુખ પામી શકીએ છીએ કારણ કે તમારા જેવા મોટા માણસોની સેવા સાચા ભાવથી કરી હોય તો તે નિષ્ફળ જતી નથી. માટે હે પ્રભુ ! મારી વિનંતી સાંભળી આપનાં દર્શન આપો, જે મારી દુર્ગતિને દૂર કરશે'

કલશ (પૃ. ૧૯૯)

સૌખ્ય–સુખ, ભંગુરા–નાશવંત;

કલશની પંક્તિઓમાં કવિએ ચોવીસે તીર્થંકરોની સેવા કરવાનો અનુરોધ કર્યો છે, તીર્થંકરના સમવસરણનો, ચોત્રીસ અતિશય, પાંત્રીસ વાણી વગેરેનો ઉલ્લેખ કરી છેલ્લી કડીઓમાં કવિ પોતાના ગુરુ શ્રી શાંતિવિમળનો પરિચય આપે છે અને સં. ૧૭૫૦ માં માંગરોલમાં આ ચોવીસીની રચના પોતે કરી તે જણાવે છે.

કળશ પછી આ કવિ કેશરવિમલે રચેલા સૂકિતમાલાના ૩૭ છંદોમાંથી પહેલો અને છેલ્લો છંદ અહીં આપવામાં આવ્યો છે. પહેલા છંદમાં કવિ કહે છે કે સકલ કર્મોને વારનાર મોક્ષપદના અધિકારી, કેવળજ્ઞાન ધરાવનાર તીર્થંકર ભગવાનની જે કોઈ પૂરા ભકિતભાવથી સેવા કરે છે તે સુખ પામે છે.

છેલ્લા છંદમાં કવિ કહે છે કે સંસારનાં વિષયતણાં સુખોને અત્યંત ચંચળ અને નાશવંત જાણીને જે એનો ત્યાગ કરે છે અને પોતાના કર્મો ખપાવી, કેવળજ્ઞાન પામી મોક્ષ સુખ પ્રાપ્ત કરે છે તે માણસ આ સંસારમાં ખરેખર ધન્ય બને છે.

૨૪. શ્રી માણિક્યવિજયજી

શ્રી ઋષભદેવ સ્તવન (પૃ. ૨૦૨)

સનૂર-તેજસ્વી; પ્રાહુણા-પરોણો; અમહિઅ-અમારે; ગેહરે-ઘેર.

આ સ્તવનમાં કવિ ઋષભદેવને પ્રાર્થના કરે છે કે હે પ્રભુ! આપ પરોણા તરીકે અમારે ઘેર પધારો, અમે તમારી સારી રીતે સેવા કરીશું. મારું મન આપના દર્શન માટે અત્યંત આતુર બન્યું છે. આપના દીદાર-આપનો દેખાવ જોવા માટે મારી આંખડી ખૂબ અપેક્ષા રાખે છે. હું ઘડી ઘડી એક શ્વાસે તમને સંભારું છું. આપની મનોહર વેલ સમો મૂર્તિ વધારે પ્રકાશી રહી છે, શોભી રહી છે, ભકતજનોના મનની વાંછનાઓ પૂરવા માટે જાણે કલ્પતરુના અંકુર જેવી છે. તમારી સાથે પ્રીત રાખવાથી, એક તમારી જ ટેક ધારવાથી આત્મા નિર્મલ થાય છે અને સારી રીતે યશ પમાય છે. હે પરમ પુરુષ પરમેશ્વર ! હે જગતના નાથ, જગતના બંધુ ! હું આપને હાથ જોડીને પ્રણામ કરું છું.

શ્રી શાંતિનાથ સ્તવન (પૃ. ૨૦૩)

અશિવ-અકલ્યાણકારી, અશુભ; નરેસર-નરેશ્વર; સાર-ઉત્તમ; મુગતાફલ-મોતી; કડલી-કડા.

કવિ કહે છે કે શ્રી શાંતિનાથ જિનેશ્વરની સેવા કરતાં ઘરમાં શાંતિ સ્થપાય છે; ભાવથી આરાધના કરવાથી અશુભ અને અકલ્યાણકારી વસ્તુઓ શમી જાય છે, એવા સરસ અને સલુણા શ્રી શાંતિજિનેશ્વર છે. ગજપુરનગરના રાજા, વિશ્વસેન રાજાના કુલમાં, અચિરા માતાની કુખે જન્મેલા પ્રભુનાં નયન કમલની પાંખડી જેવાં છે, એમની કાયા કેશરના વર્ણ જેવી છે. એમના મુખનું દર્શન અત્યંત મનોહર છે. મસ્તકે મુગટ શોભે છે, કાને ઉત્તમ કુંડળ પહેર્યાં છે, હાથમાં રત્ન-જડિત કડાં છે અને ગળામાં મોતીનો હાર છે. આવા ચક્રવર્તીનું સુખ ભોગવનાર ભગવંતને પ્રણામ કરું છું.

શ્રી નેમિનાથ સ્તવન (પૃ. ૨૦૪)

સંપલઈ સા જરયું-મોટા સાજન સાથે; પોહતિ-પહોંચી, સેહરો શિખર.

આ સ્તવનમાં કવિ કહે છે, સૌરીપુર નગરમાં સમુદ્રવિજય નામના રાજા છે. તેમની રાણી શિવાદેવી જાણે બીજી રંભા જેવી છે તેમની કુખે કમળના તળાવના હંસ જેવા નેમિકુમાર અવતર્યા. બ્રહ્મચારીઓમાં શિખર સમાન, યાદવ વંશના મુગુટ સમાન એવાશ્રી નેમિકુમારનો વિવાહ જલક્રીડા કરતા કરતા શ્રીકૃષ્ણની ગોપીઓએ મનાવ્યો.

ઉગ્રસેન રાજાની કુંવરી રાજુલ સાથે નેમિકુમારનાં લગ્નનું નક્કી કર્યું. મોટી જાન લઈ પ્રભુ લગ્નના માંડવાના તોરણે આવ્યા પરંતુ તે સમયે પશુઓના પોકાર સાંભળી પાછા ચાલ્યા અને એમણે સંયમ લીધો. રાજુલ એમની પાછળ ચાલી અને ગિરનાર પર પહોંચી, ત્યાંથી તેને નેમિકુમારે મુક્તિ મહેલમાં પહોંચાડી.

શ્રી પાર્શ્વનાથ સ્તવન (પૃ. ૨૦૪)

પરતખ્ખ-પ્રત્યક્ષ; પુરવ-પૂર્વ; પસાઉલે-પસાયથી કૃપાથી; કુપલ-કુંપળ; ઉલ્લસ્યાં-આનંદથી ડોલવા લાગ્યાં; અમીયઅમૃત સોગ-શોક.

આ સ્તવનમાં કવિએ શ્રી શંખેશ્વર પાર્શ્વનાથની સ્તુતિ કરી છે. કવિ કહે છે કે પુરુષાદાની એવા પાર્શ્વનાથ પ્રભુને હું હંમેશાં પ્રણામ કરું છું પ્રત્યક્ષ પરચો પૂરવાવાલા એવા ઇન્દ્ર પ્રભુની સેવા કરે છે. પૂર્વનાં પુણ્યની કૃપાથી હે પ્રભુ! તમારા દુર્લભ દર્શન મને થયાં છે, હૃદયની કુંપળો આનંદથી ડોલવા લાગી છે, મારાં નયન અમૃત અનુભવવા લાગ્યાં, એ દર્શનથી રોગ, શોક, ચિંતા, દુઃખ દારિદ્રય, સંકટ વગેરે નષ્ટ થઈ ગયાં, ઉપદ્રવ, આપત્તિ અને ઘણાં ભારે અશુભ કર્મો પણ દૂર થયાં. હે પ્રભુ! આપનું દર્શન અમૃતના પાન કરતાં પણ મીઠું છે. મારી પુણ્યદશાનો હવે ઉદય થયો છે. અને તેથી મારાં પાપનો ચૂરો થયો છે. મને મનવાંછિત ઋદ્ધિ પ્રાપ્ત થઈ છે અને એથી હું અધિકાધિક આનંદ અનુભવવા લાગ્યો છું.

શ્રી વીરજિન સ્તવન (પૃ. ૨૦૫)

પરમ–પરમ; મહિર–મહેર–કૃપા; સમરથ–સમર્થ; રાય–રાજા; સિદ્ધારથ–સિદ્ધાર્થ; પેખી–જોઇ; લછિ–લક્ષ્મી; જસ–જેમનું; વિરાજતો શોભે છે; સંપ્રતિ–વર્તમાન સમયમાં; ચરમ–છેલ્લા; સિસ–શિષ્ય.

આ સ્તવનમાં કવિ કહે છે, 'હે મારા પરમ કૃપાળુ પ્રભુ! તમે મારા ઉપર કૃપા કરો. દીન ઉપર દયા કરવાને તમે સમર્થ છો. મારી અરજ સુણીને, મારા ઉપર દયા કરીને મને દર્શન આપો. હે સિદ્ધાર્થ રાજાના પુત્ર! આપનું મુખ દેખીને હું આનંદ અનુભવું છું. તમારાં ચરણ કમળ નિહાળતાં મારાં પાપ દૂર થાય છે. પ્રભુનું લાંછન કેસરી સિંહ છે. અને પ્રભુનો દેહ કેસરી વર્ણનો શોભે છે. પ્રભુની કૃપાથી ઘરે મંગલ લક્ષ્મીનો નિવાસ હોય છે. હે ત્રિશલા માતાના વીર પુત્ર! આપ ધૈર્ય ગુણમાં મેરૂ પર્વત સમા છો, અને ગાંભીર્યમાં સમુદ્ર જેવા છો. આવા પ્રભુ મુનિજનોના મનમાં વસેલા છે. વર્તમાન સમયમાં જેમનું શાસન છે એવા છેલ્લા જિનેશ્વર પ્રભુને વંદન કરું છું.

૨૫. સૌભાગ્યવિજયજી

શ્રી ઋષભદેવ જિન સ્તવન (પૃ. ૨૦૬)

પુહવી–પૃથ્વી; હય–ઘોડા; ગય–હાથી; રયણ–રત્ન; સુખાસણ—પાલખી: કનક–સોનું;

કવિશ્રી સૌભાગ્યવિજયજીએ આ સ્તવનમાં શ્રી ઋષભદેવ ભગવાનના પારણાનો પ્રસંગ વર્ણવ્યો છે. પ્રભુ ગજપુરમાં પધારે છે તે વખતે દેવો મોટો મહોત્સવ કરે છે. પ્રભુ સંયમ ધારણ કરી પૃથ્વી પર સ્થળે સ્થળે વિચરે છે. લોકો તેમને હાથી, ઘોડા, રત્ન વગેરે ભેટ ધરાવે છે, પરંતુ પ્રભુને એનું કામ નથી. બાહુબલ રાજા અને સોમયશા રાણીના પુત્ર શ્રી શ્રેયાંસ રાજાએ જાતિ સ્મરણ જ્ઞાનથી જાણ્યું કે પ્રભુ પોતાને ઘરે પધારે છે એટલે તેઓ પ્રભુને શેરડીનો રસ વહોરાવીને પ્રથમ પારણું કરાવે છે. સાડીબાર કરોડ સુવર્ણની વૃષ્ટિ થાય છે, પંચ દિવ્ય પ્રગટ થાય છે અને દેવો મોટા સ્વરથી 'અહોદાન' 'અહોદાન' એમ બોલે છે. કવિ કહે છે શ્રી તીર્થંકર સમાન કોઈ ઉત્તમ પાત્ર નથી, અને શ્રેયાંસ કુમાર સમાન કોઈ દાતા નથી કારણકે આ આરામાં શ્રેયાંસ કુમાર પ્રથમ દાતા છે.

શ્રી શાંતિનાથ સ્તવન (પૃ. ૨૦૭)

આ સ્તવનની પહેલી બે કડીમાં કવિ શ્રી શાંતિનાથ પ્રભુનું નામ એવું શા માટે પડયું તે જણાવી પ્રભુને સંબોધી કહે છે કે હે પ્રભુ! ભક્તજનો આપની ભવ્ય આંગી રચીને પૂજા કરે છે. હું પણ આપના ચરણ કમલની રાત દિવસ સેવા કરું છું તો મારા મનની આશા પૂર્ણ કરો.

શ્રી નેમિનાથ સ્તવન (પૃ. ૨૦૮)

આમાં કવિએ પહેલી ત્રણ કડીની નટ નારાયણ રાગમાં અને

બીજી ચાર કડીમાં માલિની રાગમાં રચના આપી છે. એ બંનેમાં કવિએ રાજુલના મુખની ઉક્તિ વર્ણવી છે. પહેલી રચનામાં રાજુલ કહે છે કે હે નાથ ! તમે તોરણે આવેલા પાછા ન ચાલ્યા જાઓ. એથી લોકોમાં તમારી હાંસી થશે. તમે આવ્યા ત્યારે લોકોને કેટલો બધો આનંદ થયો હતો પરંતુ પશુઓના પોકાર સાંભળી તમે એકદમ ઉદાસીન બની ગયા.

બીજી રચનામાં રાજુલ કહે છે કે મારા નાથને મળવાની મને ઘણી હોંશ છે. જે કોઈ મારા પતિને મનાવી લાવશે એને હું ઘણી ઘણી વધામણી આપીશ.

છેવટે રાજિમતિ શ્રી નેમનાથનું ધ્યાન ધરે છે. અને તેમનું ધ્યાન ધરતાં પરમ આનંદ પદ એટલે મોક્ષ પામે છે

શ્રી પાર્શ્વજિન સ્તવન (પૃ ૨૦૬)

સારદ-શરદ ઋતુમાં; મહિયલિ-પૃથ્વીમાં;

આ સ્તવનમાં કવિ કહે છે કે શ્રી ચિન્તામણિ પાર્શ્વનાથ પ્રભુ આ પૃથ્વીમાં બીજા કોઈ પણ દેવ કરતાં અધિક શોભે છે. સૂર્યનાં કિરણોના સમૂહ જેવી તેજસ્વી એમની મનોહર મૂર્તિ છે, એમનું મુખ શરદ ઋતુના સોહામણા ચન્દ્ર જેવું છે. એમનું નાગનું લાંછન ચિત્તને ગમી જાય એવું છે. પ્રભુની મૂર્તિની જ્યારે આંગી રચવામાં આવી હોય છે ત્યારે ફૂલોના જાણે મહેલમાં બેઠેલા હોય એવા અને દેવો, માનવો, અસુરો એના બારણામાં બેસી જાણે એમની સેવા કરતા હોય છે. એવા પ્રભુનું દર્શન કરનાર ખરેખર ધન્ય બને છે.

શ્રી મહાવીર જિન સ્તવન (પૃ ૨૧૦)

પ્રેમલક્ષણા ભક્તિના ગાનાર નરસિંહ, મીરાં, દયારામ વગેરે કવિઓએ બાલ કૃષ્ણનું અવનવી રીતે વર્ણન કર્યું છે તેની યાદ અપાવે એવા આ સ્તવનમાં કવિએ મહાવીર સ્વામીની બાલ્યાવસ્થાનું

વર્ણન કર્યું છે. ત્રિશલા માતાના લાડિલા પુત્રનાં મુખ, આંખ, નાક હોઠ, માથે હીરાજડિત ટોપી, ગળાનો હાર, કાનનાં કુંડલ, કપાળનું તિલક, બાજુબંધ, કેડનો કંદોરો, પગની ઘૂઘરી વગેરેનું કવિએ વર્ણન કર્યું છે.

૨૬. શ્રી સુખસાગરજી

શ્રી ઋષભદેવ સ્તવન (પૃ ૨૧૧)

કુલ મંડણ–કુલની શોભા; પંચસયાં–પાંચસો; માન–માપ; જીવિત–આયુષ્ય; જસ–જેમનું; નયરી–નગરી; જક્ષ–યક્ષ; વાનિ—વાને, રંગે; ઈખાગ—ઇક્ષ્વાકુ;

આ સ્તવનમાં કવિએ ઋષભદેવ ભગવાનનાં દેહ, લાંછન આયુષ્ય, નગરી, યક્ષ, શાસન દેવી, માતા પિતા, વંશ વગેરેનો ઉલ્લેખ કર્યો છે. આ બધી વિગત જિજ્ઞાસુએ ઋષભદેવ ભગવાનના જીવન ચરિત્રમાંથી જોઈ લેવી.

શ્રી શાંતિનાથ જિન સ્તવન (પૃ ૨૧૨)

વનિ–વાને, વર્ણ; નયર–નગર; તાય–તાત, પિતા; આય–આયુષ્ય; જખ્ખ–યક્ષ; સહસ–હજાર; મુણીંદ–મુનિઓ; અગાહ–અગાધ.

આ સ્તવનમાં પણ કવિએ શ્રી શાંતિનાથ તીર્થંકરનાં લંછન, આયુષ્ય, દેહ, યક્ષ, શાસન દેવી વગેરેનો ઉલ્લેખ કર્યો છે, જેની માહિતી જિજ્ઞાસુએ શાંતિનાથના ચરિત્રમાંથી જોઈ લેવી.

શ્રી નેમનાથ સ્તવન (પૃ ૨૧૩)

નેહસ્યું–સ્નેહથી; દિનમણિ–સૂર્ય; અણગાર–સાધુ; આપઈ–પોતે;

આ સ્તવનમાં પણ કવિએ શ્રી નેમિનાથ ભગવાનની મુખ્ય મુખ્ય આબતોનો પરિચય આપ્યો છે. છેલ્લી બે કડીમાં કવિએ નેમિનાથને પશુઓ પ્રત્યે ઊપજેલી દયાનો ઉલ્લેખ કર્યો છે, અને કહ્યું છે કે પારકાને સુખ આપવાથી તેઓ પોતે અવિચલ સુખ પામી શકયા. પોતાનાં ભોગ કર્મનો હવે ઉદય નથી. એમ જાણતાં તેમણે પરણ્યા વગર વ્રત લીધું હતું.

શ્રી પાર્શ્વજિન સ્તવન (પૃ ૨૧૪)

તનુ-શરીર; અહિ-સાપ, નાગ; ગિરુઆ-મોટા; સાહણી-સાખી ભવદવ-ભવરૂપી અગ્નિ;

આ સ્તવનમાં કવિએ પાર્શ્વનાથના જીવનની માહિતી આપી છે. છેલ્લી બે કડીમાં કવિ કહે છે કે હે પ્રભુ! જેમ આપે સર્પને બચાવ્યો તેમ મને પણ ભવદળમાંથી ઉગારો કે જેથી મને પરમ આનંદ થાય. જે તમારી આરાધના કરે છે, તેને સમ્યકત્વનું ફળ મળે છે.

શ્રી વીરજિન સ્તવન (પૃ ૨૧૪)

સાહુણી-સાખી; પડિબોહઈ-પ્રતિબોધે, ઉપદેશ આપે; પ્રવહણ-વહાણ.

આ સ્તવનમાં પણ શ્રી મહાવીર સ્વામીની સુપરિચિત બાબતોનો કવિએ ઉલ્લેખ કર્યો છે. અંતમાં કવિએ પોતાને ભવ સાગરમાંથી તારવાને માટે પ્રભુને પાર્થના કરી છે.

આમ એકંદરે જોતાં આ કવિએ પોતાની ચોવીશીના દરેક સ્તવનમાં માત્ર તીર્થંકરનો પરિચય કરાવ્યો છે. બીજા કવિઓની રચનામાં જે અવનવા ભાવ જોવા મળે છે તેવા ભાવનું આલેખન આ કવિની રચનામાં જોવા નથી મળતું. કવિએ આ પાંચે સ્તવનમાં તીર્થંકરોનો પરિચય આપતી જ પંક્તિઓ લખી છે. કળશની કડીઓમાં કવિ કહે છે, જેમની સેવાથી સમ્યકત્વના ગુણની હંમેશાં વૃદ્ધિ થાય છે એ સેવા હું દિવસ રાત અને ભવોભવ માગું છું. મેં જે આ સ્તવનોની રચના કરી છે તે, બાળક જેમ માતાપિતા આગળ કાલી વાણીમાં બોલે તે પ્રમાણે કરી છે. કવિશ્રીએ તેર બોલથી ભગવાનની સ્તવના કરી છે એ તીર્થંકરોના ગુણનું જે કોઈ ભાવથી ધ્યાન ધરે તેના ભવોભવનો ભય ટળી જાય છે.

૨૭. શ્રી ઋષભસાગરજી

શ્રી ઋષભ જિન સ્તવન (પૃ. ૨૧૭)

આ સ્તવનમાં કવિ શ્રી ઋષભ દેવને જિનનાયક, સુખદાયક, જગનાયક, વગેરે વિશેષણોથી સંબોધી એમના દર્શનની અને એમના પ્રસાદની યાચના કરે છે. એ માટે કવિ દિવસ રાત પ્રભુનું નામ જપે છે અને બીજા કોઈ દેવની આરાધના કરતા નથી.

શ્રી શાંતિનાથ સ્તવન (પૃ. ૨૧૮)

આ સ્તવનમાં કવિ શ્રી શાંતિનાથ પ્રભુને અરજ કરી પોતાને ઉધ્ધારવાનું કહે છે. કવિ પ્રભુના ગુણો સંભારે છે અને કહે છે કે સૂતાં જાગતાં હે નાથ ! હું તમારું જ ધ્યાન ધરું છું. છેવટે કવિ કહે છે કે તમે કુડકપટ કરનારા ધુતારાને તારો છો તો એક મને જ કેમ વિસારો છો ? તમારૂં તારક બિરૂદ સંભારીને મને જરૂર તારજો. એમ પ્રભુના ચરણને નમસ્કાર કરી વિનંતી કરે છે.

શ્રી નેમનાથ સ્તવન (પૃ. ૨૨૦)

આ સ્તવનમાં કવિએ વિરોધાભાસી આલેખન કરી શ્રી નેમિનાથ ભગવાનનો મહિમા વર્ણવ્યો છે. કવિ કહે છે કે હે પ્રભુ ! તમે આખા જગતના મનનું રંજન કરો છો અને છતાં તમે નિરંજન છો; તમે ત્રણે ભુવનની પ્રભુતાના ભોગી છો અને છતાં તમે જોગીશ્વર કહેવાઓ છો. તમે એક કોડી પણ દીધી નથી અને છતાં તમે દાતાર શિરોમણિ કહેવાઓ છો, તમે સ્વપ્નામાં પણ ક્રોધ કરતા નથી. અને છતાં અરિ-દળને સંહારનાર કહેવાઓ છો. અંતે કવિ પોતાના મનોરથ પૂર્ણ કરવા માટે પ્રભુને અરજ કરે છે.

શ્રી પાર્શ્વનાથ સ્તવન (પૃ. ૨૨૧)

દલિદ્ર–દરિદ્રતા; અજા–બકરી; મજ્જન–ચોપડવું; કામગવી–કામધેનું;

આ સ્તવનમાં કવિ કહે છે, " હે પ્રભુ ! તમારી ભક્તિમાં જ મને અનંત સુખ મળે છે. મેં તમારું જ અવલંબન સ્વીકારેલું છે.

તમે જ મારા આત્માના આધાર છો. તમારા સિવાય બીજા કોઈ દેવની આરાધના હું કરતો નથી. બીજા દેવોને ભજીને હું તમને કેમ લજવાવું? કંકુ લગાડ્યા પછી મુખે હું કાદવ કેમ લગાડું? હાથી પરથી ઊતરી ખચ્ચર પર શું કામ બેસું. કામધેનુ મળ્યા પછી ઘરમાં બકરી લાવીને શું કામ બાંધું?

શ્રી મહાવીર સ્તવન (પૃ. ૨૨૨)

આ સ્તવનમાં કવિ રૂપક શૈલીથી વસંતના ઉત્સવને વધાવવાનું કહે છે અને પછી પ્રભુના મુખનું દર્શન કરી સંસારના સર્વ તાપ શમાવવાનું કહે છે.

૨૮. શ્રી વિનયકુશળજી

આ કવિની ચોવીસીની આખી હસ્તપ્રત મળી ન હોવાથી તેમાંથી અહીં એક જ સ્તવન આપવામાં આવ્યું છે.

શ્રી પાર્શ્વનાથ જિન સ્તવન (પૃ. ૨૨૪)

સુવિસેસ-સુવિશેષ; સનેહી-સ્નેહી; પરવેસ-પ્રવેશ; પરસંસ—પ્રશંસા;

પાર્શ્વનાથ ભગવાનની સ્તુતિ કરતાં કવિ કહે છે, "મારા પરમ સ્નેહી જિનેશ્વર ભગવાન કાશી દેશમાં, વાણારસી નગરમાં વિચરે છે, જ્યાં પાપનો બિલકુલ પ્રવેશ થઈ શકતો નથી, અશ્વસેન રાજા અને વામા રાણીના આ પુત્રની દેવો પણ પ્રશંસા કરે છે. પ્રભુનું લાંછન નાગ છે અને પ્રભુનો દેહ નીલવર્ણો છે. એમનો પ્રભાવ સૂર્યસમો તેજસ્વી છે અને એમનું દર્શન ચિત્તને હિતકારી છે. પ્રભુએ શુભ મુહૂર્તે વડના વૃક્ષ હેઠળ કાઉસગ્ગ ધારણ કર્યો તે વખતે કમઠે આવી મેઘની વૃષ્ટિ કરી, પરંતુ ધરણેન્દ્રે આવી પ્રભુને એ વૃષ્ટિમાંથી બચાવ્યા તે સમયે પ્રભુને કેવળજ્ઞાન થયું. પ્રભુનું પૂનમના ચન્દ્ર જેવું મુખ નિહાળતાં આનંદ થાય છે.

૨૯. શ્રી કાંતિવિજયજી

સુજ સવેલીની ૪થી ઢાલ (પૃ. ૨૨૬)

શ્રી કાંતિવિજય ગણિએ સુજસવેલી ભાસ નામની પોતાની રચનામાં ઉપાધ્યાય શ્રી યશોવિજયજીના જીવનનો પરિચય આપ્યો છે. એ ભાસમાંથી લેવામાં આવેલી ચોથી ઢાલમાં આરંભમાં યશોવિજયજીની રચનાઓની પ્રશંસા કરી પછી તેઓ સંવત ૧૭૪૩માં ડભોઇમાં ચોમાસુ રહ્યા હતા અને ત્યાં સ્વર્ગવાસી થયા હતા તેનો પરિચય કવિએ આપ્યો છે. આ ભાસ 'શ્રી યશોવિજયજી સ્મૃતિ ગ્રંથ'માં પ્રગટ થયો છે અને ત્યાં વર્તમાન મુનિશ્રી યશોવિજયજીએ એનો અનુવાદ પણ, ટિપ્પણ સાથે આપેલો છે.

શ્રી ઋષભ જિન સ્તવન, શ્રી મહાવીર જિન સ્તવન અને સંવેગ રસાયણ ભાવનીની પ્રશસ્તિ—આ ત્રણે રચનાઓ અહીં સંપૂર્ણ ન આપતાં એની છૂટક થોડીક કડીઓ આપવામાં આવી છે. જે કડીઓ આપવામાં આવી છે તે સરળ છે.

૩૦. શ્રી હંસરત્ન

શ્રી ઋષભ જિન સ્તવન (પૃ. ૨૩૧)

જંગમ–હરતા ફરતા; નરિંદ–રાજા; જાત–પુત્ર; પ્રમુખ–મુખ્ય; પાણ–પાણિ, હાથ; વાણ–વાણી; પંચમ કાય–મોક્ષ.

ઋષભદેવ પ્રભુની સ્તુતિ કરતાં આ સ્તવનમાં કવિ કહે છે કે પોતાનાં બધાં જ વાંછિત સુખ મેળવવા માટે હરતા ફરતા કલ્પ વૃક્ષ સમાન શ્રી ઋષભ દેવની સેવા કરવી જોઈએ. મરૂદેવીના પુત્ર અને ભરત તથા બ્રાહ્મીના પિતા તરીકે વિખ્યાત એવા ઋષભ દેવની સેવા પૂર્વ ભવના પુણ્યના પ્રતાપે મને મળી છે. અને મારા ભવનું દુઃખ ઓછું થયું છે.

બીજીથી સાતમી કડી સુધીમાં કવિએ ઋષભ દેવનો પરિચય સરળ ભાષામાં આપ્યો છે. છેવટે કવિ શ્રી ઋષભદેવની સેવા ભવોભવ મળે એવી પ્રાર્થના કરે છે.

શ્રી શાંતિનાથ સ્તવન (પૃ. ૨૩૨)

અભિરામ-સુંદર; પડૂર-મોટું; અનૂર-ચમકતું, તેજસ્વી, સુંદર.

આ સ્તવનમાં કવિ કહે છે કે શ્રી શાંતિનાથ જિનેશ્વર શરણાગત માટે રૂડા આધાર છે. ગુણોના આવાસ સ્થાન જેવા તેઓ ઘણા ઉપકારી છે. ભવોભવનો તાપ દૂર કરવા માટે જાણે જલની ધારા જેવા છે.

બીજી, ત્રીજી અને ચોથી કડીમાં કવિએ શાંતિનાથ પ્રભુએ પોતાના પૂર્વ ભવમાં, મેઘરથ રાજાના અવતારમાં પારેવડાને જે રીતે બચાવ્યું તે પ્રસંગનું વર્ણન કર્યું છે. ત્યાંથી પછી ત્રીજા ભવમાં તેઓ અચિરા રાણીની કૂખે જન્મ્યા તેનો કવિએ ઉલ્લેખ કર્યો છે. અને છેલ્લી બે કડીમાં તેમની દીક્ષાનો, કેવળજ્ઞાનનો, સંઘની સ્થાપનાનો અને મોક્ષે સિધાવ્યાના પ્રસંગનો કવિએ નિર્દેશ કર્યો છે. એકંદરે કવિની ભાષા સરળ અને ભાવવાહી છે.

શ્રી નેમનાથ સ્તવન (પૃ. ૨૩૩)

વિમાસો-વિચાર કરો;

આ સ્તવનમાં રાજુલ નેમિનાથને સંબોધીને કહે છે 'હે નાથ! તોરણેથી રથ ફેરવીને હવે કેમ મને છેહ આપીને પાછા ચાલ્યા જાવ છો? આપણી પ્રીત તો આઠ આઠ ભવની છે, છતાં તમને મારા પર સ્નેહ ન થયો? હું તો તમારા પર વારી ગઈ છું. હે સ્વામી! જેનો પાલવ પહેલાં ઝાલ્યો હોય તેને પછીથી કેમ તરછોડાય? તમને બાંહ્ય ગ્રહ્યાની લાજ છે. તેનો પણ તમે વિચાર કરો. હે નાથ! પ્રીતિ તો સરસ બે પંખીડાંની છે, જે રાત દિવસ એકઠાં રહે છે અને એક બીજાથી એક પલક પણ છૂટાં પડતાં નથી. એવાં પંખી ઉપર હું ઓવારી જાઉં છું. હે પ્રભુ! એક ઘડીનો સંગ હોય તો તે પણ આ જગતમાં ભૂલ્યો ભૂલાતો નથી, તો પછી જેની સાથે મનથી ગાઢ પ્રીતિ બંધાઈ હોય તે કેમ કરીને ટાળી શકાય? સારા ગુણવાળી વ્યક્તિ

સાથે કરેલી પ્રીતિ તો જન્માંતર સુધી ભૂલાતી નથી. માટે જે સંબંધ બંધાયો તે નિભાવવો જ જોઈએ એ જ જગતની ઉત્તમ રીતિ છે.'

આ રીતે શિવાદેવી માતાના પુત્ર નેમિનાથને રાજુલે વિનંતી કરતાં કહ્યું કે 'વહાલા, જલદીથી તમારો રથ પાછો વાળીને મારી પાસે આવો અને મારા મનના કોડ પૂરા કરો. અંતે કવિ કહે છે કે નેમિનાથ અને રાજુલ, મોક્ષધામમાં બંને સાથે મળ્યાં. એ રીતે બંનેની પૂર્વ ભવની પ્રીતિ ફળી.

શ્રી પાર્શ્વનાથ સ્તવન (પૃ. ૨૩૪)

આ સ્તવનમાં કવિ શ્રી પાર્શ્વનાથ પ્રભુને અરજ કરે છે કે હે નાથ ! તમે મારા પર કરુણા લાવી મને ભવપાર ઉતારો. આ સંસારમાં કંઈ સાર નથી. એ માટે જ મેં તમારું શરણ સ્વીકાર્યું છે. તમે જગતમાં તારનાર તરીકે પ્રસિધ્ધ છો. તમે બીજા સેવકોને તાર્યા છે તો મારી સાથે શા માટે અંતર રાખો છો ?

શ્રી મહાવીર જિન સ્તવન (પૃ. ૨૩૪)

આ સ્તવનમાં કવિ શ્રી મહાવીર સ્વામીને અરજ કરતાં કહે છે હે સ્વામી ! તમારા દર્શનથી મારા મનના મનોરથ સફળ થયા છે. આટલા વખત સુધી હું ભૂલો ભમ્યો હતો, પરંતુ હવે તમારા દર્શન પછી બીજા દેવો દીઠામાં પણ આવતા નથી. કલ્પતરુની ડાળ મળ્યા પછી બાવળિયે કોણ બેસવાનું હતું ? હે પ્રભુ ! તમે મારા જીવનના પ્રાણસમા છો. હું તમારી આજ્ઞા ભવોભવ માથે ચઢાવું છું. કવિ છેવટે પ્રાર્થના કરતાં કહે છે કે હે પ્રભુ મારા ચિત્તમાં વસો—

૩૧. શ્રી વિનયચન્દ્રજી

શ્રી ઋષભદેવ સ્તવન (પૃ. ૨૩૮)

ખિણ–ક્ષણ; મકરંદ–મધ;

આ સ્તવનમાં કવિ કહે છે કે પ્રભુ પ્રત્યે લાગેલું મન એક ક્ષણ

પણ દૂર થતું નથી. તેઓ હૃદયમાં વસી ગયા છે અને માટે તેજ વહાલા લાગે છે. બીજા ગમે તેટલા રૂડા હોય તોપણ તેમાં મન લાગતું નથી.

શ્રી શાંતિજિન સ્તવન (પૃ. ૨૬૯)

ગોવિંદ-કૃષ્ણ; ગૌરી-પાર્વતી,

હે પ્રભુ! જેમ ગોપાનું મન કૃષ્ણમાં, પાર્વતીનું મન શંકરમાં, કુમુદિનીનું મન ચંદ્રમાં વસેલું હોય છે તેમ મારું મન તમારામાં વસેલું છે. હે સ્વામી! હું તમને બધી વાત કરું છું પણ તમે મુખથી બોલતા કેમ નથી? તમે વાતોના રસિયા છો છતાં જવાબ કેમ આપતા નથી? મન મળ્યા વગર પ્રીતિ કેવી રીતે નભી શકે? હે પ્રભુ! જેવી રીતે વૃક્ષ પોતાનું ફળ પોતે ખાતું નથી પણ પારકાંને આપે છે. એટલે કે તે પરઉપકારી બને છે. તમે પણ મારા ઉપર ઉપકાર કરી મને તમારા જેવો બનાવો.

શ્રી નેમિનાથ સ્તવન (પૃ. ૨૪૦)

સેતી-સાથે; ઇણભાંતઈ-આ રીતે.

હે પ્રભુ! તમારી મૂર્તિ શિવ સુંદરીના કપાળમાં તિલકની જેમ શોભે છે. મારી અરજ સાંભળીને મારા પર આપ કરુણા કરો. હું તમને મારા હૈયામાં ધારું છું. તમે મારે મન સર્વસ્વ છો. મારા પર ઉપકાર કરતાં તમે શી ચિન્તા રાખો છો? તમારી કીર્તિ એટલી બધી પ્રસરેલી છે કે એની તો શી વાત કરું?

શ્રી પાર્શ્વજિન સ્તવન (પૃ. ૨૪૧)

આ સ્તવનમાં કવિએ જુદી જુદી ઉપમાઓ આપી અને અનવી કલ્પનાઓ કરી દરેક કડીમાં શ્રી પાર્શ્વનાથ ભગવાનનું વર્ણન કર્યું છે.

શ્રી મહાવીર જિન સ્તવન (પૃ. ૨૪૩)

આ સ્તવનમાં કવિ શ્રી મહાવીર પ્રભુ પ્રત્યેની પોતાની પ્રીતિનું વર્ણન કરે છે અને પોતાનો ઉદ્ધાર કરવામાં વિલંબ કરવા માટે પ્રભુને ઉપાલંભ આપે છે.

૩૨. શ્રી વિનીતવિજયજી

શ્રી ઋષભ જિન સ્તવન (પૃ. ૨૪૫)

કવિ કહે છે કે પ્રભુની ચરણ સેવાથી મારાં બધાં વંછિત કાર્યો ફળ્યાં છે અને ભવનાં દુઃખ દૂર થયાં છે. મારે આંગણે અમૃતનો વરસાદ થયો છે અને આંખો ફળ્યો છે. હવે મારા સુખના વળતા દિવસો છે. પ્રભુની સેવા દિવસે દિવસે વધે એવી અમરવેલ જેવી છે.

શ્રી શાંતિનાથ સ્તવન (પૃ. ૨૪૬)

આ સ્તવનમાં કવિએ શ્રી શાંતિનાથ ભગવાનના જન્મ મહોત્સવનું વર્ણન કર્યું છે અને અંતમાં આવા સ્વામીની સેવા કરવાનો ઉપદેશ આપ્યો છે.

શ્રી નેમિનાથ સ્તવન (પૃ. ૨૪૭)

આ સ્તવનમાં કવિએ પ્રથમ રાજુલની વિરહ વ્યથા વ્યક્ત કરી છે. રાજુલ કહે છે કે હે પ્રિય ! મારા યૌવનના દિવસો ચાલ્યા જાય છે. મારી ફૂલમાળા કરમાય છે માટે તમે જલ્દી પધારો. જવાબમાં શ્રી નેમિનાથ કહે છે કે હે રાજુલ ! તું મારા પર પૂરેપૂરો વિશ્વાસ રાખ. આ સંસાર અસાર છે. માટે તું મુક્તિરૂપી મંદિરમાં આવજે. આ રીતે શ્રી નેમિ જિનેશ્વરે રાજુલને અચલ શિવસુખ અપાવ્યું.

શ્રી પાર્શ્વનાથ સ્તવન (પૃ. ૨૪૮)

આ સ્તવનમાં કવિએ શ્રી પાર્શ્વનાથ પ્રભુની સ્તુતિ કેવાં કેવાં વાજિંત્રો અને રાગ રાગિણી સાથે કેવા રંગ ઢંગથી ગાવી તે વર્ણવ્યું છે અને પછી પ્રભુની પ્રત્યેની દૃઢ પ્રીતિનું વર્ણન કર્યું છે.

શ્રી મહાવીર જિન સ્તવન (પૃ. ૨૪૯)

શ્રી મહાવીર પ્રભુનાં દર્શનથી જાણે પોતાને ઘરે કલ્પવૃક્ષ ફળ્યું હોય એટલો આનંદ થાય છે. પ્રભુના ગુણનો વૃત્તાન્ત ગંગાનાં મોજાંની જેમ નિર્મળ છે. દિવસરાત હું એનું સ્મરણ કરું છું. પ્રભુ પ્રત્યેનો પ્રેમ ચોલ મજીઠના પાકા રંગ જેવો દૃઢ છે. એ પ્રેમ, હે પ્રભુ! તમે સારી પેઠે નિભાવજો.

૩૩. શ્રી ન્યાયસાગરજી

શ્રી આદિ જિન સ્તવન (પૃ. ૨૫૧)

આ સ્તવનમાં કવિએ શ્રી ઋષભદેવ ભગવાનનો મહિમા વર્ણવ્યો છે અને એમની સેવા કરવાની, એમનું ધ્યાન ધરવાની અને એમની દેશના સાંભળવાની પોતાની ઉત્સુકતા વર્ણવી છે.

કવિએ બીજા સ્તવનમાં શ્રી ઋષભદેવ ભગવાનનું જન્મ સ્થાન માતાપિતા, દેહમાન વગેરે વર્ણવ્યાં છે.

શ્રી શાંતિનાથ સ્તવન (પૃ. ૨૫૨)

મારવાડી ભાષામાં કરેલી આ રચનામાં કવિએ વિષયવિકાર ટાળી સંયમ પાળવાનો ઉપદેશ આપ્યો છે.

બીજા સ્તવનમાં શ્રી શાંતિનાથ પ્રભુના જીવનના અને પૂર્વ ભવોના ભિન્ન ભિન્ન પ્રસંગોનો નિર્દેશ કરી કવિ કહે છે કે હે પ્રભુ! હું તમારો સેવક છું અને તમે મારા સ્વામી છો અને તેથી આપ મારો ઉદ્ધાર કરો.

શ્રી નેમનાથ જિન સ્તવન (પૃ. ૨૫૩)

પહેલા સ્તવનમાં શ્રી નેમિનાથે રાજુલને છોડીને સંયમ સુંદરીને સ્વીકારી એ માટે રાજુલે ઉપાલંભ આપ્યો છે.

બીજા સ્તવનમાં કવિ કહે છે કે રાજુલ નેમિનાથને પરણી નહોતી તો પણ લોકોએ તો એને નેમિનાથની પત્ની માની હતી. નેમિનાથ પણ આઠ ભવની પ્રીતિનો સંબંધ સચવવા જ જાણે તોરણે આવી

પાછા ફર્યા હોય અને પછી ગિરનાર પર જઈ સંયમ ધારણ કર્યો અને રાજુલ પણ એમને અનુસરીને ત્યાં ગઈ અને એણે પણ ત્યાં સંયમ ધારણ કર્યો. આ રીતે નેમિનાથે પોતાની આઠભવની પ્રીતિ પાળી.

શ્રી પાર્શ્વજિન સ્તવન (પૃ. ૨૫૫)

શ્રી પાર્શ્વનાથ પ્રભુના મુખનું દર્શન કરતાં બધાં દુઃખ શમી જાય છે. પ્રભુનું મુખ ચિંતામણિ રત્ન જેવું, બધી કામનાઓ પૂર્ણ કરે એવું છે. આવા પ્રભુ મળ્યા પછી બીજા દેવની કોણ આરાધના કરે.

બીજા સ્તવનમાં કવિ કહે છે કે જેમની સાથે મન લાગ્યું હોય તેનું જ દર્શન હંમેશાં ઉત્કૃષ્ટ લાગે. ફણાધારી નાગ પણ લાંછનને નિમિત્તે જાણે પ્રભુને વિનંતી કરી રહ્યો છે કે મારું વિષપણું દૂર કરો.

શ્રી મહાવીર જિન સ્તવન (પૃ. ૨૫૬)

શાસનના નાયક, સુખના આપનાર, સિદ્ધાર્થ રાજા અને ત્રિશલાદેવીના પુત્ર, ગૌતમ સ્વામી જેમના વજ્ર છે અને જેમના શાસનથી સ્યાદ્વાદ સમજાયો છે એવા શ્રી મહાવીર સ્વામીને કવિ વંદન કરે છે.

બીજા સ્તવનમાં કવિ કહે છે કે શ્રી મહાવીર સ્વામીની મુખમુદ્રા જોતાં જ તેઓ મને અત્યંત પ્યારા લાગે છે. એમની વાણી અમૃત જેવી છે. એમના ચરણ વંદનથી મને જીવનમાં શીતળતા મળી છે. એવા સ્વામીના હું પ્રેમથી ગુણગાન ગાઉં છું.

૩૪. શ્રી લાવણ્યવિજયજી ગણિ

આ કવિની ચોવીસીની હસ્તપ્રત અધૂરી મળી હોવાથી તેમનું શ્રી ઋષભનાથ ભગવાનનું સ્તવન આખું આપવામાં આવ્યું છે, અને શ્રી મહાવીર સ્વામીના આઠ કડીના સ્તવનની પહેલી અને છેલ્લી કડી આપવામાં આવી છે

શ્રી ઋષભજિન સ્તવન (પૃ. ૨૬૦)

મેહ-મેઘ, વ દળ; તુઠા-તુષ્ટ થયા, પ્રસન્ન થયા.

કવિ ઋષભ જિનેશ્વરને પ્રાર્થે છે કે, " હે પ્રભુ ! મારા પર કૃપા કરી મારા મનરૂપી મંદિરમાં આપ વાસ કરો અને એ રીતે મારા મનની આશા પૂરી કરો. આપ ભક્તિભાવંત છો એ જાણીને જ મેં આપની સાથે સ્નેહ કર્યો છે અને માટે ચાતક જેમ મેહની રાહ જુએ તેમ હું આપનાં દર્શનની આતુરતાપૂર્વક રાહ જોઉં છું. નિરનેહી માણસ સાથે સ્નેહ કરવાથી હૃદય બળે છે અને એવી વ્યક્તિને ઊંઘ વેચીને ઉજાગરો લેવો પડે છે. તમારી સાથે મારું મન જે મળી ગયું છે તે તો તમે જાણો છો, પરંતુ તમારું ચિત્ત કેવું છે તે હું જાણતો ન હોવાથી હંમેશાં તમને વિનતિ કરું છું. કવિ કહે છે કે એ વિનતિ સાંભળી પ્રભુ પ્રસન્ન થયા અને જ્યોતિ પ્રકાશવા લાગ્યો.

શ્રી મહાવીર જિન સ્તવન (પૃ. ૨૬૧)

સુર-દેવ; શ્યામા-સ્ત્રી; મનમથ સેના-કામદેવની સેના જેવી; યૌવનમાં-યૌવનનો; લાહો-લ્હાવો; છલવાહેને-છેતરવાને.

કવિની આઠ કડીમાંથી જે બે કડી અહીં છાપી છે એટલી જોતાં પણ એમ લાગે છે કે આ સ્તવન કવિતાની દૃષ્ટિએ ઘણું જ મનોહર, લયબદ્ધ અને ભાવમાધુર્ય તથા ચમત્કૃતિભરી કલ્પનાવાળું છે. આ સંગ્રહની કેટલીક ઉત્તમ રચનાઓમાં સ્થાન પામી શકે એવા પ્રકારની આ કૃતિ છે. અફસોસની વાત એટલી જ છે કે એ આપણને અધૂરું મળ્યું છે. પહેલી કડીમાં કવિ કહે છે કે વીર પ્રભુને છલવા આવેલી, કામદેવ દેવની સેના જેવી, દેવોએ પ્રેરેલી કોઈ દેવાંગના આવીને પ્રભુને કહે છે, " હે પ્રીતમ, આ યૌવનનો લ્હાવો લ્યો.

ઉપ. શ્રી રામવિજયજી

શ્રી ઋષભજિન સ્તવન (પૃ. ૨૬૩)

આ સ્તવનમાં કવિએ શ્રી ઋષભદેવનો પરિચય આપતી પંક્તિઓ લખી છે. માતા મરુદેવીના લાડકા પુત્ર, રાણી સુનંદાના હૈયાના હાર સમા, વીસ લાખ પૂર્વ સુધી કુંવરપણું ભોગવનાર, ત્રેસઠ લાખ પૂર્વ

સુખી રાજ્ય કરનાર, પાંચસો ધનુષ્ય જેટલી ઊંચાઈનો દેહ ધરાવનાર અને આયુષ્યને અંતે શિવસુંદરીને વરનાર, મોક્ષપદ પામનાર એવા શ્રી ઋષભદેવની હોડ કોણ કરી શકે? એમના નામ માત્રના સ્મરણથી નવનિધિ સુખ પ્રાપ્ત થાય છે અને વિઘ્ન ટળી જાય છે.

શ્રી શાંતિનાથ સ્તવન (પૃ. ૨૬૩)

નકર–નગર; કંદ્રપ–કામદેવ; નરિંદ–રાજા; ભાવઠ–દુઃખ, સંકટ; પડિબોહે છે–પ્રતિબોધે છે, ઉપદેશ આપે છે; વચ્છલ–વત્સલ.

આ સ્વતનમાં કવિએ શ્રી શાંતિનાથ ભગવાનનો પરિચય આપ્યો છે. એમની સુંદર છબી શોભે છે અને એમની ગંગાજળ જેવી ગંભીર કીર્તિ ગાજે છે. ગજપુર નગરમાં જન્મનાર, વિશ્વસેન રાજા અને અચિરા રાણીના પુત્ર, કામદેવને જીતનાર, ચાલીસ ધનુષ્ય પ્રમાણ દેહ ધારણ કરનાર, વ્રત લઈ કેવળજ્ઞાન પામનાર એવા પ્રભુની દેશના અને એમની ભક્તવત્સલતા ભક્તજનોને ભવસાગરના જલમાં ડૂબતાં બચાવી પાર ઉતારે છે.

શ્રી નેમિનાથ સ્તવન (પૃ. ૨૬૪)

ગોરડી–સ્ત્રી;

આ સ્તવનમાં આરંભની ત્રણ કડીમાં કવિએ રાજુલની ઉક્તિ વર્ણવી છે. રાજુલ કહે છે કે "હે પિયુ! તમે માની જાવ છો કે નહિ? તમે મને છોડીને કેમ ચાલ્યા ગયા? જગતમાં કહેવાય છે કે સરખા સરખીની જોડ હોય છે. હું તમારી સેવક છું, ગુણવંતી નારી છું. હું નિર્ગુણ કેમ હોઇ શકું? તેમ છતાં તમે મારી સામે કેમ લગારે જોતા નથી?" પરંતુ પછીથી તો રાજુલે પોતાના મનને વૈરાગ્ય તરફ વાળી લીધું અને એણે સંયમ વ્રત ધારણ કર્યું. એ પછી તે પોતાના પિયુ કરતાં પોતે પહેલી જાય છે પોતાની બહેની શિવસુંદરીને મળવા.

છેલ્લી બે કડીમાં કવિએ નેમિનાથનાં માતાપિતાનો પરિચય આપ્યો છે.

શ્રી પાર્શ્વનાથ સ્તવન (પૃ. ૨૬૫)

ત્રેવીસમા તીર્થંકર શ્રી પાર્શ્વનાથ ભગવાન, વામાદેવીના પુત્રનો દેહ મેઘ સમાન શોભે છે એવું વર્ણન પહેલી કડીમાં કરી પછીની ત્રણ કડીમાં કવિએ પાર્શ્વનાથ અને કમઠનો પ્રસંગ વર્ણવ્યો છે. કમઠના ઉપસર્ગથી જરા પણ ચલિત ન થનાર પ્રભુ કેવલજ્ઞાન પ્રાપ્ત કરે છે. તે વખતે કોટિ દેવો એકત્ર થાય છે અને પ્રભુના જયનાં નિશાન વાગે છે. અશ્વસેન રાજાના પુત્ર, સો વર્ષનું આયુષ્ય ભોગવી મોક્ષસિદ્ધિ પ્રાપ્ત કરનાર પાર્શ્વનાથ પ્રભુનું દર્શન પરમ આનંદ આપનારું હોય છે.

શ્રી મહાવીર જિન સ્તવન (પૃ. ૨૬૬)

ઘન-વાદળ; નાહલો-નાથ.

કવિ કહે છે, "જિનેશ્વર ભગવાનનાં ચરણ નમીને હું એક યાચના કરું છું કે હે પ્રભો ! મને તમારા દિલમાં સ્થાન આપી મારા પર કૃપા કરો. આપે ઘણા પતિતોનો ઉદ્ધાર કર્યો છે અને ગરીબોના ઉદ્ધારકનું બિરુદ પ્રાપ્ત કર્યું છે, તો એક મને જ ભૂલી જતાં હે પ્રભુ ! આપને લાજ નથી આવતી ? ઉત્તમ જિન તો વાદળીની જેમ ઠામ કુઠામ જોયા વિના બધે જ વર્ષતો હોય છે. એ પછીની કડીમાં મહાવીર સ્વામીનાં માતાપિતાનો ઉલ્લેખ કરીને પછી કવિ કહે છે, હે પ્રભુ ! તમારા દર્શનથી હું પરમાનન્દ અનુભવું છું. તમારા જેવા સમર્થ સ્વામીથી યશપૂર વધે છે અને એના જીતના નિશાનના નાદથી દુશ્મન દૂર થાય છે.

કળશ

દૂરિત-પાપ; નાસન-નાશ કરનાર; ભવભીત-ભવરૂપી બંધનનો ભય; ચૂરણ-ચૂર્ણ કરનાર.

આ પ્રમાણે ત્રણે ભુવનમાં પ્રકાશમાન, પાપોનો ક્ષય કરનાર, વિમલ શાસન ચલાવનાર, ભવરૂપી બંધનનો નાશ કરનાર અને સુગતિ માટે કારણ કે નિમિત્ત બનનાર જિનવરોનું **મહેસાણા** નગરમાં રહી મેં સ્તવન કીર્તન કર્યું છે, એમ કવિ કળશની પંક્તિઓમાં જણાવે છે.

૩૬. શ્રી અમૃતવિજયજી

શ્રી ઋષભદેવ જિન સ્તવન (પૃ. ૨૬૭)

કવિ આ સ્તવનમાં કહે છે કે હે પ્રભુ ! હું તમારો ભવોભવનો સેવક છું, ઇન્દ્ર, ચન્દ્ર, સૂર્ય, સાગર, મહીધર વગેરેના ઉત્તમ ગુણો એકઠા કરીને તમારી કાયા ઘડવામાં આવી છે. ઇન્દ્ર, ચંદ્ર, વગેરે પ્રભુતા, સામ્યતા, પ્રતાપી પણું, ગંભીરતા, ધૈર્ય એવા ઉત્તમ ગુણોમાં પ્રસિદ્ધ છે.

શ્રી શાંતિનાથ સ્તવન (પૃ. ૨૬૮)

શાંતિના દાતાર, જગતના હિતકારી, ભવિકજનોના આધાર, અચિરાદેવીના પુત્ર એવા શ્રી શાંતિનાથ પ્રભુને વંદન કરી કવિ પ્રાર્થના કરે છે કે હે પ્રભુ ! તમે મને તમારો સેવક જાણી મારો ઉદ્ધાર કરો; મોહ વગેરે વૈરીઓથી મને દૂર રાખો.

શ્રી નેમનાથ સ્તવન (પૃ. ૨૬૮)

આ સ્તવનમાં કવિએ શ્રી નેમિનાથ ભગવાનનાં જન્મ, યૌવન, કેવળજ્ઞાનપ્રાપ્તિ ઇત્યાદિ પ્રસંગોનો ઉલ્લેખ કરે છે. કવિએ આ સ્તવનમાં કર્યાય રાજુમતીનો ઉલ્લેખ કર્યો નથી એ ધ્યાન ખેંચે છે.

શ્રી પાર્શ્વજિન સ્તવન (પૃ. ૨૬૯)

સારદ–શારદ–શરદ ઋતુનો.

કવિ કહે છે કે રાગાદિ દુશ્મનોને જીતી આત્માનું રાજ્ય મેળવનાર એવા શ્રી પાર્શ્વનાથ પ્રભુ આપણને ભવસાગર તારવા માટે સમર્થ છે.

માટે ચિત્ત નિર્મળ કરી, શુભ ભાવથી હે ભવિકજનો ! તમે પ્રભુની આરાધના કરો. એ પછી ચોથી અને છઠ્ઠી કડીમાં કવિ પોતાને તારવા માટે પ્રભુને અરજ કરે છે.

શ્રી વીરજિન સ્તવન (પૃ. ૨૭૦)

વિશ્વમાં પ્રકાશ પાથરનાર પરમ જ્યોતિમય, સકળ ગુણોના સમૂહ, સાગર જેવા ગંભીર, જગતમાં જેની જોડ નથી એવા, અલખ નિરંજન, કરુણા રસના ભંડાર, જગતના લોકોને તારવાને મોક્ષ માર્ગે લઈ જવાને સમર્થ, દુઃખને દૂર કરનાર, દેવો અને કિંનરો જેમની સેવા કરે છે એવા શ્રી મહાવીર સ્વામીની સેવાનો અનુરોધ કવિએ આ સ્તવનમાં કર્યો છે.

૩૭. ઉપાધ્યાય શ્રી ઉદયરત્નજી

શ્રી ઋષભજિન સ્તવન (પૃ. ૨૭૩)

ઉપાધ્યાય શ્રી ઉદયરત્નની સ્તવન-રચનાઓ કદમાં નાની છતાં સરળ અને મધુર છે. શ્રી ઋષભદેવ ભગવાનના આ સ્તવનમાં કવિ મરુદેવી માતાના પુત્ર ઋષભદેવને સાચા સ્વામી તરીકે ઓળખવાની અને એમને જ શરણે જવાની અભિલાષા વ્યકત કરે છે. આ નશ્વર જગતમાં માનવદેહ ક્ષણભંગુર છે, કાચો છે. જેમ માત્ર કાચનો કુંપો હોય તો તે કયારે ફૂટી જશે તેની ખબર નથી હોતી, સતત તેની ધાસ્તી રહ્યા કરે છે અને તેની સંભાળ રાખવી પડે છે તેમ માનવ-દેહનું પણ સમજવું. આ સ્થિતિમાં જો કોઈનું પણ સાચું શરણ મળી શકતું હોય તો તે સત્ય સ્વરૂપી તીર્થંકર ભગવાનનું. કવિ એવા સત્ય સ્વરૂપી સાહિબના રંગે રંગાઇ જવાનું, એટલે કે એમની સાથે સાચું તાદાત્મ્ય સાધવાનો પ્રયત્ન કરવાનું કહે છે. એવું જ્યારે આપણે કરી શકીએ ત્યારે જ મૃત્યુનો આપણને ડર ન રહે; ત્યારે જ યમ-રાજની સામે આપણે થઈ શકીએ અને અમર થઈ પ્રભુની સાથે એકરૂપ બની શકીએ.

શ્રી શાંતિનાથ સ્તવન (પૃ. ૨૭૩)

શ્રી શાંતિનાથ ભગવાને પોષહમાં એક પારેવડાને શરણું આપ્યું હતું અને એ રીતે એને અભયદાન આપી જીવાડયો હતો. એનો ઉલ્લેખ આરંભની બે પંકિતમાં કવિએ કર્યો છે. અનાથ જીવના નાથ સમાન, ગુણના ભંડાર જેવા હે પ્રભુ ! તમે જો એક પારેવડાને તાર્યો છે તો મને તો કેમ નહિ તારો ? હે નાથ ! ગરીબોનો ઉદ્ધાર કરનાર તમે મારા સાચા સાહેબ છો. તમારી સાથે તો મારે અછેદ્ય–છેદી ન શકાય, તોડી ન શકાય એવી પ્રીતિ બંધાઈ છે.

આ સ્તવનમાં કવિએ પ્રભુ પ્રત્યેની પ્રીતિ અને અનન્ય શરણાગતિનો ભાવ રજૂ કર્યો છે.

શ્રી નેમનાથ સ્તવન (પૃ. ૨૭૪)

આ સ્તવનમાં પહેલી ત્રણ કડીમાં રાજમતિ નેમિનાથ પ્રત્યેની પોતાની પ્રેમવ્યથા વ્યકત કરતાં એ પ્રેમ સ્વીકારી લેવા માટે અરજ કરે છે. એ કહે છે, ' હે પ્રિયતમ ! પગલે પગલે મને પ્રેમનો કાંટો પીડા કરે છે, તો તમે મનની ગાંઠ છોડીને મારા પ્રેમને સ્વીકારો.' રાજમતિ ઉપમા આપે છે કે જેમ શેરડીના સાંઠામાં ગાંઠ આગળ રસ નથી હોતો તેમ પ્રેમમાં પણ જ્યાં સુધી તે મુકત દિલનો ન હોય અને મનમાં એક યા બીજા પ્રકારની ગાંઠ હોય ત્યાં સુધી તે પ્રેમનો આસ્વાદ સુખદ નીવડતો નથી. સાચી પ્રીતિનું સ્વરૂપ જ એવું હોય છે કે તે ધોવાથી ધસાતું નથી કે ઝાંખું થતું નથી. કવિ ઉદયરત્ન કહે છે, " આ રીતે નેમિનાથ અને રાજુલ વિરહની વેદનાને અંતે મુકિત પામે છે. તો હે પ્રભુ ! અમને પણ એવા ભવસાગરને કાંઠે પહોંચાડો ! "

શ્રી પાર્શ્વનાથ સ્તવન (પૃ. ૨૭૪)

ખોલા–ખોળા; કુણ–કોણ; ખમે–સહન કરી લે; લલિ લલિ–' લળિ લળિ ' હોવું જોઈએ.

આ સ્તવનમાં કવિએ પાર્શ્વનાથ પ્રભુની માતાના હૃદયનો ભાવ રજૂ કર્યો છે. માતા વામા કહે છે, " હે કુંવર ! મને તારી ચાલ ખૂબ જ ગમે છે. તને જોયા વિના જાણે મારા પ્રાણ ભમતા ન હોય. એવું અદ્‌ભુત અને પ્રભાવશાળી તારું દર્શન છે. એવી ચમત્કારિક અસર તારા દર્શનની છે. હે વત્સ ! તું ખોળામાં પડતું મૂકીને માતાને દમતો હોય છે. આવી રીતે માતાનો ખોળો બાળક ખૂંદે છે, પરંતુ પ્રેમાળ અને વત્સલ માતા વિના બીજું કોણ એ સહન કરી લે? હે પુત્ર ! તારું મીઠું મુખડું જોતાં જાણે મારાં બધાં દુઃખ શમી જતાં હોય એવું લાગે છે." આવા પાર્શ્વનાથ પ્રભુને કવિ ઉદયરત્ન ઘણી ઘણીને નમવાનું કહે છે.

શ્રી મહાવીર જિન સ્તવન (પૃ. ૨૭૪)

આ સ્તવનમાં કવિએ શ્રી મહાવીર સ્વામીનું શરણ સ્વીકારીને સંસાર સાગર તરવાને માટે પ્રભુને વિનતી કરી છે. કવિ કહે છે, હે સ્વામી ! તમે મારા મનમંદિરમાં પધારો. તમે જ મારા નાથ છો. તમે મને અત્યંત પ્યારા લાગો છો. તમે મને દર્શન આપો અને મારા કર્મરૂપી દુશ્મનોને દૂર કરો. આ સંસારરૂપી સમુદ્રના તમે જ કિનારા છો.

સઝઝાયો

કવિશ્રી ઉદયરત્નની સઝઝાયો અત્યંત લોકપ્રિય છે. એમની સઝઝાયો વર્ષોથી વિવિધ ધાર્મિક ક્રિયા પ્રસંગે ગવાતી આવી છે. ભાગ્યે જ ધર્મનિષ્ઠ એવો કોઈ જૈન હશે કે જેને કવિ ઉદયરત્નની ક્રોધ, માન, માયા, લોભ અને વૈરાગ્યની સઝઝાય ન સાંભળી હોય. કવિની સઝઝાયો સરળ, સુગેય અને મર્મવેધક છે.

શ્રી સિદ્ધાચલ સ્તવન, શ્રી ગૌતમ સ્વામી છંદ, સોળ સતીનો છંદ અને શ્રી શંખેશ્વર પાર્શ્વનાથ જિન છંદ-ઉદયરત્નની આ કૃતિઓ ઘણી જ જાણીતી અને સરળ છે. માટે એની સમજૂતી અહીં આપી નથી.

૩૮. શ્રી પ્રેમવિજયજી

શ્રી આદિજિન સ્તવન (પૃ. ૨૮૭)

કવિ કહે છે શ્રી આદિનાથ ભગવાનનાં ગુણ ગાતાં મન અને તન નિર્મળ થાય છે અને ભવનાં દુઃખ દૂર થાય છે. જેમ નાની ઈયળ ભમરીનો વિચાર કરતાં કરતાં કીટભ્રમર ન્યાયે ભમરી થઈ જાય છે, તેમ પ્રભુનું ધ્યાન ધરતાં ધરતાં આત્મા પરમાત્મા સ્વરૂપ પામે છે.

શ્રી શાંતિજિન સ્તવન (પૃ. ૨૮૮)

સુનજરઈ–શુભ નજરથી; રયણી–રાત; સોવન–સુવર્ણ.

આ સ્તવનમાં કવિ કહે છે હે પ્રભુ ! હું દિવસ રાત તમારું ધ્યાન ધરું છું. હું પ્રેમભાવથી પ્રાર્થના કરું છું કે મને અચલ સુખ આપો.

શ્રી નેમિજિન સ્તવન (પૃ. ૨૮૯)

આ સ્તવનમાં કવિએ રાજુલની ઉક્તિ મૂકી છે. નવ ભવનો સ્નેહ ભૂલી, મુક્તિરૂપી સુંદરી તરફ આકર્ષાઈ પોતાને છોડી જવા માટે રાજુલે નેમિનાથને અહીં ઉપાલંભ આપ્યો છે.

શ્રી પાર્શ્વજિન સ્તવન (પૃ. ૨૯૦)

શ્રી પાર્શ્વનાથ પ્રભુના દેહરૂપની અનુપમતા વર્ણવતાં કવિ કહે છે કે જેમ નદીઓમાં ગંગા, ફૂલોમાં કમળ, રાજાઓમાં ભરતેશ્વર, દેવોમાં ઇન્દ્ર, જ્ઞાનમાં કેવળજ્ઞાન, ધ્યાનમાં શુકલ ધ્યાન, રત્નમાં સૂર-મણિ અને મંત્રોમાં નવકાર મંત્ર ઉત્તમ છે તેમ દેહરૂપમાં નીલવર્ણ-વાળા, નવ હાથની કાયાવાળા શ્રી પાર્શ્વનાથ પ્રભુ ઉત્તમ છે. પાંચમી કડીમાં કવિએ શ્રી શંખેશ્વર પાર્શ્વનાથને પોતાની આ અરજ કરી છે.

શ્રી વીરજિન સ્તવન (પૃ. ૨૯૧)

નિધ–નિધાન–ભંડાર; છીલર–છીછરું, ડહોળું; પીસઈ–પીશે; કથીર–હલકી ધાતુ; બાઉલ–બાવળ.

પહેલી કડીમાં કવિએ શ્રી વીરજિનેશ્વરને સવારના પહોરમાં વંદન કરવાથી પ્રાપ્ત થતી સિદ્ધિનો નિર્દેશ કરી પછીની ત્રણ કડીમાં કવિએ શ્રી વીરપ્રભુની વાણીનું ઉપમાઓ આપી વર્ણન કર્યું છે.

૩૯ શ્રી જિનસુખસૂરિ

શ્રી ઋષભજિન સ્તવન (પૃ. ૨૯૩)

કવિ આ સ્તવનમાં કહે છે કે જગતના દુઃખનું નિવારણ કરનાર, આદિયુગ પ્રવર્તાવનાર હે ઋષભજિનેશ્વર, તમે મારી મનની આશાઓ પૂર્ણ કરો, ભવસાગરમાં અનેક ભવ ભમ્યા પછી હું તમને પામ્યો છું. તમારું શરણ સ્વીકારવાથી મારી આપત્તિઓ દૂર થઈ છે. મારાં અશુભ કર્મોનો નાશ થયો છે. મારા જીવનમાં જ્ઞાનરૂપી પ્રકાશનો ઉદય થયો છે.

શ્રી શાંતિનાથ સ્તવન (પૃ. ૨૯૪)

કવિ કહે છે કે વિશ્વસેન રાજા અને અચિરાદેવીના પુત્ર, જગતમાં શાંતિ પ્રસરાવનાર, વિશ્વવંદનીય એવા હે શ્રી શાંતિ જિનેશ્વર, મારું મન દિવસરાત તમારા ચરણમાં જ લાગેલું રહે છે. તમારી કૃપાથી હું ઘણું સુખ પામ્યો છું.

શ્રી નેમિનાથ સ્તવન (પૃ. ૨૯૫)

રોજ સવારના પહોરમાં ઊઠીને શ્રી નેમિનાથને વંદન કરીએ. પ્રભુ સહુને સુખ આપનાર છે. પ્રભુ સૌને મનથી ગમે છે. આ કલિકાલમાં એમના જેવા યોગીશ્વર કોઈ જોવા નહિ મળે. માટે જ આખું જગત એમને વંદે છે.

શ્રી પાર્શ્વજિન સ્તવન (પૃ. ૨૯૫)

વણારસી–વાણારસી, બનારસ, કાશી; અસુસેન–અશ્વસેન; તમ-અજ્ઞાન–અજ્ઞાનરૂપી અંધકાર.

આ સ્તવનમાં કવિએ શ્રી પાર્શ્વનાથ પ્રભુ પ્રત્યેનો પોતાનો દાસત્વ અને અનન્ય શરણાગતિનો ભાવ પ્રદર્શિત કર્યો છે.

શ્રી મહાવીર જિન સ્તવન (પૃ. ૨૯૬)

આ સ્તવનમાં કવિએ શ્રી મહાવીર સ્વામીનાં માતાપિતા, નગર લાંછન વગેરેનું વર્ણન કર્યું છે.

૪૦. શ્રી લક્ષ્મીવલ્લભગણિ

શ્રી ઋષભજિન સ્તવન (પૃ. ૨૯૮)

કવિ કહે છે કે પ્રથમ જિનેશ્વર શ્રી ઋષભદેવનાં દર્શનથી મારો જન્મ પવિત્ર થયો છે, આજ પરમ આનંદ પ્રાપ્ત થયો છે. આજ સર્વ મંગલ એકત્ર થયાં છે. અજ્ઞાન પડ ભેદીને પ્રકાશની જ્યોત પ્રગટ થઈ છે. પ્રભુનો સંગ વંછિત ફળ આપનારો છે. એથી બીજે કયાંય મન રાચતું નથી.

શ્રી શાંતિનાથ સ્તવન (પૃ. ૨૯૮)

સમરન–સ્મરણ; રસના–જીભ; મચ્છર–મત્સર, ઈર્ષ્યા; પંક–કાદવ.

કવિ આ સ્તવનમાં કહે છે કે શ્રી શાંતિનાથ પ્રભુના સ્મરણ વિના જીભ પરનિંદાના કામમાં પડી હતી, મન વિષયવાસનામાં રચ્યું-પચ્યું હતું. મત્સર, માયા વગેરેના કાદવમાં પડી રહી અનાદિ કાળથી હું મોહનિદ્રામાં પડી રહ્યો હતો, હવે શ્રી શાંતિનાથ પ્રભુની આરાધના-રૂપી ગંગાજળથી હું મારા આત્માને ધોઉં છું. અને મારા હૃદય-મંદિરમાં જ્ઞાનરૂપી દીપક પ્રકાશે છે.

શ્રી નેમિનાથ સ્તવન (પૃ. ૨૯૯)

પોતાની કાયાને છાયા જેમ સમજી, માયાનો ત્યાગ કરનાર, સમુદ્રવિજય અને શિવાદેવીના પુત્ર, બાલ બ્રહ્મચારી બાવીસમા જિનેશ્વર શ્યામળિયા શ્રી નેમિનાથ ભગવાનના ચરણમાં મસ્તક નમાવી હું એમની સ્તુતિ કરું છું.

શ્રી પાર્શ્વજિન સ્તવન (પૃ. ૩૦૦)

હે પ્રભુ! તમારું રૂપ જોઈ મને ઘણો આનંદ થયો છે. ઝરદ

ઋતુના ચંદ્ર કરતાં પણ વધારે નિર્મળ, કામદેવનું પણ માન ઉતરાવે એવી તમારી મનોહર, શામળી, અકલંકિત અનુપમ મૂર્તિ નિહાળી મારી આંખમાં અમીરસ ઉભરાય છે. તમારા દર્શનથી મારા ભવનાં દુઃખ નાશ પામ્યાં છે.

શ્રી મહાવીરજિન સ્તવન (પૃ. ૩૦૦)

આ સ્તવનમાં કવિ શ્રી મહાવીર પ્રભુની ભક્તિ કરવાનો ઉપદેશ આપતાં વર્ણવે છે કે પ્રભુની ભક્તિ અને વીર પ્રભુની વાણી ભાવિક જનોના નયનરૂપી ચકોરનો આનંદ આપનારી, શરદ ઋતુના ચંદ્ર જેવી ઉજ્જવલ, ભવસાગર તારવાને ઉત્તમ હોડી જેવી, સુખ આપનાર કલ્પવૃક્ષની મંજરી જેવી, પાપરૂપી દાવાનળને શમાવનાર મેઘઘટા જેવી અને કુમતિરૂપી કમળને બાળનાર હિમવૃષ્ટિ જેવી છે.

૪૧. શ્રી મોહનવિજયજી

શ્રી ઋષભદેવનું સ્તવન (પૃ. ૩૦૩)

આ સ્તવનમાં કવિએ શ્રી ઋષભદેવ ભગવાનને મીઠો ઉપાલંભ આપ્યો છે. કવિ કહે છે "હે પ્રભુ! બાળપણમાં એટલે કે ઘણા ભવ પૂર્વે આપણે પ્રેમથી એકબીજા સાથે રમતા હતા. પરંતુ તમે પ્રભુતા, મોક્ષ પામ્યા અને અમે એવા સંસારી જ રહ્યા. તમારું ધ્યાન ધરતાં શિવસુખ પામીએ, તો તમે કોનું ધ્યાન ધર્યું હતું? વસ્તુતઃ ભવ-પરંપરાનો જ્યારે અંત આવે છે ત્યારે જ મુક્તિ મળે છે. જે ભવ્ય-સિદ્ધિ જીવો હોય તે તો મોક્ષ મેળવે છે. તેમાં તમારો શો ઉપકાર? અભવ્યસિદ્ધ જીવોને જો તમે તારો તો જ તમારો ઉપકાર ખરો કહેવાય. તમે જ્ઞાનરત્ન મેળવી હવે અમારાથી દૂર વિકટ પ્રદેશમાં બેઠા છો. તમારા જ્ઞાનરત્નમાંથી અમને જો એક કિરણ પણ આપો તો તમને શાબાશી ઘટે છે. હે પ્રભુ! તમારું અક્ષયપદ જો તમે બીજાને આપો તો તેમાં જરા પણ ખંડિતતા કે ઉણપ આવવાની નથી. તમે

શિવપદ આપવાને સમર્થ છો, તો પછી શા માટે જસ લેતા નથી? પરંતુ સેવક ભક્તજનને જો તમે ભાગ્યશાળી કરો તો તમે નિર્મળ અને નિરાગી સ્વામી કેવી રીતે કહેવાઓ ?

શ્રી શાંતિનાથ સ્તવન (પૃ. ૩૦૪)

આ સ્તવનમાં પણ કવિ શ્રી શાંતિનાથ પ્રભુને ઉપાલંભ આપી કહે છે કે હે સ્વામી! તમારી ભક્તિ કરવાને કારણે મેં બીજા ઘણા દેવતાઓની ઉપેક્ષા કરી છે. મારા તરફથી મેં ભક્તિ કરવામાં કશી મણા રાખી નથી. તમે મારાથી મુખ ફેરવીને કેમ બેઠા છો? મારી કંઈ ભૂલચૂક હોય તો મને કહો. તમારી અને મારી પ્રીત ઘણી દૃઢ છે. જો તમે પાણી છો તો હું કમળ છું, જો તમે કમળ છો તો હું સુવાસ છું, જો તમે સુવાસ છો તો હું ભ્રમર છું. આવી લોકોત્તર આપણી પ્રીતિ છે, એટલે તમે મને છોડો તો પણ હું તમને કઈ રીતે છોડી શકું ? મેં મારા મનની વાત તમારી આગળ કહી છે. માટે મારા પર તમે પૂર્ણ પ્રેમ રાખો, એમાં વિચાર શો કરવાનો હોય ?

શ્રી નેમનાથ સ્તવન (પૃ. ૩૦૫)

આ સ્તવનમાં કવિએ રાજુલના મુખમાં ઉક્તિ મૂકી છે. રાજુલ નેમનાથને ઉપાલંભ આપતાં કહે છે કે હું તો તમારા ચરણની મોજડી છું. પણ તમે તો મને પશુઓ કરતાં પણ ઊતરતી ગણી. તમે પશુઓ પ્રત્યે કરુણા બતાવી, પણ મારા પ્રત્યે એવી કરુણા ન બતાવી. મેં તમને જરા પણ દુભવ્યા નથી. તો પછી તમે મારા પર આટલો બધો રોષ શા માટે રાખો છો ? આવી રીતે ઉપાલંભ આપતી રાજુલે વ્રત લીધું અને નેમિનાથ પહેલાં મોક્ષે પહોંચી.

શ્રી પાર્શ્વનાથ સ્તવન (પૃ. ૩૦૬)

શ્રી પાર્શ્વનાથ પ્રભુની અદ્‌ભુત શક્તિનો નિર્દેશ કરી કવિ પોતાના પ્રત્યે કરુણા બતાવવા માટે પ્રભુને વિનંતી કરતાં કહે છે, હે પ્રભુ! મારા

પ્રત્યે કરુણા બતાવવામાં તમને કંઈ ખર્ચ થવાનો નથી અને મને ઘણું મળશે. જેમ હાથીના મોઢામાંથી એક કણ પડે તો તેથી હાથીને કંઈ ખોટ જતી નથી, પણ કીડીને ઘણું મળે છે તેવી રીતે. માટે હે પ્રભુ! જેવી હું તમારા પ્રત્યે માયા રાખું છું તેવી માયા તમે પણ મારા પર રાખજો અને મારા પ્રત્યે કરુણા દાખવજો.

શ્રી મહાવીર સ્વામી સ્તવન (પૃ. ૩૦૮)

આ સ્તવનમાં કવિ કહે છે કે હે પ્રભુ! દુર્લભ એવો માનવભવ અમે પામ્યા છીએ. એમાંથી હવે અમે કેમ તરીએ એનો ઉપાય બતાવો, પ્રભુનું ધ્યાન ધરતાં રાગ અને પ્રેમ થાય છે અને એ વિના તેમાં તલ્લીનતા આવતી નથી. બધાં કર્મ બંધનો જતાં રહે અને એ રીતે અમે તરી જઈએ તેમાં તમારો શો પાડ? કરણી વગર જો તમે તારો તો તમે સાચા જિનરાજ કહેવાઓ.

૪૨ શ્રી રામવિજયજી

શ્રી ઋષભજિન સ્તવન (પૃ. ૩૧૦)

આ સ્તવનમાં કવિએ પ્રભુ પ્રાપ્તિથી થતો આનંદ, પ્રભુદર્શનની વિશિષ્ટતા અને અનન્યતા, પ્રભુપ્રીતિની ઘનિષ્ઠતા અને અચલતા, પ્રભુ મૂર્તિની મોહકતા વગેરે વર્ણવ્યાં છે. કવિની રચના સરળ છે.

શ્રી શાંતિનાથ સ્તવન (પૃ. ૩૧૧)

આ સ્તવનમાં કવિએ શ્રી શાંતિનાથ પ્રભુનાં દર્શનની ઉત્કંઠા વર્ણવી છે અને પ્રભુ પાસેથી કૃપાની યાચના કરી છે.

શ્રી નેમનાથ સ્તવન (પૃ. ૩૧૨)

આ સ્તવનમાં કવિએ રાજુલના મુખમાં ઉક્તિ મૂકી છે. રાજુલ પોતે પોતાના વિયોગની અને વિરહની વ્યથા વ્યકત કરે છે અને પોતાના સાહિબને મનાવી લાવવા માટે પોતાની સહિયરોને વિનંતી કરે છે.

શ્રી પાર્શ્વનાથ સ્તવન (પૃ. ૩૧૩)

આ સ્તવનમાં આરંભમાં કવિએ શ્રી પાર્શ્વનાથ ભગવાનની મુખ મુદ્રાનું વર્ણન કર્યું છે અને પછી એમનો મહિમા અને પ્રભાવ સપ્રસંગ દર્શાવી પ્રભુની ભક્તિનો માર્ગ પોતે ગ્રહણ કર્યાનો ઉલ્લેખ કર્યો છે.

શ્રી મહાવીર સ્તવન (પૃ. ૩૧૪)

કવિ આ સ્તવનમાં કહે છે કે શ્રી મહાવીર સ્વામી ચિંતામણિ જેવા છે, એમનું દર્શન કરવાથી દુઃખ દૂર થાય છે, અને રિધ્ધિવૃદ્ધિ પ્રાપ્ત થાય છે. પ્રભુરૂપી ચિંતામણિ રત્ન મને મળ્યું છે અને એથી મારાં બધાં વંછિત કાર્યો સિદ્ધ થયાં છે.

૪૩. શ્રી કીર્તિવિમલજી

શ્રી ઋષભદેવ સ્તવન (પૃ. ૩૧૭)

આ રચનામાં કવિએ શ્રી ઋષભદેવ ભગવાનના જીવનના ભિન્ન ભિન્ન પ્રસંગોનો ઉલ્લેખ કરી એમનો મહિમા અને એમના જીવનની વિશિષ્ટતા વર્ણવ્યાં છે. રચના અત્યંત સરળ છે.

શ્રી શાંતિનાથ સ્તવન (પૃ. ૩૧૮)

આ સ્તવનમાં કવિ કહે છે કે જેવી રીતે મુસાફરના મનમાં પોતાનું પહોંચવાનું સ્થળ જોવાની તાલાવેલી હોય છે, જેવી રીતે સીતાનું મન રામમાં લાગેલું હોય છે, જેવી રીતે વિષયાસકત માણસનું મન કામક્રીડામાં જ રચ્યુંપચ્યું રહે છે અને જેવી રીતે લોભીનું મન પૈસામાં જ ચોટેલું રહે છે તેવી રીતે મારું માન, જ્યારથી મેં પ્રભુનાં દર્શન કર્યાં ત્યારથી તેમનામાં જ લાગેલું રહ્યું છે.

શ્રી નેમિનાથજીનું સ્તવન (પૃ. ૩૧૯)

આ સ્તવનમાં કવિએ રાજુલની ઉકિત રજૂ કરી છે. રાજુલે નેમનાથ પાસે લગ્ન કરવા માટે યાચના કરી, પણ નેમિનાથે તો

એને ચારિત્ર્યની દીક્ષા આપી અને પોતાના જેવી કરી એટલે કે મોક્ષ-સુખની અધિકારિણી બનાવી.

શ્રી પાર્શ્વજિન સ્તવન (પૃ. ૩૨૦)

કવિ કહે છે કે શ્રી પાર્શ્વનાથ પ્રભુના નામના જપથી રોગ, શોક, હિંસા, કુલટા સ્ત્રી, દુશ્મન, સાપ, આધિ વ્યાધિ, દુકાળ, શાકિણી, ડાકણ, ભૂત, પ્રેત, કામવાસના, મેલી વિદ્યા વગેરે બધાં જ દૂર થાય છે, એટલું જ નહિ, પ્રભુનું નામ સ્મરણ અક્ષય પદ મેળવવાના ઉપાય રૂપ બને છે.

શ્રી મહાવીર સ્તવન (પૃ. ૩૨૧)

શ્રી મહાવીર સ્વામીની સ્તુતિ કરતાં કવિ કહે છે કે પ્રભુ મારા કૃપાનિધિ છે. સમતાના ભંડાર સમા છે, માતાપિતા અને ભાઈ ભાંડું બરાબર છે, જ્ઞાન આપનાર, મારું રક્ષણ કરનાર, મને શાંતિ આપનાર અને મારા ભવની બીક દૂર કરનાર છે. આવા પ્રભુને પામીને જે માણસ પ્રમાદ કરે તે દુઃખી થાય અને સંસારમાં એને ઘણાં કષ્ટો ભોગવવાં પડે એમાં જરા પણ શંકા નથી. માટે પ્રમાદ દૂર કરી પ્રભુના ચરણની સેવા કરી સાચું સુખ આપણે પામીએ.

૪૪. શ્રી ધર્મવર્ધન

શ્રી ઋષભજિન સ્તવન (પૃ. ૩૨૩)

કવિ-કહે છે આજે મારી આશા ફળી છે. મને પ્રભુનાં દર્શન થયાં છે. અને કમળની કળી સૂર્યનાં કિરણ જોઈ જેમ હરખાય છે અને ખીલે છે તેમ મારું હૃદય પણ હરખાય છે. અને પ્રફુલ્લિત થાય છે. પ્રભુની મૂર્તિ ચિંતામણિ જેવી, અથવા કામધેનુ જેવી છે. એમને વંદન કરતાં આપણાં બધાં પાપ દૂર થાય છે.

શ્રી શાંતિનાથ સ્તવન (પૃ. ૩૨૩)

જગતમાં શાંતિ અને સુખ પ્રવર્તાવનાર, પોતાને શરણે આવેલા

પારેવાને બચાવવા માટે પોતાના દેહનું દાન કરનાર, મરકીનો ઉપદ્રવ મટાડનાર, સોળમા તીર્થંકર અને પાંચમા ચક્રવર્તી એવી એવડી પદવી એક જ ભવમાં ભોગવનાર શ્રી શાંતિનાથ પ્રભુની પ્રાપ્તિ થતાં સઘળાં વાંછિત સદા ફળે છે.

શ્રી નેમિનાથ જિન સ્તવન (પૃ. ૩૨૪)

શ્રી નેમિનાથ ભગવાનની કરણીની તે શી વાત કરવી ! તેમણે યૌવનમાં આવ્યા છતાં રાજિમતી સાથે લગ્ન ન કર્યાં. પશુઓનો પોકાર સાંભળી તેમના પ્રત્યે અનુકંપા આણી, હાથી ઘોડાની સમૃધ્ધિનો ત્યાગ કરી શાશ્વત સુખ મેળવવા તરફ તેઓ ગયા. મમતા છોડી સમતાનો માર્ગ એમણે અપનાવ્યો.

શ્રી પાર્શ્વજિન સ્તવન (પૃ. ૩૨૪)

દિનપતિ–સૂર્ય; થાસુ–જેની સાથે; ગજરેવા–હાથી અને નદી; ચરસ–સ્પર્શ; કનક–સોનું.

કવિ કહે છે કે શ્રી પાર્શ્વજિન પ્રભુ એજ મારે મન સાચી મિઠાઈ અને સાચા મેવા છે. જેમ પુષ્પની કળી સૂર્યને જોઈ ઉલ્લાસ પામે છે અને જેમ હાથીને રેવા નદી સાથે રાગ બંધાયો હોય છે તેમ અમારે પ્રભુ સાથે પ્રીતિ બંધાયેલી છે.

શ્રી મહાવીર જિન સ્તવન (પૃ. ૩૨૫)

આ સ્તવનમાં કવિએ શ્રી મહાવીર સ્વામીએ સમવસરણમાં કરેલા પ્રવચનની વાણીનાં મહિમા અને પ્રભાવ વર્ણવ્યાં છે.

૪૫. શ્રી રાજ સુંદર

શ્રી આદિજિન સ્તવન (પૃ. ૩૨૬)

કવિ સરસ્વતી દેવીને પ્રાર્થના કરે છે કે મને સરસ વાણી આપો કે જેથી શ્રી આદિ જિનેશ્વર પ્રભુના ગુણની સ્તુતિ અમે કરીએ. પ્રભુના ગુણરૂપી માલા જે પોતાના કંઠમાં રાખે અને એની વિવિધ પ્રકારે પૂજા કરે તેનો ભવ સફળ થાય છે.

શ્રી શાંતિનાથ સ્તવન (પૃ. ૩૨૭)

કવિ પ્રભુને યાચના કરે છે કે 'હે સ્વામી! હું તમારે શરણે આવ્યો છું. તો તમે મારા ઉપર મહેર કરો અને મારા પ્રત્યે પ્રીતિ દાખવો. હું તમારું શરણ છોડવાનો નથી. તમારા દર્શનથી મારાં સર્વે દુઃખ દૂર થાય છે.'

શ્રી નેમિજિન સ્તવન (પૃ. ૩૨૭)

યાદવ કુળના શણગાર જેવા, રાજુલને ત્યજી ગિરનાર પર જનાર, મદનના વિકારનો નાશ કરનાર એવા શ્રી નેમિનાથ પ્રભુનું શરણ સ્વીકારી એમની યાચના કવિએ આ સ્તવનમાં કરી છે.

શ્રી પાર્શ્વજિન સ્તવન (પૃ. ૩૨૮)

કવિ કહે છે કે પ્રભુની મૂર્તિ અત્યંત મનોહર અને સુખદાયક છે. મારું મન હંમેશાં પ્રભુના ચરણ કમલમાં જ લયલીન રહે છે. બીજા ઘણા દેવો જોયા, પણ પ્રભુની જોડે કોઈ ન આવે, પ્રભુ મારા પ્રાણાધાર છે. વિસાર્યા વિસરે નહિ એવા પ્રભુને હું મારાં દુઃખો દૂર કરવા માટે વારંવાર વિનતી કરું છું.

શ્રી મહાવીર જિન સ્તવન (પૃ. ૩૨૯)

શ્રી મહાવીર પ્રભુના ગુણ અનંત છે, જે કહેતાં પાર આવે એમ નથી. પ્રભુના ગુણ ગાવાથી આપણો ભવ સફળ થઈ જાય છે.

૪૬. વાચક શ્રી દેવચન્દ્રજી

શ્રી ઋષભજિન સ્તવન (પૃ. ૩૩૪)

આ સ્તવનમાં કવિ શ્રી ઋષભદેવ ભગવાન સાથે પ્રીતિ કઈરીતે કરવી તેનો વિચાર કરે છે. કવિને મૂંઝવણ થાય છે કારણ કે પ્રભુ જ્યાં આગળ વસે છે ત્યાં આગળ કોઈ પણ માણસ પહોંચી શકતો નથી, કોઈ કાગળ પહોંચતો નથી. પ્રભુ જેવી જ જે વ્યકિત હોય તેજ પહોંચી શકે છે. જે માણસો પ્રીતિ કરે છે તે રાગી હોય છે અને

પ્રભુ તો વિતરાગી છે. એમની સાથે પ્રીતિ કરવાનો કોઈ લોકોત્તર માર્ગ મારે શોધવો છે, કારણ કે સંસારની પ્રીતિ તો ઝેરથી ભરેલી છે. એવી પ્રીતિ કરવાનો મને જરાપણ ભાવ નથી. મારે તો ઝેરરહિત પ્રીતિ કરવી છે. પ્રભુજીનું અવલંબન સ્વીકારતાં આપણામાં પ્રભુતા પ્રગટે છે. પ્રભુની સેવા આપણને અચલ સુખ અપાવે છે.

શ્રી શાંતિનાથ સ્તવન (પૃ. ૩૨૪)

આ સ્તવનમાં કવિએ શ્રી શાંતિનાથ પ્રભુ સમોવસરણમાં બેઠા તે પ્રસંગનું વર્ણન કર્યું છે. એ સમયની પ્રતિહાર્યની શોભા તો વર્ણવી શકાય એવી નથી. ઘૂવડનું બચ્ચું સૂર્યનાં કિરણોનું વર્ણન કેવી રીતે કરી શકે ? પ્રભુની વાણી. પાંત્રીસ ઉત્તમ ગુણવાળી છે. એ જેનું નિરૂપણ કરે તેમાં જરા પણ વિસંવાદ નથી હોતો. એ વાણી ભવનું દુઃખ દૂર કરનાર, શિવસુખ અપાવનાર, શુદ્ધ ધર્મ સ્વરૂપનું નિરૂપણ કરનાર છે. આવા શ્રી શાંતિનાથ પ્રભુના ગુણની સ્તુતિ કરવામાં મને કૃતાર્થતા લાધી છે. મારા મનોરથો સિદ્ધ થયા છે.

શ્રી નેમનાથ સ્તવન (પૃ. ૩૩૬)

શ્રી નેમિજિનેશ્વરે સર્વ વૈભવનો ત્યાગ કરી પોતાનું કાર્ય સિધ્ધ કર્યું. એમણે પોતાના આત્મ સ્વરૂપને ઓળખ્યું અને પોતાની આત્મ-શક્તિને પ્રગટ કરી. રાજુલ પણ સારી મતિવાળી સ્ત્રી કે એણે અરિ-હંત ભગવાનનું અવલંબન લીધું. ઉત્તમનો સંગ કરવાથી ઉત્તમતા વધે છે, રાગી સાથે રાગ બાંધવાથી સાંસારિક બંધનો વધે છે, પણ નીરાગી સાથે રાગ બાંધવાથી આપણે ભવપાર તરી જઈએ છીએ.

શ્રી પાર્શ્વનાથ સ્તવન (પૃ. ૩૩૭)

શ્રી પાર્શ્વનાથ પ્રભુ ગુણની ખાણ જેવા, સુખના સાગર જેવા છે. જ્ઞાન વૈરાગ્યમાં પણ પ્રભુ સમાન કોઈ નથી. એમણે શુદ્ધતા અને એકતાના ભાવથી અંતરમાં રહેલા દુશ્મનને જીતી લીધો છે. આપણા

આત્મભાવમાં પ્રભુની શુદ્ધતા જો રમે તો આપણે પણ પરમાત્મભાવ પામી શકીએ. ખંભાત નગરના શ્રી પાર્શ્વનાથ પ્રભુના દર્શનથી કવિનો આનંદોત્સાહ ઘણો વધ્યો અને કવિને પોતાનો એ દિવસ ધન્ય અને સફળ થયેલો લાગ્યો.

શ્રી મહાવીર જિન સ્તવન (પૃ. ૩૩૮)

આ સ્તવનમાં કવિએ શ્રી મહાવીર પ્રભુને પોતાના સેવકનો ઉદ્ધાર કરવા માટે અરજ કરી છે. પ્રભુનો હું દાસ તો અવગુણનો ભંડાર છું; રાગ, દ્વેષ, ક્રોધ, મોહ, વિષયવાસના, અને અશ્રદ્ધા ભરેલાં અનેક કર્મો કર્યાં છે. તેમ છતાં હે સ્વામી તમે મારા પર દયા રાખો. કવિ કહે છે કે સ્વામીના ગુણ ઓળખીને જે એ ગુણને ભજે છે તે ચારિત્ર, તપ અને વીર્યથી પોતાનાં કર્મોને જીતી મુક્તિધામમાં વસે છે. અંતમાં ફરીથી કવિએ પોતાને તારવા માટે પ્રભુને વિનંતી કરી છે.

શ્રી ઋષભજિન સ્તવન (પૃ. ૩૪૪ અને ૩૪૫)

શ્રી ઋષભજિનેશ્વરના પહેલા સ્તવનમાં કવિએ શ્રી ઋષભદેવ ભગવાનનાં મહિમા અને એમનો પ્રભાવ વર્ણવ્યો છે. પ્રભુ જ્યાં વિચરે ત્યાં સવાસો જોજન સુધીના વિસ્તારમાં કયાંય રોગ વગેરે ન થાય એવું તો એમનું આત્મબળ છે.

બીજા સ્તવનમાં કવિએ શ્રી ઋષભદેવના જીવનના જુદા જુદા પ્રસંગોનો ઉલ્લેખ કર્યો છે.

શ્રી શાંતિનાથ સ્તવન (પૃ. ૩૪૬ અને ૩૪૮)

કવિ કહે છે કે શ્રી શાંતિ જિનેશ્વર પાપનો તાપ શમાવવામાં ચંદન રૂપ છે.

બીજા સ્તવનમાં કવિએ પરમાત્મસ્વરૂપમાં પરસ્પર વિરુદ્ધ દેખાતા ભાવો એક સાથે કેવી રીતે રહેલા હોય છે તે દર્શાવ્યું છે. કવિ પ્રભુને ઉદ્દેશીને કહે છે કે તમે યોગી અને અયોગી છો, ભોગી અને અભોગી

છો, કામી અને અકામી, એક અને અસંખ્ય છો. પરમાત્માનું આવું સ્વરૂપ આશ્ચર્ય ઉપજાવે એવું અને વર્ણવી ન શકાય એવું છે.

શ્રી નેમનાથ સ્તવન (પૃ. ૩૪૯ અને ૩૫૦)

પહેલા સ્તવનમાં કવિએ રાજુલે નેમનાથને આપેલો ઉપાલંભ વર્ણવ્યો છે. બીજા સ્તવનમાં રાજુલ પોતાની સખીઓ આગળ પોતાની વ્યથા વર્ણવે છે. છેલ્લી ત્રણ–ચાર કડીમાં કવિએ મૌલિક રૂપક પ્રયોજ્યું છે અને રાજુલનો નેમિનાથ સાથે વિવાહ થયો એમ આધ્યાત્મિક દૃષ્ટિથી બતાવ્યું છે. ચાર મહાવ્રત એ ચુંદડી, ચાર ભાવના એ ચોરી અને એમાં ધ્યાનરૂપી અગ્નિમાં કર્મ રૂપી ઉપાધિ સળગાવવામાં આવી, અને ત્રણ રત્નરૂપી કંસાર નર અને નારી શુદ્ધ ભાવથી આરોગે છે એવું રૂપક કવિએ યોજ્યું છે.

શ્રી પાર્શ્વજિન સ્તવન (પૃ. ૩૫૧ અને ૩૫૨)

પહેલા સ્તવનમાં કવિએ શ્રી પાર્શ્વનાથ પ્રભુના સંયમ અને કેવળજ્ઞાનનો મહિમા વર્ણવી, પ્રભુ પ્રત્યેનો પોતાનો ભક્તિભાવ પ્રગટ કર્યો છે.

બીજા સ્તવનમાં કવિએ પ્રભુની કૃપા માટે પોતાની અરજ કરી છે અને પછી એક રૂપક પ્રયોજ્યું છે, જેમાં મોહ રાજાનું વર્ચસ્વ આખા જગત પર વ્યાપે છે. ત્યારે પ્રભુએ ખડ્ગ વડે એ રાજાનો સંહાર કર્યો એમ દર્શાવ્યું છે.

શ્રી મહાવીર જિન સ્તવન (પૃ. ૩૫૩ અને ૩૫૫)

પહેલા સ્તવનમાં કવિએ શ્રી મહાવીર સ્વામીના જીવનની અને એમના ધર્મોપદેશની મહત્તા અને ગૌરવ દર્શાવ્યાં છે. અને બીજા સ્તવનમાં શ્રી મહાવીર સ્વામીના જીવનના જુદા જુદા પ્રસંગોનો નિર્દેશ કર્યો છે.

૪૮. શ્રી કાંતિવિજયજી

શ્રી ઋષભજિન સ્તવન (પૃ. ૩૫૬)

શ્રી ઋષભ જિનેશ્વરની મોહન મૂર્તિ અવલોકતાં આનંદમાં વૃદ્ધિ થાય છે. હે પ્રભુ! તમારા ગુણનું સ્તવન ગાવામાં મારી જીભ લયલીન બની છે. હૃદયમાં જે વાત હોય તે મુખે આવે છે. ચંદનથી પણ વધારે શીતલ જેમનું શરીર છે એવા તમને પ્રેમથી ભેટવાને મારું અંગ ઝંખી રહ્યું છે, માટે હૃદય ઠાલવીને તમે મારા જીવનમાં પ્રેમ-પ્રકાશ પાથરો.

શ્રી શાંતિનાથ સ્તવન (પૃ. ૩૫૭)

થાસ્યું–તમારી સાથે; થારી–તારી; વછલ–વત્સલ

કવિ કહે છે, હે પ્રભુ! તમારા ચરણકમલની સેવામાં અમને આનંદ અને ઉમંગનો અનુભવ થાય છે. તમારા ધ્યાનરૂપી દીપકની જ્યોતિમાં અમારા પાપરૂપી પતંગ બળી જાય છે. હે સ્વામી! તમે તો ભગવત્સલ છો મને તમારા શરણે રાખો.

શ્રી નેમિનાથ જિન સ્તવન (પૃ. ૩૫૮)

કવિએ આ સ્તવનમાં વર્ષા ઋતુનું અને એ ઋતુમાં રાજુલની વિરહ વેદનાનું વર્ણન કર્યું છે રાજુલ કહે છે કે મારા નાથે મારા કંઈ પણ દોષ વિના મારા ઉપર આટલો બધો રોષ કર્યો અને તોરણેથી પાછા ચાલ્યા ગયા. જો પહેલેથી હું આ જાણતી હોત તો લોકોની લાજ છોડીને પણ હું મારા પ્રિયતમનો હાથ પકડીને મારી પાસે રાખત પણ મુક્તિરૂપી ધુતારી સ્ત્રીએ મારા નાથને ભોળવ્યો. કવિ કહે છે કે આમ, પ્રેમમગ્ન રાજુલ ગિરનાર પહોંચી અને ત્યાં સંયમ લઈ મોક્ષ સુખ પામી.

શ્રી પાર્શ્વનાથ સ્તવન (પૃ. ૩૫૯)

આ સ્તવનમાં કવિએ પોતાના ભવના ફેરા ટાળવા માટે શ્રી પાર્શ્વનાથ પ્રભુને અરજ કરી છે.

શ્રી મહાવીર જિન સ્તવન (પૃ. ૩૬૦)

આ સ્તવનમાં કવિએ પ્રભુના વિયોગથી અનુભવાતી વિરહ વ્યથાનું વર્ણન કર્યું છે અને પોતાના પ્રત્યે કૃપા દર્શાવવા માટે યાચના કરી છે.

૪૯ વાચક શ્રી દેવવિજયજી

શ્રી ઋષભજિન સ્તવન (પૃ. ૩૬૨)

આ સ્તનનમાં કવિએ જેમના દર્શનથી મોક્ષ સુખની પ્રાપ્તિ થઈ શકે છે એવા શ્રી ઋષભદેવ પ્રભુને ભેટવાની પોતાની અભિલાષા વ્યક્ત કરી છે અને એવા એક માત્ર આધાર જેવા પ્રભુના વિરહનું દુઃખ પોતાનાથી સહન થતું નથી એમ વર્ણવ્યું છે.

શ્રી શાંતિનાથ સ્તવન (પૃ. ૩૬૩)

સયણો–સજન; સુપન–સ્વપ્ન.

આ સ્તવનમાં કવિ કહે છે કે શ્રી શાંતિનાથ તીર્થંકર જગતમાં સુખ અને શાંતિ પ્રવર્તાવનાર છે. એમનું નામ જપતાં માણસને સુખ મળે છે. કવિ ભવિક જનોને સંબોધીને કહે છે કે તમે માયાનો પતંગ જેવો મોહક રંગ જોઈને એમાં લપટાતા નહિ, કારણ કે એમ કરતાં રાવણ જેવા રાજાએ પણ પોતાની લંકા નગરી ગુમાવી હતી.

શ્રી નેમનાથ સ્તવન (પૃ. ૩૬૩)

આ સ્તવનની પહેલી કડીમાં તોરણથી પાછા ફરી, રાજુલનો ત્યાગ કરી ગિરનાર પર સંયમ ધારણ કરનાર શ્રી નેમિ જિનેશ્વરનું વર્ણન કર્યું છે અને બીજી કડીમાં રાજુલની વિરહવ્યથા અને અંતે સંયમ વ્રત ધારણ કરવાના એના નિશ્ચયનું કવિએ વર્ણન કર્યું છે.

શ્રી પાર્શ્વનાથ સ્તવન (પૃ. ૩૬૪)

આ સ્તવનમાં કવિએ શ્રી પાર્શ્વજિનેશ્વરનો પરિચય આપ્યો છે. એમની સેવાથી માનવ ભવનું ફળ પ્રાપ્ત થાય છે, મનવાંછના

પૂરી થાય છે. અંતમાં કવિ પ્રભુનું દિવસરાત ધ્યાન ધરવાની અને એમનાં ગુણગાન ગાવાની પોતાની અભિલાષા વ્યક્ત કરે છે.

શ્રી વીરજિન સ્તવન (પૃ. ૩૬૪)

રીધજ-રિદ્ધિ; અવિહડ-મોટું; પાઈ-મેળવી

કવિ કહે છે ચોવીસમા જિનેશ્વર શ્રી વર્ધમાન પ્રભુ કર્મનાં દુ:ખો દૂર કરે છે. કવિ પ્રભુ પાસે ભવોભવ એમની સેવા કરવા માટે યાચના કરે છે.

૫૦. જ્ઞાનવિજયજી

શ્રી મહાવીર સ્વામી સ્તવન (પૃ. ૩૬૬)

આ કવિની ચોવીસીની રચનાની પ્રત મળી નથી. અહીં જે કડીઓ આપવામાં આવી છે તે શ્રી મહાવીર સ્વામીના સ્તવનની નહિ પણ ફળશ્રુતિની કડીઓ છે. એમાંથી પણ આદ્યથી તેર સુધીની કડીઓ અહીં આપી છે જેમાં કવિએ પોતાનાં ગચ્છ, ગુરુ, ચોવીસીની રચના-સાલ વગેરેનો પરિચય આપ્યો છે.

૫૧. શ્રી નિત્યલાભ

શ્રી ઋષભ જિન સ્તવન (પૃ. ૩૬૮)

આ સ્તવનમાં કવિ શ્રી નાભિરાજાના પુત્ર, ઈક્ષ્વાકુ વંશની શોભા સમાન, વિનીતા નગરીના રાજા શ્રી ઋષભદેવને વિનતી કરતાં કહે છે કે હે પ્રભુ ! તમારી મૂર્તિનાં દર્શન કરતાં જ તમે અમને પ્રેમની ભક્તિથી બાંધી લીધા છે. હવે અમે તમારાથી અળગા થઈશું નહિ કારણ કે તમે જ અમારાં જન્મ મરણનાં દુ:ખ દૂર કરી મોક્ષ સુખ આપવાને સમર્થ છો.

સદેવંત સાવલિંગા (પૃ. ૩૬૯)

લવણુ-મીઠું; રસવતી-રસોઈ;

કવિ નિત્યલાભે સદેવંત સાવળિંગાના રાસની જે રચના કરી છે

તેમાંથી અહીં આરંભની આઠ અને અંતની સાત કડીઓ આપવામાં આવી છે. આરંભની કડીઓમાં દાન, શિયળ, તપ અને ભાવના એ ધર્મના ચાર પદાર્થમાંથી શિયલ ઉપર ભાર મૂકી કવિએ એનો મહિમા વર્ણવતી સદેવંત-સાવળિંગાની કથાનો રાસ લખવાની વાત કરી છે. અંતની કડીઓમાં એ રાસ પૂરો કરી કવિએ સ્થળ, રચનાશીલ અને ગુરુ પરંપરાની માહિતી આપી છે.

૫૨. શ્રી ભાવ પ્રભસૂરિ

આ કવિની ચોવીસી ન મળવાથી અહીં એમની બે બીજી રચના આપવામાં આવી છે અને તેમાં પણ બીજી રચના અધૂરી છે. પહેલી રચના 'શ્રી અધ્યાત્મ સ્તુતિ'માં કવિએ સામાયિક લેનાર વ્યકિતએ પોતાના મન પર કેવો સંયમ રાખવો જોઈએ તે બતાવ્યું છે. કવિએ મન માટે ઘરનું રૂપક વાપરી આ રચનાને દ્વિઅર્થી બનાવી છે. કેવળ વાચ્યાર્થ જોતાં પણ કવિએ સવારના સમયનું ઘરનું વાતાવરણ બરાબર ખડું કર્યું છે. જેવી રીતે ઉઘાડા મૂકેલા ઘરમાં કૂતરા, બિલાડાં પેસી જઈ નુકસાન કરે છે, અથવા ચોર આવી કોઇ વસ્તુ ચોરી જાય છે તેવી રીતે છૂટા મૂકેલા મનમાં કષાયો પેસી જઈ આત્માને નુકશાન પહોંચાડે છે. માટે જેમ ઘરને વાસવાની જરૂર છે, તેમ મનને સંયમમાં રાખવાની જરૂર છે.

૫૩ શ્રી જસવિજયજી

શ્રી શાંતિનાથ સ્તવન (પૃ. ૩૭૪)

કવિ કહે છે કે શ્રી શાંતિનાથ પ્રભુની મુખમુદ્રા મનોહારી છે. એમના મુખમુદ્રાની સૌમ્યતા જોઈને સૌમ્યતાવાળો ચન્દ્ર ઉદાસ થઈને ભમે છે. પ્રભુની મુખમુદ્રાનું તેજ જોઈને સૂર્ય આકાશમાં નાસવા લાગ્યો છે.

શ્રી નેમિનાથ સ્તવન (પૃ. ૩૭૫)

આ સ્તવનમાં કવિએ શ્રી નેમિનાથ ભગવાનના જીવનના સુપ્રસિદ્ધ પ્રસંગો વર્ણવ્યા છે.

શ્રી પાર્શ્વજિન સ્તવન (પૃ. ૩૭૭)

કવિ કહે છે કે પુણ્યના પ્રભાવથી શ્રી પ્રાર્શ્વનાથ પ્રભુ મને મળ્યા છે. અને એથી મારા જીવનમાં ધન્ય દિવસ આવ્યો છે. પ્રભુનું સ્મરણ કરતાં દુઃખ દૂર થાય છે અને મનની વાંછનાઓ પાર પડે છે. જે પ્રભુ એવાથી દૂર રહે છે તેમને ભવોભવ અથડાવું પડે છે.

શ્રી વીરજિન સ્તવન (પૃ. ૩૭૭)

કવિ કહે છે કે શ્રી વીર પ્રભુનું દર્શન થતાં સંતાપ દુર થાય છે. એમના ગુણ સ્તવનથી હૃદયમાં આનંદ ઊભરાય છે. હે પ્રભુ! તમે ચંડકોશિયો સાપ, ચંદનબાલા, ગૌતમ સ્વામી વગેરે ઉપર ઉપકાર કર્યો, તો મેં એવા તે શા અવગુણ કર્યા છે કે તમારા ચરણથી મને દુર રાખો છો? મારા સંકટ ઓછાં કરવાથી અને તમારું પદ મને આપવાથી તમારી પાસેથી કશું જ ઓછું થવાનું નથી.

૫૪. શ્રી લક્ષ્મીવિમલજી

શ્રી ઋષભજિન સ્તવન (પૃ. ૩૮૦)

શિવલચ્છી-શિવલક્ષ્મી, મોક્ષ સુખ.

આ સ્તવનમાં કવિ કહે છે કે હે ઋષભ જિનેશ્વર! તમારાં દર્શનથી, વંદનથી, પૂજનથી, ગુણસ્તવનથી હું મારા દેહને પવિત્ર કરું છું. તમારા નામ માત્રથી સિદ્ધિરિદ્ધિ મળે છે અને કીર્તિ વધે છે, શિવલક્ષ્મી મળે છે અને અવતાર સફળ થાય છે. કવિએ દરેક પંકિત પ્રભુને 'તારક' તરીકે સંબોધીને લખી છે.

શ્રી શાંતિનાથ સ્તવન (પૃ. ૩૮૧)

આ સ્તવનમાં કવિએ પ્રભુને પામવાથી પોતાને થયેલા આનંદને જુદી જુદી ઉપમાઓ આપી વર્ણવ્યો છે.

શ્રી નેમિજિન સ્તવન (પૃ. ૩૮૨)

આ સ્તવનમાં કવિ શ્રી નેમિ જિનેશ્વરને મીઠો ઉપાલંભ આપતાં કહે છે કે તમે નિરાગી કહેવાવ છો, પણ તમે રાજુલ ઉપર આટલો બધો રાગ રાખ્યો અને મોક્ષ સુખ અપાવ્યું.

શ્રી પાર્શ્વજિન સ્તવન (પૃ. ૩૮૩)

આ સ્તવનમાં કવિ કહે છે કે શ્રી પાર્શ્વ જિનેશ્વરના દર્શનથી ભવનાં દુઃખ દૂર થયાં છે. પ્રભુ પરમ આનંદ આપનાર છે. એમના ગુણને આપણે સંભારીએ અને એમની કીર્તિ વખાણીએ.

શ્રી મહાવીર જિન સ્તવન (પૃ. ૩૮૪)

હે પ્રભુ! તમારો દેહ શોભે છે, તમારા ગુણ અમે ગાઈ જોઈએ. તમે સકલ સંસારને તારનાર છો. તમારા વિના બીજો કોઈ લાયક નાયક આ કાળમાં અમને મળ્યો નથી.

૫૫. શ્રી જયસૌભાગ્યજી

શ્રી શાંતિનાથ સ્તવન (પૃ. ૩૮૫)

શ્રી શાંતિનાથ પ્રભુના મુખદર્શનથી થતા આનંદ અને ઉલ્લાસને કવિએ આ સ્તવનમાં વ્યક્ત કર્યો છે.

શ્રી નેમિનાથ સ્તવન (પૃ. ૩૮૬)

આ સ્તવનમાં કવિએ વિરહિણી રાજુલની વિરહવ્યથાનું ચિત્ર બહુ કર્યું છે.

શ્રી પાર્શ્વજિન સ્તવન (પૃ. ૩૮૭)

આ સ્તવનમાં કવિએ શ્રી પાર્શ્વનાથ પ્રભુની પહેલી, બીજી અને ત્રીજી પૂજા વર્ણવી, એવી રીતે અષ્ટ પ્રકારની પૂજા કરવાનો ઉપદેશ આપ્યો છે.

શ્રી મહાવીર જિન સ્તવન (પૃ. ૩૮૭)

કવિ આ સ્તવનમાં કહે છે કે હે પ્રભુ ! મારા મનમાં તમે વસ્યા છો, પરંતુ તમારા મનમાં હું નથી વસ્યો. આવી એકાંગી પ્રીતિ શું કામની ? માટે હે ભગવાન ! મારી અરજ તમે દિલમાં ધરો. કારણ કે મારા મનમાં તમારી જ લગની લાગી છે, અને હવે હું તમારાથી અળગો થવાનો નથી.

૫૬. શ્રી ગુણવિલાસ

સં. ૧૭૬૭માં જેસલમેર નગરમાં શ્રી ગુણ વિલાસ પાઠકે રચેલી ચોવીસીનાં સ્તવનો કદમાં ઘણાં નાનાં છે, પણ ભિન્ન ભિન્ન રાગમાં લખાયેલાં અને વ્રજ ભાષાની છાંટવાળાં હોવાથી એમાં ભાષાનું અનુપમ માર્દવ અને માધુર્ય અનુભવાય છે.

શ્રી ઋષભ જિન સ્તવન (પૃ. ૩૯૦)

મોહીગે–મને; તારો–ઉદ્ધારો;

આ સ્તવનમાં કવિ શ્રી ગુણવિલાસ શ્રી ઋષભદેવ પ્રભુની સ્તુતિ કરતાં કહે છે કે હે પ્રભુ ! તમે જ વિષ્ણુ છો, તમે જ ગોપાલ છો, તમે જ શંકર છો અને તમે જ બ્રહ્મા છો, તમે જ આદિ અનાદિ પુરુષ છો. મારો ભ્રમ હવે ભાંગી ગયો છે, મોહરૂપી અંધકાર દૂર થયો છે. હે પ્રભુ ! આટલા અનંત સમય સુધી ભવાટવીમાં ભૂલો પડ્યો હતો. માટે હવે હે નાથ, મારી રક્ષા કરો અને મને આ ભવદુઃખમાંથી ઉગારી લો.

શ્રી શાંતિનાથ સ્તવન (પૃ. ૩૯૦)

બરન–વર્ણ, વાન; દિનંદ–સૂર્ય;

આ સ્તવનમાં કવિ પાંચમા ચક્રવર્તી અને સોળમા જિનેશ્વર પ્રભુ, વિશ્વસેન રાજાના પુત્ર, ભવોભવનાં દુઃખને દૂર કરનાર એવા, જેમની કંચનવર્ણી કાયાવાળી મનોરથ મૂર્તિ સૂર્યની જેમ પ્રકાશે છે એવા શ્રી

શાંતિનાથ પ્રભુની સ્તુતિ કરી એમની સેવા કરવાનો ભવિકજનોને અનુરોધ કરે છે.

શ્રી નેમિનાથ સ્તવન (પૃ. ૩૬૧)

આરત—ઝંખના; બિનુ—વિના; અરિ—દુશ્મન; દુવિધા—દ્વિધા; મૂંઝવણ.

કવિ ગુણવિન્યાસની આ એક નાની, પણ ઉત્તમ રચના છે કવિ શ્રી નેમિજિનેશ્વરની સ્તુતિ કરતાં કહે છે કે હે પ્રભુ! મને તમારા દર્શનની ઉત્કટ ઝંખના થઇ છે. તમારા દર્શન વિના મેં ઘણી પીડા સહન કરી. આટલા વખત સુધી કર્મરૂપી દુશ્મનોએ મને ઘેરી લઈને ભવોભવમાં અનેક રીતે નચાવ્યો અને મારા મનને મૂંઝવણમાં નાખી દીધું છે, માટે હે પ્રભુ! હવે મારી સંભાળ રાખી મારો ઉદ્ધાર કરો.

શ્રી પાર્શ્વજિન સ્તવન (પૃ. ૩૬૨)

કીસહી–કોઈને પણ; અરૂ–ઓર, અને; રીસ–ક્રોધ, દ્વેષ; સરીસ–સરખો.

આ સ્તવનમાં કવિ પ્રભુને પ્રાર્થના કરે છે કે હે પ્રભુ! મને એવી બક્ષિસ આપો કે જેથી મારે ઘરે ઘરે ભટકવાનું અને લોકોના પગમાં માથું નમાવવાનું મટી જાય; મારામાંથી રાગ દ્વેષ ચાલ્યા જાય અને મારો આત્મા સોળે કળાએ પ્રકાશવા લાગે; મારામાં રહેલો મોહરૂપી અંધકાર દૂર થાય અને મારું મન જ્ઞાનમાં તલ્લીન બને. હે પ્રભુ! મારી આશા પૂરી કરીને મને તમારા જેવો બનાવો એજ મારી વિનંતી છે.

શ્રી મહાવીર સ્તવન (પૃ. ૩૬૨)

નિસેવિત–જેમને સેવે છે; કાંતિ–તેજ; વિનુ–વિના; રવિ–સૂર્ય; મહી–પૃથ્વી; કીસપેં–કેવી રીતે

આ સ્તવનમાં કવિ શ્રી મહાવીર સ્વામીની સ્તુતિ કરતાં કહે છે

કે જે પ્રભુને કરોડો દેવતાઓ અને કિન્નરો સેવા કરે છે એમની હું પણ સેવા કરું છું. અદ્‌ભુત દેહકાંતિ ધરાવનાર, શાંત રસથી શોભતા કોઈ પણ પ્રકારના દુષણ વિનાના અને અલંકાર વિના પ્રકાશતા અને જેમના તેજ આગળ સૂર્ય પણ ઝાંખો પડી ગયો છે એવા શ્રી મહાવીર પ્રભુનું શાસન આખા જગતમાં જાણીતું છે. એમનો મહિમા કઇ રીતે વર્ણવી શકાય ?

૫૭. શ્રી પ્રમોદસાગરજી

શ્રી ઋષભદેવ જિન સ્તવન (પૃ. ૩૯૩)

આઉખું–આયુષ્ય; જક્ષ–યક્ષ; સહસ–હજાર

આ સ્તવનમાં કવિએ શ્રી ઋષભદેવ ભગવાનનાં લંછન, કાયા, નગરી, આયુષ્ય, ગણધર, યક્ષ, દેવી, વંશ વગેરેનું વર્ણન કર્યું છે.

શ્રી શાંતિજિન સ્તવન (પૃ. ૩૯૪)

સૂર–સૂર્ય; ધ્યાનાનલ–ધ્યાનરૂપી અગ્નિ.

આ સ્તવનની પહેલી કડીમાં કવિએ શ્રી શાંતિનાથ ભગવાનનો મહિમા બતાવી પછીની કડીઓમાં એમનાં નગર, લંછન, આયુષ્ય વગેરેનો પરિચય આપ્યો છે.

શ્રી નેમિનાથ જિન સ્તવન (પૃ. ૩૯૫)

રતિનાથ–કામદેવ; જપે–જતે; આઉ–આયુષ્ય, અણગાર–સાધુ.

આ સ્તવનમાં કવિ શ્રી નેમિ જિનેશ્વરને પોતાની વિનતી સાંભળવા અને પોતાની આશા સફળ કરવાનું કહી પછી એમનાં નગર, વાન, આયુષ્ય, કાયા, માતાપિતા, યક્ષિણી, સાધુસાધ્વી વગેરે વર્ણવે છે અને અંતમાં કહે છે કે આવા પ્રભુનું આનંદથી દર્શન કરતાં આપણાં બધાં પાપ દૂર થાય છે.

શ્રી પાર્શ્વનાથ સ્તવન (પૃ. ૩૯૫)

સરોરૂહ–સરોવરમાં ઊગેલાં;

આ સ્તવનમાં કવિ શ્રી પ્રમોદસાગરજી શ્રી પાર્શ્વનાથ પ્રભુનો પરિચય આપે છે અને અધર્મ, અકીર્તિ અનીતિ વગેરે દૂર કરી ભાવિકજનને સંસાર રૂપી સાગરમાંથી તારવાને માટે પ્રભુને પ્રાર્થના કરે છે.

શ્રી મહાવીર જિન સ્તવન (પૃ. ૩૬૭)

દારક–પુત્ર; સોવન–સુવર્ણ; તસ–તેના;

આ સ્તવનમાં કવિએ શ્રી મહાવીર સ્વામીનાં લંછન, વાન, આયુષ્ય, નગર, માતા, પિતા, સાધુ, સાધ્વી વગેરેનું વર્ણન કર્યું છે અને કહ્યું છે કે આવા વીર પ્રભુની સેવા કરનાર અને એમનું સ્મરણ કરનારને ઘરે હંમેશાં રિદ્ધિસિદ્ધિ ભરી ભરી રહેશે.

૫૮. શ્રી અમૃતવિજયજી

શ્રી ઋષભજિન સ્તવન (પૃ. ૩૬૮)

આ સ્તવનમાં કવિએ શ્રી ઋષભદેવ ભગવાનનો મહિમા વર્ણવ્યો છે અને એમનાં દર્શનથી પોતે અનુભવેલી કૃતાર્થતા વ્યક્ત કરી એમની સેવા માટે યાચના કરી છે.

શ્રી શાંતિનાથ સ્તવન (પૃ. ૩૬૯)

કવિ આ સ્તવનમાં કહે છે કે હે પ્રભુ! તમારા દર્શન વિના અનંત કાલ સુધી ચાર ગતિમાં મારે ભમવું પડ્યું. તમે મારા મન-મંદિરમાં પધારો કે જેથી મોહ અને મિથ્યાત્વ રૂપી અંધકાર મારા જીવનમાંથી દૂર થાય.

શ્રી નેમિનાથજીનું સ્તવન (પૃ. ૩૬૯)

આ સ્તવનમાં કવિ એ શ્રી નેમિનાથ ભગવાને લગ્ન સમયે રાજુલનો ત્યાગ કર્યો અને પછી એને સંયમ માર્ગમાં આણી મોક્ષસુખ અપાવ્યું એનું સુકોમલ ભાષામાં વર્ણન કર્યું છે.

શ્રી પાર્શ્વજિન ચંદ્રાઉલ (પૃ. ૪૦૦)

આ સરળ, સુમધુર સ્તવનમાં કવિએ પ્રભુનાં દર્શન, સેવા અને શરણ માટે પોતાના હૃદયમાં જાગેલા ભાવને વર્ણવ્યો છે.

શ્રી મહાવીર જિન સ્તવન (પૃ. ૪૦૧)

આ સ્તવનમાં કવિએ પ્રભુના પદની સેવા માટે યાચના કરી છે.

૫૯. શ્રી ક્ષેમવિજયજી

શ્રી ઋષભદેવ સ્તવન (પૃ. ૪૦૨)

આ સ્તવનમાં કવિ શ્રી ઋષભદેવને વિનંતી કરતાં કહે છે 'હે પ્રભુ! જેમ ચાતકને વાદળ પ્રત્યે પ્રીતિ હોય છે તેમ અમને પણ તમારા તરફ પ્રીતિ થઈ છે. અમે તમારાથી વેગળા થવા ઈચ્છતા નથી. માટે અમારા પર પ્રસન્ન થઈ અમને એવું શાશ્વત સુખ આપો કે જેથી અમારા જન્મ મરણના ફેરા ટળી જાય.'

શ્રી શાંતિનાથ સ્તવન (પૃ. ૪૦૩)

નિરાગી-રાગરહિત;

આ સ્તવનમાં કવિ શ્રી ક્ષેમવિજયજી શ્રી શાંતિનાથ પ્રભુની સ્તુતિ કરતાં કહે છે કે 'હે પ્રભુ! હું તમારે શરણે આવ્યો છું તમારો મહિમા જગતમાં ઘણો મોટો કહેવાય છે. તમે ચાર પદ ભોગવીને મોક્ષ સુખ મેળવ્યું છે. આમ, તમે તો રાગરહિત થઈ ગયા છો; પણ હવે અમારા ઉપર કૃપા કરીને અમને આ ભવ દુઃખમાંથી ઉગારો.'

મહત્ત્વની શુદ્ધિ

પૃષ્ઠ	સ્તવન	કડી	અશુદ્ધ	શુદ્ધ
૨	પંચ પરમેશ્વરા	૨	નંદ નીકા	નંદનીકા
૬	ગૌ૦ રાસ	૧૬	તહિં	તહિં
૬	,,	૧૬	જિણેવર	જિણવર
૬	,,	૧૬	સુજયજયકાર	સુજયજયકાર
૭	,,	૧૭	હું કારો	હુંકારો
૮	,,	૨૮	પચેલિમાં	પચેલિમ
૮	,,	૩૭	ભરહેસર મહિય	ભરહેસર વિહિય
૧૦	,,	૫૩	કણુપવતંસ	કણુયવતંસ
૧૧	,,	૫૭	પણુવકૂખર	પ્રણુવખ્ખર
૧૧	,,	૫૯	કિવત	કવિત
૧૭	નેમિનાથ	૧	ધીર મગ્રણિ	ધીરમગ્રણિ
૧૭	,,	૨	ચરગય	મરગય
૧૭	પાર્શ્વજિન	૧	મતિહિં	નમિહિં
૧૭	,,	૨	ભટેઉ	ભેટઉ
૧૮	શ્રી વિરજિન	૧	પણામિ વિરહ...	પણામિયિ રહતણુએ
૧૮	,,	૧	કિંવન	કિંવ ન
૨૨	નેમનાથ	૩	સોવત	સોવણ
૨૨	,,	૪	સિરખિહે	સિરખિ હે
૨૩	,,	૧૮	રાહીનઉ	રાહી નઉ
૨૫	,,	૬	ડર ડરે	ડરડરે
૨૫	,,	૯	નારલીએ	નાહુલીએ
૨૮	પંચ ઇન્દ્રિય	૨	સોવ...	સોવન
૨૮	,,	૪	જ તાં	જર્તા
૨૯	લોભ વિષે	૭	આધો	આધો
૩૦	—	૩	વર સાલા	વરસાલા
૩૦	—	૫	સાતુ	ભાતુ

૩૩	દૃઢ પ્રહાર...	૮	પરલખિ	પરતખિ
૪૩	નેમિનાથ	૫	નિશદીન	નિશદિન
૪૪	પાર્શ્વનાથ	૩	પાપ	પાય
૪૫	પદ	૩	મૂક્તિ	મુકિત
૪૬	તીર્થમાલા	૨	કલ્યાક	કલ્યાણુક
૪૭	સઝઝાય	૩	ઝીલે	ઝાલે
૪૭	,,	૫	પૂછે	પછે
૫૩	ઋષભદેવ	૪	પૂછિ	પૂઠિ
૫૩	શાંતિનાથ	૨	તિહું અણુજઝ	તિહું અણુ જય
૫૪	નેમનાથ	૧	વીસમો	વીસામો
૫૪	,,	૩	ઉજમિ	ઉજલિ
૫૪	પાર્શ્વનાથ	૩	કલિમ ઝાર	કલિ મઝાર
૫૫	,,	૪	પાસતું મારડીએ	પાસ તું મારડીએ
૫૭	ઋષભદેવ	૨	અલવિન	અલવિ ન
૫૭	,,	૨	કે તક	કેતક
૫૯	નેમનાથ	૪	ત્રેવડ શો	ત્રેવડશો
૬૦	મહાવીર જિન	૫	આપસ માનો	આપ સમાનો
૬૭	પાર્શ્વનાથ	૫	ભની	ભની
૬૮	મહાવીર જિન	૪	સીંહ	સિંહ
૭૧	નેમનાથ	૫	તોર નહિ	તોરન હિ
૭૧	પાર્શ્વનાથ	૨	એક તાર	એકતાર
૭૩	છંદ	૫	ભમરલો	ભમરલો
૭૬	શાંતિનાથ	૧	ભા ઉનકો	ભાઉન કો
૭૬	,,	૨	ઔ	ઔર
૭૭	પાર્શ્વનાથ	૩	રૂડે	ઊડે
૭૭	નેમિનાથ	૧	હું	હો
૭૮	મહાવિર જિન	૧	ભાવ દુઃખ	ભવ દુઃખ
૮૦	ઋષભદેવ	૨	રસક	રસિક

૮૧	પાર્શ્વનાથ	૩	અંદરી	આદરી
૮૨	મહાવીર જિન	૧	માવરો	માહરો
૮૮	નેમનાથ	૪	લીધો	લીયો
૮૮	,,	૪	ઉદારી	ઉગારી
૯૦	પાર્શ્વનાથ	૨	નામઈ	નાસઇ
૯૦	,,	૨	ખેહ	ખેત
૯૩	ધર્મનાથ	૧૩૧	યારઇ	ચારઈ
૯૪	,,	૧૩૬	તવન	સ્તવન
૧૦૪	શાંતિનાથ	૩	અવિ.શુદ્ધ	અવિશુદ્ધ
૧૦૪	,,	૩	સવિ શુદ્ધ	સવિશુદ્ધ
૧૦૬	નેમનાથ	૧	ધરિ	ધરિ
૧૦૬	,,	દરેક કડીમાં	ધરિ	ધરિ
૧૦૭	,,	,,	ધરિ	ધરિ
૧૧૦	પદ ૮	૧	હોય ગાવાસા	હોયગા વાસા
૧૧૦	,,	૨	શિવપૂર	શિવપુર
૧૧૧	પદ ૯	૨	ના ઉરે	નાઉ રે
૧૧૨	પદ ૧૦	૧	મમોલા	અમોલા
૧૧૨	,,	૨	જવ હરી	જવહરી
૧૧૨	,,	૨	કર	કરે
૧૧૪	ઋષભદેવ	૩	ભલિઆ કરસી	ભલિ આકરસી
૧૧૫	નેમિનાથ	—	નેમીનાથ	નેમિનાથ
૧૩૨	નેમિનાથ-૧	૪	ખેતાવવો	ખેલાવવો
૧૪૩	શાંતિનાથ	૫	સમવલી	સમ વલી
૧૪૮	ઋષભદેવ	૨	હેજ ઇંહિયડલું	હેજઇ હિયડલું
૧૪૯	નેમિનાથ	૩	પરધર	પરઘર
૧૪૯	,,	૫	જો સ્યો	જોસ્યો
૧૫૦	પાર્શ્વનાથ	૨	ગાજ તઈ	ગાજતઈ

૧૫૦	,,	૨	પરવા હરે	પરવાહ રે
૧૫૪	શાંતિનાથ	૧	સકોમલ	સુકોમલ
૧૫૬	નેમિનાથ	૪	(સમુદ્ર વિજય)	સમુદ્ર વિજય
૧૫૯	—	—	સ્તવનની બે	સ્તવનની એક
૧૬૦	શ્રી વીરજિન	૫	જશ વિજય	જશવિજય
૧૬૧	આદિનાથ	૪	ગુજ	મુજ
૧૬૨	શાંતિનાથ	૧	નયના નંદ્ય	નયનાનંદ્ય
૧૬૫	—	—	જીવણ શ્રી	શ્રી જીવણ
૧૬૫	કળશ	૪	મુનિ શશિ	શશિ મુનિ
૧૬૬	,,	૪	ગણિગિરૂ આ	ગણિ ગિરૂઆ
૧૬૬	,,	૫	ઘો	ઘો
૧૬૯	નેમનાથ	૩	પંહુર	પહૂર
૧૬૯	,,	૭	જપ	જય
૧૭૦	પાર્શ્વનાથ	૨	પરિભલો	પરિ ભલો
૧૭૧	મહાવીર	૫	તુઝ	મુઝ
૧૭૧	,,	૨	ભર અંશ	ભરઅંશ
૧૭૨	કળશ	૭	શીર	શિર
૧૭૨	,,	૭	જીન	જિન
૧૭૪	શાંતિનાથ	૨	જિન	જિમ
૧૭૪	,,	૨	મિંહુ	ચિહું
૧૭૬	નેમિનાથ	૪	આતાં	ખાતાં
૧૭૬	પાર્શ્વનાથ	૨	ઔદાયિની	સૌદામિની
૧૭૬	,,	૨	સમીરે	સમી રે
૧૭૭	મહાવીર	૩	ભાં તે	ભાંતે
૧૮૫	નેમિનાથ	૨	ચિત્ર ગતિ	ચિત્રગતિ
૧૮૫	,,	૨	વિદ્યાધારી	વિદ્યાધરી
૧૮૯	મહાવીર	૫	કયાચું	યાચું

૧૯૪	ઋષભદેવ	૨	મોહે	મેહે
૧૯૪	,,	૨	અધિ કેરાહે	અધિકેરા હે
૧૯૫	,,	૪	એ હિજ	એહીજ
૧૯૫	,,	૬	મારી	નારી
૧૯૬	શાંતિનાથ	૨	ભુપ્ર	પ્રભુ
૧૯૬	,,	૫	હે જે	હેજે
૨૦૩	ઋષભદેવ	૪	સુરી તરે	સુરીત રે
૨૦૩	શાંતિનાથ	૧	ભાતભ	આતમ (?)
૨૦૩	,,	૫	મોહલ	મહોલ
૨૦૪	નેમિનાથ	૧	નિવાલ	નિવાજ
૨૦૫	મહાવીર	૧	દિન	દીન
૨૦૬	ઋષભદેવ	૨	કતક	કનક
૨૦૬	,,	૩	દ્વાન	જ્ઞાન
૨૦૭	—	—	માણિકયવિજય	સૌભાગ્યવિજય
૨૦૮	નેમિનાથ	૨	કાહેવિ માસી	કાહે વિમાસી
૨૦૯	—	—	માણિકયવિજય	સૌભાગ્યવિજય
૨૦૯	પાર્શ્વનાથ	૩	સોહગ કે	સૌભાગ્યવિજય
૨૧૦	મહાવીર	૧	ઉયારણા	ઉચારણાં
૨૧૦	,,	૧	પ્રવાલી તોરંગ	પ્રવાલીનો રંગ
૨૧૦	,,	૨	સસતિક	ભરતકિ
૨૧૧	—	—	સુખ સાગર	સુખસાગર
૨૧૧	—	—	સુખ સાગર	સુખસાગર
૨૧૧	ઋષભદેવ	૧	વષભ	વૃષભ
૨૧૩	—	—	સુખ સાગર	સુખસાગર
૨૧૩	નેમનાથ	૧	દિન મણિ	દિનમણિ
૨૧૩	નેમનાથ	૫	ભોગકર મનો	ભોગ કરમનો
૨૧૩	,,	૫	ઉદ્યન	ઉદ્ય ન

૨૧૪	પાર્શ્વનાથ	૫	અહી	અહિ
૨૧૪	,,	૫	વાધે	વાધે
૨૧૫	—	—	સુખ સાગર	સુખસાગર
૨૨૩	મહાવીર	૨	ગુલાખ	ગુલાલ
૨૨૪	પાર્શ્વનાથ	૩	દિન મણીસમ	દિનમણિસમ
૨૨૬	—	—	સુજ સેવલો	સુજસ વેલી
૨૩૧	ઋષભદેવ	૧	છિ દિવારુ	છિ દિવારુ
૨૩૧	,,	૧	ભગની	ભવની
૨૩૩	શાંતિનાથ	૫	પાપ	પાય
૨૩૪	નેમિનાથ	૫	તિરેવહે	નિરવહે
૨૩૬	મહાવીર	૫	તુંગતિ	તું ગતિ
૨૩૭	ફણીશ	૫	જીન	જિન
૨૪૦	નેમિનાથ	૧	શિવાદેવી જીરા	શિવાદેવીજીરા
૨૪૧	પાર્શ્વનાથ	૧	નરસે	વરસે
૨૪૨	પાર્શ્વનાથ	૭	દુઃખદેહગ	દુઃખદોહગ
૨૪૩	મહાવીર	૪	ધીણુઉ	ધી ધણુઉ
૨૪૯	,,	૩	નિરવહ જો	નિરવહજો
૨૬૦	ઋષભદેવ	૨	આવિહડ	અવિહડ
૨૬૬	મહાવીર	૧	દીલ	દિલ
૨૬૬	ફણીશ	૧	ભૂવન	ભુવન
૨૬૮	નેમનાથ	૧	ભરતમ-ઝાર	ભરતમઝાર
૨૭૦	મહાવીર	૧	ચેાતિમય	ઘોતિમય
૨૭૬	ઢાલ ચેાથી	૧	લાલ	લાખ
૨૭૬	,,	૧	લાલ	લાખ
૨૮૨	છંદ	૭	દિકખ	દીક્ષા
૨૯૦	નેમિનાથ	૫	શરિયાં	સરિયાં
૨૯૧	પાર્શ્વનાથ	૬	શાંભલઈ	સાંભલઈ

૨૯૨	મહાવીર	૭	શાંતિજિય	શાંતિ વિજય
૨૯૩	—	—	જીનસુખ સૂરિ	જિનસુખ સૂરિ
૨૯૩	—	—	જીન સુખ સૂરિ	જિનસુખ સૂરિ
૨૯૩	ઋષભદેવ	૧	અહિંત	અરિહંત
૨૯૩	,	૧	વારણ,	તારણ
૨૯૪	ઋષભદેવ	૬	જિમ જમ	જિમ
૨૯૮	—	—	લક્ષિમવલ્લભ	લક્ષ્મીવલ્લભ
૨૯૮	—	—	લક્ષિમ વલ્લભ	લક્ષ્મીવલ્લભ
૨૯૮	ઋષભદેવ	૧	અજ	આજ
૩૦૦	મહાવીર	૨	તારવ કુંભ	જલધી
			તારણકું	ભવજલધિ
૩૦૪	શાંતિનાથ	૧	ભલના	લલના
૩૦૪	,,	૨	મુખતી	મુખથી
૩૧૦	ઋષભદેવ	૧	દાહઠા	દાહડા
૩૧૦	,,	૧	પ્રતુ	પ્રભુ
૩૧૦	,,	૨	મીજી	બાજી (?)
૩૧૪	પાર્શ્વનાથ	૫	ત્રિતુવન	ત્રિભુવન
૩૧૭	—	—	કિર્તી વિમલ	કીર્તિવિમલ
૩૧૭	ઋષભદેવ	—	સ્તત્રત	સ્તવન
૩૧૮	શાંતિનાથ	૩	નિષથી	વિષથી
૩૧૯	નેમિનાથ	૨	જિવીત	જીવિત
૩૧૯	,,	૩	કૃપાતે	કૃપા તે
૩૨૨	—	લીટી ૩	૧૯૧૯	૧૭૧૯
૩૨૪	નેમનાથ	૩	વિલલ	વિલસૈ
૩૩૪	ઋષભદેવ	૪	મુજખ	મુજ ન
૩૩૭	પાર્શ્વનાથ	૧	સુદ્ધતા	શુદ્ધતા
૩૪૪	ઋષભદેવ	૨	વિખ્યાન	વિખ્યાત

૩૪૫	,,	૩	નલિ	નવિ
૩૫૦	નેમનાથ	૧	અટ કલીયા	અટકલિયા
૩૫૨	પાર્શ્વનાથ	—	સ્તવત	સ્તવન
૩૫૭	ઋષભદેવ	૫	દીલ	દિલ
૩૬૦	મહાવીર	૫	આ સંગલો	આસંગલો
૩૬૨	ઋષભદેવ	૧	ન વિજય	નવિ જય
૩૬૯	,,	૨	ઝાઝાર	હજાર
૩૬૯	સદેવંત	૧	પદકજ	પદપંકજ
૩૬૯	,,	૩	દેવના	દેવતા
૩૮૧	શાંતિનાથ	૧	મુનીસરતું	મુનીસર તું
૩૮૪	મહાવીર	૩	આકાળ	આ કાળ
૩૯૧	નેમિનાથ	૩	ગુન વિલાસ	ગુણવિલાસ
૩૯૧	પાર્શ્વનાથ	૧	કીસહીન	કીસહી ન
૩૯૨	મહાવીર	૧	સોજીન	સો જિન
૩૯૨	,,	૨	લાજ તહી	લાજતહી
૩૯૩	ઋષભદેવ	૧	વંછન	લંછન
૩૯૩	,,	૨	કર્યું	ધનુ
૨૯૪	શાંતિનાથ	૧	પ્રગડ્યો	પ્રગટ્યો
૩૯૪	,,	૫	પ્રમોદ સાગ	પ્રમોદ સાગર
૩૯૬	પાર્શ્વનાથ	૧	યમલ	કમલ
૩૯૮	ઋષભદેવ	૨	ઉધરાણુ	ઉધારણ
૪૦૩	શાંતિનાથ	૨	ની ગુણો	નિગુણો

શ્રી જગચિંતામણિ ચૈત્યવંદનની ગાથા

સંપઇ જિનવર વીસમુણિ, બિહુ કોડિહિં વરનાણ ।
સમણહ કોડિ સહસ્સ દુઅ, થુણિજ્જઇ નિચ્ચ વિહાણિ ।

એ કો[illegible] વીશ;
સહસ્સ સમણહ કોડિ સહસ્સ દુઅ, થુણિ[illegible]શ દિશ.
કો[illegible]
[illegible]સ સમણહ કોડિ સહસ્સ દુઅ, થુણિ[illegible]જ્ઞાની સાધુ ભગ-
વંતો [illegible]વંતો
મુનિ મુનિસ[illegible]ન્નર કોડ સાધુ

સિદ્ધે સરણં પવજ્જામિ ।
સાહૂ સરણં પવજ્જામિ ।

અરિહંતે સરણં પવજ્જામિ ।
સિદ્ધે સરણં પવજ્જામિ ।
સાહૂ સરણં પવજ્જામિ ।
કેવલિપન્નત્તં ધમ્મં સરણં પવજ્જામિ ।

અર્થ— ચાર શરણાં

અરિહન્તોનું શરણ પ્રાપ્ત કરું છું.
સિદ્ધોનું શરણ પ્રાપ્ત કરું છું.
સાધુઓનું શરણ પ્રાપ્ત કરું છું.
સર્વજ્ઞ પ્રણીત ધર્મનુ શરણ પ્રાપ્ત કરું છું.

શ્રી ચારિત્રકુશળ ઋષભદેવ સ્તવન

રચના સંવત ૧૭૩૧

સફલ થઇ મુજ જીભલડી, અમૃતમય જલધારન રે,
ગુણ ગાતાં જીનજી તણાં, ટલીઆં પાપ અપાર રે.
મનડુ હમારૂં મોહીયું....રે.

મહોપાધ્યાય શ્રી યશોવિજયજી મૌન એકાદશી સ્તવન.

રચના સંવત ૧૭૩૨

કામ સવે સીઝે જિન નામે, સફલ હોએ નિજ જિહાં,
જે જાએ જિનગુણ સમરંતાં, સફલ જનમ તે દિહા.
જિનવર ધ્યાઇએરે, મોક્ષ માર્ગન દાતા.